ऐं नमः

न्यायविशारद, न्यायाचार्य, महामहोपाध्याय
श्रीमद् यशोविजयजी गणी विरचित

गूर्जर साहित्य संग्रह-१

:आशीर्वाद दाता:
व्याख्यानवाचस्पति सुविशाल गच्छाधिपति पू. आचार्य देव
श्रीमद् विजयरामचन्द्रसूरीश्वरजी महाराजा

:प्रकाशक:
श्री जिनशासन रक्षा समिति: लालबाग, मुंबई

યશોદય પ્રકાશન-૧

ૐ નમઃ

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહામહોપાધ્યાય

શ્રીમદ્ યશોવિજયજી ગણિવર વિરચિત

ગૂર્જર સાહિત્ય સંગ્રહ

[પ્રથમ વિભાગ]

[ચોવીસીઓ, વીસી, જશવિલાસ, ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાનાં સ્તવનો, સાધુવંદના, સજ્ઝાય, શતક, સંવાદ, ગીતા, હરિયાળી, ચોપાઈ, ભાસ, રાસ, ઢાલ વગેરે]

—: આશીર્વાદ દાતા :—

પૂજ્યપાદ, પરમશાસન પ્રભાવક, સુવિશાળગચ્છાધિપતિ

વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્

વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

—: સંપાદક :—

પૂ. મુનિરાજ શ્રી કીર્તિયશ વિજયજી મહારાજ

પ્રકાશક :
યશોદય પ્રકાશન
જિનશાસન રક્ષા સમિતિ
C/o. મોતિશા લાલબાગ,
જૈન ઉપાશ્રય,
L/212, પાંજરાપોળ લેન,
ભૂલેશ્વર, મુંબઈ–૪૦૦ ૦૦૪.

દ્વિ[redacted]ત્તિ
ન[redacted]૦૦
વિ સં. [redacted] જેઠ સુદ–૧૦
તા ૭–૬–૧૯૮૭ રવિવાર
મુંબઈ.

: પ્રાપ્તિ સ્થાનો

જિનશાસન રક્ષા સમિતિ
C/o. મોતિશા લાલબાગ,
જૈન ઉપાશ્રય,
L/212, પાંજરાપોળ લેન,
ભૂલેશ્વર, મુંબઈ–૪૦૦ ૦૦૪.

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલી, ઝવેરી બજાર,
૧ લે માળે, મુંબઈ–૪૦૦ ૦૦૨.

સરસ્વતિ પુસ્તક ભંડાર
રતનપોળ હાથીખાના,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સા[redacted], તળેટી રોડ,
પાલીતાણા (સૌ૨.ષ્ટ્ર),
પીન ૩૬૪ ૨૭૦.

: મુદ્રણ સહાય :
અશોકકુમાર કેશવલાલ શાહ
૨૦૪, કુંદન એપાર્ટમેન્ટ,
સુભાષચોક ગોપીપુરા, સુરત–૨.
ફોન : ૫૧૦૫૧

મુદ્રક : અરૂણકુમાર મગનલાલ મિસ્ત્રી,
ઉષા પ્રિન્ટરી, હરીપુરા, કાંસકીવાડ, સુરત.

મૂલ્ય :
રૂ. ૨૫

વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ્રકાશકની વાત...

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના પુણ્ય નામથી જૈનજગતમાં ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. પરમાત્મા શ્રી મહાવીરદેવના શાસનમાં અદ્યાપિ પર્યંત થઈ ગયેલા અનેક મહાન જ્યોતિર્ધરોમાં આ મહાપુરુષ પણ અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પૂર્વના શ્રુતકેવલી ભગવંતોની ઝાંખી કરાવે તેવું તેમનું જ્ઞાન હતું. સરસ્વતીનું તેમને વરદાન હતું. તીવ્ર ક્ષયોપશમના બળે ઘુંટી ઘુંટીને આત્મસાત્ બનાવેલા શ્રી જિનાગમોના ઊંડામાં ઊંડા રહસ્યોને તેઓશ્રીએ બાલભોગ્ય-વિદ્વદ્ભોગ્ય અને અતિવિદ્વદ્ભોગ્ય પ્રાકૃત, સંસ્કૃત તેમજ ગુર્જરગિરામાં નાના-મોટા અનેક ગ્રંથો રૂપે અંકિત કરી એક વિપુલ સાહિત્યની શ્રી જૈનસંઘને ભેટ ધરી છે. શ્રી જૈનસંઘનો એ એક એવો અમૂલ્ય ખજાનો છે કે જેનાથી શ્રી સંઘ આજે પણ ગૌરવ અનુભવે છે. તેઓશ્રીના વચનો સમસ્ત શ્રી જૈનસંઘમાં ટંકશાળી મનાય છે. સમર્થ જૈનેતર વિદ્વાનોને પણ એ મહાપુરુષના ગ્રંથોના રહસ્યને ઉકેલવા અથાગ પરિશ્રમ ઊઠાવવો પડે છે અને ત્યારે એ સમર્થ મહાપુરુષની પ્રકાંડ વિદ્વત્તા પ્રત્યે તેમનાં મસ્તક બહુમાનથી ઝૂકી પડે છે. એ મહાપુરુષનું રચેલું સંપૂર્ણ સાહિત્ય તો આજે ઉપલબ્ધ નથી અને જેટલું ઉપલબ્ધ છે તેટલું સંપૂર્ણ પ્રગટ થઈ ચૂકયું છે એમ પણ કહી શકાય તેમ નથી. વળી જે પ્રગટ થઈ ગયું છે તે પણ હાલ અપ્રાપ્ય બનતું જાય છે. એવા સંયોગોમાં એ અમૂલ્ય સાહિત્યને

પ્રયત્નપૂર્વક જીવંત રાખવું એ આપણા સૌની પવિત્ર ફરજ બની જાય છે. એ પુણ્ય પુરુષના સ્વર્ગવાસની ત્રિશતાબ્દી સાંપ્રત વર્ષમાં પૂર્ણ થાય છે એ પ્રસંગની પાવન સ્મૃતિમાં તેઓશ્રીની અતિઅર્થગંભીર ભાવવાહી ગુર્જર કૃતિઓના આ સંગ્રહને પુનર્મુદ્રિત કરવાનો ધન્ય અવસર અમને પ્રાપ્ત થયો છે એ અમારું પરમ સૌભાગ્ય છે.

સકલાગમરહસ્યવેદી પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્ય સુનિપુણમતિ સચ્ચારિત્રચૂડામણિ સ્વ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રદ્યોતક–પંચોતેર વર્ષના સુદીર્ઘ સંયમપર્યાય અને બાવન વર્ષના દીર્ઘ સૂરિપદ પર્યાયના ધારક, બાણું વર્ષની બુઝર્ગ વયે પણ અહર્નિશ શાસનસેવામાં રક્ત પરમ સિદ્ધાંતનિષ્ઠ પરમશાસનપ્રભાવક તપાગચ્છાલંકાર સુવિશાલ–ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** પોતાના વિશાળ સમુદાય સાથે વિ. સં. ૨૦૪૨ના ચાતુર્માસ અર્થે શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયે પધાર્યા. શાસનપ્રભાવનાના અનેકવિધ પ્રસંગોથી ભરપૂર એ ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ થયું ત્યારે વિ. સં. ૨૦૪૩ના મંગલ સંવત્સરનો પ્રારંભ થઈ ચૂકયો હતો. મહાત્માઓના શ્રીમુખેથી જ્યારે અમને જાણવા મળ્યું કે શ્રી જૈનશાસનના મહાન્ જ્યોતિર્ધર મહામહોપાધ્યાય **શ્રીમદ્યશોવિજયજી** મહારાજાના સ્વર્ગવાસનું આ ત્રિશતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે ત્યારે અમને એ પૂજ્યોની જ શુભ

પ્રેરણાથી આ મહાન્ પ્રસંગની પુણ્ય સ્મૃતિમાં કોઈક શુભ કાર્ય કરવાનો મનોરથ જાગ્યો અને તેમાંથી જ આ 'શ્રી ગુર્જર જૈન સાહિત્ય સંગ્રહ' નામના ગ્રંથરત્નને પુનર્મુદ્રિત કરીને પ્રકાશિત કરવાની ભાવના જન્મી. પૂ. ગચ્છાધિપતિ-શ્રીજીના અનુમોદન અને શુભાશીર્વાદ અમને પ્રાપ્ત થયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીજીના પટ્ટધર પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી** મહારાજની શુભ પ્રેરણાથી, નાના-મોટાં અનેક શુભ કાર્યોમાં પ્રગટ તેમજ ગુપ્તપણે લાભ લઈ રહેલા લીંબોદ્રા નિવાસી શ્રી મંગળદાસ માનચંદભાઈએ પોતાના સંસારી લઘુ બંધુ **પૂ. મુનિરાજશ્રી વિનયચંદ્રવિજયજી** મહારાજ કે-જેઓશ્રી હાલ પરમ પૂ. ગચ્છાધિપતિશ્રીની શુભ નિશ્રામાં પૂ. ગચ્છાધિપતિજીના શિષ્ય-રત્ન પૂ. આચાર્યદેવ **શ્રી વિજયનરરત્નસૂરીશ્વરજી** મ૦ના શિષ્ય તરીકે સુંદર સંયમ જીવનનું પાલન કરી રહ્યા છે-તેમના સંયમ જીવનની અનુમોદનાર્થે, આ ઉત્તમ પ્રકાશનનો સંપૂર્ણ આર્થિક લાભ લેવાની પોતાની શુભ ભાવના પૂ. ગચ્છાધિપતિજી પાસે વ્યક્ત કરતાં પૂજ્યશ્રીજીની સૂચનાથી અમે તેમની તે વાતનો સહર્ષ સ્વીકાર કર્યો. આ રીતે આ પ્રકાશન અંગેનો આર્થિક પ્રશ્ન બહુ સહેલાઈથી ઉકલી ગયો.

આ પુસ્તકનું સંપાદન પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞાથી તેઓશ્રીજીના તપસ્વી શિષ્યરત્ન **પૂ. મુનિરાજશ્રી ગુણયશવિજયજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન **પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિયશવિજયજી** મહારાજે સારી રીતે કરી આપીને અમારા ઉપર મહાન્ અનુગ્રહ કર્યો છે.

વળી, આ પ્રકાશનની પ્રીન્ટીંગથી માંડીને છેવટ સુધીની તમામ જવાબદારી સુરતનિવાસી પરમ સાધર્મિકબંધુ **શ્રી અશોકભાઈ કે. શાહે** ભારે ઉત્સાહપૂર્વક સંભાળી લઈને અમને અમૂલ્ય સહકાર આપ્યો છે તે બદલ અમે તેમના આભારી છીએ.

પ્રાન્તે આ પુસ્તકમાં પ્રેસદોષ, દૃષ્ટિદોષ કે મતિમંદતાથી જે કાંઈ ત્રુટિઓ રહી જવા પામી હોય તેની ક્ષમા યાચી આ પ્રકાશનમાં પ્રગટ કરાએલાં પૂ. મહામહોપાધ્યાયજીના ગુર્જરગિરાબદ્ધ ભગવદ્‌ભક્તિના રસથાળનું અમીપાન કરી સૌ ભવ્યાત્માઓ ભગવદ્‌ભક્તિમાં એકતાન બની પોતાના આત્માના ભગવત્ સ્વરૂપને પ્રગટાવવા સમર્થ બને એવી શુભેચ્છા વ્યક્ત કરી વિરમીએ છીએ.

શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,
૨૧૨-L, પાંજરાપોળ લેન,
ભૂલેશ્વર, મુંબઈ-૪.
વૈશાખ વદી ૧૧, શનિવાર,
તા. ૨૩-૫-૧૯૮૭.

પ્રકાશક :
જિનશાસન રક્ષા સમિતિ

સુકૃતના સહભાગીનું સાભાર અનુમોદન

પરમ પૂજ્ય પરમશાસનપ્રભાવક સુવિશાલગચ્છાધિપતિ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની તારક નિશ્રામાં જેઓશ્રી હાલ સંયમ જીવનની સુંદર આરાધના કરી રહ્યા છે તે (પોતાના કુળદીપક) પૂ. મુનિરાજ શ્રી વિનયચન્દ્ર વિજયજી મહારાજના સંયમ જીવનની અનુમોદનાર્થે પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ આર્થિક લાભ લેનાર લીંબોદ્રાનિવાસી (હાલ–મુંબઈ) સ્વ. શ્રી માનચંદ દીપચંદ પરિવારના માનવંતા સભ્યો—

સ્વ. શ્રી રતીલાલ માનચંદ
શ્રી મંગળદાસ માનચંદ
શ્રી અમૃતલાલ માનચંદ
શ્રી સેવંતીલાલ માનચંદ
શ્રી ભોગીલાલ માનચંદ
શ્રી સુરેશચંદ્ર માનચંદનો તથા
અ. સૌ. આનંદીબેન મંગળદાસ અને સુપુત્રો
શ્રી રમેશચંદ્ર મંગળદાસ
શ્રી લાલભાઈ મંગળદાસ
તથા શ્રી રાજેન્દ્રકુમાર મંગળદાસનો

આ તકે અમે હાર્દિક આભાર માનીએ છીએ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીના પુણ્ય માર્ગદર્શનને ઝીલી પૂ. મહામહોપાધ્યાયશ્રીજીની પુણ્ય સ્મૃતિની આ સુંદર તક ઝડપીને તેઓશ્રી પરમ સુકૃતના સહભાગી બન્યા છે.

ભવિષ્યમાં પણ તેઓ આવાં અનેક સુકૃતનાં કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી ઉત્તરોત્તર આત્મલક્ષ્મીના સ્વામી બને, એ જ મંગલ કામના. —પ્રકાશક

પ્રકાશકના બે બોલ

[પ્રથમ આવૃત્તિમાંથી]

લગભગ અઢીસો વર્ષ પૂર્વે, પોતાની જીવનપ્રભાથી શ્રી જૈનશાસનનાં અનુપમ તત્ત્વોનો પ્રકાશ દિગન્ત વ્યાપી બનાવનાર અને અનેક આત્માઓને અજ્ઞાનના અન્ધકારમાંથી પ્રકાશમાં લાવી અનુપમ રીતિએ સ્વપર શ્રેય સાધનાર મહાપુરુષ શ્રી યશોવિજયજી વાચકશેખરની ગૂર્જરગિરામાં ગૂંથાએલી ગૂઢ ભાવવાળી કૃતિઓનો આ સંગ્રહ પ્રસિદ્ધિમાં મૂકાય છે.

ગૂર્જર ગિરામાં ગૂંથાએલી આ પદ્યમય કૃતિઓમાં શ્રી જૈનશાસને ઉપદેશેલાં અનેક સત્યોનો સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ કૃતિઓનો અભ્યાસ યોગ્ય અભ્યાસકને શ્રી જૈનશાસનનાં સારભૂત તત્ત્વોનો પરિચય કરાવનારો નીવડે તેમ છે. ઉપરાન્ત ગ્રન્થકાર મહાપુરુષના જ્ઞાનની પ્રૌઢતા અને પરોપકારશીલતાનો પણ સુંદર પરિચય આ કૃતિઓથી મળી શકે છે.

પૂજ્યપાદ વાચકશેખર શ્રી યશોવિજયજી ગણિવર્ય્યની ભાષાકૃતિઓ જુદે જુદે સ્થળે છપાએલી છે : પરન્તુ તેનો એક જ સંગ્રહમાં સમાવેશ થાય તો તેથી વધુ લાભ થાય : એ દૃષ્ટિથી આ સંગ્રહ પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન થયો છે : આ સંગ્રહમાં શ્રી ઉપાધ્યાયજીની ચાલીસ કૃતિઓ તો એવી આપવામાં આવી છે કે–જે આજ પૂર્વે કોઈ પણ સ્થળે મુદ્રિત થઈ નથી. આ અમુદ્રિત ૪૦ કૃતિઓની એક જુદી નોંધ પણ આપવામાં આવી છે.

આ ઉપરાન્ત પણ પરમોપકારી પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજાએ ગૂર્જરગિરામાં વધુ કૃતિઓ બનાવેલી હોય, એવો પૂરો સંભવ છે. પરંતુ જુદા જુદા ભંડારો અને વિવિધ સ્થળોએ તપાસ કરતા આથી વધુ કૃતિઓ મળી શકી નથી. પ્રયાસ કરતાં મળી જશે તેને **શ્રી દ્રવ્યગુણપર્યાયનો રાસ** અને **શ્રી જંબૂસ્વામીનો રાસ** આદિ કૃતિઓની સાથે હવે પછીના વિભાગમાં દાખલ કરવામાં આવશે.

સ્વપર શ્રેયસ્કર આવા ગ્રન્થોનું પ્રકાશન શુદ્ધ, સંપૂર્ણ અને વધુ ઉપકારક બને તે માટે અનેકોનો સહકાર આવશ્યક છે તેવી જ રીતે આ પ્રકાશનમાં પણ જે મુખ્ય વ્યક્તિઓ તથા સંસ્થાદિનો સહકાર મળી શકયો છે તેની ટૂંક નોંધ અત્રે પ્રદર્શિત કરાય છે.

પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી મહારાજા : મુનિ શ્રી જશવિજયજી : મુનિ શ્રી પુણ્યવિજયજી : તેઓની પાસેથી તથા અમદાવાદ વિદ્યાશાળા અને ડહેલાના ઉપાશ્રયના પ્રાચીન ગ્રન્થભંડારોમાંથી તથા લીંબડી, ઝીંઝુવાડા, પાટણ આદિ સ્થળોના ગ્રન્થભંડારોમાંથી જુની હસ્તલિખિત પ્રતિઓ તથા કેટલીક અપ્રગટ કૃતિઓની મૂળ પ્રતિઓ પ્રાપ્ત થઈ છે, જેનો આ સંગ્રહમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ સંગ્રહમાં પૂ. **શ્રી ઉપાધ્યાયજી** મહારાજાના હસ્તાક્ષરોના જે ફોટાઓ આપવામાં આવ્યા છે, તેની મૂળ નકલો મુનિ **શ્રી પુણ્યવિજયજી** તરફથી મળી છે.

પૂ. મુનિ શ્રી ભદ્રંકરવિજયજી : તેઓએ આ ઉત્તમ

સાહિત્યનો સંચય કર્યો હતો તેમજ આ પ્રકાશનમાં તેઓની જ પ્રેરણા મુખ્ય હતી. તેઓએ પ્રેસકોપી કરાવી, અમદાવાદ અને અન્ય સ્થળોના ગ્રન્થ ભંડારોની હસ્તલિખિત પ્રતિઓ મંગાવી શુદ્ધિ આદિ માટે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો હતો. પ્રુફો પણ તેઓએ શોધ્યાં હતાં અને ગ્રન્થકારનો પરિચય પણ તેઓએ લખેલો છે.

વકીલ મોહનલાલ દલીચંદ દેસાઈ : પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજની કેટલીક અપ્રકટ કૃતિઓ તેઓ પાસેથી મળી છે. તેઓને મોકલવામાં આવેલી પ્રેસ-કોપીઓ તેમણે શોધી છે અને તેમાં હસ્તલિખિત પ્રતિઓ ઉપરથી પૂર્વે પોતે સંગ્રહ કરેલા તથા નવા પાઠાંતરો આદિ ઉમેર્યા છે. પ્રુફોનું સંશોધન પણ તેમણે પરિશ્રમપૂર્વક કર્યું છે. શ્રી જશવિલાસમાં દરેક વિષયોને જુદા પાડી, દરેક પદની ઉપર વિષયને લગતું મથાળું કરી તેઓએ તેને ક્રમબદ્ધ કરેલ છે. અન્ય કૃતિઓના જુદા જુદા વિષયોને લગતાં મથાળાં પણ તેમણે કર્યા છે. ૭૯ મા પાના ઉપરની તથા અન્ય સ્થળોએ નોંધ તેમણે કરેલી છે. શુદ્ધિ વૃદ્ધિ પત્રક, અનુક્રમણિકા તથા આધારભૂત પ્રતોની નોંધ પણ તેઓએ તૈયાર કરેલી છે.

પ્રાન્તે–સાધનસામગ્રીની પરિમિતતા તથા સંશોધનકાર કે મુદ્રકાદિના દૃષ્ટિદોષાદિ કારણોએ પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્યપાદ શ્રી ગ્રન્થકાર મહર્ષિના આશયવિરૂદ્ધ અગર શ્રી જિનમતથી વિપરીતપણે જે કાંઈ લખાયું અગર છપાયું હોય તે બદલ અંતઃકરણપૂર્વક મિથ્યાદુષ્કૃત યાચી ગ્રંથઅધ્યયનમાં દત્તચિત્તે પ્રવૃત્ત થવા વિનવીએ છીએ.

ગ્રંથકાર–પરિચય

આ પુસ્તકરત્નમાં જે મહાપુરુષની કૃતિઓ પ્રગટ કરવામાં આવે છે તે મહાપુરુષ ષડ્દર્શન–શાસ્ત્રવેત્તા, ન્યાયવિશારદ, ન્યાયાચાર્યાદિ–બિરૂદ–ધારક, મહાવૈયાકરણ, તાર્કિક–શિરોમણિ, બુદ્ધયંભોનિધિ, વાચક કુલચંદ્ર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર છે.

આ મહાપુરુષ જૈન આલમમાં શ્રી 'ઉપાધ્યાયજી'ની સંજ્ઞાથી અતિ સુપ્રસિદ્ધ છે. પોતાના જીવનકાળમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને હિંદી આદિ ભાષામાં લાખ્ખોક× શ્લોક-પ્રમાણ ગ્રંથોની રચના કરી, અનેક આત્માઓને પ્રતિબોધ પમાડી, અનેક પરવાદિઓને જીતી, આ મહાપુરુષે શ્રી જૈન-શાસનનો વિજયધ્વજ ફરકાવ્યો છે.

શ્રી જૈનશાસનના પરમપ્રભાવક મહાપુરુષોમાં છેલ્લામાં છેલ્લા પ્રભાવક આ એક જ મહાપુરુષ એવા થયા છે કે–જેમણે પોતાના જ્ઞાનની અલૌકિક સ્ફૂર્તિવડે પૂર્વે થયેલા શ્રુતકેવલિઓનું કલિકાલમાં પણ સ્મરણ કરાવી, સમસ્ત જનતાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધી છે. પૂર્વે થયેલા પ્રભાવક શ્રુતધરોનાં વચનોની

× માત્ર ન્યાયના બિષયપર પોતે બે લાખ શ્લોક લખ્યાનો ઉલ્લેખ પોતે લખેલા સુશ્રાવક શા. હંસરાજ ઉપરના પત્રમાંથી મળી આવે છે, તે આ પ્રમાણે છે. 'ન્યાય ગ્રંથ બે લક્ષ કીધો છઇ. તો બૌદ્ધાદિકરી એકાંતયુક્તિ ખંડી સ્યાદ્વાદ પદ્ધતિ માંડી નઈં એ યુક્તિ જૈન ન્યાયાચાર્ય બિરૂદ પરિણત શિષ્ટ લોક કહે તે પ્રમાણે છઈં તે પ્રીછજ્યો.'

જેમ આ મહાપુરુષનાં વચનો, કોઈ પણ શાસ્ત્રીય વિષયના સમાધાનમાં આજે પણ પ્રત્યેક સાધુ કે શ્રાવક પ્રમાણભૂત તરિકે સ્વીકારે છે.

આ મહાપુરુષના જીવનને લગતી કેટલીક પ્રમાણભૂત હકીકતો 'શ્રી સુજસવેલી ભાસ' નામના ગૂર્જર પદ્યાત્મક ગ્રંથ-માંથી ઉપલબ્ધ થાય છે. 'શ્રી સુજસવેલિ ભાસ'ના રચનાર મુનિરત્ન શ્રી કાન્તિવિજયજી, તપાગચ્છના પ્રસિદ્ધ આચાર્ય સમર્થ શાસનપ્રભાવક જગદ્‌ગુરૂ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયજી મહારાજના શિષ્યરત્ન હતા : તથા બે લાખ પ્રમાણ શ્લોકના બનાવનાર ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરના ગુરૂભ્રાતા હતા. આ મુનિવર શ્રી કાન્તિવિજયજી ગણિવર માટે, ઉક્ત ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરે 'શ્રી હૈમલઘુપ્રક્રિયા' નામનું સંસ્કૃત વ્યાકરણ રચ્યાનો ઉલ્લેખ પણ મળી આવે છે.

'ઉપાધ્યાયજી'ની અતિપ્રિય સંજ્ઞાથી પ્રસિદ્ધિને પામેલા શ્રી યશોવિજયજી વાચકનો પરિચય આપતાં 'સુજસવેલિ ભાસ'ના કર્તા જણાવે છે કે–**પૂર્વે પ્રભવસ્વામિ આદિ છ શ્રુત કેવલિ થયા, તેવી રીતે કલિકાલમાં આ યશોવિજય વાચક મહાન્ શ્રુતધર હતા : સ્વસમય અને પર-સમયમાં અતિનિપુણ હતા : આગમોના અનુપમ જ્ઞાતા હતા : સકલ મુનિશ્વરોમાં શેખર અને કુમતના પ્રખર ઉત્થાપક હતા : તેમણે શ્રી જૈન શાસનના યશની ભારે વૃદ્ધિ કરી હતી : તેમનામાં બીજા સેંકડો અને લાખો ગુણ એવા હતા કે–એમની જોડી**

કોઇથી થઈ શકે તેમ નહોતી : તેઓ 'કૂર્ચાલિ શારદા'નું બિરૂદ ધરાવતા હતા અને બાળપણથી જ પોતાની વચનચાતુરી વડે બૃહસ્પતિને તેમણે જીતી લીધા હતા.'

આ મહાપુરુષની પૂર્વાવસ્થાનું નામ જસવંતકુમાર હતું. જસવંતકુમારનો જન્મ કનોડુ નામના ગામમાં થયો હતો. એ કનોડુ ગામ ગૂર્જરદેશના અલંકારતુલ્ય શ્રી અણહીલપુર પાટણની નજીક શ્રી કુણગેર ગામ પાસે છે. જશવંતકુમારના પિતાજીનું નામ નારાયણ હતું અને તે એક જૈન વણિક હતા. શ્રી જશવંતકુમારની માતાનું નામ 'સોભાગદે' હતું. શ્રી જૈન-શાસનથી સુસંસ્કારિત માતાપિતાના સુયોગે શ્રી જશવંતકુમારને બાલ્યવયમાં જ જૈનશાસનના સારભૂત વૈરાગ્યની પ્રાપ્તિ થઈ. પોતાના વૈરાગ્યવાસિત થયેલા બાળકને એ સુયોગ્ય માતાપિતાએ સંવત્ ૧૬૮૮ની અણહીલપુર પાટણ જઈ પંડિત શ્રી નયવિજયજી મહારાજ પાસે દીક્ષા અપાવી. ગુરૂશ્રીએ જશવંતકુમારનું નામ શ્રી યશોવિજયજી રાખ્યું.

જશવંતકુમારના બીજા પદ્મસિંહ નામના લઘુભાઈ હતા. તેમણે પોતાના તે વડીલ બંધુની સાથે દીક્ષા અંગીકાર કરી હતી. અને તેમનું નામ શ્રી પદ્મવિજયજી રાખવામાં આવ્યું હતું. એ બન્ને ગુરૂબંધુઓની વડી દીક્ષા તે જ સાલમાં આચાર્ય શ્રીમદ્ વિજયદેવસૂરિજીના વરદ હસ્તે થઈ હતી.

બન્ને ભાઇઓએ સાથે ગુરૂ પાસે શ્રુતાભ્યાસ કર્યો. સંવત્ ૧૬૯૯માં રાજનગરના સંઘ સમક્ષ મુનિવર શ્રી યશોવિજયજીએ અષ્ટ અવધાન કર્યાં. તે વખતે સંઘના એક આગેવાન શાહુ

ધનજી સુરાએ ગુરૂદેવ શ્રી નયવિજયજી મહારાજાને વિનંતિ કરી કે—આપના શિષ્ય શ્રી યશોવિજયજી બીજા હેમચંદ્રાચાર્ય થાય તેમ છે, તો કાશી જઈ છયે દર્શનના ગ્રંથોનો તેમને અભ્યાસ કરાવો, તો શ્રી જિનશાસનની મહાન પ્રભાવના થાય.

આ કાર્ય માટે નાણાંનો વ્યય કરવાનું ધનજીશાહે કબૂલ કરવાથી ગુરૂએ કાશી તરફ વિહાર કર્યો. કાશી દેશ એટલે સરસ્વતીનું નિવાસસ્થાન. ત્યાં તાર્કિકકુલમાર્તંડ અને ષડ્દર્શનના અખંડજ્ઞાતા એક ભટ્ટાચાર્ય હતા. તેમની પાસે સાતસો શિષ્યો મીમાંસા આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા. શ્રી યશોવિજયજીના અભ્યાસની ત્યાં ગોઠવણ થઈ. ત્યાં અભ્યાસ કરતા શ્રી યશોવિજયજી ન્યાય, મીમાંસા, બૌદ્ધ, જૈમિની, વૈશેષિક આદિના સિદ્ધાંતો તથા ચિંતામણિ આદિ ન્યાય–ગ્રંથોના પારગામી બની, વાદિઓના સમૂહમાં દુર્દાન્ત વિબુધચૂડામણિ થયા. ત્યાં તેમણે સાંખ્ય અને પ્રભાકર ભટ્ટનાં મહા દુર્ઘટ સૂત્રો અને શ્રી જિનાગમ સાથેના મતાંતરો જાણી લીધા. અધ્યાપક પંડિતજીને રોજનો એક રૂપિયો આપવામાં આવતો. એ રીતે ત્યાં ત્રણ વર્ષ સુધી પોતાના ગુરૂદેવની સુરમ્ય છાયામાં મુનિવર શ્રી યશોવિજયજીએ સતત્ અભ્યાસ કર્યો.

દરમ્યાન ત્યાં એક સંન્યાસી મોટા ઠાઠથી આવ્યો. મુનિવર શ્રી યશોવિજયજીએ તેની સાથે સર્વ જન સમક્ષ વાદ કરી જીત મેળવી. એટલે તે નાસી ગયો અને ભવિષ્યના સમર્થ શાસનપ્રભાવક મુનિવર્ય શ્રી યશોવિજયજી મહારાજનો ભારે સત્કાર થયો. ત્યાંના પંડિતોએ 'ન્યાયવિશારદ' એ નામની મોટી પદવી શ્રી યશોવિજયજી મહારાજને અર્પણ કરી.

આ રીતે ત્રણ વર્ષ કાશીમાં રહી તાર્કિક–શિરોમણિ બનેલા શ્રી યશોવિજયજી મહારાજ, પોતાના ગુરૂદેવની સાથે વધુ અભ્યાસ માટે આગ્રામાં આવ્યા. આગ્રાના એક ન્યાયાચાર્ય પાસે પંડિત શ્રી યશોવિજયજીએ આદરપૂર્વક કર્કશ તર્ક, સિદ્ધાન્ત અને પ્રમાણનાં શાસ્ત્રો અવગાહ્યાં ત્યાં પણ તર્ક-શાસ્ત્રનો ચાર વર્ષ સુધી અખંડ અભ્યાસ કર્યો. એ રીતે દુર્ભેદ્યવાદી બની સ્થળે સ્થળે જીત મેળવતા વિદ્યાવિભૂષિત પંડિત શ્રી યશોવિજયજી મહારાજ અમદાવાદ પધાર્યા.

કાશીથી 'ન્યાય વિશારદ'નું બિરૂદ મેળવી વાદોમાં વિજય મેળવતા ઘણા વર્ષે પધારેલા આ શાસનદીપક પંડિત-વર્યને જોવા અનેક વિદ્વાનો, ભટ્ટો, વાદિઓ, યાચકો, ચારણો આદિ ટોળે મળીને આવવા લાગ્યા. સકલસંઘ સમુદાયથી વીંટાયેલા તેઓ અમદાવાદ નાગપુરી (નાગોરી) સરાહમાં પધાર્યા. તેમની પ્રશંસા ગૂર્જરપતિ (સૂબા) મહોબતખાન પાસે રાજસભામાં થઈ. સૂબાને તેમની વિદ્યા જોવાની હોંશ થતાં, તેના નિમંત્રણથી શ્રી યશોવિજયજી મહારાજે અદ્ભુત અવધાન કરી બતાવ્યાં. ખાને ખૂશ થઈ તેઓશ્રીની બુદ્ધિનાં વખાણ કર્યા અને મોટા આડંબરથી વાજતે ગાજતે તેઓશ્રીને તેઓશ્રીના સ્થાનકે લઈ જવામાં આવ્યા.

ત્યારબાદ પંડિત શ્રી યશોવિજયજીએ અનેક ગ્રંથરત્નોની રચનાઓ આદિ દ્વારા, શ્રી જૈનશાસનની ભારે ઉન્નતિ કરી અને તે સમયમાં તપાગચ્છમાં આ મુનિ અક્ષોભ્ય પંડિત છે, એમ સર્વ ગચ્છના મુનિવરોએ સ્વીકાર્યું. અમદાવાદના સંઘે

ગચ્છનાયક આચાર્ય દેવ શ્રીમદ્ વિજયદેવસૂરિજી મહારાજાને આ અજોડ પંડિત અને અનુપમ શ્રુતધર શ્રી યશોવિજયજીને પંચ પરમેષ્ટિના ચોથા શ્રી ઉપાધ્યાયપદે સ્થાપવાની આગ્રહ પૂર્વક વિનંતિ કરી. વિદ્વચ્છિરોમણિ શ્રી યશોવિજયજીએ વીશસ્થાનક ઓળીનો તપ આદર્યો. પરમ સંવેગી એવા તેમણે ગુરૂનિશ્રામાં પોતાના સંયમને પ્રતિદિન ઉજ્જવળ બનાવ્યું. તે વખતે શ્રી જયસોમ આદિ પંડિત મુનિવરોની મંડળીએ તેમનાં પાવનકારી ચરણોની સેવા કરી. વિધિપૂર્વક તપની આરાધના પૂર્ણ થયે ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજયદેવસૂરિવરના પટ્ટધર શ્રીમદ્ વિજયપ્રભસૂરિજીએ સંવત્ ૧૭૧૮ માં તેમને વાચક (ઉપાધ્યાય) પદ સમર્પણ કર્યું. ત્યારથી શ્રી જશવિજય વાચક 'સુરગુરૂના અવતાર' તરીકે પ્રસિદ્ધ થયા.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની સઘળીયે ગ્રંથરચનાઓ એ શ્રી જિનેશ્વરદેવોના આગમો અને આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર, ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિ આદિ સમર્થ શ્રુતધરોના અતિશય કઠિન ગ્રંથરત્નોમાંથી ઉદ્ધરિત થયેલી છે. શ્રી જિનેશ્વરદેવોનું આગમ અને તેને અનુસરતું શાસ્ત્ર નય, નિક્ષેપ, ભંગ, પ્રમાણ આદિથી ભરપૂર હોઈ સાગર જેવું છે અને એથી શ્રી ઉપાધ્યાયજીની વચનરચના સરલ, રસિક અને સુંદર હોવા છતાં પણ, અતિ ગંભીર હોવાથી કોઈ ધીર આત્મા જ તેના પારને પામી શકે છે. એ મહાપુરુષની શાસ્ત્રરચના સમુદ્રસમાન ગંભીર, ચંદ્રિકા જેવી શીતલ તથા ગંગાના તરંગ જેવી ઉજ્જવળ, નિર્મળ અને પવિત્ર હોવાથી ભવ્ય

આત્માઓને પરમ આનંદ આપનારી છે.

અનુપમ ગ્રંથરચનાઓ વડે સુવિહિતશિરોમણિ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના લઘુબાંધવની ઉપમાને પામેલા શ્રી યશોવિજયજી વાચક કલિકાલમાં શ્રુતકેવલિઓનું સ્મરણ કરાવનાર થયા. સંવત્ ૧૭૪૪ માં પાઠકશિરોમણિ શ્રી યશોવિજયજી ડભોઈ નગરીમાં ચાતુર્માસ રહ્યા. ત્યાં અનશનપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે સિધાવ્યા. તેમના પવિત્ર દેહના અગ્નિદાહના સ્થળે સમાધિસ્તૂપ કરવામાં આવ્યો. એ તેજોમય સ્તૂપમાંથી તેમના સ્વર્ગવાસના દિવસે ન્યાયની ધ્વનિ પ્રગટે છે એવો પ્રઘોષ છે. સંવત્ ૧૬૮૮ માં દીક્ષા, ૧૭૧૮ માં વાચક પદની અને ૧૭૪૪ માં સ્વર્ગગમન હોવાથી, આ મહાપુરૂષનો સત્તા-સમય લગભગ સંવત્ ૧૬૮૦ થી ૧૭૪૩ સુધીનો નક્કી થાય છે.

શ્રી મહાવીર પ્રભુની પટ્ટપરંપરાએ ચાલતા આવેલા તપા-ગચ્છમાં ભારતવર્ષના પ્રખ્યાત બાદશાહ અકબરને પ્રતિબોધ કરનાર સુવિખ્યાત જગદ્‌ગુરૂ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ વિજય-હીરસૂરિવર થયા. તેમના શિષ્ય ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી ગણિ, તેમના મુખ્ય શિષ્ય શ્રી લાભવિજયજી ગણિ, તેમના મુખ્ય શિષ્ય શ્રી જિતવિજયજી ગણિ, તેમના ગુરૂભ્રાતા શ્રી નયવિજયજી ગણિ અને તેમના શિષ્ય શ્રી યશોવિજય ગણિ થયા. આ વાત એમના જ શબ્દોમાં ઐન્દ્રસ્તુતિ સ્વોપજ્ઞ વિવરણ તથા ૩૫૦ ગાથાના સ્તવનના પ્રાન્ત ભાગાદિ સ્થળોમાં ઉપલબ્ધ થાય છે.

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીની સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથ રચનાઓની આદિમાં જે પદ મૂકવામાં આવે છે, જે એ

સરસ્વતીનો મંત્ર છે. ऐँ પદના જાપપૂર્વક તે મહાપુરૂષે કાશીમાં રહી ગંગા નદીના તટે શ્રી સરસ્વતીદેવીનું આરાધન કર્યું હતું. તે વખતે તેઓશ્રીને સરસ્વતીદેવી પાસેથી તર્કશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રનો પ્રાસાદ પ્રાપ્ત થયો હતો. એ વાત સ્વરચિત શ્રી જંબૂસ્વામિનો રાસ અને શ્રી મહાવીર સ્તુતિ* આદિનાં પોતે કરેલાં મંગલાચરણો ઉપરથી સિદ્ધ થાય છે.

આ મહાપુરૂષના સમકાલીન ધુરંધર વિદ્વાન્, અનેક ગ્રંથરત્નોના પ્રણેતા મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર સ્વરચિત સ્વોપજ્ઞવૃત્તિસમેત શ્રી ધર્મસંગ્રહ નામના અતિ વિશદ ગ્રંથરત્નની પ્રશસ્તિમાં શ્રી 'ઉપાધ્યાય'જીના ગુણાનુવાદ કરતાં લખે છે કે—

'જે મહાપુરૂષ સત્ય તર્કથી ઉત્પન્ન થયેલી તીક્ષ્ણ

---

* "ऐंकारजापवरमाप्य कवित्ववित्त्व,—
वाञ्छासुरद्रुमुपगंगमभंगरंगम् ।
सूक्तौघकासिकुसुमैस्तव वीर ! शम्भो-
रम्भोजयोश्चरणयोर्वितनोमि पूजाम् ॥ १ ॥"
—श्रीज्ञानखंडन टीका।

× सत्तर्ककर्कशधियाखिलदर्शनेषु
मूर्द्धन्यतामधिगतास्तपगच्छधुर्याः ।
काश्यां विजित्य परयूथिकपर्षदोऽग्र्या
विस्तारितप्रवरजैनमतप्रभावाः ॥ १ ॥
तर्कप्रमाणनयमुख्यविवेचनेन
प्रोद्बोधितादिममुनिश्रुतकेवलित्वाः ।
चक्रुर्यशोविजयवाचकराजिमुख्या
ग्रन्थेऽत्र मय्युपकृतिं परिशोधनाद्यैः ॥ २ ॥"

બુદ્ધિ વડે સમગ્ર દર્શનોમાં અગ્રેસરપણું પામ્યા છે, તપાગચ્છમાં મુખ્ય છે, કાશીમાં અન્ય દર્શનિઓની સભાઓને જીતીને શ્રેષ્ઠ જૈનમતના પ્રભાવને જેમણે વિસ્તાર્યો છે અને જેઓએ તર્ક, પ્રમાણ અને નયાદિકના વિવેચન વડે પ્રાચીન મુનિઓનું શ્રુતકેવલિપણું આ કાળમાં પ્રગટ બતાવી આપ્યું છે, તે શ્રી યશોવિજયોપાધ્યાય વાચક સમૂહમાં મુખ્ય છે.' આ ધર્મસંગ્રહ ગ્રંથ તૈયાર થયા પછી શ્રી માનવિજયજી મહારાજાએ શ્રી 'ઉપાધ્યાયજી' મહારાજની પાસે તેને શોધાવેલ છે.

ઉપાધ્યાયજીએ રચેલા ગ્રંથો પૈકી હાલ થોડા જ ઉપલબ્ધ થાય છે. પોતે રચેલા 'જૈનતર્કભાષા'* ગ્રંથની પ્રશસ્તિમાં તથા પ્રતિમા શતકની પ્રસ્તાવનામાં (૧૦૦) એકસો ન્યાયના ગ્રંથ રચ્યાનું સ્પષ્ટ પ્રતિપાદન છે. એ ઉપરાંત 'રહસ્ય' શબ્દાંકિત ૧૦૮ ગ્રંથો રચવાની હકીકત પોતે 'ભાષા રહસ્ય'× ગ્રંથના પ્રારંભમાં જણાવી છે. બીજા પણ અનેક સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો તેઓશ્રીએ રચેલા છે, એ વાત અત્યારે ઉપલબ્ધ

---

* "पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः
न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम्।
शिष्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः
तस्यैं किंचिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥१॥
— इति जैनतर्कभाषायाम् ।

× "ततो भाषाविशुद्ध्यर्थं रहस्यपदाङ्किततया चिकीर्षितास्योत्तरशतग्रन्थान्तर्गतप्रमारहस्य-स्याद्वादरहस्यादि सजातीयं प्रकरणमिदमारभ्यते ॥"
— इति स्वोपज्ञभाषारहस्यटीकायाम् ।

થતા રહસ્ય શબ્દ અને ન્યાય સિવાયના વિષયના અન્ય ગ્રંથો-થી તથા તેમણે સાક્ષી તરીકે ભલામણ કરેલા ગ્રંથોથી પૂરવાર થાય છે. આ રીતે એ અદ્વિતીય ગ્રંથોની રચનાઓ કરી આ મહાપુરૂષે શ્રી જૈનશાસનની ભારે પ્રભાવના કરી છે.

ઉપાધ્યાયજી વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, છંદ, તર્ક, સિદ્ધાન્ત, આગમ, નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગી આદિ સર્વ વિષય સંબંધી ઉંચા પ્રકારનું અતિશય સૂક્ષ્મ જ્ઞાન ધરાવતા હતા. એમના પ્રત્યેક ગ્રંથોમાં અપૂર્વ કવિત્વશક્તિ, વચન–ચાતુરી, પદ–લાલિત્ય, અર્થ–ગૌરવ, રસ–પોષણ, અલંકાર–નિરૂપણ, પર–પક્ષ–ખંડન, સ્વ–પક્ષ–મંડન સ્થળે સ્થળે દ્રષ્ટિગોચર થાય છે. એમની તર્કશક્તિ તથા સમાધાન કરવાની શક્તિ અપૂર્વ છે.

પૂર્વાચાર્ય પ્રણીત અનેક ગ્રંથોમાં સૂત્ર–ટીકા વગેરેમાં જુદી પડતી અનેક બાબતોમાં સમાધાન તેઓશ્રીએ બહુ યુક્તિપુરઃસર કર્યાં છે.

પોતાના ગ્રંથોમાં તેઓશ્રીએ વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ તથા શ્રી જિનેશ્વરદેવની પ્રતિમા તથા પૂજાનું મંડન એવી ઉત્તમ રીતે કર્યું છે કે–તેને મધ્યસ્થ અને જિજ્ઞાસુવૃત્તિએ વાંચનાર અને સમજનાર આત્મા તુરત જ સન્માર્ગમાં સુસ્થિર બની જાય છે.

સૂત્ર, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા સ્વરૂપ પંચાંગી-યુક્ત શ્રી જિનવચનના એક પણ અક્ષરને ઉત્થાપનાર પ્રત્યેક કુમતવાદિની તેઓએ સખ્ત રીતે ખબર લીધી છે. ઢૂંઢકોના ખંડન માટે તથા યતિઓમાં પ્રવેશેલી શિથિલતા દૂર કરવા માટે તેઓએ પોતાના ગ્રંથોમાં ભારે પ્રયત્ન સેવ્યો છે.

કુમતોનું સખ્ત શબ્દોમાં ખંડન કરવાથી તેમના અનેક દુશ્મનો પણ ઉભા થયા હતા, પણ તેની એક લેશ માત્ર પરવા તેઓશ્રીએ કરી નથી. દરેક સ્થળેથી માનપાન મેળવવા-માંજ પોતાની વિદ્વતાનો ઉપયોગ નહિ કરતાં, શિથિલાચારી યતિસમુદાય અને ઢુંઢકો સામે નિડરપણે ઉભા રહી, તેઓશ્રીએ શ્રી જૈનશાસનની ભારેમાં ભારે સેવા બજાવી છે.

અદ્વિતીય શાસનસેવા અને અનુપમ વિદ્વત્તાના પ્રતાપે–લઘુ હરિભદ્ર, બીજા હેમચંદ્ર તથા કલિકાલમાં પણ શ્રુતકેવલિ-ઓનું સ્મરણ કરાવનાર તરીકેની અનેકવિધ ઉત્તમ ઉપમાઓ તે પુણ્યપુરૂષ પામી ગયા છે.

માત્ર ૨૫૦ વર્ષ પૂર્વે થયેલા આ મહાપુરૂષનું પણ પૂરેપૂરૂં સાહિત્ય આજે ઉપલબ્ધ થતું નથી, એ ખરેખર આપણી ભયંકર કમનસીબી છે. છતાં વર્તમાનમાં જે સાહિત્ય મળે છે તે પણ આપણા ઉપકાર માટે ઓછું નથી. આવા પરમ ઉપકારકનું સાહિત્ય જગતમાં દીર્ઘકાળ પર્યંત ચિરસ્થાયી બની રહે, એ માટે સઘળા પ્રયત્નો યોજવા, એ સમ્યગદૃષ્ટિ આત્માઓનું પરમ કર્તવ્ય છે.

શ્રી ઉપાધ્યાયજી મહારાજાએ, ન્યાય ખંડ ખાદ્ય જેવા સંસ્કૃત ભાષામાં દુર્ઘટ ગ્રંથો બનાવવા સાથે, પ્રાકૃતજનોના ઉપકારાર્થે ગુજરાતી ભાષામાં પણ ઘણી સરલ પદ્ય રચનાઓ કરી છે. અસાધારણ ન્યાય અને પ્રમાણ વિષયક ગ્રંથોદ્વારા પંડિત શિરોમણિઓનાં શિરોને પણ ઇષત્ કંપાવનાર આ મહાન પુરૂષ 'જગજીવન જગવાલ હો' અને 'પુણ્યખલવઈ

વિજયે જયેા' જેવા સરળ પણ ગંભીર આશયવાળાં સ્તવનાદિકની રચનાઓ કરે છે, એ તેઓની પરોપકારશીલતાની પરાકાષ્ટા છે. ગૂર્જર ભાષામાં પણ તેઓશ્રીએ જેમ સરલ ચોવીશીઓ, વીસી અને પદ્યોની રચના કરી છે, તેમ ૧૨૫–૧૫૦–૩૫૦ ગાથા જેવા મોટાં ગંભીર સ્તવનો અને દ્રવ્ય ગુણ પર્યાયના રાસ જેવી દુર્ઘટ રચનાઓ કરી છે. એમની ચિત્ર વિચિત્ર કૃતિઓનો અનુભવ કરનારા વિદ્વાનો એમની અસાધારણ બુદ્ધિમત્તા અને અખંડ શાસ્ત્રાનુસારિતા જોઈને ચિત્તમાં ચમત્કાર પામ્યા સિવાય રહી શકતા નથી.

શ્રી ઉપાધ્યાયજીની કૃતિઓએ તે સમયના વિદ્વાનોને આકર્ષ્યા હતા, એટલું જ નહિ પણ આજ સુધી વિદ્વાનોનું તે તરફ આકર્ષણ એકસરખું છે. તેઓશ્રીનાં વચનો આજે પણ પ્રમાણ તરીકે વિદ્વાનો તરફથી અંગીકાર કરવામાં આવે છે. વધારે આશ્ચર્ય ઉપજાવનારી બીના તો એ છે કે–સંસ્કૃત ગ્રંથોના ભાષાનુવાદો તો ઘણા થયા છે, પરંતુ શ્રી ઉપાધ્યાયજી મહારાજના ગૂર્જર ગ્રંથ 'દ્રવ્ય–ગુણ–પર્યાય રાસ' નો અનુવાદ સંસ્કૃત ભાષામાં થયો છે એ પણ શ્રી ઉપાધ્યાયજીની બહુશ્રુતતાને સૂચવવા સાથે, તે મહાપુરૂષના વચનોની આદેયતા પૂરવાર કરે છે.

ઉપાધ્યાયજીની ભાષા કૃતિઓએ અનેક આત્માઓને બોધિ બીજની પ્રાપ્તિ કરાવી છે, સંખ્યાબંધ આત્માઓનાં સમ્યગ્દર્શન નિર્મળ કરાવ્યાં છે તથા અનેકાનેક અંતઃકરણોને શ્રી જિનશાસનના અવિહડ રંગથી રંગી દીધાં છે.

વર્તમાન સદીના પરમ-પ્રભાવક પાંચાલદેશોદ્ધારક શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજાએ કુમતનો ત્યાગ કરી જે મહાપુરૂષનું શરણ સ્વીકાર કર્યું હતું તે શ્રીમદ્ આત્મારામજી મહારાજના ગુરૂદેવ, શ્રીમદ્ બુટેરાયજી મહારાજ વગેરે અનેક મહાત્માઓને આ મહાપુરૂષની ભાષા કૃતિઓએ મિથ્યામાર્ગમાંથી ખસેડીને સમ્યગ્ માર્ગની શ્રદ્ધા અને અનુસરણ કરાવ્યું છે, એ વાત પરિચિત આત્માઓને સુવિદિત છે.

શ્રી ઉપાધ્યાયજીની ગૂર્જર કૃતિઓ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના અનભ્યાસી એવા મનુષ્યોને પણ જૈનશાસનનો તલસ્પર્શી બોધ કરાવે છે. સમુદ્ર જેવા ગંભીર આગમગ્રંથોનું સારભૂત તત્ત્વ પોતાની ગૂર્જર કૃતિઓમાં ગૂંથી તેઓશ્રીએ પ્રાકૃત જનતા ઉપર અનુપમ ઉપકાર કર્યો છે. કઠિનમાં કઠિન વિષયવાળા સંસ્કૃત પ્રાકૃત ભાષાના પૂર્વ મહર્ષિઓ વિરચિત ગ્રંથોનો સરળમાં સરળ ગૂર્જર પદ્યમય અકૃત્રિમ અનુવાદ કરવાની તેઓશ્રી અપૂર્વ શક્તિ અને કુશળતા ધરાવતા હતા.* તેઓશ્રીની પ્રત્યેક કૃતિ સપ્રમાણ છે. શાસ્ત્રાધાર સિવાયનો એક અક્ષર પણ નહિ ઉચ્ચારીને, તેઓશ્રીએ પોતાનું ભવભીરૂપણું સાબીત કરી આપ્યું છે. તેમનાં રચેલાં સ્તવનો આદિ એટલાં

---

* 'यत्सर्वविषयकांक्षोद्भवं सुखं प्राप्यते सरागेण।
तदनन्तकोटिगुणितं मुधैव लभते विगतरागः ।।'

—इति श्रीप्रशमरतौ.

*

"સર્વ વિષય કષાય જનિત, જે સુખ લહે સરાગ;
તેહથી કોટિ અનંત ગુણ મુધા લહે ગતરાગ."

—શ્રી જંબૂરાસ.

સરલ રસિક અને બોધપ્રદ છે કે–આજે પણ આવશ્યક–ચૈત્ય-વંદનાદિમાં તે હોંશપૂર્વક ગવાય છે. તેમની નાનામાં નાની કૃતિમાં પણ તર્ક અને કાવ્યનો પ્રસાદ તરી આવે છે. આવા એક પ્રાસાદિક કવિ, મુક્તિ માર્ગના અનન્ય ઉપાસક, અખંડ સંવેગી, ગુણરત્નરત્નાકર, નિબિડ–મિથ્યાત્વ–ધ્વાંત–દિનમણિ, પ્રખર જિનાજ્ઞા પ્રતિપાલક અને પ્રચારક મહાપુરૂષનું સ્મરણ જૈનોમાં કાયમ રહે એ માટે જેટલા પ્રયત્નો થાય તેટલા કરવા આવશ્યક છે.

આ મહાપુરૂષની સાચી ભક્તિ તેમની કૃતિઓનો પ્રચાર કરવામાં રહેલી છે. આ સ્થળે એક વાત યાદ રાખવા જેવી છે કે–આ મહાપુરૂષની કૃતિઓ ગંભીર શ્રી જિનાગમરૂપી સમુદ્રમાંથી ઉદ્ધરિત થયેલી છે, તેથી તેનાં રહસ્યનો પૂરેપૂરો પાર પામવા માટે આગમ શાસ્ત્રોના પારગામી ગીતાર્થ ગુરૂ-ઓના ચરણોની સેવાનો આશ્રય એજ એક પરમ ઉપાય છે. આ મહાપુરૂષની કૃતિઓનો ગુરૂગમ પૂર્વક અભ્યાસ અર્થિ આત્માઓને જૈનશાસનનો તલસ્પર્શી બોધ કરાવે છે તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી મોક્ષમાર્ગની આરાધનામાં ઉત્તરોત્તર પ્રગતિ કરાવી આત્મિક અનંત સુખસાગરમાં નિશ્ચિતપણે ઝીલાવે છે.



સામાન્યક્રમદર્શન

સ્તવન		પેજ નંબરો
ઋષભદેવ જિન–સ્તવન		૩, ૨૧, ૩૫, ૭૩, ૮૦, ૮૧, ૧૪૫, ૪૨૭,
અજિતનાથ	,,	૪, ૨૧, ૩૬, ૭૪, ૧૧૩,
સંભવનાથ	,,	૪, ૨૨, ૩૬, ૭૪,
અભિનંદન	,,	૫, ૨૨, ૩૭, ૭૫, ૧૨૫,
સુમતિનાથ	,,	૬, ૨૩, ૩૮, ૭૬, ૧૨૬, ૧૨૭,
પદ્મપ્રભ	,,	૭, ૨૩, ૩૯, ૭૭,
સુપાર્શ્વનાથ	,,	૮, ૨૪, ૩૯, ૭૭,
ચંદ્રપ્રભ	,,	૮, ૨૪, ૪૦, ૭૮,
સુવિધિનાથ	,,	૯, ૨૪, ૪૧, ૭૯,
શીતલનાથ	,,	૧૦, ૨૫, ૪૨, ૮૨,
શ્રેયાંસનાથ	,,	૧૧, ૨૫, ૪૨,
વાસુપૂજ્ય	,,	૧૧, ૨૬, ૪૩, ૧૩૧,
વિમલનાથ	,,	૧૨, ૨૭, ૪૪,
અનંતનાથ	,,	૧૩, ૨૭, ૪૪,
ધર્મનાથ	,,	૧૩, ૨૭, ૪૫,
શાંતિનાથ	,,	૧૪, ૨૮, ૪૬, ૮૩, ૧૨૮, ૧૯૭,
કુંથુ નાથ	,,	૧૫, ૨૯, ૪૭,
અરનાથ	,,	૧૬, ૨૯, ૪૭,
મલ્લિનાથ	,,	૧૬, ૩૦, ૪૮,
મુનિસુવ્રત	,,	૧૭, ૩૦, ૪૯,
નમિનાથ	,,	૧૮, ૩૧, ૪૯,
નેમિનાથ	,,	૧૮, ૩૧, ૫૦, ૮૪, ૮૫, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧,

સ્તવન		પેજ નંબરો
પાર્શ્વનાથ જિન-સ્તવન		૧૯, ૩૨, ૫૨, ૮૬, ૮૯, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૩૦,
મહાવીર સ્વામી	,,	૨૦, ૩૩, ૫૩, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૮, ૧૧૦, ૨૨૯, ૫૨૦,
સીમંધર	,,	૫૫, ૧૧૨, ૨૦૬, ૨૧૨, ૨૪૮,
યુગમંધર	,,	૫૬
બાહુ	,,	૫૬
સુબાહુ	,,	૫૭
સુજાત	,,	૫૮
સ્વયંપ્રભ	,,	૫૮
ઋષભાનન	,,	૫૯
અનંતવીર્ય	,,	૬૦
સુરપ્રભ	,,	૬૧
વિશાલ	,,	૬૨
વજ્રધર	,,	૬૩
ચંદ્રાનન	,,	૬૩
ચંદ્રબાહુ	,,	૬૪
ભૂજંગ	,,	૬૫
ઈશ્વર	,,	૬૬
નેમિપ્રભુ	,,	૬૭
વીરસેન	,,	૬૮
મહાભદ્ર	,,	૬૮
ચંદ્રયશા	,,	૬૯
અજિતવીર્ય	,,	૭૦
સિદ્ધગિરિનું સ્તવન		૧૧૨
સામાન્ય જિન-સ્તવન		૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪

શ્રી યશોવિજય કૃત–

જૈન ગૂર્જર સાહિત્ય સંગ્રહ

—: અનુક્રમણિકા :—

પ્રકાશકની વાત ૪
સુકૃતના સહભાગીનું સાભાર અનુમોદન ૭
પ્રકાશકના બે બોલ ૮
ગ્રંથકાર પરિચય ૧૧
સામાન્ય ક્રમદર્શન ૨૫
અનુક્રમણિકા ૨૭
એહવા ગુરુની ગોઠડી, થોડી પણ હોય સવિ જનમનો સાર ૪૭

૧–સ્તવન વિભાગ

૧. ચોવીશી—પહેલી. પૃ૪

(૧) ઋષભદેવ જિન–સ્તવન (જગજીવન જગવા'લો) ૩
(૨) અજિતનાથ ,, (અજિત જિણંદસ્યું પ્રીતડી) ૪
(૩) સંભવનાથ ,, (સંભવ જિનવર! વિનતિ) ૪
(૪) અભિનંદન ,, (ઢીઠી હોય પ્રભુ! ઢીઠી જગગુરૂ! તુજ) ૫
(૫) સુમતિનાથ ,, (સુમતિનાથ ગુણસ્યું મિલીજી) ૬
(૬) પદ્મપ્રભ ,, (પદ્મપ્રભજિન જઈ અલગા રહ્યા) ૭
(૭) સુપાર્શ્વનાથ ,, (શ્રી સુપાર્શ્વનાથ જિનરાજ!) ૮
(૮) ચંદ્રપ્રભ ,, (ચંદ્રપ્રભ જિન સાહિબા રે!) ૮
(૯) સુવિધિનાથ ,, (લઘુ પણ હું તુમ વન નવિ માવું રે) ૯
(૧૦) શીતલનાથ ,, (શ્રી શીતલ જિન ભેટીએ) ૧૦
(૧૧) શ્રેયાંસનાથ ,, (તુમે બહુ મૈત્રો રે સાહિબા!) ૧૧
(૧૨) વાસુપૂજ્ય ,, (સ્વામિ! તુમે કાંઇ કામણ કીધુ) ૧૧

(૧૩) વિમલનાથ જિન–સ્તવન (સેવો ભવિયાં વિમલ જિનેસર) ૧૨
(૧૪) અનંતનાથ ,, (શ્રી અનંતજિન શું કરો સાહેલડિયાં) ૧૩
(૧૫) ધર્મનાથ ,, (થાશું પ્રેમ બન્યો છે રાજ!) ૧૩
(૧૬) શાંતિનાથ ,, (ધન દિન વેલા ધન ઘડી તેહ) ૧૪
(૧૭) કુંથુનાથ ,, (સાહેલાં રે કુંથુ જિણેસર દેવ) ૧૫
(૧૮) અરનાથ ,, (શ્રી અરજિન ભવજલનો તારૂ) ૧૬
(૧૯) મલ્લિનાથ ,, (તુજ મુજ રીઝની રીઝ) ૧૬
(૨૦) મુનિસુવ્રત ,, (મુનિસુવ્રત જિન વંદતાં) ૧૭
(૨૧) નમિનાથ ,, (શ્રી નમિજિનની સેવા કરતાં) ૧૮
(૨૨) નેમિનાથ ,, (તોરણથી રથ ફેરી ગયા રે હાં) ૧૮
(૨૩) પાર્શ્વનાથ ,, (વામાનંદન જિનવર) ૧૯
(૨૪) મહાવીર ,, (ગિરૂઆ રે ગુણ તુમ તણા) ૨૦

૨ ચોવીશી—બીજી.

(૧) ઋષભદેવ સ્તવન (ઋષભ જિણુંદા ઋષભ જિણુંદા) ૨૧
(૨) અજિતનાથ ,, (વિજ્યાનંદન ગુણનીલોજી) ૨૧
(૩) સંભવનાથ ,, (સેના નંદન સાહિબ સાચો રે) ૨૨
(૪) અભિનંદન જિન–સ્તવન (સેવો સેવો રે અભિનંદન દેવ) ૨૨
(૫) સુમતિનાથ સ્તવન (સુમતિનાથ દાતાર) ૨૩
(૬) પદ્મપ્રભ ,, (પદ્મપ્રભ જિન સાંભળો) ૨૩
(૭) સુપાર્શ્વનાથ ,, (શ્રી સુપાસ જિનરાજનો રે) ૨૪
(૮) ચંદ્રપ્રભ ,, (મોરા સ્વામી ચંદ્રપ્રભ જિનરાય) ૨૪
(૯) સુવિધિનાથ ,, (જિમ પ્રીતિ ચંદ ચકોરને) ૨૪
(૧૦) શીતલનાથ ,, (શીતલજિન તુજ મુજ વિચે આંતરૂ) ૨૫
(૧૧) શ્રેયાંસનાથ ,, (શ્રેયાંસ જિણેસર દાતાજી) ૨૫
(૧૨) વાસુપૂજ્ય ,, (વાસુપૂજ્ય જિન વાલહા રે) ૨૬
(૧૩) વિમલનાથ ,, (વિમલનાથ મુજ મન વસે) ૨૭
(૧૪) અનંતનાથ ,, (શ્રી અનંત જિન સેવિયે રે લાલ) ૨૭

(૧૫) ધર્મનાથ જિન સ્તવન (ધરમનાથ તુજ સરિખો) ૨૭
(૧૬) શાંતિનાથ ,, (જગજન મનરંજે રે) ૨૮
(૧૭) કુંથુનાથ ,, (સુખદાયક સાહિબ! સાંભળો) ૨૯
(૧૮) અરનાથ ,, (અરજિન દરિશન દીજીયેંજી) ,,
(૧૯) મલ્લિનાથ ,, (મલ્લિ જિણેસર! મુજને તુમે મળ્યા) ૩૦
(૨૦) મુનિસુવ્રત ,, (આજ સફલ દિન મુજ તણો) ,,
(૨૦) નમિનાથ ,, (મુજમન પંકજ ભમરલો) ૩૧
(૨૨) નેમિનાથ ,, (કહા કિયો તુમ્હે કહો મેરે સાંઈ!) ,,
(૨૩) પાર્શ્વનાથ ,, (ચઉકષાય પાતાલ કલશા જિહાં) ૩૨
(૨૪) મહાવીર ,, (દુઃખ ટળિયાં સુખ દીઠે મુજ સુખ ઉપન્યાં રે) ૩૩

૩. ચોવીશી-ત્રીજી (ચૌદ ભાલની)

(૧) ઋષભદેવ જિન સ્તવન (ઋષભદેવ નિતુ વંદિયે) ૩૫
(૨) અભિનંદન ,, (અજિત જિણંદ જુહારિયે રે લો) ૩૬
(૩) સંભવનાથ ,, (માતા સેના જેહની) ૩૬
(૪) અજિતનાથ ,, (અભિનંદન ચંદન શીતલ વચન વિલાસ) ૩૭
(૫) સુમતિનાથ ,, (નયરી અયોધ્યા રે માતા મંગલા) ૩૮
(૬) પદ્મપ્રભ ,, (કોસંબી નયરી ભલીજી) ૩૯
(૭) સુપાર્શ્વનાથ ,, (તાત પ્રતિષ્ટ અને પૃથિવી માતા) ,,
(૮) ચંદ્રપ્રભ ,, (શ્રી ચંદ્રપ્રભ જિન રાજીઓ) ૪૦
(૯) સુવિધિનાથ ,, (સુવિધિ જિનરાજ! મુજ મન રમો) ૪૧
(૧૦) શીતલનાથ ,, (શીતલજિન ભદ્દિલપુરી રે) ૪૨
(૧૧) શ્રેયાંસનાથ ,, (સિંહપુરી નયરી ભલી રે) ,,
(૧૨) વાસુપૂજ્ય ,, (શ્રી વાસુપૂજ્ય નરેસરૂ) ૪૩
(૧૩) વિમલનાથ ,, (સજની! વિમલ જિનેસર પૂજીયે) ૪૪
(૧૪) અનંતનાથ ,, (નયરી અયોધ્યા ઉપાન રે) ,,

(૧૫) ધર્મનાથ જિન સ્તવન (રતનપુરી નયરી હુઓ રે લાલ) ૪૫
(૧૬) શાંતિનાથ ,, (ગજપુર નયર વિભૂષણ) ૪૬
(૧૭) કુંથુનાથ ,, (ગજપુર નયરી સોહેજી) ૪૭
(૧૮) અરનાથ ,, (અરજિન ગજપુર વર શિણગાર) ,,
(૧૯) મલ્લિનાથ ,, (મિથિલા નયરી અવતરીંજી) ૪૮
(૨૦) મુનિસુવ્રત ,, (પદ્માદેવી નંદન ગુણનીલો) ૪૯
(૨૧) નમિનાથ ,, (મિથિલાકર વિજય નરેંદ) ,,
(૨૨) નેમિનાથ ,, (સમુદ્રવિજય શિવાદેવી નંદન નેમિકુમાર) ૫૦
(૨૩) પાર્શ્વનાથ ,, (નયરી વાણારસી અવતર્યો હો) ૫૨
(૨૪) મહાવીર ,, (આજ જિનરાજ! મુજ કાજ સિધ્યાં સહે) ૫૩

૪. વિહરમાન-જિનવીશી

(૧) સીમંધર જિન સ્તવન (પુષ્કલવઈ વિજયે જયો રે) ૫૫
(૨) યુગમંધર ,, (શ્રી યુગમંધર સાહિબા રે) ૫૬
(૩) બાહુજિન ,, (સાહિબ બાહુ જિણેસર વીનવું) ,,
(૪) સુબાહુ ,, (સ્વામી સુબાહુ સુહંકર) ૫૭
(૫) સુજાત ,, (સાચો સ્વામી સુજાત) ૫૮
(૬) સ્વયંપ્રભ ,, (સ્વામી સ્વયંપ્રભ સુંદર રે) ,,
(૭) ઋષભાનન ,, (શ્રી ઋષભાનન ગુણનીલો) ૫૯
(૮) અનંતવીર્ય ,, (જિમ મધુકર મન માલતી રે) ૬૦
(૯) સુરપ્રભ ,, (સુરપ્રભ જિનવર ધાતકી) ૬૧
(૧૦) વિશાલ ,, (ધાતકી ખંડે હો કે પશ્ચિમ અરધ ભલો) ૬૨
(૧૧) વજ્રધર ,, (શંખલંછન વજ્રધર સ્વામી) ૬૩
(૧૨) ચંદ્રાનન ,, (નલિનાવતી વિજય જયકારી) ,,
(૧૩) ચંદ્રબાહુ ,, (દેવાનંદ નરીંદનો) ૬૪

(૧૪) ભુજંગ જિન સ્તવન (ભુજંગદેવ ભાવે ભજો) ૬૫
(૧૫) ઈશ્વર ,, (નૃપ ગજસેન જશોદા માત) ૬૬
(૧૬) નેમિપ્રભુ ,, (પુષ્કરવર પૂરવઅરધ દિવાજે રાજેરે) ૬૭
(૧૭) વીરસેન ,, (પશ્ચિમ અરધ પુષ્કરવરે) ૬૮
(૧૮) મહાભદ્ર ,, (દેવરાયનો નંદ) ,,
(૧૯) ચંદ્રયશા ,, (ચંદ્રયશા જિનરાજીઓ) ૬૯
(૨૦) અજિતવીર્ય ,, (દ્વીપ પુષ્કરવર પશ્ચિમ અરધે) ૭૦

૫. નવવિધાન — સ્તવનો

(૧) ઋષભદેવ જિન સ્તવન (ઋષભદેવ હિતકારી) ૭૩
(૨) અજિતનાથ ,, (અજિતદેવ મુજ વાલહા) ૭૪
(૩) સંભવનાથ ,, (સંભવ જિન જબ નયન મિલ્યો હો) ,,
(૪) અભિનંદન ,, (પ્રભુ! તેરે નયનકી હું બલીહારી) ૭૫
(૫) સુમતિનાથ ,, (સુમતિનાથ સાચા હો) ૭૫
(૬) પદ્મપ્રભ ,, (ઘડિ ઘડિ સાંભરે સાંઈ સલૂના) ૭૭
(૭) સુપાર્શ્વનાથ ,, (ઐસે સામી સુપાર્શ્વસેં દિલ લગા) ,,
(૮) ચંદ્રપ્રભ ,, (શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે) ૭૮
(૯) સુવિધિનાથ ,, (મેં કીનો નહિ તો જિન ઔરસેં રાગ) ૭૯

૬. વિશિષ્ટ-જિન સ્તવનો

(૧) આદિનાથ જિન સ્તવન ('તારન તરન' કહાવત હો) ૮૦
(૨) ,, (પધારો કર લીજે) ,,
(૩) ઋષભદેવ ,, (તુહારે શિર રાજત અજબ જટા) ૮૧
(૪) શીતલનાથ જિન-સ્તવન (શીતલ જિન મોહે પ્યારા) ૮૨
(૫) શાંતિનાથ ,, (હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં) ૮૩
(૬) નેમિનાથ ,, (તુજ દરીશન દીઠું) ૮૪

(૭) નેમિનાથ રાજુલ નિવેદન (દેખતહી ચિત્ત ચોર લિયોહે) ૮૫
(૮) ,, પ્રભુનું અદ્‌ભુત રૂપ (દેખો માઈ! અજબરૂપ જિનજીકો) ૮૫
(૯) પાર્શ્વનાથ જિન-સ્તવનો (ચિદાનંદઘન પરમ નિરંજન) ૮૬
(૧૦) ,, ભાવપૂજા રહસ્ય (પૂજા વિધિ માંહે ભાવિયેજી) ૮૯
(૧૧) ,, પ્રભુ ગુણગાન મહિમા (નયરી વાણારસી જાણીયે હો) ૯૩
(૧૨) ,, હૃદયપ્રાર્થના (વામાનંદન જગદાનંદન) ૯૪
(૧૩) ,, પ્રભુસેવા (સુખદાઈ રે સુખદાઈ) ૯૫
(૧૪) ,, સેવાની રીત (મેરે સાહિબ તુમહિ હો) ,,
(૧૫) અંતરીક્ષ પાર્શ્વનાથ જિન સ્તવન (સલુને પ્રભુ ભેટે) ૯૬
(૧૬) ,, ,, (જય જય જય જય પાસ જિણંદ) ૯૭
(૧૭) ગોડી પાર્શ્વનાથ ,, (ગોડી પ્રભુ ગાજઈ રે) ૯૮
(૧૮) ચિંતામણી ,, (શ્રી ચિંતામણી પાર્શ્વજી રે!) ૯૯
(૧૯) શંખેશ્વર ,, ,, (અબ મોહી ઐસી આય બની) ૧૦૦
(૨૦) સુરતમંડન ,, ,, (સૂરતિમંડન પાસ જિણંદા) ૧૦૧
(૨૦) મહાવીર જિન સ્તવન (સાહિબ ધ્યાયા મનમોહના) ૧૦૩
(૨૨) ,, (પ્રભુ બલ દેખી સુરરાજ) ૧૦૪
(૨૩) ,, (પ્રભુ ધરી પીઠિ વેતાલ બાલ) ,,
(૨૪) રાજનગર મંડન મહાવીર સ્તવન (શ્રી વર્ધમાન જિન-
રાજીઆ રે) ૧૦૫
(૨૫) ,, ,, ,, (સમરીએ સરસતી વરસતી) ૧૦૮
(૨૬) ,, ,, ,, (સુણ સુગુણ સ્નેહી રે સાહિબા!) ૧૧૦
(૨૭) સીમંધર જિન ,, (શ્રી સીમંધર સ્વામસ્યુંજી) ૧૧૨
(૨૮) વિમલાચલ ,, (વિમલાચલ નિતુ વંદિયે) ૧૧૨
(૨૯) તારંગામંડન અજિતનાથ જિન સ્ત૦ (આનંદ અધિક
ઉચ્છાહ ધરી) ૧૧૩
(૩૦) ગૌતમ પ્રભાતિ...સ્ત૦ (ગૌતમ ગણધર નમિયે હો) ૧૧૫
(૩૧) સમવસરણ જિન સ્ત૦ (ત્રિશલાનંદન વંદીયે રે) ૧૧૬

(૩૨) કુમતિલતા ઉન્મીલન-જિનબિંબસ્થાપન (ભરતાદિકે
ઉદ્ધારજ કીધો) ૧૧૮

૭. સામાન્ય જિન સ્તવનો (પદો)

(૧) મનોવેદના (પ્રભુ ! મેરે અયસી આય બની) ૧૧૯
(૨) પ્રભુપ્રત્યે રાગ (મેરે પ્રભુસું પ્રગટયો પૂરન રાગ) ૧૨૦
(૩) પ્રભુ-પ્રવચન (પ્રભુ ! તેરો વચન સુન્યો) ૧૨૧
(૪) પ્રભુને શારણે (જિન ! તેરે ચરન સરન ગ્રહું) ૧૨૧
(૫) પ્રભુદર્શનથી પરમાનંદ (આજ આનંદભયો, પ્રભુકો
દર્શન લહ્યો) ૧૨૨
(૬) પ્રભુમયતા (જ્ઞાનાદિક ગુણ તેરો) ૧૨૨
(૭) પ્રભુગુણ ચિંતન (પ્રભુ ! તેરો ગુન-જ્ઞાન) ૧૨૩
(૮) પરમાત્મ સ્વરૂપ (એ પરમ બ્રહ્મ પરમેશ્વર ૧૨૩
(૯) ત્વમેવ શરણં મમ (તો બિન ઓર ન જાયું
જિનંદરાય !) ૧૨૪
(૧૦) અભિનંદન જિન-સ્તવન (સમવસરણ જિન રાજ વિરાજે) ૧૨૫
(૧૧) સુપાર્શ્વનાથ ,, (સાચો દેવ સુપાસજી રે !) ૧૨૬
(૧૨) મલકાપુર મંડન
સુપાર્શ્વનાથ ,, (સુનિએ હો પ્રભુ હો) ૧૨૭
(૧૩) ઉન્નતપુર મંડણ
શાંતિનાથ ,, (સરસતિ વરસતિ વયણ અતિય નમી) ૧૨૮
(૧૪) કલ્હારા પાર્શ્વનાથ ,, (પાસજી હો પ્રભુ કલ્હારા દેવ) ૧૩૦
(૧૫) આંતરોલી મંડન
વાસુપૂજ્ય ,, (વાસુપૂજ્ય જિનરાજ વિરાજે) ૧૩૧
(૧૬) સિદ્ધસહસ્ર નામ વર્ણન છંદ
(જગન્નાથ જગદીશ જગબંધુ નેતા) ૧૩૩
(૧૭) નેમ-રાજુલનાં છ ગીતો-(પદો)
(૧) નેમ પ્રભુને મનામણાં (હરિ-નારી ટોલે મિલી) ૧૩૫

(૨) નેમ પ્રભુનું મૌન (બાલા રૂપશાલા ગલે) ૧૩૮
(૩) સખી પ્રત્યે રાજુલ (સયનકી નયનકી) ૧૩૯
(૪) રાજુલ પ્રત્યે સખી (યા ગતિ કૌન હે સખિ!) ૧૩૯
(૫) સખી પ્રત્યે રાજુલ (વીનતડી કહ્યો રે મોરા કંતનઈ) ૧૪૦
(૬) રાજુલના ઉદ્‌ગાર (રાજુલ બોલઇ સુનુહુ–
સયાની રે!) ૧૪૧
(૧૮) ઋષભ જિન-સ્તવન (ઋષભ જિનરાજ મુજ આજ
દિન અતિ ભલો) ૧૪૫

૨–આધ્યાત્મિક પદ વિભાગ

૯. આધ્યાત્મિક પદો.

(૧) પ્રભુભજન (ભજન બિનુ જીવિત જૈસે પ્રેત) ૧૪૭
(૨) પ્રભુનું સાચું ધ્યાન (પરમ પ્રભુ સબજન શબ્દે ધ્યાવે) ૧૪૭
(૩) સાચા પ્રભુની પ્રાપ્તિ (અબ મે સાચો સાહિબ પાયો) ૧૪૮
(૪) વીરોની પ્રભુ ભક્તિ (જો જો દેખે વીતરાગને) ૧૪૯
(૫) પંચમહાવ્રત જહાજ (વાદ વાદીસર તાજ) ૧૫૦
(૬) સાચા મુનિ (ધર્મકે વિલાસ વાસ) ૧૫૧
(૭) સાચા મુનિ (પવનકો કરે તોલ) ૧૫૨
(૮) સાચો જૈન (જૈન કહો કયોં હોવે, પરમગુરૂ!) ૧૫૨
(૯) સજ્જન–રીતિ (સજ્જન રાખત રીતિ ભલી) ૧૫૪
(૧૦) સાચો ધર્મ (શિવ સુખ ચાહો તો) ૧૫૫
(૧૧) દૃષ્ટિ રાગ (દૃષ્ટિરાગે નવિ લાગીયે ૧૫૬
(૧૨) પરભાવમાં મગની (જિઉ લાગિ રહો પરભાવમેં) ૧૫૭
(૧૩) મોહત્યાગ અને જ્ઞાનસુધા (ચેતન! મોહકો સંગ નિવારો) ૧૫૮
(૧૪) જ્ઞાનદૃષ્ટિ અને મોહદૃષ્ટિ (ચેતન! જ્ઞાનકી દૃષ્ટિ નિહાલો) ૧૬૦
(૧૫) ચેતન અને કર્મ (ચેતન! જો તું જ્ઞાન અભ્યાસી) ૧૬૧
(૧૬) જ્ઞાન અને ક્રિયા (સબલ યા છાક મોહ–મદિરાકી) ૧૬૨
(૧૭) ખોટો છોડી સાચો પંથ લ્યો (ચેતન! રાહ ચલે ઉલટે) ૧૬૩

(૧૮) આત્માને ચેતવણી (કેસે દેત કર્મનકું દોસ?) ૧૬૩
(૧૯) મનઃસ્થિરતા (જબ લગ આવે નહિ મન ઠામ) ૧૬૪
(૨૦) સમતા અને મમતા (ચેતન! મમતા છાંરિ પરીરી) ૧૬૫
(૨૧) સમતાનું મહત્વ (જબ લગે સમતા ક્ષણુ નહિ આવે) ૧૬૬
(૨૨) ઉપશમ અને શ્રમણુત્વ (જબ લગ ઉપશમ નાહિ રતિ) ૧૬૭
(૨૩) નયની અપેક્ષાએ સામાયિક (ચતુરનર! સામાયિકનય ધારો) ૧૬૮
(૨૪) સુમતિને ચેતનનો વિરહ (કબ ઘર ચેતન આવેંગે?) ૧૬૯
(૨૫) ચેતના (કંત બિનુ કહો કૌન ગતિ નારી) ૧૭૦
(૨૬) આત્મદર્શન (ચેતન! અબ મોહિ દર્શન દીજે) ૧૭૧
(૨૭) પૂર્ણાનંદઘન પ્રભુ (પ્રભુ મેરે! તૂં સબ વાતેં પૂરા) ૧૭૨
(૨૮) ચિદાનંદઘન પ્રભુની જોડી (અજબ બની હે જોરી) ૧૭૩
(૨૯) ચિદાનંદઘનનું સ્વરૂપ (અજબ ગતિ ચિદાનંદ-ઘનની) ૧૭૩
(૩૦) અવિનાશી ચિદાનંદ (ચિદાનંદ અવિનાસી હો) ૧૭૪
(૩૧) અવિનાશીમાં મગ્નતા (મન કિતહી ન લાગે હેજે રે) ૧૭૫
(૩૨) પરમ બ્રહ્મ પરમાત્મસ્વરૂપ (એ પરમ બ્રહ્મ પરમેશ્વર)
(આ પદ બેવડાયું છે) ૧૭૬, ૧૨૩
(૩૩) હોરી-ગીત (અચરો દાવ મિલ્યોરી) ૧૭૭
(૩૪) માયાની ભયાનકતા (માયા કારમી રે) ૧૭૭
(૩૫) હરીઆલી (કહિયો પંડિત! કોણ એ નારી?) ૧૭૮
(૩૬) હરીઆલીનો ભાવાર્થ ૧૮૦

૪-તત્ત્વગર્ભિત સ્તવન વિભાગ

૯. શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન. ઢાલ-૧૨
૧ લી ઢાળ (ધુરિ પ્રણમું જિન મહરિસી) ૧૮૭
૨ જી ,, (પાડે પાડે ત્રણ્ય ચોવીશી) ૧૮૭
૩ જી ,, (જંબૂદ્વિપ ભરત ભલું) ૧૮૮
૪ થી ,, (પૂરવ ભરતે તે ધાતકી ખંડે રે) ૧૮૯
૫ મી ,, (પુષ્કર અરધ પૂરવ હુવા) ૧૮૬

૬ ઠી ઢાળ (ધાતકી ખંડે રે પશ્ચિમ ભરતમાં) ૧૯૦
૭ મી ,, (પુષ્પર પશ્ચિમ ભરતમાં) ૧૯૧
૮ મી ,, (જંબૂદ્વીપ ઐરવતેંજી) ૧૯૧
૯ મી ,, (પૂરવ અરધે ધાતકીજી) ૧૯૨
૧૦ મી ,, (પુષ્પર અરધ પૂરવ ઐરવતે) ૧૯૩
૧૧ મી ,, (પશ્ચિમ ઐરવતે ભલો) ૧૯૪
૧૨ મી ,, (પુષ્પર પશ્ચિમ ઐરવતે હવે) ૧૯૪

૧૦. નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન.

ઢાલ ૬ રચ્યા સં. ૧૭૩૨ કે ૧૭૩૪.

૧ લી ઢાલ (શાંતિ જિણેસર કેસર અર્ચિત જગધણી રે) ૧૯૭
૨ જી ,, (નિશ્ચય નયવાદી કહે) ૧૯૮
૩ જી ,, (નિશ્ચય કહે કુણ ચેલા) ૧૯૯
૪ થી ,, (નિશ્ચય કહે વિણ ભાવ પ્રમાણે) ૨૦૧
૫ મી ,, (નિશ્ચય નયવાદી કહે રે) ૨૦૨
૬ ઠી ,, (વાદ વદંતા આવિયા) ૨૦૪

૧૧. નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન.

ઢાળ ૪

૧ લી ઢાળ (શ્રી સીમંધર સાહિબ આજે વીનતિ રે) ૨૦૬
૨ જી ,, (કોઈક વિધિ જોતાં થકાં રે) ૨૦૭
૩ જી ,, (સમકિત પક્ષજ કોઈક આદરે) ૨૦૯
૪ થી ,, (ઓણીપરે મેં પ્રભુ વિનવ્યો) ૨૧૦

૧૨. શ્રી સીમંધર સ્વામીની વિનતિરૂપ નયરહસ્યગર્ભિત સવાસો ગાથાનું સ્તવન. ઢાલ—૧૧

૧ લી ઢાળ શુદ્ધ દેશનાનું સ્વરૂપ (સ્વામિ સીમંધરા ! વીનતી) ૨૧૨
૨ જી ,, આત્મસ્વરૂપની ઓળખાણ (એમ ઢુંઢતાં રે ધર્મ સોહામણો) ૨૧૩
૩ જી ,, આત્મતત્ત્વ વિચાર (જિહાં લગે આતમદ્રવ્યનું) ૨૧૪

૪ થી ઢાળ શુદ્ધ નયવિચાર (શિષ્ય કહે જો પરભાવનો) ૨૧૬
૫ મી ,, વ્યવહારસિદ્ધિ (એમ નિશ્ચય નય સાંભલીજી) ૨૧૮
૬ ઠી ,, વ્યવહારસિદ્ધિ (અવર ઈસ્યો નય સાંભલી) ૨૨૦
૭ મી ,, મોક્ષ-ભવમાર્ગ (જે મુનિવેષ શકે નવિ છંડી) ૨૨૧
૮ મી ,, દ્રવ્ય-ભાવસ્તવ (અવર એક ભાષે આચાર) ૨૨૩
૯ મી ,, દ્રવ્ય-ભાવસ્તવ (ભાવસ્તવ મુનિને ભલોજી) ૨૨૪
૧૦ મી ,, જિનપૂજામાં નિર્જરા (અવર કહે પૂજાદિક હામે) ૨૨૫
૧૧ મી ,, સાચી ભક્તિ-પ્રભુ પ્રેમ (કુમતિ ઈમ સકલ દૂરે કરી) ૨૨૭

૧૩. કુમતિમદગાલન શ્રી વીરસ્તુતિરૂપ ૬૫૦ ગાથાનું હુંડીનું સ્તવન. ઢાલ ૭

૧ લી ઢાળ (પ્રણમી શ્રી ગુરૂના પયપંકજ) ૨૨૯
૨ જી ,, (તુજ આણા મુજ મનિ વસી) ૨૩૨
૩ જી ,, (શાસન તાહરૂં અતિ ભલું) ૨૩૫
૪ થી ,, (કોઈ કહે જિન પૂજતાંજી) ૨૩૮
૫ મી ,, (સાસય પડિમા અડસય માને) ૨૪૦
૬ ઠી ,, (સમકીત સૂધું રે તેહને જાણીએ) ૨૪૩
૭ મી ,, (વર્તમાન શાસનનો સ્વામી) ૨૪૬

૧૪. સિદ્ધાંત વિચાર રહસ્ય ગર્ભિત ૬૫૦ ગાથાનું શ્રી સીમંધર જિન સ્તવન. ઢાલ ૧૭

૧ લી ઢાળ (શ્રી સીમંધર સાહિબ આગે) ૨૪૮
૨ જી ,, (કોઈ કહે અમે ગુરૂથી તરસું) ૨૫૧
૩ જી ,, (દેવ! તુઝ સિદ્ધાંત મીઠો) ૨૫૩
૪ થી ,, ધર્મદેશનાનું સમર્થન (સુણજો સીમંધર સ્વામી!) ૨૫૫
૫ મી ,, (વિષમકાલને જોર કોઈ) ૨૫૭
૬ ઠી ,, ગુરૂ-આજ્ઞા (પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા) ૨૬૦

૭ મી ઢાળ (કોઈ કહે ગુરૂ ગચ્છ ગીતારથ સારથ શુદ્ધ) ૨૬૩
૮ મી ,, (કોઈ કહે સિદ્ધાંતમાંજી, ધર્મ અહિંસા રે સાર) ૨૬૫
૯ મી ,, (કોઈક સૂત્ર જ આદરે, અર્થ ન માને સાર) ૨૬૮
૧૦ મી ,, (જ્ઞાન વિના જે જીવને રે ક્રિયામાં છે દોષ રે) ૨૭૧
૧૧ મી ,, શ્રાવકના ગુણ (એકવીસ ગુણ પરિણમે) ૨૭૪
૧૨ મી ,, વિશેષ શ્રાવકના ગુણ (એકવીસ ગુણ જેણે લહ્યા) ૨૭૬
૧૩ મી ,, વિશેષ રીતે શ્રાવકના ગુણ (ભાવ શ્રાવકનાં ભાવિયે) ૨૭૮
૧૪ મી ,, ભાવ શ્રાવક સાધુપણું પામે (તે ભાવસાધુપણું લહે, જે ભાવ શ્રાવક સાર) ૨૮૦
૧૫ મી ,, મુનિના ગુણ (ધન તે મુનિવરા રે જે ચાલે સમભાવે) ૨૮૨
૧૬ મી ,, જ્ઞાનદશાનો નિર્ધાર (સ્વામી સીમંધરા ! તું ભલે ધ્યાઈયે) ૨૮૫
૧૭ મી ,, (આજ જિનરાજ ! મુજ કાજ સિદ્ધાં સવે) ૨૯૦

૪–સ્વાધ્યાય (સજઝાય) વિભાગ

૧૫. આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી.

૧ લું પદ (મારગ ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે) ૨૯૫
૨ જું ,, (આનંદઘનકો આનંદ, સુજસ હી ગાવત) ૨૯૫
૩ જું ,, (આનંદ કોઉ નહીં પાવે) ૨૯૬
૪ થું ,, (આનંદ ઠોર ઠોર નહીં પાયા) ૨૯૬
૫ મું ,, (આનંદ કોઉ હમ દેખલાવો) ૨૯૭
૬ ઠું ,, (આનંદકી ગત આનંદઘન જાને) ૨૯૭
૭ મું ,, (મેરી આજ આનંદ ભયો) ૨૯૭
૮ મું ,, (આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ) ૨૯૮

૧૬. શ્રી ગણધર ભાસ.

૧	ઇંદ્રભૂતિ	ભાસ (પહલો ગણધર વીરનો)	૨૯૯
૨	અગ્નિભૂતિ	,, (ગોબર ગામ સમૃદ્ધ)	૩૦૦
૩	વાયુભૂતિ	,, (ત્રીજો ગણધર મુઝ મનિ વસ્યો)	૩૦૦
૪	વ્યક્ત	,, (ચોથો ગણધર વ્યક્ત તે વંદિઇ)	૩૦૨
૫	સુધર્માસ્વામી	,, (આવો આવો ધરમના મિત્તાજી !)	૩૦૨

૧૭. સાધુવંદના. ઢાલ ૮

રચ્યા સં. ૧૭૨૧ વિજ્યાદશમી ખંભાત.

૧	લી ઢાળ	(પ્રણમું શ્રી ઋષભાદિ જિણેસર)	૩૦૪
૨	જી ,,	(સાધુ સુકોસલ મન દઢ કરિ ખમ્યો)	૩૦૬
૩	જી ,,	(આકમિંઈ અંગઈ એ કહિયાં રે)	૩૦૭
૪	થી ,,	(નવમઇ અંગિ વખાણિયાજી)	૩૦૯
૫	મી ,,	(હણિઉ પણિ દુર્યોધનઈ રે)	૩૧૦
૬	ઠી ,,	(બૂઝયો પ્રતિમા-દર્શનઇ રે)	૩૧૨
૭	મી ,,	(વીર જિણેસર શાસનિં)	૩૧૩
૮	મી ,,	(ફગ્ગુસિરિ સમણી નઇ નાઈલ)	૩૧૫

૧૮. સમ્યક્ત્વના ૬૭ બોલ સ્વાધ્યાય

		પ્રસ્તાવ-દૂહા. (સુકૃતવલ્લિ-કાદંબિની)	૩૧૭
૧	લી ઢાળ	સમ્યક્ત્વ ૬૭ બોલ, ૪ સદ્દહણા (ચઉ સદ્દહણા તિ લિંગ છે)	૩૧૮
૨	જી ,,	૩ લિંગ (ત્રિણ લિંગ સમકિત તણાં રે)	૩૧૯
૩	જી ,,	૧૦ પ્રકારનો વિનય (અરિહંત તે જિન વિચરતાજી)	૩૨૦
૪	થી ,,	૩ શુદ્ધિ (ત્રિણ શુદ્ધિ સમકિત તણી રે)	૩૨૧
૫	મી ,,	૫ દૂષણ (સમકિત-દૂષણ પરિહરો)	૩૨૧
૬	ઠી ,,	૮ પ્રભાવક (આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા)	૩૨૨
૭	મી ,,	૫ ભૂષણ (સોહે સમકિત જેહથી)	૩૨૩

૮ મી ઢાળ ૫ લક્ષણ (લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં) ૩૨૪
૯ મી ,, ૬ યતના (પરતીર્થી પરના સુર તેણે) ૩૨૫
૧૦ મી ,, ૬ આગાર (શુદ્ધ ધર્મથી નવિચલે) ૩૨૬
૧૧ મી ,, ૬ ભાવના (ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું) ૩૨૬
૧૨ મી ,, ૬ સ્થાનક (ઠરે જિહાં સમકિત તે થાનક) ૩૨૮

૧૯ આઠ યોગદૃષ્ટિની સ્વાધ્યાય. ઢાલ ૮

૧ લી ઢાળ પ્રથમ મિત્રા દૃષ્ટિ વિચાર (શિવ સુખ કારણ ઉપદિશી) ૩૩૦
૨ જી ,, બીજી તારા ,, ,, (દર્શન તારા દૃષ્ટિમાં) ૩૩૨
૩ જી ,, ત્રીજી બલા ,, ,, (ત્રીજી દૃષ્ટિ બલા કહીજી) ૩૩૨
૪ થી ,, ચોથી દીપ્તા ,, ,, (યોગદૃષ્ટિ ચોથી કહીજી) ૩૩૩
૫ મી ,, પાંચમી સ્થિરા ,, ,, (દૃષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે) ૩૩૬
૬ ઠી ,, છઠી કાંતા ,, ,, (અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિ) ૩૩૭
૭ મી ,, સાતમી પ્રભા ,, ,, (અર્કપ્રભાસમ બોધ પ્રભામાં) ૩૩૮
૮ મી ,, આઠમી પરા ,, ,, (દૃષ્ટિ આઠમી સાર સમાધિ) ૩૩૯

૨૦. અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય.

૧ હિંસા પાપસ્થાનક સ્વાધ્યાય (પાપસ્થાનક પહિલું કહ્યું રે) ૩૪૨
૨ મૃષાવાદ ,, ,, (બીજું પાપનું સ્થાન) ૩૪૩
૩ અદત્તાદાન ,, ,, (ચોરી વ્યસન નિવારીયે) ૩૪૪
૪ અબ્રહ્મચર્ય ,, ,, (પાપસ્થાનક ચોથું વર્જિએ) ૩૪૫
૫ પરિગ્રહ ,, ,, (પરિગ્રહ મમતા પરિહરો) ૩૪૬
૬ ક્રોધ ,, ,, (ક્રોધ તે બોધ-નિરોધ છે) ૩૪૮

૭ માન પાપસ્થાનક સ્વાધ્યાય (પાપસ્થાનક કહે સાતમું (શ્રી જિનરાજએ ૩૪૯
૮ માયા ,, ,, (પાપસ્થાનક અઠમ કહ્યું) ૩૫૧
૯ લોભ ,, ,, (જીરે મારે, લોભ તે દોષ અથોભ) ૩૫૨
૧૦ રાગ ,, ,, (પાપસ્થાનક દશમું કહ્યું રાગ રે) ૩૫૪
૧૧ દ્વેષ ,, ,, (દ્વેષ ન ધરિયે લાલન! ૩૫૫
૧૨ કલહ ,, ,, (કલહ તે બારમું પાપનું સ્થાન) ૩૫૬
૧૩ અભ્યાખ્યાન ,, ,, (પાપસ્થાનક તે તેરમું છાંડીયે) ૩૫૮
૧૪ પૈશુન્ય ,, ,, (પાપસ્થાનક હોકે ચૌદમું (આકરૂં) ૩૫૯
૧૫ રતિ-અરતિ ,, ,, (જિહાં રતિ કોઈક કારણે જી) ૩૬૦
૧૬ પર-પરિવાદ ,, ,, (સુંદર! પાપસ્થાનક તજ્યે સોલમું) ૩૬૧
૧૭ માયા-મૃષાવાદ ,, ,, (સત્તરમું પાપનું ઠામ) ૩૬૩
૧૮ મિથ્યાત્વ શલ્ય ,, ,, (અઢારમું જે પાપનું થાનક) ૩૬૪

૨૬. શ્રી પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સ્વાધ્યાય. ઢાલ ૧૯

રચ્યા સં. ૧૭૨૨ સુરતમાં

પ્રસ્તાવ દૂહા (શ્રી જિનવર પ્રણમી કરી) ૩૬૭
૧ લી ઢાળ પ્રતિક્રમણ-તેના ૬ પ્રકાર (પડિક્કમણ તે આવશ્યક ૩૬૭
૨ જી ,, ,, ૧૨ અધિકાર (પઢમ અહિગારે) ૩૬૯
૩ જી ,, અતિચાર-શુદ્ધિ ને પ્રતિક્રમણના ૮ પર્યાય (હવે અતિચારની શુદ્ધિ ઇચ્છાએ) ૩૭૦
૪ થી ,, પ્રતિક્રમણ વિધિ-(એસી 'નવકાર' કહી હવે જી) ૩૭૧

૫ મી ઢાળ દેવસી પ્રતિક્રમણ વિધિ-આલોયણ પડિક્કમણે (અશુદ્ધ જે) ૩૭૨
૬ ઠી ,, ,, ,, (શ્રાદ્ધી સુસાધ્વી તે કહે ઉચ્છાહા) ૩૭૪
૭ મી ,, રાઈ પ્રતિક્રમણ વિધિ-(દેવસી પડિક્કમણે કહ્યો) ૩૭૫
૮ મી ,, પક્ખી-ચઉમાસી-સંવત્સરી વિધિ (હવે પખિય રે ચઉદસિ દિન સુધી પડિક્કમે) ૩૭૭
૯ મી ,, પ્રતિક્રમણનો અર્થ (નિજ થાનકથી પર થાનકે) ૩૭૯
૧૦ મી ,, પ્રતિક્રમણનો બીજો પર્યાય પ્રતિકરણ (પડિક્કમણ પદારથ આસરી) ૩૮૦
૧૧ મી ,, સંવાદ ને દૃષ્ટાંતથી પ્રતિકરણ પર વિવેચન (કાંઈ જાણાં કિતું બની આવેલો ?) ૩૮૧
૧૨ મી ,, પ્રતિક્રમણનો ત્રીજો પર્યાય પડિહરણા (હવે પડિહરણ-પડિક્કમણનો) ૩૮૪
૧૩ મી ,, ,, ચોથો પર્યાય વારણા (વારણા તે પડિક્કમણ પ્રગટ છે) ૩૮૬
૧૪ મી ,, ,, પાંચમો પર્યાય નિવૃતિ (પડિક્કમણ નિવૃત્તિ પ્રમાદથી રે) ૩૮૭
૧૫ મી ,, (બીજો પણ દૃષ્ટાંત છે રે) ૩૮૯
૧૬ મી ,, પ્રતિક્રમણનો ૬ ઠો પર્યાય નિંદા (નિંદા તે પડિક્કમણ છે) ૩૯૦
૧૭ મી ,, ,, ૭ મો પર્યાય ગર્હા (ગહા તે નિંદા પર સાખિસ્યું રે) ૩૯૫
૧૮ મી ,, ,, ૮ મો પર્યાય શુદ્ધિ-શોધન (તે તરિયા રે ભાઈ તે તરિયા) ૩૯૬
૧૯ મી ,, ,, (હેતુ ગર્ભ પૂરો હુઓ રે) ૩૯૮

૨૨. અગિયાર અંગની સ્વાધ્યાય. ઢાલ ૧૧
રચ્યા સં. ૧૭૨૨ સુરતમાં
૧ લી ઢાળ ૧ આચારાંગ સૂત્રની (આચારાંગ પહિલું કહ્યું રે લો) ૪૦૦
૨ જી ,, ૨ સૂયગડાંગ ,, (સૂયગડાંગ હવે સાંભલો જી) ૪૦૧
૩ જી ,, ૩ ઠાણાંગ ,, (ત્રીજું અંગ હવે સાંભલો) ૪૦૨
૪ થી ,, ૪ સમવાયાંગ ,, (ચોથું સમવાયાંગ તે સાંભલો) ૪૦૩
૫ મી ,, ૫ ભગવતી ,, (અંગ પાંચમું સાંભલો તુમે) ૪૦૪
૬ ઠી ,, ૬ જ્ઞાતા કર્મકથા ,, (જ્ઞાતા ધર્મકથા છઠું અંગ) ૪૦૬
૭ મી ,, ૭ ઉપાસકદશાંગ ,, (સાતમું અંગ ઉપાસક દસા) ૪૦૭
૮ મી ,, ૮ અંતગડ દશાંગ ,, (આઠમું અંગ અંતગડ દસા) ૪૦૭
૯ મી ,, ૯ અણુતરોવવાઈ ,, (નવમું અંગ હવે ભવિ ! સાંભલો) ૪૦૮
૧૦ મી ,, ૧૦ પ્રશ્ન વ્યાકરણ ,, (પ્રશ્ન વ્યાકરણ અંગ તે દશમું) ૪૦૯
૧૧ મી ,, ૧૧ (વિપાક સૂત્ર અંગ અગીયારમું સાંભલો ૪૧૦
કલશ અંગ અગિયારે સાંભલ્યાં રે) ૪૧૧

૨૩. પિસ્તાલીસ આગમનાં નામની સજ્ઝાય.
(અંગ ઈગ્યાર ને બાર ઉપાંગ ૪૧૩

૨૪. સુગુરૂની સજ્ઝાય. ઢાલ ૪
૧ લી ઢાળ (સદ્‌ગુરૂ એહવા સેવિયે) ૪૧૫
૨ જી ,, (ઉત્તરાધ્યયને કહિયો તે તણો) ૪૧૬
૩ જી ,, (મારગ સાધુ તણો છે ભાવે) ૪૧૭
૪ થી ,, (તે મુનિને ભામણડે જઈયે) ૪૧૮

૨૫. પાંચ કુગુરૂની સજ્ઝાય-પાસત્થા વિચાર ભાસ. ઢાળ ૬
૧ લી ઢાળ (સેવો સદ્‌ગુરૂ ગુણ નિરધારી ૪૨૦
૨ જી ,, (ગહિયા બલદ તણી પરે રે) ૪૨૧

૩ જી ઢાળ (નાણુ દંસણુ ચરણુ ભેદથી) ૪૨૧
૪ થી „ (સંસત્તો જિહાં જિહાં મિલે) ૪૨૨
૫ મી „ (ચાલે સૂત્ર વિરૂદ્ધાચારે) ૪૨૩
૬ ઠી „ (ઈમ પાંચે કુગુરૂ પ્રકાશ્યા) ૪૨૪
૨૬. શ્રી વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય (સંસ્કૃત) ૪૨૫
૨૭. શ્રી આદિ જિન-સ્તવન (સંસ્કૃત) ૪૨૭
૨૮ ચડયાપડયાની—હિતશિક્ષા સ્વાધ્યાય અપર નામ સંવિજ્ઞ પક્ષીય વદન ચપેટા સ્વાધ્યાય કડી ૪૧
(ચડયા પડયાનો અંતર સમઝી, સમપરિણામે રહી ઈ.) ૪૨૮
૨૯. અમૃતવેલિની નાની સજ્ઝાય—કડી ૧૯
(ચેતન! જ્ઞાન અજુઆલજે, ટાલજે મોહ સંતાપ રે.) ૪૩૪
૩૦. અમૃતવેલિની મોટી સજ્ઝાય—કડી ૨૯
(ચેતન! જ્ઞાન અજુઆલીએ, ટાલીએ મોહ-સંતાપ રે) ૪૩૬
૩૧. જિન પ્રતિમા સ્થાપન સ્વાધ્યાયો ત્રણ
(૧) (જિમ જીન પ્રતિમા વંદન દીસે, સમકિતને આલાવે) ૪૩૯
(૨) (સતરભેદ પૂજા સાંભલી, સ્યું કુમતિ! જગ ધંધે રે.) ૪૪૦
(૩) (પંચમહાવ્રત તણિ રે ચારિ, ત્રિવિધ ત્રિવિધ જે ભાખી) ૪૪૧
૩૨. સ્થાપના કલ્પ સ્વાધ્યાય—કડી ૧૫
(પૂરવ નવમથી ઉદ્ધરી, જિમ ભાખઈ શ્રી ભદ્રબાહુ રે.) ૪૪૨
૩૩. તપાગચ્છાચાર્યની સજ્ઝાય—કડી ૬
(શ્રી વિજયધર્મ સૂરીશ્વરજી,) ૪૪૫
૩૪. સમકીત-સુખલડીની સજ્ઝાય—કડી ૬
(ચાખો નર સમકીત-સુખડલી) ૪૪૫
૩૫. ગુણસ્થાનક સજ્ઝાય કડી ૭
હોયે મિથ્યાત્વ અભવ્યને, કાળ અનાદિ અનંતો રે) ૪૪૬

૩૬. **તુંબડાની સજ્ઝાય** કડી ૧૦
(સાધુજીને તુંબડું વહોરાવીયુંજી, કરમે હલાહલ થાય રે.) ૪૪૭
૩૭. **ચાર આહારની-આહાર-અનાહારની સજ્ઝાય** કડી ૨૦
(સમરૂં ભગવતી ભારતી, પ્રણમી ગુરૂ ગુણવંતા રે) ૪૪૮
૩૮. **સંયમ કોણી વિચાર સજ્ઝાય** ઢાલ ૩
૧ ઢાળ—(પ્રણમી શ્રી ગુરૂના ચરણામ્બુજ) ૪૫૧
૨ ,, (હવે ઠાણ પરૂવણા) ૪૫૨
૩ ,, (પાયો પાયો રે, ભલે મેં જિનશાસન પાયો) ૪૫૩
૩૯. **યતિધર્મ બત્રીશી-સંજમ બત્રીશી** દોહા ૩૨
(ભાવ-યતિ તેહને કહો, જિહાં દશવિધ યતિધર્મ) ૪૫૫
૪૦. **સમતા શતક** દોહા ૧૦૫
(સમતા-ગંગા-મગનતા, ઉદાસીનતા જત.) ૪૫૯
૪૧. **સમાધિ શતક** દોહા ૧૦૪
(સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગબંધુ) ૪૬૯
૪૨. **સમુદ્ર વહાણ સંવાદ** ઢાલ ૧૭
૨ચ્યા સં. ૧૭૧૭ ઘોઘામાં
પ્રસ્તાવ દુહા (શ્રી નવખંડ અખંડ ગુણ) ૪૭૯
૧ ઢાળ-(શ્રી નવખંડ જિનેશ્વર, કેસર કુસુમસ્યૂ રે) ૪૭૯
૨ ,, (સિંધુ કહે 'હવે સિંધુર, બંધુર નાદ વિનોદ) ૪૮૨
૩ ,, (હલુઆ પિણ અહ્યે તારૂજી, સાયર! સાંભલો) ૪૮૪
૪ ,, (કુલ-ગર્વ ન કીજે રે સર્વથા) ૪૮૭
૫ ,, (વાહણ કહે 'સાયર! સુણો રે) ૪૮૮
૬ ,, (વાહણ હવે વાણી વદે રે લો) ૪૯૦
૭ ,, (સિંધુ કહે સુણિ વાહણ! તૂં) ૪૯૧
૮ ,, (હવે વાહણ વિલાસી રે કહે વદન વિકાસી રે) ૪૯૫

૯ ઢાળ (સાયર કહે સુણિ વાહણ! તૂં રે) ૪૯૭
૧૦ ,, (વાહણ કહે શરણ જગિ ધર્મ વિણ કો નહિ) ૪૯૯
૧૧ ,, (સાયર કહે તૂં બહુ અપરાધિ) ૫૦૨
૧૨ ,, (સાયર! સ્યૂં તૂં ઉછલે?) ૫૦૩
૧૩ ,, (એહવે વયણે રે હવે કોપેઈ ચડયો) ૫૦૬
૧૪ ,, (સંકટ વિકટ ટલઈ સબ દૂર) ૫૦૭
૧૫ ,, (શ્રી નવખંડ જિણંદ, તેહનો શરણ કિઓરી) ૫૦૯
૧૬ ,, (હરખિત વ્યવહારી હુવા હો) ૫૧૦
૧૭ ,, (ભરિયાં કિરિયાણાં ઘણાં હો) ૫૧૩

૪૩. અગ્યાર ગણધર નમસ્કાર ૫૧૬

૪૪. શ્રી જિન-ગીત (મેરે સાહિબ તુમ્હિ હો, જીવન આધારા) ૫૧૯

૪૫. શ્રી વર્ધમાન જિન સ્તવન (સરસતિ સામિણિ પાએ લાગો) ૫૨૦

૪૬. શ્રી પંચ પરમેષ્ટિ ગીતા કડી ૧૩૧ ૫૨૧

૪૭. શ્રી જંબૂસ્વામી બ્રહ્મગીતા કડી ૨૯
(રચ્યા સં. ૧૭૩૮ ખંભાતમાં) ૫૪૮

૪૮. સમ્યક્ત્વનાં ષટ્સ્થાન સ્વરૂપની ચોપાઈ ૫૪૮

૪૯. શ્રી દિકૂપટ ચોરાશી બોલ (પ્રત્યુક્તિ) ૫૭૨

આધારભૂત પ્રતોની નોંધ ૫૯૮

આ પુસ્તકમાં આપવામાં આવેલા પૂર્વે અમુદ્રિત કૃતિઓની નોંધ ૬૦૭

શુદ્ધિદર્શન ૬૧૦

એહવા ગુરુની ગોઠડી,
થોડી પણ હોા સવિ જનમનો સાર :

सर्वेषाञ्छित-मोक्षफलप्रदायक श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં અદ્યાવધિ થયેલા શાસનસંરક્ષક, પ્રભાવક, મહાપુરૂષોની નામાવલીમાં જેઓનું નામ અગ્રિમ હરોળમાં સ્થાપિત થયેલું છે, તેવા મહાપુરૂષ ન્યાયાચાર્ય, ન્યાય-વિશારદ મહામહોપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી** ગણિવર કે જેમનું નામ સ્મરણ થતાં જ વિદ્વજ્જનોનાં ઉન્નત મસ્તકો પણ નત બન્યા વિના રહેતા નથી.

એ મહાપુરૂષે શ્રમણ જીવનની શ્રેષ્ઠ સાધના કરવા પૂર્વક વિશિષ્ટ પ્રકારની અધ્યાત્મ સાધના, યોગ સાધના, ભગવદ્ ઉપાસના દ્વારા પોતાના જીવનને પરમ આદર્શભૂત બનાવ્યું હતું.

શાસનની આરાધના દ્વારા શાસનનાં પ્રત્યેક અંગો સાથે સ્વભૂમિકાનુસાર એકાત્મતા સાધીને શાસનરક્ષા માટે પોતાની સમગ્ર શક્તિઓનું શાસનચરણે સમર્પણ કર્યું હતું. એ માટે જે કાંઈ વેઠવું પડે તે બધું જ સહર્ષ વેઠીને પણ જૈનશાસનના સર્વોત્કૃષ્ટ સાધનામાર્ગના વહેણને અખંડ વહેતું રાખ્યું છે.

સર્વજ્ઞકથિત સિદ્ધાંતોની રક્ષા માટે જરા પણ શ્રાંત કે ક્લાંત બન્યા વિના એકલે હાથે ઝઝૂમીને જે જે વિપત્તિઓ આવી તેને સહર્ષ સ્વીકારી લીધી છે. એ રીતે સર્વજ્ઞપ્રણીત

સિદ્ધાંતોની દિવ્ય જ્યોત અખંડ રાખીને એના દિવ્ય પ્રકાશનું મુમુક્ષુ ભવ્યાત્માઓને પ્રદાન કર્યું છે.

સાહિત્યક્ષેત્રે વિવિધ વિષયો ઉપર અધિકારપૂર્ણ મૌલિક, સંગ્રહાત્મક, અનુસરણાત્મક, સંક્ષેપ–વિસ્તારાત્મક મૂળ અને ટીકા ગ્રંથોની રચના કરી જૈનશાસનને વિશિષ્ટ શ્રુતની ભેટ કરી, શ્રુતકેવળીના શ્રુતવૈભવની ઝાંખી કરાવી છે.

જૈનદર્શનના ગ્રંથોની જેમ જૈનેતર ગ્રંથો ઉપર પણ તેઓશ્રીએ કરેલ ટીકા ગ્રંથોની રચના જોતાં તેઓ શ્રીમદ્‌ની બહુશ્રુતતાની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

અન્યદર્શનના પદાર્થોનો સ્વદર્શનમાં સમવતાર કરવા દ્વારા તેઓશ્રીએ પોતાની વિશિષ્ટ ગીતાર્થતાનો પરિચય કરાવ્યો છે.

દાર્શનિક ગ્રંથોનું સર્જન કરીને પ્રત્યેક દર્શનના સિદ્ધાંતોની ઊંડાણ પૂર્વક રજુઆત કરી, સ્યાદ્‌વાદ શૈલીથી એ માન્યતાનો સાપેક્ષભાવે સ્વીકાર કઈ રીતે થઈ શકે અને એકાંત રૂપ હોવાના કારણે તે તે સિદ્ધાંતો કેટલા ખોટા, અધૂરા અને દુષિત છે, એ અંગે ઘણી જ વિશદતાપૂર્વક તર્કબદ્ધ રજુઆત કરીને જૈન દર્શનના સિદ્ધાંતોની સર્વોપરિતા સિદ્ધ કરી બતાવી છે, જે અદ્યાવધિ અબાધિત રહી છે. એ જોતાં પ્રત્યેક નાનાં મોટાં દરેક પાસાંઓનું કેવું અદ્‌ભૂત તલસ્પર્શી જ્ઞાન તેઓ ધરાવતા હતા તે કોઈ પણ નિષ્પક્ષ વિદ્વાનને જણાયા વિના ન રહે તેવું છે. જૈન દર્શનમાંથી નીકળેલા કુમતો અને એકાંત આગ્રહમાંથી જન્મેલા કુવાદોનું જૈનશાસ્ત્રનાં પ્રમાણો આપીને તેના યથાર્થ અર્થઘટન દ્વારા નિરસન

કર્યું અને સર્વજ્ઞપ્રણીત સ્યાદ્વાદનું સુંદર શૈલીથી પ્રતિપાદન કરીને એવા અભેદ્ય કિલ્લાની રચના કરી, કે જૈન દર્શનમાં ક્યાંય એકાંત કે અનેકાંતાભાસના પ્રવેશને અવકાશ જ ન રહે.

જૈન ન્યાય, પ્રમાણ, નય, નિક્ષેપ, સપ્તભંગી, સપ્તનય, અનેકાંત, પાંચ જ્ઞાન, પંચાસ્તિકાય, ષડદ્રવ્ય, નવતત્વ, વગેરે જૈન દર્શનના દાર્શનિક–તાત્ત્વિક વિષયોનું ન્યાય શૈલીથી વર્ણન કરીને બુદ્ધિજીવી વર્ગની બુદ્ધિને પરિપૂર્ણ સાત્વિક ખોરાક મળે એવી વ્યવસ્થા કરી છે. આ સાહિત્યનો મધ્યસ્થભાવે અભ્યાસ કરનાર કોઈ પણ વિદ્વાન જૈનદર્શનનો ઉપાસક, છેવટે પ્રશંસક તો બન્યા વિના ન જ રહે એવી એની ખૂબી છે. જેની પ્રતીતિ સ્યાદ્વાદકલ્પલતાટીકા, ન્યાયખંડખાદ્ય, અષ્ટ-સહસ્રી, તર્કભાષા, નયપ્રદીપ, નયરહસ્ય, નયોપદેશ, ન્યાયા-લોક, અનેકાંત વ્યવસ્થા, આત્મખ્યાતિ–પ્રમેયમાલા, સ્યાદ્વાદ-રહસ્ય, જ્ઞાનબિંદુ, જ્ઞાનાર્ણવ, પ્રતિમાશતક, વાદમાલા, ઉત્પાદાદિ સિદ્ધિ, તત્વાર્થસૂત્ર [પ્રથમાધ્યાય] ટીકા, વિષયતાવાદ, અધ્યા-ત્મમતપરીક્ષા, આધ્યાત્મિકમતપરીક્ષા, ધર્મપરીક્ષા, દેવધર્મ-પરીક્ષા, આરાધક વિરાધક–ચતુર્ભંગી, કૂપદૃષ્ટાંતવિશદીકરણ, અસ્પૃશદ્ગતિવાદ વગેરે ઉપલબ્ધ ગ્રંથો જોતાં થયા વિના રહેતી નથી.

યોગ અને અધ્યાત્મના વિષયમાં સૂરિ પુરંદરશ્રી હરિ-ભદ્રસૂરિમહારાજના ગ્રંથો, આગમિક ગ્રંથો, અન્ય દર્શનોના યોગ ગ્રંથો, ઉપનિષદો તેમ જ સ્વાનુભૂતિના આધારે તેઓ-શ્રીએ જે રચના કરી છે, તે જોતાં યોગ અને અધ્યાત્મવિષયક

તેઓશ્રીમદ્‌ના તલસ્પર્શી જ્ઞાન અને પરિણતિનો પરિચય થયા વિના રહેતો નથી.

જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, યોગવિંશિકા-ટીકા, પાતંજલયોગદર્શનટીકા, ષોડશકપ્રકરણટીકા, દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાની કેટલીક દ્વાત્રિંશિકાઓ, ઉપદેશરહસ્ય, યોગદૃષ્ટિની સજ્ઝાય તેમ જ આધ્યાત્મિક પદો તેઓશ્રીમદ્‌ની યોગ–અધ્યા-ત્મવિષયકપરિણતજ્ઞાનની પ્રતીતિ કરાવે છે.

જૈનદર્શનના આચારમાર્ગ ક્રિયામાર્ગમાં રહેલી ખૂબી-ઓને પ્રગટ કરીને પ્રત્યેક ક્રિયાઓમાં રહેલ આત્મ વિકાશક શક્તિઓનું યથાર્થ જ્ઞાન કરાવ્યું છે. જૈનદર્શનનો ક્રિયામાર્ગ સર્વજ્ઞકથિત હોઈ, તેમાં કેવી અપૂર્વ, સ્વરૂપ–હેતુ–અનુબંધ શુદ્ધિ છે અને એ જ કારણે એ કેટલો સુબદ્ધ અને તર્કસંગત છે, તે વસ્તુનું સુંદર દર્શન કરાવ્યું છે. આ હકીકત સામાચારી-પ્રકરણ, યોગવિંશિકાટીકા, દ્વાત્રિંશદ્‌દ્વાત્રિંશિકા પૈકીની કેટલીક દ્વાત્રિંશિકાઓ, ષોડશક પ્રકરણ પૈકીનાં કેટલાંક ષોડશકોની ટીકા ઉપદેશરહસ્ય, માર્ગપરિશુદ્ધિ, યતિલક્ષણસમુચ્ચય, નિશાભૂક્તિ પ્રકરણ, પ્રતિમાશતક, કૂપદૃષ્ટાંત વિશદીકરણ, પ્રતિક્રમણ હેતુ-ગર્ભ સજ્ઝાય વગેરે ગ્રંથો જોવાથી સ્પષ્ટ થાય તેવી છે.

કર્મસાહિત્યના વિષયમાં તેઓશ્રીનું જ્ઞાન કેટલું ઊંડું હતું તેની પ્રતીતિ તેઓ શ્રીમદ્દે રચેલ કર્મપયડીની ટીકા તેમજ અન્ય ગ્રંથોમાં પણ કર્મસિદ્ધાંત વિષયક કરેલી પ્રાસંગિક ચર્ચાઓ ઉપર દૃષ્ટિપાત કરવાથી સહજરૂપે થાય તેમ છે.

મમ્મટકૃતકાવ્યપ્રકાશ ઉપર તેઓ શ્રીમદ્દે રચેલી ટીકા, આર્યશ્રીયચરિત્ર, વૈરાગ્યરતિ, વૈરાગ્યકલ્પલત્તા, વિજયોલ્લાસકાવ્ય,

પરમજ્યોતિઃપંચવિંશિકા, પરમાત્મપંચવિંશિકા, ઐન્દ્રસ્તુતિ-ચતુર્વિંશિકા વગેરે ગ્રંથોની રચના દ્વારા તેઓશ્રીએ સાહિત્યના વિષયમાં પણ અગ્રિમતાને પ્રાપ્ત કરી છે.

ગુરુતત્ત્વવિનિશ્ચય, યતિલક્ષણસમુચ્ચય ગ્રંથ દ્વારા તેમજ ધર્મપરીક્ષા, ઉપદેશરહસ્ય, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા વગેરે ગ્રંથો દ્વારા ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની શુદ્ધિ ઉપર સુંદર પ્રકાશ પાથર્યો છે.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિમહારાજના પંચવસ્તુ, ઉપદેશ-પદ, યોગદૃષ્ટિસમુચ્ચય જેવા વિશાળ ગ્રંથના સંક્ષેપરૂપે અનુક્રમે માર્ગપરિશુદ્ધિ, ઉપદેશરહસ્ય યોગવિષયક બત્રીસીઓ જેવા ગ્રંથો બનાવીને સ્વલ્પ કદમાં ઘણું કહી દેવાની શક્તિનો પરિચય કરાવ્યો છે. તે જ રીતે યતિલક્ષણસમુચ્ચય, યોગવિંશિકા-ટીકા, સ્યાદ્વાદરહસ્ય, સ્યાદ્વાદકલ્પલતાટીકા, કૂપદૃષ્ટાંત વિશદી-કરણ, સામાચારીપ્રકરણ વગેરે ગ્રંથો જોતાં સંક્ષેપનો વિસ્તાર કરવાની અદ્ભુત શક્તિનો પણ પરિચય મળે છે.

આ સિવાય પણ નયરહસ્ય, ઉપદેશરહસ્ય વગેરે ગ્રંથોની જેમ રહસ્યપદાંકિત ૧૦૮ ગ્રંથો અને ન્યાયના ૧૦૦ ગ્રંથોની તેઓ શ્રીમદે રચના કર્યાનાં પ્રમાણો જોવા મળે છે.

દ્વાદશારનયચક્રનું સંશોધન કરી તેઓ શ્રીમદે સંશોધન ક્ષેત્રે પણ પોતાનું આગવું યોગદાન કર્યું છે. તે જ રીતે અન્યરચિત ધર્મસંગ્રહ જેવા ગ્રંથને શોધી આપીને તેના ઉપર વિશેષ ટીપ્પણીઓ કરવા દ્વારા સુંદર સંપાદનનું કાર્ય પણ તેઓશ્રીમદે કર્યું છે.

આ રીતે આગમિક, પ્રાકરણિક, દાર્શનિક, સાહિત્યિક,

યૌગિક વગેરે વિવિધ વિષયો ઉપર સંસ્કૃત પ્રાકૃત ભાષામાં ગદ્ય, પદ્ય, શૈલીમાં મૂળ કે ટીકા કે નિબંધરૂપે સંક્ષેપ કે વિસ્તારશૈલીથી વિદ્વદ્ભોગ્ય અનેક ગ્રંથોની રચના કરી જે રીતે તેઓશ્રીમદે વિદ્વજ્જનોની ઉપર ઉપકાર કર્યો છે તે રીતે સંસ્કૃત, પ્રાકૃત ભાષાથી અપરિચિત એવા તત્ત્વજિજ્ઞાસુ અલ્પજ્ઞજનો ઉપર ઉપકાર કરવામાં તેઓ શ્રીમદે જરાય ખામી રાખી નથી. જે વસ્તુની પ્રતીતિ તેઓશ્રીમદ્નું ગુજરાતી સાહિત્ય જોવાથી થયા વિના રહેતી નથી.

દ્રવ્યગુણપર્યાયના રાસની રચના દ્વારા તેઓ શ્રીમદે ગૂર્જર-ભાષામાં દાર્શનિક પદાર્થોની છણાવટ કરીને ગુજરાતી ભાષાના ગૌરવને ખૂબ જ વધારી દીધું છે. રચના એવી અદ્ભુત બની કે વિદ્વાનોને એનો સંસ્કૃતમાં અનુવાદ કરવાની જરૂર લાગી. દ્રવ્યાનુયોગતર્કણા એ દ્રવ્યગુણપર્યાયના રાસની મહત્તાને સ્થાપિત કરતો સંસ્કૃત ગ્રંથ છે.

યોગદૃષ્ટિની સજ્ઝાય, સમતાશતક, સમાધિશતક તેમજ આધ્યાત્મિક પદોની રચના દ્વારા ગુજરાતી જગતને યૌગિક-આધ્યાત્મિક સાહિત્ય ભેટ આપીને મહાન ઉપકાર કર્યો છે. જંબૂસ્વામીનો રાસ સમુદ્ર-વહાણ સંવાદ જેવી કૃતિઓ રચીને તેમજ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરના અપૂર્ણ રહેલા રાસને પૂર્ણ કરીને ગુજરાતી ભાષાને પરમ આસ્વાદ્ય બનાવી છે.

પ્રતિમાશતક, જ્ઞાનબિંદુ વગેરે ગ્રંથોની ટીકામાં કોઈ એક શ્લોકની ટીકામાં આખાને આખા અન્ય ગ્રંથનું ઉદ્ધરણ કરી એની સંક્ષિપ્ત ટીકા પણ ત્યાં રચી દેવાની તથા સ્યાદ્વાદ-કલ્પલતા, ઉપદેશરહસ્ય, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા વગેરે ગ્રંથોની

ટીકામાં અન્ય ગ્રંથોના શ્લોકો સૂત્રોને સાક્ષીરૂપે ટાંકી પ્રાસંગિક ટીકા રચવાની શૈલી જોતાં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિમહારાજે આવશ્યક નિર્યુક્તિની ટીકામાં કાયોત્સર્ગ અધ્યયનમાં કરેલ ધ્યાન-શતકના સમાવેશની તથા પંચવસ્તુમાં કરેલ સ્તવપરીજ્ઞા અધ્યયનના સમાવેશની યાદી આપી જાય છે. આ રીતે જોતાં તેઓ શ્રીમદે ઘણા ઘણા વિષયોમાં ઘણી ઘણી રીતે પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિમહારાજાનું અનુસરણ કરીને 'લઘુ હરિભદ્ર' ના નામને સાર્થક કર્યું છે.

આવી પરાકાષ્ટાપ્રાપ્ત વિદ્વત્તાને વરેલા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજનું હૃદય કેવું ભગવદ્-ભક્તિથી ભરેલું હતું, તેની પ્રતીતિ તેમણે રચેલાં સ્તવનો કરાવી જાય છે.

આવા તર્કવાદી હોવા સાથે સાથ તેઓ પરમ શ્રદ્ધામાંથી પ્રગટેલ ભક્તિથી વિભોર હોય તે સ્થિતિનું દર્શન જ શ્રદ્ધાના સિંચનથી હૃદયને ખૂબ જ ભીનું ભીનું બનાવે તેવું છે.

જગતના બુદ્ધિમાનોને હંફાવનારો ધુરંધર બુદ્ધિમાન બાળક જેવો બનીને ભગવાન પાસે કાકલુદી કરતો હોય.

કાલી કાલી ભાષામાં પોતાના ભક્તિભાવને રજુ કરીને ભગવાનના ચરણોમાં બાળભાવે નમતો હોય અને પોતાની આરજૂ વ્યક્ત કરતો હોય.

એક પ્રિયતમા પોતાના પ્રીતમને મનાવવા જેમ નવી નવી રીત અજમાવે અને વિવિધ રીતે પોતાની વીતકકથા, વિરહની લાગણી દર્શાવી પ્રીતમને રીઝવવા યત્ન કરે એવી રીતે પરમાત્મતત્વ સ્વરૂપ પ્રીતમ સમક્ષ પ્રિયતમાના સ્વરૂપે વિનવતો હોય.

સમર્થ વાદીઓને ય ધ્રુજાવી દેનાર, ભયગ્રસ્ત નજરે પ્રભુ સમક્ષ રોતો હોય અને પ્રભુ મળ્યાથી નિર્ભયતાને અનુભવતો હોય, તો કોકવાર અધ્યાત્માનુભૂતિની મસ્તીથી મસ્ત બનીને પરમાનંદ લૂંટતો હોય. આ દૃશ્ય જ કેવું અદ્‌ભુત હોય ? આ બધા જ ભાવો ગૂર્જર ભાષામાં રજૂ કરી જે સ્તવનોની રચના કરી છે, તે રચનાઓ ભક્ત હૃદયને સાધનાકાળમાં ઉદ્‌ભવતા વિવિધ ભાવો રજૂ કરવામાં સબળ સધિયારો પૂરો પાડે છે.

વીસી, ચોવીસી, સ્તવન, સજ્ઝાય, આધ્યાત્મિક પદો, ભાસ, હરિયાળી, સંવાદ, શતક, ગીતા, અષ્ટપદી, રાસ, ફાગ, ચોપાઈ વગેરે ગુજરાતી રચનાઓ દ્વારા, પ્રભુ-સ્તવનાથી પ્રારંભીને જૈન દર્શનના પ્રત્યેક પદાર્થોનું નિરૂપણ કરીને સંસ્કૃત-પ્રાકૃતના અનભિજ્ઞ તત્વજિજ્ઞાસુ વર્ગ ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ રચનાઓમાં પ્રીતિ, ભક્તિ, વચન, અસંગ અનુષ્ઠાનોના ભાવો સુંદર રીતે નિરૂપાયા છે.

ભગવાનના ગુણો, પોતાના અવગુણો, આત્મનિંદા, ભગવદ્-સમર્પણ, આત્માનુભૂતિ, આધ્યાત્મભાવની ખુમારી, ભગવાનનું સ્વરૂપ, અંતિમ ભવો કલ્યાણકાદિનાં સ્થળો, માતા, પિતા, લંછન, શાસન યક્ષ-યક્ષિણી વગેરેની માહિતી, આધ્યાત્મિક ભાવો, જ્ઞાનનય, ક્રિયાનય, નિશ્ચયનય, વ્યવહારનય, ઉત્સર્ગ, અપવાદ, સૈદ્ધાંતિક ચર્ચા, અઢાર પાપસ્થાનકનું સ્વરૂપ, એના વિપાકો સમ્યગ્દર્શનના ૬૭ બોલનું સ્વરૂપ, આઠ દૃષ્ટિનું સ્વરૂપ, ૧૫૦ કલ્યાણકો, અગ્યાર ગણધરો, પ્રતિક્રમણની વિધિનો સૂત્રક્રમ વગેરેનાં કારણો સ્થાનકવાસી, દિગંબર વગેરે

સાથેના તાત્વિક મતભેદો એમના મિથ્યા-સિદ્ધાંતોની સમાલોચના, ઉન્માર્ગ પ્રવર્તકોની કઠોર આલોચના, સુગુરુ-કુગુરુનું સ્વરૂપ, સમતા-સમાધિભાવમાં સ્થિર રહેવા માટેની સામગ્રી, અંતિમ સમાધિ માટેની સાધના, પાંચપરમેષ્ઠિનું સ્વરૂપ, સમ્યક્ત્વના છ સ્થાનો, સંયમ શ્રેણી વગેરે વિષયોના નિરૂપણ દ્વારા ગુજરાતી સાહિત્યને ખૂબ જ સમૃદ્ધ બનાવી એની ગરિમાને ગરિષ્ઠ બનાવી છે.

આવા સમૃદ્ધ ગૂર્જર સાહિત્યને ખૂબ જ પરિશ્રમપૂર્વક સંગ્રહિત કરી તેને વર્ષો પૂર્વે 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા. ૧-૨'માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

આ રીતે વિવિધ પ્રકારે તેઓ શ્રીમદ્દે શ્રી જૈન સંઘ ઉપર કરેલો ઉપકાર વર્ણનાતીત છે, જે ઉપકારોનું સ્મરણ થતાં જ હૈયું ગદ્ગદિત થઈ જાય છે.

તેઓ શ્રીમદ્દના સ્વર્ગવાસને આ વર્ષે ૩૦૦ વર્ષ પરિપૂર્ણ થાય છે. જૈન સંઘ ઉપર આવો મહાન ઉપકાર કરનાર મહર્ષિના સાંગોપાંગ જીવન પ્રસંગોની કે એમના જન્મ સ્વર્ગવાસના દિવસની નોંધ મેળવવા પણ આપણે ભાગ્યશાળી બની શકયા નથી, એ ખેદની વાત છે. આવા સમર્થ સાહિત્યસર્જક મહાપુરૂષે પોતાના જીવન ઉપર પ્રકાશ પાડે એવું કંઈ લખ્યું નથી. એ એમની અંતર્મુખતાની પ્રતીતિ કરાવે છે. અને તે કાળના અન્ય સાહિત્યસર્જકે પણ એની નોંધ ન લીધી એ પણ દર્શાવે છે કે તેઓશ્રીએ કેવા કપરા સંજોગોમાં અને કેવા કેવા લોકોનો વિરોધ વેઠીને માર્ગરક્ષા કરી હશે અને એ માર્ગ-રક્ષાના ફળરૂપે એમને અને એમના રચેલા

સાહિત્યને પણ કેવા કેવા લોકોની અપ્રીતિના ભોગ પણ બનવું પડયું હશે. લગભગ તેઓ શ્રીમદ્‌ના સમકાલીન પૂ. કાંતિ-વિજયજી મહારાજે રચેલ "સુજસવેલી ભાસ" જો આજે ન મળ્યો હોત તો થોડી પણ જે એમના જીવનની માહિતી મળે છે, તે પણ આજે આપણને મળત કે કેમ તે સવાલ છે.

સમગ્ર જૈન સંઘ ઉપર મહાન ઉપકાર કરનાર આ મહર્ષિના ગ્રંથોના અધ્યયન દ્વારા મારા અંગત જીવનમાં પણ જે મહાન ઉપકાર થયો છે, તેને હું શબ્દો દ્વારા વાચા આપી શકું તેમ નથી.

ભલે તેઓ નશ્વર દેહે મને નથી મળ્યા પણ અક્ષર દેહે જરૂર મળ્યા છે.

ભલે તેઓ પ્રત્યક્ષરૂપે મારા ગુરુદેવ નથી પણ પરોક્ષરૂપે તો તે મારા આત્મોદ્ધારક, પથદર્શક ગુરુદેવ છે જ.

ભલે એમના નશ્વરદેહની ઉપાસના હું ન કરી શકયો પણ અક્ષરદેહની ઉપાસનાની યત્કિંચિત જે તક મને મળી છે તે દ્વારા હું મારી જાતને ધન્ય માનું છું. ઉપાસના કેટલી અને કેવી કરી શકયો એ મારી પાત્રતા અને પુરૂષાર્થને આધીન છે. પણ જે મને તક મળી છે, તે મારા ભાગ્યની નિશાની છે. એમ હું જરૂર માનું છું.

માટે જ જ્યારે પરમશાસનપ્રભાવક, અનેકાન્તાભાસતિમિર-તરણિ, સંઘસ્થવિર, સુવિશાલગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ, પરમગુરૂદેવ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયરામચન્દ્રસૂરીશ્વર મહા-રાજાએ મને ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભાગ-૨ ના પુનર્મુદ્રણ

માટે સંપાદનનું કાર્ય કરવા આજ્ઞા કરી અને તેઓ શ્રીમદ્‌ના આજીવન અંતેવાસી પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ **શ્રીમદ્‌ વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજે** મને એ માટે પ્રેરણા કરવા દ્વારા તેઓશ્રીમદ્‌ના અક્ષરદેહની ઉપાસના કરવાની તક આપી, ત્યારે મેં અંતઃકરણપૂર્વક ખૂબ જ ધન્યતા અનુભવી છે.

ગૂર્જર સાહિત્ય સંગ્રહના બીજા ભાગમાં જંબૂસ્વામીનો રાસ, અને દ્રવ્યગુણપર્યાયનો રાસ ટબા સાથે છપાયેલો છે. તેમજ તેઓશ્રીએ પૂર્ણ કરેલ શ્રીપાળ રાસ સિવાયની લગભગ ઉપલબ્ધ થયેલી ગુજરાતી તમામ કૃતિઓ આ પહેલા ભાગમાં સમાવી લીધી છે. પહેલા ભાગની પહેલી આવૃત્તિમાં આપેલ શુદ્ધિવૃદ્ધિપત્રકના આધારે શુદ્ધિવૃદ્ધિ કરવા સિવાય બીજો કોઈ ફેરફાર નવી આવૃત્તિમાં કર્યો નથી. પહેલી આવૃત્તિમાં પેજ ૭૪, ૭૫ ઉપર છપાયેલ સ્તવનની પહેલી અડધી ગાથા બીજી આવૃત્તિ છપાયા બાદ 'શાંતિ સૌરભ' ત્રિશતાબ્દિ વિશેષાંક પેજ ૭૧ ઉપર જોવા મળી, આથી તેનો શુદ્ધિપત્રકમાં ઉમેરો કર્યો છે.

અન્તે ગૂર્જર સાહિત્ય સંગ્રહ ભા. ૧ ના છપાયેલ ફરમાનું શુદ્ધિદર્શન તૈયાર કરી આપવા બદલ પરમ તપસ્વી પૂજ્ય **મુનિરાજ શ્રી નરચન્દ્રવિજયજી** મહારાજ તથા મારા આત્મિક ઉત્થાનની પ્રત્યેક પ્રવૃત્તિમાં વાત્સલ્યભાવે સદાયે આશીર્વાદ આપી મારા ઉત્સાહની અભિવૃદ્ધિ કરનાર મારા ગુરુદેવ આજીવન ગુરુચરણસેવી, વર્ધમાન તપોનિધિ પૂજ્ય **મુનિરાજ શ્રી ગુણયશવિજયજી** મહારાજના ઉપકારોનું આ ક્ષણે સ્મરણ કરી વંદના કરું છું.

પ્રાંતે જિન શાસન રક્ષા સમિતિ લાલબાગ દ્વારા યશોદય પ્રકાશનના ઉપક્રમે પ્રકાશિત થતા ગૂર્જર સાહિત્ય સંગ્રહમાં પ્રકાશિત થયેલ આવા અણમોલ સાહિત્યની ઉપાસના દ્વારા દેવ-તત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વની તાત્ત્વિક ઉપાસના દ્વારા આપણા સૌનો આત્મા પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરનાર બને એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

૨૦૪૩, વૈ. વ. ૧૩, સોમવાર
શ્રીપાલનગર જૈન ઉપાશ્રય,
વાલકેશ્વર, મુંબઈ-૬.

વર્ધમાન તપોનિધિ પૂજ્ય મુનિરાજ
શ્રી ગુણયશવિજયજી
મહારાજનો વિનેય
—મુનિ કીર્તિયશવિજય

ૐ

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય —

શ્રીમદ્ યશોવિજયજી ગણિવર વિરચિત —

ગૂર્જર સાહિત્ય સંગ્રહ-૧

૧—સ્તવન—વિભાગ

ચોવીશી–પહેલી

...o(૦)o...

શ્રી ઋષભદેવ જિન સ્તવન

—(*)—

[મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી]

જગજીવન જગવાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહી આણંદ. લા૦ જ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમીશશિસમ ભાલ; લા૦
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ. લા૦ જ૦ ૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિયસહસ ઉદાર; લા૦
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લા૦ જ૦ ૩

ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લેઈ ઘડીયું અંગ; લા૦
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ. લા૦ જ૦ ૪

ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ; લા૦
વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ. લા૦ જ૦ ૫

શ્રી અજિતનાથ જિન-સ્તવન

—(*)—

[નિંદરડી વેરણ હોઈ રહી—એ દેશી]

અજિતજિણું દરયું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળતરૂં ભૃંગ કે. અ૦ ૧

ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે;
સરોવરજળ જલધર વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે.
અ૦ ૨

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરૂઅર નવિ ગમે, ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે.
અ૦ ૩

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે.
અ૦ ૪

તિમ પ્રભુરયું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રીનયવિજય સુગુરૂતણો, વાચક જશ હો નિત નિત ગુણ ગાય કે.
અ૦ ૫

શ્રી સંભવનાથ જિન-સ્તવન

—(*)—

[મન મધુકર મોહી રહ્યો—એ દેશી]

સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતારે;
બાંહી નહિ મુજ બિજમતે, કદિય હોશ્યો કૃળદાતારે. સં૦ ૧

કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનેરે;
જો મનમાં આણો નહિ, તો શું કહિયે થાનેરે. સં૦ ૨

ખોટ ખજાને કો નહિ, દીજે વંછિત દાનોરે;
કરૂણાનજરે પ્રભુ તણી, વાધે સેવક વાનોરે. સં૦ ૩

કાળલબ્ધિ નહિ મતિ ગણે, ભાવલબ્ધિ તુમ હાથેરે;
લડથડતું પણ ગજ બચ્યું, ગાજે ગજવર સાથેરે. સં૦ ૪

દેશ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે;
વાચક જશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે. સં૦ ૫

શ્રી અભિનંદન જિન-સ્તવન

—(*)—

[સુણ્યો હો પ્રભુ—એ દેશી]

દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ,
મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી;
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ લાગે જેસી શેલડીજી. ૧

જાણું હો પ્રભુ જાણું જન્મ કયથ્થ,
જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હુથ્થ,
આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરૂ ફળ્યોજી. ૨

જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકૂર,
ભાગ્યા હો પ્રભુ મુહ માગ્યા પાસા ઢળ્યાજી;

વૂઠા હો પ્રભુ વૂઠા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩
ભૂખ્યાં હો પ્રભુ ભૂખ્યાં મિલ્યાં ઘૃતપૂર,
તરસ્યાં હો પ્રભુ તરસ્યાં દિવ્યઉદક મળ્યાંજી;
થાક્યાં હો પ્રભુ થાક્યાં મિલ્યાં સુખપાલ
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજ્જન હેજે હળ્યાંજી. ૪
દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ,
સાથી હો પ્રભુ સાથી થલે જળ નૌ મિલીજી;
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલ્લહો મુજ,
દરિશણ હો પ્રભુ દરિશણ લહ્યું આશા ફળીજી. ૫
વાચક હો પ્રભુ વાચક જશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ વિનવે અભિનંદન સુણોજી;
કઈયેં હો પ્રભુ કઈયેં મ દેશ્યો છેહ,
દેજો હો પ્રભુ દેજો સુખ દરિશણ તણોજી. ૬

શ્રી સુમતિનાથ જિન–સ્તવન

—(*)—

[ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર—એ દેશી]

સુમતિનાથ ગુણરયું મીલિજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહિ ભલી રીતિ,
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. સો૦ ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરીતણોજી, મહી માંહિ મહકાય. સો૦ ૨

અંગુલીયેં નવિ મેરૂ ઢંકાયે, છાબડીયેં રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ. સો૦ ૩

હુઓ છિપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સો૦ ૪

ઢાંકી ઈક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર;
વાચક જશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

શ્રી પદ્મપ્રભ જિન-સ્તવન

—(*)—

[સહજ સલુણા હો સાધુજી—એ દેશી]

પદ્મપ્રભ જિન જઈ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી,
કાગળ ને મિસી જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી,
સુગુણ સનેહા રે કદિય ન વિસરે. સુ૦ ૧

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુ૦ ૨

વીતરાગશું રે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારોજી;
મોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી. સુ૦ ૩

સાચીભક્તિ રે ભાવનરસ કહ્યો, રસ હોયેં તિહાં દોય રીઝેજી;
દોડાદોડેરે મિહું રસરીઝથી, મનના મનોરથ સીઝેજી. સુ૦ ૪

પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામજી;
વાચક જશ કહે એહજ આસરે, સુખ લહું ઠામોઠામજી. સુ૦ ૫

શ્રી સુપાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[લાછલદે માત મલ્હાર—એ દેશી]

શ્રી સુપાર્શ્વજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે, ઠકુરાઈ પ્રભુ તુજ પદવીણીજી. ૧
દિવ્યધ્વનિ સુરફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે, ભામંડલ ગાજે દુંદુભિજી. ૨
અતિશય સહજના ચ્યાર, કર્મખપ્યાથી ઈગ્યાર;
આજ હો કીધા રે, એગણીસ સુરગણભાસુરેજી. ૩
વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજે રે, દિવાજે છાજે આઠશુંજી. ૪
સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામી રે, શિવગામી વાચક જશ થૂણ્યોજી. ૫

શ્રી ચંદ્રપ્રભ જિન-સ્તવન

—(*)—

[ધણરાઢોલાની—દેશી રાગ કેદારો]

ચંદ્રપ્રભજિન સાહિબા રે, તુમે હો ચતુરસુજાણ; મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશ્યો ફળ નિવારણ. મ૦
આવો આવોરે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ. મ૦ ૧
ઓછું અધિક પણ કહે રે, આસંગાયત જેહ; મ૦
આપે ફળ જે અણકહ્યાં રે, ગિરુઓ સાહિબ તેહ. મ૦ ૨

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મ૦
જળ દીયે ચાતક ખીજવી રે, મેઘ હુએ તેણે શ્યામ. મ૦ ૩
પિઉ પિઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મ૦
એક લહેરમાં દુઃખ હરે રે, વાધે બમણો નેહ. મ૦ ૪
મોહું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય; મ૦
વાચક જશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. મ૦ ૫

શ્રી સુવિધિનાથ જિન-સ્તવન

—(*)—

[સુણો મેરી સુજની રજની ન જાવેરે—એ દેશી]

લધુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરૂ તુમનેં દિલમાં લાવું રે;
કુણને દીજે એ શાબાશી રે,
કહો શ્રી સુવિધિજિણું દ વિમાશી રે. લ૦ ૧

મુજ મન અણુમાંહિ ભક્તિ છે ઝાઝી રે,
તેહ દરીનો તું છે માજી રે;
યોગી પણ જે વાત ન જાણે રે,
તે અચરિજ કુણથી હુએ ટાણે રે. લ૦ ૨

અથવા થિરમાંહી અથિર ન માવે રે,
મોટો ગજ દરપણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે. લ૦ ૩

ઉર્ધ્વમૂલ તરૂઅર અધ શાખા રે,
છંદપુરાણે એહવી છે ભાખા રે;
અચરિજ વાળે અચરિજ કીધું રે;
ભક્તે સેવક કારજ સીધું રે. ૯૦ ૪
લાડ કરી જે બાળક બોલે રે,
માતપિતા મન અમીયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શીજ રે,
જશ કહે એમ જાણો જગરીશ રે. ૯૦ ૫

શ્રી શીતલનાથ જિન-સ્તવન

—(*)—

[અલિ અલિ કદી આવેગો—એ દેશી]

શ્રીશીતલજિન ભેટીએ, કરી ભક્તે ચોખું ચિત્ત હો;
તેહરયું કહો છાનું કિરયું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. શ્રી૦ ૧
દાયકનામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ બજુઆ તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી૦ ૨
મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજે જગતાત હો;
તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી૦ ૩
અંતરયામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળનાં, રયા વરણવવા અવદાત હો. શ્રી૦ ૪
જાણો તો તાણો કિરયું, સેવા ફળ દીજે દેવ હો;
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. શ્રી૦ ૫

શ્રી શ્રેયાંસનાથ જિન–સ્તવન

—(*)—

[કરમ ન છુટેરે પ્રાણીઆ—એ દેશી]

તુમે બહુમૈત્રી રે સાહિબા, માહરે તો મન એક;
તુમ વિણ બીજો રે નહિ ગમે, એ મુજ મોટી રે ટેક,
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧

મન રાખો તુમે સવિ તણું, પણ કિહાંએક મલી જાઓ;
લલચાઓ લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી૦ ૨

રાગભરે જનમન રહો, પણ ત્રિહુંકાળ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦ ૩

એહવાશું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ અબુઝ છે, નિરવહશો તુમે સાંઈ. શ્રી૦ ૪

નિરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત;
વાચક જશ કહે મુજ મિલ્યો, ભક્તે કામણ તંત. શ્રી૦ ૫

શ્રી વાસુપૂજ્ય જિન–સ્તવન

—(*)—

[મોતીડાની–અથવા સાહિબા મોતિડોરે હમારો—એ દેશી]

સ્વામિ તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય.
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તે ગ્રહી મનઘરમાં ધરશું. સા૦ ૧

મનઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મનવકુંઠ અકુંઠિતભગતેં, યોગી ભાખે અનુભવ યુગતેં. સા૦ ૨
કલેશે વાસિત મન સંસાર, કલેશરહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા.
સા૦ ૩
સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતેં અમ મનમાંહિ પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪
ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીરનીર પરે તુમશું મિલશું, વાચક જશ કહે હેજે હળશું. સા૦ ૫

શ્રી વિમલનાથ જિન-સ્તવન

—(*)—

[નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી]

સેવો ભવિયાં વિમલજિનેસર[૧], દુલ્લહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનું દરિશણ લહેવું, તે આળસમાંહિ ગંગાજી. સે૦ ૧
અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જિમ ભોજન દેતાં, હાથ ન માંડે ઘહેલોજી. સે૦ ૨
ભવ અનંતમાં દરિશણ દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ્મ વિવર ઉઘાડેજી. સે૦ ૩
તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજિજી;
લોયણ ગુરૂ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી. સે૦ ૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલતણે જે હીયડે આવે, તેહ જણાવે ખોલીજી. સે૦ ૫

---

૧. જિનેસર પાઠાં.

શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જશ કહે સાચું જી;
કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણ નાવિ રાચું જી. સે૦ ૬

શ્રી અનંતનાથ જિન–સ્તવન

—(*)—

[સાહેલડીયાં – એ દેશી]

શ્રી અનંતજિનશું કરો સાહેલડિયાં, ચોલ મજીઠનો રંગ રે–
ગુણ વેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો–સા૦, બીજો રંગ પતંગરે. ગુ૦ ૧
ધર્મરંગ જિરણ નહિ–સા૦, દેહ તે જિરણ થાયરે; ગુ૦
સોનું તે વિણસે નહિ–સા૦, ઘાટઘડામણ જાયરે. ગુ૦ ૨
તાંબું જે રસ વેધીયું–સા૦, તે હોએ જાચું હેમરે; ગુ૦
ફરિ તાંબું તે નવિ હોવે૦–સા૦, એહવો જગગુરૂ પ્રેમરે. ગુ૦ ૩
ઉત્તમ ગુણ અનુરાગથી–સા૦, લહિએ ઉત્તમ ઠામરે; ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે–સા૦, દીપે ઉત્તમ ધામરે. ગુ૦ ૪
ઉદકબિંદુ સાયર ભળ્યો–સા૦, જિમ હોય અખય અભંગરે; ગુ૦
વાચક જશ કહે પ્રભુગુણે–સા૦, તિમ મુજ પ્રેમ પ્રસંગરે. ગુ૦ ૫

શ્રી ધર્મનાથ જિન–સ્તવન

—(*)—

[બેડલે ભાર ઘણો છે રાજ વાતો કેમ કરો છો—એ દેશી]

થાંશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશ્યો તો લેખે.
મેં રાગી પ્રભુ થેં છો નિરાગી, અણજુગતે હોએ હાંસી;
એકપખો જે નેહ નિરવહવો, તેમાં કીસી શાબાશી. થાં. ૧

નિરાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમેં નવિ આણું;
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાં. ૨
ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમસ્વભાવે. થાં. ૩
વ્યસન ઉદય જલધિ જે અણુ હરે, શશિને તેજ સંબંધે;
અણુસંબંધે કુમુદઅણુ હરે, શુદ્ધસ્વભાવપ્રબંધે. થાં. ૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;
જશ કહે ધર્મજિણેસર થાશું, દિલ માન્યા હે મેરા. થાં. ૫

શ્રી શાંતિનાથ જિન-સ્તવન

—(*)—

[ધડુલિયેા મૂકયેા સરેાવરિયારી પાળે અથવા
દાતણ મેાડયેા સુગુણી જાઈ તલેાજી-એ દેશી]

ધન દિન વેલા ધન ઘડી તેહ,
અચિરારેા નંદન જિન જદિ ભેટશુંજી;
લહિશું રે સુખ દેખી મુખચંદ,
વિરહવ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી.—૧
જાણ્યેા રે જેણે તુજ ગુણ લેશ,
બીજારે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યેા રે જેણે અમી લવલેશ,
બાકસબુકસ તસ ન રૂચે કિમેજી.—૨
તુજ સમકિતરસસ્વાદનેા જાણુ,
પાપ કુબકતે બહુ દિન સેવીયુંજી;

સેવે જો કર્મને યોગે તોહિ,
વાંછે તે સમકિત અમૃત ધુરિ લિખ્યું જી.—૩
તાહરૂં ધ્યાન તે સમકિતરૂપ,
તેહજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાએ સઘળાં પાપ,
ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પછે જી.—૪
દેખી રે અદ્‌ભુત તાહરૂં રૂપ,
અચરિજ ભવિક અરૂપિપદ વરે જી;
તાહરી ગત તું જાણે દેવ,
સમરણ ભજન તે વાચક જશ કરે જી.....૫

શ્રી કુંથુનાથ જિન–સ્તવન

—(*)—

[સાહેલાં હે—એ દેશી]

સાહેલાંહે કુંથુજિણેસર દેવ, રતન દીપક અતિ દીપતો હો લાલ;
સા૦ મુજ મનમંદિરમાંહે, આવે જો અરિમલ જીપતો હો લાલ. ૧
સા૦ મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જળહળે હો લાલ;
સા૦ ધૂમકષાય ન રેખ, ચરણચિત્રામણ નવિ ચળે હો લાલ. ૨
સા૦ પાત્ર કર્યે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છિપે હો લાલ;
સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ. ૩
સા૦ જેહ ન મરૂતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ;
સા૦ જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪
સા૦ પુદ્‌ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધદશા દહે હો લાલ;
સા૦ શ્રીનયવિજય સુશીશ, વાચક જશ એણિપરે કહે હો લાલ. ૫

શ્રી અરનાથ જિન-સ્તવન

—(*)—

[આસણુરાયેાગી—એ દેશી]

શ્રી અરજિન ભવજલનેા તારૂ, મુજ મન લાગે વારૂરે;
મનમેાહન સ્વામી.

બાંહ્ય ગ્રહિ જે ભવિજન તારે, આણે શિવપુર આરે રે. મ૦ ૧
તપ જપ મેાહ મહા તેાફાને, નાવ ન ચાલે માને રે; મ૦
પણ નવિ ભય મુજ હાથેાહાથે, તારે તે છે સાથે રે. મ૦ ૨
ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇ રે; મ૦
કાયાકષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઇ રે. મ૦ ૩
જે ઉપાય બહુવિધની રચના, યેાગમાયા તે જાણેા રે; મ૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણેા રે. મ૦ ૪
પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે; મ૦
વાચક જશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મ૦ ૫

શ્રી મલ્લિનાથ જિન-સ્તવન

— (*) —

[નાભિરાયકે બાર—એ દેશી]

તુજ મુજ રીઝની[1] રીઝ, અટપટ એહ અરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ[2] પરીરી. ૧
મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હૂયેંરી;
દેાય રીઝણુનેા ઉપાય, સાહમું કાં ન જૂએરી. ૨

૧-રીઝ-પાઠાં. ૨-ભાંજે-પાઠાં.

દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
એક દુહવાએ ગાઢ એક ને ઓલે હસીરી. ૩
લોકલોકોત્તર વાત, રીઝ છે દોઈ જૂઈરી;
તાત ચકે ધુર પૂજ્ય, ચિંતા એહ હૂઈરી. ૪
રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરેરી;
શ્રીનયવિજય સુશિષ્ય, એહીજ ચિત્ત ધરેરી. ૫

શ્રી મુનિસુવ્રત જિન-સ્તવન

—(*)—

[પાંડવ પાંચે વંદતા—એ દેશી]

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવનાં દુખ જાય રે. મા૦
જગતગુરૂ જાગતો સુખકંદ રે, સુખકંદ અમંદ આનંદ. જ૦ ૧
નિશીદિન સૂતાં જાગતાં, હીયડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીયે, તબ ઉપજે આણંદ પૂર રે. જ૦ ૨
પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એકે ન સમાય રે;
ગુણ ગુણ અનુભવી હુઆ, તે તો અક્ષયભાવ કહાય રે. જ૦ ૩
અક્ષયપદ દિએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષરસ્વરગોચર નહિ, એ તો અકલ અમાય અરૂપ રે. જ૦ ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક જશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. જ૦ ૫

શ્રી નમિનાથ જિન-સ્તવન

—(*)—

[ધન ધન સંપત્તિ સાચો રાજા—એ દેશી]

શ્રીનમિજિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂરે નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસેજી. શ્રી૦ ૧
મયમત્તા અંગણ ગજ ગાજે, રાજે તેજીતૂખાર તે ચંગાજી;
બેટા બેટી બાંધવ જોડી, લહીયે બહુ અધિકાર રંગાજી. શ્રી૦ ૨
વલ્લભસંગમ રંગ લહીજે, અણવાહલા હોયે દૂર સહજેજી;
વાંછાતણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરિ સહજેજી. શ્રી૦ ૪
ચંદ્રકિરણ યશ ઉજ્જવલ ઉલ્લસે, સૂર્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુ ભકિત કરે નિત્ય વિનયે, તે અરીયણ બહુ પ્રતાપી
ઝીપેજી. શ્રી૦ ૪
મંગળમાળા લચ્છિવિશાળા, બાળા બહુલે પ્રેમે રંગેજી;
શ્રીનયવિજય વિબુધ પય સેવક, કહે લહિયે પ્રેમસુખ અંગેજી. શ્રી૦ ૫

શ્રી નેમિનાથ જિન-સ્તવન

—(*)—

[આટલા દિન હું જાણતો રેહાં—એ દેશી]

તોરણથી રથ ફેરી ગયા રે હાં, પશુઆં શિર દેઈ દોષ મેરે વાલમા;
નવભવ નેહ નિવારીયો રે હાં, રયો જોઈ આવ્યા જોષ. મે૦ ૧
ચંદ્રકલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ; મે૦
તેહ કુરંગને વયણડે રે હાં, પતી આવે કુણ લોક? મે૦ ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુગતિ ધૂતારી હેત; મે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશ્યું કવણ સંકેત. મે૦ ૩

પ્રીત કરંતાં સોહલી રે હાં, નિરવહતાં જંજાલ; મે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ. મે૦ ૪
જો વિવાહ અવસર દિએા રે હાં, હાથ ઉપર નહિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીયેં રે હાં, શિર ઉપર જગનાથ. મે૦ ૫
ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ; મે૦
વાચક યશ કહે પ્રણમીયેં રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મે૦ ૬

શ્રી પાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ-મલ્હાર]

વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે; કે૦ મુ૦
જિમ સુરમાંહી સોહે સુરપતિ પરવડો રે; કે૦ સુ૦
જિમ ગિરિમાંહી સુરાચલ, મૃગમાંહી કેસરી રે; કે૦ મૃ૦
જિમ ચંદન તરૂમાંહી, સુભટમાંહી મુરઅરી રે. કે૦ સુ૦ ૧
નદીયાંમાંહી જિમ ગંગ, અનંગ સુરૂપમાં રે; કે૦ અ૦
કુલમાંહી અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે; કે૦ ભ૦
ઐરાવણ ગજમાંહી,, ગરૂડ ખગમાં યથા રે; કે૦ ગ૦
તેજવંતમાંહી ભાણ, વખાણમાંહી જિનકથા રે. કે૦ વ૦ ૨
મંત્રમાહી નવકાર, રતનમાંહી સુરમણિ રે; કે૦ ૨૦
[1]સાગરમાંહી સ્વયંભૂરમણ શિરોમણિ રે; કે૦ ૨૦
શુકલધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિરમળપણે રે; કે૦ અ૦
શ્રીનયવિજય વિબુધ પય સેવક ઈમ ભણે રે. કે૦ સે૦ ૩

૧-જિમ નંદન વનમાંહિ કે ગ્રહમાં નિશિમણિ રે. પાઠાં.

શ્રી મહાવીર જિન-સ્તવન

—(*)—

[રાગ-ધનાશ્રી]

ગિરુઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે; મારી નિરમળ થાએ કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિરમળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશિદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લરજળ નવી પેસે રે;
માલતિ ફૂલે મોહિયા, તે આવળ જઈ નવિ બેસે રે. ગિ૦ ૩

ઇમ અમ્હે તુમ્હ ગુણ ગેાઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કિમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરેા, તું આલંબન મુજ પ્યારેા રે;
વાચક જશ કહે માહરે, તું જીવજીવન આધારેા રે. ગિ૦ ૫

ઇતિ ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત
ચેાવીશી પહેલી સમાપ્ત.

ચોવીશી-બીજી

....o(■)o....

શ્રી ઋષભદેવ જિન-સ્તવન

—(*)—

[મેરો પ્રભુનીકા મેરો પ્રભુનીકા - એ દેશી]

ઋષભ જિણુંદા ઋષભ જિણુંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશ્યું પ્રિતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશ્યું [1]રહ્યો રાચી. ઋ૦ ૧
દીઠા દેવ રૂચે ન અનેરા, તુજ પાખલિએ ચિતડું દિયે ફેરા;
સ્વામિશ્યું કામણુલડું કીધું, ચિતડું અમારૂં ચોરી લીધું. ઋ૦ ૨
પ્રેમ બંધાણો તે તો જાણો, નિરવહશ્યો તો હોશે પ્રમાણો;
વાચક જશ વિનવે જિનરાજ, બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ઋ૦ ૩

શ્રી અજિતનાથ જિન-સ્તવન

—(*)—

[કપૂર હોઇ અતિ ઉજળું રે—એ દેશી]

વિજયાનંદન ગુણનીલોજી, જીવન જગદાધાર;
તેહશ્યું મુજ મન ગોઠડીજી, [2]છાજે વારોવાર.
સોભાગી જિન, તુજ ગુણનો નહિ પાર,
તું તો દોલતનો દાતાર. સો૦ ૧
જેહવી કૂચા છાંહડીજી, જેહવું વનનું ફૂલ;
તુજશ્યું જે મન નવિ મિળ્યુંજી, તેહવું તેહનું શૂલ. સો૦ ૨
મારૂં તો મન ધુરથકીજી, હળિઉં તુજ ગુણ સંગ;
વાચક જશ કહે રાખજોજી; દિનદિન ચઢતે રંગ. સો૦૩

૧-રહ્યું માચી, પાઠાં ૨-ગાજે પાઠાં

શ્રી સંભવનાથ જિન-સ્તવન

—(*)—

[લઘુ પણ હું તુમ મન નવિ માવું રે—એ દેશી]

સેનાનંદ સાહિબ સાચો રે, પરિપરિ પરખ્યો હીરો જાચો રે;
પ્રીતમુદ્રિકા તેહશ્યું જોડી રે, જાણું મેં લહી કંચનકોડી રે. ૧
જેણે ચતુરશ્યું ગોઠિ ન બાંધિ રે, તિણે તો [1]જાણું ફોકટ વાધા રે;
સુગુણ મેલાવે જેહ ઉચ્છાહો રે, માણુઅ જનમનો તેહજ લાહો રે. ૨
સુગુણશિરોમણિ સંભવસ્વામી રે, નેહ નિવાહો ધુરંધર સ્વામી રે;
વાચક જશ કહે મુજ દિન વળિયો રે, મનહ મનોરથ સઘળો
ફળિયો રે. ૩

શ્રી અભિનંદન જિન-સ્તવન

—(*)—

[ગોડી ગાજે રે—એ દેશી]

સેવો સેવો રે અભિનંદન દેવ, જેહની સારે રે સુર કિન્નર સેવ;
એહવો સાહિબ સેવે તેહ હજૂર, જેહનાં પ્રગટે રે કીધાં પુન્ય—
પંડૂર. સે૦ ૧
જેહ સુગુણ સનેહી સાહિબ હોજ, દગલીલાથી લહીયે સુખસેજ;
તૃણ સરખું લાગે સઘળે સાચ, તે આગળ આવ્યું ધરણી રાજ.
સે૦ ૨
અલવે મેં પામ્યો તેહવો નાથ, તેહથી હું નિશ્ચય હુઓ રે સનાથ;
વાચક જશ કહે પામી રંગ રેલ, માનું ફળિય આંગણડે
સુરતરૂ વેલ, સે૦ ૩

૧—જાણ્યાં ફોગટ કાંધી રે. પાઠાં.

શ્રી સુમતિનાથ જિન–સ્તવન

—(*)—

ઘૂઘરીઆળો ઘાટ—એ દેશી]

સુમતિનાથ દાતાર, કીજે ઓળગ તુમ તણી રે
દીજે શિવસુખ સાર, જાણી ઓળગ જગધણી રે. ૧

અખય ખજાનો તુજ, દેતાં ખોડી લાગે નહી રે;
કિસિ વિમાસણ ગુજ્જ, જાચક થાકે ઉભા રહી રે. ૨

સ્યણ કોડ તેં કીધ, ઊરણ વિશ્વ તદા કીએા રે;
વાચક જશ સુપ્રસિદ્ધ, માગે તીન રતન દીએારે. ૩

શ્રી પદ્મપ્રભ જિન–સ્તવન

—(*)—

[આજ અધિક ભાવે કરી—એ દેશી]

પદ્મપ્રભજિન સાંભળો, કરે સેવક એ અરદાસ હો;
પાંતિ એસારીએા જો તુમ્હે, તો સફલ કરજો આશ હો. ૫૦ ૧

જિનશાસન પાંતિ તેં ઠવી, મુજ આપ્યો સમકિત થાળ હો;
હવે ભાણા ખડખડ કુણ ખમે, શિવમોદક પ્રિસો રસાળ હો. ૫૦ ૨

ગજગ્રાસન ગલિત સીથેં કરી, જીવે કીડીના વંશ હો;
વાચક જશ કહે ઇમ ચિત્ત ધરી, દીજે નિજ સુખ એક
અંશ હો. ૫૦ ૩

શ્રી સુપાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[એ ગુરુ વાલ્હેારે—એ દેશી]

શ્રીસુપાસજિનરાજનો રે, મુખ દીઠે સુખ હોઈ રે;
માનું સકળ પદ મેં લહ્યાં રે; જો તું નેહનજર ભરી જોઈ;
એ પ્રભુ પ્યારો રે, માહારા ચિત્તનો ઠારણહાર મોહનગારો રે. ૧
સિંચે વિશ્વ સુધારસે રે, ચંદ રહ્યો પણ દૂર રે;
તિમ પ્રભુ કરૂણાદૃષ્ટિથી રે, લહિયે સુખ મહમૂર અ૦ ૨
વાચક જશ કહે તિમ કરો રે; રહિયે જેમ હજૂર રે
પીજે વાણી મીઠડી રે, જેહવો રસસ ખજુર. એ૦ ૩

શ્રી ચંદ્રપ્રભ જિન-સ્તવન

—(*)—

[ભોલાશંભુ – એ દેશી]

મોરાસ્વામી ચંદ્રપ્રભજિનરાય, વિનતડી અવધારેયે જીરેજી;
મોરાસ્વામી તુમ્હે છો દીનદયાલ; ભવજલથી મુજ તારીયે. જી૦ ૧
મોરાસ્વામી હું આવ્યો તુજ પાસ, તારક જાણી ગહગહી જી૦
મોરાસ્વામી જોતાં જગમાં દીઠ, તારક કો બીજો નહી જી૦ ૨
મોરાસ્વામી અરજ કરંતાં આજ, લાજ વધે કહો કેણિ પરે જી૦
મોરાસ્વામી જશ કહે ગોપયતુલ્ય, ભવજળ થેં કરૂણા ધરે જી૦ ૩

શ્રી સુવિધિનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ-મલ્હાર]

જિમ પ્રીતિ ચંદચકોરને, જિમ મોરને મન મેહ રે
અમ્હને તે તુમ્હશું ઉલ્લશે, તિમ નાહ નવલો નેહ;

સુવિધિજિણેસરૂ, સાંભળો ચતુરસુજાણ; અતિ અલવેસરૂ. સુ૦ ૧
અણદીઠે અલજો ઘણો, દીઠે તે તૃપતિ ન હોઈ રે;
મન તોહિ સુખ માની લિયેં, વાહલા તાણું મુખ જોઈ. સુ૦ ૨
જિમ વિરહ કઇયેં નવિ હુયેં, કીજિયેં તેહવો સંચરે;
કરજોડી વાચક જશ કહે, ભાંજે તે ભેદ પ્રપંચ. સુ૦ ૩

શ્રી શીતલનાથ જિન-સ્તવન

—(*)—

[ભોલીડા રે હંસા–એ દેશી]

શીતલજિન તુજ મુજ વિચે આંતરૂં. નિશ્ચયથી નવિ કોય;
દંસણ નાણ ચરણ ગુણ જીવને, સહુને પૂરણ હોય;
અંતરયામી રે સ્વામી સાંભળો. અં૦ ૧
પણ મુજ માયા રે ભેદી ભોળવે, બાહ્ય દેખાડી રે વેષ;
હિયડે જૂઠી રે મુખ અતિ મીઠડી, જેહવી ધૂરત વેષ. અં૦ ૨
એહને સ્વામિ રે, મુજથી વેગળી, કીજે દીનદયાળ;
વાચક જશ કહે જિમ તુમ્હશ્યું મિલી, લહિયેં સુખ
સુવિશાળ. અં૦ ૩

શ્રી શ્રેયાંસનાથ જિન-સ્તવન

—(*)—

[મુખને મરકલડે–એ દેશી.]

શ્રેયાંસજિણેસર દાતાજી, સાહિબ સાંભળો;
તુમ્હે જગમાં અતિ વિખ્યાતાજી, સાહિબ સાંભળો;

માગ્યું દેતાં તે કિશું વિમાસોજી, સાહિબ સાંભળો;
મુજ મનમાં એહ તમાસોજી, સાહિબ સાંભળો. ૧

તુમ્હ દેતાં સવિ દેવાયેજી, સાહિબ સાંભળો;
તો અરજ કર્યે શું થાયેજી, સાહિબ સાંભળો,
યશ પૂરણ [1]કેતે લહિજેજી, સાહિબ સાંભળો;
જો અરજ કરીને દીજેજી, સાહિબ સાંભળો; ૨

જો અધિકું ઘો તો દેજોજી, સાહિબ સાંભળો;
સેવક કરી ચિત્ત ધરજ્યોજી, સાહિબ સાંભળો;
જશ કહે તુમ્હ પદ સેવાજી, સાહિબ સાંભળો;
તે મુજ સુરતરૂફળ મેવાજી, સાહિબ સાંભળો. ૩

શ્રી વાસુપૂજ્ય જિન-સ્તવન

—(*)—

[વિષય ન ગ જીયે—એ દેશી.]

વાસુપૂજ્યજિન વાલહા રે, સંભારો નિજ દાસ;
સાહિબશું હઠ નવિ હોયે રે, પણ કીજે અરદાસ રે.
ચતુર વિચારીયે. ૧

સાસ પહિલાં સાંભરે રે, મુખ દીઠે સુખ હોય;
વિસાર્યા નવિ વિસરે રે, તેહશું હઠ કિમ હોય રે. ચ૦ ૨

આમણ દુમણ નવિ ટળે રે, ખણ વિણ પૂરે રે આશ;
સેવક જશ કહે દીજીયે રે, નિજ પદકમળનો વાસ રે. ચ૦ ૩

---

૧. કિમ-પાઠો.

શ્રી વિમલનાથ જિન–સ્તવન

—(*)—

[લલનાની ઢાળ]

વિમલનાથ મુજ મન વસે, જિમ સીતા મન રામ લલના;
પિક વ છે સહકારને, પંથી મન જિમ ધામ. લ૦વિ૦૧
કુંજર ચિત્ત રેવા વસે, કમળા મન ગોવીંદ; લ૦
ગૌરી મન શંકર વસે, કુમુદિની મન જિમ ચંદ. લ૦વિ૦૨
અલિ મન વિકસિત માલતી, કમલિની ચિત્ત દિણુંદ; લ૦
વાચક જશને વાલહો, તિમ શ્રીવિમલજિણુંદ. લ૦વિ૦૩

શ્રી અનંતનાથ જિન સ્તવન

—(*)—

[ઢાળ–સયદાની]

શ્રીઅનંતજિન સેવિયેરે લાલ, મોહનવલ્લીકંદ મનમોહના;
જે સેવ્યો શિવ સુખ દિયે રે લાલ, ટાળે ભવભય ફંદ. મ૦શ્રી. ૧
મુખમટકે જગમોહિઓ રે લાલ, રૂપરંગ અતિ ચંગ; મ૦
લોચન અતિ અણીયાલડાં રે લાલ, વાણી ગંગતરંગ. મ૦શ્રી.૨
ગુણ સઘળા અંગે વસ્યા રે લાલ, દોષ ગયા સવિ દૂર; મ૦
વાચક જશ કહે સુખ લહું રે લાલ, દેખી પ્રભુ મુખ નૂર. મ૦શ્રી. ૩

શ્રી ધર્મનાથ જિન–સ્તવન

—(*)—

[રાગ–મલ્હાર]

ધરમનાથ તુજ સરિખો, સાહિબ શિર [૧]થકેરે સાહિબ શિર થકે રે;

૧–છતે રે પાઠાં.

ચોર જોર જે ફોરવે, મુજશ્યું ઇકિ મતે રે કે; મુ૦
ગજનીમિલીકા કરવી, તુજને નવિ ઘટે રે કે; તુ૦
[1]જો તુજ સનમુખ જોતાં, અરિનું બળ મિટે રે કે. અ૦ ૧
રવિ ઉગે ગયણાંગણુ, તિમિર તે નવિ રહે રે કે; તિ૦
કામકુંભ ઘર આવે, દારિદ્ર કિમ લહે રે કે; દા૦
વન વિચરે જો સિંહ તો, બીહુ ન ગજ તણી રે કે; બી૦
કર્મ કરે શ્યું જોર, પ્રસન્ન જો જગધણી રે કે પ્ર૦ ૨
સુગુણ નિગુણનો અંતર, પ્રભુ નવિ ચિત્ત ધરે રે કે; પ્ર૦
નિર્ગુણ પણ શરણાગત, જાણી હિત કરે રે કે; જા૦
ચંદ્ર ત્યજે નવિ લંછન, મૃગ અતિ શામળો રે કે; મૃ૦
જશ કહે તિમ તુમ જાણી, મુજ અરિ બળ દળો રે કે, મુ૦ ૩

શ્રી શાંતિનાથ જિન-સ્તવન

—(*)—

[સુણિ પસુઆં વાણી રે-એ ઢાલ]

જગજનમનરંજે રે, મનમથ બળ ભંજેરે;
નવિ રાગ નવિ દ્વેસ, તું અંજે ચિત્તશ્યું રે. ૧
શિર છત્ર વિરાજે રે, દેવદુંદુભિ વાજે રે;
ઠકુરાઈ ઇમ છાજે, તોહિ અકિંચનો રે. ૨
થિરતા ધૃતિ સારી રે, વરી સમતા નારી રે;
બ્રહ્મચારી શિરોમણિ, તો પણ તું કહ્યો રે. ૩
ન ધરે ભવરંગો રે, નવિ દોષાસંગો રે;
મૃગલંછન ચંગો, તોપણ તું સહી રે. ૪

૧-જો મુજ સનમુખ જૂવો તો. પાઠાં.

તુજ ગુણ કુણ આખે રે, જગ કેવળી પાખે રે;
સેવક જશ ભાખે, અચિરાસુત જયો રે. ૫

શ્રી કુંથુનાથ જિન–સ્તવન

—(*)—

[ઢાલ–વિછીયાની]

સુખદાયક સાહિબ સાંભળો, મુજને તુમશ્યું અતિ રંગ રે;
તમે તો નિરાગી હુઈ રહ્યા, એ શ્યો એકંગે ઢંગ રે. સુ૦ ૧
તુમ ચિત્તમાં વસવું મુજ ૧ઘણું, તે તો ઉંબર ફૂલ સમાન રે;
મુજ ચિત્તમાં વસો જો તુમે, તો પામ્યા નવે નિધાન રે. સુ૦ ૨
શ્રીકુંથુનાથ ! અમે નિરવહું, ઇમ એકંગો પણ નેહ રે;
ઇણિ આકીને ફળ પામશું, વળી હોશે દુઃખનો છેહ રે. સુ૦ ૩
આરાધ્યો કામિત પૂરવે, ચિંતામણિ પણ પાષાણ રે;
વાચક જશ કહે મુજ દીજિયે, ઇમ જાણી કોડિકલ્યાણ રે. સુ૦ ૪

શ્રી અરનાથ જિન–સ્તવન

—(*)—

[પ્રથમ ગોવાળતણે–ઢાલ]

અરજિન દરિશન દીજિયેંજી ભવિકકમલવનસૂર;
મન તલસે મળવા ઘણુંજી, તુમે તો જઈ રહ્યા દૂર;
સોભાગી તુમશ્યું મુજ મન નેહ;
તુમશ્યું મુજ મન નેહલોજી, જિમ અપઇયાં મેહ. સો૦ ૧

૧–તાહ્યું પાઠાં.

આવાગમન પથિક તણુંજી, નહિ શિવનગર નિવેશ;
કાગળ કુણ હાથે લિખુંજી, કોણ કહે સંદેશ. સો૦ ૨
જો સેવક સંભારશ્યોજી, અંતરયામી રે આપ;
જશ કહે તો મુજ મનતણોજી, ટળશે સઘળો સંતાપ. સો૦ ૩

શ્રી મલ્લિનાથ જિન-સ્તવન

—(*)—

[ઢાલ-રસિયાની]

મલ્લિજિણેસર મુજને તુમે મળ્યા, જેહમાંહીં સુખકંદ વાલ્હેસર;
તે કળિયુગ અમે ગિરૂઓ લેખવું, નવિ બીજા યુગવૃંદ. વા૦ મ૦ ૧
આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દરિશણ દીઠ; વા૦
મરૂભૂમિ પણ થિતિ સુરતરૂ તણી, મેરૂથકી હુઈ ઈઠ. વા૦ ૨
પંચમઆરે રે તુમ મેલાવડે, રૂડો રાખ્યો રે રંગ; વા૦
ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું, વાચક જશ કહે ચંગ. વા૦ ૩

શ્રી મુનિસુવ્રત જિન-સ્તવન

—(*)—

[વીરમાતા પ્રીતિકારિણી— એ દેશી]

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા;
ભાંગી તે ભાવઠ ભવતણી, દિવસ દુરિતના નીઠા. આ૦ ૧
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમિયના વૂઠા;
આપ માગ્યા તે પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા. આ૦ ૨

નિયતિ હિત દાન સનમુખ હુયે, સ્વપુણ્યોદય સાથે;
જસ કહે સાહિબે મુગતિનું, કરિઉં તિલક નિજ હાથે આ૦ ૩

શ્રી નેમિનાથ જિન-સ્તવન

—(*)—

[ઋષભનો વંશ રયણાયરૂ—એ દેશી]

મુજ મન પંકજ ભમરલો, શ્રીનમિજિન જગદીશો રે;
ધ્યાન કરું નિત તુમ તણું, નામ જપું નિશદીશો રે મુ૦ ૧
ચિત્તથકી કઈયેં ન વિસરે, દેખીયેં આંગલિં ધ્યાને રે;
અંતર તાપથી જણિયેં, દૂર રહ્યાં અનુમાને રે. મુ૦ ૨
તું ગતિ તું મતિ આશરો, તુંહિજ બાંધવ મોટો રે;
વાચક જશ કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટો રે. મુ૦ ૩

શ્રી નેમિનાથ જિન-સ્તવન

—(*)—

[રાજા જોગ મિલે—એ દેશી]

કહા કિયો તુમ્હે કહો મેરે સાંઈ,
ફેરિ ચલેં રથ તોરણ આઈ
દિલ આનિયૈ અરે, મેરા નાહ ન,
ત્યજિય નેહ કછુ જાનીયૈ. દિ૦ ૧
અટપટાઈ ચલે ધરી કછુ રોષ,
પશુઅનકે શિર દે કરિ દોષ દિ૦ ૨
રંગ ભિચ ભયો યાથેં ભંગ,
સો તો જનો સાચો કુરંગ. દિ૦ ૩

પ્રીતિ તનકમિ તોરત આજ,
પિઉ નાવે દિલમેં તુમ લાજ, દિ૦ ૪
તુમ્હે બહુ નાયક જાનો ન પીર,
વિરહ લાગિ જિઉ વૈરીકેા તીર. દિ૦ ૫
હાર ઠાર શિંગાર અંગાર,
અસન વસન ન સુહાઈ લગાર. દિ૦ ૬
તુજ વિન લાગે સુની સેજ,
નહિ તનુ તેજ ન હારહ હેજ. દિ૦ ૭
આએાને મંદિર વિલસેા ભેાગ,
બૂઢાપનમેં લિજે યેાગ. દિ૦ ૮
છેાડુંગી મેં નહિ તેરેા સંગ,
ગઈલિ ચલું જિઉ છાયા અંગ. દિ૦ ૯
ઇમ વિલવતી ગઈ ગઢ ગિરનાર,
દેખે પ્રીતમ રાજુલ નાર. દિ.૦ ૧૦
કંતે દીનું કેવલજ્ઞાન,
કીધી પ્યારી આપ સમાન. દિ૦ ૧૧
મુગતિમહેલમેં ખેલે દેાઈ,
પ્રણુમે જશ ઉલ્લસિત તન હેાઈ. દિ૦ ૧૨

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

—(*)—

[ઢાળ—ફાગની]

ચઉ કષાય પાતલ કલશ જિહાં, તિસના પવન પ્રચંડ;

બહુ વિકલ્પ કલ્લોલ ચઢતુ હે, અરતિ ફેન ઉદ્દંડ,
ભવસાયર ભીષણ તારીઈ હો, અહો મેરે લલના પાસજી;
ત્રિભુવનનાથ દિલમેં, એ વિનતી ધારીયેં હો. ભ૦ ૧

જરત ઉદ્દામ કામવડવાનલ, પરત શીલગિરિશૃંગ;
ફિરત વ્યસન બહુ મગર તિમિંગલ, કરત હે નિમત ઉમગ. ભ૦ ૨

ભમરીયાકે બીચિ ભયંકર, ઉલટી ગુલટી વાચ;
કરત પ્રમાદ પિશાચન સહિત જિહાં, અવિરતિ વ્યંતરી નાચ. ભ૦ ૩

ગરજત અરતિ કુરતિ રતિ, બિજુરી હોત બહુત તોફાન;
લાગત ચોર કુગુરૂ મલબારી, ધરમ જિહાજ નિદાન. ભ૦ ૪

જુરે પાટિયેં જિઉં અતિ જોરિ, સહસ અઢાર શીલંગ;
ધર્મ જિહાજ તિઉં સજ કરી ચલવો, જશ કહે શિવપુરી ચંગ. ભ૦ ૫

શ્રી મહાવીર જિન–સ્તવન

—(*)—

[સમકિત દ્વારગભારે પેસતાંજી—એ દેશી]

દુઃખટળિયાં મુખદીઠે મુજ સુખ ઉપન્યાં રે,
ભેટ્યા ભેટ્યા વીરજિણંદ રે;

હવે મુજ મનમંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાનંદ રે. દુ૦ ૧

પીઠબંધ ઇહાં કીધો સમકિતવજ્રનો રે,
કાઢ્યો કાઢ્યો કચરો તે ભ્રાંતિ રે;
ઇહાં અતિ ઉંચા સોહે ચારિત્ર ચંદુઆ રે,
રૂડી રૂડી સંવર ભીત્તિ રે. દુ૦ ૨

કર્મવિવર ગોખે ઇહાં મોતી ઝૂમણાં રે,
ઝૂલઈ ઝૂલઈ ધીગુણ આઠ રે;
બારભાવના પંચાલી અચરજ કરે રે,
કોરી કોરી કોરણી કાઠ રે. દુ૦ ૩

ઇહાં આવી સમતારાણીશ્યું પ્રભુ રમ્યો રે,
સારી સારી થિરતા સેજ રે;
કિમ જઈ શકશ્યો એક વાર જો આવશો રે;
રંજ્યા રંજ્યા હિયડાની હોજ રે. દુ૦ ૪

વયણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવિયા રે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવનભાણ રે;
શ્રીનયવિજય વિબુધ પય સેવક ઇમ ભણે રે,
તેણિ પામ્યા કોડિ કલ્યાણ રે. ધુ૦ ૫

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત
ચોવીશી — બીજી સમાપ્ત.

ચૌદ બોલની ચોવીશી–ત્રીજી

શ્રી ઋષભદેવ જિન–સ્તવન

—(*)—

[આજ સખી સંખેસરા—એ દેશી]

ઋષભદેવ નિતુ વંદિયે, શિવસુખનો દાતા;
નાભિનૃપતિ જેહુનો પિતા મરૂદેવી માતા;
નયરી વિનીતા ઉપનો, વૃષભ લાંછન સોહે.
સોવન્નવન્ન સુહામણો, દીઠડે મન મોહે; હાં રે દીઠડે૦ ૧

ધનુષ પાંચસેં જેહની, કાયાનું માન;
ચ્યારસહસરયું વ્રત લીયે, ગુણરયણનિધાન;
લાખ ચોરાશી પૂર્વનું, આઉખું પાળે;
અમિય સમી દીયે દેશના, જગ પાતિક ટાળે; હાં રે જગ૦ ૨

સહસ ચોરાશી મુનિવરા, પ્રભુનો પરિવાર;
ત્રણ્ય લક્ષ સાધવી કહી, શુભમતિ સુવિચાર;
અષ્ટાપદ ગિરિવર ચઢી, ટાળી સવિ કર્મ;
ચઢી ગુણઠાણે ચઉદમે, પામ્યા શિવશર્મ; હાં રે પામ્યા૦ ૩

ગોમુખ યક્ષ, ચક્રેસરી, પ્રભુ સેવા સારે;
જે પ્રભુની સેવા કરે, તસ વિઘન નિવારે;
પ્રભુ પૂજે પ્રણમે સદા, નવનિધિ તસ હાથે;
દેવ સહસ્ર સેવાપરા, ચાલે તસ સાથે; હાં રે ચાલે૦ ૪

યુગલા ધર્મ નિવારણો, શિવમારગ ભાખે;
ભવજળ પડતા જંતુને, એ સાહિબ રાખે;
શ્રીનયવિજયવિબુધ જયો, તપગચ્છમાં દીવો;
તાસ શિષ્ય ભાવે ભણે, એ પ્રભુ ચિરંજીવો; હાં રે એ પ્રભુ૦ ૫

શ્રી અજિતનાથ જિન-સ્તવન

—(*)—

[કોઈ લો પર્વત ધુંધલોરેલો—એ દેશી]

અજિતજિણુંદ જુહારિયે રે લો, જિતશત્રુ વિજયા જાત રે સુગુણનર;
નયરી અયોધ્યા ઉપનો રે લો, ગજલંછન વિખ્યાત રે સુગુ૦ અ૦ ૧
ઉંચપણું પ્રભુજી તણું રે લો, ધનુષ સાઢાસયચ્યાર રે સુ૦
એક સહસસરયું વ્રત લિયે રે લો, કરૂણારસ ભંડાર રે સુ૦ અ૦ ૨
બોંહોતેર લાખ પૂરવધરે રે લો, આઉખું સોવન્નવાન રે સુ૦
લાખ એક પ્રભુજી તણા રે લો, મુનિ પરિવારનું માન રે સુ૦ અ૦ ૩
લાખ ત્રણય ભલી સંયતી રે લો, ઉપર [1]ત્રીશ હજાર રે સુ૦
સમેતશિખર શિવપદ લહી રે લો, પામ્યા ભવનો પાર રે સુ૦ અ૦ ૪
અજિતબલા શાસનસુરી રે લો, મહાયક્ષ કરે સેવ રે સુ૦
કવિ જશવિજય કહે સદા રે લો, ધ્યાઉં એ જિનદેવ રે સુ૦ અ૦ ૫

શ્રી સંભવનાથ જિન-સ્તવન

—(*)—

[મહાવિદેહ ખેત્ર સોહામણું એ દેશી]

માતા સેના જેહની, તાત જીતારી ઉદાર લાલ રે;
હેમ વરણ હય લંછનો, સાવથ્થિશિણુગાર લાલ રે.
સંભવ ભવ ભય ભંજણો. ૧

૧–ત્રણ્ણિ પાઠાં.

સહસ પુરૂષશું વ્રત લિયે, ચ્યારસે ધનુષ તનુમાન લાલ રે;
સાઠ લાખ પૂરવ ધરે, આઉખું સુગુણનિધાન લાલ રે. સં૦ ૨
દોય લાખ મુનિવર ભલા, પ્રભુજીનો પરિવાર લાલ રે;
ત્રણ લાખ વર સંયતી, ઉપર છત્રીશ હજાર લાલ રે. સં૦ ૩
સમેતશિખર શિવપદ લહ્યું, તિહાં કરે મહોચ્છવ દેવ લાલ રે;
દુરિતારી શાસનસુરી, ત્રિમુખ યક્ષ કરે સેવ લાલ રે. સં૦ ૪
તું માતા તું મુજ પિતા, તું બંધવ ત્રિહું કાળ લાલ રે;
શ્રીનયવિજય વિબુધ તણો, શીશ કહે દુઃખ ટાળ લાલ રે સં૦ ૫

શ્રી અભિનંદન જિન–સ્તવન

—(*)—

[હવે અવસર પામી અથવા શારદ બુદ્ધિદાઈ—એ દેશી]

અભિનંદન ચંદન શીતલ વચનવિલાસ,
સંવર સિદ્ધારથા નંદન ગુણમણિ વાસ;
ત્રણસેં ધનુ પ્રભુ તનુ ઉપર અધિક પચાસ,
એક સહસરયું દીક્ષા લિયે છાંડી ભવપાસ. ૧
કંચનવાન સોહે વાનર લંછન સ્વામી,
પચાસ લાખ પૂરવ આયુ ધરે શિવગામી;
વર નયરી અયોધ્યા પ્રભુજીનો અવતાર,
સમેતશિખરગિરિ પામ્યા ભવનો પાર. ૨
ત્રણ લાખ મુનીશ્વર તપ જપ સંયમ સાર,
ષટ્ લક્ષ [1]છત્રીશ સાધવીનો પરિવાર;
શાસનસુર ઈશ્વર સંઘના વિઘન નિવારે,
કાળી દુઃખ ટાળી પ્રભુ સેવકને તારે. ૩

૧–સહસ ત્રીસ પાઠાં.

તું ભવ ભય ભંજન જન મન રંજન રૂપ,
મનમથમદગંજન અંજન રહિત સરૂપ;
તું ભુવન વિરોચન ગત શોચન જગદીસ,
તુજ લોચન લીલા લહિએ સુખ નિત દીસ. ૪
તું દોલતદાયક જગનાયક જગબંધુ,
જિનવાણી સાચી તે તરિયા ભવસિંધુ;
તું મુનીમનપંકજ ભમર અમર નર રાય,
ઉભા તુજ સેવે બુધજન તુજ જશ ગાય. ૫

શ્રી સુમતિનાથ જિન-સ્તવન

—(*)—

[ભોલુડારે હંસા—એ દેશી]

નયરી અયોધ્યા રે માતા મંગલા, મેઘ પિતા જસ ધીર;
લંછન કૌંચ કરે પદ સેવના, સોવન વાન શરીર. મુ૦૧
મુજ મન મોહ્યું રે સુમતિ જિણેસરે, ન રૂચે કો પર દેવ;
ખિણ ખિણ સમરૂં રે ગુણ પ્રભુજી તણા, એ મુજ લાગી રે ટેવ. મુ૦૨
ત્રિણસેં ધનુ તનુ આયુ ધરે પ્રભુ, પૂરવ લાખ ચ્યાલીશ;
એક સહસશ્યું દીક્ષા આદરી, વિચરે શ્રીજગદીશ. મુ૦૩
સમેતશિખરગિરિ શિવપદવી લહી, ત્રણ લાખ વીશ હજાર;
મુનિવર પણ લખ પ્રભુની સંયતી, ત્રીશ સહસ વળી સાર. મુ૦૪
શાસનદેવી મહાકાળી ભલી, સેવે તુંબરૂ યક્ષ;
શ્રીનયવિજય વિબુધ સેવક ભણે, હોજો મુજ તુજ પક્ષ. મુ૦૫

શ્રી પદ્મપ્રભ જિન-સ્તવન

—(*)—

[ઢાળ-ઝાંઝરીઆની]

કૌસંબી નયરી ભલીજી, ધર રાજા જસ તાત;
માતા સુસમા જેહનીજી, લંછન કમળ વિખ્યાત.
પદ્મપ્રભશ્યું લાગ્યો મુજ મન રંગ. ૫૦ ૧

ત્રીશ લખ પૂરવ ધરેજી, આઉખું નવ રવિ વન્ન;
ધનુષ અઢીસેં ઉંચતાજી, મોહે જગજન મન્ન. ૫૦ ૨

એક સહસશ્યું વ્રત લિયેજી, સમેતશિખર શિવ ઠામ;
ત્રણ્ય લાખ ત્રીસ સહસ ભલાજી, પ્રભુના મુનિ ગુણધામ. ૫૦ ૩

શીળધારિણી સંયતીજી, ત્યાર લાખ વીશ હજાર;
કુસુમ યક્ષ શ્યામા સુરીજી, પ્રભુ શાસન હિતકાર. ૫૦ ૪

એ પ્રભુ કામિત સુરતરૂજી, ભવજળ તરણ જિહાજ;
કવિ જશવિજય કહે ઈહાંજી, સેવો એ જિનરાજ. ૫૦ ૫

શ્રી સુપાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[નંદુનકું ત્રિસલા હુલરાવે—એ દેશી]

તાત પ્રતિષ્ટ ને પૃથિવી માતા, નયર વાણારસી જાયો રે;
સ્વસ્તિક લંછન કંચન વરણો, પ્રત્યક્ષ સુરતરૂ પાયો રે,
શ્રી સુપાસજિન સેવા કીજે. ૧

એક સહસરયું દીક્ષા લીધી, બે સય ધનુષ પ્રભુ કાયા રે;
વીશ લાખ પૂરવનું જીવિત, સમેતશિખર શિવ પાયા રે. શ્રી૦ ૨

ત્રણ લાખ પ્રભુના મુનિ ગિરૂઆ, ચ્યાર લાખ ત્રીસ હજાર રે;
ગુણમણિમંડિત શીલ અખંડિત, સાધવીનો પરિવાર રે. શ્રી૦ ૩

સુર માતંગ ને દેવી શીતા, પ્રભુ શાસન અધિકારી રે;
એ પ્રભુની જેણે સેવા કીધી, તેણે નિજ દુરગતિ વારી રે. શ્રી૦ ૪

મંગળ કમળા મંદિર સુંદર, મોહનવલ્લીકંદો રે;
શ્રીનયવિજય વિબુધ પય સેવક, કહે એ પ્રભુ ચિરનંદો રે. શ્રી૦ ૫

શ્રી ચંદ્રપ્રભ જિન-સ્તવન

—(*)—

[વાદલ દહદિશી ઉમલ્યો સખિ—એ દેશી]

શ્રીચંદ્રપ્રભ જિનરાજીઓ, મુખ સોહે પુનિમચંદ;
લંછન જસ દીપે ચંદ્રનું, જગજનનયનાનંદ રે;
પ્રભુ ટાળે ભવભવ ફંદ રે, કેવલકમળાઅરવિંદ રે;
એ સાહિબ મેરે મન વસ્યો. ૧

મહસેન પિતા માતા લક્ષ્મણા, પ્રભુ ચંદ્રપુરી શિણગાર;
દોઢસેં ધનુ તનુ ઉચ્ચતા, શુચિ વરણે શશી અનુકાર રે;
ઉતારે ભવજળ પાર રે, કરે જનને બહુ ઉપગાર રે;
દુઃખદાવાનળ જળધાર રે. એ૦ ૨

દશ લાખ પૂરવ આઉખું, વ્રત એક સહસ પરિવાર;
સમેતશિખર શિવપદ લહ્યું, ધ્યાયી શુભ ધ્યાન ઉદાર રે;

ટાળી પાતિક વિસ્તાર રે, હુઆ જગજન આધાર રે;
મુનિજન મન પિક સહકાર રે એ૦ ૩

મુનિ લાખ અઢી પ્રભુજીતણા, તપ સંયમ ગુણહ નિધાન;
ત્રિણ લાખ વર સાહુણી વળી, અસીય સહસનું માન રે;
કરે કવિઅણ જસ ગુણગાંન રે, જિણે જીત્યા ક્રોધ માન રે,
જેણે દીધું વરસીદાન રે, વરસ્યા જળધર અનુમાન રે એ૦ ૪

સુર વિજય નામભૂકુટી સુરી, પ્રભુ શાસન રખવાળ;
કવિ જશવિજય કહે સદા, એ પ્રભુ ત્રિહું કાલ રે;
જસ પદ પ્રણમે ભૂપાલ રે, જસ અષ્ટમી સમ ભાલ રે;
જે ટાળે ભવ જંજાલ રે એ૦ ૫

શ્રી સુવિધિનાથ જિન–સ્તવન

—(*)—

[ભાવના ભાલતી ચૂસીએ—એ દેશી]

સુવિધિજિનરાજ મુજ મન રમો, સવિ ગમો ભવતણો તાપ રે;
પાપ પ્રભુ ધ્યાનથી ઉપશમો, વિશ્રમો ચિત્ત શુભ જાપ રે સુ૦ ૧

રાય સુગ્રીવ રામા સુતો, નયરી કાકંદી અવતાર રે;
મચ્છ લંછન ધરે આઉખું, લાખ દોય પૂર્વ નિરધાર રે. સુ૦ ૨

એક શત ધનુષ તનુ ઉચ્ચતા, વ્રત લિએ સહસ્સ પરિવાર રે;
સમેતશિખર શિવપદ લહે, સ્ફટીક સમ કાંતિ વિસ્તાર રે. સુ૦ ૩

લાખ દોય સાધુ પ્રભુજી તણા, લાખ એક સહસ વળી વીશરે;
સાહુણી ચરણગુણધારિણી, એહ પરિવાર જગદીશ રે. સુ૦ ૪

અજિત સુર વર સુતારા સુરી, નિત કરે પ્રભુ તણી સેવ રે;
શ્રીનયવિજય બુધ શિષ્યને, શરણ એ સ્વામી નિત મેવ રે. સુ૦૫

શ્રી શીતળનાથ જિન સ્તવન

—(*)—

[કપૂર હોઇ અતિ ઉજળુ રે—એ દેશી]

શીતલજિન ભદ્દિલપુરી રે, દૃઢરથ નંદા જાત;
નેણું ધનુષ તનુ ઉચ્ચતાજી, સોવન વાન વિખ્યાત રે;
જિનજી, તુજશું મુજ મન નેહ;
જિમ ચાતકને મેહ રે, જિનજી ! તું છે ગુણમણિગેહ રે જિ૦તુ૦૧
શ્રીવત્સ લંછન સોહતોજી, આયુ પૂરવ લખ એક;
એક સહસશું વ્રત લીયેજી, આણી હૃદય વિવેક રે. જિ૦તુ૦૨
સમેતશિખર શુભ ધ્યાનથીજી, પામ્યા પરમાનંદ;
એક લખ ખટ સાહુણીજી, એક લાખ મુનિવૃંદ રે. જિ૦તુ૦૩
સાવધાન બ્રહ્મા સદાજી, શાસન વિધન હરેઈ
દેવી અશોકા પ્રભુતણીજી, અહનિશિ ભગતિ કરેઈ રે. જિ૦તુ૦૪
પરમપુરૂષ પુરૂષોત્તમોજ, તું નરસિંહ નિરીહ;
કવિઅણ તુજ જશ ગાવતાંજી, પવિત્ર કરે નિજ જિહ્વ રે. જિ૦તુ૦૫

શ્રી શ્રેયાંસનાથ જિન-સ્તવન

—(*)—

[નયરી અયોધ્યા જયવતીરે—એ દેશી]

સિંહપુરી નયરી ભલી રે, વિષ્ણુ નૃપતિ જસ તાત
માતા વિષ્ણુ મહાસતી રે, લીજે નામ પ્રભાત રે, જિન ગુણ ગાઇયે ૧

શ્રીશ્રેયાંસ જિનેસરૂં રે, કનક વરણ શુચિ કાય;
લાખ ચોરાશી વરસનું રે, પાળે પ્રભુ નિજ આય રે. જિ૦૨

એક સહસ્રયું વ્રત લીયેં રે, આસિય ધનુષ તનુ માન;
ખડ્ગી લંછન શિવ લહે રે, સમેતશિખર શુભ ધ્યાન રે. જિ૦૩

સહસ ચોરાશી મુનિવરા રે, ત્રણ સહસ લખ એક;
પ્રભુજીની વર સાહુણી રે, અદ્ભુત વિનય વિવેક રે. જિ૦૪

સુરનરેશ્વર માનવી રે, સેવે પય અરવિંદ;
શ્રીનયવિજયસુશીશને રે, એ પ્રભુ સુરતરૂ કંદ રે. જિ૦૫

શ્રી વાસુપૂજ્ય જિન-સ્તવન

—(*)—

[ઋષભનો વંશ રયણાયરૂ—એ દેશી]

શ્રી વાસુપૂજ્ય નરેસરૂ, તાત જયા જસ માતારે;
લંછન મહિષ સોહામણો, વરણે પ્રભુ અતિ રાતા રે;
ગાઈયે જિન ગુણ ગહગહી. ૧

શ્રી વાસુપૂજ્ય જિણેસરૂ, ચંપાપુરી અવતાર રે;
વરસ સત્તરિ લખ આઉખું, સત્તરિ ધનુ તનુ સાર રે. ગા૦૨

ખટ શત સાથે સંયમ લિયે, ચંપાપુરી શિવગામી રે;
સહસ બોહોત્તર પ્રભુ તણા, નમિયેં મુનિ શિરનામી રે. ગા૦૩

તપ જપ સંયમ ગુણ ભરી, સાહુણી લાખ વખાણી રે;
યક્ષ કુમાર સેવા કરે, ચંડા દેવી મેં જાણી રે. ગા૦૪
જન મન કામિત સુરમણિ, ભવદલ મેહ સમાન રે;
કવિ જશવિજય કહે સદા. હૃદયકમળ ધરો ધ્યાન રે, ગા૦૫

શ્રી વિમલનાથ જિન-સ્તવન

—(*)—

[સજનીની અથવા આજે રહો રે જિનિવણો—દેશી]

સજની વિમલજિનેસર પૂજીયે, લેઈ કેસર ઘોળાઘોળ;
સજની ભગતિ ભાવના ભાવિયે, જિમ હો ઘરે રંગ રોળ.
સજની વિમલ જિનેસર પૂજીયે. ૧

સ૦ કંપિલપુર કૃતવર્મનો, નંદન શ્યામા જાત;
સ૦ અંક વરાહ વિરાજતો, જેહના શુચિ અવદાત. સ૦વિ૦૨
સ૦ સાઠ ધનુષ ઉચ્ચતા, વરસ સાઠ લાખ આય;
સ૦ એક સહસશ્યું વ્રત લિયે, કંચનવરણી કાય. સ૦વિ૦૨
સ૦ સમેતશિખર શિવપદ લહ્યું, મુનિ અડસઠ હજાર;
સ૦ એકલાખ પ્રભુ સાહુણી, વળી અડ શત નિરધાર, સ૦વિ૦૪
સ૦ ષણમુખ વિદિતા પ્રભુ તણે, શાસનિ વર અધિકાર;
સ૦ શ્રીનયવિજય વિબુધ તણા, સેવકને જયકાર. સ૦વિ૦૫

શ્રી અનંતનાથ જિન-સ્તવન

—(*)—

[ઇડર આંબા આંબલી રે—એ દેશી]

નયરી અયોધ્યા ઉપનારે, સિંહસેનકુલચંદ;

સિંચાણો લંછન ભલો રે, સુયશા માતાનો નંદ,
ભવિક જન, સેવો દેવ અનંત. ૧
વરષ ત્રીશ લાખ આયખું રે, ઉંચા ધનુષ પચાશ,
કનકવરણ તનુ સોહતો રે, પૂરે જગજન આશ. ભ૦ ૨
એક સહસશ્યું વ્રત ગ્રહી રે, સમેતશિખર નિરવાણ;
છાસઠ સહસશ્યું મુનીશ્વર રે, પ્રભુના શ્રુત ગુણ જાણ. ભ૦ ૩
બાસઠ સહસ સુસાહુણી રે, પ્રભુજીનો પરિવાર;
શાસનદેવી અંકુશી રે, સુર પાતાલ ઉદાર. ભ૦ ૪
જાણે નિજ મન દાસનું રે, તું જિન જગ હિતકાર;
બુધ જશ પ્રેમે વિનવે રે; દીજે મુજ દિદાર. ભ૦ ૫

શ્રી ધર્મનાથ જિન-સ્તવન

—(*)—

[એક દિન પુંડરીક અથવા શ્રી શંખેશ્વર પાસજી રે લાલ-એ દેશી, રાગ-કાફી]

રતનપુરી નયરી હુઓ રે લાલ, લંછન વજ્ર ઉદાર મેરે પ્યારે રે;
ભાનુ નૃપતિ કુળકેસરી રે લાલ, સુવ્રતા માત મલ્હાર;
મેરે પ્યારે રે, ધર્મજિનેસર ધ્યાઈયે રે લાલ. મે૦ધ૦૧
આયુ વરસ દશ લાખનું રે લાલ, ધનુ પણયાલ પ્રસિદ્ધ; મે૦
કંચન વરણ વિરાજતો રે લાલ, સહસ સાથે વ્રત લીધ. મે૦ધ૦૨
સિદ્ધિ કામિની કર ગ્રહે રે લાલ, સમેતશિખર અતિ રંગ; મે૦
સહસ ચોસઠ સોહામણા રે લાલ, પ્રભુના સાધુ અભંગ. મે૦ધ૦૩
બાસઠ સહસ સુસાહુણી રે લાલ, વળી ઉપરિ સત ચ્યાર; મે૦
કંદર્પા શાસનસુરી રે લાલ, કિન્નર [1]સુર સુવિચાર. મે૦ધ૦૪

૧-ભગતિ અપાર પાઠાં.

લટકાળે તુજ લોઅણે રે લાલ, મોહ્યા જગજન ચિત્ત; મે૦
શ્રીનયવિજય વિબુધ તણો રે લાલ, સેવક સમરે નિત. મે૦૪૦૫

શ્રી શાંતિનાથ જિન-સ્તવન

—(*)—

[ત્રિભુવન તારણ તીરથ-એ દેશી]

ગજપુર નયર વિભૂષણ, દૂષણ ટાળતો રે કે દૂષણ૦
વિશ્વસેન નરનાહનો, કુળ અજુઆળતો રે કે કુળ૦
અચિરા નંદન વંદન, કીજે નેહશું રે કે કીજે૦
શાંતિનાથ મુખ પુનમ-શશિ પરિ ઉલ્લસ્યું રે કે શા૦ ૧
કંચનવરણી કાયા, માયા પરીહરે રે કે માયા૦
લાખ વરસનું આયખું, મૃગ લંછન ધરે રે કે મૃગ૦
એક સહસશ્યું વ્રત ગ્રહે, પાતિકવન દહેરે રે કે પા૦
સમેતશીખર શુભ ધ્યાનથી, શિવપદવી લહે રે કે શિ૦ ૨
ચ્યાલીશ ધનુ તનુ રાજે, ભાજે ભય ઘણા રે કે ભા૦
બાસઠ સહસ મુનીશ્વર, વિલસે પ્રભુ તણા રે કે વિ૦
એકસઠ સહસ છસે વળી, અધિકી સાહુણી રે કે અ૦
પ્રભુ પરિવારની સંખ્યા, એ સાચી મુણી રે કે એ૦ ૩
ગરૂડ યક્ષ નીરવાણી, પ્રભુ સેવા કરે રે કે પ્ર૦
તે જન બહુ સુખ પાવે, જે પ્રભુ ચિત્ત ધરે રે જે૦
મહઝરતા ગજ ગાજે, તસ ઘર આંગણે રે કે ત૦
તસ જગ હિમકર સમ, જશ કવિઅણ ભણે રે કે જ૦ ૪
દેવ ગુણાકર ચાકર, હું છું તાહરો રે કે હું૦
નેહ નજર ભરી, મુજરો માનો માહરો રે કે મુ૦

તિહુઅણ ભાસન શાસન, ચિત્ત કરૂણા કરો રે કે ચિ૦
કવિ જશવિજય પય પે, મુજ ભવ દુઃખ હરો રે કે મુ૦ ૫

શ્રી કુંથુનાથ જિન-સ્તવન

—(*)—

[ઢાલ-મરકલડાની]

ગજપુર નયરી સોહેજી સાહીબ ગુણનીલો;
શ્રી કુંથુનાથ મુખ મોહેજી, સાહીબ ગુણનીલો.
સૂર નૃપતિ કુલચંદોજી, સા૦ શ્રીનંદન ભાવે વંદોજી. સા૦ ૧
અજ લંછન વંછીત પૂરેજી, સા૦ પ્રભુ સમરીએ સંકટ ચૂરેજી, સા૦
પાંત્રીશ ધનુષ તનુ માનેજી, સા૦ વ્રત એક સહસતિ માનેજી, સા૦૨
આયુ વરસ સહસ પંચાણુજી, સા૦ તનુ સોવન વાન વખાણુંજી સા૦
સમેતશીખર શિવ પાયાજી, સા૦ સાઠ સહસ મુનીશ્વર રાયાજી, સા૦૩
ખટ શત વળી સાઠ હજારજી, સા૦ પ્રભુ સાધ્વીનો પરિવારજી, સા૦
ગંધર્વ બલા અધિકારીજી, સા૦ પ્રભુશાસન સાન્નિધ્યકારીજી, સા૦૪
સુખદાયક મુખને મટકેજી, સા૦ લાખેણે લોયણ લટકેજી, સા૦
બુધ શ્રીનયવિજય મુણીંદોજી, સા૦ સેવકને દીએ આણંદોજી, સા૦૫

શ્રી અરનાથ જિન-સ્તવન

—(*)—

[સમર્યા રે સાદ દિએ રે દેવ-એ દેશી]

અરજિન ગજપુર વર શિણગાર, તાત સુદર્શન દેવી મલ્હાર;
સાહીબ સેવીયે, મેરો મનકો પ્યારો સેવીયે;
ત્રીસ ધનુષ પ્રભુ ઉંચી કાય, વરસ સહસ ચોરાશી આય. સા૦ ૧

નંદ્યાવર્ત્ત વિરાજે અંક, ટાળે પ્રભુ ભવભવના આતંક; સા૦
એક સહસશ્યું સંયમ લીધ, કનક વરણ તનુ જગત પ્રસિદ્ધ. સા૦ ૨
સમેતશિખર ગિરિ સબળ ઉછાહ, સિદ્ધિવધૂનો કર્યો રે વિવાહ; સા૦
પ્રભુના મુનિ પચાસ હજાર, સાઠ સહસ સાધ્વી પરિવાર. સા૦ ૩
યક્ષ ઇંદ્ર પ્રભુ સેવાકાર, ધારિણી શાસનની કરે સાર; સા૦
રવિ ઉગે નાસે જિમ ચોર, તિમ પ્રભુના ધ્યાને કરમ કઠોર. સા૦ ૪
તું સુરતરૂ ચિંતામણી સાર, તું પ્રભુ ભગતે મુગતિ દાતાર; સા૦
બુધ જશવિજય કરે અરદાસ, દીઠે પરમાનંદ વિલાસ. સા૦ ૫

શ્રી મલ્લિનાથ જિન-સ્તવન

—(*)—

[પ્રથમ ગોવાળ તણે ભવે જી— એ દેશી]

મિથીલા નગરી અવતર્યોજી, કુંભ નૃપતિ કુળભાણ;
રાણી પ્રભાવતી ઉર ધર્યોજી, પચવીશ ધનુષ પ્રમાણ, ભવિક જન,
વંદો મલ્લિજિણંદ, જિમ હોયે પરમ આનંદ; ભવિક જન૦વં૦૧
લંછન કલશ વિરાજતોજી, નીલ વરણ તનુ કાંતિ;
સંયમ લીયે શત ત્રણશ્યુંજી, ભાંજે ભવની ભ્રાંતિ. ભ૦વં૦૨
વરસ પંચાવન સહસનુંજી, પાળી પૂરણ આય;
સમેતશીખર શિવ પદ લહ્યુંજી, સુર કિન્નર ગુણ ગાય. ભ૦વં૦૩
સહસ પંચાવન સાહુણીજી, મુનિ ચ્યાલીશ હજાર;
વરોટ્યા સેવા કરેજી, યક્ષ કુબેર ઉદાર. ભ૦વં૦૪
મૂરતિ મોહનવેલડીજી, મોહે જગજન જાણ;
શ્રીનયવિજય સુશિષ્યનેજી, દીયો પ્રભુ કોડી કલ્યાણ. ભ૦વં૦૫

શ્રીમુનિસુવ્રત જિન–સ્તવન

—(*)—

[ઢાળ રસિયાની—દેશી]

પદ્માદેવી નંદન ગુણનીલો, રાય સુમિત્ર કુળચંદ; કૃપાનિધિ;
નયરી રાજગ્રહી પ્રભુ અવતર્યો, પ્રણમે સુર નર વૃંદ. કૃ૦
મુનિસુવ્રત જિન ભાવે વંદિયે. ૧

કચ્છપ લંછન સાહિબ શામળો, વીશ ધનુષ તનુ માન; કૃ૦
ત્રીશ સહસ સંવત્સર આઉખું, બહુ ગુણ રયણ નિધાન. કૃ૦ મુ૦ ૨

એક સહસશ્યું પ્રભુજી વ્રત ગ્રહી, સમેતશિખર લહી સિદ્ધિ. કૃ૦
સહસ પચાસ વિરાજે સાહુણી, ત્રીશ સહસ મુનિ પ્રસિદ્ધિ. કૃ૦ મુ૦ ૩

નરદત્તા પ્રભુ શાસન દેવતા, વરૂણ યક્ષ કરે સેવ; કૃ૦
જે પ્રભુ–ભગતિ રાતા તેહના, વિઘન હરે નિતમેવ. કૃ૦ મુ૦ ૪

ભાવઠ–ભંજન જન–મન રંજનો, મૂરતિ મોહન ગાર; કૃ૦
કવિ જશવિજય પયંપે ભવભવે, એ મુજ એક આધાર. કૃ૦ મુ૦ ૫

શ્રી નમિનાથ જિન–સ્તવન

—(*)—

[કાજ સીધ્યાં સકળ હવે સાર—એ દેશી]

મિથીલાપુર વિજય નરેંદ, વપ્રા સુત નમિ જિનચંદ;
નિલુપ્પલ લંછન રાજે, પ્રભુ સેવ્યો ભાવઠ ભાજે. ૧

ધનુષ પન્નર ઉંચ શરીર, સોવન વાન સાહસ ધીર;
એક સહસરયું લીયે નિરમાય, વ્રત વરસ સહસ દશ આય. ૨

સમેતશિખરગિરિ આરોહી, પોહતા શિવપુર નિરમોહી;
મુનિ વીસ સહસ શુભ નાણી, પ્રભુના ઉત્તમ ગુણખાણી. ૩

વલી સાધવીનો પરિવાર, એકતાલીશ સહસ ઉદાર;
સુર ભ્રકુટિ દેવી ગાંધારી, પ્રભુ શાસન સાન્નિધ્યકારી. ૪

તુજ કીરતિ જગમાં વ્યાપી, તૂં પ્રતપે પ્રબળ પ્રતાપી;
બુધ શ્રીનયવિજય સુશિસ, ઈમ દીયે નિત નિત આશિષ. ૫

શ્રી નેમિનાથ જિન-સ્તવન

—(*)—

[ઢાળ—ફાગની. ભમર ગીતાની દેશી]

સમુદ્રવિજય શિવાદેવી, નંદન નેમિકુમાર;
શૌરીપુર દશ ધનુષનું, લંછન શંખ સકાર.
એક દિન રમતો આવિયો, અતુલીબળ અરિહંત;
જિહાં હરિ આયુધશાળા, પૂરે શંખ મહંત. ૧

હરિ ભય ભરી તિહાં આવે, પેખે નેમિજિણંદ;
સરિખે શ્રમ બળ પરખે, તિહાં જીતે જિનચંદ.
આજ રાજ એ હરશ્યેં, કરશ્યેં અપયશ ભૂરિ;
હરિ મન જાણી વાણી, તવ થઈ ગગને અદ્ભરિ. ૨

અણુપરણ્યે વ્રત લેશ્યે, દેશ્યે જગ સુખ એહ;
હરિ મત બીહે ઇહે, પ્રભુશ્યું ધરમસનેહ.
હરિ શણુગારી નારી, તવ જલ મજ્જન જંતિ;
માન્યું માન્યું પરણવું, ઇમ સવિ નારી કહંતિ. ૩
ગુણ મણિ પેટી ભેટિ, ઉગ્રસેન નૃપ પાસ;
તવ હરિ જાચે માચે, [1]રાચે પ્રેમ વિલાસ.
તૂર દ્વિવાજે ગાજે, છાજે ચામર કાંતિ;
હવે પ્રભુ આવ્યા પરણવા, નવ નવા ઉત્સવ હુંતિ. ૪
ગોખે ચઢી મુખ દેખે, રાજિમતિ ભર પ્રેમ;
રાગ અમિરસ વરસે, હરસે પેખી નેમ.
મન જાણે એ ટાણે, જો મુજ પરણે એહ;
સંભારે તો રંભા, સણળ અચંબા તેહ. ૫
પશુઆ પુકાર સુણી કરી, ઇણિ અવસરે જિનરાય;
તસ દુઃખ ટાળી વાળી, રથ વ્રત લેવા જાય.
તબ બાળા દુઃખ ઝાળા, પરવશિ કરે રે વિલાપ;
કહઈ જો હવે હું છંડી, તો દેશ્યો વ્રત આપ. ૬
સહસ્સ પુરૂષશ્યું સંયમ, લિયે શામળ તનુ કાંતિ;
જ્ઞાન લહી વ્રત આપે, રાજિમતિ શુભ શાંતિ.
વરસ સહસ આઉખું, પાળી ગઢગિરનાર;
પરણ્યા પૂરણ મહોત્સવ, ભવ છાંડી શિવનાર. ૭
સહસ્સ અઢાર મુનીશ્વર, પ્રભુજીના ગુણવંત;
ચ્યાલીશ સહસ સુસાહુણી, પામી ભવનો અંત.

૧-સાચે જ. પાઠાં.

ત્રિભુવન અંબા અંબા-દેવી સુર ગોમેધ;
પ્રભુ સેવામાં નિરતા, કરતા પાપ નિષેધ. ૮
અમલ કમલ દલ લોચન, શોચન રહિત નિરીહ;
સિંહ મદન ગજ ભેદવા, એ જિન અકલ અબીહ.
શૃંગારી ગુણધારી, બ્રહ્મચારી શિર લીહ;
કવિ જશવિજય નિપુણ ગુણ, ગાવે તુજ નિશદીહ. ૯

શ્રી પાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[ઢાળ-ફાગનો ધમાલિ]

નગરી વાણારસી અવતર્યો હો, અશ્વસેન કુળચંદ;
વામાનંદન ગુણ નીલો હો, પાસજી શિવતરૂકંદ.
પરમેસર ગુણ નિતુ ગાઈયે હો. ૧

ફણિ લંછન નવ કર તનુ જિનજી, સજલ ઘનાઘન વન્ન;
સંયમ લિયે શત તીનશ્યું હો, સવિ કહે જ્યું ધન ધન્ન. ૫૦ ૨
વરસ એક શત આઉખું હો, સિદ્ધિ સમેતગિરીશ;
સોળ સહસ મુનિ પ્રભુ તણા હો, સાહુણી સહસ અડતીશ ૫૦ ૩
ધરણરાજ પદ્માવતી હો, પ્રભુ શાસન રખવાળ;
રોગ શોગ સંકટ ટળે હો, નામ જપત જપમાળ. ૫૦ ૪
પાસ આસ પૂરો અબ મેરી, અરજ એક અવધાર;
શ્રીનયવિજય વિબુધ પદ સેવી, જશ કહે ભવજલ તાર. ૫૦ ૫

શ્રી મહાવીર જિન-સ્તવન

—(*)—

[રાગ-ધનાશ્રી]

આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે,
તું કૃપાકુંભ જો મુજ તૂઠેા;
કલ્પતરૂ કામઘટ કામધેનુ મિલ્યેા,
આંગણે અમિયરસ મેહ વૂઠેા. આ૦ ૧

વીર તું કુંડપુરનયર ભૂષણ હુએા,
રાય સિદ્ધાર્થ ત્રિસલા તનૂજો;
સિંહ લંછન કનક વર્ણ કર સપ્ત તનુ,
તુજ સમેા જગતમાં કેા ન દૂજો. આ૦ ૨

સિંહપરે એકલેા ધીર સંયમ ગ્રહી,
આયુ બેાહેાત્તર વરસ પૂર્ણ પાળી;
પુરી અપાપાયે નિષ્પાપ શિવવહૂ વર્યો,
તિહાં થકી પર્વ પ્રગટી દીવાળી. આ૦ ૩

સહસ તુજ ચઉદ મુનિવર મહાસંયમી,
સાહુણી સહસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી,
સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે. આ૦ ૪

તુજ વચનરાગ સુખસાગરે ઝીલતેા,
પીલતેા મેાહ મિથ્યાત્વવેલી;
આવીએા ભાવીએા ધર્મપથ હું હવે,
દીજીયે પરમપદ હેાઈ બેલી. આ૦ ૫

સિંહ નિશીદીહ જો હૃદયગિરિ મુજ રમે,
  તું સુગુણલીહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના જૂથથી,
  મુજ નહિ કોઈ લવલેશ બીહો. આ૦ ૬

ચરણ તુજ શરણમેં ચરણગુણનિધિ ગ્રહ્યા,
  ભવતરણ કરણ દમ શર્મ દાખો;
હાથ જોડી કહે જશવિજય બુધ ઇશ્યું,
  દેવ નિજ ભુવનમાં દાસ રાખો. આ૦ ૭

ઇતિ શ્રી જશવિજયજી કૃત
ચૌદ જીવની ચોવીશી ત્રીજી સમાપ્ત.

વિહારમાન જિન–વીશી

શ્રી સીમંધર જિન–સ્તવન

—(*)—

[ઈડર આંબા આંબલી રે–એ દેશી]

પુષ્કલવઈ વિજયે જયો રે, નયરી પુંડરિગિણિ સાર;
શ્રીસીમંધર સાહિબા રે, રાયશ્રેયાંસ કુમાર,
જિણુંદરાય, ધરજ્યો ધર્મસનેહુ. ૧

મોટા નાહના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત;
શશી દરિશણુ સાયર વધે રે, કૈરવ વન વિકસંત. જિ૦ ૨

ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસીએ રે, છાયા સવિ આધાર. જિ૦ ૩

રાય રંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજલ તે બિહું તણા રે, તાપ કરે સવિ દૂર. જિ૦ ૪

સરિખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ;
મુજશું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિ૦ ૫

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોવે પ્રમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહુ સુજાણ. જિ૦ ૬

વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રૂકૂમિણી કંત;
વાચક જશ ઇમ વીનવ્યો રે, ભયભંજન ભગવંત. જિ૦ ૭

શ્રી યુગમંધર જિન-સ્તવન

—(*)—

[ધણરા ઢાલા—એ દેશી]

શ્રીયુગમંધર [1]સાહિબા રે, તુમશુ અવિહડ રંગ; મનના માન્યા.
ચોલ મજીઠ તણી પરે રે, તે તો અચલ અભંગ; ગુણના ગેહા. ૧
ભવિજન મન ત્રાંબુ કરે રે, વેધક કંચન વાન; મ૦
ફરિ ત્રાંબુ તે નવિ હુએ રે, તિમ તુમ નેહ પ્રમાણ. ગુ૦ ૨
એક ઉદક લવ જિમ ભળ્યો રે, અક્ષય જલધિમાં સોય; મ૦
તિમ તુજશું ગુણ નેહલો રે, તુજ સમ જગ નહિ કોય. ગુ૦ ૩
તુજશું મુજ મન નેહલો રે, ચંદન ગંધ સમાન; મ૦
મેળ હુઓ એ મૂળગો રે, સહજ સ્વભાવ નિદાન. ગુ૦ ૪
વપ્રવિજય વિજયાપુરી રે, માત સુતારા નંદ; મ૦
ગજ લંછન પ્રિય મંગલા રે, રાણી મન આનંદ. ગુ૦ ૫
સુદૃઢરાય કુલ દિનમણિ રે, જય જય તું જિનરાજ; મ૦
શ્રીનયવિજય વિબુધતણા રે, શિષ્યને દિઓ શિવરાજ. ગુ૦ ૬

શ્રી બાહુ જિન-સ્તવન

—(*)—

[નણદલની—એ દેશી]

સાહિબ બાહુજિણેસર વીનવું, વીનતડી અવધાર હો; સા૦
ભવભયથી હું ઉભગ્યો, હવે ભવ પાર ઉતાર હો. સા૦ ૧

૧-માહરે રે પાસાં.

તુમ સરીખા મુજ શિર છતે, કર્મ કરે કિમ જોર હો; સા૦
ભુજંગ તણા ભય તિહાં નહિ, જિહાં વન વિચરે મોર હો. સા૦ ૨
જિહાં રવિ તેજે ઝલહલે, તિહાં કિમ રહે અંધકાર હો; સા૦
કેસરી જિહાં કીડા કરે, તિહાં ગજનો નહીં પ્રચાર હો. સા૦ ૩
તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિત સંભાર હો; સા૦
વત્સવિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલ્હાર હો. સા૦ ૪
હરિણ લંછન ઈમ મેં સ્તવ્યો, મોહનારાણીનો કંત હો; સા૦
વિજયાનંદન મુજ દીએો, જસ કહે સુખ અનંત હો. સા૦ ૫

શ્રી સુબાહુ જિન-સ્તવન

—(*)—

[ચતુર સનેહી મોહના-એ દેશી]

સ્વામી સુબાહુ સુહંકરૂ, ભૂનંદાનંદન પ્યારો રે;
નિસઢનરેસર કુળતિલો, કિંપુરૂષા ભરથારો રે. સ્વા૦ ૧
કપિલંછન નલિનાવતી, વપ્રવિજય અયોધ્યાનાહો રે;
રંગે મિલિયે તેહશું, એહ મણુઅ જમનનો લાહો રે. સ્વા૦ ૨
તે દિન સવિ એળે ગયા, જિહાં પ્રભુશું ગોઠ ન બાંધી રે;
ભગતિ દૂતીકાએ મન હર્યું, પણ વાત કહી છે આધી રે. સ્વા૦ ૩
અનુભવ મિત્ત જો મોકલું, તો તે સઘળી વાત જણાવે રે;
પણ તેહ વિણ મુજ નવિ સરે, કહો તો પુત્ર વિચારે તે આવે રે. સ્વા૦ ૪
તેણે જઈ વાત સવે કહી, પ્રભુ મળ્યા તે ધ્યાનને ટાણે રે;
શ્રીનયવિજય વિબુધ તણો, ઈમ સેવક સુજશ વખાણે રે. સ્વા૦ ૫

શ્રી સુજાત જિન-સ્તવન

—(*)—

[રામચંદ્રે બાગ આંબો મોરી રહ્યો રે—એ દેશી]

સાચો સ્વામી સુજાત, પૂરવ અરધ જયોરી;
ધાતકીખંડ મોઝાર, પુષ્કલાવઈ વિજયોરી. ૧
નયરીપુંડરગિણી નાથ, દેવસેન વંશ તિલોરી;
દેવસેનાનો પુત્ર, લંછન ભાનુ ભલોરી. ૨
જયસેનાનો કંત, તેહશું પ્રેમ ધર્યોરી;
અવર ન આવે દાય, તેણે વશિ ચિત્ત કર્યોરી. ૩
તુમે મત જાણો દૂર, જઈ પરદેશ રહ્યારી;
છો મુજ ચિત્ત હજૂર, ગુણ સંકેત ગ્રહ્યારી. ૪
ઉગે ભાનુ આકાશ, સરવર કમલ હસેરી;
દેખી ચંદ ચકોર, પીવા અમીઅ ધસેરી. ૫
દૂરથકી પણ તેમ, પ્રભુશું ચિત્ત મિળ્યુંરી;
શ્રીનયવિજય સુશિષ્ય, કહે ગુણ હેજે હિળ્યુંરી. ૬

શ્રી સ્વયંપ્રભ જિન-સ્તવન

—(*)—

[દેશી-પારધીયાની]

સ્વામી સ્વયંપ્રભ સુંદર રે, મિત્રનૃપતિ કુળ હંસરે; ગુણરસીઆ.
માતા સુમંગળા જનમિયો રે, શશિલંછન સુપ્રશંસરે.

વપ્રવિજય વિજયાપુરી રે, ધાતકી પૂરવ અદ્ધ રે; ગુ૦
પ્રિયસેનાપિયુ પન્થી રે, તુમ સેવામેં લદ્ધ રે. મ૦ ૨

ચખવી સમકિત સુખડી રે, હોળવીઓ હું બાળ રે; ગુ૦
કેવળ રત્ન લહ્યા વિના રે, ન તજું ચરણ ત્રિકાળ રે. મ૦ ૩

એકને લલચાવી રહો રે, એકને આપો રાજ રે; ગુ૦
એ તુમને કરવો નવિ ઘટે રે, પંક્તિભેદ જિનરાજ રે. મ૦ ૪

કેડ ન છોડું તાહરી રે, આપ્યા વિણ શિવસુખરે, ગુ૦
ભોજન વિણ ભાંજે નહી રે, ભામણડે જિમ ભૂખ રે. મ૦ ૫

આસંગાયત જે હુશે રે, તે કહેશે સો વાર રે; ગુ૦
ભોળી ભગતે રીઝશે રે, સાહિબ પણ નિરધાર રે. મ૦ ૬

સવિ જાણે થોડું કહે રે, પ્રભુ તું ચતુર સુજાણ રે; ગુ૦
વાચક જશ કહે દીજીએ રે, વાંછિતસુખ નિર્વાણ રે. મ૦ ૭

શ્રી ઋષભાનન જિન–સ્તવન

—(*)—

[ભન્યો રે કુંઅરજીનો સેહરા–એ દેશી]

શ્રીઋષભાનન ગુણનીલો, સોહે મૃગપતિ લંછન પાય હો; જિણું૬.
મોહે મન તું સવિ તણા, ભલી વીરસેના તુજ માય હો; જિ૦શ્રી૦૧

વપ્રવિજય સુસીમા પુરી, ખંડ ધાતકી પૂરવ ભાગ હો; જિ૦
રાણી જયાવતી નાહલો, કીર્તિનૃપ સુત વડભાગ હો; જિ૦શ્રી૦૨

હું પૂછું કહો તુમે કેણીપરે, દિએ ભગતને મુગતિ સંકેત હો; જિ૦
કેસો નહિ નિકા કારણે, તુસો નહીં પૂજા હેત હો; જિ૦શ્રી૦૩

વિણ સમકિત ફળ કો નવિ લહે; એહ ગ્રંથે છે અવદાત હો; જિ૦
તો એ શાખાશી તુમને ચઢે, તુમે કહેવાઓ જગ તાત હો; જિ૦શ્રી૦૪
હવે જાણ્યું મનવાંછિત દીએ, ચિંતામણિ ને સુરકુંભ હો; જિ૦
અગ્નિ મિટાવે શીતને, જે સેવે થઈ થિરથંભ હો; જિ૦શ્રી૦૫
જિમ એ ગુણ વસ્તુસ્વભાવથી, તિમ તુમથી મુગતિ ઉપાય હો; જિ૦
દાયક નાયક એપમા, ભગતે ઈમ સાચ કહેવાય હો; જિ૦શ્રી૦૬
તપ જપ ક્રિરીયા ફળ દીયે, તે તુમ ગુણ ધ્યાન નિમિત્ત હો; જિ૦
શ્રી નયવિજયવિબુધ તણા, સેવકને પરમ તું મિત્ત હો; જિ૦શ્રી૦૭

શ્રી અનંતવીર્ય જિન-સ્તવન

—(*)—

[નારાયણની–એ દેશી]

જિમ મધુકર મન માલતી રે, જિમ કુમુદિની ચિત્ત ચંદ,
જિણું દરાય૦
જિમ ગજ મન રેવા નદી રે, કમળા મન ગોવિંદ રે; જિણું૦
યું મેરે મન તું વસ્યો જી. ૧
ચાતક ચિત્ત જિમ મેહુલો રે, જિમ પંથી મન ગેહ રે; જિ૦
હંસા મન માનસરોવરૂં રે, તિમ સુજ તુજશું નેહ રે. જિ૦યું૦૨
જિમ નંદનવન ઇંદને રે, સીતાને વહાલો રામ રે; જિ૦
જિમ ધરમીને મન સંવરૂ રે, વ્યાપારી મન દામ રે. જિ૦યું૦૩
અનંતવીરજ ગુણસાગરૂ રે, ધાતકીખંડ મોઝાર રે; જિ૦
પૂરવ અરધ નાલનાવતી રે, વિજય અયોધ્યા ધાર રે. જિ૦યું૦૪

મેઘરાય મંગલાવતી રે, સુત વિજયાવતીકંતરે; જિ૦
ગજ લંછન યોગીસરૂ રે, હું સમરૂં મહા મંત રે. જિ૦ યું૦ ૫

ચાહે ચતુર ચૂડામણી રે, કવિતા અમૃતની કેલ રે; જિ૦
વાચક જશ કહે સુખ દિએ રે, મુજ તુજ ગુણ
રંગરેલ રે. જિ૦ યું૦ ૬

શ્રી સુરપ્રભ જિન–સ્તવન

—(*)—

[રામપૂરા કે બાજરમેં—એ દેશી]

સુરપ્રભજિનવર ધાતકી, પશ્ચિમ અરધે જયકાર મેરે લાલ,
પુષ્કલાવઈ વિજયે સોહામણો, પુરી પુંકરિગિણી શણગાર. મે૦
ચતુર શિરોમણિ સાહિબો. ૧

નંદસેનાનો નાહલો, હય લંછન વિજય મલ્હાર; મે૦
વિજયાવતી કુખે ઉપનો, ત્રિભુવનનો આધાર. મે૦ ચ૦ ૨

અલવે જસ સાહમું જુએ, કરૂણાભર નયન વિલાસ; મે૦
તે પામે પ્રભુતા જગતણી, એહવો છે પ્રભુ સુખવાસ. મે૦ ચ૦ ૩

મુખમટકે જગજન વશ કરે, લોયણ લટકે હરે ચિત્ત, મે૦
ચારિત્ર ચટકે પાતિક હરે, અટકે નહિ કરતો હિત. મે૦ ચ૦ ૪

ઉપકારી શિર સેહરો, ગુણનો નવિ આવે પાર; મે૦
શ્રી નયવિજય સુશિષ્યને રે, હોજ્યો નિત મંગકાર. મે૦ ચ૦ ૫

શ્રી વિશાળ જિન-સ્તવન

—(*)—

[દેશી લોરની અથવા સીરાહી]

ધાતકી ખંડે હો કે પશ્ચિમ અરધ ભલો,
વિજયાનયરી હો કે વપ્ર તે વિજય તિલો;
તિહાં જિન વિચરે હો કે સ્વામી વિશાળ સદા,
નિત નિત વંદુ હો કે વિમલાકંત મુદા. ૧

નાગનરેસર હો કે વંશ ઉદ્યોતકરૂ,
ભદ્રાએ જાયા હો કે પ્રત્યક્ષ દેવતરૂ;
ભાનુ લંછન હો કે મિલવા મન તલસે,
તસ ગુણ સુણિયા હો કે શ્રવણે અમી વરસે. ૨

આંખડી દીધી હો કે જે હોએ મુજ મનને,
પાંખડી દીધી હો કે અથવા જે તનને;
મનહ મનોરથ હો કે તો સવિ તુરત ફળે,
તુજ મુખ દેખવા હો કે હરખીત હેજ મળે. ૩

આડા દુંગર હો કે દરીયા નદીય ઘણી,
પણ શકિત ન તેહવી હો કે આવું તુજ ભણી,
તુજ પાય સેવા હો કે સુરવર કોડિ કરે,
જે એક આવે હો કે તો મુજ દુઃખ હરે. ૪

અતિ ઘણું રાતી હો કે અગ્નિ મજીઠ સહે,
ઘણુશું હણીયે હો કે દેશ વિયોગ લહે;
મણ ગિરૂઆ પ્રભુશું હો કે રાગ તે દુરિત હરે,
વાચક જશ કહે હો કે ધરીએ ચિત્ત ખરે. ૫

શ્રી વજ્રધર જિન–સ્તવન

—(*)—

[માહરા સુગુણ સનેહા પ્રભુજી–અથવા
સાલુ હો કે લાજ્યો જોધપુરી ધણુરી બિંદલીની એ દેશી]

શંખ લંછન વજ્રધર સ્વામી, માતા સરસ્વતી સુત શિવગામી હો;
ભાવે ભવિ વંદો.
નરનાથ પદ્મરથ જાયો, વિજ્યાવતી ચિત્ત સુહાયો હો. ભા૦૧
ખંડ ધાતકી પશ્ચિમ ભાગે, પ્રભુ ધર્મધુરંધર જાગે હો; ભા૦
વચ્છવિજયમાં નયરી સુસીમા, તિહાં થાપે ધર્મની સીમા હો. ભા૦૨
પ્રભુ મનમાં અમે વસવું જેહ, સુપને પણ દુર્લભ તેહ હો; ભા૦
પણ અમ મન પ્રભુ જો વસશે, તો ધર્મની વેલ ઉલ્લશે હો. ભા૦૩
સ્વપ્ને પ્રભુ મુખ નિરખંતા, અમે પામું સુખ હરખંતા હો; ભા૦
જે સુપન રહિત કહિયા દેવા, તેહથી અમે અધિક કહેવા હો. ભા૦૪
મણિ માણિક કનકની કોડિ, રાણિમ ઋદ્ધિ રમણી જોડિ હો; ભા૦
પ્રભુ દરશનના સુખ આગે, કહો અધિકેરૂં કુણ માગે હો. ભા૦૫
પ્રભુ દૂરથકી પણ ભેટ્યા, [1]તેણે પ્રેમ દુઃખ સવિ મેટ્યા હો; ભા૦
ગુરૂ શ્રીનયવિજય સુશીશ, પ્રભુ ધ્યાને રમે નિશદીશ હો. ભા૦૬

શ્રી ચંદ્રાનન જિન–સ્તવન

—(*)—

[માહરી સહિરે સમાણી—એ દેશી]

નલિનાવતી વિજય જયકારી, ચંદ્રાનન ઉપગારી રે;
સુણ વીનતી મોરી.
પશ્ચિમ અરધે ધાતકી ખંડે, નયરી અયોધ્યા મંડે રે. સુ૦ ૧

૧–તેણે વેગે. પાઠાં.

રાણી લીલાવતી ચિત્ત સુહાયેા, મઙ્ગાવતીનેા જાયેા રે; સુ૦
નૃપ વાલમીક કુળે તું દીવેા, વૃષભ લંછન ચિરંજીવેા રે. સુ૦ ૨

કેવલજ્ઞાન અનંત ખજાનેા, નહી તુજ જગમાંહે છાનેા રે; સુ૦
તેહનેા લવ દેતાં શું નાસે, મનમાંહે કાંઈ વિમાસે રે. સુ૦ ૩

રયણ એક દ્વિયે રયણે ભરીયેા, જો ગાજંતેા ઠરીયેા રે; સુ૦
તેા તેહને કાંઈ હાણ ન આવે, લેાક તે સંપત્તિ પાવે રે. સુ૦ ૪

અલિ માચે પરિમલ લવ પામી, પંકજ વન નહિ ખામી રે; સુ૦
અંબ લુંબ કેાટિ નવિ છીજે, એકે પિક સુખ દીજે રે. સુ૦ ૫

ચંદ્રકિરણ વિસ્તારે છેાડ્યું, નવિ હેાયે અમીયમાં ખેાડ્યું રે; સુ૦
આશાતીર કરે બહુત નિહેારા, તે હેાવે સુખિત ચકેારા રે. સુ૦ ૬

તિમ જો ગુણ લવ દ્વિએા તુમ હેજે, તેા અમે દીપું તેજે રે; સુ૦
વાચક જશ કહે વાંછિત દેશેા, ધર્મનેહ નિરવહેશેા રે. સુ૦ ૭

શ્રી ચંદ્રપ્રભુ જિન-સ્તવન

—(*)—

[સરવર પાણી હું ગઈ મા મેારી રે
અથવા મન મેાહના લાલ-એ દેશી]

દેવાનંદ નરીંદનેા, જનરંજનેા રે લાલ,
નંદન ચંદનવાણી રે દુઃખભંજનેા રે લાલ.

રાણી સુગંધા વાલહેા રે, જ૦ કમલ લંછન સુખખાણ રે. દુ૦ ૧

પુષ્કરદીવ પુષ્કલાવઈ રે, જ૦ વિજય વિજય સુખકાર રે;
ચંદ્રપ્રભુ પુંડરિગિણી રે, જ૦ નગરીએ કરે વિહાર રે. દુ૦ ૨

તસ ગુણગણુગંગાજલે રે–જ૦, મુજ મન પાવન કીધ રે; દુઃખ૦
ફિરિ તે મેલું કિમ હુવે રે–જ૦, અકરણનિયમ પ્રસિદ્ધ રે. દુઃખ૦૩
અંતરંગ ગુણ ગોઠડી રે–જ૦, નિશ્ચય સમકિત તેહ રે; દુઃખ૦
વિરલા કોઇકિ જાણશે રે–જ૦, તે તો અગમ અછેહ રે. દુઃખ૦૪
નાગર જનની ચાતુરી રે–જ૦, પામર જાણે કેમ રે; દુઃખ૦
તિમ કુણ જાણે સાંધશું રે–જ૦, અમ નિશ્ચયનય પ્રેમ રે. દુઃખ૦૫
સ્વાદ સુધાનો જાણતો રે–જ૦, લલિત હોયે કદન્ન રે; દુઃખ૦
પણ અવસરે જો તે લહે રે–જ૦, તે દિન માને ધન્ન રે. દુઃખ૦૬
શ્રીનયવિજય વિબુધ તણો રે–જ૦, સેવક કહે મુણો દેવ રે; દુઃખ૦
ચંદ્રપ્રભુ! મુજ દીજીએ રે–જ૦, નિજ પયપંકજ સેવ રે. દુઃખ૦૭

શ્રી ભુજંગ જિન–સ્તવન

—(*)—

[મહાવિદેહ ખેત્ર સોહામણું રે—એ દેશી]

ભુજંગદેવ ભાવે ભલો, રાય મહાબલ નંદ લાલ રે;
મહિમા કુખે હંસલો, કમલ લંછન સુખકંદ લાલ રે. ભુ૦ ૧
વપ્રવિજય વિજયાપુરી, કરે વિહાર ઉચ્છાહ લાલ રે;
પૂરવ અરધે પુષ્ખરે, ગંધસેનાનો નાહ લાલ રે. ભુ૦ ૨
કાગળ લિખવો કારમો, આવે જો દુરજન હાથ લાલ રે;
અણમિલવું દૂરંત રે, ચિત્ત ફિરે તુમ સાથ લાલ રે. ભુ૦ ૩
કિસી ઈસારત કીજીયે, તુમે જાણો છો જગભાવ લાલ રે,
સાહિણ જાણ અજાણને, સાહમું કરે પ્રસ્તાવ લાલ રે. ભુ૦ ૪

બિજમતમાં ખામી નહી, મેલ ન મનમાં કોય લાલ રે;
કરૂણાપૂરણ લોયણે, સાહમું કાંઈ ન જોય લાલ રે. ભુ૦ ૫

આસંગો મોટા તણો, કુંજર ગ્રહવો કાન લાલ રે;
વાચક જશ કહે વિનતિ, ભજતિ વશે મુજ માન લાલ રે. ભુ૦ ૬

શ્રી ઇશ્વર જિન-સ્તવન

—(*)—

[રાગ : મંગલાની દેશી અથવા-રાજા જો મિલે—એ દેશી
અથવા- કીસકા ચેલા બાણુ કીસકા હે પુત્ત]

નૃપ ગજસેન જશોદા માત, નંદન ઇશ્વર ગુણ અવદાત; સ્વામી સેવીએ
પુષ્કરવર પૂરવારધ કચ્છ, વિજય સુસીમા નયરી અચ્છ. સ્વા૦ ૧

શશી લંછન પ્રભુ કરે રે વિહાર, રાણી ભદ્રાવતીનો ભરતાર; સ્વા૦
જે પામે પ્રભુનો દીદાર, ધન ધન તે નરનો અવતાર. સ્વા૦ ૨

ધન તે તન જે નમીએ પાય, ધન તે મન જે પ્રભુ ગુણ ધ્યાય; સ્વા૦
ધન તે જીહા પ્રભુ ગુણ ગાય, ધન્ય તે વેળા વંદન થાય. સ્વા૦ ૩

અણમિલવે ઉતકંઠા જોર, મિલવે વિરહ તણો ભય ચોર; સ્વા૦
અંતરંગ મિલિએ તિઉં સાંઈ![1], શોકવિરહ જિમ દૂરે પલાય. સ્વા૦ ૪

તું માતા તું બંધવ મુજ, તુંહી પિતા તુજશું મુજ ગુજ; સ્વા૦
શ્રીનયવિજય વિબુધનો શીશ, વાચક જશ કહે પૂરો જગીશ. સ્વા૦ ૫

૧-અંતરંગ મિલવે લીઉ સાંઈ.

શ્રી નેમિપ્રભુ જિન–સ્તવન

—(*)—

[થારે માથે પચરંગી પાઘ સોનારો છોગલો મારૂજી–એ દેશી. અથવા–આજ હો થારે કેસરી કસબી ને વાગે મોહરી રે મારૂજી–એ દેશી. અથવા–વાડી ફુલી અતિ ભલી મન ભમરા રે. અથવા–મનમોહન મેરે–એ દેશી]

પુષ્કરવર પૂરવ અરધ દિવાજે રાજે રે, સાહિબજી.
નલિનાવતી વિજયે નયરી અયોધ્યા છાજે રે; સા૦
પ્રભુ વીરનરેસર–વંશ–દિણેસર ધ્યાઈએ રે, સા૦
સેનાસુત સાચો ગુણશું જાચો ગાઈએ રે. સા૦ ૧
મોહની મનવલ્લભ દરસન દુરલભ જાસ રે, સા૦
રવિચરણ ઉપાસી કિરણવિલાસી ખાસ રે; સા૦
ભવિજનમનરંજન ભાવઠભંજન ભગવંત રે, સા૦
નેમિપ્રભુ વંદું પાપ નિકંદું તંત રે. સા૦ ૨
ઘર સુરતરૂ ફળાયો સુરમણિ મીલીઓ હાથ રે, સા૦
કરી કરૂણા પૂરી અધ ચૂરી જગનાથ રે; સા૦
અમિએ ઘન વૂઠા વળી તૂઠા સવિ દેવ રે, સા૦
શિવગામી પામી જો મેં તુજ પદ સેવ રે. સા૦ ૩
ગંગાજલ નાહ્યો હું ઉમાહ્યો આજ રે, સા૦
ગુરૂ સંગત સારી મ્હારી વધારી લાજ રે; સા૦
મુહ માગ્યા જાગ્યા પૂરવ પુન્ય અંકૂર રે, સા૦
મન લીનો કીનો તુજ ગુણ પ્રેમ પંકૂર રે. સા૦ ૪
તું દોલતદાતા તું જગત્રાતા મહારાજ રે, સા૦
ભવસાયર તારો સારો વાંછિત કાજ રે; સા૦
દુઃખચૂરણ પૂરણ કીજે સયલ જગીશ રે, સા૦
અરદાસ પ્રકાશે શ્રીનયાવજય–સુશીશ રે. સા૦ ૫

શ્રી વીરસેન જિન-સ્તવન

—(*)—

[શ્રીઋષભનો વંશ રયણાયરૂ—એ દેશી]

પશ્ચિમ અરધ પુષ્કરવરે, વિજય પુખલવઈ દીપે રે,
નયરી પુંડરિગિણી વિહરતા, પ્રભુ તેણે રવિ ઝીપે રે.
શ્રીવીરસેન સુહંકરૂ. ૧

ભાનુસેન ભૂમિપાલનો, અંગજ ગજગતિ વંદ્યો રે;
રાજસેના મનવલ્લહો, વૃષભ લંછન જિનચંદ્યો રે. શ્રી૦ ૨

મસિ વિણ જે લિખ્યા તુજ ગુણે, અક્ષર પ્રેમના ચિત્ત રે;
ધોઈએ તિમ તિમ ઉઘડે, ભગતિ જલે તેહુ નિત્ય રે. શ્રી૦ ૩

ચક્રવર્તી મન સુખ ધરે, ઋષભકુટે લિખી નામ રે;
અધિકા રે તુજ ગુણ તેહથી, પ્રગટ હુઆ ઠામ ઠામ રે. શ્રી૦ ૪

નિજ ગુણ ગુંથિત તે કરી, કીરતી મેં તીની માળા રે;
તે મુજ કંઠે આરોપતાં, દીસે ઝાકઝમાળા રે. શ્રી૦ ૫

પ્રગટ હુએ જિમ જગતમાં, શોભા સેવક કેરી રે;
વાચક જશ કહે તિમ કરો, સાહિબ! પ્રીત ઘણેરી રે. શ્રી૦ ૬

શ્રી મહાભદ્ર જિન-સ્તવન

—(*)—

[આજ હો છાજે રે ઠકુરાઈ પ્રભુ. અથવા-કેસરી બાગે સાહિબો જી.
અથવા-છાજલ દે મલહાર-એ દેશી]

દેવરાયનો નંદ, માત ઉમા મન ચંદ;
આજ હો રાણી રે, સૂરિકાંતા કંત સોહામણો જી. ૧

પુષ્કર પશ્ચિમાર્ધ, વિજય તે વપ્ર સુભદ્ર
આજ હો નયરી રે વિજયાએ વિહરે ગુણનીલોજી. ૨

માહણભદ્ર જિનરાય, ગજ લંછન જસ પાય;
આજ હો સોહે રે મોહે મન લટકાલે લોયણેજી. ૩

તેહશું મુજ અતિ પ્રેમ, પર સુર નમવા નેમ;
આજ હો રંજે રે દુઃખ ભંજે પ્રભુ મુજ તે ગુણેજી. ૪

ધર્મયૌવન નવરંગ, સમકિત પામ્યો ચંગ;
આજ હો લાખીણી લાડી મુગતિ તે મેલશેજી. ૫

ચરણધર્મ અવદાત, તે કન્યાનો તાત,
આજ હો માહરા રે પ્રભુજીને તે છે વશ સદાજી. ૬

શ્રીનયવિજય સુશિષ્ય, જશ કહે સુણો જગદીશ;
આજ હો તારો રે હું સેવક દેવ! કરો દયાજી. ૭

શ્રી ચંદ્રયશા જિન–સ્તવન

ચંદ્રયશા જિનરાજીઓ, મનમોહન મેરે, પુષ્કર દીવ મોઝાર; મ૦
પશ્ચિમ અરધ સોહામણો, મ૦ વચ્છવિજય સંભાર. મ૦ ૧

નયરી સુસીમા વિચરતા, મ૦ [1]સંવરભૂપ કુળચંદ; મ૦
શશી લંછન પદ્માવતી, મ૦ વલ્લભ ગંગા નંદ. મ૦ ૨

કટિ–લીલાએ કેસરી, મ૦ તે હાર્યો ગયો રાન; મ૦
હાર્યો હિમકર તુજ મુખે, મ૦ હજીય વળે નહી વાન. મ૦ ૩

૧–સરવભૂતિ–પાઠાં.

તુજ લોચનથી લાજીયાં, મ૦ કમળ ગયાં જળમાંહી; મ૦
અહિપતિ પાતાળે ગયેા, મ૦ જીત્યેા લલિત તુજ બાંહી. મ૦ ૪

જીત્યેા દિનકર તેજશું, મ૦ ફિરતેા રહે તે આકાશ; મ૦
નિંદ ન આવે તેહને, મ૦ જેહ મન ખેદ અભ્યાસ. મ૦ ૫

ઇમ જીત્યેા તુમે જગતને, મ૦ હરી લીયેા ચિત્ત રતન્ન; મ૦
બંધુ કહાવેા જગતના, મ૦ તે કિમ હેાયે ઉપમન્ન. મ૦ ૬

ગતિ તુમે જાણેા તુમતણી, મ૦ હું સેવું તુજ પાય; મ૦
શરણ કરે બળીયાતણું, મ૦ જશ કહે તસ સુખ થાય. મ૦ ૭

શ્રી અજિતવીર્ય[૧] જિન-સ્તવન

—(*)—

[એ છીંડી કીહાં રાખી, કુમતિ !—એ દેશી]

દીવ પુષ્કરવર પશ્ચિમ અરધે, વિજય નલિનવઈ સેાહે;
નયરી અયેાધ્યામંડન સ્વસ્તિક-લંછન જિન જગ મેાહે રે;
ભવિઆં ! અજિતવીર્ય જિન વંદેા. ભ૦ ૧

રાજપાલ કુળ મુગટ નગીનેા, માત કનિનિકા જાયેા;
રતનમાળા રાણીનેા વલ્લભ, પરતક્ષ સુરમણિ પાયેા રે. ભ૦ ૨

દુરજનશું કરી જે હુએા દુષણ, હુયે તસ શેાષણ ઈહાં;[૧]
એહવા સાહિબના ગુણ ગાઈ, પવિત્ર કરું હું જીહા રે. ભ૦ ૩

---

૧. પાઠાંતર-દુરજનસ્તુતે કરી જેહુ દુષણ, હુયે તસ શેાષણ ઈહાં.

પ્રભુ–ગુણગણ ગંગાજળે ન્હાઈ, કીયો કર્મમળ દૂરે;
સ્નાતક પદ જિન ભગતે લહિયે, ચિદાનંદ ભરપૂર રે. ભ૦ ૪
જે સંસર્ગ અભેદારોપે, સમાપત્તિ મુનિ માને;
તે જિનવર ગુણ થુણતાં લહિયે, જ્ઞાન ધ્યાન લય તાને. ભ૦ ૫
સ્પર્શજ્ઞાન ઇણિપરે અનુભવતાં દેખીજે નિજરૂપ;[૧]
સકળ જોગ જીવન તે પામી, નિસ્તરિયે ભવકૂપરે. ભ૦ ૬
શરણ–ત્રાણ–આલંબન જિનજી, કોઈ નહી તસ તોલે;
શ્રીનયવિજયવિબુધપયસેવક, વાચક જશ ઇમ બોલે રે. ભ૦ ૭

ઇતિ ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત
વિહરમાન જિન–વીશી સંપૂર્ણ.

૧–જિનરૂપ.

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત

સ્તવન – પદ – સંગ્રહ

જશવિલાસ

૧ નવનિધાન-સ્તવનો

૨ વિશિષ્ટજિન-સ્તવનો

૩ સામાન્ય જિન-સ્તવનો

૪ આધ્યાત્મિક પદો

નવનિધાન–સ્તવનો

...o(૭)o...

શ્રી ઋષભદેવ જિન-સ્તવન

—(*)—

[રાગ–રામકલી] (છાપેલ પદ ૨૨ મું)

ઋષભદેવ [૧]હિતકારી, જગતગુરૂ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ બ્રહ્મચારી. જ૦ ૧

વરસી દાન દેઈ તુમ જગમેં, ઈલિતિ ઈતિ નિવારી;
તૈસી કાહી કરતુ નાહી કરના, સાહિબ ઔર હમારી. જ૦ ૨

માગત નહી હમ હાથી ઘોરે, ધન કન કંચન નારી;
દિઐ મોહિ [૨]ચરનકમલકી સેવા, યાહિ લગત [૩]મોહિ પ્યારી. જ૦ ૩

ભવલીલા વાસિત સુર ડારે, તું પર[૪] સબહી ઉવારી;
મે મેરેં મન નિશ્ચલ કીનો,[૫] તુમ આણા શિર ધારી. જ૦ ૪

એસો સાહિબ નહિ કોઉ જગમેં,[૬] યાસું હોય દિલદારી;[૭]
દિલહી દલાલ પ્રેમકે ભિચિં, તિહાં હઠ ખેંચે[૮] ગમારી. જ૦ ૫

તુમહી[૯] સાહિબ મેં હું બંદા, યા મત દિઐ વિસારી;
શ્રીનયવિજય વિબુધ સેવકકે, તુમ હો પરમ ઉપકારી. જ૦ ૬

---

૧ સુખકારી ૨ નિજ ૩ લગે ૪ તો પરિ ૫ કરિ ૬ દેવ નહી દૂજે કાંઈ જગમંઈ ૭ યા સુહાય દિલવારી, દિલયારી ૮ ખાંચિ ૯ તુમહો.

શ્રી અજિતનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ કાફી] (પદ ૪૩)

અજિતદેવ મુજ વાલહા, જ્યું મોરા મેહા; (ટેક)
જ્યું મધુકર મનિ માલતી, પંથી મનિ ગેહા. અ૦ ૧
મેરે મન તું હી રૂચ્યો, પ્રભુ કંચન દેહા;
હરિ બ્રહ્મા પુરંદરા, તુજ આગે કેહા. અ૦ ૨
તું હી અગોચર કો નહીં, સજ્જન ગુન રેહા;
ચાહે તાકું ચાહિયે, ધરી ધર્મ સનેહા. અ૦ ૩
[1]ભગતવચ્છલ જગતારનો, તું બિરૂદ વદેહા;
વીતરાગ હૂઈ વાલહા, કયું [2]કરી ઘા છેહા. અ૦ ૪
જે જિનવર હે ભરતમેં, ઐરવત વિદેહા;
જસ કહે તુજ પદ પ્રણમતેં, [3]સબ પ્રણમે તેહા. અ૦ ૫

શ્રી સંભવનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ ગોડી] (પદ ૪૪)

સંભવ જિન જબ નયન મિલ્યો હો (ટેક)
પ્રગટે પૂરવ પુણ્યકે અંકુર,
તબથેં દિન મોહી સફલ વલ્યો હો.
અંગનમેં અમિયેં મેહ વૂઠે,
[4]જન્મ તાપકો વ્યાપ ગલ્યો હો;

---

૧ ભક્તિ ૨ કમંરી હો છેહા ૩ પ્રણતિ થઈ
૪ મોહ મિથ્યાત્વકો પાઠાં.

બોધ બીજ પ્રગટયો તીહું જગમેં,
તપ સંજમકો ખેત ફલ્યો હો. સં૦ ૧
જૈસી ભક્તિ તૈસી પ્રભુ કરના,
પ્રવેત શંખમેં દૂધ [1]ભલ્યો હો;
દરશનથેં નવનિધિ મેં[2] પાઇ,
દુઃખ દોહગ સવિ દૂર ટલ્યો હો. સં૦ ૨
ડરત ફિરત હે દુરહી દિલથેં,
મોહ મલ્લ જિણે જગત્રય છલ્યો હો;
સમકિત રતન લહું[3] દરિસણુથેં,
અબ નવિ જાઉં કુગતિ રૂલ્યો હો. સં૦ ૩
નેહ નજર ભર નિરખતહી મુઝ,
[4]પ્રભુશું હિયડો હેજ હલ્યો હો;
શ્રી નયવિજય વિબુધ સેવકકું,
સાહિબ સુરતરૂ હોઇ ફલ્યો હો. સં૦ ૪

શ્રી અભિનંદન જિન–સ્તવન

—(*)—

[રાગ નટ] (પદ ૪૫)

પ્રભુ ! તેરે નયનકી હું બલીહારી, (ટેક)
યાકી શોભા વિજીત તપસા, કમલ કરતુ હે જલચારી;
વિધુકે શરણ ગયો મુખ અરીકે, વણુથેં ગગન હરિણ હારી. પ્ર૦ ૧
સહજ હિ અંજન મંજૂલ નીરખત, ખંજન ગર્વ દીયો દારી;
છીન લહીહિ ચકોરકી શોભા, અગ્નિ ભખે સો દુઃખ ભારી. પ્ર૦ ૨

---

૧ મિલ્યો હો. ૨ રિધિ ૩ લેહું ૪ પ્રભુ તેં હિયડો હેજ હલ્યો હો.

ચંચલતા ગુણ લીયેા મીનકેા, અલિ જયું તારા હું કારી;
કહું સુભગતા કેતિ ઇનકી, મેાહી સબહી અમરનારી. પ્ર૦ ૩
ધૂમત હે સમતા રસ માતે, જેસે ગજભર મદવારી;
તીન ભુવનમાં નહી કેા ઇનકેા, અભિનંદન જિન અનુકારી. પ્ર૦ ૪
મેરે મન તેા તુંહી રૂચત હે, પરે કુણ પરકે લારી;
તેરે નયનકી મેરે નયનમેં, જશ કહે દીયેા છબી અવતારી. પ્ર૦ ૫

શ્રી સુમતિનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ માઢ] (પદ ૪૬)

સુમતિનાથ સાચા હેા. (ટેક)
પરિપરિ પરખતહિ ભયા, જૈસા હીર જચા હેા;
ઓર દેવ સવિ પરિહર્યા, મેં જાણી કાચા હેા. સુમતિ૦ ૧
તેસી ક્રિયા હે ખરી, જૈસી તુજ વાચા હેા;
ઓર દેવ સવિ મેાહે ભર્યા, સવિ મિથ્યા માચા હેા. સુમતિ૦ ૨
ચઉરાસી લખ વેષમાં, હું બહુ પરિ નાચા હેા;
સુગતિ દાન દેઈ સાહિબા, અબ કરહેા ઊવાચા હેા. સુમતિ૦ ૩
લાગી અગ્નિ કષાયકી, સબ ઠેારહી આંચા હેા;
રક્ષક જાણી આદર્યા, મેં તુમ સરન સાચા હેા.[1] સુમતિ૦ ૪
પક્ષપાત નહિં કેાઉસું, નહિ લાલચ લાંચા હેા;
શ્રી નયવિજય સુશિષ્યકેા, તેાસું દિલ રાચા હેા. સુમતિ૦ ૫

---

૧ મેં શરણ તુમ્હાંચાહેા.

શ્રી પદ્મપ્રભ જિન-સ્તવન

—(*)—

[રાગ પૂરવી] (પદ ૪૮)

ઘડિ ઘડિ સાંભરે સાંઈ સલૂના, ઘડિ ઘડિ. (ટેક)
પદ્મ પ્રભુ જિન દિલસેં ન વિસરે, માનૂં કિયેા કછુ ગુનકેા દૂના;
દરિસન દેખતહી સુખ પાઉં, તેા બિન હેાત હું ઉના દૂના. ધ૦ ૧

પ્રભુ ગુન જ્ઞાન ધ્યાન વિધિ રચના, પાન સુપારી કાથા ચૂના;
રાગ ભયેા દિલમેં આયેાગેં, રહે છિપાયા ના છાના છૂના. ધ૦ ૨

પ્રભુ ગુન ચિત્ત બાંધ્યેા સભ સાખે, કુન પઇસે લેઈ ઘરકાં ખૂના;
રાગ જગ્યા પ્રભુસું મેાહિ પરગટ, કહેા નયા કેાઉ કહેા જૂના. ધ૦ ૩

લેાકલાજસેં જે ચિત્ત ચેારે, સેા તેા સહજ વિવેકહી સૂના;
પ્રભુગુન[1] ધ્યાન વિગર ભ્રમભૂલા, કરે કિરિયા સેા રાને રૂના. ધ૦ ૪

મેંતેા નેહ કિયેા તેાહિ સાથે, અબ નિવાહેાતેા તેાસેં[2] હૂના;
જશ કહે તેા બિનુ ઓર ન સેવું, અમિય ખાઇ[3] કુન ચાખે લૂના. ધ૦ ૫

શ્રી સુપાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ–યમન કલ્યાણ] (પદ ૪૮)

ઐસેં સામી સુપાર્શ્વસેં દિલ લગા,
દુઃખ ભગા સુખ જગા જગતારણા; (ટેક)

રાજહંસકું માનસરેાવર, રેવા જલ જ્યું વારણા;
ખીર સિંધુ જ્યું હરિકું પ્યારેા જ્ઞાનિકું તત્વ વિચારણા. ઐ૦ ૧

---

૧ જ્યાન. ૨ તેા વઈ. ૩ પાઇ.

મોરકું મેહ ચકોરકું ચંદા, મધુ મનમથ ચિત્ત ઠારના;
ફૂલ અમૂલ ભમરકું અંબહી, કોકિલકું સુખકારના. ઐ૦ ૨
સીતાકું રામ કામ જયું રતિકું, પંથીકું ઘર-બારના;
દાનીકું ત્યાગ યાગ બંભનકું, યોગીકું સંયમ ધારના. ઐ૦ ૩
નંદન વન જયું સુરકું વલ્લભ, ન્યાયીકું ન્યાય નિહારના;
ત્યું મેરે મન તુંહિ સુહાયેા, ઓર તો ચિત્તમેં ઉતારના. ઐ૦ ૪
શ્રી સુપાર્શ્વ હરિશન પર તેરે, કીજે કોડિ ઉવારના;
શ્રી નયવિજય વિબુધ સેવકકું, દિયેા સમતારસ પારના. ઐ૦ ૫

શ્રી ચંદ્રપ્રભ જિન-સ્તવન

—(*)—

[રાગ રામગ્રી] (પદ ૪૯, ૭, ૬૯)

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે, વદન પુનમચંદ રે;
ભવિક લોક ચકોર નિરખત, લહે પરમાનંદ રે. (ટેક)
શ્રી ચં૦ ૧
મહમહે મહિમાંએં જસભર, સરસ જસ અરવિંદ રે;
રણઝણે કવિજન ભમર રસિયા, લહિ સુખ મકરંદ રે. શ્રી ચં૦ ૨
જસ નામે દોલત અધિક દિપે, ટલે દોહગ દંડ રે;
જશ ગુન-કથા ભવ-વ્યથા ભાંજે ધ્યાન શિવતરૂ કંદરે. શ્રી ચં. ૩
વિપુલ હૃદય વિશાલ ભુજ યુગ, ચલિતી ચાલ ગયંદ રે;
અતુલ અતિશય મહિમ-મંદિર, પ્રણુત સુરનર વૃંદ રે. શ્રી ચં૦ ૪
મેં હું દાસ ચાકર પ્રભુ! તેરા[1], શિષ્ય તુજ ફરજંદ રે;
જશવિજય વાચક ઈમ વિનવે, ટાલેા મુજ ભવફંદ રે. શ્રી ચં૦ ૫

---

૧ હું દાસ ચાકર દેવ! તોરા.

શ્રી સુવિધિનાથ જિન–સ્તવન

—(*)—

[રાગ કેદારો] (પદ ૫૦)

મેં કીનો નહીં તો જિન ઓરશું રાગ. (ટેક)
દિન દિન વાન ચઢત ગુન તેરો, જ્યું કંચન પરભાગ;
ઓરનમેં હે કષાયકી કાલિમા[૧], સો કયું સેવા લાગ. મેં૦ ૧
રાજહંસ તું માનસરોવર[૨], ઓર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગમ ગરૂડ તું કહિયે, ઓર વિષય વિષનાગ. મેં૦ ૨
ઓર દેવ[૩] જલ છીલર સરિખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરૂ જગવંછિતપૂરન, ઓર તો સુકે[૪] સાગ, મેં૦ ૩
તું પુરૂષોત્તમ તુંહિ નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા તું બુદ્ધ[૫] મહાબલ, તુંહિ દેવ વીતરાગ, મેં૦ ૪
સુવિધિનાથ તુજ ગુન ફૂલનકો, મેરો દિલ હે બાગ;
જશ કહે ભમર[૬] રસિક હોઇ[૭] તામેં, લીજે ભક્તિ પરાગ. મેં૦ ૫

—આ ઋષભદેવથી સુવિધિનાથ સુધીનાં નવ સ્તવનોને એક પ્રતમાં 'નવનિધાન નવસ્તવન' કહ્યાં છે, તેથી આનું મથાળું 'નવનિધાન સ્તવનો રાખ્યું છે. તે પ્રતમાં અંતે એમ લખ્યું છે કે:—'નવનિધાંન નવસ્તવન' સંપૂર્ણઃ મતિ શ્રેય. | સંવત્ ૧૮૬૪ વર્ષે[૮] મૃગસીર સુદ ૬ દિને શ્રી લખીતં શ્રી ઋષભવિજયગણી સ્વઅર્થે[૯] શ્રી ચાણસમા નગરે ભટ્ટેવાજી પ્રાસાદાત્ શ્રી શ્રી' પત્ર ૨ પંક્તિ ૬રેકમાં ૧૫–મુનિ જશવિજય પાસેનો સંગ્રહ.

બીજી પ્રત પાટણના ફોફલીયા પાડાના ભંડારમાં દાબડો ૮૨ પ્રત નં. ૧૬૦ છે તેમાં છેવટે આ નવસ્તવન લખેલાં છે.

---

૧. કલિકા ૨. જ્ઞાન સરોવર તે. ૩. અલપ. ૪. સુકો. ૫ બુદ્ધિ. ૬. ભક્તિ. ૭. કહું.

વિશિષ્ટ જિન-સ્તવનો

શ્રી આદિનાથ જિન-સ્તવન

—(*)—

[રામ કહેા રહેમાન કહેા-એ દેશી]

'તારન તરન' કહાવત હેા, જ્યું આપ તરે હમહીકેા તારેા;
આદિનાથ પ્રભુ તુમ્હારી કીરતિ, તાહીકેા તુમ અર્થ બિચારેા. ૧

'પહેલે તારક' આપ કહાવત, તાકે પીછે તરહ ઉવારેા;
સેા તુમ આપ તરે પહેલેહી, અજહુતેા પ્રભુ મેાહે ન સંભારેા. ૨

'દીન દયાલ' ઉચિત યુંહીશ્રી, દીન સહિત શિવ માંહી સીધારેા;
ઉચિત કહા તુમ ભઇઠે શિવમેં, હમ જગમાંહી કરત પુકારેા. ૩

તુમ તેા 'જગનાયક' 'શિવ લાયક', દેખેા કેાઉ દિન ગવારેા;
પહેલે પાર કરેા ગરીબનકું, આપ હુતે સબ પીછે પારેા. ૪

જો કીની સેા આછી કીની અબ મેારી બીનતી અવધારેા;
ચરન ગ્રહી તુમહી તારેાગે, સેવક જશ લહ્યો શરન તુમારેા. ૫

શ્રી આદિનાથ જિન-સ્તવન

—(*)—

[રાગ-ગેાડ સારંગ તથા પૂર્વી] (પદ ૧૦)

પસારી કર લીજે, ઈક્ષુરસ ભગવાન !
ચઢત શિખા શ્રેયંસ કુમરકી, માનું નિરમલ ધ્યાન. પ૦ ૧ (ટેક)
મેં પુરૂષેાત્તમ-કરકી ગંગા, તુંતેા ચરન નિદાન;
ઇતિ ગંગા અંબર તરજનકું, માનું ચલી અસમાન. પ૦ ૨

કીધો વિધુ બિંબ સુધા શું ચાહુત, આપ મધુરતા માન;
કીધો દાયકકી પુણ્ય પરંપર, દાખત સરગ વિમાન. ૫૦ ૩

પ્રભુ-કરેં ઇક્ષુરસ દેખી કરત હે, ઐસી ઉપમા જાન;
જશ કહે ચિત્ત વિત્ત પાત્ર મિલાવે, યું ભવિકું જિન-ભાન. ૫૦ ૪

શ્રી ઋષભદેવ જિન-સ્તવન

(૩)

—(*)—

રાગ-જોડી સારંગ (પદ ૬૩)

(વિમાચલ પર દાદાની અજબ જટા—એ દેશી)

તુહારે શિર રાજત અજબ જટા.
છારયે માનું ગયન[૧] ન છારત, સીસ[૨] સણુગાર છઢા; તુહારે૦ ૧

કિયું ગંગા અમરી સસુર સેવત, યમુના ઉભય તટા;
ગિરિવર શિખરેં એહ અનોપમ, ઉન્નત મેઘ-ઘટા; તુહારે૦ ૨

કેસે બાલ લગેઉ ભવિ ભવ-જલ, તારત અતિ વિકટા;
હરિ કહે જશ પ્રભુ ઋષભ રખોએ, હમહિં અતિ
ઉલટા; તુહારે૦ ૩

૧-ગયલ ૨-સીસ. ૩-કિસી વાર લાગે.

શ્રી શીતલનાથ જિન-સ્તવન

—(*)—

રાગ-અડાણો (૫૬ ૧૧)

શીતલ જિન મોહિ પ્યારા.
સાહિબ શીતલ જિન મોહે પ્યારા. (ટેક)
ભુવન વિરોચન પંકજ લોચન, જિઉકે જિઉ હમારા; શી૦ ૧

જ્યોતિશું જ્યોત મિલત જબ ધ્યાવે[1] હોવત નહિ તબ ન્યારા;
આંધી મૂઠી ખુલે ભવ માયા, મિટે મહા ભ્રમ ભારા; શી૦ ૨

તુમ ન્યારે તબ સબહિ ન્યારા, અંતર કુટુંબ ઉદ્ધારા;
તુમહી નજિક નજિક હે સબહી, ઋદ્ધિ અનંત અપારા; શી૦ ૩

વિષય લગનકી અગનિ બૂજાવત, તુમ ગુન અનુભવ ધારા;
ભઈ મગનતા તુમ ગુન રસકી, કુન કંચન કુન દારા; શી૦ ૪

શીતલતા ગુન હોર કરત તુમ, ચંદન કાહુ બિચારા ?
નામહીં તુમ તાપ હરત હે, વાકું ઘસત ઘસારા; શી૦ ૫

કરહુ કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા;
જશ કહે જનમ મરણ ભય ભાગો, તુમ નામે ભવપારા; શી૦ ૬

૧-ધ્યાને

શ્રી શાંતિનાથ જિન-સ્તવન

—(*)—

ધ્યાન-મગ્નતા

રાગ-સારંગ (પદ ૧૬)

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં; ટેક
બિસર ગઈ દુવિધા તન મનકી, અચિરા સુત
ગુન જ્ઞાનમેં; હમ૦ ૧

હરિ હર બ્રહ્મ પુરંદરકી ઋદ્ધિ, આવત નાંહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મૌજ મચી હે, સમતા-રસ કે પાનમેં; હમ૦ ૨

ઇતને દિન તું નાંહિ પિછાન્યો, મેરો જન્મ[1] ગમાયો[2] અજ્ઞાનમેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુન અખય ખજાનમેં; હમ૦ ૩

ગઈ-દીનતા સબહી હમારી, પ્રભુ! તુજ સમકિત દાનમેં;
પ્રભુ-ગુન-અનુભવકે રસ[3] આગેં, આવત નાંહિ કોઉ
માનમેં; હમ૦ ૪

જિનહિ પાયા તિનહી છિપાયા, ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ જાને[4] કોઉ સાંનમેં; હમ૦ ૫

પ્રભુગુન અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં;
વાચક જશ કહે મોહ મહા અરિ, જીત લીયો હે
મૈદાનમેં હમ૦ ૬

૧-જનમ, ૨-ગયોસો. ૩-અનુભસ રસકે. ૪-સમજે.

શ્રી નેમિનાથ જિન-સ્તવન

—(*)—

(૧)

તુજ દરીશન દીઠું અમૃત મીઠું લાગે રે, યાદવજી !
ખીણ ખીણ મુજ તુજશું ધર્મ સનેહો જાગે રે, યાદવજી !
તું દાતા ત્રાતા ભ્રાતા માતા તાત રે, યાદવજી !
તુજ ગુણના મોટા જગમાં છે અવદાત રે, યાદવજી ! ૧
કાચે રતી માંડે સુરમણિ છાંડે કુણ રે ? યાદવજી !
લાઈ સાકર મૂકી કુણ વળી ચૂકી લુણ રે, યાદવજી !
મુજ મન ન સુહાયે તુજ વિણ બીજો દેવ રે, યાદવજી !
હું અહનિશી ચાહું તુજ પય-પંકજ-સેવ રે, યાદવજી ! ૨
સુર નંદન હે બાગજ જિમ રહેવા સંગ રે, યાદવજી !
જિમ પંકજ ભૃંગા શંકર ગંગા રંગ રે, યાદવજી !
જિમ ચંદ ચકોરા મેહા મોરા પ્રિતી રે, યાદવજી !
તુજમાં હું ચાહું તુજ ગુણને જોગે તે છતી રે, યાદવજી ! ૩
મેં તુમને ધાર્યા વિસાર્યા નવિ જાય રે, યાદવજી !
દિન રાતે ભાતે ધ્યાઉં તો સુખ થાય રે, યાદવજી !
દીલ કરૂણા આણો જો તુમ જાણો રાગ રે, યાદવજી !
દાખો એક વેરા ભવજલ કેરા તાગ રે, યાદવજી ! ૪
દુઃખ ટલીયો મીલીયો આપે મુજ જગનાથ રે, યાદવજી !
સમતા રસ ભરીયો ગુણ ગણ દરીયો શિવ સાથ રે, યાદવજી !
તુજ સુખડું દીઠે દુઃખ નીઠે સુખ હોઈ રે, યાદવજી !
વાચક જશ બોલે નહિ તુજ તોલે કોઈ રે, યાદવજી !
વૈરાગી રે, સોભાગી રે, યાદવજી ! ૫

રાજુલ-નિવેદન

(૨)

—(*)—

રાગ–કાફી[૧] (પદ ૧૭)

[ભાવતહેં મોહે શ્યામ કન્હઈઓ—એ દેશી]

દેખત હી ચિત્ત ચોર લિયો હે, દેખત હી ચિત્ત ચોર લિયો;
સામકો નામ રૂચત[૨] મોહિ અહનિશી, સામ બિના કહા
કાજ જિયો.[૩]; દેખતહી૦ ૧

સિદ્ધિવધૂકે લિયે મુઝ છોરી, પશુઅનકે શિર દોષ દિયો;
પરકી પીર ન જાનત[૪] તાસો, વૈર વસાયો જો નેહ કિયો;
દેખતહી૦ ૨

પ્રાન ધરત મેં પ્રાનપિયા બિન, વજ્રહિયેં મોહિ કઠિન હિયો;
જશ પ્રભુ નેમિ મિલે દુઃખ ડાર્યો, રાજુલ શિવ સુખ
અમૃત પિયો; દેખતહી૦ ૩

પ્રભુનું અદ્‌ભુત રૂપ

(૩)

—(*)—

રાગ–દેવગંધાર (પદ ૩૨)

દેખો માઈ! અજબ રૂપ જિનજીકો; દેખો૫૦ ટેક

પાઠાંતર–૧–માંકિ કાફી, માંઝિ કાફી. ૨–રૂચે ૩–જીવો. ૪–જાને, ૫–દેખ્યો,

ઉનકે આગે ઓર સબહુંકો[૧], રૂપ લગે મોહે ફીકો; દેખો૦ ૧
લોચન કરૂના-અમૃત-કચોલે, મુખ સોહે અતિ નીકો;
કવિ જશવિજય કહે યોં[૨] સાહિબ, નેમજી ત્રિભુવન ટીકો;
દેખો૦ ૨

શ્રી પાર્શ્વનાથ જિન-સ્તવનો

(૧)

—(*)—

રાગ-ધમાલ

ચિદાનંદઘન પરમ નિરંજન, જન મન રંજન દેવ લલના!
વામાનંદન જિનપતિ થુણીએ, સુરપતિ જસ કરે સેવ,
મનમોહન જિનજી ભેટીએ હો; (ટેક)
અહો મેરે લલના! મેટીએ પાપકો પૂર, મનમોહન જિનજી૦ ૧
કેસરબોળી ઘસી ઘનચંદન, આનંદન ઘનસાર, લલના!
પ્રભુજીકી પૂજા કરી[૩] મન રંગે, પાઇએ પુન્ય અપાર[૪];
મન૦ ૨

જાઈ જૂઈ ચંપક કેતકી, દમણો ને મચકુંદ, લલના!
કુંદ પિયંગુ[૫] રૂચી સુંદર જોડી, પૂજીએ પાસ જિણંદ;
મન૦ ૩

અંગી[૬] ચંગી અંગ[૭] બનાઈ, અલંકાર અતિસાર, લલના!
દ્રવ્યસ્તવ વિધિ પૂરણ વિરચિ[૮], ભાવીએ ભાવ ઉદાર;
મન૦ ૪

૧-સબનકો ૨-એ. ૩-કરો. ૪-સકાર. ૫-ઈંકુ. ૬-અંગે. ૭-અંગી. ૮-ચિરચી.

પરમાતમ પૂરણ ગુણ પરતક્ષ[૧], પુરૂષોત્તમ પરધાન, લ૦
પ્રગટ પરભાવ પ્રભાવતી વલ્લભ, તું જયો સુગુણ નિધાન;
મન૦ ૫

જો તુજ ભકિત મયુરી[૨] મુજ મન, વન વિચરે અતિ ચિત્ત; લ૦
દુરિત ભુજંગમ બંધન ત્રૂટે, તું સઘલો જગ મિત્ત;
મન૦ ૬

તુજ આણા સુરવેલી મુજ મન, નંદન વન જિહાં રૂઢ, લ૦
કુમતિ કદાગ્રહ કંટક શાખી, સંભવે તિહાં નહીં ગૂઢ;
મન૦ ૭

ભકિત રાગ તુજ આણ આરાધન, દોય ચક્ર સંચાર, લ૦
સહસ અઢાર સીલાંગરથ ચાલે, વિઘન રહિત શિવ દુવાર[૩];
મન૦ ૮

ગુરૂ ઉપદેશે જો મુજ લાધ્યો, તુજ શાસનકો રાગ, લ૦
મહાનંદ પદ ખેંચ લીએંગો, જયું અલિ કુસુમ પરાગ;
મન૦ ૯

બાહિર મન નિકસત નાંહિ ચાહત, તુજ શાસનમેં લીન, લ૦
ઉમગ નિમગ કરી નિજપદ રહેવે, જયું જલ નિધિ માંહિ[૪] મીન;
મન૦ ૧૦

મુજ તુજ શાસન અનુભવકો રસ, કયું કરી જાણે લોગ, લ૦
અપરિણીત કન્યા નવિ જાણે, જયું સુખ દયિત સંયોગ[૫];
મન૦ ૧૧

ઓરનકી ગણના[૬] નાંહિ પાઉં, જો તું સાહિબ એક, લ૦
ફલે વાસના દઢ નિજ મનકી, જો અવિચલ હોય[૭] ટેક;
મન૦ ૧૨

૧–પ્રત્યક્ષ. ૨–મોરી. ૩–ધાર ૪–જલ. ૫–સંભોગ ૬ ગણતી. ૭–પદ.

તું સાહિબ હું સેવક તેરા, એ વ્યવહાર વિભાગ, લ૦
નિશ્ચય નય મત દોનું બિચે, હોય[1] નાંહિ ભેદકો લાગ;
મન૦ ૧૩

મન વચનાદિ પુદ્ગલ ન્યારા, નાસે[2] સકલ વિભાવ, લ૦
શુદ્ધ દ્રવ્ય ગુન પર્યાય ઘટના, તુજ સમ શુદ્ધ સ્વભાવ;
મન૦ ૧૪

તું ઘટ અંતર પ્રગટ વિરાજે, જ્યું નિર્મલ ગુણ[3] કાંત, લ૦
બાહિર ઢુંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ મન[4] ભ્રાંત;
મન૦ ૧૫

ગુણ ઠાણાદિક ભાવે મિશ્રિત, સબમેં હૈ[5] તુજ અંસ, લ૦
ખીર નીર જ્યું ભિન્ન કરત હે, ઉજ્વલ અનુભવ હંસ;
મન૦ ૧૬

આતમ જ્ઞાન દશા જસ જાગી, વૈરાગી તુજ જ્યાન, લ૦
સો પાવે જ્યું રતન પરીક્ષા, પરખત[6] રતન પ્રધાન;
મન૦ ૧૭

પુન્ય પ્રગટ દેવનકો લછન[7], મૂઢ લહે નાંહિ ધર્મ; લ૦
જ્યું પિયરાકું કંચન માને, લહે નાંહી અંતર મર્મ;
મન૦ ૧૮

ગંધ-રૂપ-રસ-ફરસ-વિવર્જિત, ન ધરત હે[8] સંઠાણ, લ૦
અન અવતાર અશરીર અવેદી, તું પ્રભુ સિદ્ધ[9] પ્રમાણ;
મન૦ ૧૯

કેવલજ્ઞાનદશા અવલોકી, લોકાલોક પ્રમાણ, લ૦
દર્શન-વીર્ય-ચરણ-ગુણધારી, શાશ્વતાં[10] સુખ અહિઠાણ;
મન૦ ૨૦

૧-કોય-હૈ. ૨-ન્યારા. ૩-મણિ. ૪-મૃગ. ૫-માંહિ. ૬-પેખત. ૭-કારણ ૮-ધરે તિહાં. ૯-શુદ્ધ. ૧૦-શાશ્વત.

સત્તા શુદ્ધ અરૂપી તેરી, નહિ જગકો વ્યવહાર, લ૦
કા કહીએ કછુ કહ્યો ન જાએ[૧], તું પ્રભુ અલખ અપાર;
મન૦ ૨૧

દીપ ચંદ્ર રવિ ગ્રહ ગણ કેરો, જિહાં પસરત નાંહિ તેજ, લ૦
તિહાં એક તુજ ધામ વિરાજે, નિર્મલ ચેતના સેજ[૨];
મન૦ ૨૨

આદિરહિત અજરામર નિર્ભય, વ્યાપક એક અનંત, લ૦
શુદ્ધ પ્રકૃતિ અક્ષયિ[૩] અમાયિ, તું પ્રભુ બહુ ગુણવંત;
મન૦ ૨૩

તું માતા તું ત્રાતા ભ્રાતા, પિતા બંધુ તું મિત્ત, લ૦
શરણ તુંહી તુજ સેવા કીજે, દૃઢ કરી એકજ[૪] ચિત્ત;
મન૦ ૨૪

પાસ આસ પૂરો અબ મેરી, અરજ એક અવધાર, લ૦
શ્રી નયવિજય વિબુધ પાય સેવક, જશ કહે ભવજલ તાર;
મન૦ ૨૫

ભાવપૂજા રહસ્ય

(૨)

—(*)—

[શાલિભદ્ર ભોગી રહ્યો—એ દેશી]

પૂજા વિધિ માંહે ભાવિયેજી, અંતરંગ જે ભાવ;
તે સવિ તુજ આગળ કહુંજી, સાહેબ સરલ સ્વભાવ,
સુહંકર! અવધારો પ્રભુપાસ!—એ આંકણી ૨

૧–કહેત ન આવે. ૨–ચેતન સહજ. ૩–અકષાયી. ૪–તનુ વચ;

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુગુણજલ મુખ શુદ્ધ;
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુઝ નિર્મલ બુદ્ધ; સુહંકર! ૨
જતનાયે સ્નાન કરીજીએજી, કાઢો મેલ મિથ્યાત;
અંગુછો અંગ શોષવીજી, જાણું હું અવદાત; સુહંકર! ૩
ક્ષીરોદકનાં ધોતીયાંજી, ચિંતવો ચિત્ત સંતોષ;
અષ્ટ કર્મ-સંવર ભલોજી, આઠ પડો મુહકોષ; સુહંકર! ૪
ઓરસીયો એકાગ્રતાજી, કેસર ભક્તિ કલ્લોલ;
શ્રદ્ધા ચંદન ચિંતવોજી, ધ્યાન ઘોલરંગરોલ; સુહંકર! ૫
ભાલ વહું આણા ભલીજી, તિલક તણો તે ભાવ.
જે આભરણ ઉતારીયેંજી, તે ઉતારો પરભાવ; સુહંકર! ૬
જે નિર્માલ્ય ઉતારીયેંજી, તે તો ચિત્ત ઉપાધિ;
પખાલ કરતાં ચિંતવોજી. નિર્મલ ચિત્ત સમાધિ; સુહંકર! ૭
અંગલૂહણાં બે ધર્મનાંજી, આત્મ સ્વભાવ જે અંગ;
જે આભરણ પહેરાવીએજી, તે સ્વભાવ નિજ ચંગ; સુહંકર! ૮
જે નવવાડ વિશુદ્ધતાજી, તે પૂજા નવ અંગ;
પંચાચાર-વિશુદ્ધતાજી, તેહ ફૂલ પંચરંગ; સુહંકર! ૯
દીવો કરતાં ચિંતવોજી, જ્ઞાન-દીપક સુપ્રકાશ;
નય ચિંતા ઘૃત પૂરિયુંજી, તત્ત્વ પાત્ર સુવિલાસ; સુહંકર! ૧૦
ધૂપ રૂપ અતિ કાર્યતાજી; કૃષ્ણાગરૂનો જોગ;
શુદ્ધ વાસના મહમહેજી, તે તો અનુભવ યોગ; સુહંકર! ૧૧
મદ-સ્થાનક અડ છાંડવાંજી, તેહ અષ્ટ મંગલિક;
જે નેવેદ્ય નિવેદીયેંજી, તે મન નિશ્ચલ ઠેક; સુહંકર! ૧૨

લવણ ઉતારી ભાવીએજી, કૃત્રિમ ધર્મનો રે ત્યાગ;
મંગલ દીવો અતિ ભલોજી, શુદ્ધ ધર્મ પરભાગ; સુહંકર! ૧૩

ગીત નૃત્ય વાજિંત્રનોજી, નાદ અનાહત સાર;
શમ–રતિ રમણી જે કરીજી, તે સાચો થેઈકાર; સુહંકર! ૧૪

ભાવ પૂજા એમ સાચવીજી, સત્ય વજાએ રે ઘંટ;
ત્રિભુવન માંહે તે વિસ્તરેજી ટાલે કર્મનો કંટ; સુહંકર! ૧૫

એણી પરે ભાવના ભાવતાંજી, સાહેબ જશ સુપ્રસન્ન;
જનમ સફલ જગ તેહનોજી, તે પુરૂષ ધન્ન ધન્ન; સુહંકર! ૧૬

પરમ પુરૂષ પ્રભુ સામલાજી, માનો એ મુજ સેવ;
દૂર કરો ભવ–આમલાજી, વાચક જશ કહે દેવ; સુહંકર! ૧૭

આ સ્તવન સાથે ઉપાધ્યાયજીનું 'ભાવપૂજાષ્ટક' તેમની પ્રસિદ્ધ કૃતિ 'જ્ઞાનસાર'માંથી અત્ર સાર્થ આપવામાં આવે છે, તેની સાથે સરખાવો :—

दयांभसा कृतस्नान, संतोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ॥ १ ॥

*

भक्तिश्रद्धानघृसृणो, –न्मिश्रकश्मीरजद्रवैः ।
नवब्रह्मांगतो देवं, शुद्धमात्मानमर्चय ॥ २ ॥

*

क्षमापुष्पस्रजं धर्म–युग्मक्षौमद्वयं तथा ।
ध्यानाभरणसारं च तदंगे विनिवेशय ॥ ३ ॥

*

मदस्थानभिदात्यागै,-र्लिक्षाग्रे चाष्टमंगलीं ।
ज्ञानाग्नौ शुभसंकल्प,-काकतुंडं च धूपय ॥ ४ ॥

*

प्राग्धर्मलवणोत्तारं, धर्मं संन्यासवन्हिना ।
कुर्वन् पूरय सामर्थ्य-राजन्नीराजनाविधिं ॥ ५ ॥

*

स्फुरन्मंगलदीपं च, स्थापयानुभवं पुरः ।
योगनृत्यपरस्तौर्य - त्रिकसंयमवान्भव ॥ ६ ॥

*

उल्लसन्मनसः सत्य,-घंटां वादयतस्तव ।
भावपूजारतस्येत्थं, करकोडे महोदयः ॥ ७ ॥

*

द्रव्यपूजोचिता भेदो,-पासना गृहमेधिनां ।
भावपूजा तु साधूना-मभेदोपासनात्मिका ॥ ८ ॥

*

દયારૂપી જલથી જેણે સ્નાન કર્યું છે, સંતોષરૂપી શુભ વસ્ત્રો જેણે ધારણ કર્યાં છે, વિવેકરૂપી તિલકથી જે શોભે છે, ભાવનાએ કરીને જેનો આશય પવિત્ર છે, એવા તમે ભક્તિ અને શ્રદ્ધારૂપી કેશરથી મિશ્રિત ચંદને કરીને નવ બ્રહ્માંગે શુદ્ધાત્મારૂપ દેવની પૂજા કરો. ૧-૨

ક્ષમારૂપી પુષ્પનો હાર, (દેશવિરતિ અને સર્વવિરતિ) બે ધર્મરૂપી બે વસ્ત્રો અને ધ્યાનરૂપી શ્રેષ્ઠ આભરણ તે પ્રભુના અંગે સ્થાપો. ૩

મદસ્થાનના (આઠ) પ્રકારોના ત્યાગે કરીને તે દેવની સમક્ષ આઠ મંગળ રચ્યો અને જ્ઞાનાગ્નિને વિષે શુભ સંકલ્પ-રૂપ કૃષ્ણાગરૂનો ધૂપ કરો. ૪

ધર્મ સંન્યાસ રૂપી અગ્નિએ કરીને પૂર્વધર્મોરૂપી લવણોત્તાર કરીને સામર્થ્ય–યોગવડે શોભતી આરતીની વિધિ કરો. ૫

અનુભવ રૂપી સ્ફુરતો મંગળદીપ તે દેવની આગળ સ્થાપો, યોગરૂપી નૃત્યને વિષે તત્પર થાઓ અને ત્રણ તૌર્ય [ઇંદ્રિય, યોગ અને કષાયના નિગ્રહરૂપ] વાદ્યધ્વનિઓરૂપ સંયમવાળા થાઓ. ૬

આ પ્રમાણે ભાવપૂજનને વિષે તત્પર, ઉલ્લાસયુક્ત મનવાળા અને સત્ય ઘંટાનાદ કરનારાઓનો મહોદય હાથની હથેળીમાં છે. ૭

ભેદને વિષે આરાધના રૂપ દ્રવ્યપૂજા ગૃહસ્થોને ઉચિત છે અને અભિન્ન આરાધના સ્વરૂપ ભાવપૂજા સાધુઓને ઉચિત છે.

પ્રભુ ગુણ ગાન મહિમા

(૩)

—(*)—

(રાગ–ધમાલ)

નયરી વાણારસી જાણીયે હો, અશ્વસેન કુલચંદ,
વામાનંદન વંદીયે હો, પાસજી સુરતરૂ કંદ; ભલ જાઉં

પરમેસર નિત્ય ગુણ ગાઈયે હો, અહો મેરે લલના રે
ગાવત શિવસુખ પાઈયે હો. એ આંકણી ૧
ફણિધર લંછન નવ કર જિનજી, સબલ ઘનાઘન સાર, બલ૦
સંજમ લેઈ શત તીનશું હો, સવિ કહે તું ધન્ય ધન્ય; પર૦ ૨
વરસ સત એક આઉખું હો, સીધ્યા સમેત ગીરીસ, બલ૦
સોલ સહસ મુનિ તુમ તણા હો, સાહુણી સહસ અડત્રીસ; પર૦ ૩
ધરણ ઇંદ્ર પદ્માવતી હો, પ્રભુ શાસન રખવાલ, બલ૦
રોગ શોગ સંકટ ટલે હો, નામ જપતાં જપમાલ; પર૦ ૪
પાસ આસ પૂરો અબ મેરી, અરજ એક અવધાર, બલ૦
શ્રી નયવિજય વિબુધ પદ સેવી, જશ કહે ભવજલ તાર; પર૦ ૫

હૃદય પ્રાર્થના

(૪)

—*)—

રાગ—ધન્યાશ્રી, યા કાનડો દરબારી (પદ ૧૨)

[મંજુલ રચન રતન રચિત સિંહાસન—એ દેશી]

વામાનંદન જગદાનંદન, સેવકજન—આસા—વિસરામ;
નેક નિજર કરી મોહિપર[૧] નિરખો, તુમહો કરુના
રસ કે ધામ. (ટેક) વામા૦ ૧

ઇતની ભૂમિ પ્રભુ તુમહી આન્યો, પરિ પરિ બહુત બઢાઈ મામ;
અબ દુચાર[૨] ગુનઠાન બઢાવત[૩], લાગત હે કહા[૪] તુમકું
દામ. વામા૦ ૨

૧–મોહિ ઉપર ૨–દો ચાર. ૩–ચઢાવત ૪–કહો.

અહનિશી ધ્યાન ધરૂં હું તેરા, મુખથી ન વિસારૂં તુમ નામ;[૧]
શ્રી નયવિજય વિબુધ વર સેવક, કહે તુમ મેરે આતમ–
રામ. વામા૦ ૩

પ્રભુ સેવા
(૫)
—(*)—

રાગ નટ (પદ ૨૪મું)

સુખદાઈ રે સુખદાઈ દાદો પાશજી સુખદાઈ;
એસો સાહિબ નહિ કોઉ જગમેં, સેવા કીજે દીલ લાઈ. સુ૦ ૧
સુભ સુખદાઈ એહિજ નાયક[૨], એહિ સાયક સુસહાઈ;
કિંકરકું કરે શંકર સરિસો, આપે અપની ઠકુરાઈ. સુ૦ ૨
મંગલ રંગ વધે પ્રભુ ધ્યાને, પાપ વેલી જાએ કરમાઈ;
શીતલતા પ્રગટે ઘટ અંતર, મિટે મોહકી ગરમાઈ. સુ૦ ૩
કહા કરૂં સુરતરૂ ચિંતામણિકું, જો મેં પ્રભુ સેવા પાઈ,
શ્રી જશવિજય કહે દર્શન દેખ્યો, ઘર–અંગન નવનિધિ
આઈ. સુ૦ ૪

સેવાની રીત
(૬)
—(*)—

રાગ મિલાઉલ (પદ ૮મું)

મેરે સાહિબ તુમહિ હો, પ્રભુ[૩] પાસ જીણુંદા !
ખિજમતગાર ગરીબ હું, મે તેરા બંદા. (ટેક) મેરે૦ ૧

૧–મુખ ન મેલું તેરા નામ. ૨–એહનિનાયક. ૩–શ્રી.

મેં ચકોર કરું ચાકરી, જબ તુમહિ[૧] ચંદા;
ચકવાક મેં હુઈ રહું, જબ તુમહિ દિણંદા. મેરે૦ ૨
મધુકર પરિ મેં રનઝનું,[૨] જબ તુમ અરવિંદા;
ભક્તિ કરું ખગપતિ પરિ, જબ તુમહિ ગોવિંદા. મેર૦ ૩
તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મેં શિખિનંદા;
તુમ સાયર જબ મેં તદા, સુર સરિતા અમંદા. મેરે૦ ૪
દૂર કરો દાદા પાશજી !, ભવ-દુઃખકા ફંદા;
વાચક જશ કહે દાસકું, દિયો[૩] પરમાનંદા. મેરે૦ ૫

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ જિન-સ્તવન

(૧)

—(*)—

રાગ કલ્યાણ (પદ ૧૮ મું)

સહુને પ્રભુ ભેટે, અંતરીક પ્રભુ ભેટે; (ટેક)
જગત વચ્છલ હિતદાઈ, સહુને પ્રભુ ભેટે;
મોહ ચોર જબ જોર ફિરાવત, તબ સમરવો પ્રભુ નેટે. સ૦ ૧
ચોર સખાઈ ચાર દિવસકે, સાચ સખા પ્રભુ ભેટે;
ઈતનો આપ વિવેક વિચારે, માયામેં મત લેટે. સ૦ ૨
ભામણડે તો ભૂખ ન ભાંગે, બિનું ભોજન ગયે પેટે;
ભગવંત ભક્તિ બિના સવિ નિષ્ફલ, જશ કહે ભક્તિ[૪]મેં
ભેટે સ૦ ૩

૧–તુમહો. ૨–રુનજનું. ૩–દીજે. ૪–ભક્તિ મ મેટે.

પ્રભુ મહિમા

(૨)

—(*)—

જય જય જય જય પાસ જિણુંદ; ટેક
અંતરિક પ્રભુ ત્રિભુવન તારન, ભવિક કમલ ઉલ્લાસ દિણુંદ;
જય૦ ૧

તેરે ચરન શરન મેં કીને, તૂં મિનુ કુન તોરે ભવ ફંદ;
પરમ પુરૂષ પરમારથ-દર્શી, તૂ દિયે ભવિકકું પરમાનંદ;
જય૦ ૨

તૂં નાયક તૂં શિવસુખ-દાયક, તૂં હિતચિંતક તૂં સુખકંદ;
તૂં જનરંજન તૂં ભવભંજન, તૂં કેવલ-કમલા-ગોવિંદ;
જય૦ ૩

કોડિ દેવ મિલિકે કર ન શકે, એક અંગુઠ રૂપ પ્રતિછંદ;
ઐસો અદ્‌ભુત રૂપ તિહારો, વરસત માનું અમૃતકો બુંદ;
જય૦ ૪

મેરે મન મધુકરકે મોહન, તુમ હો વિમલ સદલ અરવિંદ;
નયન ચકોર વિલાસ કરતુ હે, દેખત તુમ મુખ પુરનચંદ;
જય૦ ૫

દૂર જાવે પ્રભુ! તુમ દરિશનમેં, દુઃખ-દોહગ-દાલિદ્ર-અઘ-દંદ;
વાચક જશ કહે સહસ ફલતેં તુમ હો, જે બોલે તુમ
ગુનકે વૃંદ; જય૦ ૬

શ્રી ગોડી પાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

ત્રિગડઇ પ્રભુ સોહઇ રે—એ રાગ

ગોડી પ્રભુ ગાજઇ રે, ઠકુરાઈ છાજઇ રે,
અતિ તાજઇ દિવાજઇ, રાજઇ રાજિઓ રે. ૧

શરણાગત ત્રાતા રે, તૂં દોલતિ દાતા રે,
હવઇ દીજઇ મુઝ સાતા, સમકિત શુદ્ધિની રે. ૨

હૂં તુઝ ગુણરંગી રે, તૂં સહજ નિઃસંગી રે,
તોઇ પ્રીતિ એકંગી, અંગીકરિ રહું રે. ૩

કેતૂં તુઝ કહિઇ રે, જો બાંહિ ગ્રહિઇ રે,
તો પ્રેમ નિરવહિઇ, વારૂ વાલહા રે. ૪

ઉત્તમ ગુણ ઠાણઇ રે તૂહિજ મુઝ અણઇ રે,
હવઇ ટાણઇ સ્યૂં તાણઇ, શિવસુખ આપવા રે? ૫

સ્યૂં થાઓ ઉદાસી રે, જોઓ હૃદય વિમાસી રે,
તુઝ ચરણ ઉપાસી, હાંસી કિમ સહૂં રે! ૬

હાંસી એ મોટી રે, જે આશા ખોટી રે,
ધરિ જ્ઞાન કોટી રે, પણિ ભવવશ હુઇ રે. ૭

જો સનમુખ દેખઇ રે, સવિ આવઇ લેખઇ રે,
તો કાંઇ ઉવેખઇ, થોડઇ કારણઇ રે. ૮

યાચક બહુ યાચઇ રે, વલી નચ્યો નાચઇ રે,
તેહથી ફરમ નિકાચઇ, દાતા વિણ દિઇ રે. ૯

તે સઘલું જાણો રે, શ્યું મહિર ન આણો રે,
હું છું સપરાણો, તુઝ આસિરઇં રે. ૧૦
મુઝ લાજ વધારી રે, આપી મતિ સારી રે,
હવઇ પ્યારી શિવનારી, પ્રભુ! પરણાવિઇં રે. ૧૧
નહી કો તુઝ તોલઇં રે, તુઝ વયણે મનિ ડોલઇં રે,
સેવક [1]જશ બોલઇં, તું જગગુરૂ જયો રે. ૧૧

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

મુક્તિ યાચના

શ્રી ચિંતામણી પાર્શ્વજી રે! વાત સુણો એક મોરી રે;
માહરા મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે.
શ્રી૦ ૧

માહરી ખિજમતમાં ખામી નહિ રે, તાહરે ખોટ ન કાંઇ ખજાને રે;
હુવે દેવાની શી ઢીલ છે? કહેવું તે કહીએ છાને રે શ્રી૦ ૨

તેં ઉરણ સવી પૃથિવી કરી રે, ધન વરસી વરસી-દાને રે;
માહરી વેળા શું એહવા, દીએ વાંછિત વાળો વાન રે શ્રી૦ ૩

હુંતો કેડ ન છોડું તાહરી રે, આપ્યા વિણ શિવસુખ સ્વામી રે;
મૂરખ તે ઓછે માનશે, ચીંતામણી કરતલ પામી રે. શ્રી૦ ૪

---

૧ આ સ્તવનની નકલ કર્તાના સ્વહસ્તાક્ષરથી લખેલ પ્રતપરથી લીધેલ છે. ચાલુ ભાષામાં 'ઇ' ની જગ્યાએ 'એ' વાંચવો.

મત કહરયો તુજ કર્મ નથી રે, કર્મ છે તો તું પામ્યો રે;
મુજ સરીખા કીધા મોટકા, કહો તેણે કાંઈ તુજ થામ્યો રે. શ્રી૦ ૫

કાલ સ્વભાવ ભવિતવ્યતા રે, તે સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસો રે. શ્રી૦ ૬

અમે ભકતે મુક્તિને ખેંચશું રે, જિમ લોહને ચમક પાષાણો રે;
તુમ્હે હેજે હસીને દેખશો, કહસો સેવક છે સપરાણો રે. શ્રી૦ ૭

ભક્તિ આરાધ્યા ફળ દીએ રે, ચિંતામણી પણ પાષાણો રે;
વળી અધિકું કાંઈ કહાવશો, એ ભદ્રક ભકિત તે જાણો રે. શ્રી૦ ૮

બાળક તે જિમ તિમ બોલતો રે, કરે લાડ તાતને આગે રે;
તે તેહશું વંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે. શ્રી૦ ૯

માહરે બનનાકું તે બન્યુંજ છે રે, હું તો લોકને વાત શીખાવું રે;
વાચક જશ કહે સાહિબા, એ ગીતે તુમ ગુણ ગાવું રે. શ્રી૦ ૧૦

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન-સ્તવન

મારી દશા

—(*)—

રાગ–શ્રી રાગ (પદ ૩૦ મું)

અબ મોહી[1] ઐસી આય બની,
શ્રી સંખેસર પાસ જિનેસર, મેરે તું એક ધની[2]. અબ૦ ૧

તું[3] બિનુ કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડિ ગુની;
મેરો મન[4] તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભણી. અ૦ ૨

૧–પ્રભુ! મેરે. ૨–મેરે તું હિજ ધની. ૩–તુમ. ૪–મન હેરે.

તુમ[૧] નામે નવિ સંકટ ચૂરે, નાગરાજ ધરની;
નામ જપું[૨] નિશી વાસર તેરા, એ[૩] શુભ મુજ કરની. અ૦ ૩

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની;
નામ જપું જલધાર તિહાં તુજ, ધારૂં દુઃખ હરની. અ૦ ૪

મિથ્યામતિ બહુ જન હે જગમેં, પદ ન ધરત[૪] ધરની;
ઉનતેં અબ[૫] તુજ ભક્તિ પ્રભાવેં, ભય નહિ એક કની. અ૦ ૫

સજ્જન–નયન સુધારસ–અંજન, દુરજન રવિ[૬] ભરની;
તુજ મૂરતિ નિરખે સો પાવે, સુખ જશ[૭] લીલ ઘની. અ૦ ૬

સુરત મંડન શ્રી પાર્શ્વનાથ જિન–સ્તવન

મુક્તિ–દાનની યાચના

—(*)—

સાહિબા વાસુપૂજ્ય જિણુંદા–એ દેશી (પદ ૬૬ મું)

સૂરતિ મંડન પાસ જિણુંદા, અરજ સુનો ટાલો દુઃખદંદા.
સાહિબા રંગીલા રે હમારા મોહના રે, જીવના રે, એ આંચલી.
તું સાહિબા હૂં છું બંદા, પ્રીત બની જિઉં ક્રઈરવ ચંદા. સા૦૨
તુજસ્યું નેહ નહીં મુજ કાચો, ઘણુંહી ન ભાજઈ હીરો જાચો. સા૦૩
દેતાં દાન તે કાંઈ વિમાસો, લાગઈ મુજ મનિ એહ તમાસો. સા૦૪

૧–તુજ. ૨–જવૌ. ૩–યા. ૪–ધરે. ૫–હમ. ૬–કવિ. ૭–સુજસ.

કેડિ લાગા તે કેડિ ન છોડઇં,
દિએા વંછિત સેવક કર ઓડઇં. સા૦ ૫
અખય ખજાનેા તુઝ નવિ ખૂટઇં,
હાથ થકી તેા સ્યૂં નવિ છૂટઇં. સા૦ ૬
જો ખિજમતિમાં ખામી દાખેા,
તેા પણિ નિજ જાણી હિત રાખેા. સા૦ ૭
જેણિ દીધું છઇં તેહજ દેસ્યઇં,
સેવા કરસ્યઇં તે ફલ લેસ્યઇં. સા૦ ૮
ધેનુ કૂપ આરામ સ્વભાવઇં,
દેતાં દેતાં સંપત્તિ પાવઇં. સા૦ ૯
તિમ મુઝનઇં તુમ્હે જો ગુણ દેસ્યેા,
તેા જગમાં યશ અધિક વહેસ્યેા. સા૦૧૦
અધિકું ઓછું કિસ્યૂં રે કહાવેા,
જિમતિમ સેવક ચિત્ત મનાવેા. સા૦૧૧
માગ્યા વિણ તેા માઇં ન પ્રિસઇં,
એ ઊખાણેા સાચેા દીસઇં. સા૦૧૨
ઇમ જાણીનઇં વીનતી કીજઇં,
મેાહનગારા મુજરેા લીજઇં. સા૦૧૩
[1]વાચક જશ કહઇં ખમિય આસંગેા,
દિએા સિવ સુખ ધરિ અવિહડ રંગેા. સા૦૧૪

---

૧ ઉપાધ્યાયજીના સ્વાક્ષરે લખેલ પરથી નકલ.

શ્રી મહાવીર જિન-સ્તવન

(૧)

—(*)—

રાગ-કાફી હુસેની [જસનપાલા-એ દેશી] (પદ ૨૬)

અથવા

રાગ કાનડો [યા ગતિ કૌન હે સખી ! તોરી-એ દેશી]

સાહિબ ધ્યાયા મન મોહના, અતિ સોહના ભવિ બોહના,
સાહિબ ધ્યાયા૦ (ટેક) ૧

આજથેં સફલ મેરે, માનું ચિંતામણિ પાયા; સાહિબ૦
ચોસઠ ઇંદ્રે મિલિય પૂજ્યેા, ઇંદ્રાની ગુન ગાયા. સાહિબ૦ ૨

જનમ મહોત્સવ કરે દેવ, મેરૂ શિખર લે આયા;
હરિકેા મન સંદેહ જાની, ચરનેં મેરૂ ચલાયા. સાહિબ૦ ૩

અહિ વેતાલ રૂપ દાખી, દેવેં ન વીર ખોભાયા;
પ્રગટ ભયે પાય લાગિ, વીર નામિં બુલાયા. સાહિબ૦ ૪

ઇંદ્ર પૂછે વીર કહે, વ્યાકરન નીપાયા;
મોહથેં નિશાલ-ધરનેં યુહિં વીર પઢાયા. સાહિબ૦ ૫

વરસી દાન દેઈ ધીર, લેઈ વ્રત સુહાયા;
સાલ તલેં ધ્યાન ધ્યાતેં, ઘાતી ઘન ખપાયા. સાહિબ૦ ૬

લહિ અનંત જ્ઞાન આપ, રૂપ ઝગમગાયા;
જશ કહે હમ સોઈ વીર, જ્યેાતિસું જ્યેાતિ મિલાયા.
સાહિબ૦ ૭

શ્રી મહાવીર જિન-સ્તવનો

(૨)

—(*)—

[રાગ-કેદારો દરબારી] (પદ ૨૮)

[આવે હાથી દલસાજ ગાજતે, નેમજી ઘર આવે-એ દેશી]

પ્રભુ બલ દેખી સુરરાજ, લાજતો ઈમ બોલે;
દેખો બલ ભાગ્યો ભ્રમ મેરો કો નહિ જગ તુમ તોલે.
પ્રભુ૦ (ટેક) ૧

ચરન અંગુઠે કંપિત સુરગિરિ, માનુ નાચત ડોલે;
ઈન મિસિ પ્રભુ મોહિ ઉપર તૂઠે, હરખ હિયાકો ખોલે. પ્રભુ૦ ૨
ડરત શેષધર હરત મહોદધિ, ભય ભંગુર ભૂગોલે;
દિશિકુંજર દિગ્મૂઢ ભએ તબ, સબહિ મિલત એક ટોલે પ્રભુ૦ ૩
લીલા બાલ અબાલ પરાક્રમ, તીન ભુવન ધંધોલે;
જશ પ્રભુ વીર! મહેર અબ કીજે, બહુરિ હુ ન પરિ
હૂં ભોલે.[૧] પ્રભુ૦ ૪

શ્રી મહાવીર જિન-સ્તવન

(૩)

—(*)—

[ઉપર પ્રમાણે-એજ દેશી. રાગ-કેદારો દરબારી] (પદ ૨૯)

પ્રભુ ધરી પીઠિ વેતાલ બાલ, સાત તાલલેાં વાધે;
કાલ રૂપ વિકરાલ ભયંકર, લાગત અંબર આધે. પ્રભુ૦ (ટેક) ૧

૧. પાઠાંતર-બહોરિ ન પરિ હૂં ભોલે; પરિહુ-પરિ.

બાલ કહે 'કેા વીર હૈ ગયેા,' પરિજન દેવ આરાધે;
તિલ ત્રિભાગ ચિત્ત વીર ન ખેાજ્યેા, બલ અનંત કુન બાધે. પ્રભુ૦ ૨

બઢત રહે નહિ સુર ભિષણ, જાનુ મેાહિ વિરાધે;
કુલિશ કઠિન દ્રઢ મુષ્ટિ માર્યો, સંકુચિત તનુ મન દાધે. પ્રભુ૦ ૩

સુર કહે પરતખ મેાહિ ભયેા[1] હૈ, પાની રસ વિણ બાધે;
જશ કહે ઇંદ્રે પ્રસંસ્યેા તૈસેા, તુંહી વીર શિવ સાધે', પ્રભુ૦ ૪

રાજનગર મંડન શ્રી મહાવીર જિન–સ્તવન

(૧)

—(*)—

[કાઈક વિધિ જોતાં થકાં રે–એ દેશી]

શ્રી વર્ધમાન જિન રાજીઆ રે!
રાજનગર શણગાર રે, સુખ દરિઆ!

વાલેસર! સુણેા વિનતી રે,
તું મુજ પ્રાણ આધાર રે. ગુણ ભરિઆ! ૧

તુજ વિણ હું ન રહી શકું રે,
જિમ બાલક વિણ માત રે; સુખ૦

ગાઈ દિન અતિવાહીએ રે,
તાહરા ગુણ અવતદ્ધાત રે. ગુણ૦ ૨

---

૧ નયેા હૈ ૨ પાનિ રસેાહિં ન બાધે, પાનિ રસેા વિન બાધે.

હવે મુજ મંદિર આવીયે રે,
મ કરો દેવ! વિલંબ રે; સુખ૦
ભાણા ખડખડ કુણ ખમે રે,
પૂરો આશ્યા (અ)લંબ રે. ગુણ૦ ૩
મન મંદિર છે માહરૂં રે,
પ્રભુ! તુજ વસવા લાગ રે; સુખ૦
માયા કંટક કાઢીઆ રે,
કીધો ક્રોધ-રજ ત્યાગ રે. ગુણ૦ ૪
પ્રગટી સુરૂચિ સુવાસના રે,
મૃગમદ મિશ્ર કપૂર રે; સુખ૦
ધૂપ ઘટી ઇંહાં મહમહે રે,
શાસન શ્રદ્ધા પૂર રે. ગુણ૦ ૫
ક્રિરિયા શુદ્ધ બિછાવણું રે,
તકિઆ પંચ આચાર રે; સુખ૦
ચિહું દિશિ દીવા ઝગમગે રે,
જ્ઞાન રતન વિસ્તાર રે. ગુણ૦ ૬
અધ્યાતમ ધજ લહલહે રે,
મણિ તોરણ સુવિવેક રે; સુખ૦
ગમા પ્રમાણ ઇંહાં ઓરડા રે;
મણિ પેટી નય ટેક. ગુણ૦ ૭
ધ્યાન કુસુમ ઇંહાં પાથરી રે,
સાચી સમતા સેજ રે; સુખ૦
ઇંહાં આવી પ્રભુ! બેસીએ રે,
કીજે નિજ ગુણ હેજ રે; ગુણ૦ ૮

મન મંદિર જો આવશ્યો રે,
એક વાર ધરી પ્રેમ રે. સુણ૦
ભગતિભાવ દેખી ભલો રે,
જઈ શકશ્યો તો કેમ રે ? સુણ૦ ૫
અરજ સુણી મન આવીયા રે,
વીર જિણુંદ મયાલ રે. સુણ૦
ઓચ્છવ રંગ વધામણા રે,
પ્રગટયો પ્રેમ વિશાલ રે. સુણ૦ ૧૦
આર્દ્રપાદ્ય કરૂણા ક્ષમા રે.
સત્ય વચન તંબોલ રે. સુખ૦
ધરશું તુમ્હ સેવા ભણી રે,
અંતરંગ રંગરોલ રે. સુણ૦ ૧૧
હવે ભગતિ રસ રીઝીયો રે,
મત છોડો મન ગેહ રે; સુણ૦
નિરવહજો રૂડી પરે રે,
સાહિબ ! સુગુણ સનેહ રે. સુણ૦ ૧૨
ભમર સહજ ગુણ કુસુમનો રે,
અમર – મહિત જગનાથ રે; સુણ૦
જો તું મનવાસી થયો રે,
તો હું હુઓ સનાથ રે; સુણ૦ ૧૩
શ્રી નયવિજય વિબુધ તણો રે,
અરજ કરે ઈમ શિશ રે; સુણ૦
રમજો મુજ મન મંદિરે રે,
પ્રભુ ! પ્રેમ ધરી નીશ દિશ રે. સુણ૦ ૧૪

રાજનગર મંડન શ્રી મહાવીર જિન-સ્તવન

(૨)

—(*)—

શાંતિ જિણેસર કેસર અરચિત જગ ધણી રે—એ દેશી

સમરીએ સરસતી વરસતી વચન સુધા ઘણી રે કે વચન૦
વીર જિનેસર કેસર અરચિત જગ ધણી રે કે૦ અરચિત૦
રાજનયર વર ભૂષણ, દૂષણ ટાળતો રે. કે દૂષણ૦
થૂણરયું નિજ ગુણ કરણે જગ અજુઆલતો રે. કે જગ૦ ૧

સ્વામિ ! મેં તુજ પામી ધર્મ સોહામણો રે કે ધર્મ૦
માનું મન અવતાર સફળ કરી આપણો રે કે સફળ૦
મેંહી તુજ પામ્યો જિનજી ! નયન મેળાવડો રે કે નયણ૦
તો નિજ આંગણે રોપ્યો સુરતરૂ પરગડો રે કે સુર૦ ૨

તુજ મનમાં મુજ વસવું કિમ સંભવે રે ? કે વસવું૦
સુપનમાંહી પણ વાત નએ હુઈ નવિ હોએ રે કે ન એ૦
મુજ મન મંદિર સુંદર વસો જો તુમ્હે રે કે સુંદર૦
તો અધિકું નવિ માગશું રાગરયું ફરી અમ્હે રે કે રાગ૦ ૩

ચમક પાષાણ ખંચરયે સંચસેં લોહને રે કે સંચસેં૦
તિમ તુજ ભગતિ મુગતિનિં ખંચસે મોહને રે કે ખંચસેં૦
ઇમ જાણી તુજ ભગતિ જૂગતિ રહ્યો રે કે ભગતિ૦
તે જન શિવસુખ કરતલ ધરસિ ગહુગહ્યો રે. કે ધરસિ૦ ૪

લાગી તુજ ગુણ ભરકી ફરકિ નવિ સકે રે કે ફરકિ૦
અલાગું અમ મજ મન વલગુ તુજ ગુણરયું ટકે રે કે તુજ૦

છાંડ્યો પણ નવિ છૂટે મોહ એ મોહનાં રે કે મોહ૦
શિવ સુખ દેશો તો છોડશું કેડિ ન તે વિના રે કે કેડિ૦ ૫
બાઉલ સરિખા પર સુર જાણી પરિહર્યા રે કે જાણી૦
સુરતરૂ જાણી નાણી તુમ્હે સાહિબ વર્યા રે કે તુમ્હે૦
કરો દેવ જો કરૂણા કરમ તો નવિ ટકે રે કે કરમ૦
ચોર જોર નવિ ચાલે સાહિબ ! એક થકે રે. કે સા૦ ૬

તુજ સરિખો મુજ સાહિબ જગમાં નવિ મલે રે કે જગમાં૦
મુજ સરખા તુજ સેવક લાખ ગમે રૂલે રે કે લાખ૦
તો આસંગો તુજશ્યું કરવો નવિ ઘટે રે કે કરવો૦
સહજ મોજ જો આવે તો સેવક દુઃખ મટે રે. કે તો૦ ૭

જિમ વિણ પંકજ પરિમલ મધુકર નવિ રહે રે કે મધુકર૦
વિણ મધુમાસ વિલાસ ન કોકિલ ગહગહેરે કે કોકિલ૦
તિમ તુજ ગુણ રસ–પાન વિના મુજ નવિ સરે રે કે વિના૦
અંબ શાખ જિણે ચાખી તે આંબલીશ્યું શું કરે રે ? કે તે૦ ૮

ત્યાં મહિકે તુજ પરિમલ કીરતિ વેલડી રે કે પરિમલ૦
મુજ મન તરૂઅર વિંટી તે રહી પરગડી રે કે તે રહી૦
ભગતિ રાગ તસ પલ્લવ સમકીત–ફૂલડાં રે કે સમકીત૦
[1]શિવ સુખ ફલ તસ જેહનાં મોંઘાં મૂલડાં રે કે જેહનાં૦ ૯

તુજ વાણી મુજ મીઠી લાગે જેહવી રે કે લાગે૦
સાકર દ્રાખ સુધા પણ ન રૂચે તેહવી રે કે ન રૂચે૦
કાન કરાવે એહનાં જે ગુરૂ પારણાં રે કે જે ગુરૂ૦
તે નિત લીજે તેહનાં દેવ ! ઓવારણાં રે. કે દેવ૦ ૧૦

૧. આ લીટી મૂલપ્રતમાં તૂટે છે–અસ્ખલિત ગાવા માટે નવી ઉમેરી છે.

સુખદાયક જગનાયક વીર જિનેસરૂ રે કે વીર૦
ઇમ મેં સ્તવી(યો) વંછિત પૂરણ સુરતરૂ રે કે વંછિત૦
એ સ્તવ ભણતાં પ્રગટે નવનિધિ આંગણે રે કે પ્રગટે૦
શ્રી નયવિજય વિબુધ પાય સેવક ઇમ ભણે રે. કે સેવક૦ ૧૧

રાજનગર મંડન શ્રી મહાવીર જિન-સ્તવન

(૩)

—(*)—

એક દિન એક પર રશીઓ–એ દેશી

સુણ સુગુણ સનેહી રે સાહિબા ! ત્રિસલાનંદન અરદાસ રે;
તુંતો રાજનગરનો રાજિઓ ગુણ ગાજિઓ લીલ વિલાસ રે.
સુણ૦ ૧

તુજ સરિખો સાહિબ શિર છતે જો[1] મોહ કરે મુઝ[2] જોર રે
તે ન ઘટે રવિ ઉગ્યે રહે જિમ અંધકાર ઘનઘોર રે સુણ૦ ૨

અલવેસર વેષ રચી હું ઘણું નાચ્યો મોહને રાજ રે;
હવે ચરણ શરણ તુજ મેં ગ્રહ્યા એ ભાવઠ ભવની ભાંજ રે. સુણ૦ ૩

ટાલો પ્રભુ ! અવિનય મોહનો[3] મુજ ગાલો ભવની ભીત રે;
મુજ હૃદય પખાલો ઉપશમે પાલો પ્રભુ અવિહડ પ્રીત રે.
સુણ૦ ૪

નિગુણો પણ તુજ ગુણ સંગતે ગુણ પામું તે ઘટમાન રે;
હુએ ચંદન પરસંગથી લિંબાદિક ચંદન માન રે. સુણ૦ ૫
નિગુણો પણ શરણે આવીયો, ન વિછડી જે ગુણ-ગેહ રે,

૧–જુઓ. ૨–કિમ. ૩–માહરો.

નવિ છંડે લંછન હરિણનું જૂઓ ચંદ અમીમય દેહરે.
સુણ૦ ૬

મન માંહિ વિમાસી શું રહ્યા હવે મહિર કરો મહારાજ રે!
સેવકનાં દુઃખ જો નવિ ટલે તો લાગે કોણને લાજ રે?
સુણ૦ ૭

તુજ આણથી હું પતિત છું પણ 'પતિત પાવન' તુજ નામ રે;
નિજ નામ ભણી મુજ તારતાં શું લાગે છે તુજ દામ રે?
સુણ૦ ૮

ચાખી તુજ સમકીત સુખડી નાઠી તેહથી ભૂખડી દૂર રે;
જો પામું સમતા–સુરલતા તો એ ટલે મુજ મહિમુર રે.
સુણ૦ ૯

તુજ અક્ષય સુખ જે રસવતી[1] તેહનો લવ દીજે મુજ રે;
ભૂખ્યાની ભાંજે ભુખડી શું અધિકું કહીએ તુજ રે.
સુણ૦ ૧૦

આરાધ્યો કામિત પૂરવે ચિંતામણી પણ પાષાણ રે;
ઈમ જાણી સેવક સુખ કરો પ્રભુ તુમે છો ચતુર સુજાણ રે.
સુણ૦ ૧૧

શ્યું વીનવીએ તુમ[2] અતિઘણું તું[3] મોટો ત્રિભુવન ભાણ રે;
શ્રી નયવિજય સુશિષ્યને[4] હવે દેજો[5] કોડિ કલ્યાણ રે.
સુણ૦ ૧૨

૧–સુખ છે શાશ્વતો. ૨–પ્રભુ. ૩–તો. ૪–જશ કહે. ૫–હજો.

શ્રી સીમંધર જિન-સ્તવન

શ્રી સીમંધર સ્વામશ્યુંજી, શ્રી શ્રેયાંસ કુમાર.
મેણા રે રહું રે તિહાં એકલીજી રે. એ ટેક.

સજ્જન કુટુંબ મળ્યું કારમુંજી,
કારમો સહુ રે સંસાર. મેણા રે૦ ૧

ધન ધન ત્યાંના લોકનેજી,
નિત ઉઠી કરે રે પ્રણામ. મેણા રે૦ ૨

કાગલ લખીયા કારમાજી,
અરજ કરે છે મોરી આંખ. મેણા રે૦ ૩

એકવાર પ્રભુજી અહીંઆં સમોસરોજી રે,
કરૂં મારા દિલ કેરી વાત. મેણા રે૦ ૪

ચિત્ત સહે તો સંજમ લહુંજી રે,
કરૂં મારા પ્રભુ સાથે ગોઠ. મેણા રે૦ ૫

વાચક જશ ઈમ વિનવેજી રે,
નમું રે નમું કરજોડ. મેણા રે૦ ૬

શ્રી વિમલાચલ સ્તવન

—(*)—

રાગ–પ્રભાત અથવા કાફી

વિમલાચલ નિત્ય વંદિયે, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફલ લેવા વિમલાચલ૦ ૧

ઉજ્જવલ જિનગૃહ મંડલી, તિહાં દીપે ઉત્તંગ;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંબર–ગંગ. વિમલાચલ૦ ૨
કોઈ અનેરૂં જગ નહીં, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગલે, શ્રી સીમંધર બોલે. વિમલાચલ૦ ૩
જે સઘલાં તીરથ કહ્યાં, યાત્રા ફલ લહિએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શત–ગુણું ફલ લહિએ. વિમલાચલ૦ ૪
જન્મ સફળ હોએ તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસ વિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિમલાચલ૦ ૫

તારંગા મંડન
શ્રી અજિતનાથ જિન–સ્તવન

—(*)—

(મારા મોહલા ઉપરિ મેહ ઝરૂખે વિજ્જલી હો લાલ–એ દેશી)

આનંદ અધિક ઉચ્છાહ ધરી દિલમાં ઘણો હો લાલ ધરી
દિલમાં ઘણો હો લાલ,
બહુ દિનનો ઉમાહ, સફળ થયો મુજ તણો હો લાલ સફળ
થયો મુજ તણો હો લાલ. ૧
ભવતારણ તારંગ, અચલ અજબ નિરખીઓ હો લાલ અ૦
હિયડું હોજ વિલાસ, ધરી ઘણું હરખિઓ હો લાલ ધરી૦ ૨
દંડ કલશ અભિરામ, ધજાશું સોહતો હો લાલ ધજા૦
ગગનશ્યું માંડઈ વાદ, પ્રાસાદ મન મોહતો હો લાલ પ્રસાદ૦ ૩
કુમારપાલ નરિંદ, પરમ શ્રાવકઈ કર્યો હો લાલ પરમ૦
ધન ધન હેમસૂરિંદ, જિણઈ નૃપ ઉદ્ધર્યો હો લાલ જિણઈ૦ ૪

તિણે કીધો કુમર-વિહાર, નામે દેવલ ભલો હો લાલ નામે૦
મહિયલમાં વિજયંત, જાણે ત્રિભુવન તિલો હો લાલ જાણે૦ ૫
એહા શ્રી અજિત જિણુંદ, ગજાંક મનોહર હો લાલ ગજાંક૦
વિજ્યા માત મલ્હાર, સોભાગી સુંદર હો લાલ. સોભાગી૦ ૬
ષટ ઋતુની વનરાજિ, વિરાજઈ બિહું પરઈ હો લાલ વિરા૦
કોડિ શિલા જિહાં દિઠઈ, ભવિજન મન ઠરઈ હો લાલ. ભવિ૦ ૭
તારણ દેવીના નામ, અછઈ રખવાલિકા હો લાલ અછઈ૦
એ ગિરની મનોહાર, ભવિક સુખદાયકા હો લાલ ભવિ૦ ૮
ચારિ પાંજિ ચઢી, ચિહું ગતિ દુઃખ નિકંદીઇ હો લાલ ચિહું૦
ભેટી અજિત જિણુંદ, સદા આણુંદીઇ હો લાલ સદા૦ ૯
તોરણ થંભ ઉત્તંગ, કગરની કોરણી હો લાલ કગરની૦
પૂતલી રૂપ અનૂપ, શોભા અતિ ચોગુણી હો લાલ. શોભા૦ ૧૦
સિદ્ધાચલ સમ એહ, આણુંદપુર પાસથી હો લાલ આણુંદ૦
સફળ કરો અવતાર, સુદર્શન વાસથી હો લાલ. સુદર્શન૦ ૧૧

ઢાલ-૨

[નણદલની દેશી]

—(*)—

સાહિબ ! અજિત જિણુંદ ! અવધારીઇ,
દાસ તણી અરદાસ હો,
સાહિબ ! શ્રી તારણગિરિ મંડણો,
મહિમા મહિમ નિવાસ હો. સાહિબ૦ ૧
સાહિબ ! ગુણ અનંત છઇ તાહરઇ,
તો કાં ન દિઓ ગુણ એક હો,

સાહિબ ! તિણિ ગુણથી તુઝને મિલું,
ભક્તિ તણિઇં સુવિવેક હો. સાહિબ૦ ૨
સાહિબ ! રચનાચર એક રણુચંડઈં,
દે । ન હોઇં હાણિ હો,
સાહિબ ! નાસઇં લોકની આપદા,
વાધઇં સુજસની વાણી હો. સાહિબ૦ ૩

શ્રી ગૌતમ પ્રભાતિ-સ્તવન

—(*)—

રાગ વેલાવલ [પદ ૨૩ મું]

ગૌતમ ગણધર નમિયે હો અહનિસિ,
ગૌતમ ગણધર નમિયે. (ટેક)
નામ જપત નવહી નિધિ પઇએ,
મનવંછિત સુખ લહીએ. હો અહનિસિ૦ ૧
ઘર અંગન જો સુરતરૂ ફલિયો, કહા કાજ બન ભમિયે;
સરસ સુરભિ ઘૃત જો હુવે ઘરમેં, તો કયોં તૈલે જમિયે.
હો અહનિસિ૦ ૨
તૈસી શ્રી ગૌતમ ગુરૂ સેવા, ઓર ઠોર કયું રમિયે;
ગૌતમ નામે ભવજલ તરિયે, કહા બહુત તનુ દમિયે.
હો અહનિસિ૦ ૩
ગુણ અનંત ગૌતમકે સમરન, મિથ્યા-મતિ-વિષ ગમિયે;
જશ કહે ગૌતમ ગુન રસ આગે, રૂચત ન હે હમ અમિયે.
હો અહનિસિ૦ ૪

સમવસરણ જિન-સ્તવન.

—(*)—

[જૂંબખડાની દેશી]

ત્રિશલાનંદન વંદીયેરે, લહીયે આનંદ કંદ,
મનોહર જૂંબખડું—એ ટેક.

જૂંબખડા જૂથી રહ્યારે, શ્રી વીર તણે દરબાર; મનો૦
સમોસરણ વિરાજતારે, સેવિત સુરનર વૃંદ,[૧] મનો૦ ૧

જોજન વાયુ વૃષ્ટિ કરેરે, ફૂલ ભરે જાનુ માન; મનો૦
મણિ રયણે ભૂતલ રચેરે, વ્યંતરના રાજાન. મનો૦ ૨

કનક કોશીસાં રૂપા ગઢેંરે, રચે ભુવનપતિ ઈસ; મનો૦
રતન કનક ગઢ જ્યોતિષીરે, મણિ રયણેં સુર ઈસ. મનો૦ ૩

ભીતિ પૃથુલ તેત્રીસ ધનુંરે, એક કર અંગુલ આઠ; મનો૦
વૃત્તોં તેરસેં ધનુ આંતરૂંરે, ઉંચી પણુસેં ધનું ઠાઠ. મનો૦ ૪

પાવડી આરા સહસ દશરે, પંચ પંચ પરિમાણ; મનો૦
એક કર પીહું[૨] ઉંચ પણેરે, પ્રતર પચાસ ધનુ માન. મનો૦ ૫

ચઉ બારા ત્રણ તોરણારે, નીલ રતનમય રંગ; મનો૦
મઝેં મણિમય પીઠિકારે, ભૂંઈથી અઢી ગાઉ તુંગ. મનો૦ ૬

દીર્ઘ પૃથુલ બશેં ધનુરે, જિન તનુ માને ઉંચ; મનો૦
ચૈત્ય સહિત અશોક તરૂરે, જિનથી બાર ગુણ ઉંચ. મનો૦ ૭

ચઉ દિસેં ચઉ સિંહાસનેરે, આઠ ચામર છત્ર બાર; મનો૦
ધર્મચક્ર રફટિક રત્નનુંરે, સહસ જોજન ધ્વજ ચાર. મનો૦ ૮

---

૧ ઈંદ્ર. ૨ કરસિ.

દેવછંદો ઈશાન કૂણે રે, પ્રભુને વિસામા ઠામ; મનો૦
ચિહું મુખે[1] દીયે દેશના રે, ભામંડલ અભિરામ. મનો૦ ૯

મુનિ વૈમાનિક સાધવી રે, રહે અગ્નિ કૂણ મોઝાર; મનો૦
જ્યોતિષી ભુવનપતિ વ્યંતરા રે, નૈઋત કૂણે તસ નાર. મનો૦ ૧૦

વાયુ કૂણે દેવતા રે, સુણે જિનવરની વાણ; મનો૦
વૈમાનિક શ્રાવક શ્રાવિકા રે, ઈશાન કૂણે સુજાણ.[2] મનો૦ ૧૧

ચિહું દેવી ને સાધવી રે, ઉભી સૂણે ઉપદેશ; મનો૦
તિર્યંચ સહુ બીજે ગઢે રે, ત્રીજે વાહન વિશેષ. મનો૦ ૧૨

વૃત્તાકારે ચિહું વાવડી રે, ચઉરંસી આઠ વાવ; મનો૦
પ્રથમ પનરસેં ધનુ આંતરૂં રે, બીજે સહસ ધનુ ભાવ. મનો૦ ૧૩

રયણ ભીત ગઢ આંતરૂં રે, વૃત્તે ધનુ શત[3] છવ્વીશ; મનો૦
ચઉરંસે ત્રણસેં ધનુ રે,[4] ઈમ શાખ દીયે જગદીશ. મનો૦ ૧૪

તુંબરૂ પ્રમુખ તિહાં પોલીયા રે; ધૂપ ઘટી ઠામઠામ. મનો૦
દ્વારે મંગલ પુતલી રે,[5] દુંદુંભી વાજે તામ. મનો૦ ૧૫

દિવ્ય ધ્વની સમજે સહુરે, મીઠી યોજન વિસ્તાર; મનો૦
સુણતાં સમતા સહુ જીવને રે, નહીય વિરોધ લગાર. મનો૦ ૧૬

ચઉતીસ[6] અતિશય વિરાજતા રે, દોષ રહિત ભગવંત; મનો૦
શ્રી જશવિજય ગુરૂ શિષ્યને રે, જિન પદ સેવા ખંત[7] મનો૦ ૧૭

૧–ચઉ દિસે. ૨–રહે ઈશાન કૂણે સુજાણ. ૩–સહસ. ૪–ત્રણ સહસનું રે. ૫–મંગલધ્વજ પુતલી રે. ૬–ચોત્રીસ. ૭–જશવિજય કહે પ્રણમીયેરે, લહઈ આણંદ કંદ.

કુમતિ લતા ઉન્મૂલન
અથવા
શ્રી જિનબિંબ સ્થાપન-સ્તવન

ભરતાદિકે ઉદ્ધારજ કીધો, શત્રુંજય મોઝાર,
સોનાતણા જેણે દેરાં કરાવ્યાં, રત્નતણા બિંબ થાપ્યાં;
હો કુમતિ! કાં પ્રતિમા ઉથાપી? એ જિન વચને થાપી.
હો કુમતિ૦ ૧

વીર પછે બસે નેવું વરસે, સંપ્રતિ રાય સુજાણ,
સવા લાખ પ્રાસાદ કરાવ્યા, સવા ક્રોડ બિંબ થાપ્યાં. હો૦ ૨

દ્રૌપદીએ જિન પ્રતિમા પૂજી, સૂત્રમાં સાખ ઠરાણી,
છઠે અંગે તે વીરે ભાખ્યું, ગણધર પૂરે સાખી. હો૦ ૩

સંવત નવસેંતાણું વરસે વિમલ મંત્રીશ્વર જેહ,
આબુ તણાં જેણે દહેરાં કરાવ્યાં, બે[1] હજાર બિંબ થાપ્યાં. હો૦ ૪

સંવત અગીઆર નવાણું વરસે, રાજા કુમારપાલ,
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં, સાત હજાર બિંબ થાપ્યાં. હો૦ ૫

સંવત બાર પંચાણું વરસે, વસ્તુપાલ તેજપાલ,
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં, અગીઆર હજાર બિંબ થાપ્યાં. હો૦ ૬

સંવત બાર બોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ,
રાણકપુર જેણે[2] દેરાં કરાવ્યાં, ક્રોડ નવાણું દ્રવ્ય[3] ખરચ્યાં. હો૦ ૭

સંવત તેર એકોતેર વરસે, સમરોશા રંગ[4] શેઠ,
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો, અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યાં. હો૦ ૮

૧–છ. ૨–રાણકપુરજી. ૩–ધન. ૪–સમરો શારંગ.

સંવત સોલ છોતેર[૧] વરસે, બાદરશાને વારે,
ઉદ્ધાર સોલમો શેત્રુંજે કીધો, કરમાશાહે જશ લીધો. હો૦ ૯
એ જિન પ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુંમે પ્રાણી,
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો,[૨] વાચક જશની વાણી હો૦ ૧૦

સામાન્ય જિન–સ્તવનો

(૧)

—(*)—

મનોવેદના

(રાગ–આસ્યાવરી)

પ્રભુ મેરે અઇસી આય બની.
મનકી વિથા[૩] કુનપેં કહીએ,
જાનો આપ ધની.[૪] પ્રભુ૦ ૧

જનમ મરણ જરા જીઉ[૫] ગઈ લહુઈ,
વિલગી વિપત્તિ ઘની;
તન મન નયન દુઃખ દેખત,
સુખ નવિ એક કની. પ્રભુ૦ ૨

ચિત્ત તુમઇ[૬] દુરજન કે બયના
જૈસે અર અગની;
સજ્જન કોઉ નહિ જાકે આગે,
બાત કહું અપની. પ્રભુ૦ ૩

૧–બોતેર. ૨–સદ્દહણા. ૩–વ્યથા. ૪–જાને એક ધની. ૫–ચિંહું. ૬–દુભઇ.

ચઉ ગઈ – ગમણ – ભમણ – દુઃખ વારેા,
બિનતિ એહી સુની;
અવિચલ સંપદ જશકું દીજે,
અપને દાસ ભની. પ્રભુ૦ ૪

સામાન્ય જિન-સ્તવન

(૨)

—(*)—

પ્રભુ પ્રત્યે રાગ

રાગ-સામેરી (પદ ૯)

મેરે પ્રભુસું પ્રગટયેા પૂરન રાગ–(ટેક)
જિન–ગુન–ચંદ–કિરનસું ઉમગ્યેા, સહજ સમુદ્ર અથાગ. મેરે૦ ૧

ધ્યાતા ધ્યેય ભયે દેાઉ એકહુ, મિટયેા ભદકેા ભાગ;
કૂલ બિદારી છલે[1] જબ સરિતા, તબ નહિ રહત તડાગ. મેરે૦ ૨

પૂરન મન સબ પૂરન દીસે, નહિ દુબિધાકેા લાગ;
પાઉં ચલત પનહી જો પહિરે, નહિ તસ કંટક લાગ. મેરે૦ ૩

ભયેા પ્રેમ લેાકેાત્તર જૂઠેા,[2] લેાક બંધકેા તાગ;
કહેા કેાઉ કછુ હમતેા ન રૂચે, છૂટિ એક વીતરાગ. મેરે૦ ૪

વાસત હે જિનગુન મુઝ દિલકું, જેસેા સુરતરૂ બાગ;
ઓર વાસના લગે ં ન તાતે ં, જશ કહે તૂં વડભાગ. મેરે૦ ૫

૧–બિડારી કુલ છલા. ૨–તૂટેા, ત્રૂટેા.

સામાન્ય જિન–સ્તવન

(૩)

—(*)—

પ્રભુ–પ્રવચન

રાગ–વેલાવલ (પદ ૧૨)

પ્રભુ! તેરો વચન સુન્યો, જબહીથેં સુવિહાન. (ટેક)
તબહીથેં તત્ત્વ દાખ્યો, ચાખ્યો રસ ધ્યાન;
ભાવના લીએ જાગી, માનું કીધો સુધા–પાન. પ્રભુ તેરો૰ ૧
શ્રુત ચિંતા જ્ઞાન સોતો, ખીર–નીરવાન;
વિષય–તૃષ્ણા બુઝાવે, સોહિ સાચો જ્ઞાન. પ્રભુ તેરો૰ ૨
ગાયન હરન તાતેં, નાદે ધરે કાન;
તેસેંહિ કરત મોહિં, સંત–ગુન–ધ્યાન. પ્રભુ તેરો૰ ૩
પ્રાનતેં અધિક સાંઈ, કેસે કહું પ્રાન!
પ્રાનથી અભિન્ન દાખ્યો, પ્રત્યક્ષ પ્રમાન. પ્રભુ તેરો૰ ૪
ભિન્ન ને અભિન્ન કછુ, સ્યાદ્વાદેં વાન;
જશ કહે તુહેં તુહેં, તુહ જિન–ભાન. પ્રભુ તેરો૰ ૫

સામાન્ય જિન–સ્તવન

(૪)

—(*)—

પ્રભુને શરણે

રાગ–ધન્યાશ્રી અથવા ગુજરી (પદ ૧૯)

જિન! તેરે ચરન સરન ગ્રહું. (ટેક)
હૃદય–કમલમેં ધ્યાન ધરતહુ,[૧] સિર તુજ આણ વહું. જિન! ૧

૧–ધરતુહે.

તુજ સમ ખોટ્યો દેવ ખલકમેં, ચૈખ્યો નાંહિ કબહું,[૧]
તેરે ગુનકી જપું જપમાલા, અહનિસિ પાપ દહું[૨] જિન! ૨
મેરે મનકી તુમ સબ જાનો,[૩] કયા મુખ બહોત કહું?
કહે જસવિજય કરો તુમ[૪] સાહિબ,
જ્યું ભવ-દુઃખ ન લહું.[૫] જિન! ૩

સામાન્ય જિન-સ્તવન

(૫)

—(*)—

પ્રભુ દર્શનથી પરમાનંદ (પદ ૫૪)

આજ આનંદ ભયો, પ્રભુકો દર્શન લહ્યો,
રોમ રોમ સીતલ ભયો, પ્રભુ ચિત્ત આયે હે. આજ૦ ૧
મન હું તે ધાર્યા તોહે, ચલકે આયો મન મોહે;
ચરણ-કમલ તેરો, મનમેં ઠહરાયો હે. આજ૦ ૨
અકલ અરૂપી તુંહી, અકલ અમૂરતિ યોહીં;
નિરખ નિરખ તેરો સુમતિશું મિલાયો હે. આજ૦ ૩
સુમતિ સ્વરૂપ તેરો, રંગ ભયો એક અનેરો;
વાઈ રંગ આતમ પ્રદેશે, સુજસ રંગાયો હે. આજ૦ ૪

સામાન્ય જિન-સ્તવન

(૬)

—(*)—

પ્રભુમયતા (પદ ૫૫)

જ્ઞાનાદિક ગુણ તેરો અનંત અપાર અનેરો;
વાહી કીરત સુન મેરો, ચિત્ત હું જસ ગાયો હે. જ્ઞાના૦ ૧

૧-પઇઈઓ નાહિં કહું; ચૈખ્યેં છાહિ કહું. ૨-ઈયું નિજ પાપ દહું, ૩-દિલકી બાત સબહી તું જાને. ૪-તિઉં=તેમ. ૫-સહું.

તેરો ગ્યાન તેરો ધ્યાન, તેરો નામ મેરો પ્રાણ;
કારણ કારજ સિદ્ધો, ધ્યાતા ધ્યેય ઠહરાયો હે. જ્ઞાના૦ ૨
છટ ગયો ભ્રમ મેરો, દર્શન પાયો મેં તેરો;
ચરણ-કમલ તેરો, સુજશ રંગાયો હે. જ્ઞાના૦ ૩

સામાન્ય જિન-સ્તવન
(૭)
—(*)—
પ્રભુ ગુણ ચિંતન (પદ ૬૦)

પ્રભુ! તેરો ગુન-જ્ઞાન, કરત મહા મુનિ ધ્યાન;
સમરત આઠો જામ, હૃદેમેં સમાયો હે. પ્રભુ! ૧
મન મંજન કરલાયો, સુદ્ધ સમકિત ઠહરાયો;
વચન કાય સમજાયો, એસે પ્રભુકું ધ્યાયો હે. પ્રભુ! ૨
ધ્યાયો સહી પાયો રસ, અનુભવ જાગ્યો જસ;
મિટ ગયો ભ્રમકો મસ,[૧] ધ્યાતા ધ્યેય સમાયો હે. પ્રભુ! ૩
પ્રગટ ભયો પ્રકાશ,[૨] જ્ઞાનકો મહા ઉલ્લાસ;
એસો મુનિરાજ-તાજ, જસ પ્રભુ છાયો હે. પ્રભુ! ૪

સામાન્ય જિન-સ્તવન
(૮)
પરમાત્મ સ્વરૂપ
રાગ-કાનડો (પદ ૬૧)

એ પરમ બ્રહ્મ પરમેશ્વર, પરમ આનંદમહિ સોહાયો;
એ પરતાપકી સુખ સંપત્તી, બરની ન જાત મોપેં;
તા સુખ અલખ કહાયો. એ૦ ૧

૧-રસ. ૨-મહાપ્રકાશ.

તા સુખ ગ્રહવેકું મુનિ-ગન ખોજત, મન મંજન કર ધ્યાયેા;
મન મંજરી ભઈ, પ્રફુલ્લીત દસા લઈ,
તા પર ભમર લેાભાયેા, એ૦ ૨
ભમર અનુભવ ભયેા, પ્રભુ-ગુણ-વાસ લહ્યો;
ચરન કરન તેરેા, અલખ લખાયેા;
એશી દશા હેાત જબ, પરમ પુરૂષ તબ,
એશી દશા પકરત[1] પાસ પઠાયેા. એ૦ ૩
તબ સુજસ ભયેા, અંતરંગ આનંદ લહ્યો,
રેામ રેામ સીતલ ભયેા, પરમાતમ પાયેા;
અકલ સ્વરૂપ ભૂપ, કેાઉન પરખત અનૂપ;[2]
સુજસ પ્રભુ ચિત્ત આયેા એ૦ ૪

સામાન્ય જિન-સ્તવન

(૯)

—(*)—

ત્વમેવ શરણં મમ

રાગ-કાફી (પદ ૭૦)

તેા બિન ઓર ન જાચું જિનંદરાય ! તેા૦ (ટેક)
મેં મેરેા મન નિશ્ચય કીનેા, એહમાં કછુ નહિ કાચું. જિનંદરાય !
તેા૦ ૧
તુમ ચરન-કમલપર પંકજ-મન મેરેા, અનુભવ રસ ભર ચાખું;
'અંતરંગ અમૃત રસ ચાખેા,' એહ વચન મન સાચું. જિનંદરાય !
તેા૦ ૨

---

૧. પંકરન્ત. ૨. કેાઉ ન પરખત કૂપ.

જસ પ્રભુ ધ્યાયો મહારસ પાયો, અવર રસેં નહિં રાચું;
અંતરંગ ફરસ્યો હરસન તેરો, તુજ ગુણ-રસ સંગ માચું. જિનંદરાય !
તો૦ ૩

શ્રી અભિનંદન જિન-સ્તવન

—(*)—

[પાસજી મુનેં તૂહા—એ દેશી]

સમવસરણ જિનરાજ વિરાજેં, ચઉત્તીસ અતિસય છાજેં રે;
જિનવર જયકારી૦
પાંત્રીસ ગુણ વાણીઈં ગાજેં, ભવિમન સંશય ભાજેં રે. જિન૦ ૧

બાર પરખદા આગળ ભાખેં, તત્ત્વરૂચિફલ ચાખેં રે; જિન૦
કાર્યકારણ નિશ્ચય વ્યવહાર, ભાખ્યા જિનપતિ સાર રે. જિન૦ ૨

ગણધરકું ત્રિપદી વલી દાખી, સાધન શિક્ષા ભાખી રે; જિન૦
પુદ્ગલ ભાવથી રાગ ઉતારો, નિજ આતમને તારો રે. જિન૦ ૩

સંવર સુત ધર્મ દેશના દીધી, સંઘ ચતુર્વિધે પીધી રે; જિન૦
અનુક્રમેં વિચરી પોહતા સ્વામી, સમેતશિખર ગુણધામેં રે. જિન૦૪

સકલ પ્રદેશનો ધન તિહાં કીધો, શિવવધૂનો સુખ લીધો રે; જિન૦
પૂર્ણાનંદ પદને પ્રભુ વરીયા, અનંત ગુણેં કરી ભરીયા રે. જિન૦ ૫

એહવા અભિનંદન જિન ધ્યાઉં, જિમ શિવસુખનેં પાઉં રે; જિન૦
જશવિજય ગુરૂ મનમાં લાવો, સેવક શુભફલ પાવો રે. જિન૦ ૬

શ્રી સુપાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

[ધનશ્રી ઢાલ—એ દેશી]

સાચો દેવ સુપાસજી રે! સાહિબ! તું સુલતાન, ગુણના ગેહા૦
તુજશ્યું પ્રીતિ ભલી બની રે, ચંદન ગંધ સમાન. ગુ૦ ૧
એ તો કહિઇં ન કારમી રે, કહિઇં ન અલગી થાઇં; ગુ૦
દિન દિન અધિકી વિસ્તરઇં રે, મહિમાઇં મહકાઇં. ગુ૦ ૨
સરસ કથા જે એહનીરે, તેહ પવનમઇં સંગ; ગુ૦
વાસિત ભવિજન તસ હુઇંરે, ચંદન રૂપ સુરંગ. ગુ૦ ૩
ભાવના અખર સાર છે રે, પરમ પુરૂષસ્યું ગોઠિ; ગુ૦
ભાવના ચંદન વાસના રે, નામ જપું તસ હોઠિ. ગુ૦ ૪
ક્ષય છ માસનો તે હરેં રે, એહતો જનમના રોગ; ગુ૦
તેણિ અધિક તુમ્હ પ્રીતડી રે, ન લહઇં પામર લોગ. ગુ૦ ૫
કરમ ભુજંગ બંધન ઇંહાં રે, વિરૂઆં દીસે જેહ; ગુ૦
વિરતિ મયૂરી મોકલો રે, જિમ સવિ છૂટે તેહ. ગુ૦ ૬
મુઝ પાસે એક મિત્ર છે રે, ગારૂડ પ્રવચન સાર; ગુ૦
કહે તો તેણિ બંધન હરૂં રે, દેવ! કરો જો સાર. ગુ૦ ૭
પ્રીતિ ચંદન વાસના રે, વાસિત મોરૂં મન્ન; ગુ૦
તુમ્હે તો મલયાચલ સમારે, વાચક જસ કહે ધન્ન. ગુ૦ ૮

[ઇતિ જસ ગણિ કૃત ગીતં-સંપૂર્ણ સંવત ૧૯૨૪ના વર્ષે ચૈત્ર વદી ૧૦ વાર શુક્ર લી૦શ્રી પહાલણપુરના સહી લવજી મોતીચંદ ॥ શ્રી ॥]

મલકાપુર મંડન શ્રી સુપાર્શ્વનાથ જિન–સ્તવન

—(*)—

[દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ—એ દેશી]

સુનિએ હો પ્રભુ હો સુનિએ દેવ સુપાસ,
મનકી હો પ્રભુ મનકી વાત સવે કહુંજી;
થાં વિન હો પ્રભુ થાં વિન ન લહું સુખ,
દીઠે હો પ્રભુ દીઠે મુખ સુખ લહુંજી. ૧
છોડું હો પ્રભુ છોડું ન થાંકી ગૈલ,
પામ્યા હો પ્રભુ પામ્યા વિણ સુખ શિવ તણુંજી;
ભોજનિ હો પ્રભુ ભોજનિ ભાંજે ભૂખ,
ભાંજે હો પ્રભુ ભાંજે ભૂખ ન ભામણાજી. ૨
ખમયો હો પ્રભુ ખમયો માકો દોસ,
ચાકર હો પ્રભુ ચાકર મ્હેં છાં રાઉલાજી;
મીઠા હો પ્રભુ મીઠા લાગઈ બોલે,
બાલક હો પ્રભુ બાલક બોલઈ જે વાઉલાજી. ૩
કેતૂં હો પ્રભુ કેતૂં કહિઈ તુઝ,
જાણો હો પ્રભુ જાણો સવિ તુમ્હે જગધણીજી;
ધારી હો પ્રભુ ધારી નિવહો પ્રેમ,
લજ્જા હો પ્રભુ લજ્જા બાંહ ગ્રહિયા તણીજી. ૪
થુણિએ હો પ્રભુ થુણિએ સ્વામિ સુપાસ,
ભૂષણ હો પ્રભુ ભુષણ મલકાપુર તણોજી;
વાચક હો પ્રભુ વાચક જશ કહૈં એમ,
દેયો હો પ્રભુ દેયો દરશન સુખ ઘણોજી. ૫

ઉન્નતપુર મંડન

શ્રી શાંતિનાથ જિન-સ્તવન

—(*)—

સરસતિ વરસતિ વયણ અમિય નમી, સમરી શ્રી ગુરૂપાય;
વીનતડી ઇમ કીજઇ હો નિજ સાહિબ પ્રતિ, અવધારો
જિનરાય. વી૦ ૧

ઉન્નતપુર મંડન જિન તું જયો, ઠકુરાઈ તુજ જોર;
તુજ મુખ, તુજ મુખ, દીઠઇ હો મુજ હિયડું ઠરઇ,
જિમ ઘન દીઠઇ મોર. વી૦ ૨

હું તુજ ઉપરિ અહનિશિ ભાવિઓ, તુમ કેમ રહો ઉદાસ;
આસંગઇ, આસંગઇ, અધિકેરાં હો વયણ ન ભાસિઇ,
જેહની કીજઇ આસ. વી૦ ૩

તુજ વિણ હું ભવ વનમાંહિ ભમ્યો, આઠ કરમનઈ પાસિ;
પરવશિ પરવશિ મિ, બહુ વિધ વેઅણ સહી,
સુહુમ નિગોદ નિવાસિ. વી૦ ૪

તે મુજ ભવ વનિ ભમતાં દુઃખ તણો, ગણતાં લાભઇ પાર;
જસ કરિં, જસ કરિં જલ કણ અલગા હો કીજિઇ,
જલધિ તણા સો વાર. વી૦ ૫

ઉન્નતપુર તે જુનામઢ તાબે ઉના સમજવું.

ભીષણ ભમતાં હો ભવ સાયર જલિં, તૂં પ્રભુ અંતર દ્વીપ;
પામિએો, પામિએો મિં પૂરવ પુણ્ય પસાઉલિઇં,
તેણુઇં સવિ ટલ્યાં હો પ્રતીપ. વી૦ ૬
જેહમાહિં તુજ દર્શન મિં પામિઉં, તે સુંદર કલિકાલ;
તુજ વિણુા, તુજ વિણુા જિનજી નિજ મનિ જાણુિઇં,
કૃત યુગ પણિ જંજાલ. વી૦ ૭
સુરતરૂ પણિ જેહો અતિ દૂરઇં રહઇં, તે આવઇ કુણ કાજિ;
મરૂજને મરૂજને કીજઇં હો છાયા કારણિ,
નિંબડલેા તરૂરાજ. વી૦ ૮
હૂં તુજ શરણે હો જિનવર આવિએો, બાંધી મોટી આસ;
પારેવેા, પારેવેા જિમ શરણે રાખી યશ કિએો,
તિમ રાખેા નિજદાસ. વી૦ ૯
જિન તુજ આધારિં જગે જીવિઇં, સુભગ દેએો દીદાર;
ભજવાનઇં, ભજવાનઇં મનમાં હો મુજ અલજો ઘણેા,
પ્રેમ તણેા નહીં પાર. વી૦ ૧૦
મુજ મન ગિરિ વિચરંતેા સિંહલેાજી, જો તુજ ભગતિ વિલાસ;
તેા મુજ, તેા મુજ દુરિત મતંગજ ભાજસ્યઇં,
કુમતિ મૃગી સંત્રાસ. વી૦ ૧૧
સ્યું વીનવીઇં હો અધિકું તુજ પ્રતિં, ધરજ્યેા ધરમ સનેહ;
તેહથી, તેહથી મુજમન વંછિત સવિ સંપજઇં,
જિમ તરૂ સંપદ મેહ. વી૦ ૧૨
ઉન્નતપુર છઇં હો સ્વરગ સમેાવડિં, તિહાં પ્રભુ તુજ પ્રાસાદ;
નીરખીનઇં, નીરખીનઇ મઇં લેાચણ અમિઅ પખાલિઆં,
માંડઇં સુરગિરિ વાદ. વી૦ ૧૩

ધન ધન તે પોઢા વ્યવહારિયા, જેણિ એ કીયો પ્રાસાદ;
નિજ કુલિં, નિજ કુલિં સુંદર શોભ ચઢાવતાં,
ટાલ્યો જનમ વિષાદ. વી૦ ૧૪

જિહાં લગઈ ગ્રહગણ ગયણંગણ ભમઈ, જિહાં લગઈ;
જલધિ ગભીર, તિહાં લગઈ, તિહાં લગઈ શ્રી શાંતિ જિણંદ,
ચિરંજયો મંદરગિરિ જિમ ધીર. વી૦ ૧૫

શ્રી વિજયદેવ સૂરીસર રાજિઓ, શ્રી વિજય સિંહસૂરીશ;
શ્રી નય, શ્રી નયવિજય વિબુધવર સીસની,
પૂરો મનહ જગીસ. વી૦ ૧૬

[ઈતિ શ્રી ઉન્નતપુર મંડન શ્રી શાંતિજિન-સ્તવન સંપૂર્ણ]

શ્રી કલ્હારા! પાર્શ્વનાથ જિન-સ્તવન

—(*)—

(દીઠી હો પ્રભુ, દીઠી જગગુરૂ તુઝ—એ દેશી) (૫૬-૩૧)

પાસજી હો પ્રભુ પાસ કલ્હારા દેવ!
સુણઈ હો પ્રભુ સુણઈ માહરી વિનતીજી;

કહીઇં હો પ્રભુ! કહીઇં સઘળી વાત,
મનમાંહી હો પ્રભુ મનમાંહી જે બહુદિન હુતીજી. ૧

તુજ વિના હો પ્રભુ! તુજ વિના દૂજો દેવ,
માહરઈ હો પ્રભુ! માહરઈ ચિત્તિ આવઈ નહીંજી;

ચાખ્યો હો પ્રભુ! ચાખ્યો અમિરસ જેણિ,
આકસ હો પ્રભુ! આકસ તસ ભાવઈ નહીજી. ૨
દરિશન હો પ્રભુ! દરિશન વાહલું મુજ,
તાહરૂં હો પ્રભુ! તાહરૂં જેહથી દુઃખ ટળઈજી;
ચાકર હો પ્રભુ! ચાકર જાણો મોહિ,
હઈડું હો પ્રભુ! હઈડું તો હેજઈ હલઈજી. ૩
તુજશ્યું હો પ્રભુ! તુજશ્યું મન એકંત,
ચાલ્યો હો પ્રભુ! ચાલ્યો કોઇથી નવ ચલઈજી;
અગનિ હો પ્રભુ! અગનિ પ્રલય પ્રસંગ,
કંચન હો પ્રભુ! કંચન ગિરિ કહો કિમ ગલઈજી.[૧] ૪

આંતરોલી મંડન
શ્રી વાસુપૂજ્ય જિન-સ્તુતિ

—(*)—

[શ્રી શત્રુંજય તીરથ સાર-એ દેશી]

વાસુપૂજ્ય જિનરાજ વિરાજે,
જલધર પરિં મધુરી ધ્વનિં ગાજે,
રૂપેં રતિ પતિ લાજે; નિત નિત દીસે નવલ દવાજે,
દરીસણ દીઠે ભાવઠ ભાજે, નિરમલ ગુણ મણી છાજે;
આંતરોલી પુર મંડણ સ્વામી,
મૂગત વધૂ જેણેં હેલાં પામી,
ઇંદ્ર નમે સિરનામી; ત્રિભૂવન જન-મન-અંતરજામી,
અકલ અરૂપ સહજ વિસરામી, વાચક જસ મત નાંમી. ૧

---

૧ આ સ્તવન ઉપાધ્યાયજીની કૃતિનું છે પણ અપૂર્ણ છે.

સમરૂં ચોવિસેં જિનરાજ, જે સેવ્યે આપે શિવરાજ,
સીઝે સઘલાં કાજ; જાસ નમેં સવિ સુર શિરતાજ,
જે સંસાર પયોનિધિ પાજ, સેવે સુજન સમાજ;
સ્વર્ગ મૃત્યુ પાતાલ નિવાસિ, જે દીઠે ભવિ કમલ ઉલાસિ,
મુગતસિરિ જસ હાસિ; પરમ જ્યોતિ પરગટ અભ્યાસિ;
જેહનિં મતિ કરૂણાઈ વાસી, પાતિગ જાઈ નાસી. ૨

જિનવર આગમ જલધિ અપાર, નાના વિધિ રચ્યેં કરી સાર,
સકલ સાધુ સુખકાર; જીવદયા લહરિ આધાર,
બહુલ જૂગતમાં જલપૂર ઉદાર, જિહાં નવ તત્ત્વ વિચાર;
જેહસ્યું વિલસે ત્રિપદી ગંગા, જસ તરંગ એ અંગ ઉવાંગા,
સેવા જાસ વિભંગા, આલાપક મુગતાફલ ચંગા,
જેહમાંહે સોહે અતિ બહુ ભંગા નિત નિત નુતન રંગા. ૩

વાસુપૂજ્ય પદ પંકજ પૂજે, જસ નામે સવિ સંકટ ધૂજે,
કામ ધેનું ઘર દૂજે; જાસુ સુદૃષ્ટિ જિન પડિબુઝે;
સકલ શાસ્ત્રના અરથજ સૂઝે, કુમતિ મતિ પડિબુઝે;
શ્રી વિજયસિંહ સૂરિ ચિત્ત આણિ, વિજયદેવ સુરિંદે વખાંણી,
જગમાંહે જે જાણી; જાસ પસાઈ વિદ્યા લહે પ્રાણી,
તે સરસતિ મુઝ દેજ્યો વાણી, વાચક જશ સુખ ખાંણી. ૪

[ઈતિશ્રી વાસુપૂજ્ય જિન–સ્તુતિ]

સિદ્ધ–સહસ્રનામ વર્ણન છંદ

[ભુજંગ પ્રયાત વૃત્ત]

જગન્નાથ જગદીશ જગબંધુ નેતા,
ચિદાનંદ ચિત્કંદ ચિન્મૂરતિ ચેતા;
મહા મોહ ભેદી, અમાઈ અવેદી,
તથાગત તથારૂપ ભવ – તરૂ – ઉચ્છેદી.[૧] ૧
નિરાતંક નિકલંક નિરમલ અબંધો,
પ્રભો દીનબંધો કૃપાનીર સિંધો;
સદાતન સદાશિવ સદા શુદ્ધ સ્વામી,
પુરાતન પુરૂષ પુરૂષવર વૃષભગામી. ૨
પ્રકૃતિ રહિત હિત વચન માયા અતીત,
મહાપ્રાજ્ઞ મુનિયજ્ઞ પુરૂષ પ્રતીત;
દલિત કર્મભર કર્મફલ સિદ્ધિ દાતા,
હૃદય પૂત અવધૂત નૂતન વિધાતા- ૩
મહાયજ્ઞ યોગી મહાત્મા અયોગી,
મહા ધર્મ સન્યાસ વર લચ્છી ભોગી;
મહા ધ્યાન લીનો[૨] સમુદ્રો અમુદ્રો,
મહા શાંત અતિદાંત માનસ અરૂદ્રો- ૪
મહેંદ્રાદિકૃતસેવ દેવાધિદેવ,
નમો તે અનાહુત ચરણ નિત્યમેવ;

૧–ભવભવ ઉચ્છેદી. ૨–લીલા.

નમો દર્શનાતીત દર્શન સમૂહ,
ત્રયી – ગીત – વેદાંતકૃત અખિલ ઉહ. ૫
વચન મન અગોચર મહા વાક્ય વૃત્તે,
કૃતાવેદ્ય સંવેદ્ય પદ સુપ્રવૃત્તે;
સમાપતિ આપત્તિ સંપત્તિ ભેદઈ,
સકલ પાપ સુગરિઠ તું દિઠ છેદઈ. ૬
ન તૂં દૃશ્ય દૃગ્માત્ર ઇતિ વેદ વાદ્દો,
સમાપત્તિ તુજ દૃષ્ટિ સિદ્ધાંત વાદ્દો;
વિગૂતા વિના અનુભવઈ સકલ વાદી,
લખઈ એક સિદ્ધાંતધર અપ્રમાદી. ૭
કુમારી દયિત ભોગસુખ જિમ ન જાણે,
તથા ધ્યાન વિણ તુજ મુધા લોક તાણે;
કરે કષ્ટ તુજ કારણઈ બહુત ખોજઈ,
સ્વયં તૂં પ્રકાશે ચિદાનંદ મોજઈ. ૮
રટે અટપટેં ઝટપટિં વાદ લ્યાવેં,
ન ત્યાં તૂં રમઈ અનુભવી પાસ આવેં;
મહા નટ[1] ન હઠ યોગ માંહિ તૂજ[2] જાગઈ,
વિચારેં હોઈ સાંઈ આગઈ જુ[3] આગઈ. ૯
તથાબુદ્ધિ નહીં શુદ્ધ તુજ જેણિ વહિઈ,
કલૌ નામ માંહિ એક થિર થોભ રહિઈ;
સહસ્ર નામ માંહિ દર્પ પણિ અર્પ જાણું,
અનંતે ગુણે નામ અણુંતાં[4] વખાણું. ૧૦

૧–ચર. ૨–તૂં જો. ૩–જો. ૪–અણુંત.

અનેકાંત સંકાંત બહુ અર્થ શુદ્ધ,
જિકે શબ્દ તે તાહરાં નામ બુદ્ધ;
નિરાસી જપે જેહ તે સર્વ સાચું,
જપઈ જેહ આસાઈ તે સર્વ કાચું. ૧૧

ન કો મંત્ર નવિ તંત્ર નવિ યંત્ર મોટો,
જિસ્યો નામ તાહરો શમ–અમૃત લોટો;
પ્રભો! નામ મુજ તુઝ અક્ષય નિધાન,
ધરૂં ચિત્ત સંસાર તારક પ્રધાન. ૧૨

અનામી તણા નામનો શ્યો વિશેષ,
એ તો મધ્યમા વખરીનો ઉલ્લેખ;
મુનીરૂપ પશ્યંતિ કાંઈ પ્રમાણઈ,
અકલ અલખ તૂં ઈમ હોઈ ધ્યાન ટાણેં. ૧૩

અનવતારનો કેઈ અવતાર ભાખે,
ઘટઈ તે નહીં દેવને કર્મ પાખે;
તનુ ગ્રહણ નહીં ભૂત આવેશ ન્યાયઈ,
પ્રથમ યોગ છઈ કર્મ તન્મિશ્ર પ્રાયઈ. ૧૪

અછઈ શક્તિ તો જનની ઉદરઈ ન પઈસિઈ,
તનુ ગ્રહણ વલી પર અદૃષ્ટઈ ન બઈસિઈ;
તુરંગશૃંગસમ અર્થ જે એહ યુક્તિ,
કહઈ સદ્દહઈ તેહ અપ્રમાણ ઉક્તિ. ૧૫

ગયા જિનવરે દોષ મિથ્યાત્વ ટાલ્યો,
ગ્રહિઉં સાર સમ્યક્ત્વ નિજ વાન વાલ્યો;

તિહાંથી હુઆ તેહ અવતાર લેખઈ,
જગતલોક ઉપગાર જગગુરૂ ગવેખઈ. ૧૬
અહો યોગ મહિમા જગન્નાથ કેરો,
ટલે પંચ કલ્યાણુકઈ જગ અંધેરો;
તદા નારકી જીવ પણિ સુખ પાવઈ,
ચરણ સેવવા ધસમસ્યા દેવ આવઈ ૧૭
તજી ભોગ લ્યઈ યોગ ચારિત્ર પાલે,
ધરી ધ્યાન અધ્યાત્મ ઘનઘાતિ ટાલઈ;
લહે કેવલજ્ઞાન સુર કોડિ આવઈ,
સમવસરણ મંડાઈ સવિ દોષ જાઈ. ૧૮
ઘટે દ્રવ્ય જગદીશ અવતાર એસો,
કહો ભાવ જગદીશ અવતાર કેસો;
રમઈ અંશ આરોપ ધરી ઓઘદૃષ્ટિ,
લહઈ પૂર્ણ તે તત્વ જે પૂર્ણ દૃષ્ટિ ૧૯
ત્રિકાલજ્ઞ અરિહંત જિન પારગામી,
વિગતકર્મ પરમેષ્ટી ભગવંત સ્વામી;
પ્રભુ ઓધિદાભયદ આપ્ત સ્વયંભૂ,
જયો દેવ તિર્થંકરો તૂં જ શંભુ. ૨૦
ઇસ્યાં સિદ્ધ જિનનાં કહ્યાં સહસ્ર નામ,
રહો શબ્દ-ઝઘડો લહો શુદ્ધ ધામ;
ગુરૂશ્રી નયવિજય બુધ ચરણ સેવી,
કહઈ શુદ્ધપદમાંહિં નિજ દૃષ્ટિ દેવી. ૨૧

નેમ-રાજુલનાં છ ગીતો

(૧)

૫૬

નેમ પ્રભુને મનામણાં

—(*)—

રંગ હોરી (પદ ૪૦)

હરિ-ન ટેક.

ફાગણમેં[૧] તજી લાજ લાલ, રંગ હોરી.
દેવરકું મેરી રહી, રંગ હો હોરી;
[૨]બ્યાહ મનાવન કાજ લાલ, રંગ હો હોરી. ૧

તાલ કંસાલ મૃદંગસું, રં૦ મધુર બજાવત ચંગ. લાલ રં૦
ગયબ ગુલાલ નયન ભરે, રં૦ બઈ નિ બજાવે[૩] અનંગ. લાલ રં૦ ૨
પિચકારી છાંટે પીયા, રં૦ ભરી ભરી કેસર-નીર, લાલ રં૦
માનુ મદન કીરતી છટા, રં૦ અલવે ઉડાવે અબીર. લાલ રં૦ ૩
યૌવન મદ-મદિરા છકી, રં૦ ગાવત પ્રેમ ધમાલી, લાલ રં૦
રાચત માચત નાચતી, રં૦ કૌતુકસું કરે આલી. લાલ રં૦ ૪
સોહે ભુખ તંબોલસું, રં૦ માનું સંધ્યા-યુત ચંદ, લાલ રં૦
પૂરિત કેસર કુલેલસું, રં૦ ઝરત મેહ જિઉં બુંદ. લાલ રં૦ ૫
ઘણુ ભુજ મૂલ દેખાવતી, રં૦ બાંહ લગાવત કંઠ, લાલ રં૦
કહે 'દેવર![૪] પરનો પીયા, રં૦ પરના બિન પુરૂષ ઉલંઠ. લાલ રં૦ ૬

૧-ફાસુ રમે. ૨-છાંટે. ૩-જગાવે. ૪-દેવ.

રૂખ મિલિત રહે વેલીસું, ૨૦ સાગર ગંગા રંગ, લાલ ૨૦
જાન ઠગાને અજાનવે, ૨૦ કિઉં ન કરે ત્રિયા-સંગ.' લાલ ૨૦ ૭
યું બિલાસ હરિ-નારીકે ૨૦ દેખો ઘરે પ્રભુ મૌન, લાલ ૨૦
સ્ત્રી-શિશું-શઠ-હઠ નવિ ત્યજે, ૨૦ કરે વચન-શ્રમ કોન ?લાલ ૨૦ ૮
જનકે જાને કહા ભયો, ૨૦ મનકો જાણ્યો પ્રમાણ લાલ ૨૦
ચતુર ન ચૂકે નેમિજી, ૨૦ પાએ સુજસ કલ્યાણ. લાલ ૨૦ ૯

---

(૨)

૫૬

નેમ પ્રભુનું મૌન

—(*)—

રાગ-ગુજરી, પૂર્વી (૫૬ ૩૩)

બાલા રૂપશાલા ગલે, માલા સોહે મોતીનકી,[૧]
કરે નૃત્ય ચાલા ગોરી, ટોરી મિલિ ભોરીસી;
દેવરકું રહિ બેરી, સેના માનું કામ કેરી,
ગુન ગાતી આવે નેરી, કરે ચિત્ત ચોરિસી;
વિવાહ મનાવે આલી, પહિરિ દખિણ ફાલી,
વાંકું નિહાલે બાલી, છોડી લાજ હોરીસી;
તોભી નેમી સ્વામી, ગજગામી જશ કામી ધામી,
રહે ગ્રહિ મૌન ધ્યાન,-ધારા-વજ્ર-ડોરીસી. ૧

૧-મોતનકી

(૩)

પદ

સખી પ્રત્યે રાજુલ

—(*)—

રાગ–ભૂપ કલ્યાણ (પદ ૨૬)

સયનકી નયનકી બયનકી છબી નીકી,
મયનકી ગોરી તકી લગી મોહિ અવિયાં (?)
મનકી લગની ભર અગનીસી લાગે અલી!
કલ ન પરત કછુ કહા કહું બતીયાં. સ૦ ૧
મોહન મનાએો માની કહા બની રતિ છાની,
શિવાદેવી કે નંદન! માનો બિનતિયાં;
ગુન ગહેા જશ બહેા ઘરિ રહેા સુખ લહેા,
દુઃખ ગમેા મુઝ સમેા રંગ રમેા રતિયાં. સ૦ ૨

---

(૪)

પદ

રાજુલ પ્રત્યે સખી

—(*)—

રાગ–નાયકી કાનડેા (પદ ૧૫)

યા ગતિ કૌન હે સખી! તોરી?, કેાન હે સખી! તોરી? ટેક.
ધ્રતિ ઉત ચુંહી ફિરત હે ગહેલી,[૧] કંત ગયેા ચિત્ત ચોરી.
યા ગતિ૦ ૧

૧–ઘની.

ચિંતવત હે વિરહાનલ બુઝવત,[૧] સિંચ નયન–જલ ધોરી;
જનત હે ઉહાંહે વડવાનલ, જલણુ જલ્યો ચિહું ઓરી.
યા ગતિ૦ ૨

ચલ ગિરનાર પિયા દિખલાવું,[૨] નેહું નિહાવન ધોરી;
હિલિ મિલિ મુગતિ–મોહોલમેં ખેલે,[૩] પ્રણમે જશ યા જોરી.
યા ગતિ૦ ૩×

સખી પ્રત્યે રાજુલ

(૫)

—(*)—

(અપ્રકટ નવું પદ)

વીનતડી કહ્યો રે મોરા કંતનઈં,
સીખામણ મુજ પ્રભુ તુજનઈં, જીભ ભલામણ દંતનઈં. ૧

૧–બૂઝવું. ૨–ગઢ ગિરનાર ચલો પિયા મિલિ હે. ૩–મોહોલ દોઉ ખેલે.

× સરખાવો–આ સાથે શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયનું નીચેનું પદ.

રાગ–કાનડો

યા ગતિ છોરી દે ગુણુ–ગોરી, તૂં ગુણુ–ગોરી,
અચરિજ એહું મિલેં સસિ–પંકજ, મિચિ યમુના વહેં ભોરી. યા૦ ૧
ચલ ગિરનાર પિયા દિખલાઉં, ઓહરી જોરી રતિ દોરી;
મુગતિ મહોલમેં મિલે રાજુલ નેમિ, વિનય નમે કર જોરી. યા૦ ૨

યૌવન વય યુવતી જે છોરી, ખાર દીધો તે ખંતનઈ;
ચૌદ જાણઈ તે ચ્યાર ન ભૂલઈ, રયૂં કહવું એ સંતનઈ. વી૦ ૨

કર્મ દોષ પરનઈ નવિ દીજઈ, સાધ્ય ન એ મંત-તંતનઈ;
મિલી અભેદ રાજુલ ઈમ કહતી જશ પ્રભુ નેમિ-અરિહંતનઈ, વી૦ ૩

રાજુલના ઉદ્‌ગાર

(૬)

—(*)—

[અપ્રકટ નવું પદ]

રાજુલ બોલઈ સુનુહુ સયાની રે !
નેમિ મનાવા જાઉ ઉજાતી રે;

હું દુઃખ પામું વિરહ દિવાંની રે,
પિઉ વિન જિમ મછલી વિન પાની રે. ૧

એક યૌવન બીજું મદન સંતપાઈ રે,
ત્રીજું વિરહ કલેજું કાપઈ રે;

ચોથું તે પિઉપિઉ પિક પોકારઈ રે,
દુઃખિયાનું દુઃખ કોઈ ન વારઈ રે. ૨

જે સુખ સાધન ભોગી મનાઈ રે,
તે વિરહીનઈ દુઃખ દિઈ છાંનાઈ રે;

વિન પિઉ હેજ ન સેજ સુહાઇ રે,
મોટાં મંદિર ખાવા ધાઈ રે. ૩

રાયિમ રિદ્ધિ નઇં દોલતિ લીલા રે,
તે મુઝ પિઉ વિરહાનલ કીલા રે;
ભૂખ નિંદ બિહુ સાથિં નાઠી રે,
માનું વિરહ બલવાથી ત્રાઠી રે. ૪

કોકિલ બોલઇં ટાદું મીહું રે,
મુઝ મનિ તો તે લાગઇં અંગીહું રે,
વિરહ જગાવી વિરહિણી બાલી રે,
તે પાપઇં તે થઇ છઇં કાલી રે. ૫

હાર હિયઇં પ્રતિબિંબિત ચંદો રે,
વિરહ દહનથી હાયો મંદો રે;
આંસુબડેં ઉલ્હવંતી કાલો રે,
માનું પ્રકટિઉ લંછન લ્યાહલો રે. ૬

ચંદ કિરન જબ તનુ ગઇં રે,
તાપ વિરહ અધિકેરો જાગઇં રે;
વડવાનલથી આધકો જાણી રે,
માયરિ નાખ્યો ઉલ્હાલી પાણી રે ૭

લાગઇ દખિન પવન પ્રચારા રે,
ચંદન અહિ વિષનાં ફૂંકારા રે;
વિષધર ભખતાં જે વિષ પામે રે,
તોર કિંમારઇં તે માનું વામે રે. ૮

ઘોર ઘનાઘન ગગનિં ગરજૈ રે,
માનું તે વિરહિણિનઈં તરજૈ રે;
વીજલડિ મિસ અસિ ઝબકાવ રે,
માનું તે મુઝનઈં બીહાવૈ રે. ૯

ઇંદ્ર તણું મઈં શ્યું અપરાધ્યું રે?
ધનુષ દેખાવઈં ગગનિ બાંધ્યું રે;
માનું પિઉ ગતિ તસ ગજ હાર્યો રે,
તેણિ મુઝસ્યું પિઉ વઈરિ સંભાર્યો રે? ૧૦

જલધર જલ વહૈ ખલખલ ખાલ રે,
આંસુઅડાં મુઝ નયણ પ્રણાલૈ રે;
વાદ માંહોમાંહિ બિહુનઈં લાગો રે,
આવીનઈં પિઉડા! તે તુમ્હે ભાગો રે. ૧૧

ડર ડર કરિ દાદુર ડરપાવૈ રે,
ઉભા પણિ પિઉ વિરહ સતાવ રે,
ધૂલિ તપૈ તિમ રવિ તતપાણો રે;
એ સાચો જાણ્યો ઉખાણો રે. ૧૨

નીંદ ન આવઈં ઝબકી જાગું રે,
પૂરવ દિસિ જઈ જોવા લાગું રે;
રાતાં દીસે રાતડી નયણે રે,
કિમહી ન દીસે પણિ તે ગયણિ રે. ૧૩

કુણ આગઈ એ વાત કહાઈ રે?
પિઉ અવલઈં કુણ સવલો થાઈ રે?

વિરહીનઇં હિમ ઋતુ દિન વાધઇં રે,
ગ્રીષ્મ નિસ મોટી થઈ બાંધઇં રે. ૧૪

સરસ કમલ જે હિયડઇં દીજૈ રે,
નીસાસેં તેનૂં કિ। કીજઈ રે !;
ફિરિ ધરિઈ નઈ ફિરિ અપહરિઇં રે,
વિરહની વેદન કિમ નિસૂરઇં રે. ૧૫

હઇડુ ભીડયું દૃઢ કુચ બંધઇં રે,
પ્રાણ ન જાઈ તે પ્રતિબંધઇં રે;
અંતરાય એ જાણું મોટું રે,
જીવ જીવન વિન જીવિત ખોટું રે. ૧૬

નીંદ ન આવઇં ફિરિ ફિરિ સોઉં રે,
માનુ સુપનમાં પિઉ મુખ જોઉં રે;
પૂછું લગન તે જોસી આગઇં રે,
કહિઇં મિલસ્યઇં પિઉ મન રાગઇં રે. ૧૭

નેહ ગહેલી દુરબલ થાઉં રે,
માનું જિમ તિમ લિઉ મનિ માઉં રે;
પણિ નવિ જાણ્યું એ ન ઉપાયો રે,
પ્રીતિ પરાણી કિમઇં ન થાયો રે. ૧૮

સ્યું કીજઇં જો પ્રથમ ન જાણ્યું રે,
હવઇં તો ચિતડું ન રહઇં તાણ્યું રે;
નિઃસનેહીસ્યું નેહ જે કીધો રે,
ઉંઘ વેચી તે ઊજાગર લીધો રે. ૧૯

આજ દીવાલી કહઈ કોઈ ભોલી રે,
મુઝ મનિ ન ટલી વિરહની હોલી રે;
સ્યૂં કીજઈ તે સેવ સુહાલી રે,
સુખ લહસ્યું પિઉ વદન નિહાલી રે. ૨૦
ઇમ વલિ વિલવતિ ગઈ ગિરિનારિ રે,
રાજુલ કંતસ્યુ મિલી મનુહારી રે;
દોઈ રમઈ શિવ મંદિર માંહિ રે,
સુખ જસ સંપતિ લહિઅ ઉછાહિ રે. ૨૧

શ્રી ઋષભદેવ જિન-સ્તવન

—(*)—

[આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે—એ દેશી]

ઋષભ જિનરાજ મુજ આજદિન અતિ ભલો,
ગુણ નીલો જોયો તુજ નયન દીઠા;
દુઃખ ટળ્યાં સુખ મળ્યાં સ્વામિ! તુજ નિરખતાં,
સુકૃત સંચય હુઓ પાપ નીઠા. ઋષભ૦ ૧
કલ્પ શાખી ફળ્યો કામ ઘટ મુજ મળ્યો,
આંગણે અમિયનો મેહ વૂઠો;
મુજ મહીરાણ મહી-ભાણ તુજ દર્શને
ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો. ઋષભ૦ ૨
કવણ નર કનક મણિ છોડી તૃણ સંગ્રહે?
કવણ કુંજર તજી કરહ લેવે?
કવણ એસે તજી કલ્પતરૂ બાઉલે?
તુજ તજી અવર સુર કોણ સેવે? ઋષભ૦ ૩

એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,
તુજ વિના દેવ દૂજો ન ઈહું;
તુજ વચન-રાગ સુખ સાગરે ઝીલતો;
કર્મ ભર ભ્રમ થકી હું ન બીહું. ઋષભ૦ ૪
કોડી છે દાસ વિભુ! તાહરે ભલ ભલા,
માહરે દેવ તૂં એક પ્યારો;
પતિત પાવન સમો જગત ઉદ્ધારકર;
મહિર કરી મોહિ ભવ જલધિ તારો. ઋષભ૦ ૫
મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબલ પ્રતિબંધ લાગો;
ચમક-પાષાણ જિમ લોહને ખિચશ્યે,
મુક્તિને સહજ તુજ ભક્તિ-રાગો. ઋષભ૦ ૬
ધન્ય! તે કાય જેણે પાય તુજ પ્રણમિયે,
તુજ થૂણ્યે જેહ ધન્ય ધન્ય! જિહા;
ધન્ય! તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય! તે રાત ને ધન્ય! દીહા. ઋષભ૦ ૭
ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો;
રયણ એક દેત શી હાણ રયણાયરે?
લોકની આપદા જેણે નાસો. ઋષભ૦ ૮
ગંગ સમ રંગ તુજ કીર્તિ-કલ્લોલને,
રવિ થકી અધિક તપ-તેજ તાજો,
નયવિજય વિબુધ સેવક હું આપરો,
જસ કહે અબ મોહિ ભવ નિવાજો. ઋષભ૦ ૯

ॐ

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજયજી ગણિવર વિરચિત

ગૂર્જર સાહિત્ય સંગ્રહ-૧

૨–આધ્યાત્મિક પદ વિભાગ

ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય ગર્ભિત
આધ્યાત્મિક પદો

૫૬

પ્રભુભજન

—(*)—

[૫૬ ૫૬]

ભજન બિનું જીવિત જેસે પ્રેત,
મલિન મંદમતિ ડોલત ઘર ઘર, ઉદર–ભરનકે હેત. ભજન૦ ૧

દુર્મુખ વચન બકત નિત નિંદા, સજ્જન સકલ દુઃખ દેત;
કબહું પાપકો પાવત પૈસો, ગાઢે ધુરિમેં દેત. ભજન૦ ૨

ગુરૂ બ્રહ્મન અચ્યુત જન સજ્જન, જાત ન કવણુ નિવેત;
સેવા નહીં પ્રભુ તેરી કબહું, ભુવન નીલકો ખેત. ભજન૦ ૩

કથે નહીં ગુન ગીત સુજસ પ્રભુ, સાધન દેવ અનેત;
રસના–રસ બિગારો કહાં લોં, બૂડત કુટુંબ સમેત. ભજન૦ ૪

૫૬

પ્રભુનું સાચું ધ્યાન

—(*)—

રાગ ધન્યાશ્રી. [૫૬ ૪]

પરમ પ્રભુ સણ જન શબ્દે ધ્યાવે,
જબ લગ અંતર–ભરમ ન ભાંજે, તબ લગ કોઉ ન પાવે,
પરમ પ્રભુ સણ જન શબ્દે ધ્યાવે. ટેક. ૧

સકલ અંસ દેખે જગ જોગી, જો ખિનુ સમતા આવે;
મમતા-અંધ ન દેખે યાકો, ચિત્ત ચિહું ઓરે ધ્યાવે. ૫૦ ૨

સહજ શક્તિ અરૂ ભક્તિ સુગુરૂકી, જો ચિત્ત જોગ જગાવે;
ગુન પર્યાય દ્રવ્યસું અપને, તો લય કોઉ લગાવે. ૫૦ ૩

પઢત[1] પુરાન વેદ અરૂ ગીતા, મૂરખ અર્થ ન ભાવે;
ઈત ઉત ફિરત ગ્રહત રસ નાંહી, જ્યોં પશુ ચર્વિત ચાવે. ૫૦ ૪

પુદ્ગલસેં ન્યારો પ્રભુ મેરો, પુદ્ગલ આપ છિપાવે;
ઉનસેં અંતર નાહી હમારે, અબ કહાં ભાગો જાવે. ૫૦ ૫

અકલ અલખ અજ અજર નિરંજન, સો પ્રભુ સહજ સુહાવે;
અંતરયામી પૂરન પ્રગટયો, સેવક **જસ** ગુન ગાવે. ૫૦ ૬

પદ

સાચ્ચા પ્રભુની પ્રાપ્તિ.

—(*)—

રાગ દેશાખ. [પદ ૨૫]

અબ મેં સાચો સાહિબ પાયો. ટેક.
યાકી સેવ કરત હું યાકું, મુજ મન પ્રેમ સુહાયો. અ૦ ૧

ઠાકુર ઓર ન હોવે અપનો, જો દીજે ઘર માયો;
સંપત્તિ અપની ખિનુમેં દેવે, વે તો દિલમેં ધ્યાયો, અ૦ ૨

ઓરનકી જન કરત ચાકરી, દૂર દેશ પાય ધાસે;
અંતરયામી ધ્યાનેં દીસે, વે તો અપનેં પાસે. અ૦ ૩

---

[1] પઢત.

ઓર કબહું કોઉ કારન કોપ્યો, બહોત ઉપાય ન તૂસે;
ચિદાનંદમેં મગન રહતુ હે, વે તો કબહું ન રૂસે. અ૦ ૪
ઓરનકી ચિંતા ચિતિ[૧] ન મિટે, સબ દિન ધંધે જાવે;
થિરતા ગુન પૂરન સુખ ખેલે, વે તો અપનેં ભાવેં. અ૦ ૫
પરાધીન હે ભોગ ઓરકો, તાતેં[૨] હોત વિયોગી;
સદા સિદ્ધ સમ શુદ્ધ[૩] વિલાસી, વે તો નિજ ગુન ભોગી. અ૦ ૬
જ્યોં જનો ત્યોં જગ જન[૪] જનો, મેં તો સેવક ઉનકો;
પક્ષપાત તો પરસૂં હોવે, રાગ ધરત હું ગુનકો. અ૦ ૭
ભાવ એક હે સબ જ્ઞાનીકો, મૂરખ ભેદ ન ભાવે;
અપનો સાહિબ જો પહિચાને, સોં જસ લીલા પાવે. અ૦ ૮

પદ

વીરોની પ્રભુભક્તિ

—(*)—

[પદ ૫૮]

જો જો દેખે વીતરાગને, સો સો હોશે વીરા રે;
બિન દેખે હોશે નહીં કોઈ, કાંઈ હોય અધીરા રે. જો૦ ૧
સમય એક નહીં ઘટસી જો, સુખ દુઃખકી પીરા રે;
તૂં કયું સોચ કરે મન! કૂડા, હોવે વજ્ર જો હીરા રે. જો૦ ૨
લગે ન તીર કમાન બાન, કયું મારી શકે નહિ મીરા રે;
તૂં સંભારે પુરૂષ–બલ અપનો, સુખ અનંત તો પીરા રે. જો૦ ૩

---

૧ ચિત્ત. ૨ જાતે, તાતિ, તેતેં. ૩ સમતાઈ. ૪ યુગતિન, જગંત ન.

નયન ધ્યાન ધરો વો પ્રભુકો, જો ટારે ભવ-ભીરા રે;
સજ સચેતન ધરમ નિજ અપનો, જો તારે ભવ-તીરા રે.[૧] જો૦ ૪

૫૬

પંચમહાવ્રત ઝહાજ

—(*)—

[૫૬ ૫૬]

વાદ વાદીસર તાજ, ગુરૂ મેરો ગચ્છ રાજ;
પંચ મહાવ્રત ઝહાજ, સુધર્મા જ્યું સવાયો હે. વાદ૦ ૧

વિદ્યાકો વડો પ્રતાપ સંગ, જલ જ્યું ઉઠત તરંગ;
નિરમલ જેસો સંગ, સમુદ્ર કહાયો હે. વાદ૦ ૨

સત્ત સમુદ્ર ભર્યો, ધરમ પોત તામેં તયો;
શીલ સુકાન વાલમ, ક્ષમા લંગર ડાર્યો હે. વાદ૦ ૩

સહડ (શઢ) સંતોષ કરી, તપતો તપીહ્યા ભરી,
ધ્યાન રંજક ધરી દેત, મોલા જ્યાન ચલાયો હે. વાદ૦ ૪

એસો ઝહાજ ક્રિયા કાજ, મુનિરાજ સાજ સજો;
દયા મયા મણિ માણિક, તાહિમેં ભરાયો હે. વાદ૦ ૫

પુણ્ય પવન આયો, સુજસ જહાજ ચલાયો;
પ્રાણ જીવન અસો માલ, ઘર બેઠે પાયો હે. વાદ૦ ૬

---

૧ આમાં કવિએ પોતાનું નામ આપ્યું નથી. પરંતુ 'જશ વિલાસ'ની ઘણી પ્રતોમાં મળે છે, તેથી અત્ર દાખલ કર્યું છે.

૫૬
સાચા મુનિ
(૧)
રાગ–જયજયવંતી (પદ ૨૧)

ધર્મકે વિલાસ વાસ, જ્ઞાનકે મહા પ્રકાસ,
દાસ ભગવંતકે, ઉદાસ ભાવ લગે હૈ,
સમતા નદી તરંગ, અંગહી ઉપંગ ચંગ,
મજ્જન પ્રસંગ રંગ, અંગ ઝગમગે હૈ. ધર્મકે૦ ૧
ધર્મકે સંગ્રામ ઘોર, લરે મહામોહ ચોર,
જોર તાકો તોરવેકું, સાવધાન જગે હૈ,
શીલકો ધરી સન્નાહ, ધનુષ મહા ઉત્સાહ,
જ્ઞાન બાનકે પ્રવાહ, ભાવ અરિ[૧] ભગે હૈ. ધર્મકે૦ ૨
આયો હૈ પ્રથમ સેન [૨] કામકો ગયો હૈ રૈન,[૩]
હરિ હર બ્રહ્મા જેણે, એકલેને ઠગે હૈ,
ક્રોધ માન માયા લોભ, સુભટ મહા અખોભ,
હા રે સોય છોડ થોભ, મુખ દેઈ ભગે હૈ.[૪] ધર્મકે૦ ૩
નોકષાય ભયે ખીન, પાપકો પ્રતાપ હીન,
ઓર ભટ ભયે દીન, તાકે પગ ડગે હૈ,
કોઉ નહીં રહે ઠાઢે, કર્મ જો મિલે તે ગાઢે,[૫]
ચરનકે જિહા કાઢે, કરવાલ નગે હૈ. ધર્મકે૦ ૪
જગત્રય ભયો પ્રતાપ, તપત અધિક તાપ,
તાતે નાહિ રહી ચાપ,[૬] અરિ તગતગે હૈ,
સુજસ નિસાન સાજ, વિજય વધાઇ[૭] લાજ
એસે મુનિરાજ તાકું હમ પાય લગે હૈ. ધર્મકે૦ ૫

૧–સબ વેરી. ૨–શ્રેણી. ૩–રૈણિ. ૪–મુખ લેઈ ધગે હૈ, મુખ દેઈ ધગે રે.
૫–કર્મકે સઈન ટાઢે. ૬–તાતે (તાથેં) નહિ આપ ધરી. ૭–વધારી.

સાચા મુનિ
(૨)

પવનકેા કરે તોલ, ગગનકેા કરે મોલ
રવિકેા કરે હિંડોલ, ઐસેા કેાઉ નર રે?
પથરકેા કાંતે સૂત, વંધ્યાકું પડાવે પૂત,[૨]
ઘટમેં બોલત ભૂત, વાકે કિન ઘર રે? પવનકેા ૧
બીજલીસેં કરે બ્યાહ,[૩] મ્રકું ચલાવે રાહ,
ઉદધિમેં ઉડાવે દાહ, કરત ભરાભર રે,[૪]
બડેા દિન બડી રાત,[૫] વાકી કૌન માત તાત,
ઇતની બતાવે વાત, જશ કહે મેરા ગુરૂ રે.[૬] પવનકેા૦ ૨

૫૬

સાચેા જૈન

રાગ-ધાન્યાશ્રી (પદ ૩)

જૈન કહેા કયૈાં હેાવે, પરમ ગુરૂ! જૈન કહેા કયૈાં હેાવે?
+ ગુરૂ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગેાવે;[૭]
પરમ ગુરૂ! જૈન કહેા કયૈાં હેાવે? ટેક. ૧

૨-વાંઝની કેા રમાવે પુત. ૩-છાંહ. ૪-સમુદ્રકું લાવે છાહા, નીર ભરાભર રે. ૫-બડેા દિન કે બડી રાત. ૬-ઈતની જો જાને વાત, સેાહી મેરા ગાર રે.

+ સરખાવેા કર્તાની કુગુરૂ સ્વાધ્યાયમાંથી :—

ઘેાટકની પરેં પંથે ચાલે, શહેરમાં નીચૂં જોવે
ગડબડ ગાડાંની પરેં ચાલે, જિન શાસનને વગોવે-
કપટી કહિયા એહ જિણું દે.

૭-જૈન શાસનને વગેાવે.

કહત કૃપાનિધિ સમ–જલ ઝીલે, કર્મ–મયલ જો ધોવે;
બહુલ પાપ–મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ.

સ્યાદ્વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઇ જૈન હૈ સાચા. પરમ. ૩

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;
જૈન દશા ઉનમેંહી નાહી, કહે સો સબહી જૂઠી. પરમ. ૪

પર પરિનતિ અપની કર માને, ક્રિયા ગર્વે ગહિલો;
ઉનકું જૈન કહો કયું કહિયે, સો મૂરખમેં પહિલો. પરમ. ૫

જૈન ભાવ–જ્ઞાને[૧] સબમાંહી, શિવ સાધન સદ્દહિએ;
નામ વેષસું[૨] કામ ન સીઝે, ભાવ–ઉદાસે રહીએ. પરમ. ૬

જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત ધરતુ હૈ મમતા, યાહી ગલેમેં ફાંસી. પરમ. ૭

*ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનુ નાંહી;
ક્રિયાજ્ઞાન દોઉ મિલત રહતુ હૈ, જ્યોં જલ–રસ જલમાંહી. પરમ. ૮

ક્રિયા–મગનતા બાહિર દીસત, [૩]જ્ઞાન શકિત જસ ભાંજે;
સદ્ગુરૂ શીખ સુને નહી કબહું, સો જન જનતેં લાજે. પરમ. ૯

૨–જ્ઞાન ભાવ જ્ઞાન. ૩–ભેખસેં.

* સરખાવો જ્ઞાનસારના ક્રિયાષ્ટકનો શ્લોક બીજો.

क्रियाविरहितं हंत । ज्ञानमात्रमनर्थकं ॥
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमिप्सितम् ॥

૩–જ્ઞાનભગતિ પાઠાં.

તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હે, સકલ સૂત્રકી કૂંચી;
જગ જશવાદ વદે[1] ઉનહીકો, જૈન દશા જસ ઉંચી. પરમ. ૧૦

પદ

સજ્જન રીતિ

—(*)—

[અપનો સંગ કરે જો તનકી, આશ કરે સફલી] (પદ ૫૩)

+સજ્જન રાખત રીતિ ભલી
બિનુ કારણ ઉપકારી ઉત્તમ, જાઈ સહજ મિલિ;
દુર્જનકી મન પરિનતિ કાલી, જૈસી હોય ગલી. સ૦ ૧

ઓરનકો દેખત ગુન જગમેં, દુર્જન જાયે જલી;
ફેલાવે[1] ગુન ગુનકો જ્ઞાતા, સજ્જન હોજે હલી. સ૦ ૨

ઉંચ ઇતિ પદ બેઠો દુર્જન, જાએ માહિં બલી;
નૃપગૃહ[2] ઉપર બેઠી મીની, હોત નહીં ઉજલી. સ૦ ૩

વિનય વિવેક વિચારત સજ્જન, ભદ્રક ભાવ ભલી;
દોષ લેશ જો દેખે કબહું, ચાલે ચતુર ટલી. સ૦ ૪

અબમેં એસો સજ્જન પાયો, ઉનકી રીતી ભલી;
શ્રી નયનિજય સુગુરૂ સેવાતેં, સુજસ[4] રંગ રલી- સ૦ ૫

૧-વધે પાઠાં.
+ સરખાવો કર્ત્તાકૃત દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકાની સજ્જન સ્તુતિ દ્વાત્રિંશિકા.
૨-ફલ પાવે. ૩-ઉપગૃહ. ૪-સુખ જશ.

પદ[૧]

સાચો ધર્મ

—(*)—

શિવ સુખ ચાહો તો, ભજો ધરમ જૈનકો સાર;
જ્ઞાનવંત ગુરૂ પાયકૈ, સફલ કરો અવતાર. ૧

ચિત તું ચેતિ મહામુનિ રાજા, જુઠા કાહિ દિવાની;
સંજમ વિણ કરણી તુજ ખોટી, જિઉં મોટી વિષફલકી ગોટી. ૨

બ્યાર પાંચ મિલિ મોટો કીધો, તિઉં તિં ગારવરસ–મધુ પીધો;
જે તુજ પાડઈ અવિરતિ ભોલઈ, તે તો મેરૂ ચઢાવિ ઢોલે. ૩

ખલ વાંણી તુજ મીઠી લાગે, જિન–વયણે સૂતો નવી જાગે;
જો તું પડસી પ્રમાદે ભોલા, સેવિસિ બહુત નિગોદહુ ગોલા. ૪

તું બહુ જન સેવાઇ રાચઇ, છાંડી મારગ કરમ નીકાચઇ;
નિર્ગુણ પરગુણ કીઉં ગોપઇ, પરગુણ નિસુણી કિઉં મન કોપઇ? ૫

તું પડિઓ ગારવને ધંધે, ભગતિ લોક તુજ અંધો–અંધે;
જે મારગે તું ચાંપ્યો[૨] તારો, તિહાં તો તું દીસઈ વટ પ્યારો. ૬

પક્ષ કરો ગુનવંતહુ કેરો, નિર્ગુણ લોક[૩] ન રાખો નેરો;
ઈર્યું કરતાં તુમ સુજસ લહોગે, જો જિન વચનઈ સુદૃઢ રહોગે. ૭

---

૧ [આ પદ પ્રકટ થયું નથી. વીરવિજય ઉપાસરો–અમદાવાદમાનો ભંડાર દાબડો ૧૭ પોથી નં. ૩ની પ્રતના પાનાં ૫ દરેક પર ૫ પંક્તિ ૧૩ કે જે પ્રતમાં યશોવિજય કૃત પદો છે તેમાંથી આ પદ મળ્યું છે. વિદ્યાશાળાની દા. ૩૯ પ્રત નં. ૮૧ પત્ર ૩૧ની પ્રત કે જેનો લ. સં. ૧૯૨૪ છે તેમાં પણ આ છે.]

૨ ખાંપ્યો ૩ લોકમાં.

જો હિતવચન તુમ નહીં માનો, તો પિણ હિતું ન રહૈ છાનો;
જો દીસૈ બહૂ માયા બોલી, શૂધ જાતિ નહી તે સહી ગોલી. ૮
જેહને અંતર હીત ચાહીજઈ, ધર્મ ઉપકમ તેહનઈ કીજઈ,
શ્રી નયવિજય વિબુધ પદ સેવી, જસ બોલઈ તસ એ મતી દેવી. ૯

પદ
દૃષ્ટિરાગ
—(*)—

રાગ-પ્રભાતી (પદ ૭૧)

દૃષ્ટિરાગે નવિ લાગીયે, વલી જાગીયે ચિત્તેં;
માગીયે શીખ જ્ઞાની તણી, હઠ ભાંગીએ નિતેં. દૃષ્ટિ૦ ૧
જે છતા દોષ દેખે નહિ, જિહાં જિહાં અતિરાગી;
દોષ અછતા પણ દાખવે, જિહાંથી રૂચિ ભાગી. દૃષ્ટિ૦ ૨
દૃષ્ટિરાગ ચલે ચિત્તથી, ફરે નેત્ર વિકરાલેં;
પૂર્વ ઉપકાર ન સાંભલે, પડે અધિક જંજાલે. દૃષ્ટિ૦ ૩
વીર જિન જબ હુતા વિચરતા, તવ મંખલી-પુત્તો;
જિન કરી જડ જને આદર્યો, ઈહિં મોહ અતિ ધૂતો. દૃષ્ટિ૦ ૪
ઋષિ ભંડાર રમણી તજી, ભજી આપ-મતિ-રાગો;
દૃષ્ટિરાગે જમાલિ લહ્યો, નવિ ભવજલ તાગો. દૃષ્ટિ૦ ૫
વલી આચાર્ય સાવદ્ય જે, હુઓ અનંત સંસારો;
દૃષ્ટિરાગ સ્વમતે[૧] થયો, મહાનિશીથ વિચારો. દૃષ્ટિ૦ ૬
હુવે જિન-ધર્મ-આશતના, અજાણ્યું કહે રંગે;
મંડુ આગલે જિનવરે, વહિઉં ભગવઈ અંગે. દૃષ્ટિ૦ ૭

૧-સ્વમતિપણે.

ગ્રામના નટને મૂર્ખનો, મિલ્યો જેહવો જોગો;
દૃષ્ટિરાગ મિલ્યો તેહવો, કથક સેવક લોગો. દૃષ્ટિ૦ ૮

આપણ ગોઠડી મીઠડી, હઠીને મન લાગે;
જ્ઞાની ગુરૂ વચન રલિયામણાં, કટુક તીરસ્યાં વાગે. દૃષ્ટિ૦ ૯

દૃષ્ટિ–રાગેં ભ્રમ ઉપજે, વધે જ્ઞાન ગુણ–રાગેં;
એહુમાં એક તુમે આદરો, ભલો હોય જે આગે. દૃષ્ટિ૦ ૧૦

દૃષ્ટિ–રાગી કદા મત હુજો, સદા સુગુરૂ અનુસરજો;
વાચક જશવિજય કહે, હિત–શીખ મન ધરજો. દૃષ્ટિ૦ ૧૧

૫૬
પરભાવમાં લગની

—(*)—

રાગ–સારંગ (પદ ૭)

જિઉ લાગિ રહ્યો પરભાવમેં, (ટેક)
સહજ સ્વભાવ લિખેં નહિ અપનો, પરિયો મોહકે દાવમેં.[૧]
જિઉ૦ ૧

વંછે મોક્ષ કરે નહિ કરની, ડોલત મમતા વાવમેં;
ચહે અંધ જિઉ જલનિધિ તરવો, બેઠો કાંણી નાવમેં.
જિઉ૦ ૨

અરતિ–પિસાચી પરવશ રહેતો, ખિનહું ન સમર્યો આવમેં;
આપ બચાય[૨] સકત નહિ મૂરખ,[૩] ઘોર વિષયકે ઘાવમેં.
જિઉ૦ ૩

૧–મોહ–જંજાલમેં. ૨–બિચાર. ૩–દુરબલ.

પૂરવ પુણ્ય-ધન સબહિ ગ્રસત હે, રહેત ન મૂલ વટાઉમેં;
તામેં તુઝ કૈસે બની આવે, નય વ્યવહારકે દાઉમેં.
જિઉ૦ ૪
જશ કહે અબ મેરા મન લીનો, શ્રીજિનવરકે પાઉમેં,
યાહિ કલ્યાણ-સિદ્ધિકો કારન, જર્યું વેધક રસ ધાઉમેં.[૧]
જિઉ૦ ૫

૫૬

મોહત્યાગ અને જ્ઞાનસુધા

—(*)—

રાગ-આશાવરી (છાપેલ પદ ૬૭)

(દુહા-પદ)

ચેતન! મોહકો સંગ નિવારો, જ્યાન સુધારસ ધારો, ચેતન! ૧
મોહ મહા તમ મલ દૂરે રે, ધરે સુમતિ પરકાસ;
મુકિત પંથ પરગટ કરે રે, દીપક જ્ઞાન વિલાસ. ચેતન! ૨
જ્ઞાની જ્ઞાન મગન રહે રે, રાગાદિક મલ ખોય;
ચિત્ત ઉદાસ કરની કરે રે, કર્મબંધ નહિ હોય. ચેતન! ૩
લીન ભયો વ્યવહારમેં રે, યુકિત ન ઉપજે કોય;
દીન ભયો પ્રભુ પદ જપે રે, મુગતિ કહાંસું હોય. ચેતન! ૪
પ્રભુ સમરો પૂજો પઢો રે, કરો વિવિધ વ્યવહાર;
મોક્ષ સ્વરૂપી આતમા રે, જ્ઞાન ગમન નિરધાર. ચેતન! ૫
જ્ઞાન કલા ઘટ ઘટ વસે રે, જોગ જુગતિકે પાર;
નિજ નિજ કલા ઉદ્યોત કરે રે, મુગતિ હોય સંસાર. ચેતન! ૬

૧-જો શુધ લખે સ્વભાવમેં જર્યું વેધકરસ ખાઉમેં.

×બહુવિધ ક્રિયા કલેશસું રે, શિવપદ ન લહે કોય;
જ્ઞાન કલા પરગાસસો રે, સહજ મોક્ષપદ હોય. ચેતન! ૭
અનુભવ ચિંતામણિ રતન રે, જાકે હઈએ પરકાસ;
સો પુનીત શિવપદ લહે રે, દહે ચતુર્ગતિ વાસ. ચેતન! ૮
મહિમા સમ્યક્ જ્ઞાનકી રે, અરૂચિ રાગ બલ જોય;
ક્રિયા કરતાં ફલ ભુંજતે રે, કર્મ બંધ નહિ હોય. ચેતન! ૯
ભેદ જ્ઞાન તબલોં ભલો રે, જબલોં મુક્તિ ન હોય;
પરમ જ્યોતિ પરગટ જિહાં રે, તિહાં વિકલ્પ નહિ કોય. ચેતન! ૧૦
ભેદ જ્ઞાન સાબુ ભયો રે, સમ–રસ નિર્મલ નીર;
ધોબી અંતર આતમા રે, ધોવે નિજ ગુણ ચીર. ચેતન! ૧૧
રાગ વિરોધ વિમોહ મલી રે, એહી આશ્રવ મૂલ;
એહી કરમ બઢાયકે રે, કરે ધર્મકી ભૂલ ચેતન! ૧૨
જ્ઞાન સરૂપી આતમા રે, કરે જ્ઞાન નહિ ઓર;
દ્રવ્ય કર્મ ચેતન કરે રે, એહ વ્યવહારકી દોર. ચેતન! ૧૩
કરતા પરિણામી દ્રવ્ય રે, કર્મરૂપ પરિણામ;
ક્રિયા પરજયકી ફિરત રે, વસ્તુ એક ત્રય નામ. ચેતન! ૧૪

× સરખાવો કર્ત્તાના જ્ઞાનાષ્ટક.

આ પદની બધી કડીઓ બનારસીદાસના સમયસાર નાટકમાંથી લઈ આખા પદની સુંદર યોજના કરી જણાય છે. પ્રકરણરત્નાકર ભાગ ૧ લામાં તે સમયસાર પ્રગટ થયેલ છે ત્યાં જુઓઃ–કડી ૧ થી ૩ પૃ. ૬૫૬, ૪ પૃ. ૬૫૧, ૫ થી ૮ પૃ. ૬૫૩, ૯ પૃ. ૬૪૪, ૧૦–૧૧ પૃ. ૬૪૬, ૧૨ પૃ. ૬૩૮, ૧૩ પૃ. ૬૨૧, ૧૪–૧૫ પૃ. ૬૧૭ અને કડી ૧૫ પૃ. ૬૧૮.

કરતા કર્મ ક્રિયા કરે રે, ક્રિયા કરમ કરતાર;
નામ ભેદ બહુવિધ ભયે રે, વસ્તુ એક નિર્ધાર. ચેતન! ૧૫
એક કર્મ કર્તવ્યતા રે, કરે ન કરતા દોય;
તેસેં જસ સત્તા સધી રે, એક ભાવકો હોય. ચેતન! ૧૬

પદ

જ્ઞાનદૃષ્ટિ અને મોહદૃષ્ટિ

—(*)—

રાગ ધન્યાશ્રી અથવા મલ્હાર [પદ ૧]

ચેતન! જ્ઞાનકી દૃષ્ટિ નિહાલો, ચેતન! ટેક.
મોહ-દૃષ્ટિ દેખે સો બાઉરો,[૧] હોત મહા મતવાલો. ચેતન! ૧
મોહ-દૃષ્ટિ અતિ ચપલ કરતુહે, ભવ વન વાનર ચાલો;
યોગ[૨] વિયોગ દાવાનલ લાગત, પાવત નાહિ વિચાલો. ચેતન! ૨
મોહ-દૃષ્ટિ કાયર નર ડરપેં, કરે અકારન ટાલો;
રન-મેદાન લરે નહીં અરિસું, શૂર લરે જિઉં પાલો. ચેતન! ૩
મોહ-દૃષ્ટિ જન જનકે પરવશ, દીન અનાથ દુખાલો;
માગે ભીખ ફિરે ઘરિ ઘરિસું, કહે 'મુઝકું કોઉ પાલો'. ચેતન! ૪
મોહ-દૃષ્ટિ મદ-મદિરા-માતી તાકો હોત ઉછાલો;
પર-અવગુન રાચે સો અહુનિશિ, કાગ અશુચિ જ્યોં[૩] કાલો. ચેતન! ૫
જ્ઞાન દૃષ્ટિમાં દોષ ન એતે, કરો જ્ઞાન અજુઆલો;
ચિદાનંદ-ઘન સુજસ વચન રસ, સજ્જન હૃદય પખાલો. ચેતન! ૬

૧-બોરા. ૨-શોક. ૩-જ્યું.

પદ

ચેતન અને કર્મ

—(*)—

રાગ–ધન્યાશ્રી અથવા આશાવરી (પદ ૫)

ચેતન! જો તું જ્ઞાન અભ્યાસી,
આપહી બાંધે આપહી છોડે, નિજ મતિ શકિત વિકાસી.[૧] ચે૦ ૧
જો તૂં આપ સ્વભાવેં ખેલે, આસા છોરી[૨] ઉદાસી;
સુર–નર–કિન્નર–નાયક–સંપતિ, તો તુજ ઘરકી દાસી. ચે૦ ૨
મોહ–ચોર જન–ગુન–ધન લૂસે, દેત આસગલ ફાંસી;
આસા છોર ઉદાસ રહે જો, સો ઉત્તમ સંન્યાસી. ચે૦ ૩
જોગ લઈ પર આસ ધરતુ હે, યાહી જગમેં હાંસી;
તું જાને મેં ગુનકું સંચુ, ગુન તો જાએં નાસી. ચે૦ ૪
પુદ્ગલકી તૂં આસ ધરત હે, સો તો સબહી વિનાસી;
તૂં તો ભિન્નરૂપ હે ઉનતેં, ચિદાનંદ અવિનાસી. ચે૦ ૫
ધન ખરચે નર બહુત ગુમાનેં, કરવત લેવે કાસી;
તોભી દુઃખકો અંત ન આવે, જો આશા નહીં ધાસી. ચે૦ ૬
સુખ જલ વિષમ વિષય મૃગતૃષ્ણા, હોત મૂઢમતિ પ્યાસી;
વિભ્રમ–ભૂમિ[૩] ભઈ પર–આશી, તૂં તો સહજ વિલાસી. ચે૦ ૭
યાકો પિતા મોહ દુઃખ ભ્રાતા, હોત વિષય–રતિ માસી;
ભવ સુત[૪] ભરતા અવિરતિ પ્રાની, મિથ્યામતિ એ સાસી.[૫] ચે૦ ૮
આશા છોર રહે જો જોગી, સો હોવે શિવ–વાસી;
ઉનકો **સુજસ** બખાને જ્ઞાતા, અંતર દૃષ્ટિ પ્રકાસી. ચે૦ ૯

૧–નિજશકિત બુદ્ધિ વિમાસી, મુંદી શકિત વિકાસી. ૨–છોડ, ૩–વિશ્રમ ભૂરિ. ૪–સુખ. ૫–હાંસી.

૫૬

જ્ઞાન અને ક્રિયા

—(*)—

રાગ–બિહાગડો (૫૬ ૩૬)

×સબલ યા છાક મોહ–મદિરાકી. ટેક.

મિથ્યામતિકે જોરેં ગુરૂકી, વચન શકિત જિહાં થાકી. સ૦ ૧
નિકટ દશા છાંડિ જડ ઉંચી, દૃષ્ટિ દેત હે તાકી;
ન કરે ક્રિયા જનકું ભાખે, 'નહિ ભવ–થિતિ પાકી.' સ૦ ૨
ભાજન–ગત ભોજન કોઉ છાંડી, દેશાંતર જિઉ દોરે;
ગહત જ્ઞાનકું ક્રિયા ત્યાગી, હોત ઓરકી ઓરે. સ૦ ૩
જ્ઞાન બાત નિસુની સિર ધૂને, લાગે નિજ મતિ મીઠી;
જો કોઉ બોલ કહે ક્રિયાકો, તો માને નૃપ–ચીઠી. સ૦ ૪
જ્યુ કોઉ તારૂ જલમેં પૈસી, હાથ પાઉ ન હલાવે;
જ્ઞાન સેંતી[1] ક્રિયા સબ લોપી, ત્યું અપનો મત ગાવે. સ૦ ૫
જૈસેં પાગ કોઉ શિર બાંધે, પહિરન નહિ લંગોટી;
સદ્‌ગુરૂ પાસ ક્રિયા બિનુ સીખે, આગમ બાત ત્યું ખોટી. સ૦ ૬
જૈસે ગજ અપને સિર ઉપર, ધાર અપની ડારે;
જ્ઞાન ગ્રહત ક્રિયા તિઉં છારત,[2] અલ્પ–બુદ્ધિ ફલ હારે. સ૦ ૭
જ્ઞાન ક્રિયા દોઉ શુદ્ધ ધરે જો, શુદ્ધ કહે નિરધારી;
જશ પ્રતાપ ગુન–નિધિકી જાઉં, ઉનકી મેં બલિહારિ. સ૦ ૮

× સરખાવો અને સાર્થ હાંચો–કર્તાના જ્ઞાનસારનાં ક્રિયાષ્ટક અને જ્ઞાનાષ્ટક. ૧–જ્ઞાન કથી. ૨–તુચ્છારત.

૫૬

ખોટો છોડી સાચો પંથ હ્યો

—(*)—

રાગ-પરજ (પદ ૧૩)

ચેતન! રાહુ ચલે ઉલટે ટેક.

નખ-શિખલોં બંધનમેં બેઠે, કુગુરૂ વચન કુલટે. ચેતન! ૧

વિષય વિપાક ભોગ સુખ કારન, છિનમેં તુમ પલટે;

ચાખી છોર સુધારસ સમતા, ભવજલ વિષય ખટે. ચેતન! ૨

ભવોદધિ બિચિ રહે તુમ એસે, આવત નાંહિ તટે;

જિહાં તિમિંગલ ઘોર રહતુહે, ચાર કષાય કટે. ચેતન! ૩

વર વિલાસ વનિતા નયનકે, પાસ પટે લપટે;[1]

અબ પરવશ ભાગે કિહાં જાએા, ઝાલેં મોહ-ભટે. ચેતન! ૪

મન મેલે કિરિયા જે કીની, ઠગે લોક કપટેં;

તાકો[2] ફલબિનુ ભોગ[3] મિટેગો, તુમકું નાંહિ રટે. ચેતન! ૫

સીખ સુની અબ રહે સુગુરૂકે, ચરણ-કમલ નિકટે;

ઇંતુ[4] કરતે તુમ સુજશ લહોગે, તત્વ-જ્ઞાન પ્રગટે. ચેતન! ૬

૫૬

આત્માને ચેતવણી

—(*)—

રાગ-ધ્રુપદ (પદ ૬૨)

કૈસે દેત કર્મનકું દોસ?

મન નિવહે વેહે આપુહાનો, ગ્રહે રાગ અરૂ દ્વેષ. કૈસે૦ ૧

૧-પડે પાસ પલટે. ૨-ઉનકું. ૩-ભોણ. ૪-યું.

વિષયકે રસ આપ ભૂલો, પાપસો તન છોસ. કેસે૦ ૨
દેવ ધર્મ ગુરૂકી કરી નિંદા, મિથ્યા મતકે ભોસ. કેસે૦ ૩
ફલ ઉદય ભઈ નરક પદવી, ભલ્લેગે કેકો સંગ. કેસે૦ ૪
કિએ આપું કર્મ જુગતેં, અબ કહા કરો સોસ. કેસે૦ ૫
દુઃખ તો બહુ કાલ વીત્યો, લહે ન સુખ જલ ઓસ. કેસે ૬
ક્રોધ માન માયા લોભ, ભર્યો તન ઘટ ઠોસ. કેસે૦ ૭
ચેત ચેતન પાય સુજશ, મુગતિ પંથ સો પોસ. કેસે૦ ૮

૫૬

મનઃ સ્થિરતા

— (*)—

રાગ-ધન્યાશ્રી (પદ ૩૪)

+જબ લગ આવે નહિ મન ઠામ. ટેક.
તબ લગ કષ્ટ કિયા સબિ નિષ્ફલ, જ્યોં ગગને ચિત્રામ.
જબ લગ૦ ૧

કરની બિન તૂં કરે રે મોટાઈ, બ્રહ્મવતી તુજ નામ;
આખર ફલ ન લહેગો જ્યોં જગિ, વ્યાપારી બિનુદામ.
જબ લગ૦ ૨

મુંડ મુંડાવત સબહિ ગડરિયા, હરિણ રોઝ વન ધામ;
જટા ધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતુ હે ધામ.
જબ લગ૦ ૩

+ સરખાવો-કર્ત્તાકૃત જ્ઞાનસારમાંથી સ્થિરતાષ્ટક.

એતે પર નહીં યોગકી રચના, જો નહિ મન વિશ્રામ;
ચિત્ત અંતર પરકે છલ ચિંતવિ,[૧] કહા જપત મુખ રામ.
જબ લગ૦ ૪

વચન કાય કોંપે દૃઢ ન રહે,[૨] ચિત્ત તુરંગ લગામ;
તામેં તૂં ન લહે શિવ-સાધન, જિઉ કણ સૂનેં ગામ.
જબ લગ૦ ૫

જ્ઞાન ધરો કરો સંજમ ક્રિરિયા,[૩] ન ફિરાવો મન ઠામ;[૪]
ચિદાનંદ–ઘન સુજસ વિલાસી, પ્રગટે આતમરામ
જબ લગ૦ ૬

પદ

સમતા અને મમતા

—(*)—

રાગ–નાયકી કનડો અથવા ટોડી (પદ ૧૪)

ચેતન! મમતા છારિ[૫] પરીરી, દૂર પરીરી ચેતન૦ ટેક.
પરબ્રમનીસું પ્રેમ ન કીજે, આદરી સમતા આપ વરીરી. ચે૦ ૧
મમતા મોહ–ચંડાલકી બેટી, સમતા સંયમ–નૃપ–કુમરીરી;
મમતા મુખ દુર્ગંધ અસત્યેં, સમતા સત્ય સુગંધી–ભરીરી ચે૦ ૨
મમતાસેં લગતે દિન જાવે, સમતા નહિ કોઉ સાથ લરીરી;
મમતા હેતુ બહુત હૈ દુશ્મન, સમતાકે કોઉં નાહિં અરિરી.[૬] ચે૦ ૩

૧–ચિત્ત અંતર પરમાતમ કેસે, ચિત્ત અંતર પટ છલવેકું ચિંતવત. ૨–વચન કાય જોપે દૃઢ ન ધરે. ૩–પઢો જ્ઞાન ધરો સંજમ ક્રિરિયા. ૪–વામ. ૫–છાંડ. ૬–સમતાકો નહિ કોઉ અરિરી.

મમતાકી દુર્મતિ હે આલી, ડાકિની જગત અનર્થ-કરીરી;
મમતાકી શુભ મતિ હૈ આલી, પર ઉપગાર ગુણે સમરીરી. ચે૦ ૪
મમતા-પૂત ભએ કુલખંપન, સોક બિયોગ મહા મચ્છરીરી;
[1]સમતા-સુત હોવેગો કેવલ, રહેંગો દિવ્ય નિશાન ધુરી. ચે૦ ૫
સમતા-મગન રહેંગો ચેતન, ! જો એ ધારે શીખ ધરીરી;
સુજશ વિલાસ લહેગો તો તૂં, ચિદાનંદ ઘન પદવી વરીરી. ચે૦ ૬

સમતાનું મહત્ત્વ

—(*)—

રાગ-જોડી. (પદ ૭૨ મું)

જબ લગેં સમતા ક્ષણું નહિ આવે,
જબ લગેં ક્રોધ વ્યાપક હે અંતર;
તબ લગેં જોગ ન સોહાવે. જબ૦ ૧
બાહ્ય ક્રિયા કરે કપટ કેલવે, ફિરકે મહંત કહાવે;
પક્ષપાત કબહુ નહિ છોડે, ઉનકું કુગતિ બોલાવે. જબ૦ ૨
જિન જોગીને ક્રોધ કિહાંતે, ઉનકું સુગુરૂ બતાવે;
નામ ધારક ભિન્ન ભિન્ન બતાવે, ઉપશમ વિનુ દુઃખ પાવે. જબ૦ ૩
ક્રોધ કરી ખંધક આચારજ, હુએો અગ્નિકુમાર;
દંડકી નૃપનો દેશ પ્રજાલ્યો, ભમિયો ભવ મોઝાર. જબ૦ ૪
સંબ પ્રદ્યુમ્ન કુમાર સંતાપ્યો, કષ્ટ દ્વીપાયન પાય;
ક્રોધ કરી તપનો ફલ હાર્યો, કીધો દ્વારિકા દાહ. જબ૦ ૫

૧-લહેંગો જબ સમતા સુત કેવળ, રહેંગો દેવ નિશાન ગહરીરી પાઠાં.

કાઉસગ્ગમાં ચઢયો અતિ ક્રોધ પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરક તણું દલ મેલી, કહેવાં તે ન ખમાય. જબ૦ ૬

પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ ભવંતર બીઠ;
નરક તિર્યંચનાં દુઃખ પામી, ક્રોધ તણું ફલ દીઠ. જબ૦ ૭

એમ અનેક સાધુ પૂર્વધર, તપિયા તપ કરી જેહ;
કારજ પડે પણ તે નવિ ટકિયા, ક્રોધ તણું બલ એહ. જબ૦ ૮

સમતા–ભાવ વલિ જે મુનિ વરિયા, તેહનો ધન્ય અવતાર;
ખંધક ઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઉતર્યો પાર. જબ૦ ૯

ચંડરૂદ્ર આચારજ ચલતાં, મસ્તક દીયા પ્રહાર;
સમતા કરતાં કેવલ પામ્યો, નવ દીક્ષિત અણગાર. જબ૦ ૧૦

સાગરચંદનું શીસ પ્રજાલ્યું, શ્રીનભસેન[1] નરેંદ;
સમતા–ભાવ ધરી સુરલોકે, પોતા પરમ આનંદ. જબ૦ ૧૧

ખેમા[2] કરતાં ખરચ ન લાગે, ભાંગે કોડ કલેશ;
અરિહંત દેવ આરાધક થાયે, વાધે સુજસ પ્રવેશ. જબ૦ ૧૨

ઉપશમ અને શ્રમણત્વ

—(*)—

રાગ–ધન્યાશ્રી (પદ ૬૮)

જબ લગ ઉપશમ નાહિ રતિ,
તબ લગે જોગ ધરે કયા હોવે ?, નામ ધરાવે જતિ.' જબ૦ ૧

૧–નીસભસેન. ૨–ક્ષમા.

કપટ કરે તૂં બહુ વિધ ભાતેં, ક્રોધે જલેંય છતી;
તાકો ફલ તૂં ક્યા પાવેગો?, જ્ઞાન વિના નાહિં બતી. જબ૦ ૨
ભૂખ તરસ ઔર ધૂપ સહતુ હે, કહે તૂં 'બ્રહ્મમતી';
કપટ કેલવે માયા મંડે, મનમેં ધરે વ્યક્તિ.[૧] જબ૦ ૩
ભસ્મ લગાવત ઠાડો રહેવેં, કહેંત હે હું 'વરતી;'[૨]
જંત્ર મંત્ર જડીબૂટી ભેષજ, લોભવશ મૂઢમતિ. જબ૦ ૪
બડે બડે બહુ પૂર્વધારી, જિનમેં શક્તિ હતી;
સો ભી ઉપશમ છોડિ બિચારે, પાયે નરક ગતિ. જબ૦ ૫
કોઉ ગૃહસ્થ કોઉ હોવે વૈરાગી, જોગી ભમત[૩] જતિ;
અધ્યાતમ–ભાવેં ઉદાસી રહેગો, પાવેંગો તબહી મુગતિ. જબ૦ ૬
શ્રી નયવિજય વિબુધ વર રાજે, ગાજે જગ કીરતિ;
શ્રી જસવિજય ઉવજ્ઝાય પસાયે, **હેમ** પ્રભુ સુખ સતંતિ. જ ૭

[આ પદમાં હેમ તે શ્રી જશવિજય ઉપાધ્યાયના શિષ્ય હેમવિજય સૂચવે છે અને તેને રચેલું આ પદ હોય તેમ આખી કડી પરથી સમજાય પણ આખા પદની રચના જોતાં ઉપાધ્યાયજી ખુદનું રચેલું સંભવિત ધારી મૂકેલું છે. શ્રી જશવિલાસની ઘણી પ્રતોમાં આ પદ આવે છે અને હેમવિજયકૃત બીજાં પદો કયાંય હજુ સુધી દેખાયાં નથી તેથી તે પદ ઉપાધ્યાયજી કૃત માનવું યોગ્ય લાગે છે.]

પદ

નયની અપેક્ષાએ સામાયિક

રાગ–સોરઠ અથવા જયતસિરિ ધન્યાશ્રી (પદ ૩૫)

ચતુર નર! સામાયિક નય ધારો. ટેક.
લોક–પ્રવાહ છાંડ કર અપની, પરિણતિ શુદ્ધ વિચારો. ચતુર નર! ૧

૧–પ્રકૃતિ. ૨–વસતિ. ૩–ભગવા.

દ્રવ્યત અખય અભંગ આતમા, સામાયિક નિજ જાતિ;
શુદ્ધ રૂપ સમતા-મય કહીયે, સંગ્રહ નયકી ભાતિ. ચતુર નર! ૨

અબ વ્યવહાર કહે યું સબજન, સામાયિક હુઈ જાએ;
તાતેં આચરના સો માને, ઐસા નૈગમ ગાએ[૧] . ચતુર નર! ૩

આચરના ઋજુસૂત્ર શિથિલકી, બિનુ ઉપયોગ ન માને;
આચારી ઉપયોગી આતમ, સો સામાયિક જાને. ચતુર નર! ૪

શબ્દ કહે સંજત જો અસો, સો સામાયિક કહિયે;
ચોથે ગુનઠાને આચારના, ઉપયોગેં ભિન્ન લહિયે. ચતુર નર! ૫

અપ્રમત્ત ગુણઠાણે ઈર્યાકો, સમભિરૂઢ નય સાખી;
કેવલજ્ઞાન દશાથિતિ ઉનકી, એવંભૂતે ભાખી. ચતુર નર! ૬

સામાયિક નય જો ન હુ જાને, લોક કહે સો માને;
જ્ઞાનવંતકી સંગતિ નાહી, રહિયો પ્રથમ ગુન ઠાને. ચતુર નર! ૭

સામાયિક નય અંતર–દૃષ્ટે, જો દિન દિન અભ્યાસે;
જગ જસવાદ લહે સો બૈઠો, જ્ઞાનવંતકે પાસે. [૨] ચતુર નર! ૮

૫૬

સુમતિને ચેતનનો વિરહ

—(*)—

[પદ ૬૫]

"કબ ઘર ચેતન આવેંગે?, મેરે કબ ઘર ચેતન આવેંગે? ટેક.
સખિરિ! લેવું બલૈયા બાર બાર,–મેરે કબ ઘર ચેતન આવેંગે?"
રેન દીના માનુ ધ્યાન તું સાઢા, કબહુંકે દરસ દેખાવેંગે? મેરે કબ૦ ૧

૧–નૈગમ ગાથા ગાએ. ૨–જ્ઞાનવંત કહે આએ.

વિરહ-દીવાની ફિરૂં ઢુંઢતી, પીઉ પીઉ કરકે પોકારેંગે;
પિઉ જાય મલે મમતાસેં, કાલ અનંત ગમાવેંગે. મેરે કબ૦ ૨

કરૂં એક ઉપાય મેં ઉદ્યમ, અનુભવ મિત્ર બોલવેંગે;
આય ઉપાય કરકે અનુભવ, નાથ મેરા સમજાવેંગે મેરે કબ૦ ૩

અનુભવ મિત્ર કહે 'સુનો સાહેબ!, અરજ એક અવધારેંગે;
મમતા ત્યાગ સમતા ઘર અપનો, વેગે જાય મનાવેંગેં. મેરે કબ૦ ૪

અનુભવ ચેતન મિત્ર મિલે દોઉ, સુમતિ નિશાન ધુરાવેંગે
વિલસત સુખ જસ લીલામેં, અનુભવ પ્રીતિ જગાવેંગે. મેરે કબ૦ ૫

૫૬

ચેતના

—(*)—

રાગ સારંગ [પદ ૨]

'કંત બિનુ કહો કૌન ગતિ નારી, ટેક
સુમતિ સખી! જઈ વેગેં મનાવો', કહે ચેતના પ્યારી. કંત૦ ૧

'ધન કન કંચન મહેલ માલિએં, પિઉ બિન સબહિ ઊજારી;
નિદ્રાયોગ લહું સુખ નાંહિ, પિયુ વિયોગ તનુ જારી. કંત૦ ૨

તોરેં પ્રીત પરાઈ દુરજન, અછતેં દોષ પુકારી;
ઘર-ભંજન કે કહુન ન કીજે, કીજે કાજ વિચારી. કંત૦ ૩

વિભ્રમ મોહ મહા મદ બિજુરી, માયા રેન[૧] અંધારી;
ગર્જિત અરતિ લવેં રતિ દાદુર, કામકી ભઈ અસવારી. કંત૦ ૪

પિઉ મિલવેકું મુઝ મન તલફે,[૨] મેં પિઉ–બિજમતગારી;
ભુરકી દેઈ ગયો પિઉ મુઝકું, ન લહે પીર પિયારી. કંત૦ ૫

સંદેશ સુની આયે પિઉ ઉત્તમ, ભઈ બહુત મનુહારી;
ચિદાનંદ ઘન **સુજસ** વિનોદે, રમે રંગ અનુસારી. કંત૦ ૬

૫૬

આત્મદર્શન

—(*)—

રાગ–કાફી જંગલો (પદ ૩૭)

+ચેતન! અબ મોહિ દર્શન દીજે, ટેક.
તુમ દર્શનેં શિવ સુખ પામીજે, તુમ દર્શને ભવ છીજે. ચેતન૦ ! ૧

તુમ કારન તપ–સંયમ–ક્રિયા, કહો કહાંલો[૩] કીજે;
તુમ દર્શન બિનુ સબ યા જૂઠી, અંતર ચિત્ત ન ભીજે. ચેતન૦ ! ૨

ક્રિયા મૂઢમતિ હે જન કેઈ, જ્ઞાન ઓરકું પ્યારો;
મિલિત ભાવ રસ દોઉ ન ચાખે,[૪] તૂં દોનુંતેં ન્યારો. ચેતન૦ ! ૩

૧–રાત. ૨–તલવેં, તલખેં.

+ સરખાવો આનંદઘનકૃત 'દરસન પ્રાણજીવન! મોહિ દીજે' એ પંક્તિથી શરૂ થતું પદ.

૩–કહાંલું–ક્યાં સુધી. ૪–ભાખે.

સબમેં હે ઔર સબમેં નાંહી, તૂં નટ[૧] રૂપ અકેલો;
આપ સ્વભાવે વિભાવે રમતો, તું ગુરૂ અરૂ તૂં ચેલો.[૨] ચેતન૦ ! ૪
જોગી જંગમ અતિથિ સંન્યાસી, તુજ કારણ બહુ ખોજે;
તૂંતો સહજ શકિતસ્યું પ્રગટે, ચિદાનંદકી મોજે. ચેતન૦ ! ૫
અકલ અલખ પ્રભુ તું બહુ રૂપી,[૩] તૂં અપની ગતિ જાને;
અગમ રૂપ આગમ અનુસારે, સેવક **સુજસ** બખાને. ચેતન૦ ! ૬

૫૬

પૂર્ણાનંદઘન પ્રભુ

—(*)—

રાગ–ધનાશ્રી (પદ ૭૩)

પ્રભુ મેરે ! તૂં સબ વાતે પૂરા,
પરકી આશ કહા કરે પ્રીતમ ! એ કિણ વાતે અધૂરા. પ્રભુ૦ ૧
પરબશ બસત લહત પરતક્ષ દુઃખ, સબહી બાસે સનૂરા;
નિજ ઘર આપ સંભાર સંપદા, મત મન હોય સનૂશ. પ્રભુ૦ ૨
પરસંગ ત્યાગ લાગ નિજ રંગે, આનંદ વેલી અંકૂરા;
નિજ અનુભવ રસ લાગે મીઠા, જ્યું ખેવરમેં છૂરા. પ્રભુ૦ ૩
અપને ખ્યાલ પલકમેં ખેલે, કરે શત્રુકા ચૂરા;
સહજાનંદ અચલ સુખ પાસે, ધૂરે જગ **જશ** નૂરા. પ્રભુ૦ ૪

૧–પૂરન. ૨–તુંહી ગુરૂ તૂં ચેલો. ૩–સબરૂપી.

પદ

ચિદાનંદઘન પ્રભુની જોડી.

—(*)—

રાગ—જયજયવંતી. [પદ ૨૦]

ષટ્પદી ગીત.

અજબ બની હે જોરી, અર્ધંગ ધરી હે ગોરી;
શંકર શંક હિ છોરી, ગંગ સિર ધરી હે. અ૦ ૧

પ્રેમકે પીવત પ્યાલે, હોત મહા મતવાલે;
ન ચલત તિહું પાલે,[૧] અસવારી ખરી હે. અ૦ ૨

જ્ઞાનીકો એસો ઉત્સાહ, સમતાકે ગલે બાંહ;
શિરપર જગનાહ–આણ, સુર–સરી[૨] રહે. અ૦ ૩

લોકકે પ્રવાહ નાંહિ, સુજસ વિલાસ માંહિ;
ચિદાનંદ–ઘન છાંહિ, રતિ[૩] અનુસરી હે. અ૦ ૪

પદ

ચિદાનંદઘનનું સ્વરૂપ

—(*)—

રાગ કાનડો. [પદ ૬]

અજબ ગતિ ચિદાનંદ–ઘનકી, (ટેક)
ભવ–જંજાલ શક્તિસું હોવે, ઉલટ પુલટ જિનકી અજબ૦ ૧

૧–ન ચલે ન પાહું પાલે, ચલે નહિ તેય પાલે. ૨–સુરગંગા સરી. ૩–સંભોરતિ.

ભેદી પરિણતિ સમકિત પાયેા, કર્મ–વજ્ર–ઘનકી;
ઐસી સબલ કહિનતા દીસે, કેામલતા મનકી અજબ૦ ૨

ભારી ભૂમિ ભયંકર ચૂરી, મેાહ રાય રનકી;
સહજ અખંડ ચંડતા યાકી, ક્ષમા વિમલ ગુનકી. અજબ૦ ૩

પાપ વેલી સબ જ્ઞાન–દહનસેં, જાલી ભવ–વનકી;
શીતલતા પ્રગટી ઘટ અંતર, ઉત્તમ લચ્છનકી. અજબ૦ ૪

ઠકુરાઈ જગ જનતેં અધિકી, ચરન કરન ધનકી;
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટે નિજ નામે, ખ્યાતિ અકિંચનકી અજબ૦ ૫

+અનુભવ બિનુ ગતિ કેાઉ ન જાનેં, અલખ નિરંજનકી;
જસગુન ગાવન પ્રીતિ નિવાહેા, ઉનકે સમરનકી અજબ૦ ૬

પદ

અવિનાશી ચિદાનંદ

—(*)—

રાગ સેાહની અથવા કાફી (પદ ૩૯)

ચિદાનંદ અવિનાસી હેા, મેરેા ચિદાનંદ અવિનાસી હેા. ટેક.
કેાક મરેારિ કરમકી મેરે,[1] સહજ સ્વભાવ–વિલાસી હેા. ચિદા૦ ૧

પુદ્ગલ ખેલ મેલ જો જગકેા, સેા તેા સબહી વિનાસી[2] હેા;
પૂરન ગુન અધ્યાતમ પ્રગટે, જાગે જોગ[3] ઉદાસી હેા. ચિદા૦ ૨

+જૂઓ જ્ઞાનસાર 'અનુભવાષ્ટક.'

૧–કેાર મરેાર કરમકી મેટે. ૨–લબાસી. ૩–જેગ જોગ.

લિંગ વેષ[૧] ક્રિયાકું સબહી, દેખે લોક તમાસી હો;
ચિન મૂરતિ ચેતન ગુન ચિન્હે,[૨] સાચો સોઉ સંન્યાસી હો. ચિ૦ ૩
દોર દેવાલકી કેતિ દોરે, મતિ વ્યવહાર પ્રકાસી હો; [૩]
અગમ અગોચર નિશ્ચય નયકી, દોર અનંત અગાસી હો. ચિ૦ ૪
નાના ઘટમેં એક પિછાને, આતમરામ ઉપાસી હો;
ભેદ કલ્પનામેં જડ ભૂલ્યો, લુબ્ધો તૃષ્ણા દાસી[૪] હો. ચિ૦ ૫
પરમ[૫] સિદ્ધિ નવ નિધિ હે ઘટમેં, કહાં ઢુંઢત જઇ[૬] કાશી હો;+
જશ કહે શાંત-સુધારસ ચાખો,[૭] પૂરણબ્રહ્મ અભ્યાસી હો. ચિ૦ ૬

પદ

અવિનાશીમાં મગ્નતા.

—(*)—

રાગ ભીમપલાસી. (પદ ૩૮)

(રાગ ચિરિયા ચેરી હો—એ દેશી.)

મન કિતહી ન લાગે હેજે રે, મન૦ ટેક
પૂરન આસ ભઈ અલી! મેરી, અવિનાસીકી સેજેરે. મન૦ ૧
અંગ[૮] અંગ સુનિ પિઉ–ગુન હરખે, લાગો રંગ કરેજેરે;
એ તો ફીટાયો નવિ ફીટે, કરહુ જોર જો રેજેરે.[૯] મન૦ ૨

---

૧ નામ ભેખ. ૨ નિરખે. ૩ જ્ઞાન કલા નહિ ભાસી. ૪ ઉદાસી. ૫ ધર્મ. ૬ હે. ૭ ચાખ્યો.

+ સરખાવો જ્ઞાનસાર 'ઇંદ્રિયજયાષ્ટક' શ્લો. ૫.

गिरिमृत्स्नां धनं पश्यन्, धावतीन्द्रियमोहितः ।
अनादिनिधनं ज्ञानं, धनं पार्श्वे न पश्यति ॥

૮ અંમ ૯ કરહું જોવે જરેજેરે.

યોગ અનાલંબન નહિ નિષ્ફલ, તીર લગો જ્યું વેજે રે;
અબ તો ભેદ તિમિર મોહિ ભાગો, પૂરન બ્રહ્મકી સેજે રે,
સુજસ બ્રહ્મકે તેજે રે. મન૦ ૩

પદ

પરમબ્રહ્મ પરમાત્મસ્વરૂપ.

રાગ કાનડો (પદ ૬૧)

એ પરમબ્રહ્મ પરમેશ્વર, પરમાનંદમયી સોહાયો,
એ પરતાપકી સુખ સંપત્તિ, વરની ન જાત મોપેં,
તા સુખ અલખ કહાયો. ૧

તા સુખ ગ્રહવેકુ મુનિ-મન ખોજત, મનમંજન કર ધ્યાયો;
મનમંજરી ભઈ, પ્રફુલ્લિત દસા લઈ, તા પર ભમર લોભાયો. એ૦ ૨

ભમર અનુભવ ભયો, પ્રભુ ગુનવાસ લહ્યો,
ચરણ કમલ તેરો અલખ લખાયો,
એસી દશા હોત જબ,
પરમ પુરૂષ તબ, પકરત પાસ પડાયો. એ૦ ૩

તબ સુજસ ભયો, અંતરંગ આનંદ લહ્યો;
રોમ રોમ શીતલ ભયો, પરમાતમ પાયો,
અકલ સ્વરૂપ ભૂપ, કોઉ ન પરખતનુપ,
સુજસ પ્રભુ ચિત્ત આયો. એ પરમ બ્રહ્મ૦ ઇતિ ધ્રુપદં.

પદ

હોરી–ગીત

—(*)—

રાગ–કાફી, તાલ દીપચંદી (પાલાગું કરજોરી—એ રાહ)

અયસો દાવ મીલ્યોરી, લાલ કયું ન ખેલત હોરી. અયસો૦
માનવ જનમ અમોલ જગતમેં, સો બહુ પુણ્યે લહ્યોરી;
અબતો ધાર અધ્યાતમ શૈલી, આયુ ઘટત થોરી થોરી;
વૃથા નિત વિષય ઠગોરી.[૧] અયસો૦ ૧

સમતા સુરંગ સુરુચિ પીચકારી, જ્ઞાન ગુલાલ સજોરી;
ઝટપટ ધાય કુમતિ કુલટા ગ્રહી, હલીમલી શિથિલ કરોરી;
સદા ઘટ ફાગ રચોરી. અયસો૦ ૨

શમ દમ સાજ બજાય સુઘટ નર, પ્રભુ ગુન ગાય નચોરી;
સુજસ[૨] ગુલાલ[૩] સુગંધ પસારો, નિર્ગુણ[૪] ધ્યાન ધરોરી;
કહા અલમસ્ત પરોરી. અયસો૦ ૩

પદ

માયાની ભયાનકતા

—(*)—

[આપ સ્વભાવમેં રે, અવધૂ સદા મગનમેં રહેના–એ દેશી]

માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજ્ઞાન.–એ ટેક.
માયા વાહ્યો જગતવિલુધો, દુઃખિયો થાય અજ્ઞાન;
જે નર માયાએ મોહી રહ્યો, તેને સુપને નહિ સુખ ઠાણ. માયા૦ ૧

૧–પગોરી. ૨–'સુજશ' શબ્દથી આકૃતિ ઉપાધ્યાયજીની માની દાખલ કરી છે. ૩–ગુલાબ. ૪–નિજગુણ.

નાના મોટા નરને માયા, નારીને અધિકેરી;
વળી વિશેષે અધિકી માયા, ઘરડાને ઝાઝેરી. માયા૦ ૨

માયા કામણ માયા મોહન, માયા જગ ધુતારી;
માયાથી મન સહુનું ચળીયું, લોભીને બહુ પ્યારી. માયા૦ ૩

માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય;
ઝહાજ બેસીને દ્વિપ–દ્વિપાંતર, જઈ સાયર ઝંપલાય. માયા૦ ૪

માયા મેલી કરી બહુ ખેલી, લોભે લક્ષણ જાય;
ભયથી ધન ધરતીમાં ઘાલે, ઉપર વિષધર થાય. માયા૦ ૫

જોગી–જતિ–તપસી–સંન્યાસી, નગ્ન થઈ પરવરિયા;
ઉંધે મસ્તક અગ્નિ તાપે, માયાથી ન ઉગરિયા. માયા૦ ૬

શિવભૂતિ સરિખો સત્યવાદી, સત્ય ઘોષ કહેવાય;
રત્ન દેખી તેહનું મન ચળિયું, મરીને દુર્ગતિ જાય. માયા૦ ૭

લક્ષ્મિદત્ત માયાએ નડીયો, પડીયો સમુદ્ર મોઝાર;
મચ્છ માખનીઓ થઇને મરીયો, પોતો નરક મોઝાર. માયા૦ ૮

મન–વચન–કાયાથી માયા, મૂકી મનમાં જાય;
ધનધન તે મુનીસર રાયા, દેવ ગાંધર્વ જસ ગાય. માયા૦ ૯

હરીઆલી

—(*)—

[1]કહિયો પંડીત! કોણ એ નારી?
વીસ વરસની અવધિ વિચારી. કહિયો૦ ૧

૧–કહેજો.

દોય પિતાએ એહ નિપાઈ,
સંઘ ચતુર્વિધ મનમેં આઈ. કહિયેા૦ ૨
કીડીએ એક હાથી જાયેા,
હાથી સાહમેા સસલેા ધાયેા. કહિયેા૦ ૩
વિણ દિવે અજવાળું થાયે,
કીડીના ઉરમાંહિ કુંજર જાયે. કહિયેા૦ ૪
વરસે અગ્નિ ને પાણી દીપે,
કાયર સુભટ તણા મદ જીપે. કહિયેા૦ ૫
તે બેટીએ બાપ નિપાયેા,
તેણે તાસ જમાઈ જાયેા. કહિયેા૦ ૬
મેહ વરસતાં બહુ રજ ઉડે,
લેાહ તરે ને તરણું બુડે. કહિયેા૦ ૭
તેલ ફિરે ને ઘાણી પીલાએ,
ધરટી[1] દાણું કરીય દલાયે. કહિયેા૦ ૮
બીજ ફલે ને શાખા ઉગે,
સરેાવર આગલેં સમુદ્ર ન પૂગે. કહિયેા૦ ૯
પંક ઝરે ને સરવર જામે,
ભમે માણસ તિહાં ઘણે વિસામે. કહિયેા૦ ૧૦
પ્રવહલ ઉપરિ સાગર ચાલે,
હરિણ તણે બળે ડુંગર હાલે. કહિયેા૦ ૧૧
એહનેા અર્થ વિચારી કહિયેા,[2]
નહિતર ગર્વ મ કેાઈ ધરિયેા. કહિયેા૦ ૧૨

૧–ઘંટી.

શ્રી નયવિજય વિબુધને સીસે',[૧]
કહી હરિઆલી મનહજગીશે. કહિયેા૦ ૧૩
એ હરિઆલી જે નર કહેશ્યે,
વાચક જશ જંપે તે સુખ લહેશ્યે. કહિયેા૦ ૧૪

—: ભાવાર્થ :—

(૧)

—(*)—

[એક સ્વર્ગસ્થ મુનિરાજ પાસે એક છુટું પાનું હતું તેમાં આ હરિયાલી અર્થ સાથે આપેલી હતી, તેમાંથી નીચેનેા અર્થ ઉતાર્યો છે. શ્રી જશવિલાસની ઘણી પ્રતેામાં આ હરિયાલી ટબા સાથે આપેલી નજરે પડે છે. તેમાંથી માત્ર બે ત્રણ ઉતારા અત્રે આપવામાં આવે છે.]

૧. ચેતના સ્ત્રી કહીયે; વીસ વરસ લગે વીચારીને મુનઈ કહિયેા.

૨. જ્ઞાન ઉપયેાગ-દર્શન ઉપયેાગ બે પિતા; સંધ ચતુર્વિધ મનમાં આવે.

૩. નિગેાદમાં જે અવ્યકત શકિત તેહથી વ્યવહાર રાશિ થાય તે હાથી; વળી નિગેાદમાંહિ જાય તિવારે હાથી સરિખા જીવ સામે કરમ રૂપી સસલેા જોર કરી ધાયેા.

૪. જ્ઞાન હેાય તિવારે ચેતનાથી અજવાળું વિણ દીવે થાય; નિગેાદ કીડીના કરમાં કુંજર જાય.

૧–શિષ્યે.

૫. અગ્નિ સરખા કર્મ વરસે, નદી પાણી સરખો ક્ષમાવન્ત થાય ને દીપે; વિષય કષાયથી કાયર હોય તે કર્મ સુભટના મદ ઝીપે.

૬. તે ચેતના બેટીએ ઉપયોગ રૂપ બાપ નિપાયો; ને ઉપયોગરૂપ બાપે આત્મારૂપ જમાઈ જાયો.

૭. ચેતના મૂંઝી. સ્નેહરૂપ મેહ વરસતાં ઘણી કર્મરૂપ રજ ઉડે; લોહ સરિખો ભારે હોય તે તરે. હલુઓ–અણ ગંભીર બૂડે.

૮. તેલ સરખા કર્મફરે તે વારે ઘાણી સરખો ચેતન પિલાય.

૯. (૧૦) પ્રમાદીના ચેતનાનો ચૂરો થઈ ઝરે, આત્મા સરોવર ઝામે, કર્મ લુંટી લે, પ્રમાદરૂપ વીસામે ચેતન સંસારમાં ભમે, ચારિત્રરૂપ વેગે ચાલે.

૧૦. (૧૧) પ્રમાદી જીવનો પ્રવહણ સરખો જે આત્મા, તેહને હેઠો ઘાલી સંસારરૂપી સમુદ્ર તેના ઉપર થઈ ચાલે, હરિણ સરખા દુર્બલ કર્મ જીવરૂપી ડુંગરને હલાવે.

---

(૨)

[એક બીજી પ્રત પરથી કે જેમાં ઉપરના અર્થનું સાદસ્ય છે.]

૧. નારી તે ચેતના, બે પિતા તે જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ.

૨. કીડી તે નિગોદ, હાથી તે વ્યવહાર રાશિ.

૩. હાથી તે આતમા, ને સસલો તે કર્મ.

૪. દીવા વિના અજવાળું થાય, ચેતન મોહગ્રસ્ત ન થાય ત્યારે.

૫. કીડી તે નિગોદ, હાથી તે આતમા.

૬. અગ્નિ વરસે તે અગ્નિ સરખાં કર્મ.

૭. કષાય પાણી ધારે તે દીપે.

૮. વિષય કષાય તણા ભયથી કાયર થયેલો મોહ સુભટને જીતે.

૯. બાપ તે ઉપયોગ, તેણે આત્મારૂપ જમાઈ જાણ્યો.

૧૦. સ્નેહરૂપ મેહ વરસતાં, કર્મરૂપ રજ ઉડે.

૧૧. જ્ઞાનવંત બલિષ્ટ (તે) લોહ જેવા તરે.

૧૨. તરણા સરખા વિષયલાલચી બૂડે.

૧૩. તેલ સરખા કર્મ ફરે તેહનેં સમુદાયેં, પ્રમાદથી ઘાણી સરખી ચેતના પીલાય.

૧૪. કર્મને હાણેં કરી ચેતનારૂપ ઘરંટી (ઘંટી) પ્રમાદથી પીલાય.

૧૫. બીજ તે બોધિબીજ, ક્રિયા કરે તે શાખા, જ્ઞાનરહિત દુઃખ પાવે.

૧૬. જ્ઞાન સરોવર આગળ સમુદ્ર પાણી ન પૂગે.

૧૭. પ્રમાદરૂપ પંક, આત્મારૂપ સરોવર.

૧૮. પ્રમાદરૂપ વીસામે મનુષ્ય સંસારમાં ભમે–ચારિત્રરૂપ વેગે ચાલે તે ન ભમે.

૧૯. પ્રમાદ તે પ્રવહણ સરખો આત્મા–તેહને હેઠે ઘાલીને ઉપર સંસાર સમુદ્ર ચાલે છે.

૨૦. હરિણ સરિખા કર્મ–તેહનેં બલેં ડુંગર સરીખો આત્મા હાલે, તે જાણી ચેતનાની શુદ્ધિ કરવી એ પરમાર્થ છે.

(૩)

[આત્માનંદ પ્રકાશ પુ. ૫ અં. ૧ સં. ૧૯૬૩ શ્રાવણમાસના અંકમાં પૃ. ૨૨ પર આ હરિયાળીનો જે અર્થ આપ્યો છે તે પણ અત્ર મૂકવામાં આવે છે.]

હરિઆલી–વિરોધાભાસ, અસંભવ વિરૂદ્ધ ન હોય છતાં વિરૂદ્ધ દર્શાવનાર.

૧. હે પંડિત પુરૂષો ! હું તમને ૨૦ વરસની મર્યાદા આપું છું તેની અંદર તમે કહો કે એ નારી કોણ ?
ઉ૦ દયા (વીસ વસાની અવધિ છે.)

૨. એ દયાને એ પિતાએ જન્મ આપ્યો છે એટલે કે જિનેશ્વર ભગવંતે (૧) અને ગણધર મહારાજાએ (૨) વળી જેને ચતુર્વિધ સંઘે આદરી છે–સ્વીકાર કર્યો છે–પાળી છે.

૩. દયારૂપી ક્રીડીથી ધર્મરૂપી હાથી ઉત્પન્ન થયો, અને અધર્મરૂપી સસલો એ ધર્મરૂપી હાથીની સામે થયો.

૪. (દયારૂપ ધર્મ પ્રાપ્ત થાય એટલે) સંવરરૂપી અજવાળું થાય; (અવિરતિ અંધકાર દૂર કરવાને) પછી (એ) વિરતિરૂપી ક્રીડીના ઘરમાં સંયમરૂપી હાથી પ્રવેશ કરે છે.

૫. અગ્નિ–કર્મરૂપી અગ્નિ, વરસે–વરસવા માંડે એટલે ઓછા થાય, તેથી પાણી એટલે ક્ષમારૂપી પાણી દીપે–અજવાળું કરે. સંસારથી કાયર એવા પુરૂષોના મદ (અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ છે) તે નાશ પામવા માંડે છે.

૬. એ દયારૂપી પુત્રીથી શુભ ધ્યાનરૂપી પિતા ઉત્પન્ન થાય છે અને એ ધ્યાનથી જ્ઞાનરૂપી જમાઇનો જન્મ થાય છે.

૭. મેહુ વરસતાં એટલે જ્ઞાનનો વરસાદ વરસવાથી રજ ઉડે,

એટલે અજ્ઞાનરૂપી રજ અથવા કર્મરૂપી રજ ઉડી જાય-જતી રહે-નાશ પામે. લોહ તરે-કર્મથી ભારે એવા જીવ તરે-અધર ને અધર રહે,-જ્ઞાનનો સ્પર્શ એને થાય જ નહિ ને તરણ બુડે એટલે તરણાં જેવા હળવા-હળુકર્મી જીવ એ જ્ઞાનમાં લીન થાય છે.

૮. (જીવ-જ્ઞાનોપદેશરૂપી જળમાં લીન થવાથી) રસબંધરૂપી કર્મ-તેલને નિરાધાર સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ આત્મ પ્રદેશથી ખસવા માંડે છે, ને કર્મની અબંધ સ્થિતિ ભોગવવા માંડે છે. કર્મરૂપી ઘંટી લેવી અને ઉદય ઉદીરણા-વેદના અને નિર્જરારૂપી દાણા લેવા.

૯. ક્રિયારૂપી શાખા (મોક્ષ સિદ્ધિ યોગ)માંથી નિશ્ચય સમકિતરૂપી બીજ ફળે. નિશ્ચય સમકિતથી ઉત્પન્ન થયેલ નિશ્ચય જ્ઞાનરૂપી સરોવર આગળ સંસારરૂપી સમુદ્ર પહોંચી શકતો નથી.

૧૦. પ્રમાદરૂપી કાદવ જરી જાય છે અને જ્ઞાનરૂપી સરોવર જામતું નથી તથા ગુણસ્થાનકે ભમતાં પંડિતો તે સરોવરે વિસામો લે છે.

૧૧. (એટલે એઓના જોવામાં આવે છે કે) આત્મારૂપી વહાણ ઉપર કર્મરૂપી સમુદ્ર ચાલી રહ્યો છે, જેથી જીવરૂપી હરણ પોતાના બળથી કર્મરૂપી ડુંગરને હલાવે છે.

ૐ

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય

શ્રીમદ્ યશોવિજયજી ગણિવર વિરચિત

ગૂર્જર સાહિત્ય સંગ્રહ-૧

૩-તત્ત્વગર્ભિત સ્તવન વિભાગ

મૌન એકાદશી–સ્તવન

+શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન

ઢાલ પહેલી

—(*)—

ધુરિ પ્રણમું જિન મહરિસી, સમરૂં સરસતી ઉલ્લસી;
ધસમસી મુજ મતિ જિન ગુણ ગાયવા એ. ૧
હરિ પૂછી જિન ઉપદિસી; પરવ તે મૌન એકાદસી;
મન વસી, અહનિસિ તે ભવિ લોકને એ. ૨
તરીઆ ને ભવજલ તરસી, એહ પરવ પૌષધ કરસી;
મન હરસી, અવસર જે આરાહસી એ. ૩
ઉજમણે જે ધારસી, વસ્તુ ઇગ્યાર ઇગ્યારસી;
વારસી, તે દુરગતિના બારણાં એ. ૪
એ દિન અતિહિ સુહામણું, દોઢસો કલ્યાણક તણું;
મન ધણું, ગુણણું કરતાં સુખ હોયે એ. ૫

ઢાલ બીજી.

—(*)—

ચેતન ચેતે રે, કાલ ન મેલે કેડો[1]–એ દેશી.

પાડે પાડે ત્રણ્ય[2] ચોવીશી, દ્વીપ ખેત્ર જિન નામે;
પાડે પાડે પંચ કલ્યાણક, ધારો શુભ પરિણામે. ૧

+ દોઢસો કલ્યાણકના ગણણાનું આ સ્તવન કર્તા મહાપુરૂષે શ્રી ખંભાત નગરમાં સંવત ૧૭૩૨ ની સાલમાં ચાતુર્માસ રહી દીવાળીના દિવસે પૂર્ણ કર્યું છે એવો આ સ્તવનની છેવટે ઉલ્લેખ કરેલો છે.

૧ ચેતન ચેતજોરે–એ દેશી. ૨ પાડે ત્રણ્ય ત્રણિ.

જિનવર ધ્યાઈયે રે, મોક્ષ માર્ગના દાતા. એ ટેક.
'સર્વજ્ઞાન નમો' એમ પહિલે, 'નમો અર્હંતે' બીજે; જિ૦ ૨
પાંચમે 'નમો નાથાય' કહીજે. પાડે પાડે જાણો;
ત્રણ નામ તીર્થંકર કેરાં, ગણુણાં પાંચ વખાણો. જિ૦ ૩
ત્રણ ચોવીસી એક એક ઢાલે, ત્રણ નામ જિન કહિશ્યું;
કોડી તપે કરી જે ફલ લહિયે, તે જિન-ભગતે લહિશ્યું. જિ૦ ૪
કામ સવે સીઝે જિન નામે, સફલ હોએ નિજ જીહા;
જે જાએ[1] જિન ગુણ સમરંતાં, સફલ જનમ તે દીહા. જિ૦ ૫

ઢાલ ત્રીજી

—(*)—

મહાવિદેહ ખેત્ર સોહામણું-અથવા-મનનો મોટો મોજમાં—એ દેશી

જંબૂદ્વિપ ભરત ભલું, અતીત ચોવીશી સાર, મેરે લાલ;
ચોથા મહાજસ કેવલી, છઠ્ઠા સર્વાનુભૂતિ ઉદાર, મેરે લાલ. ૧
જિનવર નામે જય હુએ. એ ટેક.
શ્રી શ્રીધર જિન સાતમા, હવે ચોવીશી વર્તમાન, મેરે લાલ,
શ્રી નમિ જિન એકવીશમા, ઓગણીસમા મલ્લી પ્રધાન, મેરે લાલ.
જિનવર૦ ૨
શ્રી અરનાથ અઢારમા, હવે ભાવિ ચોવીશી ભાવ, મેરે લાલ;
શ્રી સ્વયંપ્રભ ચોથા નમું, છઠ્ઠા દેવસુત મન લાવ, મેરે લાલ.
જિનવર૦ ૩
ઉદયનાથ જિન સાતમા, તેહને નામે મંગલ માલ, મેરે લાલ;
ઓચ્છવ રંગ વધામણાં, વળી લહિએ પ્રેમ રસાલ, મેરે લાલ.
જિનવર૦ ૪

---

૧ જિકે.

અલિય વિઘન દૂરે ટલે, દુરજન ચિંત્યું નવિ થાય, મેરે લાલ;
મહિમા મોટાઈ વધે, વલિ જગમાંહે સુજસ ગવાય, મેરે લાલ.
જિનવર૦ ૫

ઢાલ ચોથી

—(*)—

સુણો મેરી સજની રજની ન જાવે રે—એ દેશી

પૂરવ ભરતે તે ધાતકી ખંડે રે, અતીત ચોવીશી[1] ગુણહ અખંડે રે;
ચોથા શ્રી અકલંક સોભાગી રે, છઠ્ઠા દેવ શુભંકર ત્યાગી રે. ૧
સપ્તનાથ સમમ જિનરાયા રે, સુરપતિ પ્રણમે જેહના પાયા રે;
વર્તમાન ચોવીસી જાણો રે, એકવીસમા બ્રહ્મેંદ્ર વખાણો રે. ૨
એગણીસમા ગુણનાથ સમરીયે રે, અઢારમા ગાંગિક મન ધરીયે રે;
કહું અનાગત હવે ચઉવીસી રે, ધાતકી ખંડે હિયડે હીસી રે. ૩
શ્રી સાંપ્રત ચોથા સુખદાયી રે, છઠ્ઠા શ્રી મુનિનાથ અમાયી રે;
શ્રી વિશિષ્ટ સમમ સુખકારા રે, તે તો લાગે મુજ મન પ્યારા રે. ૪
શ્રી જિન સમરણ જેહવું[2] મીઠું રે, એહવું અમૃત જગમાં ન દીઠું રે;
સુજસ મહોદય શ્રી જિન–નામે રે, વિજય લહીજે ઠામો ઠામે રે. ૫

ઢાલ પાંચમી

—(*)—

સાંહમેનેં ટોડે પેસંતા–અથવા–તીરથ તે નમું રે—એ દેશી

પુષ્પર અરધ પૂરવ હુઆ, જિન વંદીયે રે;
ભરત અતીત ચોવીસી કે, પાપ નિકંદીએ રે;
ચોથા સુમૃદુ સુહંકર, જિન૦ છઠ્ઠા વ્યક્ત જગદીશ કે. પા૦ ૧

૧–ચઉવીશી. ૨–તેહવું.

શ્રી કલાશત સપ્તમ[૧] ગુણ ભર્યા જિન૦ હવે ચોવીશી વર્તમાન કે;
કલ્યાણુક એ દિનેં હુવા, જિન૦ લીજીયે[૨] તેહનાં અભિધાન કે. પા૦ ૨
અરણ્યવાસ એકવીસમા, જિન૦ ઓગણીસમા શ્રી યોગ કે, પા૦
શ્રી અયોગ તે અઢારમા, જિન૦ દિએ શિવ રમણી સંયોગ કે. પા૦ ૩
ચોવીસી અનાગત ભલી, જિન૦ તિહાં ચોથા પરમ જિનેશ કે; પા૦
સુધારતિ છઠ્ઠા નમું, જિન૦ સાતમા શ્રી નિઃકેશ, પા૦ ૪
પ્રિયમેલક પરમેસરૂ, જિન એહનું નામ તે પરમ વિધાન કે; પા૦
મોટાનો[૩] જે આસરો, જિન૦ તેહથી લહિયે જશ બહુમાન કે. પા૦૫

ઢાલ છઠ્ઠી

—(*)—

ભોલુડા રે હંસા વિષય ન રાચિયે-એ દેશી

ધાતકી ખંડે રે પશ્ચિમ[૪] ભરતમાં, અતીત ચોવીસી સંભાર;
શ્રી સર્વારથ ચોથા જિનવરૂ, છઠ્ઠા હરિભદ્ર ધાર. ૧
જિનવર નામે રે મુજ આનંદ ઘણો. એ આંચલી.
શ્રી મગધાધિપ વંદુ સાતમા, હવે ચોવીસી વર્ત્તમાન;
શ્રી પ્રયચ્છ પ્રણમું એકવીસમા, જેહનું જગમાં નહી ઉપમાન.
જિન૦ ૨
શ્રી અક્ષોભ જિનવર ઓગણીસમા, અઢારમા મલસિંહ[૫] નાથ;
હવે અનાગત ચોવીસી નમું, ચોથા દિનરૂ[૬] શિવ સાથ. જિન૦ ૩
છઠ્ઠા શ્રી જિન ધનદ સંભારીયે, સાતમા પૌષધ દેવ;
હરખે જેહના રે ચરણ કમલ તણી, સુરનર સારે રે સેવ. જિન૦ ૪
ધ્યાને મિલવું રે એહવા પ્રભુ તણું, આલસ માંહિ રે ગંગ;
જનમ સફલ કરી માનું તેહથી, સુજસ વિલાસ સુરંગ. જિન૦ ૫

૧-શત. ૨-લીજે. ૩-મોટા મોજે. ૪-પચ્છિમ. ૫-પ્રિયરત્ન. ૬-મલ્લસિંહ.

ઢાલ સાતમી

—(*)—

ઋષભનો વંશ રયણાયરો—એ દેશી

પુષ્ખર પશ્ચિમ[1] ભરતમાં, ધારો અતીત ચોવીશી રે;
ચોથા પ્રલંબ જિનેસરૂ, પ્રણમું હિયડલે હીસી રે. ૧
અહવા સાહિબ નવિ વીસરે, ખિણ ખિણ સમરીયે હુજે રે;
પ્રભુ ગુણ અનુભવ યોગથી, શોભીયે આતમ તેજે રે. એહવા૦ ૨
છઠ્ઠા ચારિત્રનિધિ સાતમા, પ્રશમરાજિત ગુણ–ધામો રે;
હવે વર્તમાન ચોવીસીયે, સમરીજે જિન–નામો રે. એહવા૦ ૩
સ્વામી સર્વજ્ઞ જયંકરૂ, એકવીશમા ગુણ–ગેહા રે;
શ્રી વિપરીત ઓગણીસમા, અવિહડ ધરમ–સનેહા રે. એહવા૦ ૪
નાથ પ્રસાદ અઢારમા, હવે અનાગત ચોવીસી રે;
ચોથા શ્રી અઘટિત જિન વંદીયે, કર્મ સંતતિ જેણે પીસી રે.
એહવા૦ ૫
શ્રી બ્રમણેંદ્ર[2] છઠ્ઠા નમું, ઋષભચંદ્રાભિધ વંદું રે;
સાતમા જગ જસ જયકરૂ, જિન ગુણ ગાતાં આણંદું રે. એહવા૦ ૬

ઢાલ આઠમી

—(*)—

ઝાંઝરીઆ મુનિવર, ધન ધન તુમ અવતાર—એ દેશી

જંબૂદ્વીપ ઐરવતેંજી, અતીત ચોવીસી વિચાર;[3]
શ્રી દયાંત ચોથા નમુંજી, જગ જનના આધાર. ૧

૧–પશ્ચિ. ૨–બ્રહ્મેંદ્ર. ૩–ઉદ્ધાર.

મન મોહન જિનજી, મનથી નહી મુજ દૂર. એ ટેક.

અભિનંદન છઠ્ઠા નમું જી સાતમા શ્રી રતનેશ;
વર્તમાન ચોવીસીયેજી, હવે જિન-નામ ગણેશ. મન૦ ૨

શ્યામકોષ્ટ એકવીસમાજી, ઓગણીસમા મરૂદેવ;
શ્રી અતિપાર્શ્વ અઢારમાજી, સમરૂં ચિત્ત નિતમેવ. મન૦ ૩

ભાવિ ચોવીશી વંદીયેજી, ચોથા શ્રી નંદિષેણ;
શ્રી વ્રતધર છઠ્ઠા નમું જી, ટાલે કરમની રેણ. મન૦ ૪

શ્રી નિર્વાણ[1] તે સાતમાજી, તેહશું **સુજસ** સનેહ;
જિમ ચકોર ચિત્ત ચંદસું જી, જિમ મોરાં મન મેહ. મન૦ ૫

ઢાલ નવમી

—(*)—

પ્રથમ ગોવાલ તણે. ભવેજી – અથવા–
કપુર હોએ અતિ ઉજલું રે—એ દેશી

પૂરવ અરધે ધાતકીજી, ઐરવતે જે અતીત;
ચઉવીસી તેહમાં કહું જી, કલ્યાણક સુપ્રતિત. ૧
મહોદય સુંદર જિનવર નામ. એ ટેક.

ચોથા શ્રી સૌંદર્યનેજી, વંદું વારોવાર;
છઠ્ઠા ત્રિવિક્રમ સમરીયેજી, સાતમા નરસિંહ સાર. મ૦ ૨

વર્તમાન ચોવીસીયેજી, એકવીશમા ક્ષેમંત;
સંતોષિત ઓગણીસમાજી, અઢારમા કામનાથ સંત. મ૦ ૪

૧-નિર્વાણી.

ભાવિ ચોવીસી વંદીયેજી, ચોથા શ્રી મુનિનાથ;
ચંદ્રદાહ છઠ્ઠા નમું જી, ભવ – દવ – નીરદ – પાથ. મ૦ ૪
દિલાદિત્ય જિન સાતમાજી, જન–મન મોહન–વેલ;[૧]
સુખજસ લીલા પામીયેજી, જસ નામે રંગરેલ.[૨] મ૦ ૫

ઢાલ દશમી

—(*)—

એ છીંડી કિહાં રાખી–અથવા–ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો—એ દેશી

પુષ્કર અરધ પૂરવ ઐરાવતે, અતીત ચોવીશી સંભારૂં;
શ્રી અષ્ટાહ્નિક[૩] ચોથા વંદી, ભવ–વન–ભ્રમણ નિવારૂં રે. ૧

ભવિકા એહવા જિનવર ધ્યાવો, ગુણવંતના ગુણ ગાવો રે;
ભવિકા એહવા જિનવર ધ્યાવો. એ આંચલી.

વણિક નામ છઠ્ઠા જિન નમીયે, શુદ્ધ ધરમ વ્યવહારી;
ઉદયજ્ઞાન સાતમા સંભારો, તીન ભુવન ઉપગારી રે. ભવિકા૦ ૨

વર્તમાન ચોવીસી વંદુ, એકવીશમા તમોકંદ;
સાયકાક્ષ ઓગણીસમા સમરો, જન–મન–નયનાનંદ રે. ભવિકા૦ ૩

શ્રી ક્ષેમંત[૪] અઢારમા વંદો, ભાવિ ચોવીસી ભાવો;
શ્રી નિર્વાણી ચોથા જિનવર, હૃદય–કમલ માંહિ લાવો રે. ભવિકા ૪

છઠ્ઠા શ્રી રવિરાજ સાતમા, પ્રથમનાથ પ્રણમીજે;
ચિદાનંદઘન સુજસ મહોદય, લીલા લચ્છિ લહીજે રે. ભવિકા૦ ૫

૧–વેલિ. ૨–રેલિ. ૩–અષ્ટાહ્નિક. ૪–ખેમંત.

ઢાલ અગ્યારમી

—(*)—

કરિ પટકૂલે રે લૂંછણા–અથવા અજિત જિણુંદશ્યું પ્રીતડી—એ દેશી

પશ્ચિમ ઐરવતે ભલો, ધાતકી ખંડે અતીત કે;
ચોવીસી રે પુરૂરવા, ચોથા જિન સુપ્રતીત કે. ૧
જિનવર નામ સુહામણું,[૧] ઘડીય ન મેલ્યું જાય કે;
રાતિ દિવસ મુજ સાંભરે, સંભારે સુખ થાય કે.
જિનવર૦ એ ટેક. ૨
શ્રી અવબોધ છઠ્ઠા નમું, સાતમા શ્રી વિક્રમેંદ્ર કે;
ચોવીસી વર્તમાનના, હવે સંભારૂં જિનેંદ્ર કે. જિન૦ ૩
એકવીસમા શ્રી સ્વસાંતજી,[૨] ઓગણીસમા હરનામ કે;
શ્રી નંદિકેશ અઢારમા, હોજો તાસ પ્રણામ કે. જિન૦ ૪
ભાવિ ચોવીસી સંભારીયે, ચોથા શ્રી મહામૃગેંદ્ર કે;
છઠ્ઠા અશોચિત વંદીયે, સાતમા શ્રી ધર્મેંદ્ર કે. જિન૦ ૫
માન લાગ્યું જસ જેહશ્યું, ન સરે તેહ વિણ તાસ કે;
તેણે મુજ મન જિન ગુણ થુણી, પામે સુજસ વિલાસ કે. જિન૦ ૬

ઢાલ બારમી

—(*)—

તે તરિયા રે ભાઈ તે તરિયા–અથવા–
સા મેદમેં મનમાં ચિંતવે—એ દેશી

પુષ્કર પશ્ચિમ ઐરવતે હવે, અતીત ચોવીશી વખાણું જી,
અશ્વવૃંદ ચોથા જિન નમીયે, છઠ્ઠા કુટિલક જાણું જી;

૧–સોહામણું. ૨–સુશાંતિજી.

સાતમા શ્રી વર્દ્ધમાન જિનેસર, ચોવીસી વર્તમાનજી;
એકવીસમા શ્રી નંદિકેશ જિન, તે સમરૂં શુભ ધ્યાનેજી. ૧

ઓગણીશમા શ્રી ધર્મચંદ્ર જિન, અઢારમા શ્રી વિવેકોજી;
હવે અનાગત ચોવીસીમાં, સંભારૂં શુભ ટેકોજી;
શ્રી કલાપ[૧] ચોથા જિન છઠ્ઠા, શ્રી વિસોમ પ્રણમીજેજી;
સાતમા શ્રી આરણ્ય[૨] જિન ધ્યાતાં, જનમનો લાહો લીજેજી. ૨

શ્રી વિજય પ્રભ સૂરીશ્વર રાજે,[૩] દિન દિન અધિક જગીસેંજી;
ખંભ નગરમાં રહીય ચોમાસું,[૪] સંવત સત્તર બત્રીસેંજી;
દોઢસો કલ્યાણકનું ગણણું, તે મેં પૂરણ કીધુંજી;
દુઃખ–ચૂરણ દીવાલી દિવસે, મન વંછિત ફલ લીધુંજી. ૩

શ્રી કલ્યાણવિજય વર વાચક, વાદી મતંગજ સિંહોજી,[૫]
તાસ શિષ્ય શ્રી લાભવિજય બુધ, પંડિત માંહિ લિહોજી;
તાસ શિષ્ય[૬] શ્રી જિતવિજય બુધ, શ્રી નયવિજય સોભાગીજી;
વાચક જસવિજયે તસ શિષ્યે,[૭] થૂણીઆ જિન વડ ભાગીજી. ૪

એ ગણણું જે કંઠે કરશ્યે, તે શિવરમણી વરશ્યેજી;
તરશ્યે ભવ–હરશ્યે સવિ પાતક, નિજ આતમ ઉદ્ધરશ્યેજી;
બાર ઢાલ જે નિત્ય[૮] સમરશ્યે, ઉચિત કાજ આચરશ્યેજી;
સુકૃત સહોદય સુજસ મહોદય, લીલા તે આદરશ્યેજી. ૫

---

૧ કલાપક. ૨ આરણ. ૩ સૂરિ સુરાજ્યે. ૪ ચૌમાસુ. ૫ સીહોજી.
૬ સીસ. ૭ સીસે. ૮ નિતુ.

કલશ

એ બાર ઢાલ રસાલ બારહુ, ભાવના તરૂ મંજરી,
વર બાર અંગ વિવેક પલ્લવ, બાર વ્રત શોભા કરી;
એમ બાર તપવિધિ સાર સાધન, ધ્યાન જિન-ગુણ અનુસરી,
શ્રી નયવિજય બુધ ચરણ સેવક, જસવિજય જયસિરી વરી.[૧] ૧

ઈતિ શ્રી સંકલ પંડિત શિરોમણિ ઉપાધ્યાય
શ્રી જસવિજય ગણિ વિરચિત દોઢસો
જિન-કલ્યાણક મૌની-અગ્યારસનું
ગણણું તપ વિધાન સંપૂર્ણ×

૧ લહી.

× 'સંવત ૧૮૧૭ વર્ષે કાર્તિક વદિ ૧૨ ગુરૌ પં. ભાગ્યચંદ્રજી તત્ શિષ્ય મુનિ રાજસાગરેણ લિખિત" એ પ્રમાણે રાજનગર, વિદ્યાશાળાનો ભંડાર, દાબડા નં. ૧૦ માંની એક સારી શુદ્ધ પ્રતિમાં લખેલું છે. જૂદી જૂદી ત્રણ હસ્તલિખિત પ્રતો પરથી આ સ્તવન શોધેલું છે. પાઠકોની સરળતા ખાતર કેટલીક જગ્યાએ જૂની ભાષાને ચાલુ વર્તમાન ભાષામાં રાખી છે.

નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિ જિન–સ્તવન

ઢાલ પહેલી

—(*)—

નદી યમુના કે તીર, ઉડે દોય પંખીયાં–એ દેશી.

+શાંતિ જિણેસર કેસર, અર્ચિત જગ ધણી રે, અર્ચિત૦
સેવા કીજે સાહિબ, નિત નિત તુમ તણી રે; નિત૦
તુજ વિણ દૂજો દેવ, ન કોઈ દયાલુઓ રે,[૧] ન કોઈ૦
મન–મોહન ભવિ–મોહન, તૂંહી મયાલુઓ રે. તૂંહી૦ ૧

દુરિત અપાસન શાસન, તૂં જગ પાવનો રે, તૂં જગ૦
સુકૃત–ઉલ્લાસન, કર્મ–નિકાસન ભાવનો રે; નિકાસન૦
સિંહાસન પદ્માસન, બેઠો જે ઠવે રે, બેઠો૦
જગ ભાસન પર શાસન, વાસન ખેપવે રે.[૩] વાસન૦ ૨

વાણી ગંગ તરંગ, સુરગ તે ઉચ્છલે રે, સુરંગ૦
નય–ગમ–ભંગ–પ્રમાણ, પ્રવાહ ઘણા ભલે રે; પ્રવાહ૦
નિશ્ચય નય વ્યવહાર, તિહાં ભમરી ભમે રે, તિહાં૦
બુદ્ધિ નાવ જસ ચાલે, તેહને સહુ નમે રે. તેહને૦ ૩

+ આ સ્તવન કર્તા મહર્ષિએ સંવત. ૧૭૩૪ માં રચ્યું છે.
૧ તુજવિણ દેવ ન કોઈ કે જગ દયાલુઓરે. ૨ ચ્યવેરે. ૩ પેખેવેરે.

નિશ્ચય ને વ્યવહાર, તણી ચર્ચા ઘણી રે, તણી૦
જાણે પણ જન તાણે,[૧] દિલરૂચી આપણી રે; દિલ૦
સ્યાદ્વાદ ઘર માંહિં, ઘડયા દોય ઘોડલા રે,[૨] ઘડયા૦
દેખે પક્ષ ઉવેખે, તે જગ થોડલા રે. તે જગ૦ ૪

માંહો માંહિં તે બિહુ[૩] જેમ, નય ચરચા કરેરે, નય૦
ભરત ક્ષેત્રના ભાવિક, શ્રાવક મન ધરે રે; શ્રાવક૦
તિમ હું કાંઈક ઢાલ, રસાલ ઢાખ્યું રે; રસાલ૦
પણ તુજ વચન પ્રમાણ,[૪] તિહાં મુજ ભાખ્યું રે. તિહાં૦ ૫

ઢાલ બીજી

—(*)—

અહો મતવાલે સાજના—એ દેશી.

નિશ્ચય નયવાદી કહે, એક ભાવ પ્રમાણ છે સાચો રે;
વાર અનંતી જે લહી, તે કિરિયામાં મત રાચોરે;
ચતુર સનેહી સાંભલો એ આંકણી. ૧

ભરત ભૂપ ભાવે તર્યો, વલી પરિણામે મરૂદેવા રે;
ગ્રૈવેયક ઉપર નહી ફલે, દ્રવ્ય ક્રિયાની સેવારે. ચતુર૦ ૨

નય વ્યવહાર કહે તુમે, કિમ ભાવ ક્રિયા વિણ લહસોરે;
રતન શોધ શતપુટ પરિ, ક્રિયા તે સાચી કહશ્યો રે ચતુર૦ ૩

---

૧ નવ જાણે. ૨ ઘડીયા દો ઘોડલારે ૩ દોયનય. ૪ પ્રમાણે.

એક સહેજે એક યત્નથી, જિમ ફલ કેરે પરિપાકો રે;
તિમ ક્રિયા પરિણામનો, જગ ભિન્ન ભિન્ન છે વાકો રે. ચતુર૦ ૪

સહેજે ફલ અમ્હે પામશું, એમ ગલિઆ બલદ જે થાયો રે;
સહેજે તૃપતા તે હુશે, કાં અન્ન કવલ કરી ખાઓ રે. ચતુર૦ ૫

વિણ વ્યવહારે ભાવ જે, તે તો ખિણુ તોલો ખિણુ માસો રે;
તેહથી હાંસી ઉપજે, વલી દેખે લોક તમાસો રે. ચતુર૦ ૬

ગુરૂકુલવાસી ગુણ નીલો, વ્યવહારે[૧] થીર પરિણામી રે[૨]
ત્રિવિધ અવંચક યોગથી, હુયે[૩] **સુજસ** મહોદય કામી રે[૪] ચતુર૦૭

ઢાલ ત્રીજી

—(*)—

સાહિબા મોતીડા હમારા–એ દેશી.

નિશ્ચય કહે કુણ ગુરૂ કુણ ચેલા, ખેલે આપહી આપ એકેલા;
જસ પ્રકાશે જગ સવિ ભાસે, નવ–નિધિ અષ્ટ–મહાસિદ્ધિ પાસે. ૧

મોહના રંગીલા હમારા, સોહના સુખ સંગી. એ આંકણી.
કર્મ વિભાવ શક્તિ જે તોડે, તે સ્વભાવ શક્તિરયું જોડે;
ભાગ્યો[૫] ભરમ મરમ સવિ જાણ્યો, પૂર્ણ જ્ઞાન નિજરૂપ પિછાણ્યો.
મોહના૦ ૨

૧–વ્યવહારી. ૨–પરિણામોરે. ૩–હોય. ૪–કામોરે. ૫–ભાગ્યો.

કરતા હુઇ[૧] હાથી પરે જૂઝેં, સાખી નિજ ગુણ માંહે સલૂઝેં;
કરતા તે કિરિયા દુઃખ વેદેં, સાખી ભવ-તરૂ-કંદ ઉચ્છેદેં.
મોહના૦ ૩

જ્ઞાનીને કરણી સવિ થાકી, હુઈ રહ્યો નરમ[૨] કરમ[૩] થિતિ પાકી;
માલા અણુદેખે જે ભમતો, તે દેખી હોએ નિજ ગુણ રમતો.
મોહના૦ ૪

ભાવ અશુદ્ધ જે પદ્ગલ કેરા, તે તો જાણ્યા સમહી અનેરા;
મોક્ષરૂપ અમે નિજ ગુણ વરિયા, તે અર્થે કરશે કુણ કિરિયા.
મોહના૦ ૫

હવે વ્યવહાર કહે સુણો પ્યારા, એ મીઠા તુમ બોલ દુચારા;
ભણુતાંને અણુકરતાં ભાસો, વચન વીર્ય કરી આપ વિમાસો.
મોહના૦ ૬

જે અભિમાન રહિત તે સાખી, શક્તિ ક્રિયામાં તે છે આખી;
ક્રિયા જે શુભ જોગે માંડે, ખેદાદિક દૂષણ સવિ છાંડે.[૪]
મોહના૦ ૭

ભૂખ ન ભાંજે ભોજન દીઠે, વિણ ખાંડે તુષ વ્રીહી ન નીઠે;
માંજ્યા વિણ જિમ પાત્ર ન આછું, કિરિયા વિણ તિમ સાધન પાછું.
મોહના૦ ૮

મોક્ષ રૂપ આતમ નિરધારી, નવિ થાકયા જિનવર-ગણધારી;
ક્રિયા-જ્ઞાન જે અનુક્રમે સેવે, સુજસ રંગ તેહને પ્રભુ દેવે.[૫]
મોહના૦ ૯

૧-હોઈ. ૨-નર્મ. ૩-કર્મ. ૪-ખેદાદિઅડ દૂષણ તે છાંડે.
૫-સુજસ રંગ પ્રભુ તેહને દેવે.

ઢાલ ચોથી

—(*)—

[બેડલે ભારે મરૂં છું રાજ–એ દેશી.]

નિશ્ચય કહે વિણ ભાવ પ્રમાણે, કિરિયા કામ ન આવે;
આવ્યો ભાવ તો કિરિયા થાકી, ધ્યાયાં જિમણુ ન ભાવે;
માનો બોલ હમારો રાજ, તાણા તાણ ન કીજે. ૧

શ્રમણ હુઈ ગણધર પ્રવ્રજ્યા, મિલે તે ભાવ પ્રમાણે;
લિંગ પ્રયોજન–જન–મનરંજન, ઉત્તરાધ્યયને વખાણે. માનો૦ ૨

નિજ પરિણામજ ભાવ પ્રમાણ્યો,[1] વલી ઓઘનિર્યુક્તે;
આતમ સામાયિક ભગવઈમાં ભાખ્યું તે જુઓ જુગતે. માનો૦ ૩

નય વ્યવહાર કહે સવિ શ્રુતમાં, ભાવ કહ્યો તે સાચો;
પણ ક્રિયાથી તે હોએ જાચો, કિરિયા વિણ હોએ કાચો. માનો૦ ૪

ભાવ નવો કિરિયાથી આવે, આવ્યો તે વલી વાધે;
નવિ પડે–ચડે ગુણ શ્રેણે, તેણે મુનિ કિરિયા સાધે. માનો૦ ૫

નિશ્ચયથી નિશ્ચય નવિ જાણ્યો, જેણે ક્રિયા નવિ પાલી;
વચન માત્ર નિશ્ચયમું વિચારે, ઓઘ–વચન જુઓ ભાલી. માનો૦ ૬

જિમ જિમ ભાવ ક્રિયામાંહિ ભલશે, સાકર જિમ પય માંહિ;
તિમ તિમ સ્વાદ હોશે અધિકેરો, જસ વિલાસ ઉચ્છાહિ. માનો૦ ૭

૧–પ્રમાણ્યો.

ઢાલ પાંચમી

—(*)—

[બટાઉયાની-દેશી.]

નિશ્ચય નયવાદી કહે રે, ષટ્‌દર્શન માંહિં સાર;
સમતા સાધન મોક્ષનું, એહવો કીધો નિરધાર રે.

મનમાંહીં ધરીજે પ્યાર રે, અમે કહું છું તુમ ઉપગાર રે,
બલિહારી ગુણની[1] ગોઠડી મેરે લાલ. એ આંકણી. ૧

પન્નર ભેદ જે સિદ્ધના રે, ભાવલિંગ તિહાં એક,
દ્રવ્ય લિંગ ભજના કહી, શિવ સાધન સમતા છેક રે;
તેહમાં છે સબલ વિવેક રે, તિહાં લાગી મુજ મન ટેક રે,
ભામા છે અવર અનેક રે. બલિ૦ ૨

જિહાં મારગ ભાંજે સવે રે, ધારણને અસરાલ,
જોગ-નાલી સમતા તિહાં, ડાંડો ઢાખે તતકાલ રે;
હોએ જોગ અજોગ વિચાલ રે,[2] લઘુ-પણ-અક્ષર સંભાલ રે,
પહોંચે[3] શિવ-પદ દેઈ ફાલ રે. બલિ૦ ૩

સ્થવિર[4]-કલ્પ જિન-કલ્પની રે, કિરિયા છે બહુ રૂપ,
સામાચારી જૂજૂઈ રે, કોઈ ન મિલે એક સરૂપ રે;
તિહાં હઠ છે ઉંડો કૂપ રે, તિહાં પાસ ધરે મોહ ભૂપ રે,
તે તો વિરૂઓ વિષમ વિરૂપ રે. બલિ૦ ૪

૧-ગુણ. ૨-વિશાલ રે. ૩-પુંહચે. ૪-થવિર.

નય વ્યવહાર કહે હવે રે, શું[1] બોલ્યા એ મિત્ત;
સમતા તુમને વાલહી, અમને પણ તિહાં દૃઢ ચિત્ત રે;
અમે સંભારૂં નિત્ય નિત્ય રે; ક્રિરિયા પણ તાસ નિમિત્ત રે;
એમ વધશે બેહુને હિત રે. બલિ૦ ૫

પન્નર ભેદ જે સિદ્ધના રે, રાજ-પંથ તિહાં જેહ;
તે મારગ અનુસારિણી, ક્રિરિયા તેહશું ધરો નેહ રે;
ક્ષણ માંહીં ન દાખો છેહ રે; આલસ છોંડો[2] નિજ દેહ રે;
આલસુ ને ઘણા સંદેહ રે. બલિ૦ ૬

થાપે ભાવજ જે કહી રે, ભરતાદિક દિઠ્ઠંત;[3]
આવશ્યક માંહિ કહ્યા, તે તો પાસસ્થા એકંત રે;
તે તો પ્રવચન લોપે તંત રે; તસ મુખ નવિ દેખે સંત રે;
એમ[4] ભાખે શ્રી ભગવંત રે. બલિ૦ ૭

ક્રિરિયા જે બહુવિધ કહી રે, તેહજ કર્મ પ્રતિકાર;
રોગ ઘણા ઔષધ ઘણા, કોઈને કોઈથી ઉપગાર રે;
જિન-વૈદ્ય કહે નિરધાર રે; તેણે કહ્યું તે કીજે સાર રે;
એમ ભાખે અંગ આચાર રે. બલિ૦ ૮

રાજ-પંથ ભાગે નહીં રે, ભાજે તે નાહના સેર;
એ પણ મનમાં ધારજો, એ એક ગાંઠો સો પેર રે;
શું ફૂલી થાઓ છો ભેર રે; જોમલીયે બિહું એક વેર રે;
તો ભાંજે ભ્રાંતિ ઉકેર રે. બાલ૦ ૯

૧-તિહાં શું. ૨-છંડો. ૩-દૃષ્ટાંત. ૪-ઈમ.

સૂત્ર પરંપરર્યું મળે રે, સમાચારી શુદ્ધ;
વિનયાદિક મુદ્રા વિધિ, તે બહુ વિધ પણ અવિરૂદ્ધ રે;
મુંઝે તે જે હોયે મુદ્ધ રે;[1] નવિ મુંઝે તે પ્રતિબુદ્ધ રે;
વલી **મુજસ** અલુદ્ધ અકુદ્ધ રે. બલિ૦ ૧૦

ઢાલ છઠ્ઠી

—(*)—

ગિરૂઆરે ગુણ તુમતણા—એ દેશી

વાદ વદંતા આવિયા, તુજ[2] સમવસરણ જબ દીઠું રે;
તે બિહુંનો ઝઘડો ટલ્યો, તુજ દર્શન લાગ્યું મીઠું રે;
બલિહારી પ્રભુ તુમ તણી. એ આંકણી. ૧

સ્યાદ્વાદ આગલ કરી, તુમે બિહુંને મેલ કરાવ્યો રે;
અંતરંગ રંગે મલ્યા, દુર્જનનો દાવ ન ફાવ્યો રે બલિ૦ ૨

પરઘર-ભંજક બલ ઘણા, તે ચિત્ત માંહિ ખાંચા ઘાલે રે;
પણ તુમ સરિખા પ્રભુ જેહને, તેહશ્યું તેણે કાંઇ ન ચાલે રે. બલિ૦ ૩

જિમ એ બિહુંની પ્રીતડી, તુમે કરી આપી થિર ભાવે રે;
તિમ મુજ અનુભવ મિત્તસું, કરી આપો મેલ સ્વભાવે રે બલિ૦ ૪

તુજ શાસન જાણ્યા પછી, તેહશું મુજ પ્રીત છે આજી રે;[3]
પણ તે કહે મમતા તજે, તેણે નવિ આવે છે બાજી રે. બલિ૦ ૫

૧-મુગ્ધરે. ૨-તુમ. ૩-જગીરે.

કાલ અનાદિ સંબંધિની,[૧] મમતા તે[૨] કેડ ન મૂકે રે;
રીસાયે અનુભવ તદા, પણ ચિત્તથી હિત[૩] નવિ ચૂકે રે. ઋલિ૦ ૬

એહવા મિત્રશુ[૪] રૂસણું, એ તો મુજ મન[૫] લાગે માહું રે;
તિમ કીજે મમતા પરી, જિમ છાંડું ચિત્ત કરી કાહું રે. ઋલિ૦ ૭

ચરણ ધર્મ નૃપ તુમ વસે, તસ કન્યા સમતા રૂડી રે;
અચિરાસુત તે[૬] મેલવો, જિમ મમતા જાયે ઉડી રે. ઋલિ૦ ૮

સાહિબે માની વીનતી, મિલ્યો અનુભવ મુજ અંતરંગે રે;
ઓચ્છવ રંગ વધામણાં, હુઆ **મુજસ** મહોદય સંગે રે. ઋલિ૦ ૯

કલસ

ઇમ સકલ[૭] સુખકર, દુરિત ભયકર શાંતિ જિનવર[૮]મેં સ્તવ્યો,
યુગ–ભુવન–સંયમ–માન વરષે, (૧૭૩૪) ચિત્ત હર્ષે વિનવ્યો;
શ્રી વિજયપ્રભસૂરિરાજરાજ્યે, સકૃત કાજે નય કહી;
શ્રી નયવિજય બુધ શિષ્ય[૯] વાચક, જસવિજય જયસિરિ લહી૦ ૧

ઇતિ શ્રી નિશ્ચય–વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિનાથ જિન–સ્તવન સંપૂર્ણ. ગાથા ૪૮ ઢાલ–૬

૧–સંબંધથી. ૨–તો. ૩–હેત. ૪–તેહવા મિત્તશું. ૫–તે તો મુજને. ૬–મુજ. ૭–સયલ. ૮–જિણેસર. ૯–સીસ.

નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન

ઢાલ પહેલી

—(*)—

[રાગ–મારૂણી]

શ્રી સીમંધર સાહિબ આગે વીનતી રે, મનધરી નિર્મલ ભાવ;
કીજે રે કીજે રે, લીજે લાહો ભવ તણો રે. ૧

બહુ સુખ ખાણી તુજ વાણી પરિણમે રે, જેહ એક નય પક્ષ;
ભોલા રે ભોલા રે, તે પ્રાણી ભવ રડવડે રે. ૨

મેં મતિ મોહે એકજ નિશ્ચય નય આદર્યો રે, કે એકજ વ્યવહાર;
ભૂલા રે ભૂલા રે, તુજ કરૂણાયે ઓલખ્યા રે. ૩

શિખિકા વાહક પુરૂષ તણી પરે તે કહ્યા રે, નિશ્ચય ને વ્યવહાર;
મિલિયા રે મિલિયા રે, ઉપગારી નવિ જૂજૂઆરે. ૪

બહુલા પણ રતન કહ્યાં, જે એકલાં રે, માલા ન કહાય;
માલા રે માલા રે, એક સૂત્રે તે સાંકલ્યા રે ૫

તિમ એકાકી નય સઘલા મિથ્યામતિ રે, મિલિયા સમકિતરૂપ;
કહીએ રે કહીએ રે, લહીએ સમ્મતિ સમ્મતિ રે. ૬

દોય પંખ વિણ પંખી, જિમ રથ વિણ દોય ચક્ર;
ન ચલે રે ન ચલે રે, તિમ શાસન નય બિહું વિના રે. ૭
શુદ્ધ અશુદ્ધ પણું પણ સરખું છે એઉને[1] રે, નિજ નિજ વિષે[2] શુદ્ધ;
જાણો રે જાણો રે, પર વિષે અવિશુદ્ધતા રે. ૮
નિશ્ચય નય પરિણામપણાએ[3] છે વડોરે, તેહવો નહી વ્યવહાર;
ભાખે રે ભાખે રે, કોઇક ઇમ તે નવિ ઘટે રે. ૯
જે કારણ નિશ્ચય નય કારણ અછે રે[4] કારણ છે વ્યવહાર;
સાચો રે સાચો રે, કારજ સાચો તે સહી રે. ૧૦
નિશ્ચય નય મતિ ગુરૂ શિષ્યાદિક કો નહી રે, કરે ન ભુંજે કોય[5];
તેહથી રે તેહથી રે, ઉનમારગ તે દેશના[6] રે. ૧૧
નય વ્યવહારે ગુરૂ શિષ્યાદિક સંભવે રે, સાચો તે ઉપદેશ;
ભાખ્યો રે ભાખ્યો રે ભાખ્યે સૂત્ર વ્યવહાર મેં રે[7]. ૧૨

ઢાલ બીજી

—(*)—

(રસીયાની દેશી)

કોઇક વિધિ જોતાં થકાં રે, છાંડે સવિ વ્યવહાર રે મન વસિયા;
ન લહે તુજ વચમે કહ્યું રે, દ્રવ્યાદિક અનુસાર રે ગુણ રસિયા. ૧
પાઠ ગીત નૃત્યની[8] કલા રે, જિમ હોય પ્રથમ અશુદ્ધ રે; મન૦
પણ અભ્યાસે તે ખરી રે, તિમ ક્રિયા અવિરૂદ્ધ રે ગુણ૦ ૨

---

૧ બિહુંનેરે ૨ વિષયે પાઠાં. ૩ પ્રમાણે ૪ તે વ્યવહાર છે રે. ૫ એક ૬ ઉપદિશે પાઠાં ૭ વ્યવહારનેરે ૮ નર્તન

મણિ શોધક શત ખારના રે, જિમ પુટ સકલ પ્રમાણ રે; મન૦
સર્વ ક્રિયા તિમ યોગને રે , પંચવસ્તુ અહિનાણ રે. ગુણ૦ ૩

પ્રીતિ ભગતિ યોગે કરી રે, ઇચ્છાદિક વ્યવહાર રે; મન૦
હીણો પણ શિવ હેતુ છે રે, જેહને ગુરૂ આધાર રે. ગુણ૦ ૪

વિષ–ગરલ–અન્યોન્ય છે રે[૨], હેતુ–અમૃત જિમ પંચ રે; મન૦
ક્રિયા તિહાં વિષ–ગરલ કહી રે, ઈહ પરલોક પ્રપંચ રે. ગુણ૦ ૫

અન્યોન્ય[૩] હૃદય વિના રે, સંમૂર્ચ્છિમ પરિ હોય રે; મન૦
હેતુ–ક્રિયા–વિધિ–રાગથી રે, ગુણ વિયયીને જોય રે. ગુણ૦ ૬

અમૃત ક્રિયા માંહી જાણીએ રે, દોષ નહિ લવલેશ રે; મન૦
ત્રિક ત્યજવાં દોય સેવવાં રે, યોગબિંદુ ઉપદેશ રે. ગુણ૦ ૭

ક્રિયા ભગતે છેદીએ રે, અવિધિ દોષ અનુબંધ રે, મન૦
તિણે તે શિવ કારણ કહે રે, ધર્મસંગ્રહણી પ્રબંધ રે. ગુણ૦ ૮

નિશ્ચય ફલ કેવલ લગે રે, નવિ ત્યજીએ વ્યવહાર રે; મન૦
ચક્રી–ભોગ[૪] પામ્યા વિના રે, જિમ નિજ ભોજન સાર રે. ગુણ૦ ૯

પુણ્ય–અગનિ પાતક[૫] દહે રે, જ્ઞાન સહેજે ઓલખાય રે; મન૦
પુણ્ય હેતુ વ્યવહાર છે રે, તિણે નિર્વાણ ઉપાય રે. ગુણ૦ ૧૦

ભવ્ય એક આવર્ત્તમાં રે, ક્રિયા વાદી સિદ્ધ રે;[૬] મન૦
હોવે તિમ બીજે નહિ રે, "દશા ચૂર્ણી" પ્રસિદ્ધ રે.[૭] ગુણ૦ ૧૧

---

૧ યોગ્યરેને ૨ ગર અનનુષ્ઠાન ૩ અનનુષ્ઠાન ૪ ભોગ્ય ૫ અગ્નિ પાતિક ૬ સુસિદ્ધરે ૭ સુપ્રસિદ્ધરે.

ઈમ જાણીને મન ધરે રે, તુજ શાસનનો રાગ રે; મન૦
નિશ્ચય પરિણિત મુનિ રહે રે, વ્યવહારે વડ લાગે રે. ગુણ૦ ૧૨

ઢાલ ત્રીજી

—(*)—

(અભિનંદન જિન! દરિશન તરસીયે–દેશી)

સમકિત પક્ષજ કોઇક[1] આદરે, ક્રિયામંદ અણુજાણુ;
શ્રેણિક પ્રમુખ ચરિત્ર આગલ કરે, નવિ માને ગુરૂ–આણુ;
અંતરજામીરે! તું જાણે સવે. એ આંકણી૦ ૧

કહે તે શ્રેણિક નવિ નાણી હુએા, નવિ ચારિત્રપ્રધાન;
સમકિત ગુણથી રે જિન–પદ પામસે, તેહિજ સિદ્ધિ નિદાન. અંતર૦ ૨

નવિ તે જાણે રે ક્રિયા ખપ વિના, સમકિત ગુણ પણ તાસ;
નરક તણી ગતિ નવિ છેદી શકે, એ આવશ્યકે ભાષ. ૩

ઉજવલ તાણે રે વાણે મેલડે, સોહે પટ ન વિશાલ;
તિમ નવિ સોહે રે સમકિત અવિરતિ, બોલે ઉપદેશમાલ. અંતર૦ ૪

વિરતિ વિધન પણ સમકિત ગુણ વર્યો, છેદે પલિય પહુત્ત;
આણંદાદિક વ્રત ધરતા કહ્યો,[2] સમકિત સાથે રે સૂત્ત. અંતર૦ ૫

શ્રેણિક સરિખારે અવિરતિ થોડલા, જેહ નિકાચિત કર્મ;
તાણી આણે રે સમકિત વિરતિને, એ જિન–શાસન–મર્મ. અંતર૦ ૬

બ્રહ્મ પ્રતિજ્ઞા રે વિણ લવ સપ્તમા, બ્રહ્મ વ્રતી નહિ આપ;
અણુકીધા પણ લાગે અવિરતે, સહજે સઘલાં રે પાપ. અંતર૦ ૭

એહવું જાણી રે વ્રત આદર કરો,[3] જતને સમકિતવંત;
પંડિત પ્રીછે રે થોડે જિમ ભણે,[4] નાવે રે બોલ અનંત. અંતર૦ ૮

---

૧ પક્ષ કોઇકજ ૨ કહે ૩ કરે ૪ મુણે.

આંધા આગલ[૧] દરપણ દાખવો, બહિરા આગલ ગીત;
મૂરખ આગલ[૨] પરમારથ કથા, ત્રિણે એક જ રીત. અંતર૦ ૯

એવું જાણી રે હું તુજ વીનવું, કિરિયા સમકિત જોડી;[૩]
દીજે કીજે રે કરૂણા અતિ ઘણી, મોહ સુભટ મદ મોડી.[૪] અંતર૦ ૧૦

ઢાલ ચોથી

—(*)—

એણી પરે મેં પ્રભુ વિનવ્યો, સીમંધર ભગવંતો રે;
જાણું હું ધ્યાને પ્રગટ હુંતો, કેવલ–કમલાનો કંતો રે.
જયો જયો જગગુરૂ જગ ધણી. ૧

તું પ્રભુ હું તુજ સેવકો, એ વ્યવહાર વિવેકો રે;
નિશ્ચય નય નહિ આંતરો, શુદ્ધાતમ ગુણ એકો રે. જયો૦ ૨

જિમ જલ સકલ નદી તણો, જલનિધિ જલ હોય ભેલો રે;
બ્રહ્મ અખંડ સખંડનો, તિમ ધ્યાને એક મેલો રે. જયો૦ ૩

જિણે આરાધન તુજ કર્યું,[૫] તસ સાધન કુણ લેખે રે;
દૂર દેશાંતર કુણ[૬] ભમે, જે સુરમણિ ઘર દેખે રે. જયો૦ ૪

અગમ અગોચર નય કથા, પાર કુણે નવિ લહીએ રે;
તેણે તુજ શાસન ઈમ કહ્યું, બહુ શ્રુત–વયણુડે રહીએ રે. જયો૦ ૫

તું મુજ એક હૃદયે વસ્યો, તુંહીજ પર ઉપગારી રે;
ભરત ભવિક હિત અવસરે, મુજ મત મેલો વિસારી રે. જયો૦ ૬

---

૧ આગેરે ૨ આગેરે ૩ જોડ ૪ મોડ ૫ કિહ ૬ કિમ

કલશ

—(*)—

ઇમ વિમલકેવલજ્ઞાનદિનકર, સકલગુણરયણાયરો;
અકલંક અકલ નિરીહ નિર્મમ, વીનવ્યો સીમંધરો;
શ્રી વિજયપ્રભ સૂરિરાજ રાજે,[૧] વિકટ સંકટ ભયહરો;
શ્રી નયવિજય બુધ શિષ્ય[૨] વાચક, જસવિજય જય જય કરો. ૧

ઇતિ ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત
નિશ્ચય–વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધર
જિન–સ્તવન સંપૂર્ણ.

૧–સુરીંદ રાજ્યે. ૨– વિબુધ સીસ.

શ્રી સીમંધરસ્વામિની વિનતિરૂપ

નયરહસ્ય ગર્ભિત

સવાસો ગાથાનું સ્તવન

શુદ્ધ દેશનાનું સ્વરૂપ

—(*)—

ઢાલ પહેલી

એક દિન દાસી દોડતી—એ દેશી

સ્વામિ સીમંધરા! વીનતી, સાંભલેા માહરી દેવ! રે;
તાહરી આણ હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવ રે.
સ્વામિ સીમંધરા! વીનતી—એ ટેક ૧

કુગુરૂની વાસના પાસમાં, હરિણ પરિ જે પડયા લેાક રે,
તેહને શરણ તુજ વિણ નહીં, ટળવળે આપડા ફોક રે. સ્વામિ૦ ૨
જ્ઞાનદર્શનચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે,
લૂંટિયા તેણે જગિ દેખતાં, કિહાં કરે લેાક પેાકાર રે? સ્વામિ૦ ૩
જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પરિ તેહ રે?
ઇમ અજાણ્યા પડે કૂંડમાં, પાપબંધે રહ્યા જેહ રે. સ્વામિ૦ ૪
કામકુંભાદિક અધિકનું, ધર્મનું કેા નવિ મૂલ રે;
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગ સૂલ રે? સ્વામિ૦ ૫
અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથ રે;
પરમપદનેા પ્રગટ ચેાર તે,[1] તેહથી કિમ વહે પંથ રે? સ્વામિ૦ ૬

૧-ચેારથી.

વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂમદપુર રે;
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે. સ્વામિ૦ ૭
કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા ખોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે. સ્વામિ૦ ૮
કેઈ નિજદોષને ગોપવા, રોપવા કેઈ મતકંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાસે નહીં મંદ રે. સ્વામિ૦ ૯
બહુમુખે બોલ એમ સાંભલી, નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જિમ કમલની વાસ રે. સ્વામિ૦ ૧૦

આત્મસ્વરૂપની ઓળખાણ

—(*)—

ઢાળ બીજી

રાગ જોડી—ભોલીડા હંસા રે! વિષય ન રાચીએ—એ દેશી

એમ ઢુંઢંતાં રે ધર્મ સોહામણો, મિલિઓ સદ્‌ગુરૂ એક;
તેણે સાચો રે મારગ દાખ્યો,× આણી હૃદય વિવેક.
શ્રી સીમંધર સાહિબ! સાંભલો. એ આંકણી. ૧૧
પરઘર જોતાં રે ધર્મ તુમે ફરો, નિજઘર ન લહો રે ધર્મ;
જિમ નવિ જાણે રે મૃગ કસ્તૂરીઓ, મૃગમદપરિમલમર્મ. શ્રી૦ ૧૨
જિમ તે ભૂલો રે મૃગ દિશિ દિશિ ફરે, લેવા મૃગમદગંધ;
તિમ જગ ઢુંઢે રે બાહિરધર્મને, મિથ્યાદૃષ્ટી રે અંધ. શ્રી૦ ૧૩
જાતિઅંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;
મિથ્યાદૃષ્ટી રે તેહથી આકરો, માને અર્થ અનર્થ. શ્રી૦ ૧૪

× દાખિયો.

આપપ્રશંસે રે પરગુણ ઓલવે, ન ધરે ગુણનો રે લેશ;
તે જિનવાણી રે નવિ શ્રમણે સૂણે, દિએ મિથ્યા ઉપદેશ. શ્રી૦ ૧૫
જ્ઞાનપ્રકાશે રે મોહતિમિર હરે, જેહને સદ્‌ગુરૂ સૂર;
તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદભરપૂર. શ્રી૦ ૧૬
જિમ નિરમલતા રે રતનસ્ફટિકતણી, તિમ એ જીવ સ્વભાવ;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશીઓ, પ્રબલકષાય-અભાવ. શ્રી૦ ૧૭
જિમ તે રાતે રે ફૂલે રાતડું, શ્યામકુલથી રે શ્યામ;
પાપ પુણ્યથી રે તિમ જગિ જીવને, રાગદ્વેષ-પરિણામ. શ્રી૦ ૧૮
ધર્મ ન કહિએ રે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડવ્યાધિ;
પહેલે અંગે રે એણીપેરે ભાષિયું, કરમે હોએ ઉપાધિ. શ્રી૦ ૧૯
જે જે અંશે રે નિરૂપાધિકપણું, તે તે જાણો રે ધર્મ;
સમ્યગ્‌દૃષ્ટી રે ગુણઠાણાથકી, જાવ લહે શિવશર્મ. શ્રી૦ ૨૦
એમ જાણીને રે જ્ઞાનદશા ભજી, રહીએ આપ સ્વરૂપ;
પરપરિણતિથી રે ધર્મ ન છાંડિએ, નવિ પડિએ ભવકૂપ. શ્રી૦ ૨૧

આત્મ તત્ત્વ વિચાર

—(*)—

ઢાલ ત્રીજી

હવે રાણી પદ્માવતી જીવ રાશી ખમાવે—એ દેશી

જિહાં લગે આતમદ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;
તિહાં લગે ગુણઠાણું ભલું, કેમ આવે તાણ્યું? ૨૨

આતમતત્ત્વ વિચારીએ એ આંકણી.

यतः आत्मैव दर्शन-ज्ञान-चारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥

આતમઅજ્ઞાને કરી, જે ભવદુઃખ લહીએ;
[૧]આતમજ્ઞાને તે ટલે, એમ મનિ સદ્દહિએ. આતમ૦ ૨૩
જ્ઞાનદશા જે આકરી, તેહુ ચરણ વિચારો;
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો આતમ૦ ૨૪
[૨]ભગવઇઅંગે ભાષિઓ, સામાયિક અર્થ,
સામાયિક પણ આતમા, ધરો સૂધો અર્થ. આઅમ૦ ૨૫
લોકસારઅધ્યયનમાં, સમકિત મુનિભાવે,
મુનિભાવે[૩] સમકિત કહ્યું, નિજ શુદ્ધસ્વભાવે. આતમ૦ ૨૬
કષ્ટ કરો સંજમ ધરો, ગાલો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ. આતમ૦ ૨૭
બાહિર–યતના બાપડા, કરતાં દૂહવાએ[૪];
અંતર–યતના જ્ઞાનની, નવિ તેણે થાએ. આતમ૦ ૨૮
રાગદ્વેષ મલ ગાલવા, ઉપશમ જલ ઝીલો;
આતમપરિણતિ આદરી, પરપરિણતિ પીલો. આતમ૦ ૨૯

આત્માનમાત્મના વેત્તિ મોહત્યાગાદ્ય આત્મનિ।
તદેવ તસ્ય ચારિત્રં તદ્જ્ઞાનં તચ્ચ દર્શનમ ॥

૧ સરખાવો :—આત્મજ્ઞાનભવં દુઃખમાત્મજ્ઞાનેન હન્યતે।
તપસાપ્યાત્મવિજ્ઞાનહીનૈશ્છેતું ન શક્યતે॥
—શ્રી યોગશાસ્ત્ર ચતુર્થપ્રકાશ.

૨ સરખાવો :— आया सामाइए, आया सामाइयस्स अट्ठे.
—શ્રી ભગવતી સૂત્ર.

૩ जं सम्मंति पासहा तं मोणंति पासहा,
जं मोणंति पासहा तं सम्मंति पासहा।
—શ્રી આચારાંગ સૂત્ર. (લોકસાર અધ્યયન)

૪ अज्ञानं खलु कष्टं, क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः।
अर्थं हितमहितं वा न वेत्ति येनावृतो जीवः॥

હું એહનો એ માહરો, એ હું એણી બુદ્ધી;
ચેતન જડતા અનુભવે, ન વિસામે શુદ્ધી. આતમ૦ ૩૦
બાહિરદૃષ્ટી દેખતાં, બાહિર મન ધાવે;×
અંતરદૃષ્ટી દેખતાં, અક્ષયપદ પાવે. આતમ૦ ૩૧
ચરણ હોએ લજ્જાદિકે, નવિ મનને ભંગે;
ત્રીજે અધ્યયને કહ્યું, એમ પહેલે અંગે. આતમ૦ ૩૨
અધ્યાતમ વિણ જે કિયા, તે તનુમલ [1]તોલે;
મમકારાદિક યોગથી, ઈમ જ્ઞાની બોલે. આતમ૦ ૩૩
હું કર્ત્તા પરભાવનો, એમ જિમ જિમ જાણે;
તિમ તિમ અજ્ઞાની+ પડે, નિજકર્મને ઘાણે. આતમ૦ ૩૪
પુદ્ગલકર્માદિક તણો, કર્ત્તા વ્યવહારે;
કર્ત્તા ચેતન કર્મનો, નિશ્ચય સુવિચારે. આતમ૦ ૩૫
કર્તા શુદ્ધસ્વભાવનો, નય શુદ્ધે કહીએ;
કર્તા પરપરિણામનો, બેઉ ક્રિયા ગ્રહીએ. આતમ૦ ૩૬

શુદ્ધ નય વિચાર

—(*)—

ઢાલ ચોથી

વીરમતી પ્રીતિ કારણી—એ દેશી.

શિષ્ય કહે જો પરભાવનો, અકર્ત્તા કહ્યો પ્રાણી;
દાન-હરણાદિક કિમ ઘટે ?, કહે સદ્ગુરૂ વાણી. ૩૭
શુદ્ધનય અર્થ મનિ ધારીએ-એ આકણી.

× ધ્યાવે. + અજ્ઞાનેં.

૧ સરખાવો :—આશયભેદા હ્યેતે સર્વેઽપિ હિ તત્ત્વતોઽવગંતવ્યાઃ ।
ભાવોઽયમનેન વિના, ચેષ્ટા દ્રવ્યક્રિયા તુચ્છા ॥
—તૃતીય ષોડશક.

ધર્મ નવિ દિએ નવિ સુખ દિએ, પર જંતુને દેતો;
આપ સત્તા રહે આપમાં, એમ હૃદયમાં ચેતો. શુદ્ધ૦ ૩૮
ભોગવશે જે પુદ્ગલ ગ્રહ્યા, નવિ જીવના તેહ;
તેહથી જીવ છે જૂજૂઓ, વલી જૂજૂઓ દેહ શુદ્ધ૦ ૩૯
ભક્તપાનાદિ પુદ્ગલ પ્રતે, ન દિએ છતિ વિના પોતે;
દાનહરણાદિ પર જંતુને, એમ નવિ ઘટે જોતે. શુદ્ધ૦ ૪૦
દાનહરણાદિક અવસરે, શુભ અશુભ સંકલ્પે;
દિએ હરે તૂં નિજ રૂપને, મુખે અન્યાથા જલ્પે. શુદ્ધ૦ ૪૧
અન્યથા વચન અભિમાનથી, કરી કર્મ તૂં બાંધે;
જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે. શુદ્ધ૦ ૪૨
શુભ અશુભ વસ્તુ સંકલ્પથી, ધરે જે નટમાયા;
તે ટલે સહજ સુખ અનુભવે, પ્રભુ આતમરાયા. શુદ્ધ૦ ૪૩
પર તણી આશ વિષવેલડી, ફલે કર્મ બહુભાંતિ;
જ્ઞાનદહને કરી તે દહે, હોએ એક જે જાતિ. શુદ્ધ૦ ૪૪
રાગદ્વેષે રહિત એક જે, દયા શુદ્ધ તે પાલે;
પ્રથમ અંગે એમ ભાષિયું, નિજ શક્તિ અજૂઆલે. શુદ્ધ૦ ૪૫
એકતાજ્ઞાન નિશ્ચયદયા, સુગુરૂ તેહને ભાખે;
જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે. શુદ્ધ૦ ૪૬
જેહ રાખે પર પ્રાણીને, દયા તાસ વ્યવહારે;
નિજ દયા વિણ કહો પર દયા, હોએ કવણ પ્રકારે?[૧] શુદ્ધ૦ ૪૭

૧ સરખાવો :—जइयाऽणेणं चत्तं, अप्पणयं नाणदंसणचरित्तं।
तइया तस्स परेसु, अणुकंपा नत्थि जीवेसु ॥
—શ્રી ઉપદેશમાલા પ્રકરણ ગાથા ૪૩૪.

લોક વિણ જિમ નગરમેદની, જિમ જીવ વિણ કાયા;
ફોક તિમ જ્ઞાન વિણ પરદયા, જિસી નટતણી માયા. શુદ્ધ૦ ૪૮
સર્વઆચારમય પ્રવચને, ભણ્યો અનુભવયોગ;
તેહથી મુનિવમે મોહને, વલી અરતિ–રતિ–શોગ શુદ્ધ૦ ૪૯
સૂત્ર અક્ષર પરાવર્ત્તના, સરસ શેલડી દાખી;
તાસ+ રસ અનુભવ ચાખીએ, જિહાં એક છે શાખી. શુદ્ધ૦ ૫૦
આતમરામ અનુભવ ભજો, તજો પરતણી માયા;
એહ છે સાર જિનવચનનો, વળી એહ શિવછાયા. શુદ્ધ૦ ૫૧

વ્યવહારસિદ્ધિ

—(*)—

ઢાલ પાંચમી

રાગ–કેદારો પ્રભુ ચિત્તધરીને અવધારો મુજ વાત—એ દેશી

એમ નિશ્ચય નય સાંભલીજી, બોલે એક અજાણ
'આદરશું અમે જ્ઞાનનેજી, શું કીજે પચ્ચખાણ?' ૫૨
સોભાગી જિન! સીમંધર! સુણો વાત. એ આંકણી.
ક્રિયા ઉત્થાપી કરીજી, છાંડી તેણે લાજ;
નવિ જાણે તે ઉપજેજી, કારણ વિણ નવિ કાજ. સોભાગી જિન! ૫૩
નિશ્ચયનય× અવલંબતાંજી, નવિ જાણે તસ મર્મ;
છોડે જે વ્યવહારનેજી, લોપે[૧] તે જિન ધર્મ. સોભાગી જિન! ૫૪

+ તેહ. × નિશ્ચયને.

૧ **निच्छयमवलंबंता, णिच्छयओ णिच्छयं अयाणंता ।**
णासंति चरणकरणं, बाहिरकरणालसा केई ॥
—શ્રીમતી ઓઘનિર્યુક્તિ.

નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાલે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર. સોભાગી જિન! ૫૫
તુરંગ ચડી જિમ પામિએજી, વેગે પુરનો પંથ;
માર્ગ તિમ શિવનો લહેજી, વ્યવહારે નિર્ગ્રંથ. સોભાગી જિન! ૫૬
મહેલ ચઢંતાં જિમ નહીંજી, તેહ તુરંગનું કાજ;
સફલ નહીં નિશ્ચય લહેજી, તેમ તનુકિરિયા સાજ. સોભાગી જિન! ૫૭
નિશ્ચય નવિ પામી શકેજી, પાલે નવિ વ્યવહાર;
પુણ્યરહિત જે એહવાજી, તેહને+કવણ આધાર. સોભાગી જિન! ૫૮
હેમ પરીક્ષા જિમ હુએજી, સહત હુતાશન-તાપ;
જ્ઞાનદશા તિમ પરખીએજી, જિહાં બહુ કિરિયાવ્યાપ. સો. જિન! ૫૯
આલંબન વિણ જિમ પડેજી, પામી વિષમી વાટ;
મુગ્ધ પડે ભવકૂપમાંજી, તિમ વિણ કિરિયાઘાટ. સોભાગી જિન! ૬૦
ચરિત ભણી બહુલોકમાંજી, ભરતાદિકનાં જેહ;
લોપે શુભ વ્યવહારનેજી, બોધિ હણે નિજ તેહ. સોભાગી જિન! ૬૧
બહુ ફલ દીસે જીવનાંજી, વ્યવહારે શિવયોગ;
છીંડી તાકે પાધરોજી, છોડી પંથ અયોગ. સોભાગી જિન! ૬૨
આવશ્યકમાંહિ ભાખિએજી, એહિજ અર્થ વિચાર;
ફલસંશય પણ જાણતાંજી, જાણીજે સંસાર.[1] સોભાગી જિન! ૬૩

+ તેહનો.

૧ સરખાવો :-संसयं परिआणओ संसारे परिन्नाए भवति ।
संसयं अपरिआणओ संसारे अपरिन्नाए भवति ॥
—શ્રી આચારાંગ સૂત્ર.

વ્યવહારસિદ્ધિ-(ચાલુ)

—(*)—

ઢાલ છઠ્ઠી

શાસન તાહરૂં અતિ ભલું,-મુનિમનસરોવરે હંસલો અથવા
ઋષભનો વંશ. રયણામરૂ-એ દેશી.

અવર ઇચ્છો નય સાંભલી, એક ગ્રહે વ્યવહારો રે;
મર્મ દ્વિવિધ તસ નવિ લહે, શુદ્ધ અશુદ્ધ વિચારો રે. ૬૪

તુજ વિણ ગતિ નહીં જંતુને, તૂં જગજંતુનો દીવો રે;
જીવીએ તુજ અવલંબને, તૂં સાહિબ ચિરંજીવો રે.
તુજ વિણ ગતિ નહીં જંતુને-આંકણી. ૬૫

[1]જેહ ન આગમ વારીઓ, દીસે અશઠ આચારો રે;
તેહિજ બુધ બહુમાનીઓ, શુદ્ધ કહ્યો વ્યવહારો રે. તુજ૦ ૬૬

જેહમાં નિજમતિ કલ્પના, જેહથી નવિ ભવ પારો રે;
અંધપરંપરા બાંધિઓ, તેહ અશુદ્ધ આચારો રે. તુજ૦ ૬૭

શિથિલવિહારીએ આચર્યાં, આલંબન જે કૂડાં રે;
નિયતવાસાદિક સાધુને, તે નવિ જાણીએ રૂડાં રે. તુજ૦ ૬૮

આજ નવિ× ચરણ છે આકરૂં, સંહનનાદિકદોષે રે;
એમ નિજ અવગુણ બોલવી, કુમતિ કદાગ્રહ પોષે રે. તુજ૦ ૬૯

ઉત્તર ગુણમાંહિ હીણુડા, ગુરુ કાલાદિક પાખે રે;
મૂલગુણે નહી+ હીણુડા, એમ પંચાશક ભાષે રે. તુજ૦ ૭૦

---

૧ જેહને આગમ ન વારિઓ. × અજ ન + નવિ

પરિગ્રહ ગ્રહ–વશ લિંગિયા, લેઇ કુમતિરજ માથે રે;
નિજગુણ પર અવગુણ લવે, ઇંદ્રિયવૃષભ ન નાથે રે. તુજ૦ ૭૧
નાણરહિત હિત પરિહરિ, નિજ દંસણગુણ લૂંસેરે;
મુનિજનના ગુણ સાંભલી, તેહ અનારજ રુસેરે. તુજ૦ ૭૨
અણુસમ દોષ જે પરતણો, મેરુસમાન તે ભોલે રે;
જેહશું પાપની ગોઠડી, તેહશું હિયડલું ખોલે રે. તુજ૦ ૭૩
સૂત્ર વિરુદ્ધ જે આચરે, થાપે અવિધિના ચાલા રે;
તે અતિનિબિડ મિથ્યામતિ, ભોલે ઉપદેશમાલા રે. તુજ૦ ૭૪
પામરજન પણ નવિ કહે, સહસા જૂઠ સશૂકેારે;
જૂઠ કહે મુનિવેષ જે, તે પરમારથ ચૂકેારે.[1] તુજ૦ ૭૫
નિર્દયહૃદય છકાયમાં, જે મુનિવેષે પ્રવર્ત્તે રે;
ગૃહિ–યતિ–ધર્મથી બાહિરા, તે નિર્ધન્યગતિ વર્ત્તેરે. તુજ૦ ૭૬
સાધુભગતિ જિનપૂજના, દાનાદિક શુભ કર્મો રે,
શ્રાવકજન કહ્યો અતિ ભલો, નહિ મુનિવેષ અધર્મો રે તુજ૦ ૭૭
કેવલ લિંગધારી તણો, જે વ્યવહાર અશુદ્ધો રે;
આદરીએ નવિ સર્વથા, જાણી ધર્મવિરુદ્ધો રે. તુજ૦ ૭૮

મોક્ષ—ભવમાર્ગ

—(*)—

ઢાલ સાતમી

(આજે પૂરવ વાર નવાણું એ–દેશી)

જે મુનિવેષ શકે નવિ છંડી, ચરણકરણગુણ હીણાજી;
તે પણ મારગ માંહિ દાખ્યા, મુનિગુણપક્ષે લીણાજી. ૧

---

૧ મૂકેારે

મૃષાવાદ ભવકારણ જાણી, મારગ શુદ્ધ પ્રરૂપેજી;
વંદે નવિ વંદાવે મુનીને, આપ થઈ નિજરૂપેજી. ૭૯

મુનિગુણરાગે પૂરા શૂરા, જે જે જયણા પાલેજી;
તે તેહથી શુભભાવ લહીને, કર્મ આપણાં ટાલેજી. ૮૦

આપ હીનતા જે મુનિ× ભાષે, માન સાંકડે લોકેજી;
એ દુર્દ્ધર વ્રત એહનું દાખ્યું, જે નવિ ફૂલે ફોકેજી. ૮૧

પ્રથમ સાધુ બીજો વરશ્રાવક, ત્રીજો સંવેગપાખીજી;
એ ત્રણ્યે શિવ–મારગ કહીએ, જિહાં છે પ્રવચન સાખીજી. ૮૨

શેષ ત્રણ્ય ભવ–મારગ કહીએ, કુમતિકદાગ્રહ ભરિયાજી;
ગૃહિ–યતિલિંગ–કુલિંગે લખીએ, સકલદોષના દરિયાજી.[૨] ૮૧

જે વ્યવહાર મુગતિમારગમાં, ગુણઠાણાને લેખેજી;
અનુક્રમે ગુણશ્રેણિનું+ ચઢવું, તેહિજ જિનવર દેખેજી.
જે પણ દ્રવ્યક્રિયા પ્રતિપાલે, તે પણ સંમુખભાવેજી;
શુકલબીજની ચંદ્રકલા જિમ, પૂર્ણભાવમાં આવેજી. ૮૨

× મુખ

૧ સરખાવો :—आयरतरसंमाणं सुदुक्करं माणसंकडे लोए ।
संविग्गपक्खियत्तं ओसन्नेणं फुडं काउं ॥
ઉપદેશમાલા ગાથા ૫૨૪

૨ सावज्जजोगपरिवज्जणाउ सव्वोत्तमो अ जइधम्मो ।
बीओ सावयधम्मो, तइयो संविग्गपक्खो य ॥
सेसा मिच्छादिट्ठी, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं ।
जह तिण्णि य मोक्खपहा संसारपहा तहा तिण्णि ॥
શ્રી ઉપદેશમાલા પ્રકરણ ગાથા ૫૧૯–૫૨૦

+ સેઢિનું

તે કારણ લજ્જાદિકથી પણ, શીલ ધરે જે પ્રાણીજી;
ધન્ય તેહ કૃતપુણ્ય કૃતારથ, મહાનિસીથે વાણીજી.[૧]
એ વ્યવહારનયે મન ધારો, નિશ્ચયનયમત દાખ્યું જી;
પ્રથમ અંગમાં વિતિગિચ્છાએ, ભાવચરણ નવિ ભાખ્યું જી. ૮૩

દ્રવ્ય–ભાવસ્તવ

—(*)—

ઢાલ આઠમી

ચોપાઈની દેશી

અવર એક ભાષે 'આચાર, દયા માત્ર શુદ્ધજ વ્યવહાર;'
જે બોલે તેહજ ઉત્થાપે, 'શુદ્ધ કરૂં હું' મુખ ઈમ જપે. ૮૪

જિનપૂજાદિક શુભવ્યાપાર, તે માને આરંભ અપાર;
નવિ જાણે ઉતરતાં નઈ, મુનિને જીવદયા કિહાં ગઈ? ૮૫

જો ઉતરતાં મુનિને નદી, વિધિજોગે નવિ હિંસા વદી;
તો વિધિજોગે જિન–પૂજના, શિવ કારણ મત ભૂલો જના. ૮૬

વિષયારંભતણો જિહાં ત્યાગ, તેહથી લહિએ ભવજલ–તાગ;
જિનપૂજામાં શુભભાવથી, વિષયારંભ તણો ભય નથી. ૮૭

સામાયિકપ્રમુખે શુભભાવ, યદ્યપિ લહિએ ભવજલ નાવ;
તો પણ જિનપૂજાએ* સાર, જિનનો વિનય કહ્યો ઉપચાર. ૮૮

---

૧ धन्ने णं से पुरिसे कयत्थे महाणुभावे जे णं लोग-लज्जाएवि सीलं पालेइ ॥

—શ્રી મહાનિશીથ સૂત્ર

× મમ. * પૂજામાં.

આરંભાદિક શંકા ધરી, જો જિનરાજ ભક્તિ પરિહરી;
દાન માન વંદન આદેશ, તો તુજ સઘલો પડયો કિલેશ. ૮૯

સ્વરૂપથી દીસે સાવદ્ય, અનુબંધે પૂજા નિરવદ્ય;
જે કારણ જિનગુણ બહુમાન, જે * અવસર વરતે શુભધ્યાન ૯૦

જિનવર પૂજા દેખી કરે, ભવિયણ ભાવે ભવજલ તરે;
છકાયના રક્ષક હોય વલી, એહ ભાવ જાણે કેવલી. ૯૧

જલ તરતાં જલ ઉપર યથા, મુનિને દયા ન હોએ વૃથા;
પુષ્પાદિક ઉપર તિમ જાણ, પુષ્પાદિક પૂજાને ઠાણ ૯૨

તો મુનિને નહીં કિમ પૂજના, એમ તું શું ચિંતે શુભમના ?
રોગીને ઔષધ સમ એહ, નીરોગી છે મુનિવર દેહ. ૯૩

દ્રવ્ય-ભાવસ્તવ (ચાલુ)

—(*)—

ઢાલ-નવમી

પ્રથમ જોવાલતણે ભવેજી—એ દેશી

ભાવસ્તવ મુનિને ભલોજી, બિહું ભેદે ગૃહી ધાર;
ત્રીજે અધ્યયને કહ્યોજી, મહાનિશીથ મઝાર. ૯૪

સુણો જિન ! તુજ વિણ કવણ આધાર ? એ આંકણી.

વલી તિહાં ફલ દાખિયુંજી, દ્રવ્યસ્તવનુંરે સાર;
સ્વર્ગ બારમું ગેહિનેજી, એમ દાનાદિક ચાર. સુણો૦ ૯૫

છઠ્ઠે અંગે દ્રૌપદીજી, જિનપ્રતિમા પૂજેઈ;
સૂરિયાભ પરે ભાવથીજી, એમ જિન વીર કહેઈ. સુણો૦ ૯૬

---

* તે.

નારદ આવ્યે નવિ થઈજી, ઉભી તેહ સુજાણ;
તે કારણે તે શ્રાવિકાજી, ભાષે આલ અજાણ. સુણો૦ ૯૭
જિન પ્રતિમા આગલ કહ્યોજી, શક્રસ્તવ તેણિ નારિ;
જાણે કુણ વિણ શ્રાવિકાજી, એહવિધ હૃદય-વિચારિ. સુણો૦ ૯૮
પૂજે જિનપ્રતિમા પ્રતેજી, સૂરિયાભ સુરરાય;
વાંચી પુસ્તક રત્નનાંજી, લેઈ ધરમ વ્યવસાય. સુણો૦ ૯૯
રાયપસેણી સૂત્રમાંજી, મ્હોટો એહ પ્રબંધ;
એહ વચન અણુમાનતાંજી, કરે કરમનો બંધ. સુણો૦ ૧૦૦
વિજયદેવ વક્તવ્યતાજી, જીવાભિગમે રે એમ;
જો થિતિ છે એ સુરતણીજી, તો જિનગુણથુતિ કેમ? સુણો૦ ૧૦૧
સિદ્ધારથરાયે કર્યાજી, યાગ અનેક પ્રકાર;
કલ્પસૂત્રે ઈમ ભાષિયુંજી, તે જિનપૂજા સાર. સુણો૦ ૧૦૨
શ્રમણોપાસક તે કહ્યોજી, પહિલા અંગ મોઝાર;
યાગ અનેરા નવિ કરેજી, તે જાણો નિરધાર. સુણો૦ ૧૦૩
ઈમ અનેક સૂત્રે ભણ્યુંજી, જિનપૂજા ગૃહિ-કૃત્ય;
જે નવિ માને તે સહીજી, કરસ્યે બહુભવ નૃત્ય. સુણો૦ ૧૦૪

શ્રી જિનપૂજામાં નિર્જરા

—(*)—

ઢાલ દશમી

જં સુરસંધા સા સુરસંધા, અથવા એણે પુર કંબલ
કોઈ ન લેસી–એ દેશી.

અવર કહે પૂજાદિકઠામે, પુણ્યબંધ છે શુભ પરિણામે;
ધર્મ ઈહાં કોઈ નવિ દીસે, જિમ વ્રતપરિણામે ચિત હીસે. ૧૦૫

નિશ્ચયધર્મ ન તેણે જાણ્યો, જે શૈલેશી અંતે વખાણ્યો;
ધર્મ અધર્મ તણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલતારી. ૧૦૬

તસ સાધન તું જે જે દેખે, નિજ નિજ ગુણઠાણાને લેખે;
તેહ ધરમ વ્યવહારે જાણો, કારજ કારણ એક પ્રમાણો. ૧૦૭

એવંભૂત તણો મત ભાખ્યો, શુદ્ધ દ્રવ્યનય ઈમ વલિ દાખ્યો;
નિજસ્વભાવપરિણતિ તે ધર્મ, જે વિભાવ તે ભાવજ કર્મ. ૧૦૮

ધર્મ શુદ્ધ-ઉપયોગસ્વભાવે, પુણ્ય પાપ શુભ અશુભ વિભાવે;
ધર્મહેતુ વ્યવહારજ ધર્મ, નિજસ્વભાવ પરિણતિનો મર્મ. ૧૦૯

શુભયોગે દ્રવ્યાશ્રવ થાય, નિજપરિણામ ન ધર્મ હણાય;
યાવત્ યોગક્રિયા નહીં થંભી, તાવત્ જીવ છે યોગારંભી. ૧૧૦

મલિનારંભ કરે જે ક્રિયા, અસદ્દારંભ તજી તે તરિયા;
વિષયકષાયાદિકને ત્યાગે, ધર્મમતિ રહિએ શુભમાગે. ૧૧૧

સ્વર્ગહેતુ જો પુણ્ય કહીજે, તો સરાગસંયમ પણ લીજે;
બહુરાગે જે જિનવર પૂજે, તસ મુનિની પરે પાતિક ધ્રૂજે. ૧૧૨

ભાવસ્તવ એહથી× પામીજે, દ્રવ્યસ્તવ એ તેણે કહીજે;
દ્રવ્ય શબ્દ છે કારણ વાચી ભ્રમે * મ ભૂલો કર્મ નિકાચી. ૧૧૩

× નેહથી. * ભરમે.

સાચી ભક્તિ-પ્રભુપ્રેમ

ઢાલ અગીયારમી

—(*)—

(દાન ઉલટ ધરી દીજીએ-એ દેશી)

કુમતિ ઇમિ સકલ દૂરે કરી, ધારીએ ધર્મની રીત રે;
હારીએ નવિ પ્રભુબલથકી, પામીએ જગતમાં જીત રે,
સ્વામી સીમંધર ! તૂં જયો-એ આંકણી. ૧૧૪

ભાવ જાણે સકલ જંતુના, ભવ થકી દાસને રાખ રે;
બોલિયા બોલ જે તે ગણું, સફલ જો છે તુજ સાખ રે. સ્વામી ૧૧૫

એક છે રાગ તુજ ઉપરિ, તેહ મુજ શિવતરૂ-કંદરે;
નવિ ગણું તુજ પરિ અવરને, જો મિલે સુરનરવૃંદ રે. સ્વામી. ૧૧૬

તુજ વિના મેં બહુ દુઃખ લહ્યાં, તુજ મિલ્યે તે કિમ હોય રે?
મેહ વિણ મોર માચે નહીં, મેહ દેખી માચે સોય રે. સ્વામી ૧૧૭

મનથકી મિલન મેં તુજ કિયો, ચરણ તુજ ભેટવા સાંઇરે !
કીજીએ જતન જિન! એ વિના અવર ન વાંછિએ[1] કાંઇરે. સ્વામી. ૧૧૮

તુજ વચન-રાગ-સુખ આગલે, નવિ ગણું સુરનર શર્મ રે;
કોડી જો કપટ કોઈ દાખવે, નવિ તજું તોએ તુજ ધર્મ રે. સ્વામી. ૧૧૯

તું મુજ હૃદયગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ રે;
કુમત માતંગના જૂથથી, તો કિશી પ્રભુ! મુજ બીહરે? સ્વામી. ૧૨૦

કોડી છે દાસ પ્રભુ! તાહરે, માહરે દેવ તું એક રે;
કીજીએ સાર સેવક તણી, એ તુજ ઉચિત વિવેક રે. સ્વામી. ૧૨૧

---

૧ ઇચ્છિએ

ભક્તિભાવે ઈશ્યું ભાખીએ, રાખીએ એહ મનમાંહી રે;
દાસનાં ભવ-દુઃખ વારિએ, તારિએ સેા ગ્રહી બાંહી રે. સ્વામી. ૧૨૨
બાલ જિમ તાત આગલિ કહે, વિનવું હૂ તિમ તુજ રે;
ઉચિત જાણેા તિમ આચરૂં, નવિ રહ્યું તુજ કિસ્યું ગુજ્જ રે. સ્વામી. ૧૨૩
મુજ હૈાજો ચિત્ત-શુભભાવથી, ભવ ભવ તાહરી સેવ રે;
યાચિએ કેાડી યતને કરી, એહ તુજ આગલે દેવ! રે. સ્વામી. ૧૨૪

કલશ

—(*)—

ઈમ સયલ-સુખકર, દુરિત-ભયહર, વિમલ-લક્ષણ-ગુણધરેા;
પ્રભુ અજર અમર નરિંદ-વંદિત, વીનવ્યેા સીમંધરેા.
નિજ-નાદ-તર્જિત-મેઘ-ગર્જિત, ધૈર્ય-નિર્જિત મંદરેા,
શ્રી નયવિજય બુધ ચરણસેવક, જશવિજય બુધ જયકરેા. ૧૨૫

ઈતિ મહેાપાધ્યાય શ્રીમદ્ યશેાવિજયજી
વિરચિત નયવિચાર ગર્ભિત સવાસેા ગાથાનું
શ્રી સીમંધર જિન-વિનતી રૂપ સ્તવન સંપૂર્ણ.

કુમતિ-મદ-ગાલન શ્રી વીરસ્તુતિરૂપ

દોઢસો ગાથાનું હુંડીનું સ્તવન

ઢાલ ૧ લી

—(*)—

એ છિંડી કિહાં રાખી અથવા ભવિકા ! સિદ્ધચક્રપદ વંદો-એ દેશી

પ્રણમી શ્રીગુરૂના પયપંકજ, થુણશ્યું વીરજિણુંદ;
ઠવણનિક્ષેપ પ્રમાણ પંચાંગી, પરખી લહેા આણંદ રે.
જિનજી ! તુજ આણા શિર વહિએ,
તુજ શાસન નય શુદ્ધ પ્રરૂપણ; ગુણથી શિવસુખ લહિએ રે.
જિનજી ! તુજ આણા શિર વહિએ.-એ આંકણી. ૧

શ્રી અનુયેાગદ્વારે ભાખ્યા, ચાર નિક્ષેપા સાર;
ચાર સત્ય દશ સત્યા ભાખ્યા, ઠાણાંગે* નિરધાર રે. જિનજી ! ૨

જાસ ધ્યાન ક્રિયામાંહિ આવે, તેહ સત્ય કરી જાણું;
શ્રી આવશ્યકસૂત્ર પ્રમાણે, વિગતે તેહ વખાણું રે. જિનજી ! ૩

ચેાવીસત્થયમાંહિ નિક્ષેપા, નામ દ્રવ્ય દેાય ભાવું;
કાઉસ્સગ્ગ આલાવે ઠવણા, ભાવ તે સઘલે લ્યાવું રે. જિનજી ! ૪

---

*સરખાવેાઃ-"चउठ्विहे सच्चे पन्नत्ते, तं० नामसच्चे ठवणसच्चे दव्वसच्चे भावसच्चे" "दसविहे सच्चे तन्नत्ते, तंजहा-जणवयसम्मयठवणा नामे रूवे पडुच्चसच्चे य। ववहारभावजोए, दसमे ओवम्मसच्चे य ॥ १ ॥' —શ્રી ઠાણાંગ સૂત્ર

પુસ્તક-લિખિત સકલ જિમ આગમ, તિમ આવશ્યક એહ;
ભગવઈ નંદી સાખે સંમત, તેહમાં નહીં સંદેહ રે. જિનજી! ૫

સૂત્ર આવશ્યક જે ધરધરનું, કહસ્યે તે અજ્ઞાની;
પુસ્તક અર્થ-પરંપર આવ્યું, માને તેહજ જ્ઞાની રે. જિનજી! ૬

બંભીલિપિ શ્રીગણધરદેવે, પ્રણમી ભગવઈ આદે;
જ્ઞાનતણી તે ઠવણા અથવા, દ્રવ્યશ્રુત અવિવાદે રે. જિનજી! ૭

ભેદ અઢારજ[1] બંભીલિપિના, સમવાયાંગે દીઠા;
શુદ્ધ અરથ મરડી ભવ બહુલા, ભમશે કુમતી ધીઠા રે. જિનજી! ૮

બંભીલિપિ જે તેહનો કર્તા, તો લેખક પણ આવે;
ગુરૂઆણા વિણ અરથ કરે જે, તેહનો બોલ ન ભાવે રે.[2] જિનજી! ૯

જિનવાણી પણ દ્રવ્ય-શ્રુત છે, નંદીસૂત્રને લેખે;
જિમ તે તિમ બંભીલિપિ નમિયે, ભાવ તે દ્રવ્ય વિશેષે રે. જિનજી! ૧૦

જિમ અજીવ સંયમનું સાધન, જ્ઞાનાદિકનું તેમ;
શુદ્ધભાવ આરોપે વિધિસ્યું, તેહને સઘલે એમરે. જિનજી! ૧૧

શુદ્ધભાવ જેહનો છે તેહના, ચાર નિક્ષેપા સાચા;
જેહમાં ભાવ અશુદ્ધ છે તેહના, એક કાચે સવિ કાચા રે. જિનજી! ૧૨

દશવૈકાલિકે× દૂષણ દાખ્યું, નારીચિત્રને ઠામે;
તો કિમ જિનપ્રતિમા દેખીને, ગુણ નવિ હોય પરિણામે રે? જિનજી! ૧૩

---

૧. અઢાર જે ૨ કાવે રે

×સરખાવોઃ-"चित्तभित्तिं न णिज्झाए, नारिं वा सुअलंकियं ।
भक्खरंपि व दट्ठूणं दिट्ठिं पडिसमाहरे ॥ १ ॥"
—શ્રી દશ વૈકાલિક સૂત્ર

રુચકદ્વીપે એક ડગલે જાતાં, પડિમા નમિય આણું દે;
આવતાં એક ડગલે નંદીસરે, બીજે ઇહાં જિન વંદે રે. જિનજી ! ૧૪

૧ત્રિછી ગતિ એ ભગવઈ ભાખી, જંઘાચારણ કેરી;
પંડગવન નંદન ઇહાં પડિમા, ઊર્ધ[૨] નમે ઘણેરી રે. જિનજી ! ૧૫

વિદ્યાચારણ તે એક ડગલે, માનુષોત્તરે જાય;
બીજે નંદીસરે જિનપ્રતિમા, પ્રણમી પ્રમુદિત થાય રે. જિનજી ! ૧૬

તિહાંથી પડિમા વંદણ કારણ, એક ડગલે ઇહાં આવે;
ઊર્ધપણે જાતાં બે ડગલાં, આવતાં એક સ્વભાવે રે. જિનજી ! ૧૭

શતક (ઇકિ–) વીશમે નવમ ઉદ્દેશે, પ્રતિમા મુનિવર વંદી;
ઇમ દેખી જે અવલા ભાજે, તસ મતિ કુમતિ ફંદી રે. જિનજી ! ૧૮

આલોઅણનું ઠાણ કહ્યું જે, તેહ પ્રમાદ ગતિ કેરો;
તીર ગતિ જે જાત્ર વિચાલે. રહે તે એહ ઘણેરો રે. જિનજી ! ૧૯

કરી ગોચરી જિમ આલોએ, દશવૈકાલિક સાખે;
તિમ એ ઠામ પ્રમાદ આલોએ, નહીં દોષ ને પાખે રે. જિનજી ! ૨૦

કહે કોઈ એ કહેવા માત્રજ, કોઈ ન ગયો નવિ જાસ્યે;
નહીં તો લવણશિખા માંહિ જાતાં, કિમ આરાધક થાસ્યે રે ? જિનજી ! ૨૧

સત્તર સહસ્ર જોયણ જઈ ઉંચા, ચારણ તીર્છા ચાલે;
સમવાયાંગે પ્રગટ પાઠ એ, સ્યું કુમતિ ! ભ્રમ ઘાલે રે ? જિનજી ! ૨૨

'ચૈત્ય' શબ્દનો જ્ઞાન અરથ તે, કહો કરવો કુણ હેતે ?
જ્ઞાન એક ને ચૈત્ય ઘણાં છે, ભૂલે જડ સંકેતે રે. જિનજી ? ૨૩

૧–તીર્છી. ૨–ઉર્ધ્વ.

રુચકાદિકનાં ચૈત્ય નમ્યાં તે, સાસય પડિમા કહિએ;
જેહ ઈહાંનાં તેહ અશાશ્વત, બિહુંમાં ભેદ ન લહિએ રે. જિનજી ! ૨૪

જે ઉપર સાહિબ ? તુજ કરુણા, શુદ્ધ અરથ તે ભાખે;
તુજ આગમનો શુદ્ધ પરુપક, સુજસ અમિયરસ ચાખે રે.જિનજી!૨૫

ઢાલ ૨

—(*)—

મહાવિદેહક્ષેત્ર સોહામણું—એ દેશી

તુજ આણા મુજ મનિ વસી, જિહાં જિનપ્રતિમા સુવિચાર; લાલ રે,
રાયપસેણી સૂત્રમાં, સૂરિઆભતણો[1] અધિકાર; લાલ રે. તુજ૦ ૧

---

૧ "तएणं तस्स सूरियाभस्स देवस्य पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गयस्स समागस्स इमेयारुवे अज्झत्थिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था—किं मे पुव्वि करणिज्जं ? किं मे पच्छा करणिज्जं ? किं मे पुव्वि सेयं ? किं मे पच्छा सेयं ? किं मे पुव्वि पच्छावि हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ ? तएणं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववण्णगा देवा सूरियाभस्स इमेयारुवं अज्झत्थियं० समुप्पन्नं समभिजाणित्ता जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छंति, सूरियाभं देवं करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलीं कट्टु जएणं विजएणं वद्धावेइ, वद्धावेत्ता एवं वयासी—एवं खलु देवाणुप्पियाणं सूरियाभे विमाणे सिद्धायतणे जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमेत्ताणं अट्ठसयं सन्निखित्ताणं चिट्ठई, सभाए णं सुहमाए णं माणवए चेइयखंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहुईओ जिणसकहाओ

તે સુર અભિનવ ઉપન્યો, પૂછે સામાનિક દેવ; લાલ રે,
'શું મુજ પૂરવ ને પછી, હિતકારી કહો તતખેવ' લાલ રે. તુ૦ ૨

તે કહે 'એહ વિમાનમાં, જિનપડિમા દાઢા જેહ; લાલ રે,
તેહની તુમ્હે પૂજા કરો, પૂરવ પચ્છા હિત એહ.' લાલ રે. તુ૦ ૩

પૂરવ પચ્છા શબ્દથી, નિત્ય કરણી જાણે સોય; લાલ રે,
સમકિતદૃષ્ટિ સદ્દહે, તે દ્રવ્યથકી કિમ હોય? લાલ રે. તુ૦ ૪

દ્રવ્યથકી જે પૂજિયાં, પ્રહરણ કોશાદિ અનેક; લાલ રે,
તેહજ બિહું જુદાં કહ્યાં, એ તો સાચો ભાવ વિવેક. લાલ રે. તુ૦ ૫

ચક્કરયણ જિણનાણની, પૂજા જે ભરતે કીધ; લાલ રે,
જિમ તિહાં તિમ અન્તર ઇહાં, સમકિતદૃષ્ટિ સુપ્રસિદ્ધ. લાલ રે. તુ૦ ૬

પહિલે ભવ પૂરવ કહે, જ્ઞાતા દ્રઢ્ઢર સંબંધ; લાલ રે,
પચ્છા કડુઅ વિષય કહ્યા, વલી મૃગાપુત્ર પ્રબંધ લાલ રે. તુ૦ ૭

આગમેસીભદ્દા કહ્યા, ગઇઠિઇકિલ્લાણા દેવ; લાલ રે,
તસ પૂરવ પચ્છા કહે, ત્રિહું કાલે હિત જિન-સેવ. લાલ રે. તુ૦ ૮

જસ પૂરવ પચ્છા નહીં, મધ્યે પણ તસ સંદેહ; લાલ રે.
ઇમ પહીલે અંગે કહ્યું, સૂધો અર્થ તે એહ. લાલ રે. તુ૦ ૯

સન્નિખિત્તાએ ચિટ્ઠંતિ, તાએ ણું દેવાણુપ્પિયાણું અન્નેસિં ચ બહૂણું વેમાણિયાણું દેવાણું દેવીણું ય અચ્ચણિજ્જાએ જાવ પજ્જુવાસણિજ્જાએ, તુ એયંણું દેવાણુપ્પિયાણું પુવ્વિ કરણિજ્જં એયંણું દેવાણુપ્પિયાણું પચ્છા કરણિજ્જં એયંણું દેવાણુપ્પિયાણું પુવ્વિ પચ્છાવિ હિયાએ સુહાએ ખમાએ નિસ્સેસાએ આણુગામિયત્તાએ ભવિસ્સઈ—ઇતિ રાયપસેણીઉપાંગે.

પરછાપેરચાશબ્દનો, જે ફેર કહે તે દુઠ્ઠ, લાલ રે,
શબ્દતણી રચના ઘણી, અરથ એક છે પુઠ્ઠ. લાલ રે. તુ૦ ૧૦

વાંચી પુસ્તક રત્નનાં, હવે લઈ ધરમ વ્યવસાય; લાલ રે,
સિદ્ધાયતને તે ગયો, જિહાં દેવછંદાનો ઠાય. લાલ રે તુ૦ ૧૧

જિનપ્રતિમા દેખી કરી, કરે શિર પ્રણામ શુભ બીજ; લાલ રે,
પુષ્પ-માલ્ય-ચૂર્ણે કરી, વસ્ત્રાભરણે વલી પૂજ. લાલ રે. તુ૦ ૧૨

ફૂલ પગર આગે કરી, આલેખે મંગલ આઠ; લાલ રે,
ધૂપ દેઈ કાવ્યે સ્તવી, કરે શક્રસ્તવનો પાઠ લાલ રે. તુ૦ ૧૩

જેહના સ્વમુખે જિન કહે, ભવસિદ્ધિ પ્રમુખ છ બોલ; લાલ રે,
તાસ ભગતિ જિનપૂજના, નવિ માને તેહ નિટોલ. લાલ રે. તુ૦ ૧૪

પ્રભુ આગલ નાટક કર્યું, ભગતિ સૂરિયાભે સાર; લાલ રે,
ભગતિતણાં ફલ શુભ કહ્યાં, શ્રી ઉત્તરાધ્યયન મોઝાર, લાલ રે. તુ૦ ૧૫

અંગ ઉપાંગે ઘણે કહી, એમ દેવ દેવીની ભક્તિ; લાલ રે,
આરાધકતા તેણે થઈ, ઇંહાં તામલી ઇંદ્રની યુક્તિ. લાલ રે. તુ૦ ૧૬

ભક્તિ જીતધર્મે કરી, લીએ દાઢા અવર જિન અંગ; લાલ રે,
થૂભ રચે સુર ત્રણ તે, કહે જંબૂપન્નત્તી ચંગ. લાલ રે. તુ૦ ૧૭

શતક દશમે અંગ પાંચમે, ઉદ્દેશે છઠ્ઠે ઇંદ; લાલ રે,
દાઢ તણી આશાતના, ટાલે તે વિનય અમંદ. લાલ રે. તુ૦ ૧૮

સમકિતદૃષ્ટી સુર તણી, આશાતના કરસ્યે જેહ; લાલ રે,
દુર્લભબોધિ તે હશે, ઠાણાંગે ભાખ્યું એહ.+ લાલ રે. તુ૦ ૧૯

+સરખાવોઃ-" पचहिं ठाणेहिं जीवा दुल्लहबोहियत्ताए कम्मं पकरेंति, तंजहा-अरिहंताणं अवण्णं वयमाणे १ अरिहंत-

તેહને જશ બોલ્યે કહ્યું, વલી સુલભબોધિતા થાય; લાલ રે.
તેણે પૂજાદિક તેહનાં, કરણી શિવહેતુ કહાય. લાલ રે તુજ૦ ૨૦

તપ સંયમ તરુસમ કહ્યાં, ફલસમ તે શિવસુરશર્મ; લાલ રે.
સુરકરણી માને નહીં, નવિ જાણ્યો તેણે એ મર્મ. લાલ રે તુજ૦ ૨૧

દશવૈકાલિકે× નર થકી, સુર અધિક વિવેક જણાય; લાલ રે,
દ્રવ્યસ્તવ તો તેણે કર્યાં, માને તસ સુજસ ગવાય. લાલ રે તુજ૦ ૨૨

ઢાલ ૩

—(*)—

ઋષભનો વંશ રયણાયરૂ–એ દેશી.

શાસન તાહરું અતિ ભલું, જગિ નહીં કોઈ તસ સરિખું રે;
તિમ તિમ રાગ ઘણો વધે, જિમ જિમ જુગતિસ્યું પરખું રે. ૧
શાસન તાહરૂં અતિ ભલું–એ આંકણી

શ્રી અરિહંત અને તેહનાં,[૧] ચૈત્ય નમું ન અનેરાં રે,
અંબડ ને તસ શિષ્યનાં. વચન ઉવવાઈ ઘણેરાં રે. શાસન૦ ૨

ણત્તસ્સ ધમ્મસ્સ અવણ્ણં વયમાણે ૨ આયરિયઉવજ્ઝાણાણં અવણ્ણ વયમાણે ૩ ચાઉવ્વણ્ણસ્સ સંઘસ્સ અવણ્ણં વયમાણે ૪ વિવક્કતવબંભચેરાણં દેવાણ અવણ્ણં વયમાણે ૫"–સ્થાનાંગ.

+ "ધમ્મો મુગલમુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।
દેવાવિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ॥ ૧ ॥"
—શ્રી દશવૈકાલિક સૂત્ર.

૧ શ્રી અરિહંતને વલી તેહનાં, અરિહંત ચૈત્ય તે અતિ ભલાં
તેહ નમું ન અનેરાં રે.

'ચૈત્ય'શબ્દ તણો અરથ તે, પ્રતિમા નહિ કોઈ બીજે રે;
જેહ દેખી ગુણ ચેતિએ, તેહજ ચૈત્ય પતીજે રે. શાસન૦ ૩

ઈમજ આલાવે આણંદને, જિનપ્રતિમા નતિ દીસે રે;
સપ્તમ અંગના અર્થથી, તે નમતાં મન હીંસે રે. શાસન૦ ૪

પરતીર્થી સુર તેહની, પ્રતિમાની નતિ વારી રે;
તેણે મુનિ જિન પ્રતિમા તણી, વંદન નીતિ નિરધારી રે. શાસન૦ ૫

પરતીર્થીએ જે પરિગ્રહ્યા, મુનિ તે તો[1] પરતીર્થી રે;
ત્રણ શરણુમાંહિ ચૈત્ય તે; કહે[2] પ્રતિમા શિવઅર્થી રે. શાસન૦ ૬

'[3]દાન કિશું પ્રતિમા પ્રતિ'? એમ કહે જે છલ હેરી રે;
ઉત્તર તાસ સંભવ તણી, શૈલી છે સૂત્ર કેરી રે. શાસન૦ ૭

દશવિધ બહુવિધ જિમ કહ્યું, વૈયાવચ્ચ જહ[4] જોગે રે;
દશમે તે અંગે તથા ઈહાં, જોડીએ નયઉપયોગે રે. શાસન૦ ૮

સાધુને જિનપ્રતિમા તણું, વૈયાવચ્ચ તિહાં બોલ્યું રે;
તેહ અરથથકી કુમતિનું, હિયડું કાંઈ ન ખોલ્યું રે. શાસન૦ ૯

સંઘ તણી જિમ થાપના, વૈયાવચ્ચ જસવાદો રે;
જાણીએ જિન પ્રતિમાતણું, તિમ ઈહાં કવણ વિવાદો રે? શાસન૦ ૧૦

ઈમ સવિ શ્રાવક સાધુને, વંદનનો અધિકારો રે;
સૂત્રે કહ્યો પ્રતિમાતણો, હવે કહું પૂજા–વિચારો રે. શાસન૦ ૧૧

યાગ અનેક કર્યા કહ્યા, શ્રી સિદ્ધારથરાજે રે;
તે જિનપૂજના કલ્પમાં, પશુના યાગ[5] ન છાજે રે. શાસન૦ ૧૨

૧–પણ ૨–લહી ૩–વંદન ૪–જહા ૫–ઘાત

શ્રીજિન પાસને તીરથે, શ્રમણોપાસક તેહો રે;
પ્રથમ અંગે કહ્યો તેહને, શ્રીજિનપૂજનો નેહો રે. શાસન૦ ૧૩

શ્રેણિક મહાબલ પ્રમુખના, ઇમ અધિકાર અનેકો રે;
છઠ્ઠે અંગે વલી દ્રૌપદી, પૂજે પ્રગટ વિવેકો રે શાસન૦ ૧૪

નારદ દેખીને નવિ થઈ, ઉભી તેહ સુજાણ રે;
જાણીએ તેણે તે શ્રાવિકા, અક્ષર એહજ પ્રમાણ રે. શાસન૦ ૧૫

આમ્બિલ અન્તર છઠ્ઠનું, ઉપસર્ગે તપ કીધું રે;
કિમ નવિ કહિએ તે શ્રાવિકા ? ધર્મે કારજ સીધું રે. શાસન૦ ૧૬

રાયકન્યા કહી શ્રાવિકા, ન કહી ઇમ જે ભૂલે રે;
રાજીમતી કહી તેહવી, તિહાં સન્દેહ તે ઝૂલે રે.[૧] શાસન૦ ૧૭

હરિ પરિ કર્મ નિયાણનું, ઇહ ભવે ભોગ ન નાસે રે;
સમકિત લહે પરણ્યાપછી, કહે શું ન વિમાસે રે ? શાસન૦ ૧૮

જિણઘર કેણે કરાવિયું ? તિહાં પ્રતિમા ને પઇઠ્ઠા રે;
તેહની પૂજા તે કુણ કરે ? એમ પરખે તે ગરિઠ્ઠા રે. શાસન૦ ૧૯

વર નવિ માગ્યો પૂજતાં, શક્રસ્તવે શિવ માગે રે;
ભક્તિ સમી સૂરિયાભને, વિરતિ વિશેષથી જાગ રે. શાસન૦ ૨૦

ધર્મ વિનય અરિહન્તનો, ઇમ એ લોગઉવયારો રે;
સંભવે સર્વને જાણિએ, સમકિત શુદ્ધ આચારો રે. શાસન૦ ૨૧

આણન્દનો વિધિ નવિ કહ્યો, રાયપ્રદેશીને પાઠે રે;
સંભવ સર્વ ન માનસ્યે, વીંટાસ્યે તેહ આઠે રે. શાસન૦ ૨૨

૧–તિહાં સંદેહે ઝૂલે રે.

પડિકમણાદિક ક્રમ નહીં, પાઠ સપ્તમ અંગે રે;
પઢમઅણુઓગથી[1] પ્રકરણે, સર્વ કહ્યું વિધિ રંગે રે. શાસન૦ ૨૩
કિહાં એક એક દેશ જ ગ્રહે, કિહાં એક ગ્રહે ને અશેષો રે;
કિહાં એક ક્રમ ઉત્ક્રમ ગ્રહે,[2] એ શ્રુતશૈલી વિશેષો રે. શાસન૦ ૨૪
શાસનની જે પ્રભાવના, તે સમકિતનો આચારો રે;
શ્રીજિનપૂજાએ જે કરે, તે લહે સુજશ ભંડારો રે. શાસન૦ ૨૫

ઢાલ ચોથી

—(*)—

ઝાંઝરીયા મુનિવર ! ધન ધન તુમ અવતાર—એ દેશી.

કોઈ કહે જિન પૂજતાંજી જે ષટ્કાય આરંભ;
તે કિમ શ્રાવક આચરેજી ? સમકિતમાં થિરથંભ
સુખદાયક તોરી આણા મુજ સુપ્રમાણ. ટેક ૧
તેહને કહીએ જતના ભક્તિ, ક્રિયામાં નહિં દોષ;
પડિકમણે મુનિદાન વિહારે, નહીં તો હોય તસ પોષ. સુખ૦ ૨
સાહમીવચ્છલ પક્ખિયપોસહ, ભગવઈ અંગ પ્રસિદ્ધ,
ઘર નિર્વાહ ચરણ લિએ તેહનાં, જ્ઞાતામાંહિં હરિ કીધ. સુખ૦ ૩
કૂણિક રાય ઉદાયન કીધા, વંદનમહ સુવિવેક;
ણહાયાકયબલિકમ્મા કહિયા, તુંગીયશ્રાદ્ધ અનેક. સુખ૦ ૪
સમકિત સંવરની તે ક્રિયા, તિમ જિનપૂજા ઉદાર;
હિંસા હોય તો અરથદંડમાં, કહે નહી ? તેહ વિચાર. સુખ૦ ૫

૧-પડિક્કમણું ઓઘથી ૨-કહે.

નાગ–ભૂત–જક્ષાદિક હેતે, પૂજા હિંસા રે ઉત્ત;
સૂગડાંગમાં નવિ જિનહેતે, બોલે[1] જે હોએ જુત્ત. સુખ૦ ૬

જિહાં હિંસા તિહાં નહી જિન-આણા, તો કિમ સાધુ વિહાર?
કર્મબન્ધ નહી જયણા ભાવે, એ છે શુભવ્યવહાર. સુખ૦ ૭

પ્રથમ બન્ધ ને પછી નિર્જરા, કૂપતણો રે દિઠ્ઠંત;
કહિ કોઈ જોડે બધુ ભાખે, ભાવ તે શુચિજલ તંત. સુખ૦ ૮

ઉપાદાનવશ બન્ધન કહિયું, તસ હિંસા શિર ઉપચાર,
પુષ્પાદિક[2] આરમ્ભતણો ઇમ, હોય ભાવે પરિહાર[×] સુખ૦ ૯

જલ તરતાં જલ ઉપર મુનિને, જિમ કરૂણનોરે રંગ;
પુષ્પાદિક ઉપર શ્રાવકને, તિમ પૂજામાંહિ ચંગ. સુખ૦ ૧૦

પાત્રદાનથી શુભવિપાક જિમ, લહે સુબાહુકુમાર;
પહિલે ગુણઠાણે ભદ્રક પણ,[3] તિમ જિન પૂજા[4] ઉદાર. સુખ૦ ૧૧

ઉપલક્ષણથી જિમ શીલાદિક, તિમ જિનપૂજા લીધ;
મનુજઆયુ બન્ધે તે સુબાહુ, તેણે સમકિત ન પ્રસિદ્ધ. સુખ૦ ૧૨

મેઘજીવ ગજ શશઅનુકમ્પા, દાન સુબાહુ વિચાર;
પહિલે ગુણઠાણે પણ સુન્દર, તિમ જિનપૂજા પ્રકાર. સુખ૦ ૧૩

દાનદેવપૂજાદિક સઘલાં, દ્રવ્યસ્તવ કહ્યાં જેહ;
અસદારમ્ભી તસ અધિકારી, માંડી રહે જે ગેહ. સુખ૦ ૧૪

× "जं जं समयं जीवो, आविस्सइ जेण जेण भावेण।
सो तंमि तंमि समए, सुहासहं बंधए कम्मं ॥ १॥

१ બોલીએ. ૨ પુષ્પાદિક. ૩ ભદ્રકપણે. ૪ તેમ પૂજાથી.

સદારમ્ભમાં ગુણ જાણીજે, અસદારમ્ભનિવૃત્તિ;
અરમણિકતા[૧] ત્યાગે ભાષી, ઇમિજ[૨] પ્રદેશી પ્રવૃત્તિ. સુખ૦ ૧૫
લિખિત શિલ્પશત ગણિત પ્રકાશ્યાં, ત્રણે[૩] પ્રજાહિત હેત;
પ્રથમ રાય શ્રીઋષભજિણિંદે, તિહાં પણ એ સંકેત. સુખ૦ ૧૬
યતનાએ સૂત્રે કહ્યું મુનિને, આર્યકરમ ઉપદેશ;
પરિણામિક બુદ્ધિ વિસ્તારે, સમજે શ્રાદ્ધ અશેષ. સુખ૦ ૧૭
આર્ય કાર્ય શ્રાવકનાં જે છે, તેહમાં હિંસા દિઠ;[૪]
હેતુ સ્વરૂપ અનુબન્ધ વિચારે, નાશે દેઈ નિજ પિઠ.[૫] સુખ૦ ૧૮
હિંસાહેતુ અયતના ભાવે, જીવ વધે તે સ્વરૂપ;
આણાભંગ મિથ્યામતિ ભાવે, તે અનુબન્ધવિરૂપ. સુખ૦ ૧૯
હેતુસ્વરૂપ ન હિંસા સાચી, સેવી તે અનુબન્ધ;
તો જમાલિપ્રમુખે ફલ પામ્યાં, કડુઆ કરી બહુ ધન્ધ. સુખ૦ ૨૦
સ્વરૂપથી હિંસા ન ટલે છે, સમુદ્રજલે જે સિદ્ધ;
વલી અપવાદપદે જે વરતે, પણ તેણે શિવપ[૬] લીધ. સુખ૦ ૨૧
સાધુવિહાર પરિ અનુબન્ધે, નહી હિંસા જિનભક્તિ;
ઇમ તે માને તેહની વાધે, **સુજસ**[૭] આગમ શક્તિ. સુખ૦ ૨૨

ઢાલ પાંચમી

—(*)—

માહરી સહિરે સમાણી—એ દેશી

સાસયપડિમા અડસય માને, સિદ્ધાયતનવિમાનેરે;
ધન ધન જિન વાણી ટેક
પ્રભુ તેં ભાષી અંગ ઉવંગે,[૮] વરણવશું તિમ રંગેરે. ધન૦ ૧

૧ અરમણીયતા. ૨ એહિજ. ૩ તિણે. ૪ દિઠિ. ૫ પિઠિ.
૬ શિવ ગતિ. ૭ સુખ જસ ૮ છઠ્ઠે અંગે

કંચનમય કરપદ્મતલ[1] સોહે, ભવિજનનાં મન મોહે રે; ધન૦
અંકરતનમય નખ સસનેહા, લોહિતાક્ષમધ્યે રેહા રે. ધન૦ ૨
ગાત્રયષ્ટિ[2] કંચનમય સારી, નાભિ તે કંચન–કયારી રે; ધન૦
રિઠ[3]રતન રોમ રાજિ વિરાજે, ચુચ્ચુક કંચન છાજે રે. ધન૦ ૩
શ્રીવચ્છ તે તપનીય વિશાલા, હોઠ તે લાલ પ્રવાલા રે; ધન૦
દંત ફટિકમય જીહ દયાલુ, વલી તપનીયનું તાલુ રે. ધન૦ ૪
કનક નાશિકા તિહાં સુવિશેષા,[4] લોહિતાક્ષની રેખા રે; ધન૦
લોહિતાક્ષરેખિત સુવિશાલા, નયન અંક રતનાલા રે. ધન૦ ૫
અચ્છિપત્તિ ભમુહાવલી કીકી, રિઠ્ઠરતનમય નીકી રે; ધન૦
શ્રવણ નિલાડવટી ગુણશાલા, કંચન ઝાકઝમાલા રે. ધન૦ ૬
વજ્રરતનમય અતિહિ સોહાણી[5], શીશઘડી સુખમાણી રે; ધન૦
કેશભૂમિ તપનીયનિવેશા, રિઠ્ઠરતનમય કેશા રે. ધન૦ ૭
પૂંઠે છત્ર ધરે પ્રત્યેકે, પ્રતિમા એક વિવેકે રે; ધન૦
દોય પાસે દોય ચામર ઢાલે, લીલાએ જિનને ઉવારે રે. ધન૦ ૮
નાગ ભૂત યક્ષ ને કુંડધારા, આગે દોય ઉદારા રે; ધન૦
તે પડિમા જિનપડિમા આગે, માનું સેવા માગે રે. ધન૦ ૯
ઘંટ કલશ ભૃંગાર[6] આયંસા, થાલ પાઈ સુપઇટ્ઠા રે; ધન૦
મણુગુલિયા વાયકરગ પ્રચંડા, ચિંતા રયણકરંડા રે. ધન૦ ૧૦
હય ગય નર કિન્નર કિંપુરિસા, કંઠ ઉરગ વૃષ સરીસા રે; ધન૦
રયણપુંજ વલી ફૂલ ચંગેરી, માલ્ય ને ચૂર્ણ અનેરી રે. ધન૦ ૧૧

---

૧ કરતલપદ્મ. ૨ યષ્ટિ. ૩ રિષ્ટ. ૪ સવિશેષા. ૫ સુહાણી. ૬ ભિંગાર.

ગંધ વસ્ત્ર આભરણ ચંગેરી, સરસવ પુંજણી કેરી રે; ધન૦
ઈમ પુષ્પાદિક પડલ વખાણ્યાં, આગે સિંહાસન જાણ્યાં રે. ધન૦ ૧૨

છત્ર ને ચામર આગે સમુગ્ગા, તેલ કુષ્ઠભૃત જુગ્ગા રે; ધન૦
ભરિયા પત્ર[૨] ચોયગ સુવિલાસે, તગર એલા શુચિવાસે રે. ધન૦ ૧૩

વલિ હરતાલ[૩]ને મનસિલ અંજન, સવિ સુગંધ મનરંજન રે; ધન૦
ધ્વજા એક શત આઠ એ પૂરાં, સાધન સર્વ સનૂરાં રે. ધન૦ ૧૪

સુર એ પૂજાસાધન સાથે, જિન પૂજે નિજ હાથે રે; ધન૦
સિદ્ધાયતને આપ વિમાને, થૂભાદિક બહુ માને રે. ધન૦ ૧૫

એહ અપૂરવ દરિશણ દીઠું, સુરતરૂ ફલથી મીઠું રે; ધન૦
એ સંસારસમુદ્રે નાવા, તારણતરણસહાવા રે. ધન૦ ૧૬

ઈમ વિસ્મય ભવભવે ગુણરાગે, ઝીલે તેહ અતાગે રે; ધન૦
રાચે માચે ને વલિ નાચે, ધરમધ્યાન મન સાચે રે. ધન૦ ૧૭

થેઈ થેઈ કરતાં દે તે ભમરી, હર્ષે પ્રભુ ગુણ સમરી રે; ધન૦
યોગ નિરાલંબન લય આણી, વશ કરતા શિવરાણી રે. ધન૦ ૧૮

ઈમ નંદીશ્વરપ્રમુખ અનેરાં, શાશ્વતચૈત્ય ભલેરાં રે; ધન૦
તિહાં જિન પૂજી તે અનુમાને,[૪] જનમસફલ નિજ માને રે. ધન૦ ૧૯

કલ્યાણક અઢાઈ વરસી, તિથિ ચઉમાસી સરખી રે;[૫] ધન૦
તેહનિમિત્તે સુર જિન અરચે, નિત્ય ભક્તિપણ[૬] વિરચે રે. ધન૦ ૨૦

ભાવ અક્ષયભાવે જે મલિયો, તે નવિ જાએ ટલિયો રે; ધન૦
ફરિ ત્રાંણુ નવિ હોય નિષેધે, હુઓ હેમરસ વેધે રે. ધન૦ ૨૧

---

૧ પુષ્પાદિક. ૨ પાત્ર. ૩ હરિઆલ. ૪ જિનપૂજે તે અનમાને. ૫ સરિસીરે. ૬ ભક્તિપણે.

એકે જલલવ જલધિ ભલાએ, તો તે અક્ષય થાયે રે; ધન૦
આપભાવ જિનગુણમાંહી આણે, તિમ તે અખયપ્રમાણે રે. ધન૦ ૨૨
અપુણરુત્ત અડસય વડવૃત્તે, ઈમ સુર ભાવે ચિત્તે રે; ધન૦
ઈમ જિન પૂજી જે ગુણ ગાવે, **સુજશ** લીલ તે પાવે રે. ધન૦ ૨૩

ઢાલ છઠ્ઠી

—(*)—

ભોલીડા હંસા રે! વિષય ન રાચિએ–એ દેશી

સમકીત સૂધું રે તેહને જાણીએ, જે માને તુજ આણ;
સૂત્ર તે વાંચે રે યોગ વહી કરી, કરે પંચાંગી પ્રમાણ. સમકીત૦ ૧

ઉદ્દેશાદિક નહીં ચઉનાણનાં, છે સુઅનાણનાં તેહ;
શ્રીઅનુયોગદુવાર થકી લહી, ધરીએ યોગસું નેહ. સમકીત૦ ૨

ઉદ્દેશાદિક ક્રમ વિણ જે ભણે, આશાતે[1] તેહ નાણ;
નાણાવરણી રે બાંધે તેહથી, ભગવઈ અંગ પ્રમાણ. સમકીત૦ ૩

શ્રી નન્દી–અનુયોગદુવારમાં, ઉત્તરાધ્યયને રે યોગ;
કાલગ્રહણનો રે વિધિ સઘલો કહ્યો, ધરિએ તે ઉપયોગ. સમકીત૦ ૪

ઠાણે ત્રીજે રે વલી દશમે કહ્યું, યોગ વહે જેહ સાધ;
આગમેસિભદ્દા તે સંપજે, તરે સંસાર અગાધ. સમકીત૦ ૫

યોગ વહીને રે સાધુ શ્રુત ભણે, શ્રાવક તે ઉપધાન;
તપઉપધાને રે શ્રતપરિગ્રહ કહ્યા, નન્દીએ તેહ નિદાન. સમકીત૦ ૬

ઇરિયાદિકનાં રે ષટ્ ઉપધાન છે, તેણે આવશ્યક શુદ્ધ;
ગૃહી સામાયિક આદિ શ્રુત ભણે, દીક્ષા લેઈ અલુદ્ધ.[2] સમકીત૦ ૭

૧–આશાતના. ૨–અશુદ્ધ.

સૂત્ર ભણ્યા કોઈ શ્રાવક નહિ કહ્યા, લદ્ધઠ્ઠા કહ્યા તેહ;
પ્રથમ જ્ઞાન ને પછી દયા કહી, તિહાં સંજત ગુણ રેહ. સમકીત૦ ૮

નવમે અધ્યયને તે બીજા અંગમાં, ઘરમાંહિ દીવ ન દીઠુ;
વલિય ચઉદ્દમે રે કહ્યું શિક્ષા લહે, ગ્રથ તજે[1] તે ગરિટ્ઠ.×સમકીત૦ ૯

સમમ અંગે રે અપઢિયા સંવરી, દાખ્યા શ્રાદ્ધ અનેક;
નવિ આચારધરાદિક તે કહ્યા, મોટો એહ વિવેક, સમકીત૦ ૧૦

ઉત્તરાધ્યયને રે કોવિદ જે કહ્યો, શ્રાવક પાલિત ચંપ;*
તે પ્રવચન નિર્ગંથ વચન થકી, અરથ વિવેક અકમ્પ. સમકીત૦ ૧૧

સૂત્રે દીધું રે સત્ય તે સાધુને, સુરનરને વલી અત્થ;
સંવરદ્વારે રે બીજે ઈમ કહ્યું, અંગ દશમે સમરત્થ. સમકીત૦ ૧૨

વલિય વિગયપડિબદ્ધને વાચના, શ્રીઠાણાંગે નિષિદ્ધ;
નવિય મનોરથ શ્રુત ભણવાતણો, શ્રાવકને સુપ્રસિદ્ધ. સમકીત૦ ૧૩

વાચન દેતાં રે ગૃહિને[2] સાધુને, પાયચ્છિત્ત ચઉમાસ;
કહ્યું નિથીથે રે તો શું એવડી, કરવી હુંશ નિરાશ? સમકીત૦ ૧૪

૧-ત્યજે. ૨-ગૃહને.

×સરખાવો **गिहे दीवमपासंता, पुरिसादाणिया नरा ।**
ते धीरा बंधणुमुक्का, नावकंखंति जीवियं ॥१॥
गंथं विहाय इह सिक्खमाणो, उट्ठाय सुबंभचेरे वसिज्जा ।
ओवायकारी विणयं तु सिक्खे, जे छेय सेऽविप्पमयं न कुज्जा ॥
—શ્રી સૂયગડાંગ સૂત્ર.

*સરખાવો **' चंपाए पालिए नामे, सावए आसि वाणिए ।**
महावीरस्स भगवओ, सीसो सो उ महप्पणो ॥१॥'
— ઉત્તરાધ્યયન સૂત્ર.

તજિય[૧] અસજ્ઝાઈ ગુરુવાચના, લેઈ યોગ ગુણવંત;
જે અનુયોગ ત્રિવિધ સાચો લહે. કરે તે કર્મનો અન્ત. સમકીત૦ ૧૫
સૂત્ર અરથ પહિલો બીજે કહ્યો, નિજુત્તિએ રે મીસ;
નિરવશેષ ત્રીજે અંગ પંચમે. ઈમ કહે તું જગદીશ.× સમકીત૦ ૧૬
સૂત્ર નિજુત્તિ રે બિહું ભેદે કહે,[૨] ત્રીજું અનુયોગદ્વાર;
કૂડા કપટી રે જે માને નહી, તેહને[૩] કવણ આધાર ? સમકીત૦ ૧૭
બદ્ધ તે સૂત્રે રે અર્થ નિકાચિયા, નિજુત્તિએ અપાર;
ઉપધિમાન ગણુનાધિક કિહાં લહે ? તે વિણ માર્ગ વિચાર. સમકીત૦ ૧૮
જો નિર્યુક્તિ ગઈ કુમતિ કહે, સૂત્ર ગયાં નહિ કેમ ?
જેહ વાચનાએ આવ્યું તે સવે, માનો તો હોએ એમ. સમકીત૦ ૧૯
આંધા આગે રે દરપણ દાખવો, બહિરા આગે રે ગીત;
મૂરખ આગે રે કહેવું યુકિતનું, એ સવિ એકજ રીત. સમકીત૦ ૨૦
મારગ–અરથી પણ જે જીવ[૪] છે, અદ્રક અતીહિ વિનીત;
તેહને એ હિતશિખ સોહામણી,[૫] વલી જે સુનય અધીત. સમકીત૦ ૨૧
પ્રવચનસાખે રે એમ એ[૬] ભાષિયા, વિગતે અરથવિચાર;
તુજ આગમની રે ગ્રહિય પરમ્પરા, લહિએ જગજયકાર. સમકીત૦ ૨૨
ગુણ તુજ સઘલા રે પ્રભુ ! કોણ[૭] ગણી શકે ? આણાગુણલવ એક;
ઈમ મેં થુણતાં રે સમકિત દૃઢ કર્યું, રાખી આગમટેક. સમકીત૦ ૨૩

×સરખાવો **सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्तिमीसिओ होइ ।**
तइओ य निरवसेसो, एस विही होइ अणुओगो ॥१॥
—શ્રી ભગવતી સૂત્ર શતક ૨૫ મું

૧–ત્યજિય. ૨–કહ્યું. ૩–તેહનો. ૪–લોક. ૫–સુહામણી. ૬–મેં. ૭–કુણ.

આણા તાહરી રે જો મેં શિર ધરી, તો શ્યું કુમતિનું જોર?
તિહાં નવિ પસરે[1] રે બલ વિષધરતણું, કિંગારે જિહાં મોર. સમકીત૦ ૨૪

પવિત્ર કરીજે રે જીહા તૂજ ગુણે, શિર ધરીએ તુજ આણ;
દિલથી કહિએ રે પ્રભુ ન વિસારીએ, લહીએ **સુજશ** કલ્યાણ.

સમકીત ૨૫

ઢાલ સાતમી

—(*)—

રાગ ધનાશ્રી[3]

વર્ત્તમાનશાસનનો સ્વામી, ચામીકરસમ દેહોજી,
વીરજિનેશ્વર મેં ઇમ થુણિઓ, મન ધરી ધર્મસનેહોજી;
એહ તવન જે ભણશે ગણશે, તસ ઘર મંગલમાલાજી,
સમકિતભાણ હોશે ઘટ[4] તેહને, પરગટ ઝાકઝમાલાજી. ૧

અરથ એહના છે અતિસૂક્ષમ, તે ધારો ગુરુ પાસેજી,
ગુરુની સેવા કરતાં લહીએ, અનુભવ નિજ[5] અભ્યાસેજી;
જેહ બહુશ્રુત ગુરુ ગીતારથ, આગમના અનુસારીજી,
તેહને પૂછી સંશય ટાલો, એ હિતશીખ છે સારીજી. ૨

ઇંદ્રલપુરમાં[6] રહિય ચોમાસું, ધર્મધ્યાન સુખ પાયાજી,
સંવત સત્તરતેત્રીસા વરસે, વિજયદશમી મન ભાયાજી;
શ્રીવિજયપ્રભસૂરિ સવાયા, વિજયરતન યુવરાયાજી,
તસ રાજે ભવિજનહિત કાજે, ઇમ મેં જિનગુણ ગાયાજી. ૩

૧-પેસે રે. ૨-કહિંએ રે. ૩-કલસ. ૪-ચિત્ત. ૫-નિત.
૬-અમદાવાદનું એક પરું.

શ્રીકલ્યાણવિજય વરવાચક, તપગચ્છગયણદિણિંદાજી;
તાસ શિષ્ય[૧] શ્રીલાભવિજયબુધ, ભવિજનકૈરવચંદાજી;
તાસ શિષ્ય[૧] શ્રીજીતવિજય બુધ, શ્રીનયવિજય મુણિંદાજી,
વાચક **જશવિજયે** તસ શિષ્યે[૧], થુણિયા વીરજિણિંદાજી. ૪

દોસી મૂલાસુત સુવિવેકી, દોસી મેઘા હેતેજી,
એહ તવન મેં કીધું સુંદર, શ્રુત અક્ષર સંકેતેજી;
એ જિનગુણ સુરતરુનો પરિમલ, અનુભવ તો તે લહશ્યેજી,
ભમર પરિ જે અરથી હોઇને, ગુરુઆણા શિર વહશ્યેજી. ૫

ઇતિ શ્રી સમસ્ત પંડિત શિરોમણિ
મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત
કુમતિ–મદગાલન દોઢસો ગાથાનું
શ્રી મહાવીરજિન સ્તુતિ હુંડીનું સ્તવન સંપૂર્ણ.

---

૧ સીસ

સિદ્ધાંત-વિચાર રહસ્ય ગર્ભિત

સાડા ત્રણસો ગાથાનું શ્રી સીમંધર જિન-સ્તવન

ઢાલ પહેલી

—(*)—

એ છીંડી કિહાં રાખી? એ દેશી

શ્રીસીમંધરસાહિબ આગે, વીનતડી એક કીજે;
'મારગ શુદ્ધ મયા કરી મુઝને, મોહનમૂરતિ! દીજે રે.'
જિનજી! વીનતડી અવધારો. એ આંકણી. ૧

ચાલે સૂત્ર વિરુદ્ધાચારે, ભાષે સૂત્ર વિરૂદ્ધ;
એક કહે અમ મારગ રાખું, તે કિમ માનું શુદ્ધ રે? જિનજી! ૨

આલંબન કૂડાં દેખાડી, મુગધ લોકને પાડે;
આણાભંગ તિલક તે કાલું, થાપે આપ નિલાડે રે. જિનજી! ૩

'વિધિ જોતાં કલિયુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ;
જિમ ચાલે તિમ ચલવે જઇયે', એહ ધરે મતિભેદ રે.' જિનજી! ૪

ઇમ ભાષી તે મારગ લોપે, સૂત્રક્રિયા સવિ પીસી;
આચરણા-શુદ્ધિ આચરિયે, જોઈ યોગની વીસી રે. જિનજી! ૫

[1]પંચમ આરે જિમ વિષ મારે, અવિધિ દોષ તિમ લાગે;
ધર્મ ઉપદેશ પદાદિક દેખી, વિધિરસિયો જન જાગે રે. જિનજી ! ૬

કોઈ કહે :જિમ બહુ જન ચાલે, તિમ ચલિયે શી ચર્ચા ?
મારગ મહાજનચાલે ભાખ્યો, તેહમાં લહીયે અર્ચા રે. જિનજી ! ૭

એ પણ બોલ મૃષા મન ધરીયે, બહુજનમત આદરતાં;
છેહ ન આવે બહુલ અનારય, મિથ્યામતમાં ફિરતાં રે. જિનજી ! ૮

થોડા આર્ય અનારયજનથી, જૈન આર્યમાં થોડા;
તેહમાં પણ પરિણતજન થોડા, શ્રમણ અલપ બહુ મુંડા રે. જિનજી ! ૯

ભદ્રબાહૂગુરુ વદનવચન એ, આવશ્યકમાં લહિયે;
આણાશુદ્ધ મહાજન જાણી, તેહની સંગે રહિયે રે. જિનજી ! ૧૦

અજ્ઞાની નવિ હોજે મહાજન, જો પણ ચલવે ટોલું;
ધર્મદાસગણીવચન વિચારી, મન નવિ કીજે ભોલું રે. જિનજી ! ૧૧

અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાયે વિહારી;
અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંતસંસારી રે. જિનજી ! ૧૨

ખણડ ખણડ પણિડત જે હોવે, જે નવિ કહીયે નાણી;
નિશ્રિત સમય લહે તે નાણી, સંમતિની સહિનાણી રે. જિનજી ! ૧૩

---

૧ સરખાવોઃ–**मारेइ विसं भुत्तं, जहा चउत्थारि तह (उ) दुसमंमि।**
तह अविहिदोसजणिओऽधम्मोवि य दुग्गईहेऊ। १॥
—શ્રી ઉપદેશપદ

જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુશિષ્યે પરિવરિઓ;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચયદ્વરીઓ રે.[૧] જિનજી! ૧૪

કોઈ કહે 'લોચાદિક કષ્ટે, મારગ ભિક્ષાવૃત્તિ;'
તે મિથ્યા નવિ મારગ હોવે, જનમનની અનુવૃત્તિ રે. જિનજી! ૧૫
જો કષ્ટે મુનિમારગ પાવે, બલદ થાએ તો સારો;
ભાર વહે જે તાડવે ભમતો, ખમતો ગાઢપ્રહારો રે. જિનજી! ૧૬
લહે પાપઅનુબંધી પાપે, બલહરણી જનભિક્ષા;
પૂરવભવ વ્રતખંડન ફલ એ, પંચવસ્તુની શિક્ષા રે. જિનજી! ૧૭
કોઈ કહે 'અમે લિંગે તરશું, જૈનલિંગ છે બારૂ;'
તે મિથ્યા નવિ ગુણ વિણ તરિયે, ભુજ વિણ ન તરે તારૂ રે. જિનજી! ૧૮

કૂટલિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ;
નિર્બંધસ જાણીને નમતાં, તિમજ કહ્યો તસ પોષ રે. જિનજી! ૧૯
શિષ્ય કહે 'જિમ જિનપ્રતિમાને, જિનવર થાપી નમિયે;
સાધુવેષ થાપી અતિસુંદર, તિમ અસાધુને નમિયે રે.' જિનજી! ૨૦
ભદ્રબાહુગુરૂ બોલે 'પ્રતિમા, ગુણવંતી નહિ દુષ્ટ;
લિંગ માંહે બે વાનાં દીસે, તે તું માન અદુષ્ટ રે.'× જિનજી! ૨૧

---

૧ સરખાવોઃ-**જહ જહ બહુસ્સુઓ સંમઓ અ સીસગણસંપરિવુડો ય।**
અવિણિચ્છિઓ અ સમએ, તહ તહ સિદ્ધંતપડિણીઓ ॥૧॥
—શ્રી ઉપદેશમાલા તથા શ્રી પંચવસ્તુ.

યથા યથા શિષ્ટગણૈઃ સમેતો, બહુશ્રુતઃ સ્યાદ્બહુસંમતશ્ચ ।
સમાધિમાર્ગપ્રતિકૂલવૃત્તિ,-સ્તથા તથા શાસનશત્રુરેષ ॥૨॥
—કર્તામહર્ષિ વિરચિત શ્રી વૈરાગ્ય કલ્પલતા.

×તે તો માને અદુષ્ટ રે.

કોઈ કહે 'જિન આગે માગી, મુક્તિ મારગ અમે લેશું;[૧]
નિરગુણને પણ સાહિબ તારે, તસ ભક્તે[૨] ગહગહિશું રે.' જિનજી! ૨૨

પામી બોધ ન પાલે મૂરખ, માગે બોધ વિચાલે;
લહિયે તેહ કહો કુણ મૂલે? બોલ્યું ઉપદેશમાલે રે. જિનજી! ૨૩

આણા પાલે સાહેબ તૂસે, સકલ આપદા કાપે;
આણાકારી જે જન માગે, તસ જસલીલા આપે રે. જિનજી! ૨૪

ઢાલ બીજી

—(*)—

આદર જીવ ક્ષમાગુણ આદર—એ દેશી અથવા
રાગ આસાઉરી;ઉપશમ આણો–એ દેશી

કોઈ કહે 'અમે ગુરૂથી તરશું, જિમ નાવાથી લોહા રે;'
તે મિથ્યા ન લહે સહવાસે, કાચ પાચની સોહા રે. ૧

શ્રીસીમંધરસાહિબ! સુણજો,[૩] ભરતક્ષેત્રની વાતો રે;
લહું દેવ! કેવલ–રતિ ઇણે યુગે, હું તો તુજ ગુણ રાતો રે; શ્રીસી૦ ૨

કોઈ કહે 'જે ગચ્છથી ન ટલ્યા, તે નિરગુણ પણ સાધો રે;
નાતિમાંહે નિરગુણ પણ ગણીયે,[૪] જસ નહી નાતિ બાધો રે.' શ્રીસી૦૩

ગુણ અવગુણ ઇમ સરિખા કરતો, તે જિનશાશન–વૈરી રે;
નિરગુણ જોય[૫] નિજછન્દે ચાલે, તો ગચ્છ થાએ સ્વૈરી રે. શ્રીસી૦ ૪

---

૧ લહિશું. ૨ ભગતે. ૩ સુણયો. ૪ લહીએ. ૫ જે.

×નિરગુણનો ગુરૂ પક્ષ કરે જે, તસ ગચ્છ ત્યજવો દાખ્યો રે;
તે જિનવરમારગનો ઘાતક, ગચ્છાચારે ભાખ્યો રે. શ્રીસી૦ ૫

વિષમકાલમાં નિરગુણગચ્છે, કારણથી જો વસીયે રે;
દ્રવ્યથકી વ્યવહારે ચલિયે, ભાવે નવિ ઉલ્લસિયે રે. શ્રીસી૦ ૬

જિમ કુવૃષ્ટિથી નગરલોકને, ઘહેલા[૧] દેખી રાજા રે;
મંત્રી સહિત ઘહેલા[૧] હોઇ[૨] બેઠા, પણ મનમાંહે તાજા રે. શ્રીસી૦ ૭

ઇમ ઉપદેશપદે એ ભાખ્યું, તિહાં મારગઅનુસારી રે;
જાણીને ભાવે આદરીયે, કલ્પભાષ્ય નિરધારી રે. શ્રીસી૦ ૮

જ્ઞાનદિકગુણવન્ત પરસ્પર, ઉપગારે આદરવો રે;
પંચવસ્તુમાં ગચ્છ સુગુણને, અવર કહ્યો છે ત્યજવો રે. શ્રીસી૦ ૯

+જે નિરગુણ ગુણરત્નાકરને, આપ સરીખા દાખે રે;
સમકિતસાર રહિત તે જાણો, ધર્મદાસગણી ભાખે રે. શ્રીસી૦૧૦

કોઈ કહે 'જે બકુસકુશીલા, મૂલોત્તરપડિસેવી રે;
ભગવઈઅંગે ભાખ્યા તેથી, અન્ત વાત નવિ લેવી રે.' શ્રીસી૦૧૧

× સરખાવો :—
जहिं नत्थि गुणाण पक्खी, गणी कुसीलो कुसीलपक्खधरो ।
सो य अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥१॥
—શ્રી ગચ્છાચાર પયન્ના

+ સરખાવો :—**गुणहीणो गुणरयणायरेसु जो कुणइ तुल्लमप्पाणं ।**
सुतवस्सिणो य हीलइ, सम्मत्तं कोमलं तस्स ॥१॥
—શ્રી ઉપદેશમાલા.

૧ ગહિલા. ૨ હુઈ.

તે મિથ્યા નિઃકારણ સેવા, ચરણઘાતિની ભાખી રે;
મુનિને તેહને સમ્ભવમાત્રે, સત્તમઠાણું સાખી રે. શ્રીસી૦ ૧૨
પડિસેવાવચને તે જાણો, અતિચારબહુલાઈ રે;
ભાવબહુલતાયે તે ટાલે, પંચવસ્તુ મુનિ ધ્યાઈ રે. શ્રીસી૦ ૧૩
સહસા દોષ લગે તે છૂટે, સંયતને તત્કાલે રે;
પચ્છિત્તે આકુટ્ટિયે કીધું, પ્રથમઅંગની ભાલે રે. શ્રીસી૦ ૧૪
પાયછિત્તાદિક[1] ભાવ ન રાખે, દોષ કરી નિઃશૂકો રે;
નિદ્ધંધસ સેઢીથી હેઠો, તે મારગથી ચૂકો રે. શ્રીસી૦ ૧૫
કોઈ કહે 'જે પાતિક કીધાં, પડિકમતાં છૂટીજે રે;'
તે મિથ્યા ફલ પડિકમણાનું, અપુણકરણથી લીજે રે. શ્રીસી૦ ૧૬
મિથ્યાદુક્કડ દેઈ પાતિક, તે ભાવે જે સેવે રે;
આવશ્યક સાખે તે પરગટ, માયામોસને સેવે રે. શ્રીસી૦ ૧૭
મૂલપદે પડિકમણું ભાખ્યું, પાપતણું અણુકરવુ રે;
શક્તિ ભાવતણે અભ્યાસે, તે જસ અર્થે વરવું રે. શ્રીસી૦ ૧૮

ઢાળ ત્રીજી

—(*)—

તુંગીયાગિરિ શિખર સોહે અથવા વીર મધુરી વાણિ બોલઈ–એ દેશી.

દેવ! તુજ સિદ્ધાંત મીઠો, એક મને ધરિયે;
દુષ્ટ આલંબન નિહાલી, કહો કિમ તરિયે? દેવ! ૧
દુષ્ટ આલંબન ધરે જે, ભગ્ન–પરિણામી;
તેહ આવશ્યકે ભાખ્યા, ત્યજે મુનિ નામી. દેવ! ૨

૧–પચ્છિત્તાદિક.

નિયતવાસ વિહાર ચેઇયિ, ભક્તિનો ધંધો;
મૂદ્ધ[1] અજ્જાલાભ થાપે, વિગય પડિબંધો. દેવ ! ૩

કહે ઉગ્રવિહારભાગા, સંગમઆયરિએ;
નિયતવાસ ભજે બહુશ્રુત, સુણિએ ગુણદરિએ. દેવ ! ૪

ન જાણે તે બીજુબંધા,–બલ થિવિર તે હોા;
ગોચરીના ભાગ કલ્પી, બહુ રહ્યો જે હોા ! દેવ ! ૫

ચૈત્યપૂજા મુક્તિમારગ, સાધુને કરવી;
જિણે કીધી વયર મુનિવર, ચૈત્યવાસ ઠવી. દેવ ! ૬

તીર્થઉન્નતિ અન્યશાસન, મલિનતા ટાણે;
પૂર્વ અવચિત પુષ્પ મહિમા, તેહ નવિ જાણે. દેવ ! ૭

ચૈત્યપૂજા કરત સંયત, દેવભોઈ કહ્યો;
શુભમને[2] પણ માર્ગનાસી, મહાનિશીથે લહ્યો. દેવ ! ૮

પુષ્ટકારણ વિના મુનિ નવિ, દ્રવ્ય અધિકારી;
ચૈત્યપૂજાયેં ન પામેં, ફલ અનધિકારી. દેવ ! ૯

આર્ય[3] અગ્નિઅપુત્ત અજ્જા, લાભથી લાગા;
કહે નિજલાભે અતૃપ્તા, ગોચરી ભાગા. દેવ ! ૧૦

ન જાણે ગતશિષ્ય અવમે,[4] થિવિર બલહીણો;
સુગુણપરિચિતસંયતીકૃત, પિંડવિધિ લીણો. દેવ ! ૧૧

વિગય લેવી નિત્ય સૂજે, લષ્ટ પુષ્ટ ભણે;[5]
અન્યથા કિમ દોષ એહનો, ઉદાયન ન ગણે ? દેવ ! ૧૨

૧–મૂલ. ૨–શુભમતિ. ૩–માર્ગ. ૪–અવસે. ૫–પભણે, ઈમ ભણે.

ઉદાયનરાજર્ષિતનુ નવિ, શીત લુક્ષ સહે;
તેહ વ્રજમાં વિગય સેવે, શું તે ન લહે? દેવ! ૧૩
લોક આલમ્બન ભરીએ, જન અસંયતને;
તેહ જગમાં કાંઈ દેખે,[1] ધરે તેહ મને. દેવ! ૧૪
શિથિલ આલમ્બન ગ્રહે[2] મુનિ મંદ સંવેગી;
સંયતાલંબન સુજસ ગુણ, તીવ્રસંવેગી. દેવ! ૧૫

ઢાલ ચોથી

—(*)—

(પ્રભુપાસનું મુખડું જોવા, ભવભવનાં પાતીક ખોવા–
અથવા જત્તિરી–એ દેશી)

સુણજો સીમન્ધર સ્વામી! વલી એક કહું સિરનામી;
મારગકરતાને પ્રેરે, દુર્જન જે દૂષણ હેરે. ૧
કહે 'નિજ સાખે વ્રત પાલો, પણ ધર્મદેશના ટાલો;
જનમેલ્યાનું શું કામ?, બહુ બોલ્યું નિંદાઠામ'. ૨
ઇમ કહેતાં મારગ ગોપે, ખોટું દૂષણ આરોપે;
જે નિર્ભય મારગ બોલે, તે કહ્યો દ્વીપને તોલે. ૩
અજ્ઞાની ગારવ રસિયા, જે જન છે કુમતે ગ્રસિયા;
તેહનો કુણ ટાલણહાર?, વિણ ધર્મદેશના સાર. ૪
ગીતારથ જયણાવંત, ભવભીરૂ જેહ મહંત;
તસ વયણે લોકે તરિયે, જિમ પ્રવહથી ભરદરીએ. ૫

---

૧ જેહ જગમાં કોઈ દેખે. ૨ ગ્રહે.

બીજા[૧] તો બોલી બોલે,[૨] શું કીજે નિર્ગુણટોલે?
ભાષા કુશીલનો લેખો, જન મહાનિશીથે દેખો. ૬

જનમેલનની નહી ઈહા, મુનિ ભાષે મારગ નીરીહા;
જો બહુજન સુણવા આવે, તો લાભ ધરમનો પાવે. ૭

તેહને જો મારગ ન ભાખે, તો અંતરાય ફલ ચાખે;
મુનિ શક્તિ છતી નવિ ગોપે વારે તેહને શ્રુત કોપે. ૮

નવિ નિંદા મારગ કહેતાં, સમપરિણામે ગહગહતાં;
મુનિ અદ્‌ચરિત મનરંગે, જોઈ લીજે બીજે અંગે. ૯

કોઈ ભાષે 'નવિ સમજાવો, શ્રાવકને ગૂઢા ભાવો;'
તે જુઠ કહ્યા લદ્ધઠ્ઠા, શ્રાવક સૂત્રે ગહિયઠ્ઠા. ૧૦

કહે કોઈ 'નવી સિ જોડી?, શ્રુતમાં નહીં કાંઈ ખોડી;'
તે મિથ્યા ઉદ્‌ધૃત ભાવા, શ્રુતજલધિપ્રવેશે નાવા. ૧૧

પૂરવસૂરિયે કીધી,[૩] તેણે જો નવિ કરવી સિદ્ધિ;
તો સર્વે[૪] કીધી ધર્મ, નવિ કરવો જોયો[૫] મર્મ. ૧૨

પૂરવબુધને બહુમાને, નિજ શક્તિ મારગજ્ઞાને;[૬]
ગુરૂકુલવાસીને જોડી, યુગતિ એહમાં નહીં ખોડી. ૧૩

ઈમ શ્રુતનો નહીં ઉચ્છેદ, એ તો એકદેશનો ભેદ;
એ અર્થ સુણી ઉલ્લાસે, ભવી વરતે શ્રુતઅભ્યાસે. ૧૪

ઈહાં દૂષણ એક કહાય, જે બલને પીડા થાય;
તો પણ એ નવિ છોડીજે, જો સજ્જનને સુખ દીજે. ૧૫

---

૧ બીજો. ૨ બોળે. ૩ જોડિ કીધી. ૪ સપૂરવે. ૫ જોજો. ૬ મારગને જાને.

તે પુણ્યે હોસે તોષ, તેહને પણ ઇમ નહિ દોષ;
ઉજમતાં હિયડે હીસી, જોઈ લીજે પહેલી વીસી. ૧૬
કહે કોઇકિ જુદી રીતે, મુનિ ભિક્ષા ભાંજે ભીતે;
તે જુહું શુભમતિ ઈહે, મુનિ અંતરાયથી બીહે. ૧૭
જે જન છે અતિપરિણામી, વલી જેહ નહિ પરિણામી;
તેહને નિત્યે સમજાવે, ગુરૂ કલ્પવચન મન ભાવે. ૧૮
ખલવયણ ગણે કુણ સૂરા, જે કાઢે પયમાં પૂરા;
તુજ સેવામાં જો રહીયે, તો પ્રભુ જસલીલા લહીયે. ૧૯

ઢાલ પાંચમી

—(*)—

રાગ રામગ્રી–મંત્રી કહે એક રાજસભામાં—અથવા
કહણી કરણી તુજ વિણ સાચો ન દીઠો યોગીરે–એ દેશી

વિષમકાલને જોરે કેઈ ઉદ્યા જડ મલધારી રે;
ગુરૂ ગચ્છ છાંડી મારગ લોપી, કહે અમે ઉગ્રવિહારી રે. ૧
શ્રી જિન! તું આલંબન જગને, તુજ વિણ કવણ આધારો રે;
ભગતલોકને કુમતિજલધિથી, બાંહિગ્રહીને તારો રે. ૨
શ્રી જિન! તું આલંબન જગને–એ આંકણી.

ગીતારથ વિણ ભૂલા ભમતા, કષ્ટ કરે અભિમાને રે;
પ્રાયે ગંઠી લગે નવિ આવ્યા, તે ખૂતા અજ્ઞાને રે. શ્રીજિન! ૩
તેહ 'કહે ગુરૂ ગચ્છ ગીતારથ, પ્રતિબન્ધે શું કીજે રે?
દર્શન–જ્ઞાન–ચરિત આદરિયે, આપે આપ તરીજે રે,' શ્રીજિન! ૪

નવિ જાણે તે પ્રથમ અંગમાં, આદિ ગુરૂકુલવાસો રે;
કહ્યો ન તે વિણ ચરણ વિચારો, પંચાશકનય ખાસો રે. શ્રીજિન! ૫

નિત્યે ગુરૂકુલ વાસે વસવું, ઉત્તરાધ્યયને ભાખ્યું રે;
તેહને અપમાને વલી તેહમાં, પાપશ્રમણપણું દાખ્યું રે. શ્રીજિન! ૬

દસવૈકાલિક ગુરૂશુશ્રૂષા, તસ નિદ્દા ફલ દાખ્યા રે;
આવંતિમાં દ્રહસમ સદ્ગુરૂ, મુનિકુલ મચ્છસમ ભાખ્યા રે. શ્રીજિન! ૭

ગુરૂદૃષ્ટિ અનુસારે રહેતાં, લહે પ્રવાહ પ્રવાહે રે;
એ પણ અર્થ તિહાં મન ધરિયે, બહુગુણ સુગુરૂ પ્રસાદે રે શ્રીજિન! ૮

વિનય વધે ગુરૂ પાસે વસતાં, જે જિનશાસન મૂલો રે;
દર્શન નિર્મલ ઉચિતપ્રવૃત્તિ, શુભરાગે અનુકૂલો રે. શ્રીજિન! ૯

વૈયાવચ્ચે પતિક ત્રુટે, ખંતાદિક ગુણ શકિત રે;
હિતઉપદેશે સુવિહિતસંગે, બ્રહ્મચર્યની ગુપ્તિ રે. શ્રીજિન! ૧૦

મન વાધે મૃદુબુદ્ધિ કેરા, મારગ ભેદ ન હોવે રે;
બહુ ગુણ જાણે એ અધિકારે, ધર્મરયણ જે જોવે રે. શ્રીજિન! ૧૧

×નાણતણો સંભાગી હોવે, થિરમન દર્શનચરિતે રે;
ન ત્યજે ગુરૂ કહે એ બુધ ભાખ્યું, આવશ્યકનિર્યુક્તિ રે. શ્રીજિન! ૧૨

ભોતપ્રતે જિમ બાણે હણુતા,[1] પગ અણફરસી સબરા રે;
ગુરૂ છાંડી આહારતણો ખપ, કરતા તિમ મુનિ નવરા રે. શ્રીજિન! ૧૩

×સરખાવો :—'नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य।
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥१॥'
—શ્રી આવશ્યક નિર્યુક્તિ.

૧ બાણ હણતા.

ગુરૂકુલવાસે જ્ઞાનાદિક ગુણ, વાચ'યમને વાધે રે;
તો આહારતણો પણ દૂષણ, ખપ કરતાં નવિ બાધે રે[1] શ્રીજિન! ૧૪
ધર્મરતન ઉપદેશપદાદિક, જાણી ગુરૂ આદરવો રે;
ગચ્છ કહ્યો તેહનો પરિવારો, તે પણ નિત અનુસરવો રે. શ્રીજિન! ૧૫
સારણવારણ પ્રમુખ લહીને, મુક્તિ[2] મારગ આરાધે રે;
શુભવીરય[3] તિહાં સુવિહિતકિરિયા, દેખાદેખે વાધે રે. શ્રીજિન! ૧૬
+જલધિ તણો સંક્ષોભ અસહતા, જેમ નીકળતા મીનો રે.
ગચ્છસારણાદિક અણુસહતા[4] તિમ મુનિ દુખિયા દીનો રે. શ્રીજિન! ૧૭
કાક નર્મદાતટ જિમ મૂકી, મૃગતૃષ્ણાજલ જાતા રે;
દુઃખ પામ્યા તિમ ગચ્છ તજિને, આપમતી મુનિ થાતા રે. શ્રીજિન! ૧૮
પાલિ વિણા જિમ પાણી ન રહે, જીવ વિના જિમ કાયા રે;
ગીતારથ વિણ તિમ મુનિ ન રહે, જૂઠ કપટની માયા રે. શ્રીજિન! ૧૯
અંધ પ્રતે જિમ નિર્મલ લોચન, મારગમાં લેઈ જાય રે;
તિમ ગીતારથ મૂરખમુનિને, દૃઢ આલંબન થાય રે. શ્રીજિન! ૨૦
સમભાષી ગીતારથનાણી, આગમમાંહે લહિયે રે;
આતમઅરથી શુભમતિ સજ્જન, કહો તે વિણ કિમ રહિયે રે? શ્રી૦ ૨૧
લોચન આલંબન જિનશાસન, ગીતારથ છે મેઢી રે;
તે વિણ મુનિ ચઢતી સંયમની, આરોહે કિમ સેઢી રે? શ્રીજિન! ૨૨

૧–વાધે રે. ૨–મુનિ. ૩–વિરતિ. ૪–અસહંતા.
+સરખાવો—

"जह जलनिहिकल्लोलक्खोभमसहंता य बाहिरं पत्ता।
मीणा अमुणिय मुणिणो, सारणपमुहाइ असहन्ता ॥ १ ॥"

— શ્રીમતી ઓઘનિર્યુક્તિ

ગીતારથને મારગ પૂછી, છાંડીજે ઉન્માદો રે;
પાલે ક્રિયા તે તુજ ભક્તિ,[૧] પામે જગ જશવાદો રે. શ્રીજિન! ૨૩

ઢાલ છઠ્ઠી

—(*)—

સાંભલ રે તું સજની મોરી, રાસુડાની અથવા હિતશિક્ષાછત્રીશીની દેશી

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, દસ વૈકાલિક સાખી રે;
જ્ઞાનવંત તે કારણ ભજિયે, તુજ આણા મન રાખી રે.
સાહિબ! સુણજો રે[૨] ૧

દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ન જાણે, ભાવ પુરૂષ પડિસેવ રે;
નવિ ઉત્સર્ગ લહે અપવાદહ, અગીતારથ નિતમેવ રે સાહિબ! ૨

સચિત અચિત મિશ્ર નવિ જાણે, કલ્પ અકલ્પ વિચાર રે;
યોગ્ય ન જાણે નિજ નિજ ઠામે, દ્રવ્ય યથાસ્થિત સાર રે. સાહિબ! ૩

ખેત્ર ન જાણે તેહ યથાસ્થિત, જનપદ અવવિશેષ રે;
સુભિક્ષ દુર્ભિક્ષ કલ્પ નવિ જાણે, કાલવિચાર અશેષ રે. સાહિબ! ૪

ભાવ હિઠ્ઠ[૩] ગિલાણ ન જાણે, ગાઢ અગાઢહ કલ્પ રે;
અમતો અખમતો[૪] જન ન લહે, વસ્તુ અવસ્તુ અનલ્પ રે. સાહિબ! ૫

જે આકુટ્ટી પ્રમાદે દર્પ, પડિસેવા વલિ કલ્પ રે;
નવિ જાણે તે તાસ યથાસ્થિત, પાયચ્છિત્ત વિકલ્પ રે. સાહિબ! ૬

નયણ રહિત જિમ અનિપુણ દેશે, પંથ નટ્ટ જિમ સત્થ રે;
જાણે હું ઠામે પહુંચાવું, પણ નહિ તેહ સમત્થ રે. સાહિબ! ૭

૧-ભગતે. ૨-સુણયોરે. ૩-દૂઠ. ૪-અણખમતો.

અગીતારથ તિમ જાણે ગરવે, હું ચલવું સવિ ગચ્છ રે;
પણ તસપાસે ગુણગણ ભાસે, હોઈ ગલાગલમચ્છ રે. સાહિબ! ૮

પચ્છિત્તે અતિમાત્ર દિએ જે, અપચ્છિત્તે પચ્છિત્ત રે;
આસાયણ તસ સૂત્રે બોલી, આસાયણ મિચ્છત્ત રે. સાહિબ! ૯

તપસી બહુશ્રુત વિચરંતો, કરી દોષની[1] શ્રેણિ રે;
નવિ જાણે તે કારણ તેહને, કિમ વાધે ગુણશ્રેણિ રે? સાહિબ! ૧૦

માર્ગમાત્ર જાણે જિમ પંથી, અલહી તાસ વિસેસ રે;
લિંગાચારમાત્ર તે[2] જાણે, પામે મૂઢ કિલેશ રે. સાહિબ! ૧૧

ભેદ લહ્યા વિણ નાનાપરિણતિ, મુનિ મનની ગતબોધ રે;
બિણુરાતા બિણુતાતા થાતા, અંતે ઉપાઈ વિરોધ રે. સાહિબ! ૧૨

પત્થરસમ પામર આદરતાં, મણિસમ બુધ જન છોડિ રે;
ભેદ લહ્યા વિણ આગમથિતિનો, તે પામે બહુ બોડિ રે. સાહિબ! ૧૩

જ્ઞાનભગતિ ભાંજિ અણુલહતાં, જ્ઞાનતણો ઉપચાર રે;
આશાસારે મારગ લોપે, ચરણકરણનો સાર રે. સાહિબ! ૧૪

ઉત્કર્ષી તેહને દે શિક્ષા, ઉદાસીન જે સાર રે;
પરૂષવચન તેહને તે બોલે અંગ કહે આચાર રે. સાહિબ! ૧૫

અમસરિખા હો તો તુમ જાણો, નહીં તો સ્યા તુમ બોલ રે?
એમ ભાખી જાત્યાદિક દૂષણ, કાઢે તેહ નિટોલ રે. સાહિબ! ૧૬

પાસત્થાદિક દૂષણ કાઢી, હીલે જ્ઞાની તેહ રે;
યથાછન્દતા વિણ ગુરૂઆણા, નવિ જાણે નિજરેહ રે. સાહિબ! ૧૭

૧–દ્વેષ નથી. ૨–તિમ.

જ્ઞાનીથી તિમ અલગા રહેતા, હંસથકી જિમ કાક રે;
ભેદ વિનયના ભાવન ભાખ્યા, ન લહે તસ પરિપાક રે. સાહિબ! ૧૮

સર્વઉદ્યમે પણ તસ બહુ ફલ, પડે કષ્ટ અન્નાણ રે;
સૂત્ર અભિન્નતણે અનુસારે, ઉપદેશમાલા વાણ રે. સાહિબ! ૧૯

તે તો ઋજુભાવે એકાકી, ચાલે તેહને જુત્ત રે;
વામ્ય કુવાસન જે અકુવાસન, દેશારાધક ઉત્ત રે. સાહિબ! ૨૦

અજ્ઞાની ગુરૂતણે નિયોગે, અથવા શુભપરિણામ રે;
કર્મપયડી શાખે સુદૃષ્ટિ, કહિયે એનો ઠામ રે. સાહિબ! ૨૧

જે તો હઠથી ગુરૂને છાંડી[૨] ભગ્નચરણપરિણામ રે;
સર્વઉદ્યમે પણ તસ નિશ્ચય,[૩] કાંઇ ન આવે ઠામ રે. સાહિબ! ૨૨

આણારૂચિ વિણ ચરણ નિષેધે, પંચાશકે હરિભદ્ર રે;
વ્યવહારે તો[૪] થોડું લેખે, જેહ સક્કારે[૫] સદ્ર રે. સાહિબ! ૨૩

શિષ્ય કહે 'જો ગુરૂ અજ્ઞાની, ભજતાં ગુણનિધિ જાણી રે;
જો સુવાસના[૬] તો કિમ ત્યજતાં, તેને[૭] અવગુણ જાણી રે? સાહિબ! ૨૪

ગુરૂ બોલે 'શુભ વાસન કહિયે, પન્નવણિજ્જસ્વભાવ રે;
તે આયત્તપણે છે આદ્યે',[૮] જસ મન[૯] ભદ્રક ભાવ રે. સાહિબ! ૨૫

સૂધું માની સૂધું થાતા, ચઉભંગી આચાર રે;
ગુરૂ[૧૦] કહણે તેહમાં ફલ જાણી, કહીયે સુજશ અપાર રે. સાહિબ! ૨૬

૧–એ ૨–છાંડે ૩–નિશ્ચે ૪–તે ૫–સહકારે ૬–સુણી વાસના ૭–તેહને ૮–આદે ૯–મતિ ૧૦–ગુણ

ઢાલ સાતમી

—(*)—

રાગ–ધમાલનો રાજગીતાની[૧] અથવા સુરતિ મલિનાની–દેશી

કોઈ કહે 'ગુરૂ ગચ્છ ગીતારથ સારથ શુદ્ધ,
માનું પણ નવિ દીસે જોતાં કોઈ વિશુદ્ધ;[૨]
નિપુણ સહાય વિના કહ્યો સૂત્રે એક વિહાર,
તેહથી એકાકી રહેતાં નહી દોષ લગાર.' ૧

અણદેખંતા આપમાં તે સવિ ગુણનો યોગ,
કિમ જાણે પરમાં વ્રત ગુણનો મૂલ વિયોગ?
છેદ દોષ તાંઈ નવિ કહ્યા પ્રવચને મુનિ દુઃશીલ;
દોષલવે પણ થિરપરિણામી[૩] બકુશકુશીલ. ૨

જ્ઞાનાદિક ગુણ ગુરૂઆદિક માંહે જોય,
સર્વપ્રકારે નિર્ગુણ નવિ આદરવો હોય;
તે છાંડે ગીતારથ જે જાણે વિધિ સર્વ,
ગ્લાનૌષધદૃષ્ટાંતે મૂઢ ધરે મન ગર્વ. ૩

તે કારણ ગીતારથને છે એક[૪] વિહાર,
અગીતારથને સર્વપ્રકારે તે નહિ સાર;
પાપ વરજતો કામ અસજતો[૫] ભાખ્યો જેહ,
ઉત્તરાધ્યયને ગીતારથ એકાકી તેહ. ૪

પાપતણું પરિવર્જન ને વલિ કામ અસંગ,
અજ્ઞાનીને નવિ હુએ તે નવિ જાણે ભંગ;

૧-ભમરગીતાની. ૨-વિબુધ. ૩-પરિણામે. ૪ એકલ. ૫-અસંયત.

અજ્ઞાની શું કરશે શું લહશે શુભ પાપ,
દશવૈકાલિક વયણે પંચાશક આલાપ. ૫

એક વિહારે દેખો આચારે સંવાદ,
બહુ ક્રોધાદિક દૂષણ વલી અજ્ઞાન પ્રમાદ;
વલિય વિશેષે વાર્યો છે અવ્યક્ત વિહાર,
પંખીપોત દૃષ્ટાંતે જાણો પ્રવચનસાર. ૬

એકાકીને સ્ત્રીરિપુશ્વાન તણો ઉપઘાત,
ભિક્ષાની નવી શુદ્ધિ મહાવ્રતનો પણ ઘાત;
એકાકી સ્વચ્છંદપણે નવિ પામે[1] ધર્મ,
નવિ પામે[2] પૃચ્છાદિક વિણ તે પ્રવચન-મર્મ. ૭

[સુમતિ[3] ગુપતિ પણ ન ધરે એકાકી નિઃશંક,
ભાવ પરાવર્તે ધરે આલંબન સપંક;
જૂદા જૂદા થાતા થવિરકલ્પનો ભેદ,
ટોલાએ મન લોકનાં થાએ ધર્મ-ઉચ્છેદ. ૮

ટોલે પણ જો ભોલે અંધપ્રવાહ નિપાત,
આણા વિણ નવિ સંઘ છે અસ્થિતણો સંઘાત;
તો ગીતારથ ઉદ્ધરે જિમ હરિ જલથી વેદ,
અગીતારથ નવિ જાણે તે સવિ વિધિનો ભેદ. ૯

કારણથી એકાકીપણું પણ ભાખ્યું તાસ,
વિષમકાલમાં તો પણ રૂડો ભોલો વાસ;

---

૧ પુણ્ય. ૨-જાણે. ૩-સમિતિ.

પંચકલ્પભાષ્યે ભણ્યું આતમરક્ષણ[1] એમ,
શાલિ[2] એરંડતણે ઈમ ભાંગે[3] લહિયે એમ. ૧૦

એકાકી પાસત્થો સચ્છંદો ગતયોગ,
ઠાણવાસી ઉસન્નો બહુદૂષણ સંયોગ;
ગચ્છવાસી અણુઓગી ગુરૂ–સેવી વલિ હોય,
અનિયતવાસી આઉત્તો બહુગુણ ઈમ જોય. ૧૧

દોષહાનિ ગુણવૃદ્ધિ જયણા ભાષે સુરિ,
તે શુભપરિવારે હુઇ વિઘન ટલે સવિ દૂરિ;
દેવ ફલે જો આંગણે તુઝ કરૂણા સુરવેલિ,
શુભ પરિવારે લહિયે તો સુખ જસ રંગરેલિ. ૧૨

ઢાલ આઠમી

—(*)—

પ્રભુ! ચિત ધરીને અવધારો મુઝ વાત અથવા ઝાંઝરીઆ મુનિવર!

ધનધન–એ દેશી

કોઈ કહે સિદ્ધાન્તમાંજી, ધર્મ અહિંસા રે સાર,
આદરિયે તે એકલીજી, ત્યજિયે બહુ ઉપચાર;
મનમોહન! જિનજી! તુજ વયણે મુજ રંગ. મન૦ ૧

નવિ જાણે તે સર્વ ત્યજીને, એક અહિંસા રંગ;
કેવલ લૌકિક નીતી[4] હોવે, લોકોત્તરપંથ ભંગ. મન૦ ૨

૧–આત્મરક્ષા. ૨–શાલ. ૩–ભાજે. ૪–નીતે.

વનમાં વસતો[૧] બાલતપસ્વી, ગુરુ નિશ્રા વિણ સાધ;
એક અહિંસાયે તે રાચે,[૨] ન લહે મર્મ અગાધ. મન૦ ૩
જીવાદિક જિમ બાલતપસ્વી, અણુજાણંતો મૂઢ;
ગુરુલઘુભાવ તથા અણલહેતો, ગુરુવર્જિત મુનિ ગૂઢ. મન૦ ૪
ભવમોચક પરિણામ સરીખો, તેહનો શુભ ઉદ્દેશ;[૩]
આણારહિતપણે જાણીજે, જોઈ પદ ઉપદેશ. મન૦ ૫
એક વચન ઝાલીને છાંડે, બીજાં લૌકિકનીતિ;
સકલ વચન નિજ ઠામે જોડે, એ લોકોત્તરનીતિ. મન૦ ૬
જિનશાસન છે એકક્રિયામાં, અન્યક્રિયા સમ્બન્ધ;
જિમ ભાષીજે ત્રિવિધ અહિંસા, હેતુ-સ્વરૂપ-અનુબન્ધ. મન૦ ૭
હેતુઅહિંસા જયણારૂપે, જન્તુઅઘાત સ્વરૂપ;
ફલરૂપે જે તેહ પરિણામે,[૪] તે અનુબન્ધસ્વરૂપ. મન૦ ૮
હેતુ સ્વરૂપઅહિંસા આપે, શુભફલ વિણ અનુબન્ધ;
દૃઢઅજ્ઞાન થકી તે આપે, હિંસાનો અનુબન્ધ. મન૦ ૯
નિહ્નવ પ્રમુખ તણી જિમ ક્રિયા, જેહ[૫] અહિંસારૂપ;
સુરદુરગતિ દેઈ તે પાડે, દુત્તર ભવજલકૂપ. મન૦ ૧૦
દુર્બલ નગ્ન માસ ઉપવાસી, જો છે માયાર'ગ;
તો[૬] પણ ગરભ અનન્તા લેશે,[૭] ઓલે બીજું અંગ. મન૦ ૧૧
નિન્દિત આચારે જિનશાસન, જેહને હીલે લોક;
માયા પહિલી તસ અજ્ઞાને, સર્વ અહિંસા ફોક. મન૦ ૧૨

૧-વસતાં. ૨-રાચી. ૩-ઉપદેશ. ૪-પરિણામે. ૫-તેહ. ૬-તે. ૭-લહશે.
સરખાવોઃ- **मासे मासे य जो बालो, कुसग्गेणं तु भुंजए ।**
न सो सुअक्खाय धम्मस्स कलं अग्घइ सोलसिं ॥
—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.

સ્વરૂપથી નિરવદ્ય તથા જે, છે કિરિયા સાવદ્ય;
જ્ઞાનશક્તિથી તેહ અહિંસા, દિએ અનુબન્ધે સદ્ય. મન૦ ૧૩

જિનપૂજા અપવાદપદાદિક, શીલવ્રતાદિક જેમ;
પુણ્ય અનુત્તર મુનિને આપી, દિએ[1] શિવપદ બહુખેમ. મન૦ ૧૪

એહ ભેદ વિણ એક અહિંસા, નવિ હોવે થિર થંભ;
યાવત્ યોગક્રિયા છે તાવત્, બોલ્યો છે આરંભ. મન૦ ૧૫

લાગે પણ લગવે નહિ હિંસા, મુનિ એ માયા વાણી;
શુભ કિરિયા લાગી જે આવે, તેમાં તો નહિ હાણી. મન૦ ૧૬

હિંસા માત્ર વિના જો મુનિને, હોય અહિંસકભાવ;
સૂક્ષ્મએકેંન્દ્રિયનેં હોવે, તો તે શુદ્ધ સ્વભાવ. મન૦ ૧૭

ભાવેં જે અહિંસા માને, તે સવિ જોડે ઠામ;
ઉત્સર્ગે અપવાદે વાણી, જિનની જાણે જામ. મન૦ ૧૮

કોઇ કહે ઉત્સર્ગે આણા, છાંદો[2] છે અપવાદ;
તે મિથ્યા અણુપામે[3] અર્થે, સાધારણ વિધિવાદ મન૦ ૧૯

મુખ્યપણે જિમ ભાવે આણા, તિમ તસ કારણ તેહ;
કાર્ય ઇચ્છતો કારણ ઇચ્છે, એ છે શુભમતિ રેહ. મન૦ ૨૦

કલ્પે વચન કહ્યું અપવાદે, તે આણાનું રે મૂલ;
મિશ્રપક્ષ તો મુનિને ન ઘટે, તેહ નહી અનુકૂલ. મન૦ ૨૧

અપુનર્બંધકથી માંડીને, જાવ ચરમ ગુણઠાણ;
ભાવઅપેક્ષાયે જિન આણા, મારગ ભાખેં જાણ. મન૦ ૨૨

---

૧ દે ૨ છંદો ૩ અણુપામ્યે

એક અહિંસામાં જે આણા, ભાખે પૂરવ સૂરિ;
તે એકાંત મતિ નવિ ગ્રહિયે, તિહાં નયવિધિ છે ભૂરિ. મન૦ ૨૩

આતમભા વહિંસનથી હિંસા, સઘલા એ પાપસ્થાન;
તેહથકી વિપરીત અહિંસા, તાસ વિરહનું ધ્યાન મન૦ ૨૪

તસ ઉપાય જે જે આગમમાં, બહુવિધ છે વ્યવહાર;
તે નિઃશેષ અહિંસા કહિયે, કારણ ફલ ઉપચાર. મન૦ ૨૫

જીવ અજીવ વિષય છે હિંસા, નૈગમનય મત જુત્ત;[૧]
સંગ્રહ વ્યવહારે ષટ્કાયે, પ્રતિજીવે ઋજુસુત્ત. મન૦ ૨૬

આતમરૂપ શબ્દનય તીને, માને એમ અહિંસ;
ઓઘવૃત્તિ જોઈને લહિયે, સુખ જશ લીલ પ્રશંસ. મન૦ ૨૭

ઢાલ નવમી

—(*)—

હમીરાની, ચૈત્રી પૂનમ અનુક્રમે અથવા દેશ મનોહર માલવો-એ દેશી

કોઈકિ સૂત્ર જ આદરે, અર્થ ન માને સાર; જિનજી!
આપમતે અવલું કરે, ભૂલ્યા તેહ ગમાર;
જિનજી! તુઝ વયણે મન રાખીયે. જિનજી! ૧

પ્રતિમા લોપે પાપીઆ, યોગ અને ઉપધાન; જિનજી!
ગુરુનો વાસ ન શિર ધરે, માયાવી અજ્ઞાન. જિનજી! ૨

---

૧ યુગ્ય

આચરણા તેહની નવી,[૧] કેતી કહિયે દેવ! જિનજી!
નિત્ય ત્રૂટે છે સાંધતાં, ગુરુ વિણ તેહની ટેવ. જિનજી! ૩

વૃત્તિપ્રમુખ જોઈ કરી, ભાખે આગમ આપ; જિનજી!
તેહ જ મૂઢા બોલવે, જિમ કુપુત્ર નિજ બાપ. જિનજી! ૪

વૃત્યાદિક અણુમાનતા, સૂત્ર વિરાધે દીન; જિનજી!
સૂત્ર–અરથ–તદુભયથકી, પ્રત્યનીક કહ્યા તીન જિનજી! ૫

અક્ષર અર્થજ એકલો, જો આદરતાં ખેમ; જિનજી!
ભગવઇઅંગે ભાખિયો, ત્રિવિધ અર્થ તો કેમ. જિનજી! ૬

સૂત્ર અરથ પહેલો બીજો, નિજજુત્તીય મીસ; જિનજી!
નિરવશેષ ત્રીજો વલી, ઈમ ભાખે જગદીશ. જિનજી! ૭

છાયા નરચાલે ચલે, રહે થિતી તસ જેમ; જિનજી!
સૂત્ર અરથચાલે ચલે, રહે થિતી તસ તેમ. જિનજી! ૮

અર્થ કહે વિધિ ધારણા, ઉભય સૂત્ર જિમ ઠાણ; જિનજી!
તિમ પ્રમાણ સામાન્યથી, નવિ પ્રમાણ અપ્રમાણ. જિનજી! ૯

અંધ પંગુ જિમ બે મલે,[૧] ચાલે[૨] ઈચ્છિત ઠાણ; જિનજી!
સૂત્ર અરથ તિમ જાણીયે, કલ્પભાષ્યની વાણ. જિનજી! ૧૦

વિધિ–ઉદ્યમ–ભય–વર્ણના, ઉત્સર્ગ–અપવાદ; જિનજી!
તદુભય અર્થે જાણીયે, સૂત્ર ભેદ અવિવાદ. જિનજી! ૧૧

એહ ભેદ જાણ્યા વિના, કંખામોહ લહંત; જિનજી!
ભંગન્તરપ્રમુખે કરી, ભાષ્યું ભગવઇતન્ત. જિનજી! ૧૨

---

૧ તેહવી નથી ૨ મિલી ૩ ચલે

પરિવાસિત વારી કરી, લેપન અશન અશેષ; જિનજી !
કારણથી અતિ[1] આદરયાં, પંચકલ્પ ઉપદેશ. જિનજી ! ૧૩
વર્ષાગમન નિવારિઓ[2] કારણે ભાખ્યું તેહ. જિનજી !
ઠાણાંગે શ્રમણી તણું, અવલમ્બાદિક જેહ. જિનજી ! ૧૪
આધાકર્માદિક નહી, બન્ધ તણો એકન્ત; જિનજી !
સૂયગડે[3] તે કિમ ઘટે, વિણ વૃત્ત્યાદિક તન્ત ? જિનજી ! ૧૫
વિહરમાન ગણધર પિતા, જિનજનકાદિક જેહ; જિનજી !
કેમ વલી આવશ્યક તણો, સૂત્ર માત્ર નહી તેહ. જિનજી ! ૧૬
અર્થ વિના કિમ પામિયે, ભાવ સકલ અનિબદ્ધ ? જિનજી !
ગુરૂમુખ વાણી ધારતાં, હોવે સર્વ સુબદ્ધ. જિનજી ! ૧૭
પુસ્તક અર્થ પરમ્પરા, સઘલી જેહને હાથ; જિનજી !
તે સુવિહિત અણુમાનતાં, કિમ રહસે નિજ આથ ? જિનજી ! ૧૮
સદ્ગુરૂ પાસે શીખતાં, અર્થ માંહિ ન વિરોધ; જિનજી !
હેતુવાદ આગમ પ્રતે, જાણે જેહ સુબોધ. જિનજી ! ૧૯
અર્થે મતભેદાદિકે, જેહ વિરોધ ગણન્ત; જિનજી !
તે સૂત્રે પણ દેખશે, જો જોશે એકન્ત. જિનજી ! ૨૦
સંહરતાં જાણે નહિ, વીર કહે ઈમ કલ્પ; જિનજી !
સંહરતાં પણ નાણનો, પ્રથમ અંગ છે જલ્પ. જિનજી ! ૨૧
ઋષભકૂટ અડજોયણો, જંબૂપન્નત્તિ સાર; જિનજી !
બાર વલી પાઠાન્તરે, મૂલ કહે વિસ્તાર. જિનજી ! ૨૨

---

૧ તે. ૨ નિવારિયું. ૩ સૂયગડાંગે.

સત્તાવન સય મલ્લને, મનનાણી સમવાય, જિનજી!
આઠ સયાં જ્ઞાતા કહે, એ તો અવર ઉપાય. જિનજી! ૨૩
ઉત્તરાધ્યયને સ્થિતિ કહી, અન્તરમુહૂર્ત[૧] જઘન્ય; જિનજી!
વેદનીયની બાર તે, પન્નવણામાં અન્ય. જિનજી! ૨૪
અનુયોગદ્વારે કહ્યા, જઘન્ય નિક્ષેપા ચાર; જિનજી!
જીવાદિક તો નવિ ઘટે, દ્રવ્યભેદઆધાર. જિનજી! ૨૫
ઈમ બહુવચન નયન્તરે, કોઇ[૨] વાચનાભેદ; જિનજી!
ઈમ અર્થે પણ જાણીયે, નવિ ધરીયે મન ખેદ. જિનજી! ૨૬
અર્થકારથી આજના, અધિકા શુભમતિ કુણ?[૩] જિનજી!
તોલે અમિયતણે નહી, આવે કહિયે લુણ? જિનજી! ૨૭
રાજાસરીખું સૂત્ર છે, મંત્રીસરિખો અર્થ; જિનજી!
એહમાં એકે હીલીઓ, હિયે સંસાર અનર્થ. જિનજી! ૨૮
જે સમતોલે આચરે, સૂત્રઅર્થસું પ્રીતિ; જિનજી!
તે તુજ કરુણાયે વરે, સુખજશ નિર્મલનીતિ જિનજી! ૨૯

ઢાલ દશમી

—(*)—

આપ છંદે છબિયા છલાવરે અથવા જીવ–જીવન પ્રભુ કિહાં ગયા રે
અથવા ધોખીડા! તું ધોજે મનનું ધોતીઉ—એ દેશી

જ્ઞાન વિના જે જીવને રે, ક્રિયામાં છે દોષ રે;
કર્મબન્ધ છે તેહથી રે, નહી શમસુખ સન્તોષ રે. ૧

૧–અંતર્મુહુત્ત. ૨–કોઈ. ૩–કુણ.

પ્રભુ! તુઝ વાણી મીઠડી રે, મુઝ મન સહેજ સુહાય રે;
અમીયસમી મન ધારતાં રે, પાપતાપ સવિ જાય રે.
પ્રભુ! તુઝ વાણી મીઠડી રે–એ આંકણી. ૨

લોકપતિ ક્રિયા કરે રે, મનમેલે અન્નાણ રે;
ભવ-ઇચ્છાના જોરથી રે, વિણ શિવસુખ વિન્નાણ રે. પ્રભુ! ૩

કામકુમ્ભસમ ધર્મનું રે, મૂલ કરી[1] ઈમ તુચ્છ રે;
જનરંજન કેવલ લહે રે, ન લહે શિવતરૂગુચ્છ રે. પ્રભુ! ૪

કરૂણા ન કરે હીનની રે, વિણ પણિહાણ સનેહ રે;
દ્વેષ ધરન્તા તેહશું રે, હેઠા આવે તેહ રે. પ્રભુ! ૫

એક કાજમાં નવિ ધરે રે, વિણ પ્રવૃત્તિ થિર ભાવ રે;
જીહાં તિહાં મોહોડું[2] ધાલતાં રે, ધારે ઢોરસ્વભાવ રે. પ્રભુ! ૬

વિના વિઘનજય સાધુને રે, નવિ અવિચ્છિન્ન પ્રયાણ રે;
ક્રિયાથી શિવપુરી હોયે રે[3] કિમ જાણે અન્નાણ રે? પ્રભુ! ૭

શીતતાપ્રમુખ[4] વિઘન છે રે, બાહિર અન્તર વ્યાધિ રે;
મિથ્યાદર્શન એહની રે, માત્રા મૃદુમધ્યાધિ રે. પ્રભુ! ૮

આસનઅશનજયાદિકે રે, ગુરૂયોગે જય તાસ રે;
વિઘનજોર એ નવિ ટલે રે, વિગર જ્ઞાનઅભ્યાસ રે. પ્રભુ! ૯

વિનય અધિકગુણ સાધુનો રે, મધ્યમનો ઉપગાર રે;
સિદ્ધિ વિના હોવે નહિ રે, કૃપા હીનની સાર રે. પ્રભુ! ૧૦

૧–કરે ૨–મુઢું. ૩–હોવે રે. ૪–પ્રમુખ.

વિણ વિનિયોગ ન સમ્ભવે રે, પરને ધર્મે યોગ રે;
તેહ વિના જનમાન્તરે રે, નહિ સંતતિસંયોગ રે. પ્રભુ! ૧૧

ક્રિયામાં ખેદ કરી રે, દૃઢતા મનની નાંહિ રે;
મુખ્યહેતુ તે ધર્મનો,[1] જિમ પાણી કૃષિ માંહિ રે. પ્રભુ! ૧૨

બેઠા પણ જે ઉપજે રે, ક્રિયામાં ઉદ્વેગ રે;
યોગ-દ્વેષથી તે ક્રિયા રે, રાજવેઠ સમ વેગ રે. પ્રભુ! ૧૩

ભ્રમથી જેહ ન સાંભરે રે, કાંઈ અકૃત-કૃત-કાજ રે;
તેહથી શુભક્રિયથકી રે, અર્થવિરોધી[2] અકાજ રે. પ્રભુ! ૧૪

શાન્તવાહિતા વિણ હુએ રે, જે યોગે ઉત્થાન રે;
ત્યાગયોગ છે તેહથી રે, અણછંડાતુ ધ્યાન રે.[3] પ્રભુ! ૧૫

વિચે વિચે બીજા કાજમાં રે, જાએ મન તે બેપ રે;
ઊખણતાં જિમ શાલિનું રે, ફલ નહી તિહાં નિર્લેપ રે. પ્રભુ! ૧૬

એકજ ઠામે રંગથી રે, ક્રિયામાં આસંગ રે;
તેહજ ગુણઠાણે થિતિ રે, તેહથી ફલ નહી ચંગ રે. પ્રભુ! ૧૭

માંડી ક્રિયા અવગણી રે, બીજે ઠામે હર્ષ રે;
ઇષ્ટઅર્થમાં જાણિયે રે, અંગારાનો વર્ષ રે. પ્રભુ! ૧૮

રોગ હોએ સમજણ વિના રે, પીડા ભંગસ્વરૂપ રે;
શુદ્ધક્રિયાઉચ્છેદથી રે, તેહ વન્ધ્યફલરૂપ રે. પ્રભુ! ૧૯

માનહાનિથી દુઃખ દીએ રે, અંગ વિના જિમ ભોગ રે;
શાન્તોદાત્તપણા વિના રે, તિમ ક્રિયાનો યોગ રે. પ્રભુ! ૨૦

૧-ધર્મમાં રે. ૨-અર્થવિરોધ. ૩-અણછંડાનું ધ્યાન રે.

શાન્ત તે કષાય અભાવથી રે, જે ઉદાત્ત ગમ્ભીર રે;
ક્રિયાદોષ લહી ત્યજે રે[1] તે સુખ જશભર ખીર રે. પ્રભુ! ૨૧

ઢાલ અગીયારમી

—(*)—

દૂહા અથવા સુરતી મહીનાની દેશી

એકવીસ ગુણ પરિણમેં, જાસ ચિત્ત નિતમેવ;
ધરમરતનની યોગ્યતા, તાસ કહે તું દેવ! ૧

૧ ખુદ્ર નહિં ૨ વલી રુપનિધિ, ૩ સોમ્મ ૪ જનપ્રિયજ ધન્ય;
૫ ક્રૂર નહીં ૬ ભીરુ વલી, ૭ અસઠ ૮ સાર દક્ષિખન્ન. ૨

૯ લજ્જાલુઓ ૧૦ દયાલુઓ, ૧૧ સોમદિઠ્ઠિ મજ્ઝત્થ;
૧૨ ગુણરાગી ૧૩ સત્કથ ૧૪ સુપક્ષ, ૧૫ દીરઘદરશી અત્થ ૩

૧૬ વિશેષજ્ઞ ૧૭ વૃદ્ધાનુગત, ૧૮ વિનયવંત ૧૯ કૃતજ્ઞાણ;
૨૦ પરહિતકારી ૨૧ લબ્ધલક્ષ, ગુણ એકવીસ પ્રમાણ. ૪

ખુદ્ર નહી તે જેહ મને, અતિગંભીર ઉદાર;
ન કરે જન ઉતાવલો, નિજપરનો ઉપગાર. ૫

શુભસંધયણી રૂપનિધિ, પૂરણઅંગઉપંગ;
તે સમરથ સહજે ધરે,[3] ધર્મપ્રભાવન ચંગ. ૬

પાપકર્મે વરતે નહીં, પ્રકૃતિસૌમ્ય જગમિત્ત;
સેવનીક હોવે સુખે, પરને પ્રશમનિમિત્ત. ૭

૧-ત્યજી લહે રે. ૨-તુમ. ૩-કરે.

જનવિરૂદ્ધ સેવે નહીં, જનપ્રિય ધર્મે[૧] સૂર;
મલિનભાવ મનથી ત્યજી, કરી શકે અક્રૂર ૮

ઈહપરલોક અપાયથી, બીહે ભીરૂ[૨] જેહ;
અપયશથી વલી ધર્મનો, અધિકારી છે તેહ. ૯

અશઠ ન વંચે પર પ્રતે, લહે કીર્ત્તિ વિશ્વાસ;
ભાવસાર ઉદ્યમ કરે, ધર્મઠામ[૩] તે ખાસ. ૧૦

નિજકાર્ય છાંડી કરી, કરે અન્ય ઉપકાર;
સુદક્ષિખન્ન જન સર્વને, ઉપદેય વ્યવહાર. ૧૧

અંગીકૃત ન ત્યજે ત્યજે, લજ્જાલુઓ અકાજ;
ધરે દયાલુ ધર્મની,[૫] દયા મૂલની લાજ. ૧૨

ધર્મમર્મ અવિતથ લહે, સોમદિષ્ટિ[૬] મજ્ઝત્થ;
ગુણસંયોગ કરે સદા, વરજે દોષ અણુત્થ. ૧૩

ગુણરાગી ગુણ સંગ્રહે, દૂસે ન ગુણ અનંત;
ઉવેખે નિર્ગુણ સદા,[૬] બહુમાને ગુણવંત. ૧૪

અશુભકથા કલુષિત મતિ, નાસે રતન વિવેક;
ધર્મર્થી સતૂકથ હુએ, ધર્મનિદાન વિવેક. ૧૫

ધર્મશીલ અનુકૂલ યશ, સદાચાર પરિવાર;
ધર્મસુપક્ષ વિઘન રહિત, કરી શકે તે સાર. ૧૬

માંડે સવિ પરિણામહિત, દીરઘદર્શી કામ;
લહે દોષ ગુણ વસ્તુના, વિશેષજ્ઞ ગુણધામ. ૧૭

૧–તુમ ૨–કરે ૩–ભીરૂક ૪–ધર્મઠાણ ૫–ધર્મને ૬–તથા

વૃદ્ધાનુગત સુસંગતે, હોવે પરિણતબુદ્ધિ;
વિનયવંત નિયમા કરે, જ્ઞાનાદિકની શુદ્ધિ[૧] ૧૮

ગુણ જોડે ગુરૂ આદરે, તત્ત્વબુદ્ધિ કૃતજ્ઞાણ;
પરહિતકારી પર પ્રતે, થાપે માર્ગ સુજાણ. ૧૯

શીખે લખે સુખે સકલ, લબ્ધલક્ષ શુભકાજ;
ઈમ એકવીસ ગુણે વર્યો; લહે ધર્મનું રાજ. ૨૦

પૂરણગુણ ઉત્તમ કહ્યો, મધ્યમ પાદે હીન;
અર્દ્ધહીન જઘન્ય જન, અપર દરિદ્રી દીન. ૨૧

અરજે વરજી પાપને, એહ ધર્મ સામાન્ય;
પ્રભુ તુજ ભક્તિ[૨] જશ લહે, તેહ હોએ[૩] જનમાન્ય. ૨૨

ઢાલ બારમી

—(*)—

ચોપાઈની દેશી

એકવીસ ગુણ જેણે લહ્યા, જે નિજમર્યાદામાં રહ્યા;
તેહ ભાવશ્રાવકતા[૪] લહે, તસ લક્ષણ એ તું પ્રભુ! કહે. ૧

કૃતવ્રતકર્મા શીલાધાર, ગુણવન્તો ને ઋજુવ્યવહાર;
ગુરૂસેવી ને પ્રવચનદક્ષ, શ્રાવક ભાવે એ પ્રત્યક્ષ. ૨

શ્રવણ જાણણા ગ્રહણ ઉદાર, પડિસેવા એ ચાર પ્રકાર;
પ્રથમ ભેદના મન ધારીયે, અર્થ તાસ ઈમ અવતારીયે. ૩

૧-વૃદ્ધિ ૨-ભગતે ૩-તે હોવે ૪-ભાવ શ્રાવકના

બહુમાણે નિસુણે ગીયત્થ, પાસે ભંગાદિક બહુ અત્થ;
જાણુ[1] ગુરૂ પાસે વ્રત ગ્રહે, પાલે ઉપસર્ગાદિક સહે. ૪
સેવે આયતણા ઉદ્દેશ, પરગૃહ તજે અણુબ્ભડ વેસ;
વચનવિકાર ત્યજે શિશુલીલ, મધુર ભણે એ ષટ્ વિધ શીલ. ૫
આયતને સેવે ગુણપોષ, પરગૃહગમને વાધે દોષ;
ઉદ્ભટવેષ ન શોભા લાગ, વચનવિકારે જાગે રાગ. ૬
મોહતણો શિશુલીલા લિંગ, અનર્થદંડ અછે એ ચંગ;
કઠિનવચનનું જલ્પન જેહ, ધર્મિને નહિ સમ્મત તેહ. ૭
ઉદ્યમ કરે સદા સજ્ઝાય, કરણ વિનયમાં સર્વ ઉપાય;
અનભિનિવેશી રૂચિ જિનઆણ, ધરે પંચગુણ એહ પ્રમાણ. ૮
સજ્ઝાયે ધારે વૈરાગ, તપ નિયમાદિક કરણે રાગ;
વિનય પ્રયુંજે ગુણનિધિતણો, જિમ મન વાધે આદર[2] ઘણો. ૯
અનભિનિવેશી અવિતથ ગણે, ગીતારથ ભાવિત જે સુણે;
સદ્દહણાયે સુણવા ચાહ, સમકિતનો મોટો ઉચ્છાહ. ૧૦
અવિતકથન અવંચકક્રિયા, પાતિક[3] પ્રકટન મૈત્રીપ્રિયા;
બોધબીજ[4] સદ્ભાવે સાર, ચાર ભેદ એ ઋજુવવહાર. ૧૧
ગુરૂસેવી[5] ચઉવિહ સેવણા, કારણ સમ્પાદન ભાવના;
સેવે અવસરે ગુરૂને તેહ, ધ્યાનયોગનો ન કરે છેહ. ૧૨
તિહાં પ્રવર્તાવે પર પ્રતે, ગુરૂ ગુણ ભાષે નિજ પર છતે;
સમ્પાદે[6] ઔષધમુખ[7] વલી, ગુરૂભાવે ચાલે અવિચલી. ૧૩

૧–જાણે ૨–આદરવાધે ૩–પાતક ૪–બોધિ ૫–ગુરૂસેવા
૬–સમ્પદાએ ૭–પ્રમુખ

સૂત્ર અર્થ ઉત્સગ્ગવવાય, ભાવેં વ્યવહારેં સોપાય;
નિપુણપણું પામ્યેા છે જેહ. પ્રવચનદક્ષ કહીજે તેહ ૧૪
ઉચિત સૂત્ર ગુરૂ પાસેં ભણે, અર્થ સુતીર્થે તેહનો સુણે;
વિષયવિભાગ વદે અવિવાદ, વલી ઉત્સર્ગ તથા અપવાદ. ૧૫
પક્ષભાવ વિધિમાંહે ધરે, દેશકાલમુખ જિમ અનુસરે;
જાણે ગીતારથ[1] વ્યવહાર, તિમ સવિ પ્રવચનકુશલ ઉદાર. ૧૬
ક્રિયાગત એ ષટ્ વિધ લિંગ, ભાષે તું જિનરાજ અભંગ;
એ વિધિ શ્રાવક જે આચરે, સુખજશલીલા તે આદરે. ૧૭

ઢાલ તેરમી

—(*)—

છઠ્ઠી ભાવના મન ધરેા—એ દેશી

ભાવશ્રાવકનાં ભાવિયે[2] હવે સત્તર ભાગવત તે હેા રે;
નેહેા રે, પ્રભુ તુઝ વચને અવિચલ હેાજે[3] એ. ૧
ઇત્થી ચંચલ ચિત્તથી, જે વાટ નરકની મેાટી રે;
ખેાટી રે, છાંડે એ ગુણ ધુરિ ગણેા એ. ૨
×ઇંદ્રિયચપલતુરંગને, જે રૂંધે જ્ઞાનની રાશે રેં;
પાસેં રે, તે બીજો ગુણ શ્રાવક ધરે એ. ૩

૧-ગીતરથનેા. ૨-ભાવીએ. ૩-હુયેા રે.

× સરખાવેા :—

इंदियचवलतुरंगो, दुग्गइमग्गाणुधाविरे निच्चं ।
भावियभवस्सरूवो, रूंभई सन्नाणदस्सीहिं ॥ १ ॥

—શ્રી ઇંદ્રિયપરાજયશતક.

કલેશતણું કારણ ઘણું, જે અર્થ અસારજ જાણે રે;
આણે રે, તે ત્રીજો ગુણ સંનિધિ એ. ૪

ભવ વિડંબનામય અછે, વલી દુઃખરૂપી દુઃખ હેતો રે;
ચેતો રે, ઈમ ચોથો ગુણ અંગીકરે એ. ૫

ખીણસુખ વિષય વિષોપમા, ઈમ જાણી નવી બહુ ઈહે રે;
બીહે રે, તેહથી પંચમગુણ વર્યો એ. ૬

તીવ્રરંભ ત્યજે સદા, ગુણ છઠ્ઠાનો સંભાગી રે;
રાગી રે, નિરારંભજનનો ઘણું એ. ૭

માને સત્તમગુણ વર્યો, જન પાસસદૃશ ગૃહવાસો રે;
અભ્યાસો રે, મોહ જીતવાનો કરે એ. ૮

અષ્ટમ દંસણ ગુણ ભર્યો, બહુભાંતે કરે ગુરૂભક્તિ રે;
શક્તિ રે, નિજ સદ્દહણાની ફેરવે એ. ૯

લોકસન્ના સવિ પરિહરે, જાણે ગાડરિયો[1] પરવાહો રે;
લાહો રે, ઈમ નવમાગુણનો સંપજે એ. ૧૦

આગમને આગલ કરે, તે વિણ કુણ મારગ સાખી રે;
ભાખી રે, ઈમ ક્રિરિયા દશમા ગુણ થકી એ. ૧૧

આપ અબાધાયેં કરે, દાનાદિક ચાર શક્તિ રે;[2]
વ્યક્તિ રે[3] ઈમ આવે ગુણ ઈગ્યારમો એ. ૧૨

ચિંતામણિ સરિખો લહી, નવિ મુગ્ધ હસ્યો પણ લાજે રે;
ગાજે રે, નિજ[4] ધર્મે એ ગુણ બારમો એ. ૧૩

---

૧ ગડરિઓ. ૨ શકતે રે. ૩ વ્યકતે રે. ૪ જિન.

ધનભવનાદિકભાવમાં, જે નવિ રાગી નવિ દ્વેષી રે;
સમપેષી રે, તે વિલસે ગુણ તેરમે એ. ૧૪

રાગદ્વેષમધ્યસ્થનો, સમગુણ ચઉદમે ન બાધ રે;
સાધે રે, તે હઠ છાંડી મારગ ભલો એ. ૧૫

ક્ષણભંગુરતા ભાવતો, ગુણ પન્નરમે સેવંતો રે;
સંતો રે, ન ધનાદિ સંગતિ કરે એ. ૧૬

ભવવિરતિ[1] સેવે મને, ભોગાદિક પર અનુરોધે રે;
બોધેરે, ઈમ ઉલ્લસે ગુણ સોલમે[2] એ. ૧૭

આજ કાલ એ છાંડિશું, ઈમ વેશ્યા પરેં નિસનેહો રે;
ગેહો રે, પર માને ગુણ સત્તરમેં એ. ૧૮

એ ગુણવૃંદે જે ભર્યા, તે શ્રાવક કહિયે ભાવે રે;
પાવે રે, સુજસપૂર તુઝ ભક્તિથી એ. ૧૯

ઢાલ ચઉદમી

—(*)—

તે ભાવસાધુપણું લહે, જે ભાવશ્રાવક સાર;
તેહનાં લક્ષણ સાત છે, સવિ જાણે હો તું ગુણભંડાર;
સાહિબજી! સાચિ તાહરી વાણી. ૧

ક્રિયા મારગ અનુસારિણી ૧, શ્રદ્ધા પ્રવર અવિવાદ ૨;
ઋજુભાવે પન્નવણિજ્જતા ૩, ક્રિયામાં હો નિત્યે અપ્રમાદ ૪. સા૦ ૨

---

૧ ભવવિરતિ. ૨ સોલઓએ.

નિજ શક્તિ–સારૂ કાજનો, આરંભ પ ગુણઅનુરાગ ૬
આરાધના ગુરૂઆણની ૭, જેહથી લહિયે હો ભવજલતાગ. સા૦ ૩

માર્ગ તે સમયની થિતિ તથા, સંવિજ્ઞબહુની નીતિ;
એ દોઈ અનુસારે કિયા, જે પાલે હો તે ન લહે ભીતિ. સા૦ ૪

સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદું જ બહુગુણ જાણ;
સંવિજ્ઞવિબુધે આચર્યું, કાંઈ દીસે હો કાલાદિપ્રમાણ. સા૦ ૫

કલ્પનું ધરવું ઝોલિકા, ભાજને દવરકદાન;
તિથિ પજૂસણની પાલટી, ભોજનવિધિ હો ઇત્યાદિ પ્રમાણ. સા૦ ૬

વવહાર પાંચે ભાખિયા, અનુક્રમે જેહ પ્રધાન;
આજ તો તેહમાં જીત છે, તે ત્યજિયે હો કિમ વિગર નિદાન? સા૦ ૭

શ્રાવક મમત્વ અશુદ્ધ વલી, ઉપકરણ વસતિ આહાર;
સુખશીલ જન જે આચરે, નવિ ધરિયે હો તે ચિત્ત લગાર. સા૦ ૮

વિધિસેવના–અવિતૃપ્તિ–શુભ, દેશના–ખલિતવિશુદ્ધિ;
શ્રદ્ધા ધર્મ ઇચ્છા ઘણી, ચઉભેદે હો ઇમ જાણે સુબુદ્ધિ; સા૦ ૯

દૃઢરાગ છે શુભભોજ્યમાં, જિમ સેવતાંયે વિરૂદ્ધ;
આપદામાંહે રસ જાણને, તિમ મુનિને હો ચરણે તે શુદ્ધ. સા૦૧૦

જિમ તૃપ્તિ જગ પામે નહી, ધનહીન લેતો રત્ન;
તપ-વિનય-વૈયાવચ્ચ પ્રમુખ તિમ, કરતો હો મુનિવર બહુયત્ન સા૦૧૧

ગુરૂની અનુજ્ઞા લેઈને, જાણતો પાત્ર કુપાત્ર;
તિમ દેશના શુદ્ધી[૧] દિએ, જિમ દીપે હો નિજ સંયમગાત્ર. સા૦૧૨

૧ સૂધી.

જે કદાચિત લાગે વ્રતે, .અતિચારપંકકલંક;
આલોયણ તે શોધતાં, મુનિ ધરે હો શ્રદ્ધા નિઃશંક. સા૦૧૩
શ્રદ્ધા થકી જે સર્વ[1] લહે, ગંભીર આગમ ભાવ;
ગુરૂવચને પન્નવણિજ્જ તે, આરાધક હો હોવે સરલસ્વભાવ. સા૦૧૪
ષટ્કાય ઘાત પ્રમત્તને, પડિલેહણાદિક યોગ;
જાણી પ્રમાદી નવિ હુએ, ક્રિયામાં હો મુનિ શુભસંયોગ. સા૦૧૫
જિમ ગુરૂ[2] આર્યમહાગિરિ, તિમ ઉજમે બલવંત;
બલ અવિષય નવિ ઉજમેં, શિવભૂતિ હો જિમ ગુરૂ હીલંત. સા૦૧૬
ગુણવંતની સંગતિ કરે, ચિત્ત ધરત ગુણ-અનુરાગ;
ગુણલેશ પણ પરનો થુણે, નિજ દેખે હો અવગુણ વડભાગ. સા૦૧૭
ગુરૂચરણસેવા રત્ત હોઈ, આરાધતો ગુરૂઆણ,
આચાર સર્વના[3] મૂલ ગુરૂ, તે જાણે હો ચતુર સુજાણ. સા૦૧૮
એ સાત ગુણ લક્ષણ વર્યો, જે ભાવસાધુ ઉદાર;
તે વરે સુખજશસમ્પદા, તુજચરણે હો જસ ભક્તિ અપાર. સા૦૧૯

ઢાલ પન્નરમી

—(*)—

આજ મારે એકાદશી રે નણદલ! મૌન કરી મુખ રહિયે-
અથવા-ધન તે સૂરિવરા રે જે મૂકી મોહજંજાલે—એ દેશી

ધન[4] તે મુનિવરા રે, જે ચાલે સમભાવેં,
ભવસાયર લીલાએ ઉતરે, સંયમક્રિયાનાવેં. ધન૦ ૧
ભોગપંક ત્યજી ઉપર બેઠા, પંકજ પરેં જે ન્યારા;
સિંહપરે[5] નિજવિક્રમ-શૂરા, ત્રિભુવનજન આધારા. ધન૦ ૨

---

૧ સવિ. ૨ સુગુરૂ. ૩ સવિનું. ૪ ધન્ય. ૫ સીહ

જ્ઞાનવન્ત જ્ઞાનીશું મિળતાં, તનમનવચને સાચા;
દ્રવ્ય ભાવ સૂધા જે ભાખે, સાચી જિનની વાચા. ધન૦ ૩

મૂલ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, તજતા[1] ભિક્ષાદોષો;
પગ પગ વ્રતદૂષણ પરિહરતા, કરતાં સંયમપોષો. ધન૦ ૪

મોહ પ્રતેં હણતાં નિત્ય આગમ, ભણતાં સદ્ગુરુ પાસે;
દ્રવ્યમઠાલેં પણ ગુણવન્તા, વરતે શુભઅભ્યાસેં. ધન૦ ૫

છઠ્ઠું ગુણઠાણું ભવઅડવી, ઉલ્લંઘણ જેણે લહિઉં;
તસ સોભાગ સકલ મુખ એકે, કિમ કરિ જાએ કહિઉં ? ધન૦ ૬

ગુણઠાણાની પરિણતિ જેહની, ન છિપે ભવજંજાલે;
રહે શેલડી ઢાંકી રાખી, કેતો કાલ પરાલેં ? ધન૦ ૭

તેહવા ગુણ ધરવા અણધીરા, જો[2] પણ સૂધું ભાખી;
જિનશાસન શોભાવે તે પણ, સુધા સંવેગપાખી. ધન૦ ૮

સદ્દહણા અનુમોદન કારણ, ગુણથી સંયમક્રિયા;
વ્યવહારેં રહિયા તે ફરસે, જે નિશ્ચયનયદરિયા ધન૦ ૯

દુઃકરકારથકી પણ અધિકા, જ્ઞાનગુણે ઈમ તેહો;[3]
ધર્મદાસગણિવચને લહિયે, જેહને પ્રવચનનેહો. ધન૦ ૧૦

સુવિહિત ગચ્છ ક્રિયાનો ધોરી, શ્રીહરિભદ્ર કહાય;
એહ ભાવ ધરતો તે કારણ, મુઝ મન તેહ સુહાય ધન૦ ૧૧

સંયમઠાણ વિચારી જોતાં, જો ન લહે નિજસાખેં;
તો જૂઠું બોલીને દુરમતિ, શું સાધે ગુણ પાખે. ધન૦ ૧૨

---

૧ ત્યજતાં ૨ જે ૩ એહો

નવિ માયા ધર્મે[૧] નવિ કહેવું,[૧] પરજનની અનુવૃત્તિ;
ધર્મવચન આગમમાં કહિયે, કપટ રહિત મનવૃત્તિ. ધન૦ ૧૩

સંયમ વિણ સંયતતા થાપે, પાપશ્રમણ તે ભાખ્યો;
ઉત્તરાધ્યયને સ્મરલસ્વભાવે, શુદ્ધપ્રરૂપક દાખ્યો. ધન૦ ૧૪

એક બાલ પણ. ક્રિયાનયે તે, જ્ઞાનનયે નવિ બાલા;
સેવા યોગ્ય સુસંયતને તે, બોલે ઉપદેશમાલા ધન૦ ૧૫

ક્રિયાનયે પણ એક બાલ તે, જે લિંગી મુનિરાગી;
જ્ઞાનયોગમાં જસ મન વરતે, તે ક્રિયા સોભાગી. ધન૦ ૧૬

બાલાદિક અનુકૂલ ક્રિયાથી, આપે ઇચ્છાયોગી;
અધ્યાતમમુખ યોગ અભ્યાસે, કિમ નવિ કહિયે યોગી? ધન૦ ૧૭

ઉચિતક્રિયા નિજશક્તિ[૨] છાંડી, જે અતિવેગે ચઢતો;
તે ભવથિતિપરિપાક થયા વિણ, જગમાં દીસે પડતો. ધન૦ ૧૮

માયે મોટાઈમાં જે મુનિ, ચલવે ડાકડમાલા;
શુદ્ધપ્રરૂપક[૩] ગુણ વિણ ન ઘટે, તસ ભવઅરહટમાલા. ધન૦ ૧૯

નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન૦ ૨૦

યોગગ્રંથના ભાવ ન જાણે, જાણે તો[૪] ન પ્રકાશે;
ફોકટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાસે. ધન૦ ૨૧

મેલે વેશે મહીયલ મ્હાલે, બક પરે નીચો ચાલે;
જ્ઞાન વિના જગ ધંધે ઘાલે, તે કિમ મારગ ચાલે? ધન૦ ૨૨

---

૧ કહવું ૨ નિજ શક્તે ૩ શુદ્ધ પ્રરૂપણ ૪ જાણંતો

પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને;
બન્ધમોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે. ધન૦ ૨૩
કિરિયા લવ પણ જે જ્ઞાનીનો, દૃષ્ટિ થિરાદિક લાગે;
તેહથી સુજશ વહીજે સાહિબ, સીમંધર! તુજ રાગે. ધન૦ ૨૪

ઢાલ સોળમી

—(*)—

સફલ સંસાર અવતાર હું એ ગણું—એ દેશી

સ્વામી સીમંધરા! તું ભલે ધ્યાઈએ,
આપણો આતમા જિમ પ્રગટ પાઈયે;
દ્રવ્યગુણપજજવા તુજ યથા નિર્મલા,
તિમ મુજ શક્તિથી જઈ વિ, ભવ[1] આમલા. ૧
ચાર છે ચેતનાની દશા અવિતથા,
બહુશયન-શયન-જાગરણ-ચોથી તથા;
મિચ્છ-અવિરત-સુયત-તેરમેં તેહની,
આદિ ગુણઠાણે નયચક્ર માંહે મુણી[2] ૨
ભાવસંયોગજા કર્મઉદયાગતા,
કર્મ નવિ જીવ નવિ મૂલ તે નવિ છતા;
ખડીયથી ભિત્તિમાં[3] જિમ હોએ પ્રવેતતા;
ભિત્તિ નવિ ખડીય નવિ તેહ ભ્રમસંગતા. ૩

---

૧ ભવિ ૨ સુણી ૩ ભીંતિમાં

દેહ નવિ વચન નવિ જીવ નવિ ચિત્ત છે,
કર્મ નવિ રાગ નવિ દ્વેષ નવિ ચિત્ત છે;
પુદ્ગલી ભાવ પુદ્ગલપણું પરિણમેં,
દ્રવ્ય નવિ જૂઉ[1] જૂઉ એક હોવે કિમે? ૪

પંથીજન લૂંટતાં ચોરને જિમ ભણે,
વાટ કો લૂંટીઈ તિમજ[2] મૂઢો ગિણે;
એકક્ષેત્રે મિલ્યા આણુતણી દેખતો,
વિકૃતિ એ જીવની પ્રકૃતિ ઊવેખતો. ૫

દેહકર્માદિ સવિ કાજ પુદ્ગલતણાં,
જીવનાં તેહ વ્યવહાર માને ઘણાં;
સયલગુણઠાણુ જિમઠાણુસંયોગથી,
શુદ્ધપરિણામ વિણ જીવકારય નથી. ૬

નાણુ-દંસણુ-ચરણ શુદ્ધપરિણામ જે,
તન્ત જોતાં ન છે જીવથી ભિન્ન તે;
રત્ન જિમ જ્યોતિથી કાજકારણપણે,
રહિત ઈમ એકતા સહજ નાણી મુણે. ૭

અંશ પણ નવિ ઘટે પૂરણદ્રવ્યના,
દ્રવ્ય પણ કિમ કહું દ્રવ્યના ગુણ વિના?
અકલ ને અલખ ઈમ જીવ અતિતન્તથી,[3]
પ્રથમઅંગે વધું અપદને પદ નથી. ૮

---

૧ જૂજૂઓ ૨ તિમ ૩ અતિતિતથી

શુદ્ધતા ધ્યાન ઇમ નિશ્ચયેં આપનું,
તુઝ સમાપત્તિ ઔષધ સકલ પાપનું;
દ્રવ્ય અનુયોગ સંમતિ પ્રમુખથી લહી,
ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન ધરિયે સહી. ૯

જેહ અહંકાર—મમકારનું બંધનં,
શુદ્ધનય તે દહે દહન જિમ ઇંધનં;
શુદ્ધનય દીપિકા મુક્તિમારગ ભણી,
શુદ્ધ નય આથિ છે સાધુંને આપણી. ૧૦

સકલ ગણિપિટકનું સાર જેણે લહ્યું,
તેહને પણ પરમસાર એહ જ કહ્યું;
ઓઘનિર્યુક્તિમાં એહ વિણ નવિ મિટે,
દુઃખ સવિ વચન એ પ્રથમ અંગે ઘટે. ૧૧

શુદ્ધનયધ્યાન તેહને સદ્દા પરિણમે,
જેહને શુદ્ધવ્યવહાર હિયડે રમે.
મલિનવસ્ત્રે યથા રાગ કુંકુમતણો,
હીનવ્યવહાર ચિત્ત એહથી નવિ ગુણો. ૧૨

જેહ વ્યવહારસેઢી પ્રથમ છાંડતાં,
એક એ આદરે આપમત માંડતાં;
તાસ ઊતાવલે નવિ ટલે આપદા,
ક્ષુધિત ઇચ્છાયેં ઉંબર ન પાચે કદા. ૧૩

ભાવભવ જેહ વ્યવહાર ગુણથી ભલે,
શુદ્ધનયભાવના તેહથી નવિ ચલે;

શુદ્ધવ્યવહાર ગુરૂયોગ પરિણતપણું,
તેહ વિણ શુદ્ધનયમાં નહિ તે ગણું.[૧] ૧૪
કેઈ નવિ ભેદ જાણે અપરિણતમતિ,
શુદ્ધનય અતિહિ ગંભીર છે તે વતી;
ભેદલવ જાણતાં કેઈ મારગ ત્યજે,
હોય અતિપરિણતિ પરસમય સ્થિતિ ભજે. ૧૫
તેહ કારણ થકી સર્વ નય નવિ કહ્યા,
કાલિકશ્રુત માંહે તીન પ્રાયે લહ્યા;
દેખી આવશ્યકે શુદ્ધનય ધુરિ ભણી,
જાણિયે ઊલટી રીતિ ઔટિકતણી. ૧૬
શુદ્ધવ્યવહાર છે ગચ્છકિરિયા થિતિ,
દુષ્પસહ જાવ તીરથ કહ્યું છે નીતિ;
તેહ સંવિજ્ઞગીતાર્થથી સંભવે,
અવર એરંડ સમ કોણ[૨] જગ લેખવે. ૧૭
શાસ્ત્રઅનુસાર જે નવિ હઠે તજિયે,
નીતિ તપગચ્છની તે ભલી જાણિયે;
જીત દાખે જિહાં સમય-સારૂ બુધા,
નામ ને ઠામ કુમતે[૩] નહી જસ મુધા, ૧૮
નામ નિર્ગ્રંથ છે પ્રથમ એહનું કહ્યું,
પ્રથમ અડપાટ લગે ગુરૂગુણે સંગ્રહ્યું;
મંત્ર કોટી જપી નવમપાટે યદા,[૪]
તેહ કારણ થયું નામ કોટિક તદા. ૧૯
પનરમે પાટે શ્રીચન્દ્રસૂરિ કર્યું,[૫]
ચંદ્રગચ્છ નામ નિર્મલપણે વિસ્તર્યું;

---

૧ ઘણું. ૨ કુણ. ૩ કુમત તે. ૪ યથા. ૫ કહ્યું.

સોલમે પાટ વનવાસ નિર્મમમતિ,
નામ વનવાસી સામંતભદ્રો યતિ. ૨૦
પાટ છત્રીસમે સર્વદેવાભિધા,
સૂર વડગચ્છ તિહાં નામ શ્રવણે સુધા;
વડતલેં સૂરિપદ આપીઉં તે વતી,
વલીય તસ બહુગુણે તેહ વાધ્યા યતિ. ૨૧
સૂરિ જગચંદ જગ સમરસે ચન્દ્રમા,[1]
જેહ ગુરૂ પાટે ચઉ અધિક ચાલીસમા;
તેહ પામ્યું તપા નામ બહુતપ કરી!
પ્રગટ આઘાટપુરિ વિજયકમલા વરી. ૨૨
એહ ષટ્ નામ ગુણઠામ તપગણ તણા,
શુદ્ધસદ્દહણ ગુણરયણ એહમાં ઘણા;
એહ અનુગત પરંપર ભણી સેવતા,
જ્ઞાનયોગી[2] વિબુધ પ્રગટ જગદેવતા. ૨૩
કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીથરાં,
કોઈ કહે સહજ જમતાં ઘર દહિથરાં;
મૂઢ એ દોય તસ ભેદ જાણે નહી,
જ્ઞાનયોગે ક્રિયા સાધતાં તે સહી. ૨૪
સરલભાવે પ્રભો! શુદ્ધ ધર્મ જાણતાં,
હું લહું **સુજસ** તુઝ વચન મન આણતાં
પૂર્વ સુવિહિતતણા ગ્રંથ જાણી કરી,
મુઝ હોજો તુઝ કૃપા ભવ-પયોનિધિ-તરી. ૨૫

---

૧ સૂરિજગચંદ જગચંદ શમરમાં. ૨ જ્ઞાનયોગે.

ઢાલ સત્તરમી

—(*)—

કડખાની દેશી

આજ જિનરાજ મુજ કાજ સિદ્ધયાં સવે,
વીનતી માહરી ચિત્ત ધારી;
માંગ્યું જે મેં લહ્યો તુજ કૃપારસથકી,
તો હુઈ સમ્પદા પ્રગટ સારી. આજ૦ ૧
વેગલો મત હુજે દેવ! મુજ મન થકી,
કમલના વનથકી જિમ પરાગો;
ચમકપાષાણ જિમ લોહને ખેંચસે,[1]
મુક્તિને સહેજ તુજ ભક્તિરાગો. આજ૦ ૨
તું વસે જે પ્રભો! હર્ષભર હીયડલે,
તો સકલપાપના બન્ધ તૂટે;
ઉગતે ગગન સૂરયતણે મણ્ડલે,
દહ દિશિ જિમ તિમિરપડલ ફૂટે.[2] આજ૦ ૩
સીંચજે તૂં સદા વિપુલકરુણારસેં,
મુજ મને શુદ્ધમતિકલ્પવેલી;
નાણદંસણકુસુમ ચરણવરમંજરી,
મુક્તિફલ આપશે તે એકેલી. આજ૦ ૪
લોકસન્ના થકી લોક બહુ વાઢલો,[3]
રાઉલો દાસ તે સવિ ઉવેખે;
એક તુજ આણસું જેહ રાતા રહે,
તેહને એહ નિજ મિત્ર દેખે. આજ૦ ૫

---

૧ ખંચસે. ૨ તૂટે. ૩-બાઉલો.

આણુ જિનભાણુ ! તુઝ એક હુ શિર ધરૂં,
અવરની વાણિ નવિ કાને સુણિએ;
સર્વદર્શન તણું મૂલ તુઝ શાસનં,[૧]
તેણે તે એક સુવિવેક થુણિએ. આજ૦ ૬

તુઝ વચનરાગ સુખસાગર હું ગણું,
સકલસુરમનુજસુખ એક બિંદુ;
સાર કરજો સદા દેવ ! સેવક તણી,
તૂં સુમતિકમલિનીવનદિણિંદુ. આજ૦ ૭

જ્ઞાનયોગે ધરી તૃપ્તિ નવિ લાજિયે,
ગાજિયે એક તુઝ વચનરાગે;
શક્તિ ઉલ્લાસ અધિકો હુસે તુઝ થકી,
તૂં સદા સકલસુખહેત જાગે. આજ૦ ૮

વડતપાગચ્છનંદનવને સુરતરુ,
હીરવિજયો જયો સૂરિરાયા;
તાસ પાટે વિજયસેનસૂરિસરૂ;
નિત નમે નરપતિ જાસ પાયા. આજ૦ ૯

તાસ પાટે વિજયદેવ સૂરિસરૂ,
પાટ તસ ગુરુ વિજયસિંહ ધોરી;
જાસ હિતસીખથી માર્ગ એ અનુસર્યો,
જેહથી સવિ ટલી કુમતિચોરી. આજ૦ ૧૦

હીરગુરુ શીસ અવતંશ મોટો હુઓ,
વાચકાં રાજ કલ્યાણુવિજયો;
હેમગુરુ સમ વડે શબ્દઅનુશાસને,
શીસ તસ વિબુધવર લાભવિજયો. આજ૦ ૧૧

૧–શાસન.

શીસ તસ જીતવિજયો જયો વિબુધવર,
નયવિજય વિબુધ તસ સુગુરુભાયા[૧]
રહિઅ[૨] કાશીમઠે જેહથી મેં ભલે,
ન્યાયદર્શન વિપુલ ભાવ પાયા. આજ૦ ૧૨

જેહથી શુદ્ધ લહિએ સકલ નયનિપુણ,
સિદ્ધસેનાદિ કૃત શાસ્ત્રભાવા;
તેહ એ સુગુરુ-કરુણા-પ્રભો ! તુજ સુગુણ,
વયણુરયણાયરિ[૩] મુજ નાવા. આજ૦ ૧૩

કલસ

ઇમ સકલસુખકર દુરિતભયહર સ્વામિ સીમંધર તણી,
એ વીનતી જે સુણે ભાવે તે લહે લીલા ઘણી;
શ્રીનયવિજયબુધચરણસેવક **જસવિજય** બુધ આપણી,
રુચિ શક્તિ સારૂ પ્રગટ કીધી[૪] શાસ્ત્રમર્યાદા ભણી. ૧

૧-ગુરૂભાયા. ૨-રહિઆ. ૩-રયણાગરે. ૪-રૂચિ પ્રગટ કીધી શક્તિ સારૂ.

ઇતિ શ્રી સમસ્ત પંડિત શિરોમણિ
મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત
શ્રી સીમંધરજિનવિજ્ઞપ્તિરૂપ
સાડા ત્રણસો ગાથાનું સ્તવન સંપૂર્ણ.

ૐ

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય

શ્રીમદ્ યશોવિજયજી ગણિવર વિરચિત

ગૂર્જર સાહિત્ય સંગ્રહ-૧

૪–સ્વાધ્યાય વિભાગ

આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી

પદ પહેલું

—(*)—

રાગ–કાનડો

મારગ ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે;
રહત આનંદ ભરપૂર—મારગ૦
તાકો સરૂપ ભૂપ, ત્રિહું લોકથેં ન્યારો;
વરસત મુખપર નૂર. મારગ૦ ૧
સુમતિ સખિકે સંગ, નિતનિત દોરત,
કબહુ ન હોતહી દૂર;
જશવિજય કહે સુનો હો આનંદનઘન!
હમ તુમ મિલે હજૂર. મારગ૦ ૨

પદ બીજું

—(*)—

આનંદઘનકો આનંદ, સુજશ હી ગાવત;
રહત આનંદ સુમતિ સંગ—આનંદ૦
સુમતિ સખિ ઓર નવલ આનંદઘન;
મિલ રહે ગંગ તરંગ. આનંદ૦ ૧
મન મંજન કરકે નિર્મલ કીયોહે ચિત્ત,
તા પર લગાયો હે અવિહડ રંગ;
જશવિજય કહે સુનતહી દેખો,
સુખ પાયો ખોત અભંગ. આનંદ૦ ૨

પદ ત્રીજું

—(*)—

રાગ-નાયકી, તાલ-ચંપક

આનંદ કોઉ નહીં પાવે;
જોઈ પાવે સોઈ આનંદઘન ધ્યાવે—આનંદ૦
આનંદ કોંન રૂપ? કોંન આનંદઘન?
આનંદ ગુણ કોન લખાવે? આનંદ૦ ૧
સહજ સંતોષ આનંદ ગુણ પ્રગટત,
સબ દુવિધા મિટ જાવે;
જસ કહે સોહી આનંદઘન પાવત,
અંતરજ્યોત જગાવે. આનંદ૦ ૨

પદ ચોથું

—(*)—

રાગ-નાયકી, તાલ-ચંપક

આનંદ ઠોર ઠોર નહીં પાયા,
આનંદ આનંદમેં સમાયા.
રતિ અરતિ દોઉ સંગ લીય વરજિત;
અરથને હાથ તપાયા. આનંદ૦ ૧
કોઉ આનંદઘન છિદ્રહી પેખત,
જસરાય સંગ ચડી આયા;
આનંદઘન આનંદ રસ ઝીલત,
દેખત હી **જસ** ગુણ ગાયા. આનંદ૦ ૨

પદ પાંચમું

રાગ નાયકી

આનંદ કોઉ હમ દેખલાવો, આનંદ૦
કહાં ઢૂંઢત તૂં મૂરખ પંથી[1], આનંદ હાટ ન બેકાવો. આનંદ૦ ૧
એસી દશા આનંદ સમ પ્રગટત, તા સુખ અલખ લખાવો;
જોઇ પાવે સોઈ કછુ ન કહાવત,
સુજસ ગાવત તાકો વધાવો. આનંદ૦ ૨

પદ છઠું

—(*)—

રાગ કાનડો તાલ રૂપક

આનંદકી ગત આનંદઘન જાને, આનંદકી૦
વાઈ સુખ સહજ અચલ અલખ પદ,
વા સુખ **સુજસ** બખાને. આનંદકી૦ ૧
સુજસ વિલાસ જબ પ્રગટે આનંદ રસ,
આનંદ અક્ષય ખજાને, આનંદકી૦
એસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર,
સોહિ આનંદઘન પિછાને. આનંદકી૦ ૨

પદ સાતમું

—(*)—

એરી આજ આનંદ ભયો, મેરે તેરો મુખ નિરખ,
નિરખ રોમ રોમ શીતલ ભયો અંગોઅંગ. એરી૦

---

૧ પંછી

શુદ્ધ સમજણ સમતા-રસ ઝીલત,
આનંદઘન ભયેા અનંતરંગ. એરી૦ ૧
એસી આનંદ દશા પ્રગટી ચિત્ત અંતર;
તાકેા પ્રભાવ ચલત નિરમલ ગંગ,
વારી ગંગા સમતા દેાઉ મિલ રહે;
જસવિજય ઝીલત તાકે સંગ. એરી૦ ૨

પદ આઠમું

—(*)—

રાગ કાનડેા

આનંદઘનકે સંગ સુજસ હી મિલે જબ,
તબ આનંદ સમ ભયેા સુજસ;
પારસ સંગ લેાહા જો ફરસત,
કંચન હેાત હી તાકે કસ. આનંદઘનકે૦ ૧
ખીર નીર જો મિલ રહે આનંદ,
જસ સુમતિ સખિ કે સંગ;
ભયેા હે એકરસ, ભવ ખપાઈ **સુજસ** વિલાસ,
ભયે સિદ્ધસ્વરૂપ લિયે ધસમસ. આનંદઘનકે૦ ૨

ઇતિ ઉપાધ્યાય શ્રીમદ્ યશેાવિજયજી કૃત
આનંદઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી સંપૂર્ણ.

શ્રી ગણધર ભાસ

૧ ઇંદ્રભૂતિ ભાસ

—(*)—

ઢાલ–અહો મત વાસે સાહિબા

પહલો ગણધર વીરનો, વર ગોબર ગામ નિવાસી રે
સુત પૃથિવી વસુભૂતિનો, નામઈં ઇંદ્રભૂતિ સુવિલાસી રે
ભવિયાં! વંદો ભાવસ્યું. (આંકણી) ૧

જ્યેષ્ઠા નક્ષત્રઈં જણ્યો, ગૃહવાસઈ વરસ પંચાસો રે;
ત્રીસ વરસ છદ્મસ્થતા, જિન બાર વરસ સુપ્રકાસો રે. ભ૦ ૨

સીસ પરિચ્છદ પાંચ સઈં, સર્વાયુ વરસ તે બાણું રે;
ગોતમ ગોત્રતણો ધણી, એતો સાચો હું સુરતરૂ જાણું રે. ભ૦ ૩

સુરતરૂ જાણી સેવિઓ, બીજા પરિહરિયા બાઉલિયા રે;
એ ગુરૂ થિર સાયર સમો, બીજા તુચ્છ વહઈ વાહુલિયા રે. ભ૦ ૪

લબધિ અઠવીસઈં વરિઓ, જસ મસ્તકે નિજ કર થાપઈં રે;
અછતું પણિ એહ આપમાં, તેહનઈં વર કેવલ આપઈં રે. ભ૦ ૫

જ્ઞાન અહંકારઈં લહિઉં, રાગઈં કરિ જગગુરૂ–સેવા રે;
શોકઈં કેવલ પામિઉં, કારણ સવેં ન કહેવા રે. ભ૦ ૬

વીરઈં શ્રુતિપદઈં બૂઝવ્યો, એતો જીવ તણો સંદેહી રે;
શ્રી નયવિજય સુસીસનઈં, ગુરૂ હોયો ધર્મસનેહી રે. ભ૦ ૭

૨-અગ્નિભૂતિ ભાસ

—(*)—

ઢાલ-લાછલદે માત મલ્હાર

ગોબર ગામ સમૃદ્ધ, અગનિભૂતિ સુપ્રસિદ્ધ;
આજ હો બીજે રે, ગણધર વર-મહિમા-મંદિરૂજી. ૧
પૃથિવી તેહની માત, શ્રી વસુભૂતિ તે જાત;
આજ હો સોહઈ રે, મન મોહઈ જનમિઓ કૃત્તિકાજી. ૨
ગૃહિપણઈ વરસ છયાલ, બાર છઉમત્થનો કાલ;
આજ હો સોલઈ રે, રંગ રોલઈ જિન પદ ભોગવ્યુંજી. ૩
આયુ ચિહોત્તરી વર્ષ, પણસય સીસ સહર્ષ;
આજ હો જેહનું રે, અતિ ઉત્તમ ગૌતમ ગોત્ર છઈજી. ૪
ભાજ્યો કર્મસંદેહ, વીરસ્યું નેહ અછેહ;
આજ હો તેહનઈ રે, મુખ દીઠઈ નીઠઈ દુખ સવેજી. ૫
ગગનઈ ઊગઈ ચંદ, કરઈ ચકોર આનંદ;
આજ હો દૂરઈ પણિ સુખ પૂરઈ, સુનજરિ તિમ ફલઈજી. ૬
દેખી ભગતિ પડૂર, રહો મુઝ ચિત્ત હજૂર;
આજ હો રાગઈ રે અથાગઈ વાચક **જશ** કહઈજી. ૭

---

૩ વાયુભૂતિ ભાસ

નીંદલડી હો વઈરણ હુઈ રહી-એ દેશી

ત્રીજો ગણધર મુઝ મનિ વસ્યો,
વાયુભૂતિ હો ગુણગણ અભિરામ કે;
સુત પૃથિવી વસુભૂતિનો,
જાયો સ્વાતિ હો ગોબર વર ગ્રામકે. ત્રીજો૦ ૧

વરસ બઇંતાલીસ ગૃહીપણઇં,
છઉમત્થો હો દસ વરસ પ્રમાણ કે;
વરસ અઢાર તે કેવલી, સર્વાયુ હો સત્તરિ પરિણામ કે. ત્રીજો૦ ૨
ગોતમ ગોત્ર સુહામણો,
જેહના સોહે હો પણ સય વર સીસ કે;
જસ સંશય તે મનજીવનો,
તે ટાલે હો યુગતેં જગદીસ કે. ત્રીજો૦ ૩
એહવા ગુરૂની ગોઠડી,
થોડિ પણિ હો સવિ જનમનો સાર કે;
થોડું પણ ચંદન ભલું,
સ્યૂં કીજઇં હો બીજા કાઠનો ભાર કે? ત્રીજો૦ ૪
હેજ હઇઆનું ઉલ્લસે,
જો બાઝઇં હો ગુણવંતસ્યું ગોઠિકે;
નહીંતો મન માંહિં રહિં નવી
આવે હો મત વાત તે હોઠિ કે. ત્રીજો૦ ૫
ચતુર શિરોમણિ સુંદરૂ,
મુઝ મિલિઓ હો ગુરૂ શિવતરૂકંદ કે;
મનહ મનોરથ સવિ ફલ્યા,
વલિ ટલિઆ હો દુઃખદોહગ–દંદ કે. ત્રીજો૦ ૬
દૂર રહ્યા પણિ જાણીઇં,
ગુણવંતા હો નિજ ચિત્ત હજૂરકે;
શ્રી નયવિજય વિબુધ તણો,
ઇમ સેવક હો લહે સુખ–પડૂર કે. ત્રીજો૦ ૭

૪-વ્યક્ત ગણધર ભાસ

—(*)—

ચોથો ગણધર વ્યક્ત તે વંદિઇં, મીઠો જસ ઉપદેશ,
શ્રવણ નક્ષત્રે રે ધનમિત્ર વારૂણી, જાયો કોલાગ સન્નિવેશ. ચોથો૦ ૧

ગૃહિ પર્યાયે રે વરસ પચાસ તે, વલી છઉમત્થો રે બાર;
કેવલી વરસ અઢાર અસી, મિલી સર્વાયુ નિરધાર. ચોથો૦ ૨

ભારદ્વાજ તે ગોત્ર સુહામણું, પણ સય સીસ ઉદાર;
ભૂત સંદેહિં રે વીરે ભૂજ્ઞ્યો, હુઓ જગ જન જયકાર. ચોથો૦ ૩

એહવા ગુરૂનો રે ગુણનો પ્રેમ તે, ભાવન અક્ષર સાર;
ભાવના ચંદન તે હું ગાયું, જગ-ચિત્ત-ઠારણહાર. ચોથો૦ ૪

ક્ષર છ માસનો રે તે જગિ અગહરઇં, એહ તો જનમનો રોગ;
ભાવના ચંદનથી પણિ તે ભણી, અધિકો સુગુરૂ સંયોગ. ચોથો૦ ૫

નહિ જગ ઉપમા રે સદ્‌ગુરૂ ગુણ તણી, જે વ્રત શીલ અભંગ;
વાચકજસ કહે તિહાં મુઝમન રમઇં, જિમ માલતિવન ભૃંગ. ચોથો૦ ૬

૫-સુધર્માસ્વામી ભાસ

—(*)—

આવો આવો ધરમના મિત્તાજી! નિરમલ ચિત્ત ધારી;
ગુરૂગુણ ગાઓ ઇકિ ચિત્તાજી!, નિરમલ ચિત્ત ધારી.

જિણે તાર્યા નર નેં નારીજી, નિરમલ૦
તે સદ્ગુરૂની બલિહારીજી. નિરમલ૦ ૧
પંચમ ગણુધર ભવિ! વંદોજી, નિરમલ૦
સોહમ મુખિ પુનિમચંદોજી; નિરમલ૦
ધંમિલ ભદ્દિલા જાયોજી, નિરમલ૦
ઉત્તરફગ્ગુણિઇં સુહાયોજી. નિરમલ૦ ૨
પંચાસ આઠ બાયાલોજી, નિરમલ૦
ગૃહ કેવલી છઉમત્થોનો કાલોજી; નિરમલ૦
સરવાયુ વરસ શત જાણોજી, નિરમલ૦
પણ સય તસ સીસ વખાણોજી. નિરમલ૦ ૩
અંગિ વેસાયણ ગોત્ર નામોજી, નિરમલ૦
કોલ્લાગ સન્નિવેશ ગામોજી; નિરમલ૦
તરિ સંશય જિન મેટઇજી, નિરમલ૦
તબ પ્રભુપદ ભાવિં ભેટઇજી. નિરમલ૦ ૪
સદ્ગુરૂ તે નાવ અછિદ્દાજી, નિરમલ૦
તારંઈ ભવજલધિ અનિદ્દાજી; નિરમલ૦
જે કુગુરૂ તે કાણી નાવાજી, નિરમલ૦
ન સકે ભવતીરેં જાવાજી. નિરમલ૦ ૫
નવિ વીસારૂં ગુરૂ પ્યારાજી, નિરમલ૦
જેહના મુઝ બહુ ઉપગારાજી; નિરમલ૦
ગુણ પ્રાણુપણુઇં લિઇં સંતોજી, નિરમલ૦
નવિ લીઇં બલ કોડીઇં તંતોજી. નિરમલ૦ ૬

ગુરૂ સમતારસ ભરીઓજી, નિરમલ૦
ચિર પ્રતપો ગુણમણિ ભરીઓજી; નિરમલ૦
ગુરૂશ્રી નયવિજય સુસીસોજી, નિરમલ૦
ઈમ નિતિ નિતિ દિઈ આસીસોજી. નિરમલ૦ ૭

સાધુ વંદના

—(*)—

[રચ્યા સં. ૧૭૨૧ વિજયાદશમી ખંભાત]

ઓં નમઃ શ્રી વીતરાગાય

પ્રણમું શ્રી રૂષભાદિ જિણેસર, ભુવણદિણેસર દેવ,
સુરવર કિન્નર નર વિદ્યાધર, જેહની સારઈ સેવ;
પુંડરીક પમુહા વલિ વંદું, ગણધર મહિમાગેહ,
જેહનું નામ ગોત્ર પણિ સુણતાં, લહિઇ સુખ અછેહ. ૧

ભરત ભૂપતિ નિજ રૂપ વિલોકિત, દરપણ-ઘરમાંહિ સાર,
ઉત્તમ ગુણ-ઠાંણી સુહ-આંણી પામ્યા ભવનો પાર;
એહવા મુનિ વઈરાગી, સોભાગી વડભાગ,
ગુણ-રયણાગર સાગર ગિરૂઆ, પ્રમમું મનિ ધરિ રાગ. ૨

આઇચ્ચિ જસ ઈણી પરિ મહાજસ, અતિબલ મહાબલ રાજ,
તેજવીરિય દંડવીરિય નમિઈ જલવીરિય શુભ કાજ;
કિત્તિયવીરિય કેવલનાણી આરીસા ઘરી આઠ,
જંબુપન્નત્તી નઈ ઠાણાંગિ, એહનો પરગટ પાઠ. ૩

બંભી સુંદરીઇં પડિબોહિઉ, કેવલી બાહુબલીસ,
ઇમ અસંખ્ય મુનિવર પ્રહુ ઉગ્યઇ, પ્રણમીજઇ નિસિદીસ;
સિદ્ધિદંડિકા વંદું વરતી, યાવત્ અજિતનો તાત,
સિદ્ધિ અણુત્તર સુર વિણ જિહાં નહિં, બીજી ગતિની વાત. ૪
અજિત તીર્થે નમિઇ મનરંગિ, નમિઇ સગર મુણિંદ,
મઘવા સનતકુમર વર ચક્રી, નમિય લહું આણંદ;
સંતિ કુંથૂ અર જિણવર ચક્રી, પઉમ અનઇ હરિસેણ,
નમિઇ ચક્રિ રુદ્ધિ જેણી છંડી, તે મુણિવર જયસેણ. ૫
વિમલ તિત્થિ મહાબલ નૃપ છંડી, રાજ રમણિ ભંડાર,
ચઉદ પૂરવધર સંયમ પાલી, લહિઉ દેવ અવતાર;
પૂરવ ભવ સંભારી વીરઇં, આણ્યો વ્રત મનિ રંગ,
તેહ સુદર્શન સેઠિ નમિજઇં, જોઇ ભગવઇ અંગ. ૬
અચલ વિજય ભદ્ર બલદેવા, સુપ્રભ સુંદસણ સેઠ,
આણંદો ણંદણ વલિ પઉમો, એ આઠઇ સુપ્રસિદ્ધ;
આપ રૂપ અપરાધ નિહાલી, ત્યજિય નયર નઇં ગામ,
તુંગિય ગિરિસેહરઇ હુઉ તપસી, તેહ નમૂં મુનિ રામ. ૭
પૂર્વમિત્ત શ્રી મલ્લિ જિણેસર, પડિબુદ્ધિ ઇક્ખાગ,
કાસી અધિપતિ શંખ કુણાલા, નૃપ રૂપી વડ ભાગ;
ચંદ્રછાય અંગરાય અદ્દીણ અદ્દીણશત્રુ કુરૂરાય,
જિયસત્તુ પંચાલ દેશનો, અધિપતિ સકલ કહાઇ ૮
મલ્લિ પાસિ હૂઆ સંયમધારી, પછઇ ઉગ્રવિહારી,
પરણ્યા સારી તે શિવનારી, સયલ જીવ ઉપગારી;
વિષ્ણુકુમાર મુણિંદો વંદો, ભવિ–મુખ–કઇરવિ ચંદો,
જેહથી શાસન ઉન્નતિ દેખી, પામ્યા ગુરૂ આણંદો. ૯

અંતગડા એગૂણા ખંદગ, સીસ સયા વલિ પંચ,
સંભારીજઈ જેણઈ ટાલ્યેા, સઘલેા કર્મપ્રપંચ;
આઠ સહસ્સસ્સૂં કત્તિયસેઠિ, મુણિસુવ્વય જિણુ પાસઈ,
લેઈ દિક્ષા શિક્ષા અભ્યાસી, તસ જગ ઉલ્લાસઈ ૧૦

ઢાલ ૨

—(*)—

સાધુ સુકેામલ મન દૃઢ કરિ ખમ્યેા, વાઘણિનું ઉવસગ્ગ;
કીરતિધર મુનિ નીઆમિઉ ગયેા મુગ્ગિલ ગિરિ અપવગ્ગ.
એહવા રે મુનિવર વલિ વલિ વંદિઈ. ૧૧
ગૌતમ સમુદ્ર નઈ સાગરગંભીરેા, થિમિત અચલ નઈ અખેાભ;
કંપિલ પ્રસેનજિત વિષ્ણુકુમાર ભલેા, એ દસ નિર્જિતલેાભ.
એહવા૦ ૧૨
ધારણિ અંધકવૃષ્ણિનું સુતા ત્યજી, આઠ વધૂ ધન કેાડિ
ભિકખૂ પડિમારે બાર વહી લહ્યા, સેત્તુંજિ શિવ ભવ છેાડિ.
એહવા૦ ૧૩
અખેાભ સમુદ્ર નઈ સાગર હિમવંતેા, અચલ અનઈ અભિચંદ્ર;
પૂરણ ધરણી રે આઠ કુમર જયા, વિણિ ધારણી રે નંદ. એહવા૦ ૧૪
અડ અડ કેાડિ ત્યજી રમણી ભલી, નેમિ કન્હઈ વ્રત લિદ્ધ;
પાલી દીક્ષા રે સેાલ વરસ લગઈ, શ્રી વિમલાચલ સિદ્ધ. એહવા૦ ૧૫
અણિયસ કુમર અનંતસેનેા ભલેા, અજિયસેન ગુણ–ખાણિ;
અણિહયરિઉ દેવસેન સુહાવણેા, શત્રુસેન મનિ આણિ. એહવા૦ ૧૬
દેવકી નંદન એ ખટ ગુણનિલા, કાજલ સામલ દેહ;
નાગધરણિ સુલસા ઘરિ વાધિયા, સુર શકતિં સસનેહ એહવા૦ ૧૭

કોડિ બત્રીસ બત્રીસ રમણિ ત્યજી, પામ્યા શિવપદ–વાસ;
ધારણિ વસુદેવાંગજ સારણઈ, નારી ત્યજી પંચાસ. એહવા૦ ૧૮
દેવકીનંદન સીસ અગનિ સહી, સીધા ગજસુકુમાલ;
પાપ આલોઈ રે રહનેમી લહ્યા, શિવપદ સુજસ વિશાલ. ૧૯
એહવા રે મુનિવર વલિ વલિ વંદિઈ.

ઢાલ ૩

—(*)—

આઠમિં ઈ અંગઈ એ કહિયારે, લાલનાં
વલિ અનેક મુનિચંદરે, વઈરાગી લાલનાં;
સુમુખ દુમુખ કુરવા ભલારે લાલનાં,
વસુદેવ ધારણી નંદ રે, વઈરાગી લાલના. ૨૦
આઠમિં અંગઈ એ કહિયારે લાલનાં ॥ આંચલી ॥
અનાધિર્દૃત દારૂગ સુણી રે લાલનાં,
વસુદેવ ધારણીપુત્તરે વઈરાગી લાલનાં;
પંચાસ કોડિ રમણી ત્યજીરે લાલનાં
સેતુંજિ સીધા સુમુત્તરે વઈરાગી લાલનાં. ૨૧ આઠમિં.
જાલિમયાલિ ઉવયાલિયારે લા. પુરિસસેણ વારિસેણ રે વઈ૦
વસુદેવ ધારણિ અંગજારે લા૦ પંચાસ સ્ત્રી ત્યજી જેણિરે;
વઈરાગી૦ ૨૨ આઠમિં૦
પ્રદ્યુમ્ન હરિ–રૂકમણિ–સુતોરે લા૦ જંબૂવતીનો સંબરે વઈ૦
વૈદરભી પ્રદ્યુમ્નોરે લા૦ અનિરુદ્ધ અપ્રતિબિંબરે વઈ૦ ૨૩ આ૦
સમુદ્રવિજય શિવાદે સુતારે લા૦ સત્યનેમિ દઢનેમિરે વઈ૦
પંચાસ પંચાસ વધૂ ત્યજીરે લા૦ સીધા દીક્ષિત નેમિરે. વઈ૦ ૨૪ આ૦
આઠમિં૦

પઉમાવઈ ગૌરી ભલીરે લા૦ ગંધારી લક્ષ્મણી સુસીમરે વઈ૦
જંબુવઈ ભામા રૂકમણીરે લા૦ હરિ-વહુ અડ રૂચ સીમરે. વઈ૦ ૨૫
મૂલદત્તા સંજભામિનીરે લા૦ બીજી મૂલસરિ નામરે. વઈ૦
વીસ વરસ સંયમ ધરીરે લા૦ એ સવિ ગઈ સિવઠામિરે. વઈ૦ ૨૬
આઠમિં૦
મકાઈ કિંકિમ સંયમીરે લા૦ સોલ વરસ સુપ્રસિદ્ધરે વય૦
પરિસહ સહિ અટમાસમાં રે લા૦ અર્જુનમાલી સિદ્ધ રે વય૦ ૨૭
કાસવ એમ ધૃતિધર ભાલા રે લા૦ હરિચંદન કઈલાસે રે. વય૦
વારત સુદંસણ ગુણનિલારે લા૦
પૂરણભદ્ર સુમણભદ્ર બાસ રે. વય૦ ૨૮ આઠમિં૦
સુપઈઠ્ઠ મેહ મહાવ્રતી રે લા૦ બાલ મુની અઈમુત્તરે. વય૦
અલકખ વીરસીસ શિવપુર લહુઉરે, લા૦
છદ્દંઈ વરગઈ વુત્તરે. વય૦ ૨૯ આઠમિં૦
નંદા નંદવતી સતી રે લા૦ નંદુત્તર મરુદેવિ રે વયળ
મરુતા સુસરુતા નઈ શિવા રે લા૦
નંદિસેણિ પાસિવિરે (યાસતીરે) વય૦ ૩૦ આઠમિં૦
ભદ્દ સુભદ્દ સુજ્યા સતી રે લા૦ સુમણા નઈ ભૂયદિન્ન રે વય૦
તેર શ્રેણિક અંતેઉરી રે લા૦ સિદ્ધિ ગઈ એ ધન્ન રે. વય૦૩૧આઠમિં૦
બીજી દશ શ્રેણિક વધૂ રે લા૦ પુહોતી શિવ સુવિશાલ રે વય૦
કાલી રયણાવલિ તપી રે લા૦ કનકાવલિ ય સુકાલિ રે. વય૦ ૩૨
આઠમિં૦
સીંહ નિઃક્રીડિત લઘુ તપી રે લા૦ મહકણહા ગંભીર. રે વય૦
મહાસિંહ નિઃક્રીડિત તપી રે લા૦ કણહા પુહુતી તીર રે વય૦ ૩૩
આઠમિં૦

સત્ત સત્તમિયાદિક વહી રે લા૦ પડિમા સુકણહા ચ્યાર રે વય૦
સર્વતોભદ્ર લઘુ તપકરી રે લા૦ મહકણહા ગઈ પાર રે. વય૦ ૩૪
વીરકણહાઈ નિરવહિઉ રે લા૦ મહા સર્વતોભદ્ર રે વય૦
ભદ્રોત્તર પ્રતિમા વહી રે લા૦ રામકણહા લહી ભદ્ર રે વય૦ ૩૫
પિઉસેણકણહાઈ તપ તપિઉ રે લા૦ મુગતાવલી અનિદાન રે. વય૦
મહસેણકણહા જસ વધ્યો રે લા૦ તપ આંબિલ વર્દ્ધમાન રે.વય૦ ૩૬
–આઠમિં અંગઈ એ કહિયા રે લાલનાં.

ઢાલ ૪

—(*)—

પ્રમમ ગોવાલતણુઈ ભવિં જી–એ ઢાલ

નવમઈ અંગિ વખાણિયાજી, વંદુ ભત્તીભરેણ;
જાલિ મયાલિ વયાલિયાજી પુરિસસેણ વારિસેણ ૩૭
નમો ભવિ સાધુ શિરોમણિ એહ.

દીહદંત લટ્ઠદંત ભલાજી, હલ્લકુમાર વેહાસ;
અભય અણુત્તર સુર હૂયાજી, કમ ઉતકમ દસ ખાસ રે. નમો. ૩૮
વલી બીજા સેણિક–સુઆજી, દીહસેણ મહસેણ;
લટ્ઠ ગઢ સુદ્ધદંત ભલાજી, દુહલો દુમ દુમસેણ. નમો. ૩૯
મહાદુમસેણ સીહો ભલોજી, સીહસેણ મહાસીહસેણ;
પુણસેણ અણુત્તર ગતિ ગયાજી, દો દો દો દો પંચ કમેણ.નમો.૪૦
કાકંદી ધન્નો ભલોજી, ભદ્દાસુત વ્રત લેઈ;
વીર પ્રશંસિઉ સુર હૂઉ જી, રમણિ બત્રિસ ત્યજેઈ. નમો ૪૧

પેઢાલપુત્ત નઈ ચંદિમાજી, પોટ્ટિલ સાધુ વિહલ્લ;
કહિયા અણુત્તર સુર હૂયાજી, નરમાઈ અંગિ નિસલ્લ. નમો. ૪૨
નેમિ જિણંદિ પ્રશંસિઓજી, દુક્કરકારી રે જેહુ;
ભદ્દક ભૂરિઈ કેવલીજી, ધન ઢંઢણ રિસિ તેહુ. નમો. ૪૩
સહસ પુરિસસિઉં સંયસી (મી)જી, ચઉદ પૂરવધર વીર;
કુમર થાવચ્ચો શિવ લહિઉજી, વિમલાચલ વડવીર. નમો. ૪૪
પાસ તીર્થિ પન્નર ભલાજી, વીરતીર્થિ દસ શુદ્ધ;
વીસ નેમિ-તિત્થઈ કહિયાજી, વંદુ પત્તેયબુદ્ધ. નમો. ૪૫
સહસ પુરુષશું શુકમુનિજી, સીધા સેત્તુંજિ સેલિ;
સેલક મુનિ શત પંચસ્યું જી, સેલગ સુત ઇણિ મેલિ. નમો. ૪૬
મેઘમુનિસર વાંદીઈજી, છંડિઉં જેણિ જરીર;
ઊજલગિરિ સુરપતિ નમિઉજી, સારણ કેવલિ ધીર. નમો. ૪૭
પોટિલ પડિબોહિઉ લહ્યોજી, તેતલિસુત શિવશર્મ;
સરવારથસિદ્ધિ ગયોજી, પુંડરીક દૃઢધર્મ. નમો. ૪૮
મંત્રી સુબુદ્ધિ બોહિઉજી, શ્રી જિતશત્રુ નરેશ;
ધર્મરૂચિ પાલી દયાજી, ટાલ્યા સર્વ કિલેશ. નમો. ૪૯
પાંડવ પાંચઈ પામિયાજી, સેત્તુંજગિરિ નિરવાણ;
તે પ્રણમી સુખ જશ લહુંજી, છઠ્ઠા અંગ પ્રમાણ. નમો. ૫૦

ઢાલ ૫

—(*)—

હણિઉ પણિ દુર્યોધનઈ રે, થુણિયો પંડવિ જેહુ
સુણિઉ સમતારસ ભરિઉરે, નમિઈ દમદંત તેહુ રે ૫૨
મુનિગુણ ગાઇઈ.

રામસૂઓ કૂલવાલૂઉ રે, સુર મૂકયો જિન પાસ;
દ્વારા અગનિથી ઉદ્ધરી રે, પામ્યો શિવપુર–વાસો રે. મુનિ૦ ૫૩

રાય પએસી બોહિઉ રે, રાયપ્રસેણી પ્રમાણ;
વીરતિત્થ જેણિ પડિવજ્જયુ રે, નમિઈ કેસી સુજ્ઞાણો રે. મુનિ૦ ૫૪

કપિલ મહારુષિ કેવલિ રે, હરિકેસી ગુણવંત;
બ્રહ્મદત્ત પડિબોહવા રે, આવ્યા ચિત્ર મહંતો રે. મુનિ૦ ૫૫

કમલાવઈઇં બોહિઉ રે, વ્રત લિઈ નૃપ ઈષુકાર;
ભગુ બંભણ ઘરણી જસારે, તેહના બેહૂ કુમારો રે. મુનિ૦ ૫૬

નૃપ સંજય મૃગયા ગયો રે, ગર્દભાલિ ગુરૂ પાસિ;
વ્રત લેઈ ખત્તિય મુનિ મિલી રે, કીધો વિચાર ઉલ્લાસિ રે. મુનિ૦ ૫૭

દશાર્ણભદ્ર મુનિ વંદિઈ રે, જેણિ જીત્યો સુરનાથ;
સાધુ અનાથી સમરિઈ રે, મૃગાપુત્ર શિવ સાથો રે. મુનિ૦ ૫૮

નૃપ કરકંડુ કલિંગનો રે, દ્વિમુખ પંચાલ નરેશ;
મિથિલાનૃપ નગ્ગઈ રે, નૃપ ગંધાર વિસેસો રે. મુનિ૦ ૫૯

પ્રત્યેકબુદ્ધ એ મુનિ ભલા રે, સમુદ્રપાલ સુપવિત્ત;
જયઘોષ વિજયઘોષ માહણા રે, ઉત્તરાધ્યયન ચરિત્રો રે. મુનિ૦ ૬૦

જન–મન–મોહન સંથુણું રે, કુમર સુબાહુ સુચંગ;
ભદ્દનંદિ મુખનંદ વલી રે, જોઈ ઈગ્યારમું અંગો રે. મુનિ૦ ૬૧

ખંદગ પરિવાયક મુણી રે, કાલાવેસિય પુત્ત;
તપ સંજમ ફલ જેણિ કહિયાં રે, થેરી પાસ અપત્યો રે. મુનિ૦ ૬૨

ડાલિયસુત મેહિલ મુણી રે, અણુંદરકિખય થેર;
કાસવ મુનિવર પ્રણુમતા રે, ટાલિજઈ ભવ ફેરો રે. મુનિ૦ ૬૩

દેવાણુંદા માવડલી રે, રુષભદત્ત જિણુ તાત;
વીર કન્હઈ વ્રત આદરિયાં રે, મોટા તસ અવદાતો રે મુનિ૦ ૬૪

ઇંદનાગ બહુ પિંડિઉ રે, શિવમુનિ ગલિય વિભંગ;
રાય ઉદ્દાયન મુનિ નમું રે, પિંગલ વિજિત-અનંગો રે. મુનિ૦ ૬૫

વીર-જિનૌષધ દાયગો રે, ધનસીહો અણુગાર;
તીસય કુરુદત્તા સુણ્યા રે, રોહા બુદ્ધિ અણુગારો રે. મુનિ૦ ૬૬

સુનકખત્ત ગયો બારમઈ રે, આઠમઈ સર્વાનુભૂતિ;
ગંગેયો ભગવઈ કહિઉ રે, લહિઉ **સુજસ** અનુભૂતિ રે. મુનિ૦ ૬૭

ઢાલ ૬

—(*)—

કપૂર હુઇ અતિ ઉજલઉ રે-એ ઢાલ

બૂઝયો પ્રતિમા-દર્શનઈ રે, મુનિવર આર્દ્રકુમાર;
ઉદય પેઢાલો પણુમિઈ રે, બીજા અંગ મઝારિ. ૬૮

સોભાગી મુનિ સંભારિઈ સુખ થાઈ.
એહનઈ પ્રણુમ્યઈ પાપ પલાઈ,
સોભાગી મુનિ સંભારિઈ સુખ થાઈ. ॥ એ આંચલી ॥

મેતારય મહિમાનિલો રે, ઈલાપુત્ત સુહ ઝાંણુ;
ધર્મરૂચી અણાઉદ્દિઉ રે, ચિલાઈપુત્ત સુજાણુ. સોભાગી૦ ૬૯

ગંગામાં હૂઆ કેવલી રે, અગ્નિયસુત વ્રત ધીર;
તીર્થ પ્રયાગ થયું સુરઇજી, અર્ચિઉં તાસ શરીર. સોભાગી૦ ૭૦

શીતલ સૂરિ હુયા કેવલીજી, વલિ તસ ચઉ ભાણેજ;
દેવિલાસુત્ત કર્માસુતોજી, નિરમલ કેવલ તેજ. સોભાગી૦ ૭૧

શીલિં સુદંસણ આકરો રે, સિદ્ધિ ગયો જયદેવ;
મુનિ સુજાત વલિ વંદિઈ રે, જસ ગુણ ગાઈ દેવ સોભાગી૦ ૭૨

શરણ હુયો ભવજલ તરિયાજી, ચંડરૂદ્ર તસ સીસ;
ધન શાલિભદ્ર મહા રિદ્ધિ ત્યજી રે, જેહની અધિક જગીસ. ૭૩

કરગડૂ ગુણ–ગાડૂઉરે, તપસી તસ ચઉપાસ;
પન્નરસઈ તાપસ નમું રે, જસ સિરિ ગૌતમ વાસ. સોભાગી૦ ૭૪

વીર જિણિંદ વેયાવચી રે, ધન ધન મુનિ લોહિચ્ચ;
ખૂઝિઓ ગીત સુણી મુણી રે, ખડ્ગ પ્રણમું નિચ્ચ. સોભાગી૦ ૭૫

દૃઢપ્રહારિ મુનિ ગાઈઇ રે, વલ્કલચીરી ધીર;
પ્રસન્નચંદ્ર રુષિરાજીઓ રે, જસ ગુણ બોલઈ વીર સોભાગી૦ ૭૬

ઢાલ ૭

—(*)—

વીર જિણેસર શાસનિં, ગણધર ધીર ઇગ્યારો રે;
ઇંદ્રભૂઈ પમુહા નમું, જે પામ્યા ભવ પારો રે. ૭૭
ગાઈઈ મુનિગુણ ગહુગહી. (આંકણી)

જંબૂકુમાર મહાવ્રતી, સોભાગી સિરદારો રે;
અવર ન મુગતિ–વધૂ વર્યો,જે પામી ભવતારો રે. ગાઈઈ૦ ૭૮

પ્રભવ સિજ્યંભવ વંદિઈ, જસભદ્દો ભદ્દબાહૂ રે;
સંભૂતિવિજય વખાણિઈ, ચઉદ પૂરવધર સાહૂ રે. ગાઈઈ૦ ૭૯

સીત સહી સુરવર થયા, ભદ્દબાહુ ચઉસીસા રે;
આર્યમહાગિરિ ગુણગુરૂ જયા, જિનકલ્પઈ સુજગીસા રે. ગાઈઈ૦ ૮૦

આર્ય સુહત્થિ સુહંકરો, નલિણીગુલમ અજ્જયણુઈ રે.
અવંતિસુકુમાલ કારય સર્યો, જેણિ ગણિ શુભવયણિ રે. ગાઈઈ૦ ૮૧

સીહ ઘરિં ઈક મુનિ રહિઓ, અહિ-બિલિ બીજો સુમુદ્દો રે;
ત્રીજો રહિઓ કુવા ઉપરિં, કોસ ઘરિં થૂલભદ્દો રે. ગાઈઈ૦ ૮૨

જે ગુરૂરાજિ બોલાવિઓ, દુક્કર દુક્કરકારી રે;
તે થૂલિભદ્ર મુની જયો, શાસન-ઉન્નતિકારી રે. ગાઈઈ૦ ૮૩

અગ્નિ-શિખામાંહિ નવિ ચલિઓ, કાજલમાં રહિઓ કોરો રે
શકડાલ સુત નવિ વેધિઓ, વેસ વયણિ ગુણરાગો રે. ગાઈઈ૦ ૮૪

પન્નવણા જેણિ ઉદ્ધરી, તે શ્યામાચાર્ય વંદું રે;
સીહગિરિ સુગુરૂ જાઈસરો, પ્રણમી પાપ નિકંદું રે. ગાઈઈ૦ ૮૫

ધણગિરિ થેર સમિય વલી, વઈર અરિહદિન નામા રે;
સીહગિરિ સીસ ઉત્તમ જયા, એ ચઉ શુભ પરિણામા રે. ૮૬

દીઠો સુપનમાંહિ હરિ વંદઈ, પય પડ્યો જિણિ પીધો રે;
વઈર સમાગમ અવસરિં, ભદ્રગુપત તે પ્રસિદ્ધો રે. ગાઈઈ૦ ૮૭

પંચ મહાવ્રત-ધર હૂઉ, ખટમાસી જેહ બાલો રે;
પાલણુઈ પઉઢઉ શ્રુત ભણિઉ, સાંભલતાં તતકાલો રે. ગાઈઈ૦ ૮૮

ગગનવિદ્યા જેણિ ઉદ્ધરી, કન્યા ધનિં જે ન લૂધો રે;
માહેસરી નૃપ જેહના, અતિશયથી પડિબુદ્ધો રે. ગાઈઈ૦ ૮૯

પય અણુસારિ વેઉવ્વિયા, નહુગમણી જસ લદ્ધી રે.
વંદિઇ તેહુ જાઇસરા, સામી વયર સુબુદ્ધિ રે. ગાઇઇ૦ ૯૦
તેહનો ક્ષુલ્લક વંદિયઇ, ઉત્તમ અરથ પયત્તો રે;
લોકપાલઇ રચઇ વંદિઉ, શૈલ હૂઓ રહાવત્તો રે. ગાઇઇ૦ ૯૧
વંદિઇ વઇરિસિણા મુણી, જેહથી હૂઇ વયરી શાખા રે;
અજ્જ રક્ખિય નમું જેણિ કરી, ચઉ અનુયોગ પરિભાષા રે. ૯૨
અજ્જ રક્ખિય સૂરિ જેણિ કરિયા, વાલઘડા સમરિત્તો રે;
તે નવ પૂરવી વંદિઇ, દુબ્બાલયા પૂસમિત્તો રે. ગાઇઇ૦ ૯૩
જેણઇ દુભિક્ખ ટલ્યઇ કરિઓ, મથુરામાં અનુયોગો રે;
ખંદિલ તે સૂરિ વંદતાં, નાસઇ ભવ ભય શોગો રે. ગાઇઇ૦ ૯૪
સૂત્ર અરથ ગુણ આદરૂ, શમ દમ સુખ જસ ભરિઉ રે;
દેવદ્ધિ ખમાસમણા નમું, આગમ જેણિ ઉદ્ધરિઉ રે. ગાઇઇ૦ ૯૫

ઢાલ ૮

—(*)—

ફગ્ગુસિરિ સમણી નઇ નાઇલિ, શ્રાવક શ્રાવિકા સારી રે,
સત્યસિરી પરિવારઇ વરિઉ, મૂલઉત્તર ગુણ ધારી રે;
ઉત્સર્પિણી અંતઇ જે હોસઇ, દૂપસહો ગણિરાયા રે,
ક્ષાયક સમકિત દર્શન ભૂષિત, તેહના પ્રણમું પાયા રે. ૯૬
બીજા પણિ જે અતિત અનાગત, વર્તમાન મુનિ હીરા રે,
ભરતૈરવત વિદેહઇ પ્રણમું, તે સવિ ગુણ ગંભીરા રે;
બંભી સુંદરિ રાઇમઇ નઇ, ચંદનબાલા આદિ રે,
શ્રમણી પણિ જે હુઇ નઇ હોસ્યઇ, તે સમરૂં અપ્રમાદિ રે. ૯૭

ખંભનયરમાં રહિય ચઉમાસું, સાધુતણા ગુણ ગાયા રે,
સંવત સતર ઈકવીસા (૧૭૨૧) વરસઈં વિજયદશમિ સુખ પાયા રે;
શ્રી વિજયપ્રભસૂરિ વિરાજઇ, તપગચ્છકેરા રાયા રે,
તસ રાજિં ભવિજન હિત કાજિં, કીધા એહુ સજ્ઝાયા રે. ૯૮

શ્રી કલ્યાણવિજય વર વાચક, તપગચ્છ ગયણ-દિણિંદા રે,
તાસ સીસ શ્રી લાભવિજય બુધ, આગમ-કઇરવ-ચંદા રે;
તાસ સીસ શ્રી જીતવિજય બુધ, શ્રી નયવિજય મુણિંદા રે,
વાચક જસવિજયઇં તસ સીસઇં, ગણિયા સાધુ-ગુણ વૃંદા રે ૯૯

જે ભાવઇં એ ભણસ્યઇ ગણસ્યઇ, તસ ઘરિ મંગલમાલા રે,
સુકુમાલા બાલા ગુણવિશાલા, મોટા મણિમય થાલા રે;
મોટા મોટી બંધુર સિંધુર, ઘણ કણ કંચણ કોડી રે,
અનુક્રમિં શિવ-લચ્છી તે લહિસ્યઇ, સુકૃત સંપદા જોડી રે. ૧૦૦

॥ કલશ ॥

ઇમ આઠ ઢાલ રસાલ મંગલ, હુયા આઠ સુહામણાં,
વર નાણ દંસણ ચરણ શુચિ ગુણ, કિયાં મુનિ-ગુણ-ભામણાં,
જે એહ ભણસ્યઇ તાસ ફલસ્યઇ ત્રિદશ-તરુ ઘર-અંગણઇ,
શ્રી નયવિજય બુધ ચરણ સેવક, જસવિજય વાચક ભણઇ. ૧૦૧

॥ ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી ૫. શ્રી જસવિજય ગણિ કૃત 'સાધુવંદના' સંપૂર્ણ ॥ છ ॥

સંવત ૧૭૬૬ વર્ષે ભાદ્રવા વદ ૭ બુધવાસરે લિખિ.

[પત્ર ૮ પંક્તિ ૬ દાબડી ૮૨ નં. ૧૭૬ ફોફલીયાવાડા, પાટણનો ભંડાર.]

સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય

આ સ્વાધ્યાય સુવિહિત શિરોમણિ શાસ્ત્રકાર શ્રી. હરિભદ્રસૂરીશ્વર વિરચિત સમ્યક્ત્વ સપ્તતિકા (પ્રાકૃત) ગ્રંથનો સરળ અને સુમધુર અનુવાદ છે.

પ્રસ્તાવ

દૂહા

સુકૃતવલ્લિ–કાદંબિની, સમરી સરસ્વતી માત;
સમકિત સડસઠ બોલની, કહિશ્યું મધુરી વાત. ૧

સમકિનદાયક ગુરૂતણો, પમ્યુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨

દાનાદિક ક્રિયા ન દિયે, સમકિત વિણ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચનમર્મ. ૩

દર્શનમોહવિનાશથી, જે નિર્મલ ગુણઠાણ;
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ. ૪

ઢાળ પહેલી

—(*)—

સમ્યકૃત્વ સડસઠ બોલ

[વીરજિનેશ્વર ઉપદિશે અથવા દિએ દિએ દશ ણુ આપણું—એ દેશી]

ચઉ સદ્દહણા તિ લિંગ છે, દશવિધ વિનય વિચારો રે;
ત્રિણિ શુદ્ધિ પણ દૂષણાં, આઠ પ્રભાવક ધારો રે. ૫

ત્રુટક

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ;
ષટ્ જયણા ષટ્ આગાર ભાવના, છવ્વિહા મન આણીએ,
ષટ્ ઠાણ સમકિતતણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬

ઢાળ

ચાર સદ્દહણા

ચઉવિહ સદ્દહણાં તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭

ત્રુટક

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી;
બીજી સદ્દહણા તેહની જે, જાણે મુનિ ગુણ જવહરી,
સંવેગ રંગ—તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા.
તેહની સેવા કીજીએ જિમ, પીજીએ સમતા—સુધા. ૮

ઢાળ–ચાલુ

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહાછન્દારે;
પાસત્થા ને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૯

યુગ્મક

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ ત્યજીએ, ચોથી સદ્દહણા કહી;
હીણાતણો જે સંગ ન ત્યજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું[1] જલધિ–જલમાં ભલ્યું ગંગા,–નીર લૂણપણું લહે. ૧૦

ઢાળ બીજી

—(*)—

ત્રણ લિંગ

જંબુદ્વીપના ભરતમાં રે અથવા કપૂર હોવે અતિ ઊજલો રે–એ દેશી

ત્રિણ લિંગ સમકિતતણાં રે, પહિલું શ્રુત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે;
પ્રાણી! ધરીએ સમકિત રંગ,
જિમ લહિએ સુખ અભંગ રે. પ્રાણી! એ આંકણી. ૧૧

તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે,[2] પ્રાણી!૦ ૧૨

૧–જૂઓ. ૨–નીતિ રે.

ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે. પ્રાણી!૦ ૧૩
વૈયાવચ્ચ ગુરૂદેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક પરિ કરે રે, આલસ નવિય લગાર રે. પ્રાણી!૦ ૧૪

ઢાળ ત્રીજી

—(*)—

દશ પ્રકારનો વિનય

સમકિતનું મૂલ જાણીએજી અથવા પ્રથમ ગોવાલા તણે ભવેજી—એ દેશી

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઇયિ જિનપડિમા કહીજી, સૂત્ર[1] સિદ્ધાંત પ્રસિદ્ધ;
ચતુર નર! સમજો વિનયપ્રકાર,
જિમ લહીએ સમકિત સાર—ચતુર. એ આંકણી. ૧૫

ધર્મ ક્ષમાદિક[2] ભાખિએજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચતુર૦ ૧૬
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણીએજી, દર્શન[3] સમકિત સાર. ચતુર૦ ૧૭
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદયપ્રેમ બહુમાન;
ગુણથુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ. ચતુર૦ ૧૮
પાંચ ભેદ એ દશ તણોજી, વિનય કરે અનુકૂલ;
સીંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂલ. ચતુર૦ ૧૯

૧—શ્રુત. ૨—ખિમાદિક. ૩—દરિસણ.

ઢાળ ચોથી

—(*)—

ત્રણ શુદ્ધિ

ધોખીડા તું ધોજે મનનું ધોતીયું અથવા લ્યાવો રે માલિણી–એ દેશી

ત્રિણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહિલી મન–શુદ્ધિ રે;
શ્રી જિન ને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિ રે;
ચતુર! વિચારો ચિત્તમાં રે. એ આંકણી. ૨૦

જિનભગતેં જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે?
એવું જે મુખે ભાખીએ રે, તે વચન–શુદ્ધિ કહેવાયરે. ચતુર!૦ ૨૧

છેદ્યો ભેદ્યો વેદના રે, જેહુ[1] સહેતો અનેક પ્રકાર રે;
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાયા–શુદ્ધિ ઉદાર રે.
ચતુર!૦ ૨૨

ઢાળ પાંચમી

—(*)—

પાંચ દૂષણ

મુનિમારગ, અથવા કડવાં ફળ છે ક્રોધનાં—એ દેશી

સમકિત–દૂષણ પરિહરો, તેહમાં પહિલી છે શંકા રે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે,
સમકિત–દૂષણ પરિહરો—એ આંકણી. ૨૩

કંખા કુમતિની વાંછના, બીજું દૂષણ ત્યજીએ;
પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજીએ? સમકિત૦ ૨૪

સંશય ધર્મનાં ફલતણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમકિત૦ ૨૫

૧–વલી.

મિથ્યામતિ-ગુણ-વર્ણના, ટાળો ચોથો દોષ;
ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગ-પોષ. સમકિત૦ ૨૬
પાંચમો દોષ મિથ્યામતિ,-પરિચય નવિ કીજે;
ઇમ શુભમતિ અરવિંદની, ભલી વાસના લીજે. સમકિત૦ ૨૭

ઢાળ છઠ્ઠી

—(*)—

આઠ પ્રભાવક

અભિનંદન જિન દરિસણ તરસીએ અથવા ભોલુડા રે હંસા વિષય ન રાચીએ—એ દેશી

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરી જાણ;
વર્ત્તમાનશ્રુતના જેહ અર્થનો, પાર લહે ગુણખાણ,
ધન ધન શાસન-મંડન મુનિવરા—એ આંકણી. ૨૮

ધર્મકથી[1] તે બીજો જાણીએ, નંદિષેણ પરિ જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ. ધન૦ ૨૯

વાદી ત્રીજો રે તર્કનિપુણ ભણ્યો, મલ્લવાદી પરિ જેહ;
રાજદુવારે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન૦ ૩૦

ભદ્રબાહુ પરિ જેહ નિમિત્ત કહે, પરમત-જીપણ કાજ;
તેહ નિમિત્તીરે ચોથો જાણીએ, શ્રીજિનશાસનરાજિ. ધન૦ ૩૧

તપ ગુણ ઓપે રે રોપે[2] ધર્મને, ગોપે નવિ જિનઆણ;
આસ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન૦ ૩૨

૧-કથક. ૨-પોષે.

છટ્ઠો વિદ્યા રે મંત્રતણો બલિ,[૧] જિમ શ્રી વયર મુણિંદ;
સિદ્ધ સામો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિચંદ. ધન૦ ૩૩

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યાં, ધર્મહેતુ કરે જેહ;
સિદ્ધસેન પરિ રાજા[૨] રીઝવે, અઠ્ઠમ વર કવિ તેહ. ધન૦ ૩૪

જવ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન૦ ૩૫

ઢાળ સાતમી

—(*)—

પાંચ ભૂષણ

સતીય સુભદ્રાની દેશી

સોહે સમકિત જેહથી, સખિ! જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મનિ વસ્યાં,
સખિ! મન વસ્યાં તેહમાં નહિ સંદેહ.
મુજ સમકિતરંગ અચળ હોજો રે એ ઓંકણી. ૩૬

પહિલું કુશલપણું તિહાં, સખિ! વંદન ને પચ્ચક્ખાણ;
ક્રિયાનો વિધિ અતિ ઘણો,
સખિ! અતિ ઘણો આચરે જેહ સુજાણ. મુજ૦ ૩૭

બીજું તીરથસેવના, સખિ! તીરથ તારે જેહ;
તે ગીતારથ મુનિવરા, સખિ! તેહશ્યું તેહશ્યું કીજે નેહ. મુજ૦ ૩૮

---

૧ વલી ૨ નરપતિ.

ભગતિ કરે ગુરૂદેવની, સખિ! ત્રીજું ભૂષણ હોય
કિણહિ ચલાવ્યો નવિ ચલે,
સખિ! ચોથું એ ચોથું તે ભૂષણ જોય. મુજ૦ ૩૯

જિનશાસન અનુમોદના, સખિ! જેહથી બહુ જન હુંત,
કીજે તેહ પ્રભાવના, સખિ! પંચમું પાચમું[૨] ભૂષણ ખંત. મુજ૦ ૪૦

ઢાળ આઠમી

—(*)—

પાંચ લક્ષણ

ઈમ નવિ કીજે હો, અથવા ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું—એ દેશી

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધુરિ ઉપશમ અનુકુળ, સુગુણ નર!
અપરાધીશ્યું પણ નવિ ચિત્તથકી, ચિંતવીએ પ્રતિકુલ,
સુગુણ નર! શ્રી જિનભાષિત વચન વિચારીએ, એ આંકણી. ૪૧

સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક. સુ૦ શ્રીજિન૦ ૪૨

નારક ચારક સમ ભવઉભગ્યો, તારક જાણીને ધર્મ; સુગુણ નર!
ચાહે નિકલવું નિર્વેદ તે,[૩] ત્રીજું લક્ષણ મર્મ. સુ૦ શ્રીજિન૦ ૪૩

---

૧ હિત. ૨ તેહ પ્રભાવ મન ભાવતાં, પાંચમું પાંચમું. ૩ નિર્વેદથી.

દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ; સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ. સુ૦ શ્રી જિન૦૪૪
જે જિનભાખ્યું[1] તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ; સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું કરે કુમતિનો એ ભંગ સુ૦શ્રી જિન૦૪૫

ઢાળ નવમી

—(*)—

છ યત્ના

જિન જિન પ્રતિમા વંદન દીસે
અથવા
ભવ વરસ્થાનક તપ કરી–એ દેશી.

પરતીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ,
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ્ ભેય રે;
ભવિકા! સમકિત યતના કીજે. એ આંકણી ૪૬

વંદન તે કરયોજન[2] કહિએ, નમન તે શીશ નમાડયે;
દાન ઈષ્ટ અન્નાદિક[3] દેવું, ગૌરવ ભગતિ દેખાડયેરે. ભવિકા!૦ ૪૭

અનુપ્રદાન તે તેહને કહીએ, વાર વાર જે દાન;
દોષ કુપાત્રે પાત્રમતિએ, નહિ અનુકંપા માનરે. ભવિકા!૦ ૪૮

અણબોલાયે જેહ બોલવું,[4] તે કહિએ આલાપ;
વાર વાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે. ભવિકા!૦ ૪૯

એ જયણાથી સમકિત દીપે, વલી દીપે વ્યવહાર;
એહમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકારરે. ભવિકા!૦ ૫૦

---

૧ શ્રી જિનભાષિત. ૨ કરજોડન. ૩ સુપાત્રે ૪ ભાખવું.

ઢાળ દશમી

છ આગાર

—(*)—

લલનાની દેશી

શુદ્ધ ધર્મથી નવિ ચલે અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના. ૫૧
બોલ્યું તેહવું પાલીએ, દૃંતીદૃંત સમ બોલ લલના;
સજ્જન[1]ના દુર્જનતણા, કરછપ કોટિને તોલ લલના. બોલ્યું૰ ૫૨
રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્ત્તિકની પરે, નહિ મિથ્યાત્વસંયોગ લલના. બોલ્યું૰ ૫૩
મેલો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ[2] લલના. બોલ્યું૰ ૫૪
વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણકાંતાર લલના;
તે હેતે દૂષણ નહી, કરતાં અન્ય આચાર લલના. બોલ્યું૰ ૫૫

ઢાળ અગીયારમી

છ ભાવના

—(*)—

રાગ મલ્હાર

પાંચ પોથી રે ઠવણી પાઠાં વિંટણાં—એ દેશી

ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે ભાવો મન કરી પરવડું;

---

૧ સજ્જન ને. ૨ જાણ.

જો સમકિત રે તાજું સાજું મૂલ રે,
તો વ્રતતરૂ રે દીએ શિવફલ અનુકૂલ રે. ૫૬

ત્રૂટક

અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિઅંધ રે,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધંધ રે;
એ પ્રથમ ભાવના ગુણો[1] કહ્યડી, સુણો બીજી ભાવના,
બારણું સમકિતધર્મપુરનું, એહવી તે પાવના. ૫૦

ઢાળ ચાલુ

ત્રીજી ભાવના રે સમકિતપીઠ જો દૃઢ સહી,
તો મોટો રે ધર્મપ્રાસાદ ડગે નહી;
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીએ,
તેણે કારણ રે સમકિતશ્યું ચિત્ત થોભીએ. ૫૮

ત્રૂટક

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ;
તે વિના છૂટાં રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ સેવે;
કિમ રહે? તાકે જેહ હરવા, ચોરજોર ભવોભવે. ૫૯

ઢાળ ચાલુ

ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરિ રે સમકિત તસ આધાર રે;
છઠ્ઠી ભાવના રે ભાજન સમકિત જો મિલે,
શ્રુત શીલનો રે તો રસ તેહમાંથી[2] નવિ ઢલે. ૬૦

---

૧ ગુણે ૨ તેહમાં

ત્રૂટક

નવિ ઢલે સમકિતભાવના રસ, અમિય સમ સંવરતણો,
ષટ્ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો;
ઇમ ભાવતાં[1] પરમાર્થ જલનિધિ, હોય નિતુ[2] ઝકઝોલ એ;
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રકટે, ચિદાનંદ કલ્લોલ એ. ૧૧

ઢાળ બારમી

—(*)—

છ સ્થાનક

પરવ પન્હોતું, જે મુનિ વેષ શકે નવિ છંડી, અથવા મંગળ આઠ કરી જસ આગળ–એ દેશી

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટ્‌વિધ કહીએ રે,
તિહાં પહિલું થાનક 'છે ચેતન', લક્ષણ આતમ લહીએ રે;
ખીરનીરપરિ પુદ્‌ગલમિશ્રિત, પણ તેહથી છે અલગો રે,
અનુભવ હંસચંચૂ જો લાગે, તો નવિ દીસે વલગો રે. ૧૨

બીજું થાનક 'નિત્ય આત્મા', જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાનવાસના, પૂરવ ભવ અનુસારે રે,
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયા રે;
દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાયા રે. ૧૩

ત્રીજું સ્થાનક 'ચેતન કર્ત્તા', કર્મતણે છે યોગે[3] રે,
કુંભકાર જિમ કુંભતણો જગ,[4] દંડાદિકસંયોગે રે;

---

૧ ભાવના ૨ નનુ ૩ કર્મ તણો છે યોગરે ૪ જે

નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારે રે;
દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪
ચોથું થાનક 'ચેતન ભોક્તા',[1] પુણ્ય પાપ ફલકેરો રે,
વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટેં, ભુંજે નિજ ગુણ નેરો રે;
પાંચમું થાનક 'છે પરમ પદ', અચલ અનંત સુખવાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહિએ, તસ અભાવે સુખ ખાસો[2] રે. ૬૫
છઠ્ઠું થાનક 'મોક્ષતણો છે, સંજમ જ્ઞાન ઉપાયે' રે,
જોઁ સહજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયે રે;
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી ક્રિયા રે;
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફિરિયા રે. ૬૬
કહે ક્રિયા નય 'કરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશ્યે રે?
જલ પેસી કર પદ ન હલાવે, તારૂ તે કિમ તરશ્યે રે?'
દૂષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બિહું નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭
ઇણિ પરિ સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાલી મન વાલી, તે શમ સુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં, નિશ્ચલ, કોઈ નહીં તસ તોલે રે,
શ્રીનયવિજય વિબુધપયસેવક, વાચક જશ ઇમ બોલે રે. ૬૮

ઇતિ શ્રી સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય સંપૂર્ણ.
ઢાલ ૧૨ ગાથા ૬૮

૧ છે 'તે ભોક્તા' ૨ સુખવાસોરે ૩ પખ

આઠ યોગ-દૃષ્ટિની સ્વાધ્યાય*

ઢાળ પહેલી

પ્રથમ મિત્રા દૃષ્ટિ-વિચાર

—(*)—

શિવ સુખ કારણ ઉપદિશી, યોગ તણી અડ દિઠ્ઠી રે;
તે ગુણ થુણી જિન વીરનો, કરશ્યું ધર્મની પુઠ્ઠી રે.
વીર જિણેસર દેશના. ૧

સઘન અઘન દિન રયણિમાં, બાલ વિકલ ને અનેરા રે;
અરથ જોયે જિન જૂજૂઆ, ઓઘ નજરે તિમ ફેરા રે. વીર૦ ૨

દર્શન જે હૂઆં જૂજૂઆ, તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિતદૃષ્ટિને હેરે રે. વીર૦ ૩

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિતકરે[1] જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વીર૦ ૪

દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે;
રયણિ શયન જિમ શ્રમ હરે સુરનર સુખ તિમ છાજે રે. વીર૦ ૫

---

* સમર્થ શાસ્ત્રકાર, ૧૪૪૪ ગ્રંથ રત્નોના પ્રણેતા, યાકિની મહત્તરાસૂનું શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વર પ્રણીત 'શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથના આધારે આ અપૂર્વ સ્વાધ્યાયની રચના ગ્રંથકારે મહર્ષિએ કરેલી છે. ૧ હિતકારી

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહિયે રે;
જિહાં મિત્રા તિહાં ઓઘ જે, તે તૃણ અગનિસ્યો લહિયે રે વીર૦ ૬

વ્રત પણ યમ ઈહાં સંપજે, ખેદ નહિ શુભ કાજે રે;
દ્વેષ નહિ વલી અવરશ્યું, એહ ગુણ અંગે વિરાજે રે. વીર૦ ૭

યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;
ભાવાચારજ–સેવના, ભવ–ઉદ્વેગ સુઠામો રે. વીર૦ ૮

દ્રવ્ય અભિગ્રહ પાલવા, ઓષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વીર૦ ૯

લેખન પૂજન આપવું, શ્રુતવાચન ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર૦ ૧૦

બીજ કથા ભલી સાંભલી, રોમાંચિત હુએ દેહ રે;
એહ અવંચક યોગથી, લહિયે ધરમ–સનેહે રે. વીર૦ ૧૧

સદ્‌ગુરૂ યોગ વંદન કિયા, તેહથી ફલ હોએ જેહો રે;
યોગ–ક્રિયા–ફલ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વીર૦ ૧૨

ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે;
તિમ ભવિ સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વીર૦ ૧૧

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્તે રે;
સાધુને સિદ્ધ દશા સમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે. વીર૦ ૧૪

કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોએ, સુજસ વિલાસનું ટાણું રે. વીર૦ ૧૫

ઢાલ બીજી

બીજી તારા દૃષ્ટિ-વિચાર

—(*)—

મન મોહન મેરે—એ દેશી.

દર્શન તારા દૃષ્ટિમાં, મન મોહન મેરે, ગોમય-અગનિ સમાન. મ૦
શૌચ સંતોષ ને તપ ભલા, મ૦ સઝાય ઈશ્વરધ્યાન. મ૦ ૧
નિયમ પંચ ઈહાં સંપજે, મ૦ નહિ ક્રિયા-ઉદ્વેગ; મ૦
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦ પણ નહિ નિજ હઠ ટેગ. મ૦ ૨
એહ દૃષ્ટિ હોય વરતતાં, મ૦ યોગ કથા બહુ પ્રેમ; મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦ વાલ્યો વલે જિમ હેમ મ૦ ૩
વિનય અધિક ગુણીનો કરે, મ૦ દેખે નિજ ગુણ-હાણિ; મ૦
ત્રાસ ધરે ભવ ભય થકી, મ૦ ભવ માને દુઃખ-ખાણ. મ૦ ૪
શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦
સુજસ લહે એહ ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ. મ૦ ૫

ઢાલ ત્રીજી

ત્રીજી ભલા દૃષ્ટિ-વિચાર

—(*)—

પ્રથમ જોવાલ તણે ભવેજી રે—એ દેશી

ત્રીજી દૃષ્ટિ ભલા કહીજી, કાષ્ટ-અગનિ સમ બોધ;
ક્ષેપ નહિ આસન સધે જી, શ્રવણ સમીહા શોધ રે.

જિનજી! ધન ધન તુજ[1] ઉપદેશ. ૧
*તરૂણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જિમ ચાહે સુરગીત;
સાંભલવા તિમ તત્ત્વનેજી,
એ દૃષ્ટિ સુવિનીત રે. જિનજી! ધ૦ ૨
સરિ એ બોધ–પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કૂપ;
શ્રવણ સમીહા તે કિસીજી?,
શયિત સુણે જિમ ભૂપ રે, જિ૦ ધ૦ ૩
મન રીઝે તનુ ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;
તે ઇચ્છા વિણ ગુણ–કથાજી,
બહિરા આગલ ગાન રે. જિ૦ ધ૦ ૪
વિઘન ઈહાં પ્રાયે નહિજી, ધર્મ–હેતુ માંહે કોય;
અનાચાર–પરિહારથીજી, સુજસ મહોદય હોય રે. જિ૦ ધ૦ ૫

ઢાલ ચોથી

—(*)—

ચોથી દીપ્રા દૃષ્ટિ–વિચાર

ઝાંઝરીયા મુનિવર! ધન ધન તુમ અવતાર–એ દેશી

યોગ દૃષ્ટિ ચોથી કહી જી, દીપ્રા તિહાં ન ઉત્થાન;
પ્રાણાયામ તે ભાવથી જી, દીપ–પ્રભાસમ જ્ઞાન.
મન મોહન જિનજી! મીઠી તાહરી વાણિ. ૧

---

૧ તુમ્હ

* સરખાવો :–તરૂણ સુખી સ્ત્રી પરવર્યો રે, ચતુર સુણે સુરગીત
તેહથી રાજે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત.
–કર્તાની સમ્યક્ત્વ ૬૭ બોલ સ્વાધ્યાય કડી ૧૨.

બાહ્ય ભાવ રેચક ઈહાંજી, પૂરક અંતર ભાવ;
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મન૦ ૨

ધર્મ અરથે ઈહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ;
પ્રાણ અરથે સંકટ પડેજી, જૂઓ એ દૃષ્ટિનો મર્મ. મન૦ ૩

તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઈહાં હોએ બીજ-પ્રરોહ;
ખાર ઉદકસમ ભવ ત્યજેજી, ગુરુભગતિ અદ્રોહ. મન૦ ૪

સૂક્ષ્મ બોધ તો પણ ઈહાંજી, સમકિત વિણ નવિ હોય;
વેદ્ય સંવેદ્યપદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય. મન૦ ૫

વેદ્ય બંધ શિવહેતુ છેજી, સંવેદન તસ નાણ;
નય-નિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મન૦ ૬

તે પદ ગ્રંથિ—વિભેદથીજી, છેહલી પાપ—પ્રવૃત્તિ;
તસ હોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોએ અંતે નિવૃત્તિ. મન૦ ૭

એહ થકી વિપરીત છેજી, પદ જે અવેદ્ય સંવેદ્ય;
ભવ-અભિનંદી જીવનેજી, તે હોએ વજ્ર અભેદ્ય. મન૦ ૮

લોભી—કૃપણ—દયામણોજી,—માયી—મચ્છર ઠાણ;
ભવ-અભિનંદી ભયભર્યોજી, અફલ આરંભ અયાણ મન૦ ૯

એહવા અવગુણવંતનુંજી, પદ જે[1] અવેદ્ય કઠોર;
સાધુ સંગ આગમ તણોજી, તે જીતે ધરિ જોર.[2] મન૦ ૧૦

---

૧ છે. ૨ તે જીત્યો ધુરિધોર-ધુરંધોર.

તે જીતે સહજે ટલેજી, વિષમ કુતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, જિમ એ બઠર વિચાર. મન૦ ૧૧

'હું પામ્યો સંશય નહીજી', મૂરખ કરે એ વિચાર;
આલસુઆ ગુરૂ શિષ્યનાજી, તે તો વચન પ્રકાર. મન૦ ૧૨

ધીજે તે પતિઆવવુંજી, આપ–મતેં અનુમાન;
આગમને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન. મન૦ ૧૩

નહિ સર્વજ્ઞ તે જૂજૂઆજી, તેહના જે વલી દાસ;
ભગતિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મન૦ ૧૪

દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર;
એક રાગ પર દ્વેષથીજી, એક મુગતિની અચિત્ર; મન૦ ૧૫

ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત;
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફલ ભેદ સંકેત. મન૦ ૧૬

આદર ક્રિયા–રતિ ઘણીજી, વિઘન ટલે મિલે લચ્છિ;
જિજ્ઞાસા બુધ–સેવનાજી, શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છિ. મન૦ ૧૭

બુદ્ધિ ક્રિયા ભવ ફલ દિએ, જ્ઞાન ક્રિયા શિર અંગ;
અસંમોહ ક્રિયા દિએજી, શીઘ્ર મુગતિ ફલ ચંગ. મન૦ ૧૮

પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગ દીન. મન૦ ૧૯

શિષ્યભણી જિન દેશનાજી, કે[૨] જન પરિણતિ ભિન્ન;
કે[૩] મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મન૦ ૨૦

---

૧ તે. ૨ કહે. ૩ કહે.

શબ્દભેદ-ઝઘડો કિસ્યોજી?, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફિરે નહિ છેક. મન૦ ૨૧

ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ-સંન્યાસ;
તો ઝઘડા ઝોંટા[1] તણોજી, મુનિને કવણ અભ્યાસ? મન૦ ૨૨

અભિનિવેશ સઘલો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લહશ્યે હવે પાંચમીજી, સુજસ અમૃત ઘન વૃષ્ટિ. મન૦ ૨૩

ઢાલ પાંચમી

પાંચમી સ્થિરા દૃષ્ટિ-વિચાર

—(*)—

ધન ધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી

દૃષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે, રત્ન-પ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિ વલી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧

એ ગુણ વીર તણો ન વિસારૂં, સંભારૂં દિન રાત રે;
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે.
એ ગુણ વીર તણો ન વિસારૂં-આંકણી. ૨

બાલ ધૂલિ ઘર લીલા સરિખી, ભવ-ચેષ્ટા ઇહાં ભાસે રે;
ઋદ્ધિ વૃદ્ધિ[2] ઘટમાં સવિ પ્રકટે,[3]
અષ્ટ મહા-સિદ્ધિ પાસે રે. એ ગુણ૦ ૩

---

૧ ઝાંઝા. ૨ સિદ્ધિ. ૩ પેસે.

વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે;
કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે,
શેષ ઉપાય અસારો રે. એ ગુણ૦ ૪

શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગનિ દહે જિમ વનને રે;
ધર્મ–જનિત પણ ભોગ ઇહાં તિમ,
લાગે અનિષ્ટ તે મનને રે. એ ગુણ૦ ૫

અંશે હોયે ઇહાં અવિનાશી, પુદ્ગલજાલ તમાસી રે;
ચિદાનંદઘન સુજસવિલાસી,
કિમ હોય જગનો આશી રે? એ ગુણ૦ ૬

ઢાલ છઠ્ઠી

છઠ્ઠી કાંતા દૃષ્ટિ–વિચાર

—(*)—

મેલીડા હંસારે વિષય ન રાચીયે–એ દેશી

અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય હોય નીતિ;
ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ[1] પ્રવૃત્તિ.
ધન ધન શાસન શ્રી જિનવરતણું.—એ આંકણી. ૧

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત;
લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જનપ્રિયતા હોય નિત્ય. ધન૦ ૨

નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વયરની રે બુદ્ધિ શતંભરા[2] એ નિષ્પન્નહુ યોગ. ધન૦ ૩

---

૧ પ્રમુખ. ૨ ઋતંભરા.

ચિન્હ યોગનાં રે જે પરગ્રંથમાં, યોગાચાર્ય દિઠ્ઠુ;
પંચમ દૃષ્ટિ થકી સવિ જોડીયે, એહવા તેહ ગરિઠ્ઠુ. ધ૦ ૪

છઠ્ઠિ દિઠ્ઠિ રે હવે કાંતા કહું, તિહાં તારાભ-પ્રકાશ;
તત્ત્વમીમાંસા રે દૃઢ હોએ ધારણા, નહિ અન્ય શ્રુત વાસ. ધ૦ ૫

મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
તિમ શ્રુતધર્મે રે એહમાં મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધ૦ ૬

એહવે જ્ઞાને રે વિઘન-નિવારણે, ભોગ નહિ ભવ હેત;
નવિ ગુણ દ્વેષ ન વિષય સ્વરૂપથી, મનગુણ અવગુણ ખેત. ધ૦ ૭

માયા પાણી રે જાણી તેહને, લંઘી જાએ અડોલ;
સાચું જાણી રે તે બીહતો રહે, ન ચલે ડામાડોલ. ધ૦ ૮

ભોગ તત્ત્વને રે ઈમ ભય નવિ ટલે, જૂઠા જાણે રે ભોગ;
તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વલી **સુજસ** સંયોગ. ધ૦ ૯

ઢાલ સાતમી

સાતમી પ્રભાદૃષ્ટિ-વિચાર

—(*)—

એ છિંડિ કિહાં રાખી—એ દેશી

અર્ક-પ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાન-પ્રિયા એ દિઠ્ઠિ;
તત્ત્વતણી પ્રતિપત્તિ ઈહાં વલી, રોગ નહી સુખ-પુઠ્ઠી રે.
ભવિકા! વીર-વચન ચિત્તિ ધરીએ. એ આંકણી. ૧

સઘલું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહિએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિએ રે? ભ૦ ૨

નાગર–સુખ પામર નવિ જાણે, વલ્લભ–સુખ ન કુમારી;
અનુભવ વિણ તિમ ધ્યાન તણું સુખ, કુણ જાણે નરનારી રે ? ભ૦ ૩

એહ દૃષ્ટિમાં નિર્મલ બોધે, ધ્યાન સદા હોએ સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિએ, રતન તે દીપે જાચું રે. ભ૦ ૪

વિષભાગક્ષય શાંતવાહિતા, શિવમારગ ધ્રુવ નામ;
કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ **સુજસ** પરિણામ રે. ભ૦ ૫

ઢાલ આઠમી

—(*)—

આઠમી પરા દૃષ્ટિ–વિચાર

રાગ પરજીઓ, ત્રિપદીની, આજે પૂર્વ વાર નવાણું, અથવા તુજ સાથે નહિ બોલું મારા વાલ્હા ! વાલ્હા ! તેં મુજને વિસારીજી–એ દેશી

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણું જી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણું જી;
નિરતિચારપદ એહમાં યોગી, કહિયે નહિ અતિચારી જી,
આરોહે આરૂઢે[1] ગિરિને, તિમ એહની ગતિ ન્યારી જી. ૧

ચંદન ગંધ સમાન ખિમા ઇહાં, વાસકને ન ગવેષે જી,
આસંગે વર્જિત વલી એહમાં, ક્રિયા નિજ ગુણ લેખે જી;
શિક્ષાથી જિમ રતનનિયોજન, દૃષ્ટિ ભિન્ન તિમ એહો જી,
તાસ નિયોગે કારણ અપૂર્વે, લહે મુનિ કેવલ–ગેહો જી. ૨

---

૧ આરૂઢન

ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ-ફલ ભોગેંજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગેંજી;
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણહ નિરીહાજી. ૩

ઉપસંહાર

એ અડ દિઠ્ઠિ કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતેજી,
કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે 'કુલયોગીજી',
અદ્વેષી ગુરૂ-દેવ-દ્વિજ-પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪

શુશ્રૂષાદિક (અડ) ગુણ સંપૂરણ, 'પ્રવૃત્તચક્ર' તે કહિયેજી,
યમદ્વય-લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયેજી;
ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી,
શુદ્ધ રૂચે[1] પાલ્યે અતિચારહ, ટાલે[2] ફલ પરિણામેજી. ૫

કુલ-યોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી,
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી;
શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
ઝલહલતો સૂરજ ને ખજૂઓ, તાસ તેજમાં જેતોજી. ૬

ગુહ્ય ભાવ એ તેહને કહિયે, જેહશું અંતર ભાંજેજી,
જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કહસ્યે મોટી વાતોજી,
ખમસ્યે તે પંડિત-પરષદમાં, મુષ્ટિ-પ્રહાર ને લાતોજી. ૭

---

૧ શુદ્ધ રૂચિ ૨ લાગે

સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદી સૂત્રે દીસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;
લોક પૂરજો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ રયણેજી,
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક જસને વયણેજી. ૮

—ઇતિ શ્રી આત્મ પ્રબોધક ઉપક સજ્ઝાય સંપૂર્ણ ॥છા સંવત્ ૧૭૩૬ વર્ષે વૈશાખ વદિ ૫ દિને શનિવાસરે॥ મહોપાધ્યાય શ્રી શ્રી શ્રી ૨૧ શ્રી શ્રી શ્રી દેવવિજય ગણિ શિષ્ય પંડિત શ્રી ૧૯ શ્રી માનવિજયગણિ તચ્છિષ્ય પંડિત શ્રી ૫ શ્રી પ્રીતિવિજય ગણિ તત્ સ્વશિષ્ય મુનિ કેશરવિજયેન લિપી કૃતં ॥ ૫–૧૩ પ્ર. શ્રી કંતિવિજય પાસેની પ્રતિ.

ઇતિ શ્રીમદ્ યશોવિજય વાચક વિરચિત
આઠ યોગદૃષ્ટિ ઉપર સજ્ઝાય સંપૂર્ણ

અઢાર-પાપસ્થાનક સ્વાધ્યાય

૧. હિંસા પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

કપૂર હોએ અતિ ઉજલું રે-એ દેશી

પાપસ્થાનક પહિલું કહ્યું રે, હિંસા નામે દુરંત;
મારે જે જગ-જીવને[1] રે, તે લહે મરણ અનંત રે. ૧

પ્રાણી! જિનવાણી ધરો ચિત્ત-એ આંકણી.

માતાપિતાદિ અનંતનાં રે, પામે વિયોગ તે મંદ;
દારિદ્ર દોહગ નવિ ટલે રે, મિલે ન વલ્લભ-વૃંદ રે. પ્રાણી! ૨

હોએ વિપાકે દશગણું રે,[2] એક વાર કિયું[3] કર્મ;
શત સહસ્ર કોડિ ગમે રે, તીવ્ર ભાવના મર્મ રે. પ્રાણી! ૩

'મર'[4] કહેતાં પણ દુઃખ હુવે રે, મારે કિમ નહિ હોય?
હિંસા ભગિની અતિ બૂરી રે, વૈશ્વાનરની જોય રે. પ્રાણી! ૪

તેહને જોરે જે હુઆ રે, રૌદ્ર-ધ્યાન-પ્રમત્ત;
નરક-અતિથિ તે નૃપ હુઆ રે, જિમ સુભૂમ બ્રહ્મદત્ત રે. પ્રાણી! ૫

---

૧ નર જીવનેરે ૨ દશ ગણુ રે ૩ કિયાં, કર્યો ૪ 'મેર'

+રાય વિવેક કન્યા ક્ષમારે,[૧] પરણાવે જસ સાય;[૨]
તેહ થકી દૂરે ટલે રે, હિંસા નામ બલાય રે. પ્રાણી ! ૬

---

૨. મૃષાવાદ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

લાછલદે માત મલ્હાર—એ દેશી

બીજું પાપનું સ્થાન, મૃષાવાદ દુર્ધ્યાન;
આજ હો છાંડો રે ભવિ માંડો[૩] ધર્મશું પ્રીતડીજી. ૧

વૈર–ખેદ–અવિશ્વાસ, એહથી દોષ અભ્યાસ;
આજ હો થાયે રે, નવિ જાએ વ્યાધિ અપથ્યથીજી. ૨

રહિવું કાલિક સૂરિ, પરિજન વચન તે ભૂરિ;
આજ હો સહવું રે, નવિ કહવું જૂઠ ભયાદિકેજી. ૩

આસન ધરત આકાશ, વસુ નૃપ હુઓ સુપ્રકાશ;
આજ હો જૂઠે રે, સુર રૂઠે ઘાલ્યો રસાતલેજી. ૪

જે સત્ય વ્રત ધરે ચિત્ત, હોય જગમાંહિ પવિત્ત;
આજ હો તેહને રે, નવિ ભય સુર–વ્યંતર–યક્ષથીજી. ૫

જે નવિ ભાખે અલીક, બોલે ઠાવું ઠીક;
આજ હો ટેકે રે, સુવિવેકે **સુજસ** તે સુખ વરે જી. ૬

૧–ખિમારે. ૨–સાઇ, સાંય. ૩–છાંડો રે ભાવિ માંડો.

+ સરખાવો :—કવિકૃત વૈરાગ્યકલ્પલતા–તૃતીય સ્તબક શ્લોક ૪૧ ને તે પછીના.

૩-અદત્તાદાન પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

નિંદરડી વેરણ હુઈ રહી—એ દેશી

ચોરી વ્યસન નિવારીયે, પાપસ્થાનક હો ત્રીજું કહ્યું ઘોર કે;
ઇહભવિ પરભવિ દુઃખ ઘણાં,
એહ વ્યસને હો પામે જગ ચોર કે.[૧] ચોરી૦ ૧
ચોર તે પ્રાયે દરિદ્રી હુયે, ચોરીથી હો ધન ન ઠહરે નેટ કે;
ચોરનો કોઈ ધણી નહિ,
પ્રાયે ભૂખ્યું હો રહે ચોરનું પેટ કે.[૨] ચોરી૦ ૨
જિમ જલમાંહે નાખીઓ, તલે આવે હો જલને અથગોલ કે;
ચોર કઠોર કરમ કરી,
જાયે નરકે હો તિમ નિપટ નિટોલ કે. ચોરી૦ ૩
નાહ્યું-પડ્યું-વલી વીસર્યું,-રહ્યું-રાખ્યું-હો થાપણ કર્યું જેહ કે;
તૃણ-તુસ માત્ર ન લીજીયે,
અણદીધું હો કિહાં કોઈનું તેહ કે. ચોરી૦ ૪
*દૂરે અનર્થ સકલ[૩] ટલે, મિલે વાહલા હો સઘલે જસ થાય કે;
સુર સુખનાં હુએ ભેટણાં,
વ્રત ત્રીજું હો આવે જસ દાય કે.[૪] ચોરી૦ ૫

---

૧ ઇહભવ પરભવ દુઃખ હોએ, લહે પ્રાણી હો એહથી અતિ ઘોર કે.
૨ પ્રાયે ભૂખ્યો હો હોય ચોરનો પેટ કે. ૩ સંકટ. ૪ જસવાઈ કે.
* સરખાવો.-"अनर्था दूरतो यान्ति, साधुवादः प्रवर्तते।
स्वर्गसौख्यानि ढौकन्ते, स्फुटमस्तेयचारिणाम॥
-યોગશાસ્ત્ર.

ત્યજી ચોરપણું ચોરતાં, હુએ દેવતા હો રોહિણીયો જેમ કે;[૧]
એહ વ્રતથી સુખ જસ લહે,[૨]
વલી પ્રાણી હો વહે પુણ્યસ્યું પ્રેમ કે. ચોરી૦ ૬

૪ અબ્રહ્મચર્ય[૩] પાપસ્થાનક સજ્ઝાય

—(*)—

તુમ્હે બહુ મિત્રી રે સાહિબા !, અથવા કોઈ સુખ લાવો દીનાનાથની–
એ દેશી

પાપસ્થાનક ચોથું[૩] વર્જિએ, દુર્ગતિ મૂલ અબંભ;
જગ સવિ મૂંઝ્યો છે એહમાં, છાંડે[૪] તેહ અચંભ. પાપ૦ ૧
રૂડું લાગે રે એ ધુરેં, પરિણામે અતિ અતિ ક્રૂર;
ફલ કિંપાકની[૫] સારિખું, વરજે સજ્જન દૂર. પાપ૦ ૨
અધર વિદ્રુમ સ્મિત ફૂલડાં, કુચ ફલ કઠિન વિશાલ;
રામા દેખી ન રચિયે, એ વિષવેલિ[૬] રસાલ. પાપ૦ ૩
પ્રબલ જ્વલિત અય–પૂતલી, આલિંગન ભલું તંત;
નરક–દુવાર નિતંબિની,–જઘન–સેવન તે દુરંત. પાપ૦ ૪
દાવાનલ ગુણ–વન તણો, કુલ–મશીકૂર્ચક એહ;
રાજધાની મોહરાયની, પાતક–કાનન–મેહ. પાપ૦ ૫
*પ્રભુતાએ હરિ સારિખો, રૂપે મયણ અવતાર;
સીતાએ રે રાવણ યથા, છાંડવો પરનર નારિ.[૭] પાપ૦ ૬

૧–ત્યજી ચોરપણું દેવતા, હોએ નિશ્ચલહો રોહિણીઓ જેમ કે. ૨–જશ સુખ. ૩–ચોથો. ૪–છોડે. ૫–કિંપાક. ૬–વેલ. ૭–છાંડો તુમે પરનાર, છંડો તુમે નરનાર.

* સરખાવો :–ઐશ્વર્યરાજરાજોઽપિ, રૂપમીનધ્વજોઽપિચ ।
સીતયા રાવણ ઇવ, ત્યાજ્યો નાર્યા નરઃ પરઃ ॥"
–શ્રી યોગશાસ્ત્ર દ્વિતીય પ્રકાશ.

દશ શિર રજમાંહે રોલિયાં,[૧] રાવણ વિવશ અબંભ;
રામે ન્યાયે રે આપણે, રોપ્યો જગિ જય-થંભ. પાપ૦ ૭
પાપ બંધાએ રે અતિ ઘણું, સુકૃત સકલ ક્ષય જાય.
અબ્રહ્મચારીનૂં ચિંતવ્યું, કદિય સફલ નવિ થાય. પાપ૦ ૮
મંત્ર ફલે જગિ જસ વધે, દેવ કરે રે સાનિધ;[૨]
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ.[૩] પાપ ૯
શેઠ સુદર્શનને ટલી, શૂલિ સિંહાસન હોય;
ગુણ ગાયે ગગને દેવતા, મહિમા શીલનો જોય. પાપ૦ ૧૦
મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત-વૃદ્ધિ-નિદાન;
શીલ સલિલ ધરે[૪] જિકે, તસ હુએ **સુજસ** વખાણ. પાપ૦ ૧૧

---

૫. પરિગ્રહ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

સુમતિ સદા દિલમાં ધરો-એ દેશી

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ; સલૂણે;
પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ-જપ પ્રતિકૂલ. સલૂણે. ૧
પરિગ્રહ મમતા પરિહરો૦ એ આંકણી
×નવિ પલટે મૂલ રાશિથી, માર્ગી કદિય ન હોય; સલૂણે,
પરિગ્રહ-ગ્રહ છે અભિનવો, સહુને દિએ દુખ સોય.
સલૂણે, પરિગ્રહ૦ ૨

૧-રોલવ્યાં. ૨-સાનિધિ. ૩-નવનિધિ. ૪-ધટે.

× સરખાવો :-"**न परावर्तते राशे,-र्वक्रतां जातु नोज्झति ।**
परिग्रहग्रहः कोऽयं, विडम्बितजगत्त्रय. ॥"
-સ્વકૃત જ્ઞાનસાર-પરિગ્રહાષ્ટક.

+પરિગ્રહ મહ ગુરૂઅત્તણે, ભવ માંહિ પડે જંત; સલૂણે
યાનપાત્ર જિમ સાયરે, ભારાક્રાંત અત્યંત. સલૂણે પરિગ્રહ૦ ૩

*જ્ઞાન–ધ્યાન હય–ગયવરે, તપ–જપ–શ્રુત પરિતંત; સલૂણે
છોડે પ્રથમ પ્રભુતા લહે,[૧] મુનિ પણ પરિગ્રહવંત. સલૂણે.
પરિગ્રહ૦ ૪

×પરિગ્રહ–ગ્રહવશે લિંગિયા, લે કુમતિ રજ સીસ; સલૂણે
જિમ તિમ જગિ લવતા ફિરે, ઉનમત્ત હુઈ નિસદીસ.
સલૂણે પરિગ્રહ૦ ૪

તૃપતો ન જીવ પરિગ્રહે, ઇંધણથી જિમ આગ; સલૂણે
તૃષ્ણા–દાહ તે ઉપસમે, જલસમ જ્ઞાન વૈરાગ. સલૂણે.
પરિગ્રહ૦ ૬

૧–છોડી પ્રથમ પ્રભુતા લહી.

+ " परिग्रह महत्त्वाद्धि, मज्जत्येव भवाम्बुधौ ।
महापोत इव प्राणी, त्यजेत्तस्मात्परिग्रहम् ॥ "
શ્રી યોગશાસ્ત્ર–તૃતીય પ્રકાશ.

* तपःश्रुतपरिवारां, शमसाम्राज्यसम्पदम् ।
परिग्रहग्रहग्रस्ता स्त्यजेयुर्योगिनोऽपिहि ॥
–શ્રી યોગશાસ્ત્ર દ્વિતીય પ્રકાશ.

× ' परिग्रहग्रहावेशाद् , दुर्भाषितरजः किरान् ।
श्रूयन्ते विकृताः किं न ? प्रलापा लिंगिनामपि ॥
–સ્વરચિત જ્ઞાનસાર–પરિગ્રહાષ્ટક.

પરિગ્રહગ્રહ–વશ–લિંગિયા, જોઈ કુમતિ રજ માથે રે,
નિજગુણ પર અવગુણ લવે, ઇંદ્રિય વૃષભ ન નાથે રે.
–સ્વકૃત સીમંધર સ્તવ ૭૧, પૃ. ૨૨૧

×તૃપતો સગર સુતે નહિ, ગોધનથી કૂચીકર્ણ; સલૂણે
તિલક શેઠ વલી ધાન્યથી, કનકે નંદ સકર્ણ. સલૂણે પરિગ્રહ૦ ૭

*અસંતુષ્ટ પરિગ્રહ ભર્યા, સુખીયા ન ઇંદ્ર-નરિંદ; સલૂણે
સુખી એક અપરિગ્રહી, સાધુ **સુજસ** સમ-કંદ. સલૂણે
પરિગ્રહ૦ ૮

---

૬. ક્રોધ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

ઋષભનો વંશ રયણાયર—એ દેશી

ક્રોધ તે બોધ-નિરોધ છે, ક્રોધ તે સંયમ-ઘાતી રે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત-પક્ષપાતી રે. ૧

પાપસ્થાનક છઠું પરિહરો, મન ધરી ઉત્તમ ખંતી રે;
ક્રોધ-ભુજંગની જાંગુલી, એહ કહી જયવંતી રે. પાપ૦ ૨

પૂરવ કોડિ ચરણ-ગુણે, ભાવ્યો છે આતમા જેણે રે;
ક્રોધ વિવશ હુતાં દોય ઘડી, હારે સવિફલ તેણે રે. પાપ૦ ૩

× "तृप्तो न पुत्रैः सगरः, कूचीकर्णो न गोधनैः ।
न धान्यैस्तिलकः श्रेष्ठी, न नन्दः कनकोत्करैः ॥"
—श्री योगशास्त्र द्वितीय प्रकाश

* "असन्तोषवतः सौख्यं, न शक्रस्य न चक्रिणः ॥
जन्तोः सन्तोषभाजो यदभयस्येव जायते ॥"
—श्री योगशास्त्र द्वितीय प्रकाश

+બાલે તે આશ્રમ આપણો, ભજનાં અન્યને દાહે રે;
ક્રોધ કૃશાનુ સમાન છે, ટાલે પ્રશમ પ્રવાહે રે. પાપ૦ ૪

આક્રોશ–તર્જના–ઘાતના,–ધર્મભ્રંશને ભાવે રે;
અગ્રિમ અગ્રિમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે. પાપ૦ ૫

ન હોય, ને હોય તો ચિર નહિ, ચિર રહે તો ફલ–છેહો રે;
સજ્જન ક્રોધ તે એહવો, જેહવો દુરજન–નેહો રે. પાપ૦ ૬

ક્રોધી મુખે કટુ બોલણા, કંટકીઆ કુટ્ટ સાખી રે;
અદીઠ કલ્યાણકરા કહ્યા, દોષતરૂ શત–શાખી રે. પાપ૦ ૭

કુરગડુ ચઉતપ–કરા, ચરિત સુણી શમ આણો રે;
ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણો રે. પાપ૦ ૮

---

૭. માન પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

પીઉજી પીઉજી નામ જપૂં દિન રાતીયાં, અથવા નદી યમુનાકે
તીર ઉડે દોય પંખીયાં–એ દેશી

પાપસ્થાનક કહે સાતમું શ્રી જિનરાજ એ,
માન માનવને હોય દુરિત–શિરતાજ એ;

+ उत्पद्यमानः प्रथमं, दहत्येव स्वमाश्रयम् ।
क्रोधः कृशानुवत्पश्चादन्यं दहति वा न वा ।।"
—શ્રી યોગશાસ્ત્ર–ચતુર્થ પ્રકાશ

* આઠ શિખર ગિરિરાજ તણાં આડાં વલે,
નાવે વિમલાલોક તિહાં કિમ તમ ટલે? ૧

પ્રજ્ઞા-મદ તપ-મદ વલી ગોત્ર-મદે ભર્યા,
આજીવિકા-મદવંત ન મુક્તિ અંગી કર્યા;
ક્ષયોપશમ અનુસારે જે એહ ગુણ વહે,
શ્યો મદ કરવો એહમાં? નિર્મદ સુખ લહે. ૨

×ઉચ્ચ ભાવ દૃગ દોષે[1] મદ-જ્વર આકરો,
હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો;
પૂર્વ—પુરૂષ—સિંધુરથી લઘુતા ભાવવું,
શુદ્ધ-ભાવન તે પાવન શિવ-સાધન નવું. ૩

માને ખોયું રાજ્ય લંકાનું રાવણે,
નરનું માન હરે હરિ આવી ઐરાવણે,
સ્થૂલિભદ્ર શ્રુત-મદથી પામ્યા વિકાર એ,
માને જીવને આવે નરક અધિકાર એ. ૪

---

૧ દૃઢ દોષે

* સરખાવો-આઠ શિખર ગિરિરાજકે, કામે વિમલાલોક,
તો પ્રકાશ સુખ કયું લહે? વિષમ-માન-વશ-લોક.
સમતા શતક ૨૮.

× સરખાવો-'उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशांतकम् ।
पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनम् ॥''
—સ્વકૃત જ્ઞાનસાર અનાત્મશંસાષ્ટક

÷વિનય–શ્રુત–તપ–શીલ–ત્રિવર્ગ હણે સવે,
માન તે જ્ઞાનનો ભંજક હોવે ભવોભવે;
લૂંપક છેક વિવેક–નયનનો[1] માન છે,
એહ જે[2] છાંડે તાસ ન દુઃખ રહે પછે. ૫

માને બાહુબલિ વરસ લગે કાઉસ્સગ[3] રહ્યા,
નિર્ભદ્ર ચક્રી સેવક દોય મુનિ સમ કહ્યા;
સાવધાન ત્યજી માન જે ધ્યાન ધવલ ધરે,
પરમા સુજસ–રમા તસ આલિંગન કરે. ૬

---

૮. માયા પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

+ સ્વામી સ્વયંપ્રભ સાંભલો, અરિહંતાજી–એ દેશી

પાપસ્થાનક આઠમ કહ્યું,[4] સુણો સંતાજી!
છાંડો માયા મૂલ, ગુણવંતાજી!
કષ્ટ કરે વ્રત આદરે સુણો૦ માયાએ તે પ્રતિકૂલ. ગુણ૦ ૧
ઉનગન માસ ઉપવાસીયા, સુણો૦ સીથ લીયે કૃશ અન્ન; ગુણ૦
ગર્ભ અનંતા પામશે, સુણો૦ જે છે માયા મન્ન. ગુણ૦ ૨
*કેશ–લોચ મલ–ધારણા, સુણો૦ ભૂમિ–શય્યા વ્રત યાગ;[1] ગુણ૦

÷ સરખાવો—"विनयश्रुतशीलानां, त्रिवर्गस्य च घातकः ।
विवेकलोचनं लुम्पन्, मानोऽन्धकरणो नृणाम् ॥"
—શ્રી યોગશાસ્ત્ર–ચતુર્થ પ્રકાશ

૧–રચણનો. ૨–એહને ૩–અનશને. ૪–આઠમું સુણો સંતાજી,
+ વિનયવિજય ઉ. ની વીશીના સ્વયંપ્રભ સ્ત. ની પહેલી લીટી.

સુકર સકલ છે સાધુને, સુણો૦ દુષ્કર માયા-ત્યાગ. ગુણ૦ ૩
+નયન-વચન-આકારનું, સુણો૦ ગોપન માયાવંત; ગુણ૦
જેહ કરે અસતીપરે, સુણો૦ તે નહિ હિતકર તંત. ગુણ૦ ૪
કુસુમપુરે ધરે શેઠને, સુણો૦ હેઠે રહ્યો સંવિજ્ઞ; ગુણ૦
ઉપરિ તસ બીજો રહ્યો, સુણો૦ મુત્કલ પણ સુગુણજ્ઞ. ગુણ૦ ૫
*દંભી એક નિંદા કરે, સુણો૦ બીજો ધરે ગુણ રાગ; ગુણ૦
પહેલાને ભવ દુસ્તર કહે, સુણો૦ બીજાને કહે વલી તાગ; ગુણ૦ ૬
વિધિ નિષેધ નવિ ઉપદિશે, સુણો૦ એકાંતે ભગવંત; ગુણ૦
કારણે[૨] નિઃકપટી હવું, સુણો૦ એ આણા છે તંત. ગુણ૦ ૭
માયાથી અલગા ટલો, સુણો૦ જિમ મિલો મુગતિસ્યું રંગ; ગુણ૦
સુજસ વિલાસ સુખી રહો, સુણો૦ લક્ષણ આવે અંગ. ગુણ૦ ૮

---

૯. લોભ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

જનમ્યો જેસલમેર અથવા જીરે મારે જાયો કુમર જમ-એ દેશી.
(ભીલી રાણી ! કુણ તમારી નીતિ, અથવા જીરેજી-દેશી)

જીરે મારે, લોભ તે દોષ અથોભ, પાપસ્થાનક નવમું કહ્યું; જીરેજી,
જીરે મારે, સર્વ વિનાશનું મૂલ, એહથી કુણે ન સુખ લહ્યું.
જીરેજી. જી૦ ૧

૧-યોગ. ૨-કરણીએ, કારણી.
* જૂઓ કર્તા કૃત શ્રી અધ્યાત્મસાર-દંભત્યાગાધિકાર.
+ સરખાવો-"अस्थिरे हृदये चित्रा, बांङ्नेत्राकारगोपना ।
पुंश्चल्या इव कल्याण,-कारिणी न प्रकीर्तिता ॥
-સ્વકૃત જ્ઞાનસાર-સ્થૈર્યાષ્ટક

જરે મારે, સુણિએ બહુ લોભાંધ,[૧] ચક્રવર્તી હરિની કથા; જરેજી.
,, પામ્યા કટુક વિપાક, પીવક રક્ત જલો યથા. જરેજી. ૨
,, ०નિર્ધનને શત ચાહ, શત લહે સહસ લોભિએ;[૨] જરેજી;
,, સહસ લહે લખ લોભ,[૩] લખ લાભ્યે[૪] મન કોડીએ. જરેજી.૩
,, કોટીશ્વર નૃપ ઋદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું; જરેજી.
,, ચાહે ચક્રી સુરભોગ, સુર ચાહે સુરપતિપણું; જરેજી. ૪
,, મૂલે લઘુપણે લોભ, વાધે સરાવ પરિ સહી; જરેજી.
,, ઉત્તરાધ્યયને અનંત, ઇચ્છા આકાશ સમી કહી જરેજી. ૫
,, સ્વયંભૂરમણ સમુદ્ર, કોઈ જે[૫] અવગાહી શકે; જરેજી.
,, તે પણ લોભ-સમુદ્ર, પાર ન પામે બલ થકે. જરેજી. ૬
,, કોઈક લોભને હેત, તપ–શ્રુત જે હારે જડા; જરેજી
,, કાગ–ઉડાવણ હેત, સુરમણિ નાંખે તે ખડા. જરેજી. ૭

---

૧ લોભાર્ત. ૨ લોડિએ. ૩ લાભ, લોભે. ૪ લાભ. ૫ કોઈને.

० જૂઓ ગાથા ૩–૪–૫ માટે શ્રી યોગશાસ્ત્ર ચતુર્થ પ્રકાશના નીચેના શ્લોક ૧૯–૨૦–૨૧.

"धनहीनः शतमेकं, सहस्रं शतवानपि ।
सहस्राधिपतिर्लक्षं, कोटिं लक्षेश्वरोऽपि च ॥"

*

"कोटीश्वरो नरेन्द्रत्वं, नरेन्द्रश्चक्रवर्तिताम् ।
चक्रवर्ती च देवत्व, देवोऽपीन्द्रत्वमिच्छति ॥"

*

"इन्द्रत्वेऽपिहि संप्राप्ते, यदृच्छा न निवर्तते ।
मूले लघीयांस्तल्लोभः, शराव इव वर्धते ॥"

જરે મારે, લોભ ત્યજે જે ધીર, તસ સવિ સંપતિ કિંકરી; જરેજી.
,, સુજશ સુપુણ્ય વિલાસ,[૧] ગાવે તસ સુરસુંદરી. જરેજી. ૮

---

૧૦. રાગ પાપસ્થાનક સ્વાધ્યાય

×સ્વામિ યુગમંધર સુણ સસનેહો રે,
અથવા સુણ મોરી સજની! રજની ન જાએ રે-એ દેશી.

પાપસ્થાનક દશમું કહ્યુ રાગ રે, કુણહિ ન પામ્યો તેહનો તાગ રે;
રાગે વાહ્યા હરિ હર બંભા રે, રાચે નાચે કરે ય અચંભા રે. ૧

રાગ કેસરી છે વડરાજા રે, વિષયાભિલાષ તે મંત્રી તાજા રે;
જેહના[૨] છોરૂ ઇંદ્રિય પંચો રે,[૩] તેહનો કીધો એ સકલ પ્રપંચો[૪] રે. ૨

જેહ સદાગમ વશ હુઈ જાયે રે, તે અપ્રમત્તતા શિખરે વાયે[૫] રે;
ચરણધરમ-નૃપ શૈલ-વિવેકે રે, તેહથયું ન ચલે રાગી[૬] ટેકે રે. ૩

બીજા તો સવિ રાગે વાહ્યા રે, એકાદશ ગુણઠાણે ઉમાહ્યા રે;
રાગે પાડયા તે પણ ખૂતારે, નરક નિગોદે મહા દુઃખ જુત્તા રે.[૭] ૪

રાગ-હરણ તપ-જપ શ્રુત ભાખ્યા રે, તેહથી પણિ જેણે ભવ-ફલ ચાખ્યા રે;
તેહનો કોઇ ન છે પ્રતિકારો રે, અમિય હુએ વિષ તિહાં રહ્યો ચારો રે! ૫

× વિનયવિજય ઉ૦ કૃત વીશીમાંના યુગમંધર જિનસ્તવનની પહેલી પંક્તિ.

૧ પુણ્ય સુવિલાસ ૨ જેહને ૩ પંચ ૪ પ્રપંચ ૫ ઠાસ્યે રે
૬ રાગે
૭ રાગે પડિયા તે નર ખૂતારે, નરય નિગોદ માંહે દુઃખ જોતાં રે.

તપ બલેં છૂટા તરણું તાણીરે, કંચન કોડી આષાઢભૂતિ નાણી રે;
નંદિષેણ પણ રાગે નડિયા રે, શ્રુત–નિધિ પણ વેશ્યાવશ પડિયા રે. ૬

બાવીસ જિન પણ રહી[1] ઘરવાસે રે, વરત્યા પૂરવ રાગ-અભ્યાસે રે;
વજ્ર બંધ પણ જસ બલેં ત્રુટે રે, નેહ–તંતુથી તેહ ન છૂટે રે. ૭

દેહ-ઉચ્ચાટન અગ્નિનું દહવું રે,[2] ધણ-કુટ્ટન એ સવિ દુઃખ સહવું રે;
અતિ ઘણું રાતી જે હોય મજિઠરે, રાગ તણો ગુણ એહજ દિઠું રે. ૮

રાગ ન કરજો કોઈ નર કિણસ્યું રે,[3] નવિ રહેવાય તો કરજ્યો
મુનિસ્યું રે;
મણિ જિમ ફણિ–વિષનૂં તિમ તેહો રે, રાગનું ભેષજ સુજસ
સનેહો રે. ૯

---

૧૧ દ્વેષ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

શેત્રૂંજે જઈઈ લાલણ! શેત્રુંજે જઈએ, અથવા લાલનની દેશી

દ્વેષ ન ધરિયે લાલન! દ્વેષ ન ધરિયે,
દ્વેષ તજ્યાથી લાલન! શિવસુખ વરિયે.
લાલન! શિવસુખ વરિયે.

પાપસ્થાનક એ ઇગ્યારમું કૂડું;
દ્વેષરહિત ચિત્ત, હોએ સવિ રૂડું.
લાલન! હોય સવિ રૂડું. ૧

---

૧ રહ્યા. ૨ દેશ ઉચાટ અંગને દહવું રે. ૩ કુણસ્યું રે, કોઈસ્યું રે.

ચરણ કરણ ગુણ બની ચિત્રશાલી;
દ્વેષ ધૂમેં હોય, તે સવિ કાલી. લા૦ તે સવિ૦ ૨
દોષ બેતાલીસ શુદ્ધ—આહારો;
ધૂમ્ર દોષે હોય,[1] પ્રબલ વિકારો. લા૦ પ્રબલ૦ ૩
ઉગ્ર વિહાર ને તપ-જપ-ક્રિયા;
કરતાં દ્વેષેં તે, ભવ માંહે ફિરિયા. લા૦ ભવ૦ ૪
યોગનું અંગ અદ્વેષ છે પહિલું;
સાધન સવિ લહે, તેહથી વહેલું. લા૦ તેહથી૦ ૫
નિરગુણ તે ગુણવંત ન જાણે;
ગુણવંત તે ગુણ, દ્વેષમાં તાભ. લા૦ દ્વેષ૦ ૬
આપ ગુણી ને વલી ગુણરાગી;
જગમાંહે તેહની, કીરતિ જાગી. લા૦ કીરતિ૦ ૭
રાગ ધરીજે જિહાં ગુણ લહિયે;
નિરગુણ ઉપરે, સમચિત્ત રહિયે. લા૦ સમ૦ ૮
ભવ-થિતિ ચિંતન સુજસ વિલાસે;
ઉત્તમના ગુણ એમ પ્રકાશે. લા૦ એમ૦ ૯

૧૨ કલહ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

રાગ બંગાલો. કિસકે બે ચેલે કિસકે બે પૂત, અથવા રાગ જો મલે —એ દેશી

કલહ તે બારમું પાપનું સ્થાન,
દુર્ગતિ-વનનું મૂલ નિદાન; સાજન! સાંભલો;
મહોટો રોગ કલહ કાચ કામલો—આંકણી.

---

૧ તોય.

દંત–કલહ જે ઘર માંહે હોય,
લચ્છી–નિવાસ તિહાં નવિ જોય. સાજન! ૧

'શું સુંદરી! તું ન કરે સાર?'
'ન કરે નાપે[1] કાંઈ ગમાર?' સાજન!
'ક્રોધ મુખી તું તુજને ધિક્કાર!'
'તુજથી અધિકો કુણ કલિકાર'[2]? સાજન! ૨

સાહમું બોલે પાપિણી નિત્ય,
'પાપી તુજ પિતા જુઓ ચિત્ત;' સાજન!
દંત–કલહ ઈમ જેહને થાય,
તે દંપતિને સુખ કુણ ઠાય? સાજન! ૩

કાંટે કાંટે થાયે વાડ, બોલે બોલે વાધે રાડ; સાજન!
જાણીને મૌન ધરે ગુણવંત,
તે સુખ પામે અતુલ અનંત. સાજન! ૪

નિત્યે કલહણ—કોહણસીલ,
ભંડણસીલ વિવાદ ન સીલ;[3] સાજન!
ચિત્ત ઉતાપ ધરે જે એમ,
સંયમ કરે નિરર્થક તેમ. સાજન! ૫

કલહ કરીને ખમાવે જેહ,
લઘુ ગુરૂ આરાધક હોય તેહ; સાજન!
કલહ સમાવે તે ધન્ન ધન્ન,
ઉપશમ સાર કહ્યું સામન્ન. સાજન! ૬

---

૧ આપે. ૨ કલિકાલ. ૩ વિવાદ સલીલ.

નારદ નારી નિર્દય—ચિત્ત,
કલહ ઉદીરે ત્રિણે નિત્ય; સાજન!
સજ્જન-સુજસ-સુશીલ[૧] મહંત,
વારે કલહ સ્વભાવે સંત.[૨] સાજન! ૭

---

૧૩ અભ્યાખ્યાન પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી

પાપ સ્થાનક તે તેરમું છાંડીયે, અભ્યાખ્યાન દુરંતોજી;
અછતાં આલ જે પરનાં ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી. ૧
ધન ધન તે નર જે જિનમત ધરે.[૩]—એ આંકણી.
અછતે દોષે રે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે ઠાણોજી;
તે તે દોષે રે તેહને દુઃખ હોવે,[૪] ઈમ ભાંખે જિન-ભાણોજી. ધન૦ ૨
જે બહુ-મુખરીરે વળી ગુણ-મત્સરી,[૫] અભ્યાખ્યાની હોયજી;
પાતક લાગે રે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી. ધન૦ ૩
મિથ્યામતિનીરે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી;
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી. ધન૦ ૪
પરને દોષ[૬] ન અછતાં દીજિયે, પીજીયે જો જિન-વાણીજી;
ઉપશમ-રસસ્યું રે[૭] ચિત્તમાં ભીજીયે, કીજીયે સુજસ
કમાણીજી ધન૦ ૫

---

૧ તે શીલ. ૨ મહંત. ૩ જિનમતે રમે. ૪ દૂષિયે. ૫ મત્સરભર્યા. ૬ આલ. ૭ રસમાંરે.

૧૪. પૈશુન્ય પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

શિરોહીનો સાલૂ હો કે ઉપર જોધપુરી–એ દેશી

પાપસ્થાનક હો કે ચૌદમું આકરૂં,
પિશુનપણાનું હો કે વ્યસન છે અતિ બુરૂં;[૧]
અશન માત્રનો હો કે શુનક કૃતજ્ઞ છે,
તેહથી ભૂંડો હો કે પિશુન લવે પછે. ૧

બહુ ઉપકરિયે હો કે પિશુનને પરિ પરિ,
કલહનો દાતા હો કે હોય તે ઉપરિ;
દૂધે ધોયો હો કે વાયસ ઉજલો,
કિમ હોય પ્રકૃતેં હો કે જે છે સામલો? ૨

તિલહ તિલત્તણ હો કે નેહ છે ત્યાં લગે,[૨]
નેહ વિણઠે હો કે ખલ કહીયે જગે;
ઇમ નિઃસ્નેહી હો કે નિરદય હૃદયથી,
પિશુનની વાર્તા હો કે નવિ જાયે કથી. ૩

ચાડી કરતાં હો કે વાડી ગુણ તણી,
સૂકે ચૂકે હો કે ખેતી[૩] પુણ્ય તણી;
કોઈ નવિ દેખે હો કે વદન તે પિશુન તણું,
નિરમલ[૪] કુલને હો કે દિયે તે કલંક ઘણું. ૪

જિમ સજ્જન ગુણ હો કે પિશુનને દૂષિયે,
તિમ તિણે સહજે હો કે ત્રિભુવન ભૂષિયે;

---

૧ એ ખરૂં ૨ તિલહતિ લક્ષણ હો કે નેહ છે તિહાં લગે ૩ પાજ, ખ્યાતિ ૪ નિજ

ભસ્મે માંજ્યો હો કે દર્પણ હોય ભલો,
સુજસ સવાઈ હો કે સજ્જન સુકુલ[૧]-તિલો. ૫

૧૫. રતિ-અરતિ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

પ્રથમ ગોવાલા તણે ભવેજી—એ દેશી

જિહાં રતિ કોઈક કારણેજી, અરતિ તિહાં પણ હોય;
પાપસ્થાનક તે પનરમુંજી, તિણે એ એક જ જોય.[૨] ૧

સુગુણ નર! સમજો ચિત્તમઝાર—એ આંકણી.

×ચિત્ત અરતિ-રતિ પાંખશ્યુંજી, ઉડે પંખીરે નિત્ત;[૩]
પિંજર શુદ્ધ સમાધિમેંજી, રૂંધ્યો રહે તે મિત્ત સુગુણ૦ ૨

---

૧ સુકૃત ૨ હોય ૩ મિત્ત

× જૂઓ સ્વરચિત શ્રી વૈરાગ્ય કલ્પલતા પ્રથમ સ્તબકના નીચેના શ્લોક ૧૪૬-૧૪૭ તથા શ્રી અધ્યાત્મોપનિષદ્

"इतस्ततो नारतिवन्हियोगादुड्डीय गच्छेद्यदिचित्तसत्.।
समाधिसिद्धोषधिमूर्छितःसन्, कल्याणसिद्धेन तदा विलम्भः॥
इतस्ततो भ्राम्यति चित्तपक्षी, वितत्य यो रत्यरतिस्वपक्षौ।
स्वच्छंदतावारणहेतुरस्य, समाधिसत्पंजरयंत्रणैव॥

—જો ચિત્ત રૂપી પારો અરતિ રૂપી અગ્નિથી ઉડીને આમ તેમ ચાલ્યો ન જાય, અને સમાધિ રૂપી સિદ્ધ થયેલી ઔષધિથી જો તેને મૂર્છના અપાણી હોય તો કલ્યાણ (પક્ષે સુવર્ણની) સિદ્ધિ થવામાં વિલંબ ન થાય; ૧૪૬. જો ચિત્ત રૂપી રતિ અને અરતિ રૂપી પોતાની પાંખો વિસ્તારીને આમ તેમ ભમ્યાં કરે છે, તેના સ્વચ્છંદપણાને વારવાને સમાધિરૂપી ઉત્તમ પાંજરાની યંત્રણા જ એક હેતુભૂત છે. ૧૪૭.

મન–પારદ ઉડે નહિજી, પામી અરતિ–રતિ આગ;
તો હુયે સિદ્ધિ કલ્યાણનીજી, ભાવઠ જાયે ભાગ. સુગુણ૦ ૩

રતિ વશે અરતિ,[૧] ભૂતારત[૨] હોય જેહ;
તસ વિવેક આવે નહીજી, હોય ન દુઃખનો છેહ. સુગુણ૦ ૪

નહી રતિ–અરતિ છે વસ્તુથીજી, તે ઉપજે મન માંહિ;
અંગજ વલ્લભ સુત હુએોજી, યૂકાદિક નહિ કાંઈ. સુગુણ૦ ૫

મનકલ્પિત રતિ–અરતિ છેજી, નહિ સત્ય પર્યાય;
નહિ તો વેચી વસ્તુમાંજી, કિમ તે સવિ મિટિ જાય ? સુગુણ૦ ૬

*જેહ અરતિ–રતિ નવિ ગણેજી, સુખ દુઃખ હોય[૩] સમાન;
તે પામે જસ સંપદાજી, વાધે જગિ તસ વાન. સુગુણ૦ ૭

૧૬. ૫૨-પરિવાદ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

સાહિબ બાહુ જિનેસર વીનવું
અથવા નણદલ ચુડલે યૌવન ઝલરહ્યો–એ દેશી

સુંદર ! પાપસ્થાનક તજો સોલમું–પર–નિંદા અસરાલ હો;
સુંદર ! નિંદક જે મુખરી હુવે, તે ચોથો ચંડાલ હો. સુંદર ! ૧

૧ પરવસિ અરતિ રતિ કરીજી ૨ ભૂતાર્ત ૩ હેતુ
*लाभेऽप्यलाभेऽपि च सुखे च दुःखे।
ये जीवितव्ये मरणे च तुल्या.
रत्याप्यरत्याप्यनिरस्तभावाः
समाधिसिद्धा मुनयस्तएव॥ १४४
वैराग्यकल्पलता प्रथम स्त.

સું૦ જેહને નિંદાનો ઢાલ છે, તપ–ક્રિયા તસ ફોક હો;
સું૦ દેવ કિલ્બિષ તે ઉપજે, એહ ફલ રોકારોક હો. સું૦ ૨

સું૦ ક્રોધ અજીરણ તપતણું, જ્ઞાન તણું અહંકાર હો;
સું૦ પરનિંદા ક્રિયા તણું, વમન અજીર્ણ આહાર હો. સું૦ ૩

સું૦ નિંદકનો[2] જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નિંદ હો;
સું૦ નામ ધરી જે નિંદા કરે, તેહ મહા મતિમંદ હો. સું૦ ૪

સું૦ રૂપ ન કોઈનું ધારીયે, દાખીયે નિજ નિજ રંગ હો;
સું૦ તેહમાંહિ કોઈ નિંદા નહિ, ઓલે બીજું અંગ હો. સું૦ ૫

સું૦ 'એ કુશીલને'[3] ઈમ કહે, 'કોપ હુઓ' જેહ ભાખે હો;
સું૦ તેહ વચન નિંદકનો તણું, દશવૈકાલિક સાખે હો. સું૦ ૬

સું૦ દોષ નજરથી નિંદા હુએ, ગુણ–નજરે હુએ રાગ હો;
સું૦ જગ સવિ ચાલે માદલ-મળ્યો, સર્વ-ગુણી વીતરાગ હો. સું૦ ૭

સું૦ નિજ સુખ કનક કચોલડે, નિંદક પરિમલ[4] લેઈ હો;
સું૦ જેહ ઘણા પર–ગુણ ગ્રહે, સંત તે વિરલા કોઈ હો. સું૦ ૮

સું૦ પર–પરિવાદ વ્યસન તજો, મ કરો નિજ–ઉત્કર્ષ હો;
સું૦ પાપ-કરમ ઈમ સવિ ટલે, પામે સુજસ[5] તે હર્ષ હો. સું૦ ૯

---

૧ આ દેશી સ્વકૃત વીશીના બીજા જિનસ્તવનની પહેલી કડીની છે.
૨ નિંદાનો ૩ કુશીલણી ૪ પરમલ ૫ શુભ જસ

૧૭. માયા–મૃષાવાદ પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

સખિ ચતર મહિને ચાલ્યા;
અથવા ચૈત્રે ચતુરા કિમ રહસે ! – એ દેશી

સત્તરમું પાપનું ઠામ, પરિહરજો[1] સદ્‌ગુણ ધામ;
જિમ વાધે જગમાં મામ હો લાલ,
માયા–મોસ નવિ[2] કીજીયે–એ આંકણી.

એ તો વિષને વલીય વધાર્યું, એ તો શસ્ત્રને અવલું ધાર્યું;
એ તો વાઘનું બાલ વઢાર્યું હો લાલ માયા૦ ૨

એ તો માયી ને મોસાવાઈ, થઈ મોટા ઠરે ય ઠગાઈ;
તસ હેઠે ગઈ ચતુરાઈ હો લાલ. માયા૦ ૩

બગલાં પરે પગલાં ભરતાં, થોડું બોલે જાણે મરતાં;
જગ ધંધે ઘાલે ફિરતાં હો લાલ. માયા૦ ૪

જે કપટી બોલે જૂઠું, તસ લાગે પાપ અપૂઠું;
પંડિતમાં હોય મુખ ભૂંઠું હો લાલ. માયા૦ ૫

ઠંભીનું જૂઠું મીઠું, તે નારી–ચરિત્રે દીઠું;
પણ તે છે દુર્ગતિ–ચીઠું હો લાલ. માયા૦ ૬

જે જૂઠો દિએ ઉપદેશ, જનરંજનેં ધરે વેશ;
તેહનો જૂઠો સકલ કલેશ હો લાલ. માયા૦ ૭

૧–પરિહરયો. ૨–ન.

તેણે ત્રીજો મારગ ભાખ્યો, વેષ નિંદે દંભે રાખ્યો;
શુદ્ધ-ભાષકે શમ-સુખ ચાખ્યો હો લાલ. માયા૦ ૮

જૂઠું બોલી ઉદર જે ભરવું, કપટીને વેષે ફરવું;
તે જમવારે સ્યું કરવું? હો લાલ. માયા૦ ૯

પંડે જાણે તો પણ દંભે, માયા-મોસને અધિક અચંભે;
સમકિતદૃષ્ટિ મન થંભે હો લાલ. માયા૦ ૧૦

શ્રુત-મર્યાદા નિરધારી, રહ્યા માયા-મોસ નિવારી;
શુદ્ધ-ભાવકની બલિહારી હો લાલ. માયા૦ ૧૧

જે માયાએ જૂઠ ન બોલે, જગ નહિ કોઈ તેહને તોલે;
તે રાજે સુજસ અમોલે હો લાલ. માયા૦ ૧૨

૧૮. મિથ્યાત્વશલ્ય પાપસ્થાનક સ્વાધ્યાય

—(*)—

ઉત્સર્પિણી અવસર્પિણી આરા-એ દેશી; થોઈની દેશી

અઢારમું જે પાપનું થાનક, તે મિથ્યાત્વ પરિહરીયેજી,
સત્તરથી પણ તે એક ભારી,[૧] હોય તુલાયે જો ધરીયેજી;
કષ્ટ કરો પરિ પરિ દમો અપ્પા, ધર્મ અર્થે ધન ખરચોજી,
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું, તિણે તેહથી તુમે વિરચોજી.[૨] ૧

ક્રિયા કરતો ત્યજતો પરિજન, દુઃખ સહતો મન રીઝેજી,
અંધ ન જીતે પરની સેના, તિમ મિથ્યાદૃષ્ટિ ન[૩] સીઝેજી;

૧-ભારે. ૨-વિરમોજી. ૩-મિથ્યાત્વી નવિ.

વીરસેન શુરસેન દૃષ્ટાંતે, સમકિતની નિર્યુક્તેં જી,
જોઇને ભલી પરે મન ભાવો, એહ અરથ વર યુક્તેં જી. ૨

ધર્મે અધર્મ–અધર્મે ધર્મહ, સન્ના મગ્ગે ઉમગ્ગાજી,
ઉન્માર્ગે[1] મારગની સન્ના,–સાધુ અસાધુ સંલગ્ગાજી;
અસાધુમાં સાધુની સન્ના,[1] જીવે અજીવ અજીવે જીવ વેદ્યોજી,
મુત્તેં અમુત્ત અમુત્તે મુત્તિહ, સન્ના એ દશ ભેદ્યોજી. ૩

અભિગ્રહિક નિજ નિજ મતે અભિગ્રહ,
અનભિગ્રહિક સહુ સરિખાજી,
અભિનિવેશી જાણતો કહે જૂહું, કરે ન તત્ત્વ—પરિખ્ખાજી;
સંશય તે જિન–વચનની શંકા, અવ્યક્તેં અનાભોગાજી,
એ પણ પાંચ ભેદ છે વિશ્રુત, જાણે સમજુ લોગાજી. ૪

લોક લોકોત્તર ભેદ એ ષડ્‌વિધ, દેવ ગુરૂ વલી પર્વજી,
સંગતિ[2] તિહાં લૌકિક ત્રિણ આદર, કરતાં પ્રથમ તે ગર્વજી;
લોકોત્તર દેવ માને નિયાણે, ગુરૂ જે લક્ષણ–હીણાજી,
પર્વ નિષ્ટેં ઇહ લોકને કાજે, માને ગુરૂપદ–લીનાજી. ૫

ઇમ એકવીશ મિથ્યાત્વ ત્યજે જે, ભજે ચરણ ગુરૂ કેરાજી,
સજે ન પાપે રજે ન રાખે, મત્સર–દ્રોહ અનેરાજી;
સમકિત–ધારી શ્રુત–આચારી, તેહની જગ બલિહારીજી,
શાસન સમકિતને આધારે[3] તેહની કરો મનોહારીજી. ૬

મિથ્યાત્વ તે જગ પરમ રોગ છે, વલીય મહા અંધકારોજી,
પરમ શત્રુને પરમ શસ્ત્ર તે, પરમ નરક–સંચારોજી;

૧–મતિ. ૨–શકતે. ૩–આરાધે.

પરમ દોહુગ ને પરમ દરિદ્ર તે, પરમ સંકટ તે કહીયેજી,
પરમ કંતાર પરમ દુર્ભિક્ષ તે, તે છાંડે સુખ લહીયેજી ૭

જે મિથ્યાત્વ લવલેશ ન રાખે, શૂધો મારગ ભાખેજી,
તે સમકિત-સુરતરૂ-ફલ ચાખે, રહે વલિ અણીયે આંખેજી;
મ્હોટાઈ શી હોય ગુણ પાખે?, ગુણ પ્રભુ સમકિત દાખેજી,
શ્રી નયવિજય વિબુધપય સેવક, વાચક જસ ઇમ ભાખેજી.[1] ૮

ઇતિ સકલ પંડિત શિરોમણિ મહોપાધ્યાય શ્રી
યશોવિજય વાચક વિરચિત શ્રી અષ્ટાદશ
પાપસ્થાનક સ્વાધ્યાય સંપૂર્ણ.

૧-આખેજી.

શ્રી પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય

ૐ નમઃ

પ્રસ્તાવ

—(*)—

દૂહા

શ્રી જિનવર પ્રણમી કરી, પામી સુગુરૂ પસાય;
હેતુગર્ભ પડિક્કમણાનો, કરશ્યું સરસ સઝાય. ૧
સહજ–સિદ્ધ જિન વચન છે, હેતુ–રૂચિને હેતુ;
દેખાડે મન રીઝવા, જે છે પ્રવચન–કેતુ. ૨
જસ ગોઠેં હિત ઉલ્લસે, તિહાં કહીજે 'હેતુ';
રીઝે નહિ બૂઝે નહિ, તિહાં હુઈ હેતુ 'અહેતુ'. ૩
હેતુ યુક્તિ સમઝાવીએ, છે છોડી સવિ ધંધ;
તેહજ હિ[1] તુમે જાણજો, આ અપવર્ગ સંબંધ. ૪

પ્રતિક્રમણ અને તેના છ પ્રકાર

ઢાલ પહેલી

—(*)—

ઋષભનો વંશ રયણાયરો—એ દેશી

પડિક્કમણ તે આવશ્યક, રૂઢિ સામાન્ય પયત્થો રે;
સામાયિક–ચઉવીસત્થો, વંદન–પડિક્કમણત્થો રે, ૧

૧–હિત.

શ્રુત-રસ ભવિયાં! ચાખજો, રાખજો ગુરૂકુલ-વાસો રે;
ભાખજો સત્ય, અસત્યને નાખજો, હિત એ અભ્યાસો રે. ૨

શ્રુતરસ ભવિયાં! ચાખજો.—એ આંકણી.

કાઉસ્સગ્ગ ને પચ્ચખાણ છે, એહમાં ષટ અધિકારો રે;
સાવદ્ય યોગથી વિરમવું, જિન-ગુણ-કીર્તન સારો રે. શ્રુત૦ ૩

ગુણવંતની પ્રતિપત્તિ તે, અતિક્રમ નિંદા ઘણેરી રે;
વ્રણ-ચિકિત્સા ગુણ-ધારણા, ધુરિ શુદ્ધિ ચારિત્ર કેરી રે. શ્રુત૦ ૪

બીજે દર્શનના આચારની, જ્ઞાનાદિક તણી ત્રીજે રે;
ચોથે અતિચાર અપનયનની, શેષ શુદ્ધિ પાંચમે લીજે રે. શ્રુત૦ ૫

છઠે શુદ્ધિ તપ-આચારની, વીર્યાચારની સર્વે રે;
અધ્યયને ઓગણત્રીશમે, ઉત્તરાધ્યનને ગર્વે રે. શ્રુત૦ ૬

અરધ નિબુડ રવિ ગુરૂ, સૂત્ર કહે કાલ પૂરો રે;
દિવસનો રાતનો જાણીયે, દસ પડિલેહણથી સૂરો રે. શ્રુત૦ ૭

મધ્યાન્હથી અધરાતિતાઇં, હુએ દેવસી અપવાદે રે;
અધરાત્રિથી મધ્યાન્હતાઇં, રાઇય યોગ-વૃત્તિ નાદે રે. શ્રુત૦ ૮

સકલ સકલ દેવ ગુરૂ નતિં, ઇતિ બારે અધિકારે રે;
દેવ વાંદી ગુરૂ વાંદીએ, વર ખમાસમણ તે ચ્યારે રે. શ્રુત૦ ૯

સિદ્ધિ લોકે પણ કાર્યની, નૃપ-સચિવાદિક ભકતેં રે;
ગુરૂ-સચિવાદિક થાનકે, નૃપ જિન સુજસ સુયુકતેં રે. શ્રુત૦ ૧૦

બાર અધિકાર

ઢાલ બીજી

—(*)—

રાગ મારૂણી. ગિરિમાં ગિરૂઓ મેરૂ ગિરિવરૂરે–એ દેશી

પઢમ અહિગારેં વંદુ ભાવ–જિણોસરૂ રે, બીજે દવ્વ–જિણું દ;
ત્રીજે રે ત્રીજે રે, ઇગ ચેઇઅ ઠવણા જિણા રે. ૧

ચોથે નામ–જિણુ, તિહુઅણુ ઠવણુ–જિના નમું રે, પંચમે છઠે તેમ;
વંદુ રે વંદુ રે, વિહરમાન જિન કેવલી રે. ૨

સત્તલ અધિકારે, સુય–નાણુ વંદિએ રે, અઠમ થુઈ સિદ્ધાણુ;
નવમેં રે નવમેં રે, થુઇ તિત્થાહિવ વીરની રે. ૩

દશમેં ઉજ્જયંત થુઈ વલિય ઇગ્યારમેં રે, ચાર-આઠ-દસ-દોઇ;
વંદો રે વંદો રે, અષ્ટાપદ–જિન જિન કહ્યા રે. ૪

બારમેં સમ્યગ્દૃષ્ટિ, સુરની સમરણા રે, એ બારે અધિકાર;
ભાવો રે ભાવો રે, દેવ વાંદતાં ભવિજનાં ! રે. ૫

વાંદું છું ઇચ્છકારી સમસ્ત શ્રાવકો રે,[૧] ખમાસમણ ચઉ દેઇ;
શ્રાવક રે શ્રાવક રે, ભાવક,[૨] સુજસ ઇસ્યું ભણે રે. ૬

૧–સમ સુશ્રાવકો રે. ૨–વાચક.

અતિચાર-શુદ્ધિ અને પ્રતિક્રમણના આઠ પર્યાય

ઢાલ ત્રીજી

—(*)—

સાહિબા રંગીલા હમારા—એ દેશી

હવે અતિચારથી શુદ્ધિ ઇચ્છાએ, અતિચાર-ભાર-ભરિત નત કાયે,
ઉદ્યમી! ઉપયોગ સંભાલો, સંયમી! સવિ પાતિક ટાલો,—
'સવ્વસ્સવિ દેવસિય ઇચ્ચાઇ', પ્રતિક્રમણ બીજક મન લાઈ. ૧
ઉદ્યમી! ઉપયોગ સંભાલો—એ આંકણી.

જ્ઞાનાદિક માંહે ચારિત્રસાર, તદાચાર શુદ્ધિ અર્થ ઉદાર; ઉ૦
'કરેમિ ભંતે' ઇત્યાદિક સૂત્ર, ભણી કાઉસ્સગ્ગ કરો પવિત્ર. ઉ૦ ૨
ચિંતવો અતિચાર તે પ્રાંત, પડિલેહણથી લાગા જે ભ્રાંત; ઉ૦
'સયનાસણ' ઇત્યાદિક ગાથા, ભાવને તિહાં મત હોજો થાંથા. ઉ૦ ૩
ઇમ મનસા ચિંતન ગુરૂ-સાખે, આલોવા અર્થે ગુરૂ દાખે; ઉ૦
શ્રાદ્ધ ભણે અડગાથા અર્થો, કાઉસ્સગ્ગ પારી ચઉવિસત્થો. ઉ૦ ૪
સાંડાસા પડિલેહી બેસે, મુહપત્તિ તનુ પડિલેહે વિશેષે; ઉ૦
કાઉસ્સગ્ગ અવધારિત અતિચાર, આલોવા દે વંદન સાર. ઉ૦ ૫
અવગ્રહ માંહિ રહિએ નત અંગ, આલોએ દેવસી જે ભંગ; ઉ૦
'સવ્વસ્સવિ દેવસિઅ ઇચ્ચાઇ', ઉચ્ચરતો ગુરૂ-સાખે અવાઈ ઉ૦ ૬
મન-વચ-કાય સકલ અતિચાર, સંગ્રાહક એ છે સુવિચાર; ઉ૦
'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!', પાયચ્છિત્ત તસ માગે તપધન. ઉ૦ ૭

'પડિક્કમહ' ઇતિ ગુરૂ પણ ભાખે,
પડિક્કમણાજ્ય પાયચ્છિત્ત દાખે; ૩૦
સ્વસ્થાનકથી જે બહિગમણ, ફિરી આવે તે છે 'પડિક્કમણ' ૩૦ ૮
પડિક્કમણ, પડિઅરણ, પવત્તિ, પરિહરણા, વારણા, નિવત્તિ; ૩૦
નિંદા, ગરહા, સોહી અઠ, એ પર્યાય સુજસ સુગરીઠ. ૩૦ ૯

પ્રતિક્રમણ વિધિ

—(*)—

ઢાલ ચોથી

—(*)—

પ્રથમ જોવાલા તણે ભવેજી—એ દેશી

એસી'નવકાર' કહી હવેજી, કહે 'સામાયિક' સુત્ત;
સફલ નવકારથી જીવનેજી, પડિક્કમવું સમચિત્ત.
મહાજસ! ભાવો મનમાં રે હેત એ આંકણી. ૧
'ચત્તારિ મંગલ' મિત્યાદિકેજી, મંગલ અર્થ કહેઈ;
'ઇચ્છામિ પડિક્કમિઉં' ઇત્યાદિકેજી,
દિન અતિચાર આલોઈ. મહાજસ!૦ ૨
'ઇરિયાવહિ' સુત્ત ભણેજી, વિભાગ આલોયણ અત્થ;
'તસ્સ ધમ્મસ્સ' લગે ભણેજી, શેષ વિશુદ્ધિ સમર્થ. મહાજસ!૦ ૩
શ્રાવક આચરણાદિકેજી, 'નવકાર' 'સામાયિક સૂત્ર;'
'ઇચ્છામિ પડિક્કમીઉં' કહી કહેજી, શ્રાદ્ધ સૂત્ર સુપવિત્ર. મહા૦ ૪

અતિચાર–ભાર–નિવૃત્તિથીજી, હલુઓ હોઈ ઉઠેઈ;
'અબ્ભુઠિઓ મિ' ઇત્યાદિકેંજી, સૂત્રમુનિ શેષ[1] કહેઈ. મહા૦ ૫
અવગ્રહ ખમાસમણ વંદણુંજી, તીન ખમાવેરે દેઇ;
પંચાદિક મુનિ જે હુએજી, કાઉસ્સગ્ગાર્થ ફિરેઈ. મહા૦ ૬
ભૂમિ પુંજી અવગ્રહ વહીજી, પાછે પગે નિસરેઇ;
આયરિય ઉવઝાય ભલે ભણેજી, અભિનય[2] સુજસ કહેઈ. મહા૦ ૭

દેવસી પ્રતિક્રમણ વિધિ (ચાલુ)

ઢાલ પાંચમી

—(*)—

રસિયાની દેશી

આલોયણ પડિક્કમણે અશુદ્ધ જે, ચારિત્રાદિક અતિચાર; ચતુર નર!
કાઉસગ્ગ તેહની શુદ્ધિ અર્થે કહ્યો, પહિલો ચારિત્ર શુદ્ધિકાર.
ચતુર નર! ૧
પરીક્ષક હો તો હેતુને પરખજો, હરખજો હિયડલા માંહિ; ચ૦
નિરખો રચના સદ્‌ગુરૂ કેરડી, વરષો સુરસ ઉછાહિ. ચતુર૦ ૨
પરીક્ષક હો તો હેતુને પરખજો—એ આંકણી.
ચારિત્ર કષાય–વિરહથી શુદ્ધ હોએ, જાસ કષાય ઉદગ્ર; ચ૦
ઉચ્છુ પુષ્પ પરિ નિઃફલ તેહનું, માનું ચરણ સમગ્ર. ચ૦ ૩
તેણે કષાયતણા ઉપશમ ભણી, આયરિય ઉવઝાય ઇત્યાદિ; ચ૦
ગાથાત્રય ભણી કાઉસ્સગ્ગ કરો, 'લોગસ્સ' દોઈ અપ્રમાદિ ચ૦
પરી૦ ૪

---

૧ સૂત્ર નિઃશેષ. ૨ અભિનમ.

'કરેમિભંતે' ઈત્યાદિ ત્રય કહી, ચારિત્રનો એ ઉસ્સગ્ગ; ચ૦
'સામાયિક' ત્રય પાઠ તે જાણીએ, આદિ મધ્યાંત[1] સુહસગ્ગ.
ચ૦ પરીક્ષક૦ ૫

પારી 'ઉજ્જોય' ને 'સવ્વલોએ' કહી, દર્શનાચાર શુદ્ધિસઠ્ઠ; ચ૦
એક 'ચઉવિસત્થા'નો કાઉસ્સગ્ગ કરે, પારી કહે 'પુખરવરદીવઢ્ઢે'.
ચ૦ પરીક્ષક૦ ૬

'સુયસ્સ ભગવઓ' કહી 'ચઉવીસત્થય,' કાઉસ્સગ્ગ કરિ પારે
દંત; ચ૦
સકલાચાર ફલ સિદ્ધ તણી થૂઈ, 'સિદ્ધાણું બુદ્ધાણું' કહે
મહંત. ચ૦ પરીક્ષક૦ ૭

તિત્થાધિપ વીરવંદન રૈવતમંડન, શ્રી નેમિનતિ તિત્થસાર; ચ૦
અષ્ટાપદ નતિ કરી સુયદેવયા, કાઉસ્સગ્ગ નવકાર.
ચ૦ પરીક્ષક૦ ૮

ક્ષેત્રદેવતા કાઉસ્સગ્ગ ઈમ કરો, અવગ્રહ યાચન હેત; ચ૦
પંચ મંગલ કહી પુંજી સંડાસગ, મુહપત્તિ વંદન હેત,
ચ૦ પરીક્ષક૦ ૯

'ઇચ્છામો અણુસઠ્ઠિ' કહી ભણે, સ્તુતિ ત્રય અર્થગંભીર; ચ૦
આજ્ઞા કરણ નિવેદન વંદન, ગુરૂ અનાદેશ શરીર. ચ૦ પરીક્ષક૦ ૧૦

દેવસિયે ગુરૂ ઇક 'થુતિ' જવ કહે, પકિખઆઇકે કહે તીન; ચ૦
સાધુ શ્રાવક સહુ સાથે થુઈ કહે, **સુજસ** ઉચ્ચ સ્વર લીન.
ચ૦ પરીક્ષક ૧૧

---

૧ મધ્યતે.

દેવસી પ્રતિક્રમણ વિધિ (ચાલુ)

ઢાલ છઠ્ઠી

—(*)—

નમસ્કાર સ્વકૃત જગન્નાથ જેતા શ્લોકની દેશી

શ્રાદ્ધી સુસાધવી તે કહે ઉચ્છાહા, 'સંસાર દાવાનલ' તીન ગાહા;
ન સંસ્કૃતે છે અધિકાર તાસ, કેહી કહે એકહી પૂર્વ ભાસ. ૧
અછે તીર્થ એ વીરનું તેણું હર્ષે,
પ્રતિક્રમણ નિર્વિઘ્ન થુઈ તાસ કર્ષે;
કહી 'શક્રસ્તવ' એક જિન-સ્તવન ભાખે,
કૃતાંજલિ સુણઈ અપર 'વરકનક' ભાખે[1] ૨
'નમોર્હત્' થકી દેવ ગુરૂ ભજન એહ,
ધુરિ અંતે વલી સફલતા કર અછેહ;
યથા 'નમુત્થુણં' ધુરિ અંતે 'નમો જિણાણું'
જિણ વંદન ઈકિ[2] 'સક્કત્થય' દુગ પમાણું. ૩
દુબદ્ધં સુબદ્ધં તિલોગસ્સ ચ્યાર, કાઉસ્સગ્ગ કરે દેવસી શુદ્ધિકાર;
પારી કહીય 'લોગસ્સ' મંગલ ઉપાય,
'ખમાસમણ' દોઈ દેઈને કરે સઝાય. ૪
જાવ પોરિસી મૂલવિધિ હોઈ સઝાય, ઉત્કૃષ્ટ તે દ્વાદશાંગી અધ્યાય;
પરિહાણિથી જાવ નમુક્કાર હોઈ, સામાચારિ વશ પંચ
ગાથા પલોઈ. ૫

---

૧ સાથે. ૨ જિનવંદણે.

કહી પડિક્કમણે પંચ આચાર સોહિ,
તિહાં દીસે એ તિણહ દુણહંણુ હોઈ;
ઈરિયું પભણિ તપ વીર્ય આચાર શુદ્ધિ,
અવશ્યે હુઈ જો હોઈ ત્રિક વિશુદ્ધિ. ૬
પ્રતિક્રમણ–પચ્ચખાણ–ચઉવિહાર મુનિને,
યથાશક્તિ પચ્ચખાણ શ્રાવક સુમનને;
કાઉસ્સગ્ગ અંતરંગ તપનો આચાર;
વલિ વીર્યનો ફોરવે શક્તિસાર. ૭
પ્રતિક્રમણ પદથી ક્રિયા કર્તૃ કર્મ,
જણાએ તિહાં પ્રતિક્રમણ ક્રિયા મર્મ;
પ્રતિક્રમણ કર્ત્તા તે સાધ્વાદિ કહીએ,
સુદૃષ્ટિ સુઉપયુક્ત યતમાન લહિએ. ૮
પ્રતિક્રમ્ય તે કર્મ–ક્રોધાદિ જાણો,
ટલે તેહ તો સર્વ લેખે પ્રમાણો;
મલે જો સુજનસંગ દૃઢરંગ પ્રાણી,
ફલે તો સકલ કજ એ સુજસ વાણી. ૯

રાઇ પ્રતિક્રમણ વિધિ

ઢાલ સાતમી

—(*)—

બ્રહ્મચર્યના દશ કહ્યા અથવા જૂએ જૂએ અચરિજ અતિભલું–એ દેશી

દેવસી પડિક્કમણ વિધિ કહ્યો, કહિએ હવે રાઇનો તેહરે;
'ઈરિય' પડિક્કમિય 'ખમાસમણ'સ્યું, 'કુસુમિણ દુસુમિણ' જેહરે. ૧
ચતુર નર! હેતુ મન ભાવજો–એ આંકણી.

તેહ ઉપશમ કાઉસ્સગ્ગ કરેા, ચાર 'લેાગસ્સ' મનિ પાઠરે;
'દિઠિ-વિપરિયાસ' સેા ઉસ્સારાનેા,
'ધી-વિપરિયાસ' શત આઠરે. ચતુર૦ ૨

'ચિઈ વંદન' કરિય સઝાય મુખ, ધર્મવ્યાપાર કરે તાવરે;
જાવ પડિક્કમણુ વેલા હુએ, ચઉ 'ખમાસમણુ' દિએ ભાવરે.
ચતુર૦ ૩

'રાઈ પડિક્કમણુ ઠાઉં' ઈમ કહી, 'સવ્વસ્સવિ રાઇ' કહેઈ રે;
'સક્કત્થય' ભણી 'સામાયિક' કહી, 'ઉસ્સગ્ગ' એક ચિંતેઈ રે.
ચતુર૦ ૪

બીજે એક દર્શનાચારનેા, ત્રીજે અતિચાર ચિંતરે;
ચારિત્રનેા તિહાં એક હેતુ છે, અલ્પ વ્યાપાર નિસિ ચિત્તરે.
ચતુર૦ ૫

પારી 'સિદ્ધસ્તવ' કહી પછે, જાવ કાઉસ્સગ્ગ વિહિ પુગ્વરે;
પ્રત્યેક કાઉસ્સગ્ગ પડિક્કમણુથી, અશુદ્ધનેા શેાધ એ અપુગ્વરે.
ચતુર૦ ૬

ઈહાં વીર છમાસી તપ ચિંતવે, હે જીવ! તું કરી શકે તેહરે;
ન શકું એ ગાઈ ઈગુણુતિસતાં, પંચ માસાદિ પણ જેહરે. ચતુર૦ ૭

એક માસ જાવતેર ઊણેડા, પછે ચઉતિસ માંહિ હાણીરે;
જાવ ચઉથ આંબિલ-પેારિસિ,-નમુક્કારસી યેાગ જાણીરે. ચતુર૦ ૮

શક્તિ તાંઈ ચિત્ત ધરી પારીએ, મુહપત્તિ વંદન પચ્ચખ્ખાણુરે;
'ઇચ્છામેા અણુસટ્ઠિ' કહી તિગ થુઈ,-થય-ચિઈવંદણ સુહજાણુરે.
ચતુર૦ ૯

સાધુ વલી શ્રાદ્ધકૃત પૌષધો, માગે આદેશ ભગવન્નરે;
'બહુવેલ સંદિસાઉં' 'બહુવેલ કરૂં,' લઘુતર અનુમતિ મન્નરે.
ચતુર૦ ૧૦

ચઉ ખમાસમણ વંદે મુનિ, 'અઠ્ઠાઇજ્જેસુ' તે કહે સડ્ઢરે;
કરેરે પડિલેહણ ભાવથી, સુજસ મુનિ વિદિત સુગુણડ્ઢરે. ચ૦ ૧૧

પખી પ્રતિક્રમણ વિધિ

ઢાલ આઠમી

–(*)–

મધુ બિંદુઆની, અથવા સરસતી ! મુઝરે માતા ! દિયો બહુમાન રે–એ દેશી

હવે પખિયરે ચઉદસિ દિનસુધી પડિક્કમે
પડિકમતાંરે નિત્ય, ન પર્વ અતિક્રમે;
ગૃહશોધ્યુંરે પ્રતિદિન તો પણ શોધીયે,
પખસંધિરે ઇમ મન ઇહાં અનુરોધિયે.

ત્રૂટક

અનુરોધિયે ગુરૂ ક્રમ વિશેષે, ઉત્તર કરણ એ જાણીએ,
જિમ ધૂપ લેપન વર વિભૂષણ, તૈલ ન્હાણે માણીએ;
મુહપત્તી વંદણ સંબુદ્ધ ખામણ, તીન પાંચ પાંચ શેષ એ,
પકિખ આલોયણ અતિચારા, લોચના સુવિશેષ એ. ૨

ઢાલ

'સવ્વસ્સવિ'રે 'પકિખયસ્સ' ઇત્યાદિક ભણી,
પાયચ્છિત્તરે ઉપવાસાદિક પડીસુણી;[૧]

---

૧ પણિ સુણી

વંદણ દેઈ રે પ્રત્યેક ખામણાં ખામીએ,
'દેવસિયં આલોઇયં' ઇત્યાદિક વિશ્રામિએ. ૩

ત્રૂટક

વિશ્રામિએ સામાયિક સૂત્રે, ખમાસમણ દેઈ કરી,
કહે એક પખ્ખી સૂત્ર બીજા, સુણે કાઉસ્સગ્ગ ધરી;
પાખી પડિકમણ સૂત્ર કહીને, સામાયિક ત્રિક ઉચ્ચરી,
'ઉઝ્ઝોઅ' બાર કરે કાઉસ્સગ્ગ હર્ષ નિજ હિઅડે ધરી. ૪

ઢાલ

મુહપત્તીરે પડિલેહી વંદણ દિએ,
સમાપ્ત ખામણાં રે ખમાસમણ દેઈ ખામિએ;
ખમાસમણ ત્યારે રે પાખી ખામણાં ખામને,
'ઇચ્છામો અણુસઠિં' કહી દેવસી પરિણામને. ૫

ત્રૂટક

પરિણામને સવિ 'ભવનદેવી,' 'ક્ષેત્ર દેવી' મા ભલી;
તોપણ વિશેષે ઇહાં સંભારો, 'અજિત-શાંતિ-સ્તવ'વલી.
ઇહાં જ્ઞાનાચારની શુદ્ધિ, વંદન 'સંબુદ્ધ ખામણે' જાણીયે;
દર્શનાચારની 'લોગસ્સ' પ્રગટે, કાઉસ્સગ્ગ પ્રમાણીયે. ૬

ઢાલ

પ્રમાણેરે અતિચાર 'પ્રત્યેક ખામણે',
પાખી સૂત્ર હુંગે ચારિત્ર-શુદ્ધિ પાખી ખામણે;
કાઉસ્સગ્ગેરે તપ આચારની ભાખને,
સઘલે આરાધ્યે વીર્યાચારની દાખને. ૭

ચઉમાસી વરસી પ્રતિક્રમણ

ત્રૂટક

દાખ્યો ચઉમાસ વરસી, પડિક્કમણાનો ભેદએ;
ચઉમાસી વીસ દુવીસ મંગલ, ઉસગ્ગ વરસિ નિવેદ એ;
પાખી ચોમાસી પંચ વરસે, સગ દુશેષે ખામીએ;
સઝાય ને ગુરુ શાંતિ વિધિસ્યું, **સુજસ** લીલા પામીએ. ૮

પ્રતિક્રમણનો અર્થ

ઢાલ નવમી

—(*)—

મેરે લાલ અથવા લૂખો લલના વિષયનો—એ દેશી

નિજ થાનકથી પર થાનકે, મુનિ[1] જાએ પ્રમાદે જેહ, મેરે લાલ.
ફિરિ પાછું થાનકે આવવું, 'પડિક્કમણું' કહિયે તેહ, મેરે લાલ. ૧

પડિક્કમણે આનંદ ભોજમાં, ત્યજી ખેદાદિક અડ દોષ મેરે લાલ;
જિમ જિમ અધ્યાતમ જાગશે, તિમતિમ હોરયે ગુણ. પોષ મે૦
પડિક્કમણે આનંદ ભોજમાં. એ આંકણી. ૨

'પડિક્કમણું' મૂલ પદે કહ્યું, અણકરવું પાપનું જેહ મેરે૦
અપવાદે તેહનું હેતુએ, અનુબંધ તે શમ–રસ–મેહ મે૦ પડિ૦ ૩

---

૧ મુનિ.

પ્રતિક્રમકને પ્રતિક્રમણે કરી, અધ-પ્રતિ કર્તવ્ય અન્નાણ મે૦
શબ્દાર્થ સામાન્યે જાણીએ, નિંદા સંવર પચ્ચખાણ મે૦ પડિ૦ ૪
પડિક્કમણું ને પચ્ચખાણ છે, ફલથી વર આતમ નાણ મે૦
તિહાં સાધ્ય-સાધન-વિધિ જાણજો,
ભગવઈ અંગ **સુજસ** પ્રમાણ મેરે લાલ પડિ૦ ૫

પ્રતિક્રમણનો બીજો પર્યાય પ્રતિકરણ

ઢાલ દશમી

—(*)—

નંદલાલ વનવે વાંસલી અથવા તું મતવાલે સાજના-એ દેશી

પડિક્કમણ પદારથ આસરી, કહું અખ્ખતણો દિઠું તો રે;
ઈક પુરે નૃપ છે તે માહિરે, ઘર કરવાને સંભ્રંતો રે.[૧] ૧
તુમ્હે જોજોરે ભાવ સોહામણો, જે વેધક હુએ તે જાણે રે;
મૂરખ તે ઔષધ કાનનું, આંખે ઘાલી નિજમતિ તાણે રે. ૨
તુમ્હે જોજો રે ભાવ સોહામણો-એ આંકણી.
તિહાં બાંધ્યું સૂત્ર ભલે દિને, રખવાલા મેલ્યા સારા રે;
'હણવો તે જે ઈહાં પેસશે', ઈસ્યા કીધા પૂકારા રે. તુમ્હે૦ ૩
'જે પાછે પગલે ઓસરે, રાખીજે તેહના પ્રાણ રે';
ઈમ કહી તે સજજ હુઈ રહ્યા, ધરી હાથમાં ધનુષ ને બાણ રે.
તુમ્હે૦ ૪

---

૧ સંભૂતો રે.

તસ વ્યાસંગે દોઈ ગામડી, તિહાં પેઠા તેણે દીઠા રે;
કહે 'કાં તુમ્હે પેઠા પાપીયા!' તિહાં એક કહે કરી મન ધીઠા રે.
તુમ્હે૦ ૫

'ઈહાં પેઠાં શ્યો મુજ દોષ છે?', તેણે તે હુણીઓ બાણે રે;
પાછે પગલે બીજો ઓસર્યો, મૂંકયો કહે 'પેઠો અનાણે રે'.
તુમ્હે૦ ૬

તે ભોગનો આભોગી હૂઓ, બીજે ન લહ્યો ભોગ-સંયોગ રે;
એ દ્રવ્યે ભાવે જાણજો, ઈહાં ઉપનય ધરિ ઉપયોગ. તુમ્હે૦ ૭

રાજા તીર્થંકર તેણે કહ્યો, મારગ સંયમ રહો રાખી રે;
ચૂકયો તે રખવાલે હણ્યો, સુખ પામ્યો તે સત્ય-ભાષી રે. તુમ્હે૦ ૮

પ્રતિક્રમણ પ્રમાદ અતિક્રમે, ઈહાં રાગાદિક રખવાલા રે;
તે જો રૂપ પ્રશસ્તે જોડીયે, તો હોવે **સુજસ** સુગાલા રે. તુમ્હે૦ ૯

સંવાદ ને દૃષ્ટાંતથી પ્રતિક્રમણપર વિવેચન

ઢાલ અગીયારમી

—(*)—

કાંઈ જાણું કબ ઘરે આવેલો? અથવા પ્રીત પૂરવ પામીયે-એ દેશી
(પહેલાં મારવાડી ભાષાની છાંટ છે)

'કાંઈ જાણું કિઉં બની આવેલો?
માહરા મોહનગારાશું સંગ હે મિત્ત!
માહારા પ્રાણ પિયારારા રંગ હો મિત્ત! કાંઈ૦ ૧

નદિય હોએ તો બાંધિએ, કાંઈ સમુદ્ર બાંધ્યો ન જાઈ હે મિત્ત!
લંબુ નગ હોએ તો આરોહિએ, મેરૂ આરોહ્યો ન જાઇ હે મિત્ત!
કાંઈ૦ ૨

બાથ શરીરે ઘાલીએ, નગને ન બાથ[1] ઘલાઈ હે મિત્ત!
સરોવર હોય તો તરી શકાં, સાહામી[2] ગંગ ન તરાઇ હે મિત્ત!
કાંઈ૦ ૩

વચન કાયા તે તો બાંધીએ, મન નવિ બાંધ્યો જાય હે મિત્ત!
મન બાંધ્યા વિણ પ્રભુ ના મિલે, કિરિયા નિફલ થાય હે મિત્ત!
કાંઈ૦ ૪

એક સહજ મન પવનરો, જૂઠ કહે ગ્રંથકાર હે મિત્ત!
મનરી દોર તે દૂર છે, જિહાં નહિ પવન પચાર હે મિત્ત!
કાંઈ૦ ૫

મિત્ત કહે "મન! ચલ સહી, તો પણ બાંધ્યો જાય હે મિત્ત!
અભ્યાસ વૈરાગે કરી, આદર શ્રદ્ધા બનાય[3] હે મિત્ત!
હું જાણું કંયું બની આવેલો. એ આંકણી. ૬

કિણહિ ન બાંધ્યો જલનિધિ, રામે બાંધ્યો સેત હે મિત્ત!
વાનર તેહી ઉપરિ ચલ્યા, મેરૂ–ગંભીરતા લેત હે મિત્ત!
હું જાણું૦ ૭

શુભયોગેં ભડ બાંધિએ, અનુભવે પાર લહાઈ હે મિત્ત!
પડિઅરણા પડિક્કમણનો, ઈમજ કહ્યો પરયાય હે મિત્ત!
હું જાણું૦ ૮

---

૧ બાથ ન ગગને. ૨ નદી સાહામી. ૩ શ્રદ્ધાવાન.

પડિઅરણા ગતિ ગુણ તણી, અશુભથી તે પડિકંતિ હે મિત્ત!
તિહાં પ્રાસાદ દૃષ્ટાંત છે, સુણો ટાલી મન ભ્રાંતિ હે મિત્ત!
હું જાણું૦ ૯

કોઇ પુરે એક વણિક હુઓ, રતને પૂર્ણ પ્રાસાદ હે મિત્ત!
સોંપી ભાર્યાને તે ગયો, દિગયાત્રાયે અવિષાદ હે મિત્ત!
હું જાણું૦ ૧૦

સ્નાન વિલેપન ભૂષણે, કેશ નિવેશ શૃંગાર હે મિત્ત!
દર્પણ દર્શન વ્યગ્ર તે, લાગે બીજું અંગાર હે મિત્ત!
હું જાણું૦ ૧૧

પ્રાસાદ તેણીયે ન જોઈઓ,[1] ખૂણો પડિયો એક હે મિત્ત!
'દેશ પડ્યું–સ્યું એહને' સા કહે ધરી અવિવેક હે મિત્ત!
હું જાણું૦ ૧૨

ભીતે પીંપલ અંકૂર હુઓ, તે પણ ન ગણે સાઇ હે મિત્ત!
તેણે વધતે ઘર પાડીયું, જિમ નદી–પૂરે વનરાઈ હે મિત્ત!
હું જાણું૦ ૧૩

દેસાઉરી આવ્યો ઘરધણી, તેણે દીઠો ભગ્ન પ્રાસાદ હે મિત્ત!
નીસારી ઘરથી ભામિની, તે પામીયો અતિહી વિષાદ હે મિત્ત!
હું જાણું૦ ૧૪

તેણે ફરી પ્રાસાદ નવીન કર્યો, આણી બીજી ઘરનાર હે મિત્ત!
કહે 'જો પ્રાસાદ એ વિણસશે, તો પહિલિની ગતિ ધાર' હે મિત્ત!
હું જાણું૦ ૧૫

---

૧ તેણે જોઇયો

ફિરિ ગયો દેશાંતરે વાણીયો; તે ત્રિહું સંધ્યાએ મેઈ હે મિત્ત!
ભાણું કાંઇ હોય તે સમારતાં, પ્રાસાદ તો સુંદર હોય હે મિત્ત!
હું જાણું૦ ૧૬

ધણી આવ્યો દીઠો તેહવો, ઘર-સ્વામીની કીધી તેહ હે મિત્ત!
બીજી હુઈ દુઃખ-આલોગિની, ઉપનય સુણજો ધરી નેહ હે મિત્ત!
હું જાણું૦ ૧૭

આચાર્ય ગૃહ-પ્રભુ વાણીયો, પ્રાસાદ તે સંયમ રૂપ હે મિત્ત!
તેહને તે રાખવો ઉપદિશે, ન કરે તે થાએ વિરૂપ હે મિત્ત!
હું જાણું૦ ૧૮

પ્રાસાદ તે જેણે થિર કર્યો, તે પામ્યો સુજસ જગીશ હે મિત્ત!
ઈહાં પૃચ્છક કથક તે એક છે, નય રચનાએ ગુરૂ ને શિષ્ય હે મિત્ત!
હું જાણું૦ ૧૯

પ્રતિક્રમણ ત્રીજો પર્યાય પરિહરણા

ઢાલ બારમી

—(*)—

ધન્યો૨ વિદ્યાજીરો કલપડો-એ દેશી

હવે પરિહરણા-પક્કિમણનો, પર્યાય સુણો ઈણી રીતિ, હો મુણિંદ!
પરિહરણા સર્વથી વર્જના, અજ્ઞાનાદિકની સુનીતિ, હો મુણિંદ! ૧
પડિક્કમણ તે અવિશદ યોગથી. એ આંકણી.

એક ગામે એક કુલપુત્રની, ભગિની દોઈ ગામે ઉડ્ઢ હો મુણિંદ !
પુત્રી એક તસ દોઈ બહિનના, હુઆ સુત યુવ ભાવ પ્રરૂઢ,
હો મુણિંદ ! પડિ૦ ૨

પુત્રી અર્થે તે આવિયા, કહે સુવિવેકી કુલપુત્ર, હો મુણિંદ !
'તુમ સુત દોઇ મુજ એકજ સુતા, મોકલી દિઉ જે હોય પવિત્ર,
હો મુણિંદ ! પડિ૦ ૩

તે ગઇ સુત દોઇ તે મોકલ્યા, ઘટ આપી કહ્યો 'આણો દૂધ',
હો મુણિંદ !
કાવડ ભરી દૂધ નિવર્ત્તિયા, તિહાં દોઈ મારગ અનુરૂદ્ધ,
હો મુણિંદ ! પડિ૦ ૪

એક નિકટ[1] તે અતિહિ વિષમ અછે, દૂરે તે સમ છે મગ્ગ
હો મુણિંદ !
સમે આવ્યો એક વિષમ ત્યજી, બીજો નિકટથી વિષમતે મગ્ગ,[2]
હો મુણિંદ ! પડિ૦ ૫

ઘટ ભાગ્યે તસ ઇક પગ ખલ્યો, બીજો પણ પડતો તેણ,
હો મુણિંદ !
સમે આવ્યો તેણે પય રાખીયો, સુતા દીધી તેણ ગુણેણ,
હો મુણિંદ ! પડિ૦ ૬

'ગતિ ત્વરિતે આવજો' નવિ કહ્યું, 'પય લાવજો' મેં કહ્યું એમ,
હો મુણિંદ !
કુલપુત્રે વક્ર તિરસ્કર્યો, ધરો ભાવ એ ઉપનય પ્રેમ,
હો મુણિંદ ! પડિ૦ ૭

---

૧ વિકટ ૨ લગ્ગ

તીર્થંકર તે કુલપુત્ર છે, ચારિત્ર તે પય અભિરામ, હો મુણિંદ!
તે રાખે ચારિત્ર કન્યકા, પરણાવે તે નિર્મલ ધામ,
હો મુણિંદ! પડિ૦ ૮

ગોકુલ તે માનુષ્ય જન્મ છે, મારગ તે તપ-જપ રૂપ, હો મુણિંદ!
તે થિવિરને દૂર નજીક છે, જિનકલ્પીને તો અનૂપ,
હો મુણિંદ! પડિ૦ ૯

નવી અગીતાર્થ રાખી શકે, ચારિત્ર પય ઉગ્રવિહાર, હો મુણિંદ!
નિવૃત્તિ દુર્લભ છે તેહને, બીજે પામે વહેલો પારહો,
હો મુણિંદ! પડિ૦ ૧૦

દુઃધ-કાય દૃષ્ટાંત એ, દૂધ-કાવડ તસ્સ અત્થ હો મુણિંદ!
'પરિહરણા' પદ વર્ણવ્યું, ઈમ **સુજસ** સુહેતુ સમત્થ,
હો મુણિંદ! પડિ૦ ૧૧

પ્રતિક્રમણનો ચોથો પર્યાય વારણા

ઢાલ તેરમી

—(*)—

આસણારે યોગી-એ દેશી

વારણા તે પડિક્કમણ પ્રગટ છે, મુનિને તે પ્રમાદથી જાણો રે,
સુણો સંવરધારી!
ઈહાં વિષભુક્ત તલાવરો ભાખ્યો, દૃષ્ટાંત તે મન આણો રે.
સુણો સંવરધારી! ૧

એક પુરે એક રાજે છે રાજા, તેણે જાણ્યું પરદલ આવ્યું રે; સુણો૦
ભક્ષ્ય ભોજને મીઠા જલમાં, ગામ ગામ વિષ ભાવ્યું રે. સુણો૦ ૨

પ્રતિ નૃપ પડહેં ઇમ ઘોષાવે, "જે ભક્ષ્ય ભોજ્ય એ ખાશ્યે રે; સુણો૦
પીશ્યે મીઠા જલ હુઇ હોંશી, તે યમ–મંદિર જાશ્યે રે. સુણો૦ ૩

દૂરથી આણી જે ભોજ્ય જે જમશે, ખારાં પાણી પીશ્યે રે; સુણો૦
તે જીવી હોશ્યે સુખ લહેશ્યે, જય–લચ્છિ એ વરશ્યે રે." સુણો૦ ૪

જેણે નૃપ આણ કરી તે જીવ્યા, બીજા નિધન લહંત રે; સુણો૦
દ્રવ્ય વારણાં એ ઇહાં ભાવો, ભાવે ઉપનય સંત રે! સુણો૦ ૫

જિનવર નૃપતિ વિષય વિષમિશ્રિત, ભવિને ભોજ્ય નિવારે રે; સુણો૦
ભવ ભમે રાગી ને તરે રે વૈરાગી, વાચક જસ તે સંભારે રે. સુણો૦ ૬

પ્રતિક્રમણનો પાંચમો પર્યાય નિવૃત્તિ

ઢાલ ચૌદમી

—(*)—

માડી! માંને પરદેશીડાને કાં પરણાવ્યા રે અથવા ચંદ્રાવલાની દેશી

પડિક્કમણ નિવૃત્તિ પ્રમાદથી રે, રાય કન્યા[1] દિઠું ંત;
એક નગરે એક શાલાપતિ, ધૂર્ત સૂતા તસ રત,
માડી! માંને ભર યૌવનમાં કાંઈ ન દીધાં હે,
માડી! માંને મનમથ માચતે કાંઈ ન દીધાં હે;

---

૧ કની.

માડી ! માંને અવસર છયલ છબીલાને કાંઈ ન દીધાં હે,
માડી ! માંને લાવણ્ય લહરેં જાતે કાંઈ ન દીધાં હે.
ભોલી માડલી ! ૧

તે કહે 'આપણ નાસિએ રે,' સા કહે 'સખી ! મુઝ નૃપ–પુત્તિ;
સંકેત તિણસ્યું છે કિએા રે, તેડી લાવીસી ઝત્તિ'
માડી ! માંને ભર૦ ૨

તેણે ગીત પરભાતે સુણ્યું રે, પાછી નિવર્ત્તિ તામ;
'આણું કરંડિયેા રત્નનેા' ઇમ વચન ભાંખી સ્યામ.
માડી ! માંને ભર૦ ૩

ફૂલ્યાં તેા સ્યું કણિઆરડાં રે !, અહિમાસ વુઠે[1] અંબ;
તુજ ફૂલવું જુગતું નહિ, જે નીચ કરે વિડંબ.
માડી ! માને ભર૦ ૪

કેાલિક સુતા કણિઆરડી રે, હું લતા છું સહકાર;
અધિ માસ ઘેાષણ ગીતએ, કાલ હરણ અશુભનું સાર.
માડી ! માંને ભર૦ ૫

તસ તાત શરણે આવીયેા, નૃપ ગેાત્ર એક પવિત્ર;
પરણાવી પટરાણી કરી, નિજ સજ્જ આપે જૈત્ર.
માડી ! માંને ભર૦ ૬

કન્યા થાનક મુનિ વિષય તે, ધૂરત સુભાષિત ગીત;
નિવર્તે તે જસ ને સુખ લહે, બીજી ન એ છે રીત.
માડી ! માંને ભર૦ ૭

---

૧ થયે.

ઢાલ ૫ંદરમી

જવાઈરિ (ઝવેરી) સાચો રે જગમાં જાણીયે રે એ દેશી

—(*)—

બીજો પણ દૃષ્ટાંત છે રે, એક ગચ્છે એક છે સાધ રે;
ગ્રહણ–ધારણ–ક્ષમ તેહને રે, આચાર્ય ભણાવે અગાધ રે. ૧

ધારો રે ભાવ સોહામણો રે, તુહ્યે સારો રે આતમકાજ રે;
વારો રે[1] તેહને પાપથી, સંભારો પામ્યું છે રાજ રે.
ધારો રે ભાવ સોહામણો રે—એ આંકણી.

પાપ કર્મ તસ અન્યદા હુઓ રે, ઉદયાગત અતિ ઘોર રે;
નીકલ્યો ગચ્છથી એકલો રે, જાણે વિષય ભોગવું જોર રે.
ધારો રે૦ ૨

કહે સુર[2] તરૂણ મંગલ તદા રે, ઉપયોગે સાંભલે તેહ રે;
જિમ તે ભટ પાછા ફિર્યા રે, તેણે કિધો ચારિત્રસ્યું નેહ રે.
ધારો રે૦ ૩

ગાથા

तरियव्वा पडिया मरियव्वं वा समरे समत्थेणं ।
अवरि सहजण उल्लावा नहु सहियव्वा कुलप्पसूएणं ॥

સાધુ ચિંતવે રે સારાંશમાં[3] રે પ્રવ્રજ્યા હું ભગ્ન રે;
લોક હીલાથી નિવર્ત્તિઓ રે, હુઓ સુજસ ગુરૂ–પય–લગ્ન રે.
ધારો રે૦ ૫

---

૧ તારો રે. ૨ સુત. ૩ રણસમા રે.

પ્રતિક્રમણનો છઠો પર્યાય નિંદા

ઢાલ સોલમી

—(*)—

અહોમત વાલે સાહિબા—એ દેશી

નિંદા તે પડિક્કમણ છે, દૃષ્ટાંત ચિત્રકર-પુત્રી રે;
એક નગરે એક નૃપતિ છે, તે સભા કરાવે સચિત્રી રે.
ભવી[1] ! સુભાષિત રસ ગ્રહો. ૧ એ આંકણી.

આપી ચિત્રકાર સર્વને, તેણે ચિત્રવા ભૂ સમ-ભાગે રે;
ચિત્રવા તે એકને દીવે[2] ભાત આણી પુત્રી રાગે રે. ભવિ૦ ૨

રાજા આવે વેગે હયેં, કષ્ટેં નાઠી તે આવે રે;
ભાત આણી તેમ તે રહી, તાત દેહ-ચિંતાયે જાવે રે. ભવિ૦ ૩

આલેખે શિખિ-પિચ્છ સા, વાને કરી કુટ્ટિમ દેશે રે;
ગત આગત કરતો તિહાં, નૃપ દેખે લલિત નિવેશે રે. ભવિ૦ ૪

તે ગ્રહવા કર વાહિયો, નૃપ ભાગા હસી સા બોલે રે;
'મૂર્ખ મંચ ત્રિક પાદથો, તૂં હુઓ ચોથાને તોલે રે.' ભવિ૦ ૫

નૃપ કહે 'કિમ' ? તવ સા કહે, 'રાજ મારગે ઘોડો દોડાવે રે;'
જીવી પુણ્યે હું તેહથી, એ પહેલો પાયો મનિ આવે રે. ભવિ૦ ૬

બીજે પાયો નરપતિ, સમભાગ સભા જેણે આપી રે;
વૃદ્ધ તરૂણ કોઈ નવિ ગણ્યો, ત્રીજે તાત તે[3]
જેણે મત થાપી રે. ભવિ૦ ૭

---

૧ ભાવે. ૨ દિએ ૩ ન.

દેહ ચિંતાયે તે ગયો, અન્ન ટાઢું થાયે તે ન જાણે રે
ચોથો તૂં શિખિ–પિચ્છ કયાં? કિમ સંભવે ઇણે ટાણે રે?'
ભવિ૦ ૮

ચિત્ત ચમકયો રાજા ગયો, ઘરિ સા ગઈ બાપ જિમાટી રે;
સ્મર શર સમ[1] તાસ ગુણે હર્યું, નૃપ–ચિત્ત તે મૂકયું ભગાડી રે.
ભવિ૦ ૯

વેધક વયણું મારકે, પારકે વશ કીધો રાજા રે,
વિણ માશુક ને આસકી, કહો કિમ કરી રહેવે તાજા રે?
ભવિ ૧૦

હુઈ ત્રિયામા શત યામિની,[2] તસ માત તે પ્રાત બોલાવી રે,
કહે 'તુમ્હ પુત્રી દીજીએ' 'કિમ દારિદ્રે વાત એ થાવી રે?'
ભવિ૦ ૧૧

રાજાએ ઘર તસ ધન ભરિઉં, મનોહરણી તે વિધિસ્યું પરણી રે;
દાસી કહે 'નૃપ જિહાં લગે, નાવે કથા કહો[3] એક વરણી રે.
ભવિ૦ ૧૨

સા કહે 'એક પુત્રી તણા, સમકાલે ત્રણ વર આવ્યા રે;
નિજ ઇચ્છાએ જૂઆ જૂઆ, માએ ભાઇએ બાપે વરાવ્યા રે.
ભવિ૦ ૧૩

રાત્રે સા સાપે ડસી, તે સાથે બાલ્યો એક રે,
અણુસણ એક કરી રહ્યો, સુર આરાધે એક સુવિવેકરે.
ભવિ૦ ૧૪

---

૧ સ્મર શરસ્યા. ૨ શયયામસી ૩ કરો.

આપે સંજીવિની મંત્ર તે, જીવાડયાં તે બિહુ તેણે રે;
ત્રણ્યે મિલિયા સામટા, કેહને દીજે કન્યા કેણે રે? ભવિ૦ ૧૫

દાસી કહે 'જાણું નહિ, તું કહે જે જાણે સાચું રે;'
સા કહે 'અબ નિદ્રાલૂ છું, કાલે કહેશ્યું જાણું જે જાચું રે.' ભવિ૦ ૧૬
રાજા પ્રચ્છન્ન તે સાંભલે, બીજે પણ દિન દિએ વારો રે;
ગુણે કરી વેચાતો લીએ,[1] ચીતારી કહે ઉત્તર સારો રે. ભવિ૦ ૧૭

'સાથે જીન્યો તે ભ્રાતા હુએા, જેણે જીવાડી તે તાતો રે;
અનશનીયાને દીજીયે, એતો પ્રાણનું પણ વિખ્યાતો રે. ભવિ૦ ૧૮

દાસી કહે 'બીજી કહો,' સા કહે 'એક નૃપ તે સારો રે;
ઘડે આભરણ અંતેઉરે, ભોયરમાં[2] રહ્યા સોનારો રે. ભવિ૦ ૧૯

તિહાંથી નીકલવું નથી, પણિ દીપતાણું અનુમાલું રે;
'કુણ વેલા' ! એકે પૂછયું કહે, 'તે રાતિ, અંધારૂં છે કાલું રે.'
ભવિ૦ ૨૦

'કિમ જાણે'? દાસી કહે, 'જે સૂર્ય ચંદ્ર ન દેખે રે';
'કાલે કહશ્યું આજે ઉંઘશ્યું, ભોજમાં કહિએ તે લેખે રે.' ભવિ૦ ૨૧

બીજે દિન સા તિમ વદે, 'રાત્ર્યંધ તે જાણે વેલા રે;'[3]
અવર[4] કથા પૂછી કહે, નૃપ એકને ચોર બે ભેલા રે. ભવિ૦ ૨૨

પેટીમાં ઘાલી સમુદ્રમાં, વહી સા તટ કિહાં લાગી રે;
કેણે ઉઘાડી દેખીયા, પૂછયું 'કેતેદિને ત્યાગી રે? ભવિ૦ ૨૩

'ચોથો દિન છે' એક કહે,' દાસી કહે 'તે કિમ જાણે રે?
બીજે દિને સા હસી કહે, 'તુર્યજ્વરને પરમાણે રે' ભવિ૦ ૨૪

---

૧ લીએ ૨ ભૂયરમાં. ૩ જાણુયેટીરે ૪ અવસર.

પૂછી કહે "દો શોક્ય છે, એક નગરે રત્નવતી પહેલી રે;
વિશ્વાસ બીજીનો નહિ કરે,[૧] ઘટે ઘાલે રતન તે વહેલી રે. ભવિ૦ ૨૫

લીંપી મુંદી ઘટ મુખ રહે, બીજી રતન લેઈ ઘટ મુંદે રે;
રતન ગયા તેણીએ[૨] જાણીયા, દાસી કહે 'તે કિમ વિંદે રે[૩] ?'
ભવિ૦ ૨૬

બીજે દિન કહે 'ઘટ કાચનો, છતાં દીસે હરિયાં ન દીસેરે;'[૪]
પૂછી કહે બીજી કથા, 'ઇક નૃપ ને સેવક ચાર હીસે રે. ભવિ૦ ૨૭

સહસ્રયોધી, વૈદ્ય, રથકરૂ, ચોથો નિમિત્તવેદી છે સારો રે;
પુત્રી એક છે મનહરૂ, કિહાં લઇ[૫] ગયો ખેચર પ્યારો રે. ભવિ૦ ૨૮

જે આણે તસ નૃપ દિએ, ઇમ સુણી[૬] નિમિત્તિયો દિશિ દાખે રે;
રથકાર તે રથ બગ કરે, ચારે ચાલ્યા રથ આખરે. ભવિ૦ ૨૯

સહસ્ત્રે ખેચર હણ્યો, તેણે મરતે, કન્યા મારી રે;
વૈદ્ય જીવાડે ઔષધે, ચારેને દિએ નૃપ અવિચારી રે. ભવિ૦ ૩૦

કન્યા કહે 'એક ચારની, નવિ થાઉં, જે પેસે આગે રે;
હું તેહની છું સ્ત્રી' 'હવે[૭] કહે પેસશે તિહાં કુણ રાગે રે ?'
ભવિ૦ ૩૧

દાસી કહે 'બીજો કુણ કહે ?' બીજે દિને કહે સા 'તે નિમિત્તી રે;
જે નિમિત્તે જાણે મરે નહિ, ચય સાથે પેઠો સુચિત્તરે. ભવિ૦ ૩૨

---

૧ નિઃસ્વા બીજી વિશ્વસે. ૨ તેણે. ૩ વંદેરે. ૪ છતાં હરિયા કેમ ન દીસેરે. ૫ નિસુણી. ૭ હલી.

રંગે સુરંગે નીકલી, અંગે સાજે પરણે કન્યા રે;'
બીજી કથા કહે 'એક સ્ત્રી, માગે હેમ-કટક દુગ ધન્યા રે.
ભવિ૦ ૩૩

મૂલ રૂપક દેઈ કોઈ દિએ, તેણે ઘાલ્યાં સુતાને હાથે રે;
પ્રૌઢ થઈ તે ન નીસરે, માગે મૂલ રૂપક સાથે રે. ભવિ૦ ૩૪

બીજા દીધાં વાંછે નહિ' 'શું કરવું?' કહે ઈહાં દાસી રે;
સા કહે 'અવર ન ચતુર છે, તું કહે ને કરે શું હાંસી રે?'
ભવિ૦ ૩૫

બીજે દિને કહે 'તેહ જો, રૂપક દીયે કટક તો દીજે રે;'
ભૂપ આખ્યાને એહવે, નિજ ઘરે ષટ્ માસ આણીજે રે. ભવિ૦ ૩૬

શોક્ય જૂવે છિદ્ર તેહનાં, ઓરડામાં રહી ચીઆરી રે;
પહેરી વસ્ત્રાદિક મૂલગાં, જીવને કહે સંભારી રે. ભવિ૦ ૩૭

રાજવંશ પત્ની ઘણી, રાજાને તું સીકારૂં રે;
નૃપ માને જે પુણ્ય તે, બીજી મૂકી રૂપે વારૂ રે. ભવિ૦ ૩૮

ઈમ કરતી તે દેખી સદા, રાજાને શોક્ય જણાવે રે;
ક્રામણ એ તુજને કરે, રાખો જીવને જો ચિત્ત ભાવે રે. ભવિ૦ ૩૯

આત્મનિંદા કરતી નૃપે, દેખી કીધી સા પટરાણી રે;
દ્રવ્ય-નિંદા એ ભાવથી, કરે જે સંયત સુહ નાણી રે. ભવિ૦ ૪૦

દશ દૃષ્ટાંતે દોહિલો લહી, નરભવ ચારિત્ર જો લહિયું રે;
તો બહુશ્રુત મદ મત કરો, બુધ કહવું **સુજસ** તે કહિયું રે. ભવિ૦ ૪૧

પ્રતિક્રમણનો સાતમો પર્યાય ગર્હા

ઢાલ સત્તરમી

– (*) –

રાજીજી હો રાણાજી, અથવા રાણીજી હો જતીરા[1] કારણ માહરે કોઈ નહિ-એ દેશી

ગર્હા તે નિંદા પરસાખિશ્યું જી, તે પડિક્કમણ પરયાય;
દૃષ્ટાંત તિહાં પતિ-મારિકા જી, વર્ણવ્યો ચિત્ત સુહાય.
સાચલો[2] ભાવ મન ધારજો જી. ૧

કિહાં એક અધ્યાપક વિપ્ર છે જી, છેરે તરૂણી તસ ભજ્જ;
'કાક બલિ દેહિ પ્રિય!' ઇમ કહે જી, સા કહે બિહું હું અજ્જ.'
સાચલો૦ ૨

ભીરૂ તે જાણી રાંધે ભલે જી, વારે વારે ઘણા છાત્ર;
ઉપાધ્યાયના રે આદેશથી જી, માન્ય છે તેહ ગુણપાત્ર. સાચલો૦ ૩

મહાઠગ તે ઠગને ઠગે જી, એક કહે 'મુગ્ધ ન એહ;
જાઉં હું ચરિત્ર સવિ એહનું જી, સહજથી કપટ અછેહ.' સાચલો૦ ૪

નર્મદાના પર કૂલમાં જી, ગોપશ્યું સા નિશિ આય;[3]
અન્યદા નર્મદા ઉતરે જી, કુંભે સા ચોર–પણે જાય. સાચલો૦ ૫

ચોર એક ગ્રહ્યો રે જલજંતુએ જી, રોઈ કહે સા દૃગ ઢાંકી;
'તીરથ મેલ્હીને મ ઉતરો જી, જાઈ કુતીર્થ તે બાંકી.' સાચલો૦ ૬

---

૧ રત્નાજી હો નાતરા. ૨ સાંભલો ૩ ખાય

જોઈ ઈમ છાત્ર પાછો વલ્યોજી, બીજે દિને બલિ હેત;
રાખતો છાત્ર ભલી પરે કહેજી, શ્લોક એક જાણુણ હેત. સાચ૦ ૭

શ્લોક. યતઃ

दिवा बिभेषि काकेभ्यो रात्रौ तरसि नर्मदां ।
कुतीर्थानि च ज्ञानासि जलजंत्वक्षिरोधनं ॥

ઢાલ પૂર્વલી

સા કહે 'શું કરું ઉપવરેજી,[1] તુમ સરિખા નવિ દક્ષ;'
તે કહે 'બીહું તુજ પતિ થકીજી,' હુઈ તે પતિ મારી વિલક્ષ. સાચ૦ ૮
પોટલે ઘાલી અટવી[2] ગઇજી, થંભે શિરવ્યંતરી તેહ;
વન ભમે માસ ઉપર લગેજી,[3] ભૂખ ને તૃષા રે આછેહ. સાચ૦ ૯
ઘરિ ઘરિ ઈમજ ભિક્ષા ભમેજી, પતિ મારીને દિયો ભિખ;
ઈમ ઘણે કાલે જાતે થકેજી, ચિત્તમાં લહિઅ સા દિકખ. સાચ૦ ૧૦
અન્યદા સંયમતણી[4] વંદતાંજી, શિરથકી પડીયો તે ભાર;
વ્રત ગ્રહી તે હલુઈ થઈજી, ગહાંએ **સુજસ** સુખકાર. સાચ૦ ૧૧

પ્રતિક્રમણનો આઠમો પર્યાય શુદ્ધિ-શોધન.

ઢાળ અઢારમી

તે તરિયા રે ભાઈ તે તરિયા, જે વિષય ન સેવે વિરૂઆરે-એ દેશી
તે તરિયા રે ભાઈ તે તરિયા, ક્રોધાદિકથી જે ઉતરીયા રે;
સોહી-પડિક્કમણે આદરિયા, વસ્ત્ર દૃષ્ટાંત સાંભરીયા રે.
તે તરિયા૦ ૧ એ આંકણી

---

૧ ઉપચરેજી. ૨ અટી. ૩ ભલેજી. ૪ સંયતી.

વસ્ત્ર અમૂલ્ય રાજાદિક ધરિયા, મલિન જાણી પરિહરિયા રે;
રજક લેઈ ગ્રંથિ બાંધિ ફરીયા, રાસભ ઉપરિ તે કરિયાં રે.
તે તરિયા૦ ૨

લેઈ જલે શિલકૂટે પાથરિયા, પગે મર્દી ઉધરિયા રે;[૧]
ખાર દેઈ વર નીરે ઝરિયા, અગુરૂ–વાસ વિસ્તરિયા રે.
તે તરિયા૦ ૩

ભૂપતિને ભૂપતિ પીતરિયા, તસ શિર પરિ સંચરિયા રે;
એમ જે રાગાદિક ગણુ વરીયા, ભ્રષ્ટ થઈ નીસરિયા રે.
તે તરિયા૦ ૪

મહિમા મૂકી હુઆ ઠીકરિયા,[૨] વિરૂદ્ધ કર્મ આચરિયાં રે;
પ્રાયશ્ચિત્તે હુવા પાખરીયા, તે પણ ગુરૂ ઉદ્ધરિયા રે.
તે તરિયા૦ ૫

તે ફરિ હુઆ મહિમાના દરિયા, શિષ્ટ–જને આદરિયા રે;
પાલી જ્ઞાન સહિત વર કિરિયા, ભવવન તે નવિ ફરિયા રે.
તે તરિયા૦ ૬

ભીત તણા હુઆ તે વિહરિયા,[૩] ઘર રાખણ પિયરિયા રે;[૪]
અનુભવ ગુણના તે જાહરિયા, મુનિ મનના માહરિયા રે.
તે તરિયા૦ ૭

પાલે તેહ અચુઇ[૫] જાગરિયા, બુદ્ધ સમા વાગરિયા રે;[૬]
એમ શોધે બહુજન નિસ્તરિયા, મુજસે ગુણ ઉચ્ચરિયા રે.
ને તરિયા૦ ૮

૧–ઉવારિયા રે. ૨–ઠાકરીઆ. ૩–વાહરિઆ. ૪–પાહરીઆ રે. ૫–અછુદ્ધ; અબુદ્ધ. ૬–ચાગરિઆરે.

દોહા

વલી આગે[૧] દૃષ્ટાંત છે, શોધિ તણે અધિકાર;
પરદલેં પરપુર આવતે, અધિપતિ કરે વિચાર. ૧

વૈદ્ય તેડયા જલ નાશવા, વિષ દિયે જબ[૨] એક;
ભૂંડુ[૩] દેખી નૃપ કોપિયેા, દાખે વૈદ્ય વિવેક. ૨

સહસ્ર લેધિ એકોપિમાં, કરિને મૂર્ચ્છા દેઈ;
તે વિષ હુએા તદ્દ ભક્ષિએા, એમ સહી શાતા ધરેઇ.[૪] ૩

રાજા કહે છે 'વાલના,'[૫] વૈદ્ય કહે 'છે સાર;'
ઔષધ લવ દેઈ વિષ હરે, વ્યાપક જીવ[૬] હજાર. ૪

અચિચાર વિષ જે હુએા, એાસરે તેથી સાધ;[૭]
નિંદા અગદેં સુજસ ગુણ, સંવર અવ્યાબાધ. ૫

ઢાળ એાગણીસમી

—(*)—

ટોડરમલ્લ જીત્યેા રે—એ દેશી

હેતુ-ગર્ભ પૂરેા હુએા રે, પહેાતા મનના કોડ,
વૈરાગ-બલ જીત્યું રે.[૮]
દલિય તે દુર્જન દેખતાં રે, વિઘ્નની કોડાકોડ;
વૈરાગ-બલ જીત્યું રે.[૮]

---

૧ અગદ. ૨ જવ મિત્ત એક. ૩ થેાડું. ૪ ઈમ સહસતાંઈ ધરેઈ ૫ ચાલના ૬ જાવ ૭ એાસરે તે સાધ; તેહની હુઈ સમાધિ. ૮ જીત્યેા રે.

ગઈ આપદા સંપદારે આવી, હોડાહોડિ; વૈ૦
સજ્જન માંહે મલપતા રે, ચાલે મોડામોડિ. વૈ૦ ૨
જિમ જિન વરસીદાનમાં રે, નર કરે[૧] ઓડાઓડિ; વૈ૦
તિમ સદ્‌ગુરૂ ઉપદેશમાં રે, વચન વિચારસું છોડી.[૨] વૈ૦ ૩
લીયેા લીયેા ઘેરમાં મોહરાય રે,[૩] હરાવ્યેા[૪] મુંછ મરોડિ. વૈ૦
અશુભ પ્રકૃતિ સેના દલી રે, શુભની તેા નહિ ખોડિ. વૈ૦ ૪
કર્મ વિવર વર પોલિઓ રે, પોલિ[૫] દિએ છે છોડી; વૈ૦
તખત વખત હવે પામસું રે, હુઈ રહી દોડાદોડી. વૈ૦ ૫
સૂરત ચોમાસું રહી રે, વાચક જસ કરી જોડી; વૈ૦
યુગ યુગ મુનિ વિધુ વત્સરે રે, દેજો મંગલ કોડી; વૈ૦ ૬

ઇતિ શ્રી ઉપાધ્યાય શ્રીયશોવિજય ગણિ વિરચિત
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય સંપૂર્ણ.

---

૧ ન કરે. ૨ જોડી. ૩ મોહરા રે. ૪ હરાવ્યેા. ૫ પોલા.

અગિયાર અંગની સજ્ઝાય

....●....

પ્રથમ અંગશ્રી આચારાંગ સૂત્રની સજ્ઝાય

—(*)—

કોઈ લેા પરવત ધૂંધલેા રે લેા—એ દેશી.

આચારાંગ પહિલું કહ્યું રે લેા, અંગ ઇગ્યાર મઝાર રે; ચતુરનર!
અઢાર હજાર પદે જિહાં રે લેા, દાખ્યેા મુનિ-આચાર રે. ચ૦ ૧

ભાવ ધરીને સાંભલેા રે લેા, જિમ ભાજે ભવ-ભીતિ રે, ચતુરનર!
પૂજા ભક્તિ પ્રભાવના રે લેા, સાચવીયે સવિ રીતિ રે. ચતુરનર! ૨

ભાવ ધરીને સાંભલેા રે લેા—એ આંકણી.

સુઅખંધ હેાઈ સુહામણાં રે લેા, અજ્જયણાં પણવીસ રે; ચ૦
શાશ્વતા અર્થ ઇહાં કહ્યા રે લેા, જુગતે શ્રી જગદીશ રે. ચ૦ભાવ૦ ૩

મીઠડે વયણે ગુરૂ કહે રે લેા, 'મીઠડું અંગજ એહ રે;
મીઠડી રીતે સાંભલ્યે રે લેા, સુખ લહે મીઠડાં તેહ રે. ચ૦ભાવ૦ ૩

સુરતરૂ-સુરમણિ-સુરગવી રે લેા, સુરઘટ પૂરે કામ રે; ચ૦
સાંભલવું સિદ્ધાંતનું રે લેા, તેહથી અતિ[1] અભિરામ રે,' ચ૦ભા૦ ૪

---

૧ અધિક.

શ્રી નયવિજય વિબુધ તણો રે લો, વાચક જસ કહે સીસ રે. ચ૦
તુમને પહિલા અંગનું રે લો, શરણ હોજો નિશદીસ રે. ચ૦ ભાવ૦ ૫

બીજા અંગ શ્રી સૂયગડાંગ સૂત્રની સજ્ઝાય

—(*)—

કપૂર હોવે અતિ ઉજલો રે–એ દેશી

સૂયગડાંગ હુવે સાંભલોજી, બીજું મનને રંગ,
[1]શ્રોતાને આવે જે રૂચિજી, તેહજ લાગે અંગ,
ચતુર નર! ધારો સમકિત ભાવ,
એ છે ભવસાગરમાં નાવ. ચતુર૦ એ આંકણી. ૧

સૂયખંધ બેય ઈહાં ભલાંજી, અજઝયણા તેવીસ;
તિસય તિસઠિ કુમતિ તણુંજી, મતખંડન સુજગીસ. ચતુર૦ ૨

કહિએ દવિય–અણુઓગમાંજી, એહ પુહૂત અધિકાર;
સાધુ જવહીરીનો ભલોજી, જવહરનો વ્યાપાર. ચતુર૦ ૩

અર્ચક વર્ચકના ઈહાંજી, શ્રોતાના અંતર હોય;
ગુરૂ–ભક્તા સુખ પામસેજી, અવર ભમે મતિ[2] ખોય. ચતુર૦ ૪

અંગ–પૂજા પ્રભાવનાજી, પુસ્તક–લેખન–દાન;
ગુરૂ ઉપકાર સંભારવોજી, આદર ભક્તિ નિદાન. ચતુર૦ ૫

---

૧ સાતમ ભાવે મન રૂચેજી, સાતમ આસ્યેં જે રૂચેજી.
૨ મન, મત.

વક્તા એહવો કોઈ નહિજી, જિમ ભાંખે તુમ્હ ધર્મ;
વાચક જસ કહે હર્ષસું જી, ઇમ તે વિનયનો મર્મ. ચતુર૦ ૬

ત્રીજા અંગ શ્રી ઠાણાંગ સૂત્રની સજ્ઝાય

હું વારી રે જોડી ગામની–એ દેશી

—(*)—

ત્રીજું અંગ હવે સાંભલો, જિહાં એકાદિક દસ ઠાણ; મોહન.
ઉદ્દેસા છે અતિ ઘણા, અર્થ અનંત પ્રમાણ. મોહન૦ ૧

વારી રે હું જિન વચનની, જેહના ગુણનો નહિ પાર. મોહન.
જેહ ક્રૂર અને બહુ લંપટી, તેહનો પણિ કરે ઉદ્ધાર.
મોહન૦ વારી૦ ૨

ગીતારથ મુખ સાંભલ્યે, લહિએ નય ભાવ[1] ઉલ્લાસ. મોહન.
તરણી કિરણ ફરસેં કરી, હુયે સરવર કમલ વિકાસ મોહન૦ વા૦ ૩

જે એહની દિએ શુભદેશના, તિમ હૂઓ સદ્‌ગુરૂપૂર. મોહન૦
તસ અંગ–વિલેપન કીજીયે, ચંદન–મૃગમદસું કપૂર. મોહન૦ ૪

જિમ ભમર કમલ–વને સુખ લહે, કોકિલ પામી સહકાર, મો૦
તિમ શ્રોતા વક્તાને મિલે, પામે શ્રુત[2] અર્થનો પાર. મો૦વા૦ ૫

ખાંડ ગલી સાકર ગલી, વલી અમૃત ગલ્યું કહિવાય, મોહન૦
માહરે તો મન શ્રુત આગલે, તે કોઈ ન આવે દાય. મો૦ વા૦ ૬

---

૧ નરભવ. ૨ સૂત્ર.

શ્રુત ગુણ મન લાવીએ,[૧] વલી ભાવિયે મન વૈરાગ, મો૦
ઠાણાંગે પ્રેમ જગાવિયે, ઉપજાવિયે સુજસ સોભાગ. મો૦વા૦ ૭

ચોથા અંગ શ્રી સમવાયાંગ સૂત્રની સજ્ઝાય

—(*)—

નીંદલડી વેરણ હૂઈ રહી–એ દેશી

ચોથું સમવાયાંગ તે સાંભલો,
મૂકી આમલો રે, મનનો ધરિ ભાવ કે;
એહના અર્થ અનોપમ અતિ ઘણા,
જગિ જાગેરે એહનો સુપ્રભાવ કે[૧]
ઉત્તમ ધરમે થિર રહો એ આંકણી.

સંખ્યા શત એગુણુત્તરા,[૨] રે[૩] બીજી પણ જાણ કે;
સરવાલો ગણિપિટકનો, એહમાં છે રે જૂઓ જુગતિ પ્રમાણ કે.
ઉત્તમ૦ ૨

ઇગ લખ પદ એહમાં કહ્યાં, વલી ઉપરિ રે ચુંઆલ હજાર કે;
અપ્રસ્તના[૪] સંઘાતે દોષ જે, કરે સદ્ગુરૂ રે તેહનો પરિહાર કે.
ઉત્તમ૦ ૩

જિન–વયણે ન વિરોધ છે, તસ શાસને રે મંદ–બુદ્ધિ જે હોઇ કે;
સદ્ગુરૂ વિરહે[૫] કલપતા, ગીતારથ હો ગુણગ્રાહક કોઈ કે.
ઉત્તમ૦ ૪

બલિહારી સદ્ગુરૂ તણી, જે દાખેરે શ્રુત અર્થ નિચોલ કે;
કીજે કોડિ વધામણાં, લીજે ભામણાં રે નિત નિત રંગરોલ કે. ૫

---

૧ ઈમ મહલાવીએ ૨ એગુત્તરા ૩ ગુણુત્તરા ૪ પ્રભુ ૫ વલી અલપતા હો ગીતારથ હોઇ કે (જોઈ કે)

સદ્‌ગુરૂ-મુખે જે સાંભલે, શ્રુત-ભક્તે રે ઉજમણાં સાર કે;
શ્રી નયવિજય વિબુધતણો, કહે સેવન હો તસ હુયે ભવપાર કે.
ઉત્તમ૦ ૬

પાંચમા અંગ શ્રી ભગવતી સૂત્રની સજ્ઝાય

—(*)—

અહો મતવાલે સાજના-એ દેશી

અંગ પાંચમું સાંભલો તુમે, ભગવઈ નામે ચંગો રે;
પૂજા કરો ને પ્રભાવના, આણી મનમાંહિ દૃઢ રંગો રે. ૧
સુગુણ સનેહી સાજના !, તુમે માનો ને બોલ અમારો રે;
હિતકારી જે હિત કહે, તે તો જાણીજે મન પ્યારો રે. સુ૦ ૨
બ્રહ્મચારી ભૂંએ સૂએ, કરે એકાસણું ત્રિવિહારો રે;
પડિકમણાં દોઇ વારનાં, કરે સચ્ચિત્ત તણો પરિહારો રે. સુ૦ ૩
દેવ વાંદે ત્રિણ ટંકના,[૧] વલિ કઠિણ વચન નવિ બોલે રે;
પાપસ્થાનક શકતે ત્યજે, ધર્મીશું હઇડું ખોલે રે. સુ૦ ૪
કીજે સૂત્ર આરાધના,[૨] કાઉસ્સગ્ગ લોગસ્સ પણવીસો રે;
જપીએ ભગવઈ નામની, નોકારવાલી વલી વીસો રે. સુ૦ ૫
જે દિને એહ મંડાવિયે, ગુરૂભક્તિ તે દિવસ વિશેષે રે;
કીજે વલી પૂરે થયે, ઉત્સવ જિમ બહુજન દેખે રે. સુ૦ ૬
ભક્તિ સાધુ-સાહમી તણી, વલી રાતિજગા સુવિવેકો રે;
લખમી લાહો અતિ ઘણો, વલી ગૌતમ નામે અનેકો રે. સુ૦ ૭

---

૧ ફાલના ૨ આરાધવા

ત્રિણ નામ છે એહનાં, પહિલું તિહાં પંચમ અંગો રે;
વિવાહપન્નત્તી બીજું ભલું, ત્રીજું ભગવઈ સૂત્ર સુરંગો રે. સુ૦ ૮

એક સુયખંધ એહનો વલી, વલી ચ્યાલીસ શતક સુહાય રે;
ઉદ્દેશા તિહાં અતિઘણા, ગમ–ભંગ અનંત કહાયા રે. સુ૦ ૯

ગૌતમ પૂછે પ્રભુ કહે, 'તે તો નામ સુણ્યે[1] સુખ હોઈ રે;
સહસ છત્તીસે તે નામની, પૂજા કીજે વિધિ જોઈ રે. સુ૦ ૧૦

મંડપગિરિ વિવહારીયા, જયો ધન્ય સોની સંગ્રામ રે;
જિણે સોનૈયે પૂજ્યાં, શ્રી ગુરૂ ગૌતમ નામ રે. સુ૦ ૧૧

પુસ્તક સોનાને[2] અક્ષરે, તે તો દીસે ઘણા ભંડાર રે;
કલ્યાણ કલ્યાણનો હોયે, અનુબંધ અતિ વિસ્તાર રે. સુ૦ ૧૨

સફળ મનોરથ જસ હોયે, તે પૂણ્યવંતમાં પૂરો રે;
ઉમાહી અલગો રહે, તો તો પૂણ્ય થકી અધૂરો રે.[6] સુ૦ ૧૩

સૂત્ર સાંભલીયે ભગવતિ,[4] લીજે લખમીનો લાહો રે;
ભાવ ભૂષણમાં ધારીયે, સદ્દહણા ઉચ્છાહો રે. સુ૦ ૧૪

ઉત્કૃષ્ટી આરાધના, ભગવઈ સુણતાં શિવ લહિયે રે;
ત્રીજે ભવ વાચક **જસ** કહે, ઇમ ભાખ્યું[5] તે સદ્દહિયે રે. સુ૦ ૧૫

---

૧ સુણે, સુણ્યા ૨ સોનૈયે, સોનેરી ૩ તે તો માણસ નહિ ઢોરો રે, તે તો બિણસિંગ ઢોર રે ૪ માનવ ભવ પામી કરી બીજાને કરી જન તારો

છઠા અંગ શ્રી જ્ઞાતાધર્મ કથાની સજ્ઝાય

—(*)—

પ્યારા પ્યારા કરતી હો લાલ-એ દેશી

જ્ઞાતાધર્મકથા છઠુ અંગ, સાંભલીયે મન ધરિ રંગ;
સુઅખંધ દોઈ ઇહાં છે સારા, સુણી સફલ કરો અવતારા.
હો લાલ૦ ૧

પ્યારી જિનવર વાણી, લાગે મીઠી સાકર સમાણી હો લાલ;
પ્યારી જિનવર વાણી-એ આંકણી.
પહિલામાં કથા ઓગણીસ, દસ વગ્ગ બીજે સુજગીસ;
અઉઠકોડી કથા ઇહાં સારી, છઠા અંગની જાઉં બલિહારી.
હો લાલ. પ્યારી૦ ૨

ઉત્સવ આનંદ અવધારો, પ્રમાદથી આતમ વારો;[1]
રોમાંચિત હુઈ શ્રુત[2] ધારો, સમકિત-પર્યાય વધારો.
હો લાલ. પ્યારી૦ ૩

સાહાય્ય[3] કરે શ્રુત સુણતાં, તે સુખ પામે મનગમતાં;
જે વિઘન કરે હુઈ આડો, તે તો માણસ નહિ પણ પાડો.
હો લાલ. પ્યારી૦ ૪

વાચક **જસ** કહે સુણેા લોગ!, શ્રુત ટાલે વિઘન ને શોગ;
કહિયે શ્રુત-ભક્તિ નવિ ત્યજીયે,[4] ગુરૂચરણકમલ નિત્ય
ભજીયે. હો લાલ. પ્યારી૦ ૫

---

૧ ધીમ ધ્યાને મન વારો ૨ ચિત્ત ૩ સાહાજ્ય કરે, સામયિક કરે ૪ ભવિ શ્રુત ભક્તિ સજીયે

સાતમા અંગ શ્રી ઉપાસક દશાંગની સજ્ઝાય

ચોપાઈની દેશી

સાતમું અંગ ઉપાસક દસા, તે સાંભલવા મન ઉલ્લસ્યા;
ટોલે મિલી મનોહર ભાવ, પામ્યો[1] ધર્મ–કથા–પ્રસતાવ. ૧

શ્રાવક ધર્મ પ્રભાવક[2] જયા, આણંદાદિક જે દૃઢ થયા;
તેહનાં એહમાં સરસ ચરિત્ર, સાંભલી કરિયે જન્મ પવિત્ર. ૨

શ્રાવક જિમ ઉપસર્ગ ખમેઈ, તેડી મુનિને વીર કહેઈ;
ગૃહીને ખમવું ઈમ ચિત્ત વસ્યું, શ્રુત પાખે[3] તુમ કહેવું કીશ્યું ? ૩

જિમ જિમ રીજે ચિત્ત શ્રુત સુણી, તિમ તિમ શ્રોતા હોય બહુગુણી;
રોમાંચિત હુયે કાયા સદ્ય, જાયે નાઠા સકલ અવદ્ય. ૪

જિન વાણી જેહને મનિ રૂચિ, તે સત્યવાદી તેહિજ શુચી;
ધર્મ્મ–ગોઠી તેહશું કિજિયે, વાચક જસ કહે ગુણે રિઝિયે. ૫

આઠમા અંગ શ્રી અંતગડ દશાંગ સૂત્રની સજ્ઝાય

—(*)—

સાહેલડીયાંની દેશી

આઠમું અંગ અંતગડ દશા; સાહેલડીયાં,
સુણજો[4] ધરિય વિવેક, ગુણ–વેલડીયાં;
બોલ્યા બોલ તે પાલિયે સા૦ નવિ ત્યજિયે ગુણટેક[5] ગુ૦ ૧

૧–પામ્યો. ૨–પ્રભાવે. ૩–શ્રુતપાઠી. ૪–સાંભલો, સાંભલયો, ૫–ગુણ છેક.

એક સુઅ-ખંધ છે એહનો સા૦ મોટો છે અડવગ્ગ; ગુ૦
ચરિત્ર સુણી બહુ વીરનાં સા૦ રોમાંચિત હુએ અંગ. ગુ૦ ૨
ધરમ તે સોવન-ઘટ સમો, સા૦ ભાંગે વિણ નવિ જાય; ગુ૦
ઘાટ ઘડામણ જે ગયું, સા૦ વસ્તુનું મૂલ લહાય. ગુ૦ ૩
નિતનિત રાચિયે માચિયે, સા૦ યાચિયે એકજ મુક્તિ; ગુ૦
પુણ્યની પ્રકૃતિ નિકાચીયે, સા૦ ધર્મ રંગ એહ યુક્તિ. ગુ૦ ૪
શ્રી નયવિજય વિબુધ તણો, સા૦ વાચક જસ કહે શીસ; ગુ૦
મુજને જિનવાણી તણો, સા૦ નેહ હોજો નિશદીસ. ગુ૦ ૫

નવમા અંગ શ્રી અણુત્તરોવવાઈ સૂત્રની સજઝાય

—(*)—

રસિયાની દેશી

નવમું અંગ હવે ભવિ! સાંભલો,
અણુત્તરોઇવવાઈ નામ સોભાગી!
સુણતાં રે સકલ પ્રમાદને[૨] પરિહરો,
જિમ હોયે સમ પરિણામ, વૈરાગી!
નવમું૦ એ આંકણી. ૧

બુઝે રીઝે રે શ્રોતા જો[૩] સુણી, તો સીઝે સવિ કામ સો૦
વાધે રંગ તે શ્રત-વકતા તણો, બિહું ચિત્તે બહુ ધામ.[૪]
નવમું૦ ૨

૧-હૂએા. ૨-સુણતા સકલ પ્રમાદ છે. ૩-જો. ૪-બિહું પ્રીતિ બહુધર્મ.

અંધા આગે રે દરપણ દાખવો, બહિરા આગે રે ગાન; સો૦
ધર્મ–રહસ્ય–કથા જડ આગલે, ત્રણે એહ સમાન. વૈ૦
નવમું૦ ૩

જે જે હોય તે સમજે તિસ્યું, નિઃસ્પૃહ કહેસ્યે રે સાચ; સો૦
ધર્મ–ગોઠ ધર્મીશ્યું બાઝશે, બીજું મોરનું નાચ. વૈ૦
નવમું૦ ૪

ધર્મ કરી જે અનુત્તર સુર હુઆ, તેહના ઇહાં અવદાત; સો૦
વાચક જસ કહે જે એહ સાંભલે, ધન તસ માત ને તાત. વૈ૦
નવમું૦ ૫

દશમા અંગ શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રની સજ્ઝાય

—(*)—

મોતીડાની દેશી

પ્રશ્ન વ્યાકરણ અંગ તે દશમું, સાંભલતાં કાંઈ ન હુએ વિસમું;
ભાવિયા પ્રવચનના રંગી, આવિયા સુવિહિતના સંગી. ૧
આશ્રવ પંચ ને સંવર પંચ, દશ અધ્યયને ઇહાં સુપ્રપંચ.
ભાવિયા૦ ટેક.

એહજ હિત જાણીને ધાર્યા, અતિશય હુંતા તેહ ઉતાર્યા ભા૦
જેહ અપુષ્ટાલંબન–સેવી, તેહને વિદ્યા સબલ[1] ન દેવી. ભા૦ ૨
નાગકુમાર સુપર્ણકુમાર, વર દિયે પણ નવિ લ્યે અણગાર; ભા૦
એહવા ઇહાં અક્ષર સંયોગ, નંદી સૂત્રનો દિયો ઉપયોગ. ભા૦ ૩

૧–સફલ.

સર્વ સૂત્ર મહામંત્રની વાણી, લબ્ધિ અઠાવીશ ગુણની ખાણી; ભા૦
પણ એ જગમાંહિ અધિક ગવાણી, પાઠસિદ્ધ અતિશય
સપરાણી. ભા૦ ૪
ગુરૂ–ભક્તા ને પ્રવચન–રાગી, સુવિહિતસંગ[1] સદા સોભાગી; ભા૦
વાચક જસ કહે પાતિક દહશ્યે, શ્રુત સાંભલતાં તે સુખ
લહશ્યે. ભા૦ ૫

અગીયારમા અંગ શ્રી વિપાક સૂત્રની સજ્ઝાય

—(*)—

તે તરીયા રે ભાઈ તે તરીઆ—એ દેશી

અંગ અગીયારમું સાંભલો, હવે વર વિપાક શ્રુત[2] નામ રે;
અશુભ વિપાક છેદશે એ, વલી દશ વિપાક શુભ ધામ રે. ૧
અંગ અગીયારમું સાંભલો એ આંકણી.
અશુભ કર્મ તે છાંડીયે, વલી આદરિયે શુભ કર્મ રે;
સમજી લેજો રે ભવિયા !, એ સાંભલ્યા કેરો મર્મ રે. અંગ૦ ૨
મર્મ ન જાણે મૂલગો, કંઠશોષ કરાવે ફોક રે;
તેહને હિત કિણિપરે હુયે ?, ફલ લીયે તે[3] રોકારોક રે. અંગ૦ ૩
મત કોઈ જાણો રે ઉલટું, અમ્હે પ્રવચનના છું રાગી રે;
શાસનની ઉન્નતિ કરે, તે શ્રોતાને કહું સોભાગી રે. અંગ૦ ૪
ચેઈ – કુલ–ગણ – સંઘનો આચરજ – પ્રવચન – શ્રુતનો રે;
વૈયાવચ્ચ તેહનો નિત કરશું,[4] જેહનો મન છે તપ
સંયમનો રે. અંગ૦ ૫

૧–સંઘ. ૨–શુભ. ૩. લહીએ. ૪–વેયાવચ્ચ તેણે નિત કર્યું,

પણ વ્યવહારે શોભીયે,[૧] વ્યવહાર તે ભક્તિ સાચો રે;
કૃપણપણે જે વંચીયે, તેહનો ભાવ તે જાણો કાચો રે. અંગ૦ ૬
જે ઉદાર આગમ–ગુણ–રસિયા, કદિય નહિ આલસીયા રે;
સાધુવચન સુણવા ઉલ્લસિયા, તે શ્રોતા ચોકસિયા રે, અંગ૦ ૭
એહવાને તુમ્હે અંગ સુણાવો,[૨] ધરિય[૩] ધર્મસનેહા રે;
ધર્મગોઠ એહવાશું છાજે,[૪] જે એક જીવ દોઈ દેહા રે. અંગ૦ ૮
ધન્ય તેહ વર અંગ ઉપંગે, જેહનું લાગું મન રે;
વાચક જસ કહે તસ ગુણ ગાવા, કીજે કોડી જતન રે. અંગ૦ ૯

કલશ

—(*)—

ટોડરમલ જીતિયો રે—એ દેશી

અંગ અગિયારે સાંભલ્યાં રે, પુહતા મનના કોડિ;
ટોડરમલ્લ જીતિયો રે.
ગઈ આપદા સંપદા મિલી એ, આવી હોડાહોડિ. ટોડરમલ્લ૦ ૧
ટલિયે તે દુર્જન દેખતાં રે, વિઘનની કોડાકોડિ; ટો૦
સજ્જન માંહિ મલપતા રે, ચાલે મોડામોડિ. ટો૦ ૨
જિમ જિન વરસી દાનમાં રે, ન કરે ઓડાઓડિ; ટો૦
તિમ સદ્ગુરૂ ઉપદેશમાં રે, વચન વિચાર શું ઠોડિ. ટો૦ ૩

---

૧ પણ વ્યવહાર તે સાચવે. ૨ એહવાને અમ્યો અંગ સુણાવું. ૩ ધરિએ. ૪ ભાજે.

કર્મ વિવર વર પોલીયેા રે, પોલિ દિયે છે છોડિ; ટો૦
તખત વખત બલ પામસ્યું રે, હુઈ રહ્યા[1] દોડાદોડિ. ટો૦ ૪
માત બકાઇ[2] મંગલ પિતારે, રૂપચંદભાઈ ઉદ્ધાર; ટો૦
માણકશાયે કાંઇ[3] સાંભલ્યા રે, વિધિસ્યું અંગ ઈગ્યાર. ટો૦ ૫
યુગ-યુગ-મુનિ-વિધુ વચ્છરે રે, શ્રી જસવિજય ઉવઝાયે; ટો૦
સુરત ચેામાસું રહી રે, કીધેા એ સુપસાય. ટો૦ ૬

ઈતિ મહેાપાધ્યાય શ્રીમદ્ યશેાવિજયજી વિરચિત
એકાદશાંગ સજ્ઝાય સંપૂર્ણ.

૧ હવે. ૨ બઈ. ૩ માણિક શ્રાવિકાઇ.

૪૫ આગમનાં નામની સજ્ઝાય.

ચોપાઈ

—(*)—

અંગ ઇગ્યાર ને બાર ઉપાંગ, છ છેદ દસ પયન્ના ચંગ,
નંદી અનુયોગદ્વાર, મૂલ ચ્યાર પણયાલ વિચાર. ૧

આચારંગ પહિલેા મન ધરેા, શ્રી સુગડાંગ બીજું આદરેા,
સમરૂં ત્રીજું શ્રી ઠાણંગ, ચેાથું સુંદર સમવાયંગ. ૨

પંચમ ભગવઈ કહે જગદીસ, પ્રશ્ન ઉત્તમ જિહાં સહસ છત્રીસ,
જ્ઞાતાધર્મકથા અભિધાન, છઠું અંગ છે અર્થનિધાન. ૩

સાતમું અંગ ઉપાસક દશા, આઠમું સમરેા અંતગડ દશા,
અણુત્તરેાવવાઈ શુભ નામ, નવમું અંગ સયલ–સુખ–ધામ. ૪

દશમું પ્રશ્નવ્યાકરણ હું નમું, વિપાકસૂત્ર તે ઇગ્યારમું,
એહની જે સંપ્રતિ વાચના, તે પ્રણામ કીજે ઇકમના. ૫

ઉવાઉ રાયપસેણી સાર, જીવાભિગમ પન્નવણા ઉદ્ધાર,
જંબૂદ્વીપ–પન્નતી ચંગ, ચંદ–સુર પન્નતી અભંગ. ૬

નિરયાવલી ને પુફીઆ, કપ્પવડિંસગ ગુણ ગુંથીઆ,
પુપ્ફચૂલિંસગ વહ્નિ દશા, ધ્યાઉં બાર એ મન ઉલ્લસા. ૭

બૃહત કલ્પ વ્યવહાર નિશીથ, પંચકલ્પ ને મહાનિશીથ,
વલી વ્યવહાર[1] તે મન આણીએ, છેદ ગ્રંથ એ ષટ જાણીએ. ૮

૧–જીતકલ્પ.

ચઉસરણ આઉર પચખાંણ, વીરસ્તવ ને ભત્ત-પચખાંણ,
તંદુલવેયાલી ગુણગેહ, ચંદાવિજય અરથ અછેહ. ૯
ગણીવિજ્જા ને મરણસમાધિ, દેવેંદ્રસ્તવ ટાલેં વ્યાધિ,
દસમું સંથારગ પયન્ન, જે માને તેણે ભવજલ તિન્ન. ૧૦
પેટી રતન તણી જે સૂત્ર, તે જંત્રીત છે અર્થ વિચિત્ર,
નંદી ને અનુયોગદુવાર, કૂંચી તસ ઉઘાડણહાર. ૧૧
દસવૈકાલિક નિર્યુકિત-ઓઘ, આવશ્યક બહુ યુકિત અમોઘ,
ઉત્તરાધ્યયન મહા ગંભીર, મૂલ સૂત્ર એ ભવ-દવ-નીર. ૧૨
આગમ પણુયાલીસહ તણાં, નામ કહ્યાં અતિ સોહામણાં,
જે એહની સદ્દવહણા ધરે, વાચક યશ કહે તે શિવ વરે. ૧૩

ઈતિશ્રી પિસ્તાલીસ આગમોની સઝાય
સમાપ્ત.

શ્રીમદ્ યશોવિજયજી કૃત સુગુરૂની સજ્ઝાય

ઢાલ પહેલી

—(*)—

ઋષભનો વંશ રયણાયરૂ–એ દેશી

સદ્ગુરૂ એહવા સેવિયે, જે સંયમ ગુણ રાતા રે;
નિજ સમ જગ જન જાણતા, વીર વચનને ધ્યાતા રે.
સદ્ગુરૂ એહવા સેવિયે–એ આંકણી ૧
ચાર કષાયને પરિહરે, સાચું શુભમતિ ભાખે રે;
સંજમવંત અકિંચના, સંનિધિ કાંઈ ન રાખે રે. સ૦ ૨
આણિય ભોજન સૂજતું, સાહમીને દેઈ ભુંજે રે;
કલહ–કથા સવિ પરિહરે, શ્રત સઝાય પ્રયુંજે રે. સ૦ ૩
કંટક ગ્રામ નગર તણા, સમ સુખ દુઃખ અહિઆસે રે;
નિરભર હૃદય સદ્ધા કરે, બહુવિધ તપ સુવિલાસે રે. સ૦ ૪
મેહ મેદની પરિ સવિ સહે, કાઉસગ્ગે પરિતાપો રે;
ખમિય પરિસહ ઉદ્ધરે, જાતિ મરણ ભય વ્યાપો રે. સ૦ ૫
કરે ક્રમ વચન સુસંયતા, અધ્યાતમ ગુણ લીના રે;
વિષય વિભૂતિ ન અભિલખે, સૂત્ર અરથ રસ પીના રે. સ૦ ૬
'એહ કુશીલ' ન ઈમ કહે, જેહથી પરજન રૂંસે રે;
જાતિ મદાદિક પરિહરી, ધર્મધ્યાન વિભૂસે રે. સ૦ ૭
આપ રહી વ્રત ધર્મમાં, પરને ધર્મમાં થાપે રે;
સર્વ કુશીલ લક્ષણ ત્યજી, બંધન ભવતણા કાપે રે. સ૦ ૮

અધ્યયનિ કહિયા ગુણ ઘણા, દશવૈકાલિક દશમે રે;
રંચન પરિ તેહ પથખિયે, એ કાલિ પણિ વિસમે રે. સ૦ ૯

ઢાલ બીજી

—(*)—

ચોપાઈની દેશી

ઉત્તરાધ્યયને કહિયો તે તણો, મારગ તે હવે ભવિયણ! સુણો;
હિંસા અલિય અદત્ત અબંભ, છાંડે પુન[1] પરિગ્રહ આરંભ. ૧૦

ધૂપ પુષ્પ વાસિત ઘર ચિત્ર, મને ન વંછે પરમ પવિત્ર;
જિહાં રહે ત્યાં ઇંદ્રિય સવિકાર, કામ હેતુ હોવે ઇણિ વાર. ૧૧

સ્ત્રી-પશુ-પંડક વર્જિત તામ,[2] પ્રાસુક વાસ કરે અભિરામ;
ઘર ન કરે કરાવે સદા, ત્રસ થાવર વધ જિહાં છે સદા. ૧૨

અન્ન પાન ન પચાવે પચે, પચતું દેખી નવી મન રૂચે;
ધાન-નીર-પૃથ્વી-તૃણ પાત, નિશ્ચિત જીવ તણો જિહાં ઘાત. ૧૩

દીપ અગની દીપાવે નહિ, શસ્ત્ર ષટ્ ધારૂ[3] તે સહી;
કંચન તૃણ સમવડિ મન ધરે, ક્રય વિક્રય કહિયે[4] નવિ કરે. ૧૪

ખરીદદ્વાર ક્રય કરતો કહિઉ, વિક્રય કરતો વલિ વાણિઉ;
ક્રય વિક્રયમાં વર્તે[5] જેહ, ભિક્ષુભાવ નવિ પાલે તેહ. ૧૫

ક્રય વિક્રયમાં બહુલી હાણિ, ભિક્ષા વૃત્તિ મહા ગુણ ખાણિ;
ઇમ જાણી આગમ અનુસરી, મુનિ સમુદાન કરે ગોચરી. ૧૬

---

૧ પુણ્ય. ૨ ધામ. ૩ સર્વધારૂ. ૪ કઇયે.

રસ લાલચિ ન કરે ગુણવંત, રસ અર્થે નવિ ભુંજે દંત;
સંયમ જીવિત-રક્ષા હેત, સંતોષી મુનિ ભોજન લેત. ૧૭
અર્ચન-રચના પ્રજ્ઞ-નતિ, નવિ વંછે શુભધ્યાની યતિ;
કરી મહાવ્રત-આરાધના, કેવલજ્ઞાન લહે શુભ મના. ૧૮

— —

ઢાલ ત્રીજી

—(*)—

શ્રી સીમંધર જિન ત્રિભુવનભાણુ-એ દેશી

મારગ સાધુતણો છે ભાવે, દર્શન જ્ઞાન ચારિત્ર સ્વભાવે;
ચરકાદિક આચાર કુપંથ, પાસત્થાદિકનો નિજ યૂથ. ૧૯
આધાકર્માદિક જે સેવે, કાલહાનિ મુખ દૂષણ દેવે;
જિનમારગ છોડી ભવકામી, થાપે કુમારગગામી ૨૦
મારગ એક અહિંસા રૂપ, જેહથી ઉતરીયે ભવ કૂપ;
સર્વ યુક્તિથી એહજ જાણો, એહજ સાર સમય મન આણો. ૨૧
ઉરધ-અધ-ત્રિચ્છા જે પ્રાણી, ત્રસ-થાવર તે ન હણે નાણી;
એષણ દોષ ત્યજે ઉદ્દેશી, કીધું અન્ન ન લિયે શુભ-લેશી. ૨૨
આધાકર્માદિક અવિશુદ્ધ, અવયવ મિશ્રિત જે છે અશુદ્ધ;
તે પણ પોતે[1] દોષથી ટાલે, એ મારગે સંયમ અજુઆલે. ૨૩
હણતાને નવિ મુનિ અનુમોદે, કૂપાદિક ન વખાણે પ્રમોદે;
પુણ્ય પાપ તિહાં પૂછે કોઈ, મૌન ધરે જિન આગમ જોઈ. ૨૪

---

૧ પૂતિ.

પુણ્ય કહે તો પાતક પોષે, પાપ કહે જન-વૃત્તિ વિશોષે;
કેઈ ભાખે 'નિરદોષ આહાર, સૂઝે અમ્હને ઈહાં અધિકાર. ૨૫
મુક્તિ કાજે સવિ ક્રિયા કરતો, પૂરણ મારગ ભાખે નિરતો;
ભવજલ વહતા જનને જેહ, દીપ સમાન કરે દુઃખ છેહ.' ૨૬
એહ ધરમ ન લહે અજ્ઞાની, વલિય અપંડિત પંડિત માની;
બીજ ઉદ્દક ઉદ્દેશિકનું જી, ધ્યાન ધરે અસમાધિ પ્રયુંજી. ૨૭
માછાં ભક્ષણ ધ્યાયે પંખી, ઢંકાદિક જિમ આમિષ કંખી;
વિષય-પ્રાપ્તિ ધ્યાયે તિમ પાપી, બહુલારંભ પરિગ્રહ થાપી ૨૮
વિષય તણાં સુખ વંછે પ્રાણી, પરિગ્રહવંત ન તે સુહઝાણી;
તે હિંસાના દોષ ન દાખે, નિજમતિ કલ્પત કારણ ભાખે. ૨૯
અંધ ચલાવે કાણી નાવા, તેહ સમર્થ ન તીરે જાવા;
મિથ્યાદૃષ્ટિ ભવજલ પડિયા, પાર ન પામે તિમ દુઃખ નડિયા. ૩૦
જેહ અતીત અનાગત નાણી, વર્તમાન તસ એક કહાણી;
દયા મૂલ સમતામય સાર, ધર્મ તેહનો પરમાધાર. ૩૧
ધર્મ લહી ઉપસર્ગ-નિપાતે, મુનિ ન ચલે જિમ ગિરિ ધનવાતે;
ઈગ્યારમું અધ્યયન સંભારો, બીજે અંગે ઈમ મન ધારો. ૩૨

ઢાલ ચોથી

—(*)—

ઈણિ પુરિ કંબલ કોઈ ન લેસી-એ દેશી

તે મુનિને ભામણડે જઈયે, જે વ્રત ક્રિયા પાલે રે;
સૂધું ભાષી જે વલી જગમાં, જિન-મારગ અજુઆલે રે. ૩૩
તે મુનિને ભામણડે જઈયે, એ આંકણી.

જે સૂધો મારગ પાલે તે, શુદ્ધ કહિયે નિરધારી રે;
બીજો શુદ્ધ કહે ભજનાયે, કહ્યુ ભાષ્ય વ્યવહારે રે. તે૦ ૩૪
દ્વિવિધ બાલ તે શુદ્ધ ન ભાખે, ભાખે સંવેગ–પાખી રે;
એ ભજનાનો ભાવ વિચારો, ઠાણાંગાદિક સાખી રે. તે૦ ૩૫
કુગુરૂ–વાસના–પાસ–પડિયાને, નિજ બલથી જે છોડે રે;
શુદ્ધકથક તે ગુણ–મણિ–ભરિયા, માર્ગ મુકિતને જોડે રે. તે૦ ૩૬
બહુલ અસંયતની જે પૂજા, એ દશમું અછેરૂં રે;
ષષ્ટિશતકે ભાખ્યું ઠાણાંગે, કલિલક્ષણ અધિકેરૂં રે. તે૦ ૩૭
એહમાં પણ જિનશાસન બલથી, જે મુનિ પૂજ ચલાવે રે;
તેહ વિશુદ્ધ–કથક બુધ જનના, સુરપતિ પણ ગુણ ગાવે રે. તે૦ ૩૮
કરતો અતિ દુઃકર પણ પડિયો, અગીતાથ જંજાલે રે;
શુદ્ધ–કથન હીણો પણ સુંદર, બોલે[1] ઉપદેશમાલે રે. તે૦ ૩૯
શુદ્ધપ્રરૂપક સાધુ નમીજે, જરણ તેહનું કીજે રે;
તાસ વચન અનુસારે રહી, ચિદાનંદ ફલ લીજે રે. તે૦ ૪૦

ગાથા—

सिरि णयविजय गुरुणं, पसायमासज्ज सयलकम्मकरं ।
भणिया गुणा गुरुणं, साहुण जसविजएण पए ॥ १ ॥

ઇતિ શ્રી સુગુરૂની સજ્ઝાય

૧–બોલ્યું.

પાંચ કુગુરૂની સજ્ઝાય

[અથવા પાસત્થા-વિચાર ભાસ]

ઢાલ પહેલી

ચોપાઈની દેશી

સેવો સદ્‌ગુરૂ ગુણ નિરધારી, ઈહ ભવિ પર ભવિ જે ઉપગારી;
વર્જો કુગુરૂ સમય અનુસારે, પાસત્થાદિક પંચ પ્રકારે. ૧

નિજ શ્રાવકને જે બલ સારે, સુવિહિત-સંગતિ કરતાં વારે;
કુલ-થિતિ ભંગે ભય દેખાડે, મુગધલોકને ભામે પાડે. ૨

જ્ઞાનાદિક ગુણ આપ ન રાખે, સૂધો મારગ મુખે નવિ ભાખે;
કરે સાધુ-નિંદા વિસ્તારે, પાસત્થો તે સર્વ પ્રકારે. ૩

દેશથકી સજ્યાતરપિંડ, નિત્યપિંડ ભુંજે નૃપ-પિંડ;
અગ્રપિંડ નિઃકારણ સેવે, સાહમું આણ્યું ભોજન લેવે. ૪

દેશ નગર કુલ મમતા માંડે, થાપિત કુલમર્યાદા છાંડે;
વિવાહ[1] ઉચ્છવ જોવે ફિરતો, ન રહે જનનો પરિચય કરતો. ૫

જેહ મહાવ્રત-ભારે જૂતો, છાંડી તેહ પ્રમાદે ખૂતો;
કર્મ-પાસમાં રહતો કહિયે, પાસત્થો જિન-વચને લહિયે. ૬

૧-વિનોદ.

ઢાલ બીજી

ગલિયા બલદતલી પરે રે, જેહ ન વહે વ્રત–ભાર;
તે ઉસન્નો જાણીયે રે, સર્વ દેશ બિહું પ્રકારો રે. ૧

ભવિજન ! સાંભલો–એ આંકણી.

પાટ પાટલા વાવરે રે, શેષે કાલે રે જેહ;
થાપિત પિંડ જમે સદા રે, સર્વ–ઉસન્નો તેહો રે. ભવિ૦ ૨

ઓછાં અધિકાં જે કરે રે, પડિકમણાદિક ઠાણ;
સુગુરૂ–વચન નવિ જાલવે રે, દેશ–ઉસન્નો તે જાણો રે. ભવિ૦ ૩

રાય–વેઠ સમ ભય થકી રે, ક્રિરિયા વિણ ઉપયોગ;
જેહ કરે તે નવિ લહે રે, પરભવ ચારિત્ર–યોગ રે. ભવિ૦ ૪

જેહ ક્રિરિયા શિથિલ કરે રે, દીક્ષિત શીસ અનેક;
ભવસાગર અધિકો પડે રે, એ ઉસન્નો અવિવેક રે. ભવિ૦ ૫

ઢાલ ત્રીજી

—(*)—

વીરમાતા પ્રોતિકારણી—એ દેશી

નાણ દંસણ ચરણ ભેદથી, કહ્યું ત્રિવિધ કુશીલ;
નાણથી નાણ આચારનો, કરે ભંગ દુઃશીલ.

વીર–વાણી હૃદયે ધારિયે, ૧

દર્શનાચાર દર્શન થકી, વિરાધે સવિ પાપી;
ઓલિયે ચરણ કુશીલના, હવે લક્ષણ વ્યાપી. વીર૦ ૨

સ્નાન સોભાગ અર્થે કરે, જ્વર ઔષધ આપે;
પ્રશ્ન વિદ્યાદિ બલથી[1] કહે, નિમિત્તાદિક થાપે. વીર૦ ૩
જાતિ કુલ પ્રમુખ આજીવિકા, કરે કેલવે માયા;
સ્ત્રી પ્રમુખ અંગ લક્ષણ કહે, વહે મંત્રની છાયા.[2] વીર૦ ૪
ઈમ અનાચાર મલ યોગથી, કરે કુત્સિત શીલ;
ઘર ત્યજી અધિક માયા ભર્યો, કહ્યો તેણે 'કુશીલ'. વીર૦ ૫

ઢાલ ચોથી

—(*)—

મુનિજન મારગ ચાલતાં—એ દેશી

સંસક્તો જિહાં જિહાં[3] મિલે, તિહાં તેહવો હોવે;
નટ જિમ બહુરૂપી ફિરે, મુનિવેષ વિગોવે.
આગમ-અર્થ વિચારીએ—એ આંકણી. ૧
ભિંહું ભેદે તે જાણીયે, શુભ અશુભ પ્રકાર;
મૂલુઉત્તર ગુણ દોષને, યોગે શુભસાર. આગમ૦ ૨
પાસત્થાદિકશ્યું મિલ્યો, તે થાયે અધર્મી;[4]
સંવેગી સાથે મલ્યો, પ્રાયે થાયે ધર્મી.[5] આગમ૦ ૩
પંચાસ્રવ-રત ગારવી, સ્ત્રીજનશું રત્તો;
જે મોહે માતો રહે, તે અશુભ સંસત્તો. આગમ૦ ૪
ઈમ અનવસ્થિત દોષ તે, સંગતિથી પાવે;
નિંબ-સંગથી અંબમાં, જિમ કટુતા આવે. આગમ૦ ૫

૧-પ્રશ્નવિદ્યા લબ્ધી. ૨-કહે મંત્રની છાયા. ૩-જઈ. ૪-અધમ્મી. ૫-ધમ્મી.

ઢાલ પાંચમા

—(*)—

કુમતિ ! એ છાંડી કિહા રાખી ?–એ દેશી

ચાલે સૂત્ર વિરૂદ્ધાચારે, ભાખે સૂત્ર–વિરૂદ્ધ;
યથાછંદ ઇચ્છાએ ચાલે, તે નહિ મનમાં શુદ્ધરે, ૧
પ્રાણી ! વીર–વચન ચિત્ત ધારો એ આંકણી.

સૂત્ર–પરંપરસ્યું જે ન મિલે, તે ઉત્સૂત્ર વિચારો;
અંધ–પર પર ચાલ્યું આવ્યું, તે પણ તિમ નિરાધારો રે. પ્રાણી ! ૨

નિજમતિ કલ્પિત જનને ભાખે, ગારવ રસમાં માચે;
યથાછંદ ગૃહિકાજ કરંતો, નવ નવ રૂપે નાચે રે. પ્રાણી ! ૩

એક પ્રરૂપણ તેહની ચરણે, બીજી ગમને ખોટી;
'પડિલેહણ મુહપત્તિયે કરશ્યું, કિસી ચરવલી મોટી રે ? પ્રાણી ! ૪

માત્રકવિધિ પાત્રકથી હોશ્યે, પડલાં કાજ ચલોટે;
લેપે દોષ ઘણો ઇત્યાદિક, ચરણ મૃષા–મલિ લોટે રે. પ્રાણી ! ૫

ચોમાસે જો મેહ ન વરસે, તો હીંડયે શ્યો દોષ; ?
રાજવિરૂદ્ધ–ગમન સિઉં વારીયું ?, મુનિને શ્યો તનુ પોષ રે ?
પ્રાણી ! ૬

વર્ષાકાલે વસ્ત્ર વિહરતાં,[૧] ખપ કરતાં નહિ હાણી;
નિત્ય–વાસમાં કાંઈ ન દૂષણ, સાહમું હુએ નાણી રે.' પ્રાણી ! ૭

૧ વહોરતાં, વિહિરતાં

ઇમ ગતિ વિષય-પ્રરૂપણ ખોટી, એ સવિ છે વિસ્તારે;
આમમ-અરથી જોઈ લેજો, ભાષ્ય સહિત વ્યવહારે રે.
પ્રાણી ! ૮

ઢાલ છઠ્ઠી

—(*)—

સુર સુંદરી કહે શિર નામી-એ દેશી

ઇમ પાંચે કુગરૂ પ્રકાશ્યા, આવશ્યકમાં જિમ ભાષ્યા;
સમકિત-પ્રકરણ બહુ ભાખિ, યોગબિંદુ પ્રમુખ ઇહાં સાખિ. ૧
એ થાનક સર્વ અશંકિત, જો સેવે કારણ વ્યકિત;[1]
તો મુનિ-ગુણની નહિ હાણી, એ ઉપદેશમાલા-વાણી. ૨
જસ પરિગ્રહ પ્રમુખ અકાજ, ઉન્માર્ગ કહિયે નવિ લાજ;
તે તો બોલ્યો બિમણો બાલ, જૂઓ પહિલો[2] અંગ વિશાલ. ૩
આધાકર્મ્માદિક થાપે, યતિ નામ ધરાવે આપે;
તે પાપશ્રમણ જાણીજે, ઉત્તરાધ્યયને મન દીજે. ૪
જે કુગુરૂ હોએ ગચ્છનાથ, નવિ લીજે તેહનો સાથ;
અજ્ઞાથી જે ગચ્છધારી, તે બોલ્યો અનંત સંસારી. ૫
ભાવાચારય જિન સરિખો, બીજા નવિ લેખે પરિખો;
પૂછે ગૌતમ કહે વીર, મધ્ય મહાનિશીથ ગંભીર. ૬
જે જ્ઞાન-ક્રિયાનો દરિયો, તે સદ્‌ગુરૂ ગુણ-મણિ ભરિયો;
જે શુદ્ધ-પ્રરૂપક નાણી, તે પણ ઉત્તમ-ગુણ-ખાણી. ૭

---

૧ વિગતિ ૨ ઉપ (દ્વિસ્યું)

'ઉસન્નો પણ રજ ટાલે, જે જિન મારગ અજુઆલે;'
ઇમ બોલે ગચ્છાચાર, ગુરુજ્ઞાની જગદાધાર. ૮
જ્ઞાની છે કેવલી–કલ્પ, એ કલ્પભાષ્યનો જલ્પ;
જે શુદ્ધ–કથક ગુણધારી, તે સદ્ગુરુની બલિહારી. ૯

અંત ગાથા—

पसो कुगुरुसज्झाओ, जिनवयणाउ फुडं भणिओ ।
निरि णयविजयमुणीणं, सीसेण जणाण बोहट्ठा ॥ १ ॥

—આ કુગુરુપરની સજ્ઝાય શ્રી નયવિજયમુનિના શિષ્યે લોકના બોધ અર્થે શ્રી જિન વચન થકી સ્ફુટપણે કહી છે.

॥ अर्हम् ॥

न्यायाचार्यश्रीयशोविजयोपाध्यायविरचितं

श्री विजयप्रभसूरेः स्वाध्यायाम् ।

—(*)—

श्रीविजयदेवसूरीशषट्टाम्बरे,
जयति विजयप्रभसूरिरर्कः ।
येन वैशिष्ट्यसिद्धिप्रसङ्गादिना,
निजगृहे[1] योगसमवायतर्कः ॥ श्रीविजय० १ ॥

ज्ञानमेकं भवद्[2] विश्वकृत् केवलं,
दृष्टबाधा तु कर्तरि समाना ।

---

१ निपूर्वकस्य गृह्णातेर्धातोः परोक्षारूपम् । २ "भवतु लि–" प्रत्यन्तरे ।

इति जगत्कर्तृलोकोत्तरे[३] सङ्गते,
सङ्गता यस्य धीः सावधाना ॥ श्रीविजय० २ ॥

ये किलापोहशक्तिं सुगतसुनयो,
जातिशक्तिं च मीमांसका ये ।

संगिरन्ते गिरं ते यदीयां नय-
द्वैतपूतां प्रसह्य श्रयन्ते ॥ श्रीविजय० ३ ॥

कारणं प्रकृतिरङ्गीकृता कापिलैः
कापि नैवाऽऽत्मनः काऽपि शक्तिः ।

बन्धमोक्षव्यवस्था तदा दुर्घटे-
त्यत्र जागर्ति यत्प्रौढैशक्तिः[१] ॥ श्रीविजय० ४ ॥

शाब्दिकाः स्फोटसंसाधने तत्परा
ब्रह्मसिद्धौ च वेदान्तनिष्ठाः ।

सम्मतिप्रोक्तसंग्रहरहस्यान्तरे
यस्य वाचा जितास्ते निविष्टाः ॥ श्रीविजय० ५ ॥

ध्रौव्यमुत्पत्तिविध्वंसकिर्मीरितं
द्रव्यपर्यायपरिणतिविशुद्धम् ।

विस्रसायोगसङ्घातभेदाहितं
स्वसमयस्थापितं येन बुद्धम् ॥ श्रीविजय० ६ ॥

---

३ "कर्तृवादोत्तरे" प्रत्यन्तरे ।। १ "ढयुक्तिः" प्रत्यन्तरे ।

इति नुतः श्रीविजयप्रभो भक्तित—
स्तर्कयुक्त्या मया गच्छनेता ।
श्रीयशोविजयसम्पत्करः कृतधिया—
मस्तु विघ्नापहः शत्रुंजेता[२] ॥ श्रीविजय० ७ ॥

समाप्तमिदं श्री विजयप्रभसूरेः स्वाध्यायम् ॥

॥ अर्हम् ॥

श्री यशोविजयोपाध्यायविरचितं

शत्रुञ्जयमण्डनश्रीऋषभदेवस्तवनम् ।

—(*)—

आदिजिनं वन्दे गुणसदनं, सदनन्तामलबोधम् ।
बोधकतागुणविस्तृतकीर्तिं, कीर्तितपथमविरोधम् ॥ आदि० ॥१॥

रोधरहितविस्फुरयोगं, योगं दधतमभङ्गम् ।
भङ्गनयव्रजपेशलवाचं, वाचंयमसुखसङ्गम् ॥ आदि० ॥२॥

सङ्गतपदशुचिवचनतरङ्गं, रङ्गं जगति ददानम् ।
दानसुरद्रुममञ्जुलहृदयं, हृदयङ्गमगुणभानम् ॥ आदि० ॥३॥

भानन्दितसुरवरपुन्नागं, नागरमानसहंसम् ।
हंसगतिं पञ्चमगतिवासं, वासवविहिताशंसम् ॥ आदि० ॥४॥

---

२ "-जुनेता" प्रत्यन्तरे ॥

शंसन्तं नयवचनमनवमं, नवमङ्गलदातारम् ।
तारस्वरमघघनपवमानं, मानसुभटजेतारम् ॥ आदि० ॥५॥

इत्थं स्तुतः प्रथमतीर्थपतिः प्रमोदा-
च्छ्रीमद्यशोविजयवाचकपुङ्गवेन ।
श्रीपुण्डरीकगिरिराजविराजमानो,
मानोन्मुखानि वितनोतु सतां सुखानि ॥६॥
॥ समाप्तमिदं श्रीऋषभदेवस्तवनम् ॥

श्रीमद् यशोविजय कृत-

चडया-पडयानी सज्झाय-हितशिक्षा स्वाध्याय

—(*)—

रे कुमति! कां प्रतिमा उत्थापी?—એ દેશી

चडया पडयानो अंतर समळी, सम परिणामे रहीइंरे;
थोडो पणि जिहां गुण देखीजे, तिहां अतिहिं गहगहीइं रे;
× लोकेा! भोलवीया मत भूलेा. એ આંકણી. १

अंतर्मुहूर्त अछे गुण—वृद्धि, अंतर्मुहूर्त हाणि;
चडवूं पडवूं तिहांताइं[1] मलवूं,[2] ते गत किणहि न जाणी रे;
लेाकेा! २

બાહ્ય કષ્ટથી ઉંચું ચઢવૂં, તે તેા જડના ભામા;
संयम-श्रेणि-शिखरे चढवूं,[3] अंतरंग[4] परिणामा रे; लेाकेा! ३

तिहां निमित्त छे बाहिर करिया, ते जे सूत्रें साची;
नहितेा दुःखदायक पग साहमुं, मेार जूओ जिम नाची रे;
लेाकेा! ४

× लेાકેા! १ તે, थी. २ મળીયું. મુનિને. ૩ ચઢાવે. ४ અંતરગત.

પાસત્થાદિક સરિખે વેષેં, જૂઠાં કારણ દાખે;
ઇકવીસ પાણીનો ખપ ન કરે,[૧] મીઠા પાણી ચાખે રે લોકો ! ૫

પરિચિત ઘરની ભિક્ષા લેવે, ન કરે સમુદ્દાણી;
વસતિ–દોષ ન તજે ક્રીતાદિક, જિન–આણા મનિ આણી રે. લોકો ! ૬

વસ્ત્ર–પાત્ર–દૂષણ નવિ ટાલે, કરે પતિતનો સંગો;
કલહ વૈરની વાત ઉદીરે, મન માન્યું તિહાં રંગો રે. લોકો ! ૭

હીણો નિજ પરિવાર બઢાવે,[૨] આપ કષ્ટ બહુ દાખી;
ચઢિયો તેહને કિણીપરે કહીઇં ?, સૂત્ર નહિ જિહાં સાખી રે.
લોકો ! ૮

ન ગણે ઉત્તર ગુણની હાણી, સૂત્ર–ક્રિયા માંહીં પંગુ;
દુઃખ સહસે જિમ ઉપદેશમાલે, બોલ્યો મથુરા મંગુ રે.[૩]
લોકો ! ૯

એક[૪] મૂલ કારણ ચિંતવતાં, આવે મોટું હાંસું;
પંચ મહાવ્રત કિહાં ઉચ્ચરિયાં ? સેવું કેલનું પાસું રે. લોકો ! ૧૦

પહેલાં જે વ્રત જૂઠ ઉચ્ચરિયાં, તે તો નાવે લેખે;
ફેરીને હવે તે ઉચ્ચરીઇં,[૫] પંચ લોક જિમ દેખે રે. લોકો ! ૧૧

મુનિને તે સઘળું સાચવવું, વાત ઘટે નવિ કૂડી;
શુદ્ધ–પ્રરૂપકની જે જે યતના, તે તે જાણો રૂડી રે લોકો ! ૧૨

૧–ઈકલીસ પાણી ખપ નવિ કરતા. ૨–ટળાવે, પઢાઇં, વદ્દાવે. ૩–જુઓ ઉપદેશમાલા ગાથા ૧૯૪ અને સાર પછીની ગાથાઓ. ૪–એકનું. ૫–ઉચ્ચરીઈ મુંડો; ઉચ્ચરીઈ મુંડો.

પહિલાં મૂલ ગુણેથી હીણો, ફિરી દિક્ષા તે લેવે;
ચરણ અંશ હોઈ તે તપ છેદે, ઉદ્યમ મારગ[1] સેવે રે. લોકો! ૧૩

એહવું ભાષ્ય કહ્યું વ્યવહારે, ક્રિયામૂઢ નવિ જાણે;[2]
[3]અધિકાઈ દાખી કોઇ ફેરે, મતવાલો મત તાણે રે. લોકો! ૧૪

શુદ્ધ–કથકને કહે અજ્ઞાની, ઘણી ઉપધિ જે ધારે;
દ્વિવિધ બાલ તે મારગ લોપે, ભાષ્યું અંગ આચારે રે.
લોકો! ૧૫

પાસત્થાદિક જાતિ ન તજઇ, તો કિમ ઉંચા ચઢિઈ?
જ્ઞાનાધિક–આણાઈ રહીઇ, તે સાથે નવિ વઢિઇ રે. લોકો! ૧૬

પાસત્થો પણિ તેહને કહીઇ, જે વ્રત લેઈ વિરાધે;
ધુરથી જેણે વ્રત નવિ લીધાં, તે શ્યો મારગ સાધે રે?
લોકો! ૧૭

સર્વ શુદ્ધિ વિણ પણિ વ્રત યતના, શુદ્ધ–કથકને છાજે;
ઇચ્છાયોગી આપ હીનતા,[4] કહેતો તે નવિ લાજે રે. લોકો! ૧૮

કુસુમપુરે એક શેઠ તણે ઇરિ, હેઠિ રહ્યો સંવેગી;
ઉપરિ ઇરિ સંવર ગુણ–હીણો, પણિ ગુણ–નિધિ ગુણરંગી રે.
લોકો! ૧૯

સંવેગી કહે 'ઉપરિ છે તે, મહા મોકલો પાપી';
ગુણરંગી કહે 'જે વ્રત પાલે, તસ કીરતી જગ વ્યાપી રે.'
લોકો! ૨૦

૧–ઉદ્યમ ગારવ સેવે. ૨–તે તો મર્મ ન જાણે. ૩–અધિકાઈ બાહિર દેખાડી. ૪–હીનતા.

સંવેગીના બાહ્ય કષ્ટથી, થયા લોક બહુ રાગી;
કોઇક શુદ્ધકથકનાં[૧] પણિ મતિ, જેહની જ્ઞાને લાગી રે. લોકો ! ૨૧

ચોમાસું પુરી બિહું વિચરીયા, તિહાં આવ્યા ઇક નાણી;
'બિહુંમાં અલ્પ અધિક ભવ કુણના ?[૨] ?'
પૂછે ઈમ બહુ પ્રાણી રે. લોકો ! ૨૨

જ્ઞાની કહે 'સંવેગી નિંદાઇ, ઘણા ભવ રઝલશ્યે;
શુદ્ધ-કથક વહિલો શિવ-સુખમાં, પાપ ખમાવી× ભલશ્યે રે. લોકો ! ૨૩

સુણી એહવું બહુ જન સમજ્યા, ભાવ-માર્ગ–રૂચિ જાગી;
એ ઉપદેશપદે સવિ જોયો, જો તુહ્યે ગુણના રાગી રે. લોકો ! ૨૪

શુદ્ધ ચારિત્ર+ કલિ માંહિ વિરલા, શુદ્ધ-કથક પણિ થોડા;
ઇચ્છાચારી[૩] બહુલા દીસે, જાણે વાંકા ઘોડા રે. લોકો ! ૨૫

પાસત્થાદિકને પણ સંયમ,–ઠાણ કહ્યો જે હીણો;[૪]
શુદ્ધ-પ્રરૂપક પવયણે શાસન, કહિએ[૫] ન હોએ ખીણો ! રે;
લોકો ! ૨૬

જિન વિણ અછતું ચરણ ન કરીએ, હોય તેતો ઉદ્ધરીએ;
નવો મારગ જન આગેં ભાખે, કહો કિણિ પરિ નિસ્તરીએ રે ?
લોકો ! ૨૭

× પખાલી. + કરે તે.

૧–શુદ્ધકથકથી. ૨–કેહના. ૩–હીણાચારી. ૪–પાસત્થાદિકમાં પણ સંયમ થાનક કહિઉં કોઇ હીણું. ૫–કહિઇ.

સંજય-ઠાણુ વિચારી જોતાં, જો ન લહે નિજ[1] સાખે;
તો જુહું બોલીને દુર્મતિ!, સ્યું સાધે ગુણ પાખે રે? લોકો! ૨૮

સંયમ વિણ સંયતતા થાપે, પાપ-શ્રમણ તે ભાખ્યો;
ઉત્તરાધ્યયનેં સરલ સ્વભાવે, શુદ્ધ-પ્રરૂપક દાખ્યો રે. લોકો! ૨૯

સુવિહિત ગચ્છ ક્રિયાનો ધોરી, શ્રી હરિભદ્ર કહાએ;
એહ ભાવ ધરો[2] તે કારણે, મુજ મન તેહ સુહાએ રે; લોકો! ૩૦

શુદ્ધ દ્રવ્ય-સંયત તે ઇણિ પરિ, ભાવ-ચરણ પણિ પાવે;
પ્રવચન-વચન-પ્રભાવે[3] તેહના, સુરપતિ પણિ ગુણ ગાવે રે.
લોકો! ૩૧

શુદ્ધ-કથક-વચનેં જે ચાલે, મૂલ ઉત્તર ગુણ ધારી;
વચન ક્ષમાદિક રંગે લીના, તે મુનિની બલિહારી રે. લોકો! ૩૨

પૂજનિક જ્ઞાને જ્ઞાનાધિક, સંજત ચરણ વિલાસે;
એકે નહિ જેહને બિહુ માંહે, કિમ જઇએ તસ પાસે રે?
લોકો! ૩૩

જિમ જિમ પ્રવચન-જ્ઞાનેં ઝીલે, તિમ સંવેગ તરંગી;
એ આવશ્યક-વચન વિચારી, હોલે જ્ઞાનનો રંગી રે. લોકો! ૩૪

જ્ઞાનાધિકના ગુણ જે દૂષે, કષ્ટ કરે અભિમાની;
પ્રાયે ગંઠી લગે નવિ આવ્યા, તે ખુતા અજ્ઞાનેં રે. લોકો! ૩૫

તેહની કષ્ટ-ક્રિયા અનુમોદે, ઉનમારગ થિર થાવે;
તેહથી દુરગતિના દુઃખ લહીએ, એ પંચાસક કહાવે રે.
લોકો! ૩૬

૧-જિન. ૨-ધરતો. ૩-પ્રભાવક.

કુલ ગણ સંઘ તણી જે લજ્જા, [૧]તે આપ–છંદે ટાલી;
પાપભીરૂ ગુરૂ–આણા–કારી, જિન મારગ અજુઆલી રે.
લોકો ! ૩૭

જ્ઞાનાધિકની દીક્ષા લેખે,[૨] કરે તસ વયણે પરખી;
બીજાની બેડશકે ભાખી, હોલી–નૃપને[૩] સરિખી રે. લોકો ! ૩૮

જ્ઞાનાધિકનો વિનય વિરાધે, શ્રી જિનવર દુહવાએ;
વિનય–ભેદ સમજીને કિંકર, જ્ઞાનવંતનો થાએ રે. લોકો ! ૩૯

તે માટે જ્ઞાનાધિક–વયણે, રહી ક્રિયા જે કરસ્યે;
આધ્યાતમ–પરિણતિ–પરિપાકે, તે ભવસાયર તરસ્યે રે. લોકો ! ૪૦

વાચક જસવિજયે ઇમ દાખી, શીખ સર્વનઈ સાચી;
પણિ પરિણમશ્યે તેહ તણે મનિ, જેહની મતિ નવિ કાચી રે.
લોકો ! ૪૧

ઇતિ શ્રી સંવિજ્ઞ–પક્ષીય–વદન–ચપેટા
સ્વાધ્યાય સમાપ્ત.
ઇતિ શ્રી હિતોપદેશ સ્વાધ્યાય :

૧–આપછંદતા ટાલી. ૨–લેવે. ૩–નૃપરિધિ.

અમૃતવેલિની નાની સજ્ઝાય

ચેતન! જ્ઞાન અજુઆલજે, ટાલજે મોહ સંતાપ રે;
દુરિત નિજ સંચિત ગાલજે, પાલજે આદર્યું આપ રે;
ચેતન! જ્ઞાન અજુઆલજે. ૧

ખલ તણી સંગતિ પરિહરે, મત કરે કોઇસ્યું ક્રોધ રે;
શુદ્ધ સિદ્ધાંત સંભારજે, ધારજે મતિ પ્રતિબોધ રે. ચેતન! ૨

હરખ મત આણજે તૂસ૦યો, દૂહ૦યો મત ધરે ખેદ રે;
રાગ દ્વેષાદિ સધિ (સંધે) રહે, મનિ વહે ચારૂ નિર્વેદ રે. ચેતન! ૩

પ્રથમ ઉપકાર મત અવગણે, તૂં ગણે ગુરૂ ગુણ શુદ્ધ રે;
જિહાં તિહાં મત ફરે ફૂલતો, ઝૂલતો મમ રહે મુદ્ધ રે. ચેતન! ૪

સમકિત-રાગ ચિત્ત રંજજે, અંજજે નેત્ર વિવેક રે;
ચિત્ત ભમકર મત લાવજે, ભાવજે આતમ એક રે. ચેતન! ૫

ગારવ-પંકમાં મમ લુલે, મત ભલે મચ્છર ભાવ રે;
પ્રીતિ મ ત્યજે ગુણવંતની, સંતની પંતિમાં આદિ રે. ચેતન! ૬

બાહ્ય ક્રિયા કપટ તું મત કરે, પરિહરે આર્ત્તધ્યાન રે;
મીઠડો વદને મને મેલડો, ઈમ કિમ તું શુભજ્ઞાન રે? ચેતન! ૭

ચાલતો આપછંદે રખે, મત ભખે પુંઠનો માંસ રે;
કથન ગુરૂનું સદા ભાવજે, આપ શોભાવજે વંશ રે. ચેતન! ૮

હઠ પડયો બોલ મત તાણજે, આણજે ચિત્તમાં સાંન રે;
વિનયથી દુઃખ નવિ બાંધસ્યે, વાધસ્યે જગતમાં માંન રે. ચેતન! ૯

કોઇકવારે તુઝ ભોલવ્યેં, ઓલવે ધર્મનો પંથરે;
ગુરૂ–વચન–દીપ તો કરિ ધરે, અનુસરે પ્રથમ નિર્ગ્રંથ રે. ચેતન! ૧૦

ધારજે ધ્યાનની ધારણા, અમૃતરસ પારણા પ્રાય રે;
આલસ અંગનું પરિહરે, તપ કરી ભૂષજે કાય રે. ચેતન! ૧૧

કલિ–ચરિત દેખિ મત ભડકજે, અડકજે ગત શુભ યોગ રે;
સૂખડી નવમ રસ પાવના, ભાવના આણજે ભોગ રે. ચેતન! ૧૨

લોકભયથી મન ગોપવે, રોપવેં તૂં મહાદોષ રે;
અવર સુકૃત કીધા વિના, તુઝ દિન જંતિ શુભ શોષરે. ચેતન! ૧૩

લોક સન્નાવમાં ચતુર તું, કાંઈ અછતું નવિ બોલ રે;
ઇમ તુઝ મુગતિસ્યું બાઝસ્યે, વાસસ્યેં જિમ ગ્રહી (ગૃહી) ભોલ રે. ચેતન! ૧૪

જ્ઞાન–દર્શન–ચરણ ગુણ તણા, અતિ ઘણો ધરે પ્રતિબંધ રે;
તન મન વચન સાચો રહે, તૂં વહે સાચલી સંધ રે. ચેતન! ૧૫

પોપટ જિમ પડયો પાંજરે, મનિ ધરે સબલ સંતાપ રે;
તિમ પડે મત પ્રતિબંધ તૂં, સંધિ સંભાલજે આપ રે. ચેતન! ૧૬

મન રમાડે શુભ ગ્રંથમાં, મત ભમાડે ભ્રમ પાશ રે;
અનુભવ રસવતી ચાખજે, રાખજે સુગુરૂની આશ રે. ચેતન! ૧૭

આપ સમ સકલ જગ લેખવે, શીખવે લોકને તત્ત્વ રે.
માર્ગ કહેતો મત હારજે, ધારજે તૂં દઢ સત્ત્વ રે. ચેતન! ૧૮

શી નયવિજય ગુરૂ સીસની, સીખડી અમૃતવેલ રે;
સાંભલી જેહ એ અનુસરે, તે લહે જસ રંગરેલ રે. ચેતન! ૧૮

શ્રી અમૃતવેલીની મોટી સજ્ઝાય+

ચેતન! જ્ઞાન અજુઆલીએ, ટાલીએ મોહ-સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાલીએ, પાલીએ સહજ ગુણ આપ રે. ચે૦ ૧
ઉપશમ અમૃત-રસ પીજીએ, કીજીએ સાધુ-ગુન-ગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે.[૧] ચે૦ ૨
ક્રોધ-અનુબંધ નવિ રાખીએ, ભાંખીએ વયણ મુખે સાચ રે;
સમકિત-રત્નરૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ[૨] કાચ રે. ચે૦ ૩
શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ-મિત્ત રે. ચે૦ ૪
જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક-સંદેહ રે;
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે. ચે૦ ૫
શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવ-નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ચે૦ ૬
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ-પંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ-નિગ્રંથ રે. ચે૦ ૭
શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વર દયા-ભાવ રે;
જેહ સુખ-હેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવ રે. ચે૦ ૮
ચારનાં શરણ એ પડિવજે, વલી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિએ, જિમ હોયે સંવર વૃદ્ધ રે. ચે૦ ૯

+ એક પ્રતમાં લખ્યું છે કે 'અથ વૃદ્ધ અમૃતવેલ વખ્યતે.'
૧ સજ્જન બહુમાન રે ૨ મન

ઈહુભવ પરભવ આચર્યા, પાપ–અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ[1] ગુણ–ઘાત રે. ચે૦ ૧૦
ગુરૂ તણાં વચન તે અવગુણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુ પરે લોકને ભોલવ્યા, નિંદિએ તેહ જંજાલ રે. ચે૦ ૧૧
જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરિ હરખિયા, કીધલો કામ–ઉનમાદ રે. ચે૦ ૧૨
જેહ ધન ધાન્ય મૂરછા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુવા, જે કીયા કલહ–ઉપાય રે. ચે૦ ૧૩
જૂઠ જે આલ પરને દિયાં, જે કર્યાં પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વલિય મિથ્યાત્વ–સંતાપ રે. ચે૦ ૧૪
પાપ જે એહવાં સેવીયાં, તેહ નિંદિએ ત્રિહું કાલ રે;
સુકૃત અનુમોદના કીજિએ, જિમ હોયે કર્મ વિસરાલ રે. ચે૦ ૧૫
વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય–અનુબંધ શુભ યોગ રે. ચે૦ ૧૬
સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઊપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણવન સિંચવા મેહ રે. ચે૦ ૧૭
જેહ ઉવઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જેહ વલી સાધુતા, મૂલ ઉત્તર ગુણ–ધામ રે. ચે૦ ૧૮
જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચાર રે;
સમકિત દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિએ સાર રે. ચે૦ ૧૯
અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિન–વચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિએ, સમકિત–બીજ નિરધાર રે. ચે૦ ૨૦

---

૧ જેહ

પાપ નવી તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ-રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ચે૦ ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભલી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિજ ગુણ નિજાતમા જાણ રે. ચે૦ ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, ધર્મ કરી સ્થિર[1] પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાવનાશય તણું ઠામ રે. ચે૦ ૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સરૂપ રે. ચે૦ ૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ-વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ચે૦ ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડચોર રે;
જ્ઞાન રૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ચે૦ ૨૬

રાગ વિષ દોષ ઊતારતાં, જારતાં દ્વેષ રસ શોષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ચે૦ ૨૭

દેખિયે માર્ગ શિવ-નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણ છોડતાં ચાલિયે, પામિએ જિમ પરમ ધામ રે. ચે૦ ૨૮

શ્રી નયવિજય ગુરૂ શિષ્યની, શીખડી અમૃત-વેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગ રેલ રે. ચે૦ ૨૯

ઇતિ શ્રી હિતશિક્ષા સજ્ઝાય સમાપ્ત

૧ સુધિર

જિન પ્રતિમા સ્થાપન સ્વાધ્યાયો

૧

જિનજીની પ્રતિમા વંદન દીસે, સમકિતને આલાવે;
અંગોપાંગ પ્રગટ અરથ એ, મુરખ મનમાં નાવે રે.
કુમતિ! કાં પ્રતિમા ઉથાપી?
ઇમ તેં શુભમતિ કાપીરે–કુમતિ! કાં પ્રતિમાં ઉથાપી?
મારગ લોપે પાપીરે, કુમતિ! કાં પ્રતિમા ઉથાપી?
એહ અરથ અંબડ અધિકારે, જુઓ ઉપાંગ ઉવાઈ
એ સમકિતનો મારગ મરડી, કહે દયા સી માઈરે–કુમતિ! ૨

સમકિત વિણ સુર દુરગતિ પામે, અરસ વિરસ આહારે;
જુઓ જમાલી દયાયે ન તરીઓ, હુઓ બહુલસંસારી. કુમતિ! ૩

ચારણ મુનિ જિન પ્રતિમા વંદે, ભાખિઉં ભગવઈ અંગે;
ચૈત્ય સાખિ આલોયણ ભાખે, વ્યવહારે મનરંગે.–કુમતિ! ૪

પ્રતિમા–નતિ ફલ કાઉસ્સગ્ગે, આવશ્યકમાં ભાખ્યું;
ચૈત્ય અર્થ વૈયાવચ્ચ મુનિને, દસમે અંગે દાખ્યું રે. કુમતિ! ૫

સૂરીયાભ સૂરિં પ્રતિમા પૂજી, રાયપસેણીમાહિં;
સમકિત વિણ ભવજલમાં પડતાં, દયા ન સાહે બાંહિરે. કુમતિ! ૬

દ્રૌપદીએ જિન–પ્રતિમા પૂજી, છઠે અંગે વાચે;
તો સું એક દયા પોકારી, આણા વિણ તું માચે રે? કુમતિ? ૭

એક જિન-પ્રતિમા-વંદન-દ્વેષે, સૂત્ર ઘણાં તું લોપે;
નંદીમાં જે આગમ સંખ્યા, આપમતી કાં ગોપે? કુમતિ! ૮
જિનપૂજા ફલદાનાદિક સમ, મહાનિસીથે લહિએ;
અંધ પરંપર કુમતિવાસના, તો કિમ મનમાં વહિએ રે? કુ૦! ૯
સિદ્ધારથ રાયઈ જિન પૂજ્યા, કલપસૂત્રમાં દેખો;
આણાશુદ્ધ દયા મન ધરતાં, મિલે સૂત્રનો લેખો રે. કુમતિ! ૧૦
થાવર હિંસા જિન-પૂજામાં, જો તું દેખી ધૂજે;
તો પાપી તે દૂર દેશથી, જે તુઝ આવી પૂજે રે. કુમતિ! ૧૧
પડિકમણે મુનિદાન વિહારે, હિંસા દોષ વિશેષ;
લાભાલાભ વિચારી જોતાં, પ્રતિમામાં સ્યો દ્વેષ રે? કુમતિ! ૧૨
ટીકા ચૂર્ણિ ભાષ્ય ઉવેખ્યાં, ઊંવેખી નિર્યુક્તિ;
પ્રતિમા કારણ સૂત્ર ઉવેખ્યાં, દૂર રહી તુઝ મુગતિ રે. કુ૦! ૧૩
શુદ્ધ પરંપર ચાલિ આવી, પ્રતિમા-વંદન વાણી;
સમૂર્છિમ જે એ મૂઢ ન માને, તેહ અદીઠ અકલ્યાણી રે. કુ૦! ૧૪
જિન- પ્રતિમા જિન સરિખી જાણે, પંચાંગીના જાણ;
કવિ જસવિજય કહે તે ગિરૂઆ, કીજે તાસ વખાણ રે. કુ૦! ૧૫

૨

સતરભેદ પૂજા સાંભલી, સ્યું કુમતિ! જગ ધંધે રે;
શુદ્ધ પરંપર સૂત્ર ન માતે, ધાલિ અંધો અંધે રે. સતર૦ ૧
જિન પ્રાસાદ કરાવ્યાનું ફલ, મહાનિસીથ વખાણું રે;
દાન શીલ તવ ભાવના સરીખું, તો સ્યું તેં નવી જાણ્યું રે?

જિન-પ્રતિમા જિન-સારિખી પૂજા, નિતિ હિતકરણ ભાખી રે;
સૂરિઆભ સુરનેં ઇહાં જોયો, રાયપસેણી સાખી રે. સતર૦ ૩

મોક્ષતણું કારણ જિનપૂજા, બહુવિધ ભગતિ કીધી રે;
સમકિતદૃષ્ટિ સુરનર વંદે, આગમવાત પ્રસિદ્ધી રે. સતર૦ ૪

પુષ્પફલાહણાદિક વિધિ સૂત્રે, દેખી પણ કાંઈ ભૂલે રે?
હિંસા દાખી સૂત્ર ઉથાપી, ફલ પામિ કૂલ મૂલે રે? સતર૦ ૫

જિન–પૂજામાં દોષ ન દાખ્યો, આધાકર્મિક ભાંતિ રે;
જિનઆણા વિણ કુમતિ! પડિ તું, કુગુરૂતણી સ્યું વાતેં રે?
સતર૦ ૬

નાગભુત જક્ષાદિ કહે તે, પૂજા હિંસા લહીએ રે;
સુગડાંગમાં નવિ જિન હોતેં, તે કિમ હિંસા કહીએ રે? સતર૦ ૭

મિથ્યાદૃષ્ટિ હરી હર પૂજે, જૈન જિનેસ્વર પૂજે રે;
તૂંતો બેમાં એક ન પૂજે, કુમતિ પડિઓ ધુજે રે. સતર૦ ૮

સાર સૂત્રનું સમઝી જિનની, પૂજા જે મન ધારે રે;
જસવિજય કહે તે ગિરૂઆ, તેહ તર્યા ને તારે રે. સતર૦ ૯

૩

પંચ મહાવ્રત તણિ રે ચારિ, ત્રિવિધ ત્રિવિધ જે ભાખી;
આણા કુટ નદી ઉતરતા, એહ છીંડી કિહાં રાખી રે.
કુમતિ! એહ છીંડી કિહાં રાખી રે? ૧

નદીય તણા જીવ ઘણું અજપો કારિ, કાં માથિં પગ મુકો?
મુગતિ મારગ રખવાલાં થઇને, ચોર થઈ કાં ચુકો રે? કુ૦! ૨

એક ગુરૂ વંદન આણી હેતે, નદી પાપ આચરતા;
કર્મ વિશોધિને જન વિમલા, ફલ અંતર કુણ કરતા? કુ૦ ! ૩
જીવહિંસાના થાન જાણી, જિન–પ્રતિમા ઉથાપી;
સંજમ કાજે નદીય તરતાં, કે ધરમી કે પાપી રે? કુ૦ ! ૪
બત્રીસ સૂત્રમાંહિ જિન–પ્રતિમા, સુર માનવ એ પૂજી;
ભવ્ય હુઈ તે કહેા કિમપિં, તારી મત કાં મુંજી રે? કુ૦ ! ૫
જિન જનમે સહુ સુરપતિ આવે, નીરે કલસ ભરાવે;
એક કેાડી સાઠિ લખિ નવરાવે, કહેા તે સું ફલ પાવે રે? કુ૦ ! ૬
દયા દયા મુખ પર પેાકારે, દયા મરમ નવી જાણે;
સકલ જંતુ જેણે સરણુ રાખ્યા, નદીય મહિર કાં નાણે રે? કુ૦ ! ૭

(જે પ્રતમાંથી આ સ્વાધ્યાય લીધી છે તે પ્રતમાં બધિ યશેાવિજયજીની કૃતિએા છે તેથી જો કે આમાં છેવટે તેમના નામનેા ઉલ્લેખ નથી તેા પણ આ તેમની જ કૃતિ લાગે છે.)

સ્થાપના કલ્પ સ્વાધ્યાય

—(*)—

(હસ્તિનાપુર વર ભલું–એ પાંડવની સજઝાયની દેશી)

પૂરવ નવમથી ઉદ્ધરી, જિમ ભાખ્યું શ્રી ભદ્રબાહુ રે;
થાપના કલ્પ અદ્ય કહું, તિમ સાંભલયેા સહુ સાહૂ રે. ૧

તિમ સાંભલયો સહુ સાહૂ પરમગુરૂ,–વયણુડે મનિ દીજઈ રે;
મનિ દીજઈ પરમગુરૂ–વયણુડે, તો શિવસુરલતાફલ લીજઈ રે.

— આંકણી

લાલ વરણ જેહ થાપના, માંહિ રેખા શ્યામ તે જોઈ રે,
આયુ જ્ઞાન બહુ સુર વદી, તે તો નીલકંઠ સમ હોઈ રે– ૨
તે તો નીલકંઠ

પીત વરણ જેહ થાપના, માંહિ દીસઇં બિંદુ તે શ્વેત રે;
તેહ પખાલી પાઈઇં, સવિ રોગ-વિલયનો હેત રે. સવિ૦ ૩

શ્વેતવરણ જેહ થાપના, માંહિ પીતબિંદુ તસ નીર રે,
નયન રોગ છાંટિં ટલઇં, પીતાં ટલઇં શૂલ શરીરિ રે. પીતાં૦ ૪

નીલવરણ જેહ થાપના, માંહિ પીલા બિંદુ તે સાર રે.
તેહ પખાલી પાઇઇં, હોઇં અહિ–વિષનો ઉત્તાર રે. હોઇં૦ ૫

ટાલઇં રોગ વિસૂચિકા, ઘૃત લાભ દીઇં ઘૃત વન્ન રે;
રક્ત વરણ પાસઇં રહ્યો, મોહઇં માનિનિ કેરાં મન્ન રે. મોહઇં૦ ૬

શુદ્ધ શ્વેત જે થાપના, માંહિ દીસઇં રાતી રેખ રે;
ડંક થકી વિષ ઉતરઇ. વલી સીઝઇં કાર્ય અશેષ રે. વલી૦ ૭

અર્ધ રક્ત જે થાપના વલી અર્ધ પીત પરિપુષ્ટ રે;
તેહ પખાલિ છાંટિઇં, હરઇ અક્ષિરોગ નઇં કુષ્ટ રે. હરઇ૦ ૮

જંબૂ વરણ જેહ થાપના, માંહિ સર્વ વર્ણના બિંદુ રે;
સર્વ સિદ્ધિ તેહથી હોઇં, મોહઇં નરનારીના વૃંદ રે. મોહઇં૦ ૯

જાતિ પુષ્પ સમ થાપના, સુત વંશ વધારઇં તેહ રે;
મોર પિચ્છ સમ થાપના, વંછિત દિઇ નવિ સંદેહ રે. વંછિત૦ ૧૦

સિદ્ધિ કરઇં ભય અપહરઇં, પારદ સમ બિંદુ તે શ્યામ રે;
મૂષક સમ જેહ થાપના, તે ટાલઇં અહિવિષ ઠામ રે. તે ટાલઇં ૧૧

એક આવર્ત્તઇં જલ દિઇ, ચિહું આવર્ત્તઇં સુખાભંગ રે,
ત્રિહું આવર્ત્તઇં માન દિઇ, ચિહું આવર્ત્તઇં નહી રંગ રે. ચિહું ૧૨

પંચ આવર્ત્તઇં ભય હરઇં, છહિં આવર્ત્તઇં દિઇ રોગ રે;
સાત આવર્ત્તઇં સુખ કરઇં, વલિ ટાલઇં સઘલા રોગ રે. વલિ ૧૩

વિષમાવર્ત્તઇં ફલ ભલું, સમ આવર્ત્તઇં ફલ હીન રે;
ધર્મનાશ હોઇં છેદથી, ઇમ ભાખઇં તત્વ-પ્રવીન રે. ઇમ ૧૪

જેહ વસ્તુ થાપિઇં, દક્ષિણ આવર્ત્તઇં તેહ રે;
તે અખૂટ સઘલું હોઇં, ઇમ જાણી જઇં ગુણ ગેહ રે.
કહઇં વાચક જશ ગુણ ગેહ રે. ૧૫

તપાગચ્છાચાર્યની સજ્ઝાય

—(*)—

નિંદરડી વેરણ હુઈ—એ દેશી

શ્રી વિજયધર્મસૂરીશ્વરજી,× ગચ્છપતિના હો ગુણગણ અભિરામ કે,
તપગચ્છપતિ વિરાજતા, રૂપે સુંદર હો જાણું નૃપ કામ કે–શ્રી૦ ૧

તુમે ધર્મધુરંધર વીરના, શાસન માંહે કરૂણાના સિંધુ કે,
દ્યો અમિય સમાણી દેશના, નિષ્કારણ ગુરૂ જગના બંધુ કે–શ્રી૦ ૨

એહવા ગુરૂની ગોઠડી, થોડી પણ હો સવિ જનમનો સાર કે,
થોડું પણ ચંદન ભલું, શું કીજે હો બીજે કાઠનો ભાર કે–શ્રી૦ ૩

હેજ હૈયાનો ઉલ્લસે, જો બાઝે હો ગુણવંતશું ગોઠ કે,
નહિ તો મનમાંહે રહે, નવિ આવે તો તસ વાત તે હોઠ કે–શ્રી૦ ૪

મર્યાદા ચરણ ગુણે ભર્યા, મુજ મલિયા હો સૂરિરાજ સુરીંદ કે,
મનના મનોરથ સહુ ફળ્યા, વળી ટળીયા હો દુઃખદોહગ દૂર કે–શ્રી૦ ૫

દૂર રહ્યા કિમ જાણીએ, ગુણવંત હો નિજ ચિત્ત હજૂર કે,
વાચક જસ કવિ ગુણ તણો, ઈમ સેવક હો લહે સુખ પંડુર કે–શ્રી૦ ૬

સમકીત સુખલડીની સજ્ઝાય

—(*)—

ચાખો નર સમકીત સુખડલી, દુઃખિભૂખડલી ભાજે રે,
ચાર સદ્દહણા લાડુ સેવઈયા, ત્રિણ લિંગ ફેણાં છાજે રે–ચાખો. ૧

× શ્રી વિજયધર્મસૂરીશ્વરજીને બદલે શ્રી વિજયદેવસૂરીશ્વરજી–અથવા શ્રી વિજયપ્રભસૂરીશ્વરજીનું નામ સંભવે છે.

દશ વિનયના દહુઠા? (દહીથરા) મીઠા, ત્રિણ શુદ્ધિ સખર સુહાળી રે
આઠ પ્રભાવક જતને રાખી, પણ દૂષણ તે ગાળી રે-ચા૦ ૨
ભૂષણ પાંચ જલેણી કુંપલી (કુમળી), છહ વિધ જયણા ખાન્ન રે
લખણ પાંચ મનોહર ઘેબર છ ઠાણ ગુંદવડા તાજા રે-ચા૦ ૩
છ આગાર નાગોરી પીંડા, છ ભાવના પણ પૂરી રે
સડસઠિ ભેદે નવ નવ વાની, સમકીત સુખડી રૂડી રે-ચા૦ ૪
શ્રી જિનશાસન ચઉહટે દીઠી, સિદ્ધાંત થાલે સારી રે
એ ચાખે અજરામર હોવે, મુનિ દરશમે પ્યારી રે-ચા૦ ૫
એ નિશ્ચે જીવ અણાહારી, સંતુષ્ટ પુદ્ગલ વીવહારી રે
વાચક જશ કહે આગમ માને (માં તે) વાત પ્રમાણે પ્રકાશી રે-ચા૦૬

ગુણસ્થાનક સજ્ઝાય

—(*)—

[દેશી-કડવાં ફળ છે ક્રોધનાં]

હોયે મિથ્યાત્વ અભવ્યને, કાળ અનાદિ અનંતો રે;
તેહ અનાદિ શાંત છે, પ્રાણી ભવ્યને તંતો રે.
શ્રી જિનવચન વિચારીએ. ૧
આવલી ષટ સાસાયણે ચોથું અયર તે મીસો રે;
મનુજભવાદિક સુરભવે, ઈમ ભાખે જગદીશો રે. શ્રી જિન૦ ૨
પૂરવ કોડી છે પાંચમો, તેરમું દેશથી ઉણો રે;
કાલ અવર ગુણ જાણવો, અંતર્મુહૂર્ત સહુનો રે. શ્રી જિન૦ ૩
સાધુ છઠે અને સાતમે, મીલી રહે પૂરવ કોડી રે;
અધિક વધે હોય કેવલી, કઠીન કર્મદલ મોડી રે શ્રી જિન૦ ૪

જે જેના વ્યવહારમાં, તેહને તેહ કહેવાય રે;
નિશ્ચયથી ગુણઠાણુએ. અંતર ગતિ પલટાય રે. શ્રી જિન૦ ૫
ઉચીત ક્રિયા અધિગમથકે, અછતો પણ ગુણ આવે રે;
છતો હોય તે થિર રહે, જો જિનવચન સુહાવે રે; શ્રી જિન૦ ૬
જે ગુરૂચરણ ઉપાસતે, ઇમ ગુણઠાણે વિચાર રે;
તે લહે **સુજસ** સંપદા, નિશ્ચય ને વ્યવહાર રે. શ્રી જિન૦ ૭

તુંબડાની સજ્ઝાય

—(*)—

સાધુજીને તુંબડું વહોરાવીયું જી. કરમે હલાહલ થાય રે;
વિપરીત આહાર વહોરાવીઓજી, વધાર્યો અનંત સંસાર રે;
સાધુજીને તુંબડું વહોરાવીયું જી–એ આંકણી

આહાર લેઈ મુનિ પાછા વલ્યાજી, આવ્યા ગુરૂજીની પાસ રે;
ભાત પાણી આલોવીયાજી, 'એ આહાર નહી તુજ લાગ રે; સાધુ૦ ૨
નિરવદ્ય ઠામે જઇને પરઠવોજી, તુમે છો દયાના જાણ રે;
બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધાર રે;' સાધુ૦ ૩
ગુરૂ–વચન શ્રવણે સુણીજી, પહોંચ્યા વન મોઝાર રે;
એકજ બિંદુ તિહાં પરઠ્યોજી, દીઠા દીઠા જીવના સંહાર રે; સાધુ૦ ૪
જીવદયા મનમાં વસીજી, આવી કરૂણા સાર રે;
માસખમણને પારણેજી, પડીવન્યાં શરણાં ચાર રે; સાધુ૦ ૫
સંથારે બેસી મુની આહાર કર્યોજી, ઉપજી ઉપજી દાહ જ્વાળ રે;
કાળ કરી સર્વાર્થસિદ્ધેજી પહોંચ્યા પહોંચ્યા સ્વર્ગ મોઝારરે; સાધુ૦ ૬

દુઃખણી દોભાગણી બ્રાહ્મણીજી, તુંબડા તણે અનુસાર રે;
કાળ અનંતા તે ભમીજી, રૂલિ રૂલિ તિર્યંચ મોઝાર રે; સાધુ૦ ૬
સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે;
ચારિત્ર લઈ તપસ્યા કરીજી, બાંધ્યું નિયાણું તેહ રે, સાધુ૦ ૮
દ્રુપદ રાજા ઘરે ઉપજીજી, પામી પામી યૌવન વેષ રે;
પાંચ પાંડવે તે વરીજી, હુઈ હુઈ દ્રૌપદી એષ રે; સાધુ૦ ૯
તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધાર રે;
કેવળ જ્ઞાન પામી કરીજી, જશ કહે જાશે જાશે મુક્ત
મોઝાર રે; સાધુ૦ ૧૦

ચાર આહારની સજ્ઝાય

અથવા

આહાર-અણાહારની સજ્ઝાય

—(*)—

અરીહંત પદ ધ્યાતો થકો—એ દેશી

સમરૂં ભગવતી ભારતી, પ્રણમી ગુરૂ ગુણવંતો રે.
સ્વાદિમ જેહ દુવિહારમાં, સૂઝે તે કહું કંતો રે. ૧
શ્રી જિનવચન વિચારીએ, કીજીએ ધર્મનિઃસંગો રે;
વ્રત પચ્ચખાણ ન ખંડીએ, ધરીએ સંવર[1] રંગો રે. શ્રીજિન૦ ૨
પીંપર સુંઠ તીખા ભલા, હરડે જીરૂ તે સાર રે;
જાવંત્રી-જાયફલ-એલચી, સ્વાદિમ ઈમ નીરધાર રે; શ્રીજિન૦ ૩

---

૧ સુંદર

કાઠ—કુલંજર—કુમઠા—ચણીકબાવા—કચૂરો રે;
મોથ ને કંટાસેલિયો, પોહોકર–મૂલ કપૂરો રે. શ્રી જિન૦ ૪
હીંગલા અષ્ટક–બાપચી, બૂકી–હિંગુ ત્રેવીસો રે,
બલવણ–સંચલ સૂજતાં,[1] સંભારો નિસદિસો રે. શ્રી જિન૦ ૫
હરડાં–બેહડાં વખાણીયે, કાથો–પાન–સોપા[2]રી રે;
અજ–અજમોદ–અજમો ભલો, બેરવડિ નિરધારો રે. શ્રી જિન૦ ૬
તજ ને તમાલ લવીંગસું, જેઠીમધ ગણો ભેલા રે;
પાન વલી તુલસી તણાં, દુવિહારે લેજ્યો હેલા રે. શ્રી જિન૦ ૭
મૂલ જવાસના જાણીએ, વાવડિંગ કસેલો રે;
પીપલીમૂલ જોઈ લીજીએ, રાખજ્યો વ્રત-વેલો રે. શ્રી જિન૦ ૮
બાવલ બેર ને બેજડો, છાલી ધવાદિક જાણો રે;
કુસુમ સુગંધ સુવાસિયો, વાસી પૂનિતસ્યો[3] પાણી રે; શ્રી જિન૦ ૯
એહવા ભેદ અનેક છે, ખાદિમ નીતિ માંહે રે;
જીરૂ સ્વાદિમ કહ્યું ભાષ્યમાં, ખાદીમમાં બીજે ઠામે રે. શ્રી જિન૦ ૧૦
મધૂ ગોલ પ્રમુખ જે ગ્રંથમાં, સ્વાદિમ જાતિમાં ભાખ્યો રે;
તે પણ તૃપ્તિને કારણે, આવરણાએ નવિ રાખ્યો રે; શ્રી જિન૦ ૧૧
હવે અણાહાર તે વર્ણવું, જે ચૌવિહારમાં સૂજે રે;
લીંબ-પંચાંગ ગલો-કડું, જેહથી મતિ નવી મૂંઝે રે; શ્રી જિન૦ ૧૨
રાખ ધમાસો ને રોહણી, સુખડ ત્રીફલાં વખાણો રે;
કીરયાતો અતિવિષ એલીયો, રીંગણી પણ તિમ જાણો રે;
શ્રી જિન૦ ૧૩

---

૧ સુજાત. ૨ સુપારીરે. ૩ પૂનીતર્યો

આછી આસંધ-ચીતરો, ગૂગલ હરડાં દાલો રે;
બોણ કહી અણહારમાં, વળી મજીઠ નિહાલો રે. શ્રી જિન૦ ૧૪
કણેરનાં મૂલ પુંવાડીયા, બોલબીયો તે જાણો રે;
હલદર સૂજે ચોવિહારમાં, વળી ઉપલેટ વખાણો રે. શ્રી જિન૦ ૧૫
ચોપચીની વજ જાણીએ, બોરડી મૂલ કંથેરી રે;
ગાય ગોમૂત્ર વખાણીયે, વલી કુંવાર અનેરી રે. શ્રી જિન૦ ૧૬
કંદર વડકુડા ભલા, તે અણહારમાં કહીએ રે;
એહવા ભેદ અનેક છે, પ્રવચનથી સવી લહીએ રે. શ્રી જિન૦ ૧૭
વસ્તુ અનિષ્ટ ઇચ્છા વિના, તે મુખમાં ધરીજે રે;
ચાર આહારથી બહીરો, તે અણહાર કહિજે રે. શ્રી જિન૦ ૧૮
એહ જુગત શું જે લહી, વ્રત પચ્ચખાણ ન ખંડે રે.
તેહશું ગુણ-અનુરાગીણી, શિવ-લચ્છિ રતિ મંડે રે. શ્રી જિન૦ ૧૯
શ્રી નયવિજય સુગુરૂતણા, લેઈ પસાય ઉદાર રે;
વાચક જસવિજય કહ્યો[1] એહ વિશેષ વિચાર રે. શ્રી જિન૦ ૨૦

---

૧ વાચક જસ સિજ્ઝાય રચી, એ સેવક સુવિચાર રે.
કોઈક પ્રતોમાં નીચેની એક વધુ ગાથા મલે છે.
"તપગચ્છ-ગયણ-દિવાકર, શ્રી પરવ (પ્રભ) સૂરિરાજ્યે રે;
એ સજ્ઝાય રચ્યો ભલો, ભવિયણને હિત કાજે રે. ૨૧"

શ્રી સંયમ શ્રેણી વિચાર સજ્ઝાય

પ્રણમી શ્રી ગુરૂના ચરણામ્બુજ, સમરી સારદ માત,
સંયમ–શ્રેણી–વિચાર કહેશ્યૂં, સુણુજો તે અવદાત;[૧]
ભાવ ગંભીર ઘણા જે શ્રુતમાં, તે સુણતાં ભવિ પ્રાણી,
સદ્દહણા અનુમોદન ગુણથી, લહે સુગતિ પટરાણી. ૧

સર્વાકાશ પ્રદેશ થકી પણ, અનંત ગુણ અવિભાગ[૨]
સર્વ જઘન્ય સંયમ સ્થાનકમાં, દ્વેખે શ્રી વીતરાગ;
બીજું ઠાણું[૩] અનંતે ભાગે, હોય પ્રથમથી વૃદ્ધ,
અંગુલ ક્ષેત્ર અસંખ્ય ભાગ–ગત, અંસ સમાંને સિદ્ધ. ૨

તેતાં થાનક કંડક કહીએ, બીજે કંડકે ઠાણી,
પહિલે વૃદ્ધિ અસંખ્ય ભાગની, ચરણ અંશની જાણી;
આગે કંડક માન અનંતે, ભાગે વૃદ્ધિ કહીજે,
વલતું બીજું ઠાણ અસંખ્યે, ભાગે વૃદ્ધિ લહીજે. ૩

ભાગ અનંત વૃદ્ધિ કંડક જે,[૪] અંતરિ કંડક માન,
એમ અસંખ્ય ભાગે જે વાધ્યા, તે કહે વરજ્ઞાન;
ચરમ અસંખ્ય ભાગ કંડકથી, અનંતે ભાગે વૃદ્ધિ,
કંડક માત્ર ગએ અસંપ્રયાતે, ભાગે વૃદ્ધિ ઇકિ લદ્ધ. ૪

વલતું મૂલ થકી જે સંજમ, ઠાણ સર્વ તે ભાખ્યો,
ઠાણભાગ સંખ્યાતે વાધ્યું, બીજું મન માંહિ રાખ્યો;

૧–અધિકાર. ૨–ચારિત્ર પર્યાય. ૩–ઠાણ. ૪–કંડકને.

બીજી વૃદ્ધિ કહિ ઇમ કંડક, માણ ઠાણસ્યૂ પુરી,
ત્રીજી વૃદ્ધિ સંખ્યાત ભાગની, ધારો સંયમ ચૂરી. ૫
થયાં થયાં તે થાનક અંતર, ચઉથી પંચમી છઠ્ઠી,
કંડક માણઠાણ થયે પૂરે, વુદ્ધિ જિણવર દિઠી;
છેહલે કંડક પૂર્ણ થએ વલી, પંચ વૃદ્ધિનાં થાન,
મૂલ થકી કહિએ નહિ બીજું, પૂર્ણ થયાં ષટ્ સ્થાન. ૬
ઉપરિ પણ* ષટ્ સ્થાનક ઓછેં,[1] અસંખ્ય લોકાકાશ,
અંસ પ્રમાણ[2] સમગ્ર[2] તે કહીએ, સંયમ–શ્રેણી પ્રકાશ;
એહમાંથી જે વરતે સંયત, વંદનીક તે હોઇ,
બીજે વંદનીક ભજનાએ, ભાષ્ય કલ્પનું જોઇ. ૭

ઢાલ

હવે ઠાણ[3] પરૂવણા, કહું સુણજ્યો તુમ્હે શ્રોતા રે!
પ્રથમ નિરંતર માર્ગણા, મત ભૂલો તુમ્હે જોતા રે;
આગમ વચનમાં થિર રહો—આંચલી ૧
આદિ અસંખ્ય અંશ વૃદ્ધિથી, વૃદ્ધિ અનંત અંસ કેતાં રે;
હેઠે થાનક ઇમ પૂછતાં, કહીએ કંડક તેતા રે. આગમ૦ ૨
ઉત્તર ઉત્તર વુદ્ધિના, ધુરથી હેઠલાં ઠાણા રે;
ઇમ નિરંતર માર્ગણાએ, કડક માત્ર તે જાણો રે. આગમ૦ ૩

---

* (કવિના સમયની પ્રતના હાંસિયામાં જણાવ્યું છે કે:)
અનંત ભાગ વૃદ્ધિ, અસંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાત ગુણ વૃદ્ધિ, અસંખ્યાત ગુણ વૃદ્ધિ, અનંત ગુણ વૃદ્ધિ એ ૬ સ્થાનક.

૧–ઓઠેં. ૨–સમય. ૩–અહિઠાણ.

અંશ સંખ્યાતે[1] જે વૃદ્ધિ છે, પહેલું થાનક તેહથી રે;
ભાગ અનંત વૃદ્ધિ કેતલાં, હેઠે થાનક કહ્યો મુહથી રે. આગમ૦ ૪
×કંડક વર્ગ તે ભાખીએ, ઉપરે કંડક એકો રે;
એમ એકાન્તર માર્ગણા, આગલ પણ સુવિવેકો રે. આગમ૦ ૫
દ્વયંતરિતાદિક માર્ગણા, ઈમ નિજ બુદ્ધિ વિચારો રે;
પર્યવસાનની માર્ગણા, ષટ્ સ્થાનક થયે ધારો રે. આગમ૦ ૬
એહ સંયમ–શ્રેણી પડિવજે, કોઈ ઉપર કોઈ હેઠો રે;
હેઠલથી ચઢે જેહ તે, નિશ્ચય શિવ–ગૃહ પેઠો રે. આગમ૦ ૭
ભરત ભૂપતિ જિમ કેવલી, ધુરથી સંયમ ફરસી રે;
ઉપરિ મધ્યમિ જે ચઢિયો,[2] નિયમા હેઠિ ઉતરસી રે. આગમ૦ ૮
અંતર્મુહૂર્તની જાણવી, વૃદ્ધિ ને વલી હાણી રે;
એહ પ્રરૂપણા ગુરૂ કહી, વૃદ્ધિ દુવારની જાણી રે. આગમ૦ ૯

ઢાલ

—(*)—

મેં થુણિઓ રે પ્રભુ! તું સુરપતિ યું થુણિઓ—એ દેશી

પાયો પાયો રે, ભલે મેં જિન–શાસન પાયો. એ ટેક.

૧–અસંખ્યાતે. ૨–ચઢયો.

× **एकांतर मार्गणायां कंडकवर्गः कंडकं च द्वयंतरमार्गणायां कंडकवर्ग-वर्गः कंडकवर्गः कंडकं च-द्वयंतर-मार्गणायां कंडक-वर्गवर्गवर्गः कंडकवर्गवर्गः कंडकवर्गः कंडकं च चतुरंतरवर्गणायां कंडकवर्गवर्गवर्गवर्गः कंडकवर्गवर्गवर्गः कंडकवर्गवर्गः कंडकवर्गः कंडकं च.** આ પાઠ નોંધ શ્રી યશોવિજયે ખુદ સ્વહસ્તે લખેલી મારી પાસેની એક પ્રતમાં છે. મો. દ. દે.

અલ્પ-બહુત્વ દુવારે સંયમ,-શ્રેણિ-વિચાર સુહાયેા;
થેાવાસંખ ગુણા ઉતકમથી,[1] થાનક ષટ્ એહ ન્યાયેા રે.× ભલે૦ ૧

ઉત્તર ઉત્તર થકી અનંત, અસંખ ગુણહ વઢાયેા;
તે કંડક સંમિત ગુણકારે, અધિક કંડક એક આયેા રે. ભલે૦ ૨

જીવ પદ પ્રતિબદ્ધ માર્ણણા, તે પ્રકાર ન કહાયેા;
દૃષ્ટિવાદ છે વિસ્તર તેહનેા, હવડાં નહિ સંપ્રદાયેા રે. ભલે૦ ૩

મંદબુદ્ધિને સૂક્ષ્મ વિચારે, ચિત્ત ન ચમકેા થાયેા;
ગીતારથ વચને રહેવું, સમકિત શુદ્ધ ઉપાયેા રે. ભલે૦ ૪

વીતરાગ આણા સિંહાસન, પુણ્ય પ્રકૃતિનેા પાયેા;
વાચક જશવિજયે એ અર્થ હ, ધર્મ ધ્યાનમાં ધાયેા રે. ભલે૦ ૫

પાયેા પાયેા રે ભલે મેં જિનશાસન પાયેા.

—(*)—

૧-ઉત્કૃષ્ટથી.

× અનંત ગુણ વૃદ્ધિ થકી અસંખ્યાત ગુણ વૃદ્ધિ ના થાનક અસંખ્યાત ગુણા જાણવા ઈમ ઊતરતાં ઊતરતાં જાવત અનંત ભાગ વૃદ્ધિ સુધી જાણવા. (આમ કાંઇના સમયની પ્રતના હાંસિયામાં જણાવેલ છે.)

શ્રી યતિધર્મ બત્રીશી–સંજમ બત્રીશી

(દોહા)

—(*)—

ભાવ–યતિ તેહને કહ્યો, જિહાં દશવિધ યતિધર્મ;
કપટ ક્રિયામાં માહાલતા, મહીયા બાંધે કર્મ ૧

લૌકિક લોકોત્તર ક્ષમા, દુવિધ કહી ભગવંત;
તેહમાં લોકોત્તર ક્ષમા, પ્રથમ ધર્મ એ તંત. ૨

વચન ધર્મ નામે કથ્યો, તેહના પણ બિહું ભેદ;
આગમ–વયણે જે ક્ષમા, પ્રથમ ભેદ અપખેદ. ૩

ધર્મ ક્ષમા નિજ સહેજથી, ચંદન–ગંધ પ્રકાર;
નિરતિચારપણે જાણીએ, પ્રથમ સૂક્ષ્મ અતિચાર. ૪

ઉપકારે અપકારથી, લૌકિક વળી વિભાગ;
બહુ અતિચાર ભરી ક્ષમા, નહિ સંજમને લાગ. ૫

બાર કષાય ક્ષય કરી, જે મુનિ–ધર્મ લહાય;
વચન ધર્મ નામે ક્ષમા, તે બહુ તિહાં કહાય. ૬

---

૧ खंती य मद्दवऽज्जव मुत्ती तव संजमे य बोद्धव्वे।
सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥

–ક્ષાન્તિ–ક્ષમા, માર્દવ–મૃદુતા–કોમળતા, આર્જવ–ઋજુતા–સરલતા, મુક્તિ–લોભત્યાગ, તપ, સંયમ, સત્ય, શૌચ–નિરતિચારતા, અકિંચનતા, અને બ્રહ્મચર્ય એ (દશ) યતિધર્મ છે–પ્રવચન સારોદ્ધાર ગાથા. ૫૫૪.

મદ્દવ, અજ્જવ, મુત્તિ, તવ, પંચ ભેદ ઇમ જાણુ;
તિહાં પણ ભાવ-નિયંઠને, ચરમ ભેદ પ્રમાણુ. ૭

ઇહ લોકાદિક કામના, વિણ અણસણ સુખ જોગ;
શુદ્ધ નિર્જરા ફલ કથ્યો, તપ શિવ સુખ સંજોગ. ૮

આશ્રવ દ્વારને રૂંધીએ, ઇંદ્રિય દંડ કષાય;
સત્તર ભેદ સંજમ[1] કથ્યો, એહજ મોક્ષ ઉપાય. ૯

સત્ય સૂત્ર અવિરૂદ્ધ જે, વચન વિવેક વિશુદ્ધ;
આલોયણ જલ શુદ્ધતા, શૌચ ધર્મ અવિરૂદ્ધ. ૧૦

ખગ ઉપાય મનમેં ધરો, ધર્મોપગરણ જેહ;
વરજીત ઉપધિ ન આદરે, ભાવ અકિંચન તેહ. ૧૧

શીલ વિષય મનવૃત્તિ જે, બંભ તેહ સુપવિત્ત;
હોય અનુત્તર દેવને, વિષય-ત્યાગનું ચિત્ત. ૧૨

એહ દશ વિધ યતિ-ધર્મ જે, આરાધે નિત્યમેવ.
મૂલ ઉત્તર ગુણ જતનથી, કીજે તેહની સેવ. ૧૩

અંતર-જતના વિણ કિરિયો, વામ ક્રિયાનો લાગ!
કેવલ કંચુક પરિહરે, નિરવિષ ન હુવે નાગ. ૧૪

દોષરહિત આહાર લિયે, મનમાં ગારવ રાખ;
તે કેવલ આજીવિકા, સૂયગડાંગની સાખ. ૧૫

---

૧ પંચાસવા-વિરમણં પંચિંદિયનિગ્ગહો કસાયજઓ.
દંડત્તયસ્સ વિરઇ સત્તર સહા સંજમો હોઇ-ગાથા ૫૫૫

નામ ધરાવે ચરણનું, વગર ચરણ ગુણ ખાણ;
પાપ–શ્રમણ તે જાણીયે, ઉત્તરાધ્યયન પ્રમાણ.× ૧૬
શુદ્ધ ક્રિયા ન કરી શકે, તો તું શુદ્ધ ભાખ;
શુદ્ધ–પ્રરૂપક હુંએ કરી, જિન–શાસન–થિતિ રાખ. ૧૭
ઉસન્નો પણ કર્મ–રજ, ટાલે પાલે બોધ;
ચરણ કરણ અનુમોદતાં, ગચ્છાચારે[1] શોધ. ૧૮
હીણો પણ જ્ઞાને અધિક, સુંદર સુરુચિ વિશાલ;
અલ્પાગમ મુનિ નહિ ભલો, બોલે ઉપદેશમાલ+ ૧૯
જ્ઞાનવંત ને કેવલી, દ્રવ્યાદિક અહિનાણ;
બૃહત્ કલ્પ ભાષે વલી, સરખા ભાષ્યા જાણ. ૨૦
જ્ઞાનાદિક–ગુણ–મચ્છરી, કષ્ટ કરે તે ફોક;
ગ્રંથિ–ભેદ પણ તસ નહિ, ભૂલે ભોલા લોક. ૨૧
જોડયો હાર જવેહરી, જ્ઞાને જ્ઞાની તેમ;
હીણાધિક જાણે ચતુર, મૂરખ જાણે કેમ? ૨૨
આદર કીધે તેહને, ઉન્મારગ થિર હોય;
બાહ્ય ક્રિયા મત રાચજો, પંચાશક અવલોય. ૨૩
જેહથી મારગ પામીયો, તેહની સામે થાય;
કૃતઘ્ન[2] તે પાપીયો, નિશ્ચય નરકે જાય. ૨૪
સુંદર–બુદ્ધિપણે કથ્યો, સુંદર શ્રવણ થાય;
જ્ઞાનાદિક વચને કરી, મારગ ચાલ્યો જાય. ૨૫

× જુઓ તેનું ૧૭મું પાપશ્રમણીય અધ્યયન
+ જુઓ તેની ગાથા ૪૧૨ થી ૪૧૫
૧ જ્ઞાનાચારે ૨ પ્રત્યનીક

જ્ઞાનાદિક વચને [1]રહ્યા, સાધે જે શિવ પંથ;
આતમ-જ્ઞાને ઉજલો, તેહ ભાવ નિર્ગ્રંથ. ૨૬

નિંદક નિશ્ચે નાટકી, બાહ્યરૂચિ મતિ-અંધ;
આતમ-જ્ઞાને[2] જે રમે, તેહને તો નહિ બંધ. ૨૭

આતમ-સાખે ધર્મ જે, તિહાં જનનું શું કામ?
જન-મન-રંજન-ધર્મનું, મૂલ ન એક બદામ. ૨૮

જગમાં જન છે બહુ [3]રૂચિ, રૂચિ નહિ કોએક;
નિજ હિત હોય તિમ કીજીયે, ગ્રહી પ્રતિજ્ઞા ટેક. ૨૯

દુર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;
સંગતિ કીજે સંતની, હુઈએ તેહના દાસ. ૩૦

સમતાસેં લય લાઈયે, ધરી અધ્યાતમ રંગ;
નિંદા તજીયે પરતણી, ભજીયે સ'જમ ચંગ.[4] ૩૧

વાચક જસવિજયે કહી, એહ મુનિ-હિત વાત;
એહ ભાવ જે મુનિ[5] ધરે, તે પામે શિવ સાથ.[6] ૩૨

---

૧ શ્રદ્ધા ૨ આતમરામે ૩ સુખી ૪ અંગ ૫ મન ૬ સાત

સમતા–શતક

॥ દોહા ॥

—(*)—

સમતા–ગંગા–મગનતા, ઉદાસીનતા જાત;
ચિદાનંદ જયવંત હો, કેવલ ભાનુ પ્રભાત. ૧
સકલ કલામેં સાર લય, રહો દુર સ્થિતિ એહ;
અકલ[1] યોગમેંભી સકલ, લય દે બ્રહ્મ વિદેહ. ૨
ચિદાનંદ–વિધુકી કલા, અમૃત–બીજ અનપાય;[2]
જાનિ કેવલ અનુભવિ, કિનહિ કહી ન જાય. ૩
તોભી આશ્રવ–તાપકે, ઉપશમ–કારણ–નિદાન;
બરષતહું તાકે બચન, અમૃત–બિંદુ અનુમાન. ૪
ઉદાસીનતા પરિનયન, જ્ઞાન ધ્યાન રંગરોલ;
અષ્ટ અંગ મુનિયોગકો, એહી અમૃત નિચોલ. ૫
અનાસંગ મતિ વિષયમેં, રાગદ્વેષકો છેદ;
સહજ ભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ. ૬
તાકો કારણ અમમતા, તામેં મન વિશ્રામ;
કરે સાધુ આનંદઘન, હોવત આતમરામ. ૭
મમતા થિર–સુખ–શકિની, નિર્મમતા સુખમૂલ;
મમતા શિવ–પ્રતિકૂલ હૈ, નિર્મમતા[3] અનુકૂલ. ૮
મમતા–વિષ–મૂર્છિત ભયે, અંતરંગ[4] ગુણ–વૃંદ;
જાગે ભાવ–નિરાગતા, લગત અમૃતકે બુંદ. ૯

૧ સકલ. ૨ નિપાય ૩ સમતા હૈ. ૪ અંગ અંગ.

પરિણિત-વિષય-વિરાગતા, ભવતરુ-મૂલ-કુઠાર;
તા આગે કયું કરિ રહે ?, મમતા-વેલિ-પ્રચાર. ૧૦
હાહા મોહકી વાસના, બુધકુ ભી પ્રતિકૂલ;
યા કેવલ શ્રુત-અંધતા, અહંકારકો મૂલ. ૧૧
મોહ-તિમિર મનમેં જગે, યાકે ઉદય અછેહ;
અંધકાર પરિણામ હે, શ્રુતકે નામેં તેહ. ૧૨
કરે મૂઢ મતિ પુરૂષકું, શ્રતભી મદ ભય રોષ;
જયું રોગીકે ખીર ઘૃત, સન્નિપાતકો પોષ. ૧૩
ટાલે દાહ તૃષા હરે, ગાલે મમતા-પંક;
લહરી ભાવ-વૈરાગકી, તાકું ભજે નિઃશંક. ૧૪
રાગ-ભુજંગમ-વિષહરન, ધારો મંત્ર વિવેક;
ભવ-વન-મૂલ ઉચ્છેદકું, વિલસે યાકી ટેક. ૧૫
રવિ દૂજો તીજો નયન, અંતર-ભાવ-પ્રકાશ;[૧]
કરો ધંધ સબ પરિહરી, એક વિવેક-અભ્યાસ. ૧૬
પ્રથમ પુષ્કરાવર્તકે, બરષત હરષ વિશાલ;
દ્વેષ હુતાશ બુઝાઈએ, ચિંતા-જલ જ ટાલ. ૧૭
કિનકે વશ ભવવાસના, હોવે વેશ્યા ધૂત ?
મુનિભી જિનકે વશ ભયે, હાવભાવ અવધૂત. ૧૮
જબલો[૨] ભવકી વાસના, જાગે મોહ નિદાન;
તબલો[૩] રૂચે ન લોકકું, નિર્મમ[૪] ભાવ-પ્રધાન. ૧૯
વિષમ[૫] તાપ ભવ-વાસના, ત્રિવિધ દોષકો જોર;
પ્રકટે યાકી પ્રબળતા, કવાથ કષાયેં ઘોર. ૨૦

૧ અંતર બાઝિ પ્રકાશ. ૨ જબલું, જ્યું લ્યું ૩ તબલું, ત્યું લ્યું, ૪ નિર્મળ, ૫ વિષય.

તાતેં દુષ્ટ કષાયકે, છેદે હિત નિજ ચિત્ત;
ધરો એહ શુભ ભાવના, સહજ ભાવમેં મિત્ત! [૧] ૨૧

સિદ્ધ ઔષધિ ઇક ક્ષમા, તાકો કરો પ્રયોગ;
જ્યું મિટિ જાયે મોહજ્વર, વિષમ ક્રોધ જ્વર રોગ. ૨૨

ચેતનકું કોમલ લલિત, ચિદાનંદમય દેહ;
સૂક ભૂક જુરજાત હે, [૨] ક્રોધ લૂંકતે તેહ. ૨૩

ક્ષમા–સાર–ચંદન–રસે, સીંચો ચિત્ત પવિત્ત;
દયા–વેલ–મંડપ તલે, રહો લહો સુખ મિત્ત! ૨૪

યાકો ભાસે [૩] શમ વધુ, ક્ષમા સહજમેં જોર;
ક્રોધ યોધ કયું કરી કરે, સો અપનો બલ સોર? ૨૫

દેત ખેદ–વર્જિત ક્ષમા, ખેદ–રહિત સુખરાજ;
ઇનમેં નહિ સંદેહ કછુ, કારન સરિખો કાજ. ૨૬

પર્વત ગર્વ શિખરે ચડયો, જુરકું ભી લઘુ રૂપ;
કહે તિહાં અચરજ કિશ્યો?, કથન જ્ઞાન–અનુરૂપ. ૨૭

આઠ શિખર ગિરિરાજકે, ઠામેં વિમલાલોક;
તો પ્રકાશ સુખ કયું લહે?, વિષમ–માન–વશ લોક. ૨૮

માન મહીધર છેદ તું, કર મૃદુતા–પવિ–ઘાત;
જ્યું સુખ મારગ સરલતા, હોવે ચિત વિખ્યાત. ૨૯

મૃદુતા કોમલ કમલથેં, વજ્ર–સાર અહંકાર;
છેદત હે ઇક પલકમેં, અચરિજ એહ અપાર. ૩૦

વિકસિત માયા–વેલિ ધરિ, ભવ–અટવીકે બીચ;
સોવત હે નિત મૂઢ નર, નયન જ્ઞાનકે મીચ. ૩૧

૧–ચિત્ત. ૨–સુરજાત હે, મુરજાત હે. ૩–ભાજે.

કોમલતા બાહિર ધરત, કરત વક્ર ગતિ ચાર;
માયા સાપિણી જગ ડસે, ગ્રસે સકલ ગુણ સાર. ૩૨
તાકે નિગ્રહ કરનકું, કરો જ્યું[1] ચિત્ત વિચાર;
સમરૈ ઋજુતા જાંગુલી, પાઠસિદ્ધ નિરધાર. ૩૩
લોભ-મહાતરૂ શિર ચઢી, બઢી જ્યું તૃષ્ણા-વેલિ,
ખેદ-કુસુમ વિકસિત ભઈ, ફલે દુઃખઋતુ મેલી. ૩૪
આગર સબહી દોષકો, ગુન-ધનકો બડ ચોર;
વ્યસન-વેલિકો કંદ હ, લોભ-પાસ ચિહું ઓર. ૩૫
લોભ-મેઘ ઉન્નત ભયે, પાપ-પંક બહુ હોત;
ધર્મ-હંસ રતિ નહુ લહૈ, ચાહે ન જ્ઞાન ઉદ્યોત[2] ૩૬
કોઉ સ્વયંભુરમનકો, જે નર પાવે પાર;
સોભી લોભ-સમુદ્રકો, લહે ન મધ્ય પ્રચાર. ૩૭
મન-સંતોષ અગસ્તિકું, તાકે શોષ-નિમિત્ત;
નિતુ સેવો જિનિ સો કિયો, નિજ જલ અંજલિ મિત્ત! ૩૮
યા લાલચમેં તું ફીરે, ચિંતે તું ડમડોલ;
તા લાલચ મિટિ જાત ઘટ, પ્રકટે સુખ રંગરોલ. ૩૯
ધન માનત ગિરિ-મૃત્તિકા, ફિરત મૂઢ દુર્ધ્યાન;
અખય ખજાનો જ્ઞાનકો, લખે ન સુખ-નિદાન. ૪૦
હોત ન બિજય કષાયકો, બિન ઇંદ્રિય વશ કીન;
તાતેં ઇંદ્રિય વશ કરે, સાધુ સહજ ગુણ-લીન. ૪૧
આપ કાજ પર સુખ હરે, ધરે ન કોસું પ્રીતિ;
ઇંદ્રિય દુર્જન પરિ દહે, વહે ન ધર્મ ન નીતિ. ૪૨
અથવા દુર્જનથેં બુરે,[3] ઇહિ પરભવ દુઃખકાર;
ઇન્દ્રિય; દુર્જન હેતુ હે, ઇહિભવ દુઃખ ઇકિવાર. ૪૩

૧-જો. ૨-રહે ન માન ઉદ્યોત. ૩-છુરે.

નયન ફરસ જનુ તનુ લગેં, દહે દૃષ્ટિ–વિષ સાપ;
તિનસું ભી પાપી વિષે, સુમરે કરે સંતાપ. ૪૪
ઇચ્છાચારી વિષયમેં, ફિરતે ઇંન્દ્રિય—ગ્રામ;
વશ કીજે પગમેં ધરી, યંત્ર જ્ઞાન પરિણામ. ૪૫
ઉન્મારગગામી અબસ, ઇન્દ્રિય ચપલ તુરંગ;
ખેંચી નરક–અરણ્યમેં, લેઈ જાય નિજ સંગ. ૪૬
જે નજીક હે શ્રમ રહિત, આપહીમેં સુખરાજ;
બાધત હૈ તાકું કરન, આપ અરથકે કાજ, ૪૭
અંતરંગ રિપુ કટક ભટ, સેનાની બલવંત;
ઇન્દ્રિય ક્ષણુમેં હરત હૈ, શ્રુત–બલ અતુલ અનંત. ૪૮
અનિયત ચંચલ કરણ હય, પદ પ્રવાહ રજપૂર;
આશા છાદક[1] કરતુ હૈં, તત્વદૃષ્ટિ–બલ દૂર. ૪૯
પંચબાણ ઇન્દ્રિય કરી, કામ સુભટ જગ જીતિ;
સબકે શીર પદ દેતુ હે, ગણે ન કોસું ભીતિ. ૫૦
વીર[2] પંચ ઇન્દ્રિય લહી, કામ નૃપતિ બલવંત;
કરે ન સંખ્યા પૂરણી, સુભટ સેણીકો તંત. ૫૧
દુઃખ સબહિ સુખ વિષયકો, કર્મ વ્યાધિ પ્રતિકાર;
તાકું મન્મથ સુખ કહે, ધૂર્ત જગત દુઃખકાર. ૫૨
ઠગે કામકે સુખ ગિને, પાઈ વિષયકી ભીખ;
સહજ રાજ પાવત નહિ, લગી ન સદ્‌ગુરૂ–શીખ. ૫૩
અપ્રમાદ પવિ—દંડથેં, કરી મોહ ચકચુર;
જ્ઞાની આતમ—પદ લહેં, ચિદાનંદ ભરપૂર. ૫૪

---

૧ બાહક, છાહક. ૨ તીર

જાકે રાજ વિચારમેં, અબલા એક પ્રધાન;
સો ચાહુત હે જ્ઞાન જય, કૈસે કામ અયાન. ૫૫
ઔર ભ્રાંતિ મિટિ જાત હે, પ્રકટત જ્ઞાન-ઉદ્યોત;
જ્ઞાનીકું ભિ વિષય-ભ્રમ, દિશા મોહ સમ હોત. ૫૬
દાખે આપ વિલાસ કરિ, જૂઠેકું ભી સાચ;
ઈન્દ્રજાલ પરેં કામિની, તાસું તૂં મત રાચ. ૫૭
હસિત કુલ પલ્લવ અધર, કુચ ફલ કઠિન વિશાલ;
પ્રિયા દેખી મત રાચ તું, યા વિષવેલિ રસાલ. ૫૮
ચર્મ-મઢિત હે કામિની, ભાજન મૂત પૂરીખ;
કામ-કીટ-આકુલ સદા, પરિહર સુનિ ગુરૂ-શીખ. ૫૯
વિષય તજે સો સબ તજે, પાતક દોષ વિતાન;
જલધિ તરત, નવિ કયું તરે, તટિની ગંગ સમાન? ૬૦
ચાટે નિજ લાલા મિલિત, શુષ્ક હાડ જયું શ્વાન;
તેસેં રાચે વિષયમેં, જડ વિજ રૂચિ અનુમાન. ૬૧
ભૂષન બહુત બનાવતેં, ચંદન ચરચત દેહ;
વંચત આપહી આપકું, જડ! ધરિ પુદ્ગલ-નેહ. ૬૨
દુર્દમનકે જય કિયે, ઈન્દ્રિય જન-સુખ[1] હોત;
તાતેં મન-જય કરનકું, કરો વિચાર-ઉદ્યોત. ૬૩
વિષય—ગ્રામકી સીમમેં, ઈચ્છાચારી ચરંત;
જિન-આણા-અંકુશ ધરી,[2] મન-ગજ વશ કરો સંત. ૬૪
એક ભાવ-મન પૌનકો, જૂઠ કહે ગ્રંથકાર;
યાતેં પવનહિતેં અધિક, હોત ચિત્તકો ચાર. ૬૫
જામેં રાચે તાહિમેં, વિરચે કરિ ચિત્ત ચાર;

૧ જગ સુખ. ૨ કરી.

ઇષ્ટ અનિષ્ટ ન વિષયકો, યૂં નિશ્ચય નિરધાર. ૬૬
કેવલ તામેં કર્મકો, રાગ–દ્વેષતેં બંધ;
પરમેં નિજ અભિમાન ધરિ, કયા ફિરત ? હો અંધ ! ૬૭
જૈસે લલના લલિતમેં, ભાવ ધરતુ હે સાર;
તૈસે મૈત્રી પ્રમુખમેં, ચિત્ત ધરિ કરિ[1] સુવિચાર. ૬૮
બાહિર બહુરી[2] કહા ફિરે ?, આપહિમેં હિત દેખ;[3]
મૃગ–તૃષ્ણા સમ વિષયકો, સુખ સબજાતિ ઉવેખ.[4] ૬૯
પ્રિય અપ્રિય વ્યવહાર નિજ, રૂચિરસ સાચો નાહિ;
અંગજ વલ્લભ સુત ભયો, યૂકાદિક નહિ કાહિ. ૭૦
હોવત સુખ નૃપ રંકકું, નોબત સુનત સમાન;
ઇક ભોગે ઇક નાહિ સો, બઢયો ચિત્ત અભિમાન. ૭૧
ભવકો સુખ સંકલ્પ ભવ, કૃત્રિમ જિસો કપૂર;
રંજત હે જન મુગધકું, વર્જિત જ્ઞાન–અંકુર. ૭૨
ગુન મમકાર ન વસ્તુકો, સો વાસના નિમિત્ત;
માને સુતમેં સુત અધિક; દોરત હે હિત[5] ચિત્ત. ૭૩
મન–કૃત મમતા જૂંઠ હે, નહિ વસ્તુ–પરજાય;
નહિ તો વસ્તુ બિકાયથેં, કયું મમતા મિટિ જાય ? ૭૪
જન જનકી રૂચિ ભિન્ન હે, ભોજન કૂર કપૂર;
ભોગવંતકું જો રૂચે, કરભ કરે સો દૂર. ૭૫
કરભ હસે નૃપ ભોગકું, હસે કરભકું ભૂપ;
ઉદાસીનતા બિનું નહિ, દોનુંકું રતિ રૂપ. ૭૬
પરમેં રાચે પર રૂચિ, નિજ રૂચિ નિજ ગુણ માંહિ;
ખેલે પ્રભુ આનંદઘન, ધરિ સમતા ગલે[6] બાંહિ. ૭૭

૧ કર. ૨ બહુર. ૩ દેખિ. ૪ જાનિ ઉવેખિ. ૫ તસ. ૬ મમ ગહિ.

માયા-મય જગકો કહ્યો, જહાં સબહિ વિસ્તાર;
જ્ઞાનીકું હોવત કહાં, તહાં શોકકો ચાર? ૭૮
શોચત નહિ અનિત્યમતિ, હોવત માલ મલાન;
ભાંડેભી શોચત ભગે, ધરત નિત્ય અભિમાન. ૭૯
કૂટ વાસના મઢિત[1] હૈ, આશા-તંતુ-વિતાન;
છેદે તાકું શુભમતિ, કર ધરિ બોધ-કૃપાન. ૮૦
જનની મોહ—અંધારકી, માયા—રજની ક્રૂર;
જ્ઞાન—ભાનુ—આલોકતેં, તાકો કીજે દૂર. ૮૧
ઉદાસીનતા મગન હુઈ, અધ્યાતમ—રસ—કૂપ;
દેખે નહિ કછુ ઔર જબ,[2] તબ દેખે નિજરૂપ. ૮૨
આગે કરી નિઃસંગતા, સમતા સેવત જેહુ;[3]
રમે પરમ આનંદ-રસ, સત્ય-યોગમેં તેહુ. ૮૩
દંભહી જનિત અસંગતા, ઇહ ભવકે સુખ દેત;
દંભ રહિત નિઃસંગતા, દેત દૂર સુખ હેત.[4] ૮૪
મત હો સંગ નિવૃત્તકું, પ્રેમ પરમ ગતિ પાઈ;
તાકો સમતા-રંગ પુનિ, કિનહી કહ્યો ન જાય. ૮૫
તિસના વિદ્રુમ વલ્લિ ઘન વિષય ધુમર બહુ જોર;
ભીમ ભયંકર બેદ જલ, ભવસાગર ચિહું ઔર. ૮૬
ચાહે તાકો પાર તો, સજ કર સમતા નાઉ;
શીલ-અંગ દ્રઢ પાટીએ, સહસ અઢાર બનાઉ. ૮૭
કૂબા-થંભ શુભ યોગ પરિ, બેઠે માલિમ જ્ઞાન;
અધ્યાતમ સઢ બલે ચલે, સંયમ પવન પ્રમાણ. ૮૮

૧ ગઢિત. ૨ જન. ૩ સમ સેવત હે જેહુ. ૪ દેત. ૫ ક્રિયા.

યોગી જબહુ[1] તપ કરે, ખાઈ જુરે તરૂપાત;
ઉદાસીનતા બિનુ ભસમ, હુતિમેં સોભિ ન જાત. ૮૯

છુટે ભવકે જાલથેં, જિનહિ તપ કરિ લોક;
સોભી મોહે કાહુકું, દેત જનમકો શોક. ૯૦

વિષય ઉપદ્રવ સબ મિટયો, હોવત સુખ સંતોષ;
તાતે વિષયાતીત હે, દેત શાંત રસ પોષ. ૯૧

બિનુ લાલચ બશ હોત હે, વસા[2] બાત યહ સાચ;
યાતે કરે નિરીહકે, આગે સમ–રતિ નાચ. ૯૨

દે પરીમલ સમતા લતા, વચન અગોચર સાર;
નિત્ય વૈરિભી[3] જિહાં વસે, લહતુ પ્રેમ મહકાર. ૯૩

સેના રાખસ મોહકી, જીપે સુખે પ્રબુદ્ધ;
બ્રહ્મ બાનિ ઈક[4] લેઈકે, સમતા અંતર શુદ્ધ. ૯૪

કવિ–મુખ–કલ્પિત અમૃતકે, રસમેં મુઝત કાંહિ?
ભજો એક સમતા સુધા, રતિ ધરિ શિવપદ માંહિ. ૯૫

યોગ ગ્રંથ જલનિધિ મથ્યો, મન કરિ મેરૂ મથાન;
સમતા અમૃત પાઈકે, હો અનુભવ રસ જ્ઞાન. ૯૬

ઉદાસીન મતિ પુરૂષ જો, સમતા નિધિ શુભ વેષ;
છોરત તાકું ક્રોધકી ધું, આપ કર્મ અશેષ. ૯૭

શુદ્ધ યોગ શ્રદ્ધાન ધરિ, નિત્ય કરમકો ત્યાગ;
પ્રથમ કરે જો મૂઢ સો, ઉભય ભ્રષ્ટ નિર્ભાગ. ૯૮

૧–જો બહુ. ૨–બશા. ૩–બહિરિભી. ૪–બાત ઈક.

ક્રિયા-મૂઢ જૂઠી ક્રિયા, કરે ન થાપે જ્ઞાન;
ક્રિયા-ભ્રષ્ટ એક જ્ઞાન મતિ, છેદે ક્રિયા અજ્ઞાન.[1] ૯૯

તે દોનુંથેં દૂરિ શિવ, જે નિજ બલ અનુસાર;
યોગ રૂચિ મારગ ગહે, સો શિવ સાધનહાર. ૧૦૦

નિવૃત્તિ લક્ષનાકું સહજ, અચિરજકારી કોઉ?
જો નર યાકું રૂચત હે, યાકું દેખે સોઉ. ૧૦૧

મન પારદ મૂર્છિત ભયો, સમતા ઔષધિ આઈ;[2]
સહજ વેધ રસ પરમ ગુન, સોવન-સિદ્ધિ કમાઈ. ૧૦૨

બહુત ગ્રંથ નય દેખિકે, મહા પુરૂષ કૃત સાર;
વિજયસિંહ સૂરિ કીએો, સમતા-શતક ઉદાર.[3] ૧૦૩

ભાવત જાકું તત્વ મન, હો સમતા-રસ-લીન;
જ્યું પ્રગટે તુજ સહજ સુખ, અનુભવ-ગમ્ય અહીન. ૧૦૪

કવિ **જશવિજય** સુશિખ એ, આપ આપકું દેત;
સામ્ય-શતક ઉદ્ધાર કરી, હેમવિજય મુનિ હેત. ૧૦૫

૧-અયાન, અપ્પાન. ૨-પાઠં. ૩-સમતા શતકો હારૈ.

સમાધિશતક

(દૂહા)

—(*)—

સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગ–બંધુ;
કેવળ આતમ–બોધકો, કરશું સરસ પ્રબંધ. ૧

કેવલ આતમ–બોધ હે, પરમારથ શિવ પંથ;
તામેં જિનકું મગનતા, સોઈ ભાવ–નિર્ગ્રંથ. ૨

ભોગ જ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાનકી દોર;
તરૂણ ભોગ અનુભવ જિસ્યો, મગન–ભાવ કછુ ઓર. ૩

આતમ–જ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;
ઇંદ્રજાલ કરિ લેખવે, મિલે ન તિહાં મન–મેલ. ૪

જ્ઞાન બિના વ્યવહારકો, કહા બનાવત નાચ?
રત્ન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ. ૫

રાચે સાચે ધ્યાનમેં યાચે વિષય ન કોઈ;
નાચે માચે મુગતિ–રસ, 'આતમ–જ્ઞાની' સોઈ. ૬

બહિર અંતર પરમ એ, આતમ–પરિણતિ તીન;
દેહાદિક આતમ–ભરમ, બહિરાતમ બહુ દીન. ૭

ચિત્તદોષ આતમ–ભરમ, અંતર આતમ ખેલ;
અતિ નિર્મલ પરમાતમા, નાહિ કર્મકો મેલ. ૮

નરદેહાદિક દેખકે, આતમ-જ્ઞાને હીન;
ઇંદ્રિય બલ બહિરાતમા, અહંકાર મન[1] લીન. ૯

અલખ નિરંજન અકલ ગતિ, વ્યાપી રહ્યો શરીર;
લખ[2] સુજ્ઞાને આતમા, ખીર લીન જ્યું નીર. ૧૦

અરિ મિત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન;
નિજ પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન. ૧૧

દેહાદિક આતમ-ભ્રમેં, કલ્પે નિજ પર ભાવ;
આતમ-જ્ઞાની જગ લહે,[3] કેવલ શુદ્ધ સ્વભાવ. ૧૨

સ્વ પર વિકલ્પે વાસના, હોત અવિદ્યારૂપ;
તાતેં બહુરી વિકલ્પમય,[4] ભરમ-જાલ અંધકૂપ. ૧૩

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ-ભ્રમ ભૂલ;[5]
તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ. ૧૪

યા ભ્રમ-મતિ અબ છાંડિ દો, દેખો અંતર-દૃષ્ટિ;
મોહ-દૃષ્ટિ જો છોડિએ, પ્રગટે નિજ-ગુણ-સૃષ્ટિ. ૧૫

રૂપાદિકકો દેખવો,[6] કહન[7] કહાવન કૂટ
ઇંદ્રિય યોગાદિક બલે, એ સબ લૂટાલૂટ. ૧૬

પરપદ આતમ દ્રવ્યકું[8] કહન સુનન કછુ નાંહિ;
ચિદાનંદ-ઘન ખેલહી, નિજપદ તો નિજ માંહિ. ૧૭

ગ્રહણ અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છોડે જેહ;
જાણે સર્વ સ્વભાવતેં,[8] સ્વપર-પ્રકાશક તેહ. ૧૮

૧-મતિ, ૨-લખ લે (લખે) સો જ્ઞાનાતમા. ૩-લખે. ૪-વિકલ્પ ઈમ. ૫-મૂલ ૬-દેખનો. ૭-કહઉ. ૮-સ્વભાવને.

પેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ;
દેહાતમ–ભ્રમતેં ભયેા, ત્યું તુજ ફૂટ અભ્યાસ. ૧૯
મિટે રજત–ભ્રમ સીપમેં, જન–પ્રવૃત્તિ જિમ નાંહિ;
ન રમેં આતમ–ભ્રમ મિટે, ત્યું દેહાદિકમાંહિ. ૨૦
ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય;
જ્ઞાન–પ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધિ નિરૂપાય. ૨૧
યા બિન તૂં સૂતેા, સદા, યેાગે જાગે[1] જેણુ;
રૂપ અતીંદ્રિય તુજ તે,[2] કહી શકે કહેા કેણ ? ૨૨
દેખે ભાખે ઓર કરે, જ્ઞાની સબહિ અચંભ;
વ્યવહારે વ્યવહારસ્યું, નિશ્ચયમેં થિર થંભ. ૨૩
જગ જાણે ઉન્મત્ત એા, એા જાણે જગ અંધ;
જ્ઞાનીકું જગમેં રહ્યો યું નહિ કેાઈ સંબંધ. ૨૪
યા પર છાંહિ જ્ઞાનકી, વ્યવહારે જ્યું કહાઈ;
નિર્વિકલ્પ તુજ રૂપમેં, દ્વિધા ભાવ ન સુહાઈ. ૨૫
યું બહિરાતમ છાંડિકે, અંતર–આતમ હેાઈ;
પરમાતમ મતિ[3] ભાવિએે, જિહાં વિકલ્પ ન કેાઇ. ૨૬
સેામેં યા દ્રઢ વાસના; પરમાતમ પદ હેત;
ઇલિકા ભ્રમરી ધ્યાન ગતિ, જિન–મતિ જિન પદ દેત. ૨૭
ભારે ભય પદ સેાઈ હે, જિહાં જડકેા વિશ્વાસ;
જિનસૂં એા ડરતેા ફિરે, સેાઈ અભય પદ તાસ. ૨૮
ઇંદ્રિય–વૃત્તિ–નિરેાધ કરી, જે ખિનુ ગલિત વિભાવ;
દેખે અંતર આતમા, સેા પરમાતમ–ભાવ. ૨૯

૧ ભેાગે, જાગ્યે. ૨ તૂં છતે; તૂં સતે. ૩ ગતિ.

દેહાદિકતેં ભિન્નમેં, મોથેં ન્યારે તેહુ;
પરમાતમ-પથ-દીપિકા, શુદ્ધ ભાવના એહુ. ૩૦

ક્રિયા કષ્ટભી નહુ લહે, ભેદ-જ્ઞાન-સુખવંત;
યાબિન બહુવિધિ તપ કરે, તોભિ નહિ ભવઅંત. ૩૧

અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહાં હોત?
ગુણકો ભી મદ મિટ ગયેા, પ્રકટત સહજ ઉદ્યોત. ૩૨

ધર્મ ક્ષમાદિક ભી મિટે, પ્રકટત ધર્મ-સન્યાસ;
તેા કલ્પિત ભવ-ભાવમેં, કયું નહિ હોત ઉદાસ? ૩૩

રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુકે જ્ઞાન;
આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ-અબોધ નિદાન. ૩૪

ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી પર હેત;
અપરમ ગુન રાચે નહીં, યું જ્ઞાની મતિ દેત. ૩૫

નૈગમ નયકી કલ્પના, અપરમ-ભાવ વિશેષ;
પરમ-ભાવમેં મગનતા અતિ વિશુદ્ધ નયરેખ. ૩૬

રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણ-ખેાજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનંદકી મેાજ. ૩૭

રાગાદિક પરિણામ-યુત, મનહિ અનંત સંસાર;
તેહિજ રાગાદિક રહિત, જાને પરમ પદ ભાર. ૩૮

ભવ પ્રપંચ મન-જાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂલકી ધૂલ. ૩૯

મેાહ વાગુરી[1] જાલ મન, તામેં મૃગ મત હેાઉ;
યામેં જે મુનિ નહિ પરે, તાકું અસુખ ન કેાઉ. ૪૦

---

૧ બાગુરી, વાગરી. ૨ ચિંતવે.

જબ નિજ મન સન્મુખ હુએ, ચિતૈ[1] ન પર ગુણ દોષ;
તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાન ધ્યાન રસ પોષ. ૪૧
અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ ગંધ;
અહં જ્ઞાન નિજ ગુણ લગે, છૂટે પરહિ સંબંધ. ૪૨
અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમરૂપ;
તો પદ કરી કયું પાઈએ? અનુભવ–ગમ્ય સ્વરૂપ. ૪૩
[દિસિ દ્વાખી નવિ ડગ ભરે, નય પ્રમાણ પદ કોડિ;
સંગ ચલે શિવપુર લગે અનુભવ આતમ જોડિ.] ૪૪
આતમ–ગુણ અનુભવતભી, દેહાદિકતેં ભિન્ન;
ભૂલે વિભ્રમ–વાસના, જોરેં ફિરે ન ખિન્ન. ૪૫
દેખે સો ચેતન નહિ, ચેતન નાહિં દિખાય;
રોષ તોષ કિનસું કરે? આપહિ આપ બુઝાય. ૪૬
ત્યાગ ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશલ અ'તરંગ,[2]
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ અરૂ સંગ. ૪૭
આતમજ્ઞાને મન ધરે, વચન–કાય–રતિ છોડ;
તો પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ. ૪૮
યોગારંભીકું અસુખ અંતર, બાહિર સુખ;
સિદ્ધ–યોગકું સુખ હે અંતર, બાહિર દુઃખ. ૪૯
સો કહીએ સો પૂછીએ, તામેં ધરિયે રંગ;
યાતેં મિટે અબોધતા, બોધરૂપ હુઇ[3] ચંગ. ૫૦
નહિ કછુ ઇંદ્રિય વિષયમેં, ચેતનકું હિતકાર;
તોભી જન તામેં રમેં, અંધો મોહ–અંધાર. ૫૧

૧–ચિંતવે. ૨–અતિરંગ. ૩–બ્હે.

મૂઢાતમશું તે પ્રબલ, મોહે છાંડિ શુદ્ધિ;
જગત હે મમતા ભરે, પુદ્ગલમેં નિજ બુદ્ધિ. ૫૨
તાકું બોધન-શ્રમ અફલ, જાકું નહિ શુભ યોગ;
આપ આપકું બૂઝવે, નિશ્ચય અનુભવ ભોગ[1] ૫૩
પરકો કિસ્યો બુઝાવનો ? તૂં પર-ગ્રહણ ન લાગ;
ચાહે જેમેં બુઝનો, સો નહિ તુઝ ગુણ ભાગ. ૫૪
જબલોં પ્રાણી નિજ મતેં, ગ્રહે વચન મન કાય;
તબલોં હિ સંસાર થિર, ભેદ-જ્ઞાન મિટિ જાય. ૫૫
સૂક્ષ્મ[2] ઘન જીરન નવે, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માને નહિ, અપની પરિણતિ તેહ. ૫૬
[હાનિ વૃદ્ધિ ઉજવલ મલિન, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માનેં નહી, અપની પરિણતિ તેહ.] ૫૭
જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ;
તેસે તનુકે નાશતેં, ચેતન અચલ અનાશ. ૫૮
જંગમ જગ થાવર પરે, જાકું ભાસે નિત્ત;
સો ચાખે સમતા-સુધા, અવર નહિ જડ-ચિત્ત. ૫૯
મુગતિ દૂર તાકૂં નહિ, જાકું સ્થિર સંતોષ;
દૂર મુગતિ તાકૂં સદા, જાકૂ અવિરતિ-પોષ. ૬૦
હોત વચન મન ચપલતા, જનકે સંગ નિમિત્ત;
જન-સંગી હોવે નહિ, તાતેં મુનિ જગ-મિત્ત. ૬૧
વાસ નગર વનકે વિષે, માને દુવિધ અબુદ્ધ;
આતમ-દર્શીકું વસતિ, કેવલ આતમ શુદ્ધ. ૬૨

૧-જોગ. ૨-સુખમ, સુખિમ.

આપ–ભાવના દેહમેં, દેહાંતર ગતિ હેત;
આપ–બુદ્ધિ જો આપમેં, સો 'વિદેહ' પદ દેત. ૬૩
ભાવિ શિવપદ દિઈ આપકું, આપહિ સન્મુખ હોઈ;
તાતેં ગુરુ હે આતમા, અપનો ઔર ન કોઈ. ૬૪
સોવત હે નિજ ભાવમેં, જાગે તે વ્યવહાર;
સુતો આતમ–ભાવમેં, સદા સ્વરૂપાધાર.[1] ૬૫
અંતર ચેતન દેખકે, બાહિર દેહ સ્વભાવ;
તાકે[2] અંતર–જ્ઞાનતેં, હોઈ અચલ દ્રઢ ભાવ. ૬૬
ભાસે આતમજ્ઞાન[3] ધુરિ, જગ ઉન્મત્ત સમાન;
આગે દ્રઢ અભ્યાસતેં, પથ્થર તૃણ અનુમાન. ૬૭
ભિન્ન દેહતેં ભાવિયે, ત્યું આપહીમેં આપ;
જ્યું સ્વપ્નહીમેં નહિ હુએ, દેહાતમ–ભ્રમ–તાપ. ૬૮
પુણ્ય પાપ વ્રત અવ્રત, સુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરે વ્રત ભી ત્યજે, તાતેં ધરિ શિવ–રાગ. ૬૯
પરમ–ભાવ–પ્રાપ્તિ લગે, વ્રત ધરિ અવ્રત છોડિ;
પરમ–ભાવ–રતિ પાયકે, વ્રતભી ષ્ઠનમેં જોડિ. ૭૦
દહન સમે જ્યું તૃણ દહે, ત્યું વ્રત અવ્રત છેદિ;
ક્રિયા શક્તિ ઈનમેં નહિ, યા ગતિ નિશ્ચય ભેદ. ૭૧
વ્રત ગુણ ધારત અવ્રતિ, વ્રતિ જ્ઞાન ગુન દોઈ;
પરમાતમકે જ્ઞાનતેં, પરમ–આતમા હોઈ. ૭૨
લિંગ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, લિંગ–પક્ષ–રત જેહ. ૭૩

૧ સ્વરૂપ અંધાર ૨ તાતેં ૩ આતમગુણ

જાતિ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, જાતિ-પક્ષ-રત જેહ. ૭૪
જાતિ લિંગકે પક્ષમેં, જિનકું હૈ દૃઢ-રાગ;
મોહ-જાલમેં સો પરૈ, ન લહે શિવ-સુખ ભાગ. ૭૫
લિંગ દ્રવ્ય ગુન આદરે, નિશ્ચય મુખ[1] વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નય મતિ, કરે મૂઢ અવિચાર. ૭૬
ભાવ લિંગ જાતેં ભયે, સિદ્ધા પનરસ ભેદ;
તાતેં આતમકું નહિ, લિંગ ન જાતિ ન વેદ. ૭૭
પંગુ દૃષ્ટિ જ્યું અંધમેં, દૃષ્ટિ-ભેદ નહુ હેત;
આતમ-દૃષ્ટિ શરીરમેં, ત્યું ન ધરે ગુન હેત. ૭૮
સ્વપ્ન વિકલતાદિક દશા, ભ્રમ માને વ્યવહાર;
નિશ્ચય નયમેં દોષ-ક્ષય, વિના સદા બ્રમચાર. ૭૯
છૂટે નહિ બહિરાતમા, જાગતભી પઢિ ગ્રંથ;
છૂટે ભવથેં અનુભવી, સુપન-વિકલ નિર્ગ્રંથ. ૮૦
પઢિ પાર કહાં પાવનો ?, મિટયો ન મનકો ચાર;
જ્યું કોલ્હુકે બેલકું, ઘરહી કોસ હજાર. ૮૧
જિહાં બુદ્ધિ થિર પુરૂષકી, તિહાં રૂચિ તિહાં મન લીન;
આતમ-મતિ આતમ-રૂચિ, કાહુ કોન આધિન ? ૮૨
સેવત પરમ પરમાતમા, લહે ભક્તિક તસ રૂપ;
મતિયાં સેવક જ્યોતિકું, હોવત જ્યોતિ સ્વરૂપ. ૮૩
આપ આપમેં સ્થિત હુએ,[2] તરૂથેં અગ્નિ ઉદ્યોત;
સેવત આપહિ આપકું, ત્યું પરમાતમ હોત. ૮૪

---

૧ સુખ ૨ આપહિ આપ મથન હુઈ

યાહિ પરમ પદ ભાવિયે, વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયે, ફિર નહિ ભવ–અવતાર. ૮૫

જ્ઞાનીકું દુઃખ કછુ નહિ, સહજ સિદ્ધ નિર્વાણ;
સુખ પ્રકાશ અનુભવ ભએ, સબહિ ઠૌર કલ્યાણ. ૮૬

સુપન–દૃષ્ટિ સુખ–નાશતેં, જ્યું દુઃખ ન લહે લોક;
જાગર દૃષ્ટ વિનષ્ટમેં, ત્યું બુધકું નહિ શોક. ૮૭

સુખ–ભાવિત દુઃખ પાયકે, ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં, કોમલ ફૂલ સમાન. ૮૮

દુઃખ–પદ્ધિતાપેં નવિ ગલે, દુઃખ–ભાવિત મુનિ–જ્ઞાન;
વજ્ર ગલે નવિ દહનમેં, કંચનકે અનુમાન. ૮૯

તાતેં દુઃખસુ ભાવિએ, આપ શક્તિ અનુસાર;
તો દૃઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન ચરણ આચાર.[૧] ૯૦

રનમેં લરતે સુભટ જ્યું, ગિને ન બાન–પ્રહાર;
પ્રભુ–રંજનકે હેતુ ત્યું, જ્ઞાની અસુખ–પ્રચાર. ૯૧

વ્યાપારી વ્યાપારમેં, સુખ કરિ માને દુઃખ;
ક્રિયા–કષ્ટ સુખમેં ગિને, ત્યું વંછિત મુનિ–મુખ્ય.[૨] ૯૨

ક્રિયા યોગ અભ્યાસ હે, ફલ હે જ્ઞાન અબંધ;
દોનુંકું જ્ઞાની ભજે, એક–મતિ મતિ–અંધ.[૩] ૯૩

ઇચ્છા શાસ્ત્ર સમર્થતા, ત્રિવિધ યોગ હે સાર;
ઇચ્છા નિજ શકતેં કરી, વિકલ યોગ વ્યવહાર. ૯૪

શાસ્ત્ર–યોગ ગુન–ઠાણુકો, પૂરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર. ૯૫

૧ આધાર. ૨ મુનિ સુખ. ૩ તે અંધ.

રહે યથા બલ યોગમેં, ગ્રહે સકલ નય સાર;
ભાવ–જૈનતા સો લહે, વહે[1] ન મિથ્યાચાર. ૯૬
મારગ–અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ–ક્રિયા–બલ જગ ઠગે, સોભી ભવજલ–મીન. ૯૭
નિજ નિજ મતમેં લરિ પડે, નયવાદી બહુ રંગ;
ઉદાસીનતા પરિણુમે, જ્ઞાનીકું સરવંગ. ૯૮
દોઉ લરે તિહાં ઈક પરે, દેખનમેં દુઃખ નાંહિ;
ઉદાસીનતા સુખ–સદન, પર પ્રવૃત્તિ દુઃખ છાંહિ. ૯૯
ઉદાસીનતા સરલતા, સમતારસફલ ચાખ;
પર–પેખનમે[2] મત પરે, નિજ ગુણ નિજમેં રાખ. ૧૦૦
ઉદાસીનના જ્ઞાન–ફલ, પર–પ્રવૃત્તિ હે મોહ;
શુભ જનો સો આદરો, ઉદિત[3] વિવેક–પ્રરોહ; ૧૦૧
દોધક શતકે ઉદ્ધર્યું, તંત્રસમાધિ વિચાર;
ધરો એહ બુધ! કંઠમેં, ભાવ–રતનકો હાર. ૧૦૨
જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નંદન સહજ–સમાધિ;
મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધિ. ૧૦૩
કવિ જશવિજયે એ રચ્યો, દોધક શતક–પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે, સો પાવે કલ્યાણ. ૧૦૪

ઇતિ શ્રી સમાધિતંત્ર દોધક સંપૂર્ણ :

૧ ચહે ૨ પરકથનીમેં ૩ ઉચિત

[આ શતકમાં ૪૪ અને ૫૭ નંબરનો કૌંસમાં એક એક દૂહો મૂકેલ છે તે મુંબઈ ગોડી પાર્શ્વનાથના ઉપાશ્રના ભંડારની ૭ પત્રની પ્રત નં. ૯૭૭માંથી લીધેલ છે.]

સમુદ્ર–વહાણુ સંવાદ

[સં. ૧૭૧૭માં ઘોઘા બંદરમાં રચેલો]

દુહા

—(*)—

શ્રી નવખંડ અખંડ ગુણ, નમી પાસ ભગવન્ત;
કરસ્યું કૌતક કારણે, વાહણુ–સમુદ્ર વૃત્તાંત. ૧

એહમાં વાહણુ સમુદ્રનાં, વાદ–વચન–વિસ્તાર;
સાંભલતાં મન ઉલ્લસે, જિમ વસંત સહકાર. ૨

મોટા નાના સાંભળો, મત કોઈ કરો ગુમાન;
ગર્વ કર્યો રયણાયરે, ટાળ્યો વાહણે નિદાન. ૩

વાદ હુઓ કિમ એહને, મંહો માંહે અપાર;
સાવધાન થઈ સાંભળો, તે સવિ કહું વિચાર. ૪

ઢાલ ૧

—(*)—

ફાગની;–થાહરાં મોહલાં ઉપર મેહ ઝરોખે વીજળી રે કે વીજળી–એ દેશી

શ્રી નવખંડ જિનેશ્વર, કેસર કુસુમસ્યું રે, કે કેસર કુસુમસ્યું રે,
મંગલ કારણ પૂજિએ, પ્રણમી પ્રેમસ્યું રે, કે પ્રણમી પ્રેમસ્યું રે,

પ્રભુ પાય લાગી માગી, શકુન વધામણું રે કે શકુન૦
વ્યવહારિ શ્રી પાસના, લેતા ભામણું રે કે લેતા૦ ૧

શ્રીફલ પ્રમુખે વધાવી, રયણાયર ઘણું રે કે રયણાયર૦
વહાણ હકારીને ચાલિયા, તે સવિ આપણા રે કે તે સવિ૦
પદમિનિ દિએ આસીસ, કહે વહિલા આવજો રે' કે વહિલા૦
હીર ચીર પટકૂલ, કયાણું લાવજો રે કે કયાણું૦ ૨

પવન વેગ હવે ચાલ્યાં, વહાણ સમુદ્રમાં રે વહાણ૦
સઢ તાણ્યા શ્રી કેરા, ડેરા તેગમાં રે કે ડેરા૦
તૂરહિ વાજે ગાજે, મણિ-રૂચિ વિજલી રે કે મણિ૦
માનુ કે અંબર ડંબર, મેઘ-ઘટા મલિ રે કે મેઘ૦ ૩

કે પર્વત પંખાલા, કે પુર ચાલતા રે પુર૦
ઉદધિકુમાર વિમાન, કે જલમાંહિ માલતા રે કે જલ૦
કે ગ્રહ-મંડલ ઉતર્યાં, થોક મિલી સહૂ રે કે થોક૦
ઈમ તે દેખી શકે, અંબરે સુર બહૂ રે કે અંબરે૦ ૪

ચાટુએ જલ અવગાહતાં, ચાલ્યાં તે જલે રે ચાલ્યાં૦
સાહ્ય દિએ જિમ સજ્જન, તિમ એહુ મિલે રે કે તિમ૦
કરતરંગ વિસ્તારી, સાયર તે મલિ રે કે સાયર૦
જલ પ્રવાલ છલે હુએા, રોમાંચિત વલી રે કે રોમાં૦ ૫

ભર મધ્યે તે આવ્યાં, જિહાં જલ ઉચ્છલે રે જિહાં૦
સાયર માંહિ ન માયે, ગર્વ તિણે ભલે રે કે ગર્વ૦
ગાજે ભાજે નાચતો, અંગ તરંગસ્યું રે કે અંગ૦
મતવાલો કરે ચાલો, નિજ મન રંગસ્યું રે કે નિજ૦ ૬

ગર્વે જાણે મુઝ સમ, જગમાં કો નહિ રે કે જગમાં૦
ગર્વે ચઢાવે પર્વત, જનને કરગ્રહી રે કે જનને૦
ગર્વે નિજગુણ બોલે, ન સુણે પર-કહ્યો રે ન સુણે૦
રસ નવિ દિએ તે નારી, કુચ જિમ નિજ ગ્રહ્યો રે કે કુચ૦ ૭

એ અસમંજસ દેખી, દૃષ્ટિ આકરૂં રે કે દૃષ્ટિ૦
એક વાહણ ન રહી સકયું, બોલ્યું તે ખરૂં રે કે બોલ્યું૦
મુખ નવિ રાખે ભાખે, સાચું વાગીઆ રે કે સાચું૦
રાજકાજ નિર્વાહે, તે નવિ હાજિયા રે કે તે નવિ૦ ૮
'દરિયા ! તુમે છો ભરિયા, નવિ તરિયા કુણે રે ? કે નવિ૦
તુમે કોઇથી નવી ડરિયા, પરવરિયા ગુણે રે કે પર૦
તો પિણ ગુણ–મદ કરવો, તુમને નવી ઘટે રે કે તુમને૦
વુઠાની વાત કહેસ્યે, બટાઉ જે અટે રે કે બટાઉ૦ ૯

જે નિજ ગુણ–સ્તુતિ સાંભલિ, શિર નીચું ધરે રે કે શિર૦
તસ ગુણ જાયે ઉંચા, સુરવરને ઘરે રે કે સુર૦
જે નિજ ગુણ મુખિ બોલે, ઉંચી કરી કંધરા રે કે ઉંચી૦
તસ ગુણ નીચા પેસે, બેસે તલે ધરા રે કે બેસે તલે૦ ૧૦

દુહા

એહ વચન સાયર સુણી, બોલે હલુઆ બોલ;
'સી તુજને ચીંતા પડી ?, જાનું નિગુણ નિટોલ. ૧
આપકાજ વિણ જે કરે, મુખરી પરની તીતિ;
પર અવગુણ વ્યસને હુએ, તે દુખિયા દિનરાતિ.' ૨

વાહણ કહે 'સાયર! સુણો, જે જગ ચતુર સુજાતિ;
તે દાખે હિત-સીખડી, તે મત જાણે તાતિ. ૩
જો પણિ પરની દ્રાખ ખર, ચરતાં હાણિ ન કોય;
અસમંજસ દેખી કરી, તો પિણ મનિ દુઃખ હોય.' ૪

ઢાળ ૨

—(*)—

સૂરતી મહિનાની; યા ભમરગીતાની દેશી, અથવા વિજય કરી ઘરી આવિયા, બંદિ કરે જયકાર—એ દેશી

સિંધુ કહે 'હવે સિંધુર, બંધુર નાદ વિનોદ,
ઘટતો રે ગર્વ કરૂં છું પામું છું ચિત્તિ પ્રમોદ;
મોટાઈ રે માહરી, સારે જગત પ્રસિદ્ધ,
સિદ્ધ અમર વિદ્યાધર, મુજ ગુણ ગાઈ સમૃદ્ધિ. ૧

રજત સુવર્ણના આગર, મુજ છે અંતરદ્વીપ,
દ્વીપ જિહાં બહુ ઔષધિ, જિમ રજની મુખ દીપ;
જિહાં દેખી નરનારી, સારી વિવિધ પ્રકાર,
જાણીએ જગ સવી જોઇઉં, કૌતુકનો નહિ પાર. ૨

તાજી રે મુજ વનરાજિ, જિહાં છે તાલ તમાલ,
જાતિફલ દલ કોમલ, લલિત લવિંગ રસાલ;
પૂગી શ્રીફલ એલા, ભેલા નાગ પૂંનાગ,
મેવા જેહવા જોઇયે, તેહવા મુજ મધ્ય ભાગ. ૩

ચંપક કેતકી માલતી, આલતિ પરિમલ વૃંદ,
બકુલ મુકુલ વલિ અલિકુલ, મુખર સખર મચકુંદ;

દમણેા મરૂએા મેાગરેા, પાડલ ને અરવિંદ
કંદ જાતિ મુજ ઉપવને, દિએ જનને આનંદ. ૪
મુજ એક શરણે રાતા, રાતી વિદ્રુમ વેલિ,
દાખી રાખી તેહમાં, મેં સાચી[1] મેાહન વેલિ;
જપ માલા જપકારણે, તસ ફલ મુનિવર લિંત,
વનિતા અધરની ઉપમા, તે પુણ્યે લાભંત.[2] ૫
નવગ્રહ જેણે રે બલે, બાંધ્યા ખાટને પાય
લેાકપાલ જસ કિંકર, જેણે જિત્યેા સુરરાય;
કિએા રે ત્રિલેાકી કંટક, રાવણ લંકા-રાજ,
મુજ પસાયે તેણે કંચન, ગઢમઢ મંદિર સાજ. ૬
પક્ષ લક્ષ જબ તક્ષતેા, પર્વત ઊપરિ ધાઈ,
કેાપાટેાપ કરી[3] ઘણેા, વજ્ર લેઈ સુરરાય;
તડપડિ પડિયા રે તે સવિ, એક ગ્રહે મુજ પક્ષ,
તબ મૈનાક રહિએા, તે સુખિએા અક્ષતપક્ષ ૭
જગ સચરાચર જસ તનુ, પાયા પીલે ચીર,
તે લક્ષ્મીનારાયણ, ગેાવર્દ્ધન – ધરધીર;
મુજમાંહે પેાઢયા હેજે, સેજ કરી અહિરાજ,
હેાડ કરે કુણ માહરી ?, હું તિહુઅણ–સિરતાજ. ૮
વાહણ ! પાહણ પણિ મુજથી, ભારે તૂં કહેવાય,
હલુએા પવન ઝકેાલે, ડેાલે ગડથલાં ખાય;
તેા હલુઆ તુઝ બેાલડા, હલુએા છે તુજ પેટ,
મુજ મેાટાઈ ન જાણે, તાણે નિજ મતિ નેટ. ૯

---

૧ શુચિ. ૨ તેજંત. ૩ ધરી.

ગિરૂયાના ગુણ જાણે, જે હૂઈ ગિરૂઆ લોક,
હલુઆને મનિ તેહના, ગુણ સવી લાગે ફોક;
વાંઝિ ન જાણે રે વેદના, જે હુઈ પ્રસવતાં પુત્ર,
મૂઢ ન જાણે પરિશ્રમ, જે હુઈ ભણતાં સૂત્ર.' ૧૦

દુહા

—(*)—

સાયર જળ ઈમ કહિ રહ્યો, વાહણ વદે તળ વાચ;
'મા આગલિ મોસાલનૂં, એ સવિ વર્ણન સાચ. ૧
વાણીને જિમ ગ્રંથગતિ, સુર-થિતિ હરિને જિમ;
કાંઈ અજાણી મુજ નહી, તુઝ મોટાઈ તેમ. ૨
વિસ્તારૂં છું ગુણ અહ્મે, ઢાંકું છું તુઝ દોષ;
તો એવડું રયું કૂલવું?, રયો કરવો કંઠ-સોષ? ૩
મેલો પિણ મૃગ ચંદલે, જિમ કીજે સુપ્રકાશ;
તિમ અવગુણના ગુણ કરે, સજ્જનનો સહવાસ. ૪
ગુણ કરતાં અવગુણ કરે, તેતો દુર્જન ક્રૂર;
નાલિકેર-જલ મરણ દિયે, જો ભેલિયે કપૂર. ૫
હિત કરતાં જાણે અહિત, તે છાંડીજે દૂર;
જિમ રવિ ઊગ્યો તમ હરે, ઘૂક-નયન તમ-પૂર ૬

ઢાળ ૩

—(*)—

મરકલડાની-દેશી

હલુઆ પિણ અહ્મે તારૂજી, સાયર! સાંભલો,
બહુ જનને પાર ઉતારૂજી, સાયર! સાંભલો,

સ્યું કિજે તુહ્મ મોટાઈજી? સાયર!૦
જે મોલે લોગ લોગાઈજી. સાયર!૦ ૧

તુહ્મે નામ ધરાવો છો મોટાજી, સાયર!૦
પણિ કામની વેલાંઈ ખોટાજી; સાયર!૦
તુહ્મે કેવલ જાણ્યું વાધ્યાજી. સાયર!૦
નવિ જાણ્યું પરહિત સાધ્યાજી. સાયર!૦ ૨

તું મોટાઈ મત રાચોજી, સાયર!૦
હીરો નાનો પણિ હોઈ જાચોજી; સાયર!૦
વાધે ઊકરડો ઘણું માટોજી, સાયર!૦
તિહાં જઈએ લેઈ લોટોજી. સાયર!૦ ૩

અંધારૂં મોટું નાસેજી, સાયર!૦
જો નાન્હો દીપ પ્રકાશેજી; સાયર!૦
આકાશ મોટો પિણ કાલોજી, સાયર!૦
નાન્હો ચંદ્ર કરે અજુઆલોજી. સાયર!૦ ૪

આંખિ મોટી અંધનેં ફિકજી, સાયર!૦
તિહાં તેજવંત તે નાન્હી કીકીજી; સાયર!૦
નાની ચિત્રાવેલિ વિરાજજે, સાયર!૦
મોટો એરંડો નવિ છાજેજી. સાયર!૦ ૫

નાનો પંચજન્ય હરિ પૂજેજી, સાયર!૦
તસ નાદે ત્રિભુવન ધ્રૂજેજી; સાયર!૦
નાન્હો સિંહ મહાગજ મારેજી, સાયર!૦
નાનૂં વજ્ર તે શૈલ વિદારેજી. સાયર!૦ ૬

નાન્હી ઔષધિ જો હોઈ પાસેજી, સાયર !૦
તો ભૂત પ્રેત સવિ નાસેજી; સાયર !૦
નાન્હે અક્ષરે ગ્રંથ લિખાએજી, સાયર !૦
તેહનો અર્થ તે મોટો થાએજી. સાયર !૦ ૭

મોટા નાન્હાનો સ્યો વહરોજી ? સાયર !૦
ઈહાં સાર અસારનો વહરોજી; સાયર !૦
તુહ્મ મોટાઇ નાંખી ઢોલીજી, સાયર !૦
નિજ મુખે નિજ ગુણ રસ બોલીજી.[૧] સાયર !૦ ૮

તુમે રાવણનું બલ પોષ્યું જી, સાયર !૦
પિણ નીતિશાસ્ત્ર નવિ ગોખ્યું જી; સાયર !૦
ચોર-સંગી તુહ્મને જાણીજી, સાયર !૦
રામચંદ્રે બાંધ્યા તાણીજી. સાયર !૦ ૯

વન દ્વીપાદિકની સોહાજી, સાયર !૦
એ ભૂમિના ગુણ-સંદોહાજી; સાયર !૦
તે દેખી મદ મત વહિયોજી,[૨] સાયર !૦
મદ છાંડિને છાના રહ્યોજી.[૩] સાયર !૦ ૧૦

દૂહા

એહ વચન શ્રવણે સુણી, પામ્યો સાયર ખેદ;
કહે 'તુજસ્યું હું બોલતાં, પામું છું નિર્વેદ. ૧
જેહથી લક્ષ્મી ઉપની, પરણી દેવ મોરાર;
ક્ષીર સિંધુ તે જિહાં હૂઓ, તે અહ્મ કુલ નિરધાર. ૨

૧ બોલીજી ૨ વહન્યોજી ૩ રહન્યોજી

તાહરૂં તો કુલ કાઠનું, જે પોલાં ધુણ ખાય;
તુજ મુજ વિચ જે અંતરો, તે મુખ કહ્યો ન જાય.' ૩

વાહણ કહે 'કુલ–ગર્વ શ્યો? માહરૂં પણિ કુલ સાર;
સુરતરૂ જેહમાં ઉપનો, વંચ્છિત ફલ–દાતાર. ૪

પશુ પંખી મૃગ પથિકને, જે છાયા સુખ દેત;
તે તરૂવર અહ્મ કુલ–તિલા, પર ઉપગાર ફલંત. ૫

હું લક્ષ્મી દેઉ પુરૂષને, એ ગુણ મુજમાં સર્વ,
મુજ તુજ વચિ વિવાદ છઈ, તિહાં કુલનો શ્યો ગર્વ? ૬

ઢાલ ૪

—(*)—

વિછીઆની દેશી

કુલ–ગર્વ ન કીજે રે સર્વથા, હુએા રૂડે કુલિ અવતાર રે;
ગુણહીણેા જો નર દેખિએ, તો કહિએ કુલ–અંગાર રે. કુલ૦ ૧

જો નિજ ગુણે જગ ઉજવલ કરિએા, તો કુલ–મદનું સ્યૂં કાજ રે?
જો દોષે નિજ કાયા ભરી, તો કુલ–મદથી કુલ–લાજ રે. કુલ૦ ૨

કચરાથી પંકજ ઊપનૂં, હુએા કમલાનું કુલ–ગેહ રે;
કહેા કુલ મોટું કે ગુણ વડા?, એ ભાંજો મન–સંદેહ રે. કુલ૦ ૩

મુરખને હઠ છે કુલ તણેા, પંડિતને ગુણનેા રંગ રે;
કૃણિ–મણિ લેઈ રાણા રાજવિ, શિર ધારે જિમ હરિ ગંગરે.[1] કુલ૦ ૪

---

૧ જિમ અંગરે.

ખોટો કુલ–મદ મૂરખ કરે, પિણ ગુણ વિણ નિસવાદરે;
ખોટો સિંહ બનાવ્યો કુતરો, પિણ કુણ કરસ્યે સિંહનાદ રે?
કુલ૦ ૫

નામ ઠામ નેં કુલ નવિ પૂછિએ, જે જગમાંહિ સુગુણ–ગરિઠ રે;
રવિ ચંદ પયોધર પ્રમુખના, કુલ કુણે જાણ્યા કુણ દીઠ રે. કુલ૦ ૬

શ્યો નિજ કુલ શ્યો પારકો? ત્યજિ અવગુણ કરી ગુણ મૂલ રે;
છાંડિજે મલતનુ ઊપનો, શિર ધરિએ વનનૂં ફૂલ રે. કુલ૦ ૭

ઈમ જાણિને કુલ–મદ છંડિએ, કીજે ગુણનો અભ્યાસ રે;
ગુણથી જસ કીર્તિ પામિએ, લહિએ જગિ લીલ વિલાસરે. કુલ૦' ૮

દૂહા

વચન સુણી એ વાહાણનાં, ભાખે જલનિધિ બોલ;
'હું રયણાયર જગતમાં, વાજે મુજ ગુણ–ઢોલ. ૧
જગ–જનના દાલિદ્ર હરે, રયણ તણી મુજ રાશિ;
હોડ કરે શી માહરી? એ ગુણ નહિ તુજ પાસ.' ૨

ઢાળ ૫

—(*)—

ખંભાયતી ઢાવ, જગતગુરૂ હીરજીરે–એ દેશી

વાહણ કહે 'સાયર! સુણો રે, તુમે રયણ ધરો છો સાચાં રે;
પણ એક હાથે આપતાં રે, બેસે છે મુખ ડાચાં રે. ૧

તુહને દમી રે આકમી રે, રયણ દિએ અમે લોકને રે–આંકણી.

ગજ ભાજે શુંડિ કરી રે, તવ તરૂઅર ફલ વરસે રે;
તિમ દિએ કૃપણપરે દમ્યો રે, પિણ દેતો નવિ હસે રે. તુહ રે૦ ૨

રસ દિએ પીલી શેલડી રે, અગર દહિએ દિએ વાસો રે;
કાલા ને ગાઠિ ભરિયા રે, કૃપણ દમ્યા તિમ ખાસો રે ' તુહ્મને૦ ૩

સિંધુ કહે 'લેતાં તુહ્મે રે, હું નવિ નીહું રયણે રે;'
વાહણ કહે 'મદ મત ધરો રે, મનમાં એહવે વયણે રે. તુહ્મને. ૪

જેહ રયણ આણું અહ્મે રે, તે જગિ આવે લેખે રે;
જે તુજ માંહિ પડિયા રહે રે, તેહનું ફલ કુણ દેખે રે? તુહ્મને. ૫

સાર–સંગ્રહી હૂંજ છું રે, ઈમ જાણી મત હરખે રે;
સાર ન જાણે સંગ્રહી રે, નિજ મનમાં તૂં પરખે રે. તુહ્મને. ૬

લાકડ તૃણ ઊપરિ ધરે રે; રયણ તલે તૂં ઘાલે રે;
એ અજ્ઞાનપણું ઘણું રે, કહો કુણને નવિ સાલે રે? તુહ્મને૦ ૭

તુજ કચરામાં જે પડયા રે, નિજ ગુણ. રયણ ગમાવે રે,
તે તુજથી અલગા થયા રે, મૂલ સુઠામે પાવે રે. તુહ્મને૦ ૮

ભૂપતિ શિર ઊપરિ ધરિયાં રે, મુકુટ–જડયાં તે સોહે રે;
કામિનિ કુચ વિચિ તેહના રે, હાર ભુવન–મન મોહે રે. તુહ્મને૦ ૯

કાકર ભેલા મણિ ધરે રે, એ તાહરી છે ખામી રે;
ગુણ કીરતિ ઠામે રહી રે, અહ્મથી રયણે પામી રે. તુહ્મને૦' ૧૦

દુહા

સાયર કહે 'સ્યું મદ કરે? પોત વિચારી જોઈ;
જે જગને આજીવિકા, તે સવિ મુજથી હોઈ. ૧

મુજ વેલા ઉપરિ તુહ્મે, ખેલો ખેલા જેમ;
જો મુજ નીર અખૂટ છે, તો સહુજનને ક્ષેમ.' ૨

ઢાલ ૬

—(*)—

ઢાલ લોની, પ્રવહણ તિહાંથી પુરીઉંરે—એ દેશી.

વાહણ હવે વાણી વદે રે લો, 'સ્યું તુજ નાવે લાજ રે ! કઠિન-મન.
જલ ધન તુજ ખુટે નહિ રે લો, તે આવે કુણ કાજ રે? ૧
કઠિન-મન, ધનનો ગર્વ ન કીજીએ રે લો૦ આંકણી.
જે જાચિકને ધન છેતરે લો;
જે યાચકને ધન છે નહિ રે લો, નવી દીઈ કૃપણ લગાર રે; કઠિન૦
ભારણી તેહથી ભૂમિકા રે લો, નવી તરૂઅર ગિરિ ભાર રે. કઠિન૦ ૨
ખારાં પાણી નિર્મલાં રે લો, વિષ-ફલ જિમ તુજ ભૂરિ રે; કઠિન૦
પણિ તરસ્યા પશુ પંખિયા રે લો, તેહથી નાસે દૂરિ રે. કઠિન૦ ૩
મચ્છાદિ તુજમાં રહ્યા રે લો, જયું વિષમાં વિષકીડ રે; કઠિન૦
પિણ હંસાદિક તુજ જલે રે લો, પામે બહોલી પીડ રે. કઠિન૦ ૪
મારગ જે તુજમાં થઇ રે લો, ચાલે પુણ્ય પ્રભાવ રે; કઠિન૦
તિહાં એક કૃષિ અહ્મારડી રે લો, મરૂ મંડલીની વાવ રે. કઠિન૦ ૫
જો ખૂટે જલ માહરૂં રે લો, તો પાડે જન સોર રે; કઠિન૦
બહુલે પણિ જલ તુજ છતે લો, રતિ ન લહે ચિહું ઓર રે. કઠિન૦ ૬
જે પર આશા પૂરવે રે લો, છતે સારૂ દિએ દાન રે; કઠિન૦
થોડું પિણ ધન તેહનૂ રે લો, જગમાં પુણ્ય નિદાન રે. કઠિન૦ ૭
ખંડ ભલો ચંદન તણો રે લો, સ્યો લાકડનો ભાર રે? કઠિન૦
સજ્જન સંગ ઘડી ભલિ રે લો, સ્યો મૂરખ અવતાર રે? કઠિન૦ ૮
સાદ હુઓ તુમ બેધ રો લો, ગોપ્યો એક નકાર રે; કઠિન૦
જો જાણો જસ પારિએ રે લો, તો સીખો દાન-વિચાર રે. કઠિન૦ ૯

દુહા.

સિંધુ કહે 'સુણિ વાહણ ! તું, હું જગિ તીરથ સાર,
ગંગાદિક મુજમાં મલે, તીરથ નદી[1] હજાર. ૧
તીરથ જાણી અતિ વડું, મુજને પૂજે લોક;
ગંગા-સાગર-સંગમે, મલે તે જનના થોક.' ૨
વાહણ કહે 'તીરથપણું, તુજ મુખિ કહ્યું ન જાય;
ગંગાદિક તુજમાં ભલે, તાસ મધુર રસ જાય. ૩
ગંગાદિક આવી મિલે, તુજને રંગ રસાલ;
જાય નામ પિણ તેહનું, તુજ ખારે તતકાલ. ૪
દુર્જનની સંગતિ થકી, સજ્જન નામ પલાય;
કસ્તુરી કચરે ભરી, કચરારૂપ કહાય. ૫
ટાલે દાહ તૃષા હરે, મલ ગાલે જે સોઇ;
ત્રિહુ અર્થે તીરથ કહ્યું; તે તુજમાં નહિ કોઈ. ૬
તારે તે તીરથ કરિયે, અર્થ ઘટે મુજ માંહિ;
જંગમ તીરથ સાધુ પિણ, તરે ગ્રહી મુજ બાંહ. ૭
પૂજે જન જે તુજ પ્રતિ, તે નવિ તીરથ હેત;
ગરજે કહીયે ખર પિતા, એ જાણો સંકેત.' ૮

ઢાળ ૭.

—(*)—

દશરથ નરવર રાજીઓ-એ દેશી.

સિંધુ કહે 'સુણિ વાહણ ! તું, હું જગ-જન-હિતકાર રે;
મુજ જલ લેઈ ઘનઘટા, વરસે છે જલધાર રે,

---

૧ નદી.

જલધાર વરસે તેણિ સઘલી, હોઈ નવ-પલ્લવ મહીં;
સર કૂપ વાવિ ભરાઈ ચિહું દિશિ, નીઝરણ ચાલે વહી;
મુદ્દ-મુદિત લોકા ગલિત-શોકા, કેકિ કેકારવ કરે;
જલધાન સંપતિ હોઈ બહુલી, કાજ જગજનના સરે. ૧

મુજ જલ-જીવિત ધન-જલે, તુજ ઉત્પતિ તિમ જાણિ રે;
એ સંબંધે તુજ પ્રતિ, તારૂં છું હિત આણી રે;
આણિ એ હિત અવિનીત ! તુજને, તારીએ છીએ એ વિધિ;
સંબંધ થોડો પિણ ન ભૂલે, જેહ ગિરૂઆ ગુણનિધિ:
તુજ બાલ-ચાપલ સહુ હું છું, જે વયણ કડુઆ ભણે;
છોરૂ કુછોરૂ હોઈ તો પિણ, તાત અવગુણ નવિ ગણે.' ૨

વાહણ કહે "સુણિ સાયરૂ ! તુજ. જલ લિ બલવંતો રે;
હરિ નિર્દેશ લહી કરી; જોરે ઘન ગર્જંતો રે;
ગર્જંત બલિયા જલહરે, તુજ તેહ મનમાં નવિ ઠરે:
'મેં મેહને જલ દાન દીધું,' ઇસ્યું તું સ્યું ઉચ્ચ રે ?
જિમ કૃપણનું ધન હરત નરપતિ, તેહ મનમાં ચિંતવે;
'મેં પુણ્ય ભવમાંહિ કીધું,' તિમ અઘટતું તું લવે. ૩

જો છે તાહરે રે સાચલી, જલ જલ-ધરસ્યું બહુ પ્રીતિ રે;
તો તે ઉન્નત દેખતાં, સ્યૂં પામે તૂં ભીતિ રે ?
તૂં ભીતિ પામે યદા ગાજે, મેહ ચમકે વીજલી;
અંબરાડંબર કરે વાદલ, મલે ચિંહું પખ આકલી;
તું સદા કંપે વીચિ ખપે, નાસિએ જાણે હવે;
'રખે એ જલ સર્વ માહરૂં લિએ,' ઇસ્યું મનિ ચિંતવે. ૪

તુજ જલ જે ઘન સંગ્રહે, તે હુએ અમીઅ સમાન રે;
તે સઘલો ગુણ તેહનો, તિહાં તુજ કિસ્યો ગુમાન રે;
તિહાં માન સ્યો તુજ ઠામનો, ગુણ બહુ પરિ જગિ દેખિએ;
તૃણ ગાય ભક્ષે દૂધ આપે, ન તે તૃણ–ગુણ લેખિએ;
સ્વાતિ–જલ હોઈ પડિઉં ફણિ–મુખે, ગરલ મોતી સીપમાં;
ઇમ ક્ષાર તુજ જલ કરી મીઠો, મેહ વરસે દ્વીપમાં ૫
જીવન તે જલ જાણિએ, જે વરસે જલધાર રે;
તાહરૂં તો જલ જિહાં પડે, તિહાં હોઈ ઊખર ખાર રે;
તિહાં હોઈ ખારો જિહાં તુજ જલ, વિગાડે રેલી મહી;
દાધે દવે પણિ પલ્લવે, નવિ પલ્લવે તે તુજ દહી;
તું ધાન તૃણનાં મૂલ છેદે, લૂણ સઘલે પાથરે;
તુજ જાતિ વિણ કુણ જીવ પામેં, સુખ તેણે સાથ રે. ૬
એરંડો અને સુરતરૂ, તરૂઅર કહિઈ દોઈ રે;
ચિંતામણિ ને કાંકરો, એ બે પત્થર હોઈ રે,
એ દોઈ પત્થર પણિ વિલક્ખણ,–પણું નિજ નિજ ગુણ તણું;
વલિ અજ્ઞ સુરહી દૂધ, એક જ વરણ પતિ અંતર ઘણું;
ઇમ નીર–જીવન તેહ ધનનૂં, તાહરૂં વિષરૂપ એ;
તું એક શબ્દે રખે ભૂલે, જૂઓ આપ સ્વરૂપ એ, ૭
હું ઘન-જલથકી ઊપનો, વાધ્યો છું તસ વૃષ્ટિ રે;
જનમ લગે તસ ગુણ ગ્રહું, નવિ દીઠો તું દૃષ્ટિ રે;
દૃષ્ટિ ન દીઠો તું અહ્મે, ઉપકાર સ્યો તિહાં તુજ તણો ?
નિજ જાતિ ઘનને તુમે જાણો, એહ અમ્હ અચરીજ ઘણો;
જો નીરગુણો ગુણવંત દેખી, કહે એ અમ્હ જાત એ;
તો જગતમાં જે જન ભલેરા, તેહ સવિ તુજ તાત એ. ૮

જલમાંહિ નિજ ગુણ થકી તરિયે છે અહ્મે નિત્તરે;
હું તારૂં છું એહને, ઇમ તૂ મ ધરે ચિત્ત રે;
ઇમ ચિત્ત મ ધરે શકટ હેઠિ, શ્વાન જિમ મનમાં ધરે;
તો ગર્વ કરવો તુજ ઘટે જો, પાહણ તુજ જલમાં તરે;
સંબંધ ગુણનો એક સાચો, કાજ તે વિણ નવિ સરે;
ગુણ ધરે જે મદ મૃષા ન કરે, **મુજશ** તેહનો વિસ્તરે." ૯

દુહા.

સિંધુ કહે 'મુજ ગુણ ધણા, સ્યૂં તૂં જાણે ? પોત !
મુજ નંદન જગિ ચંદલો, સઘલે કરે ઉદ્યોત, ૧
સુરપતિ નરપતિ જેહનો, નવિ પામે દીદાર,
તે પશુપતિ શિર ઊપરે, મુજ સુત છે અલંકાર. ૨
જેહને દેખી ઊગ્રતો, પ્રણમે રાણા રાય;
તે સુતની ઋદ્ધિ દેખતાં, મુનિ મન હરખ ન માય. ૩
મુજ નંદન વરસે યદા, કિરણ અમી રસ-પૂર;
તવ દાઘો પિણ પાલવે, મનમથ તરૂ-અંકુર. ૪
કુંકુમવરણી દ્યુતિકા, મુજ સુતની નવ કંતિ;
મન શૃંગાર જગવતી, માનની માન હરંત. ૫
માનું મનમથ રાયનો, કલસ રાજ અભિષેક;
લંછન નીલ કમલ કલિત, મુજ સુત સોહે એક, ૬
મુજ સુત-મંડલ સાથ તૂં,[૧] સરવર રતિ આનંદ;
જિહાં મનમથ મજ્જન કરઇ, ઊડે તારા વૃંદ[૨] ' ૭

---

૧ સાચલું ૨ બિંદુ

ઢાળ ૮

– (*)—

ત્રિગડે પ્રભુ સોહઇ રે–અથવા ચિત્રોડી રાજની દેશી

હવે વાહણ વિલાસી રે, કહે વદન વિકાસી રે;
'સુત–રૂદ્ધિથી હાસી સાયર! તુજ તણી રે. ૧

તુજ સુત ઉવ સંગી રે, તૂં પાતક–રંગી રે;
નિજ ગોત્રજા ચંગી તૂં અંગીકરે રે. ૨

નવિ લોકથી લાજે રે, અભિમાને ભાજે રે;
વલી પાપ કરીને ગાજે રે, પાપીઓ રે. ૩

ઇમ હૃદય વિમાસી રે, સુત તુજથી નાસી રે;
હુઓ અંબર–વાસી સુરનર વંદીઓ રે. ૪

દ્વિજરાજ તે કહિએ રે, અતિ નિર્મલ લહિયે રે,
ગુણ ઉજલ મહિએ, લોકે ચંદલો રે. ૫

મલમૂત્ર સમેટે રે, અપવિત્ર તું ભેટે રે;
તેણિ કારણે બેટે દૂરે પરિહર્યો રે. ૬

વિરહાનલ સળગે રે, સુત રહે અલગે રે;
તું ચંદ્રને વળગે, કિરણે ઉચ્છલી રે. ૭

તે પખ અંધારે રે, કરવત્ત વિદારે રે;
ઇમ ધારે તે દ્વિજપતિ નિજ પાવનપણું રે. ૮

શશિસ્યૂં તુજ રંગો રે, ઇમ છે એકાંગો રે;
નવિ સોહે અભંગો, સજ્જનની પરે રે. ૯

તુજમાં નવિ ખૂતો રે, તો સવિ ગુણ-જૂતો રે;
તુજ પૂતો વિગુતો, નવિ કોઈ અવગુણે રે. ૧૦
તો પિણ તુજવાલી રે, કુલ-રેખા કાલી રે;
નિજ ગુણ જલ ગાલી, ટાલિ નવિ શકે રે. ૧૧
ખલ સંગે જાણી રે, સજ્જન-ગુણ-હાણી રે;
હોય મલીન ઘન-પાણી, યમુનામાં ભલ્યું રે. ૧૨
કુલ-અવગુણ-દોષી રે, નિજ કાયા શોષી રે;
તુજ નંદન ચોખી, તપસ્યા આદરે રે. ૧૩

દુહા.

ઈમ તુજથી વિપરીત જે, તુજથી લાજે જેહ;
તે સુત-રૂદ્ધિથી મદ કિસ્યો ?, તેહસ્યું કિસ્યો સનેહ ? ૧
સગા સણ્યા જ્ઞાતિનો, ગુણ ન ચે પરકાજ;
એક સગો ભૂખે મરે, એક તણિ ઘરિ રાજ. ૨
અત્રિ નયનથી ઉપનો, તુજથી જે પણિ ચંદ;
તે જોઈ બાપને ભેટડે, તુજને કિસ્યો આનંદ. ૩
નિજ ગુણ હોય તો ગાજીએ, પરગુણ સવિ અકયત્થ;
જિમ વિદ્યા પુસ્તક રહી, જિમ વલિ ધન પર-હત્થ. ૪
બીજું તુજ નંદન-કલા, નિતિ નિતિ ઘટતી જાઈ;
રાતે કેવલ તગતગે, દિવસે અગોચર થાઈ. ૫
મોટી જશ કીર્તિ કલા, પર ઉપગાર વિશેષ;
અખય અખંડિત સર્વદા, મુજ વિલસે સવિ દેસ ૬

ઢાળ ૯

—(*)—

ઈડર આંબા આંબલી રે—એ દેશી

સાયર કહે "સુણિ વાહણ! તું રે, ન કહે મુજ ગુણ સાર;
કાઢે પૂરા દુધમાં રે, કહતો દોષ વિચાર;
સબલ એ મન માન્યાની વાત,
તૂં ન કરે મુજ ગુણ ખ્યાત, મુજ મોટા છે અવદાત. સબલ૦ ૧

જે દિન કૃપા સરોવરૂ રે, સૂકે નદિય નિવાણ;
ભર ઉનાલે તે દિને રે, વાધે મુજ ઊધાણ. સબલ૦ ૨

પ્રબલ પ્રતાપે રવિ તણે રે, નવિ સૂકે મુજ નીર;
મેરૂ અગનિથી નવિ ગલે રે, જો પિણ હેમ શરિર. સબલ૦ ૩

હું સંતોષ કરી રહૂં રે, અવિચલ ને થિરથોભ;
ઠામ રહિત ભમતાં રહો રે, વાહણ! તુહ્મો અતિ લોભ. સબલ૦ ૪

શમાવંત ગંભીર છૂં રે, નવિ લોપૂં મર્યાદ;
તૂં મુજ ગુણ જાણે નહિ રે, સ્યો તુજસ્યૂં મુજ વાદ?" સબલ૦ ૫

વાહણ કહે "સુણિ સાયરૂ રે! નવિ સૂકે તૂં ધામ;
ઉનાલે જલ અતિ ઘરે રે, પિણ નવિ આવે કામ. સબલ૦ ૬

શોષ ન પામું કોઇથી રે, એ મદ મ ધરે એક;
ચૂલુપ કર્યો ઘટ–સુત મુનિ રે, તિહાં ન રહી તુજ ટેક. સબલ૦ ૭

એક એક પાં અતિ ઘણા રે, જગમાં છે બલવંત;
મુજ સમ જગમાં કો નહિ રે, ઇમ કોઈ મ ધરો તંત. સબલ૦ ૮

સહસ નદી ધન કોડિથી રે, તુજ નવી પેટ ભરાઈ;
તૂં નિત્ય ભૂખ્યો એહવો રે, કિમ સંતોષી થાઈ? સબલ૦ ૯

શસિ સૂરજ ધન પરિ અહો રે, ભમિએ પર-ઉપકાર
ભાગે અંગે તું રહિઓ રે, હસવૂં કાંઇ? ગમાર! સબલ૦ ૧૦

પરહિત-હેતે ઉદ્યમી રે, સરજ્યા સજ્જન સાર;
દુર્જન દુખીયા આલસું રે, ફોકટ ફૂલણહાર. સબલ૦ ૧૧

નિઃકારણ નિતિ ઉછલે રે, વલગે વાઉલ જેમ;
હૃદયમાંહિ ઘણું પરજલે રે, ક્ષમાવંત તૂં કેમ! સબલ૦ ૧૨

સાચૂં તૂં ગંભીર છે રે, નવિ લોપે મર્યાદ;
પિણ તિહાં કારણ છે જુઓ રે, સ્યૂં કૂલે નિસવાદ? સબલ૦ ૧૩

વિકટ ચપેટા ચિહુ દિશિ રે, વેલંધર દિએ તુઝ;
મર્યાદા લોપે નહિ રે, તેહથી એ તુજ ગુજ્ઝ સબલ૦ ૧૪

પર અવગુણ નિજગુણ-કથા રે, છાંડો વિકથા રૂપ;
જાણું છૂં સઘલૂં અહો રે, સાયર! તુજઝ સ્વરૂપ." સબલ૦ ૧૫

દુહા

કહે મકરાકર "કરિ તું, પ્રવહણ! મુજસ્યું હોડિ;
મેં તૂં શરણે રાખિઓ, તો પામી ધન કોડિ. ૧

આસંગો નવિ કીજિએ, જેહની કીજે આસ;
નરપતિ માન્યો પિણ રહે, આપ મુલાજે દાસ. ૨

શરણે રાખ્યો ચંદને, જિમ મૃગ હુઓ કલંક;
તિમ તું મુજને પિણ હુઓ, કહતો દોષ નિઃશંક. ૩

સુંદર જાણી સંગ્રહ્યો, હુઓ તે નિગુણ નિશ્રૂક;
ઊથાપે નિજ આશરો, એ તુજ મોટી ચૂક. ૪

ઢાળ ૧૦

—(*)—

ઢાળ કડખાની

વાહણ કહે "શરણ જગિ ધર્મ વિણ કો નહિ.
તૂં શરણ સિંધુ! મુજ કેણિ ભાંતિ?
શરણ આવ્યા તણી શરમ તે નિરવહે,
જેહ જાયા હુએ સુજસ રાતિ. વાહણ૦ ૧

કાલ વિકરાલ કરવાલ ઊલાળતો,
ફૂંક મુકે પ્રબલ વ્યાલ સિરખી;
જૂઠ અતિ દુઠ જન સુખ સરમોહતા,
યમ મહિષ સાંભરે જેહ નિરખી. વાહણ૦ ૨

ચોર કરિ સોર મલબારિયા ધારિયા,
ભારિયા ક્રોધ આવે હકાર્યા;
ભૂત અવધૂત યમદૂત જિમ ભયકરા,
અંજના–પુત નૂતન વકાર્યા. વાહણ૦ ૩

હાથિ હથિયાર શિર ટોપ આરોપિયા,
અંગિ સન્નાહ ભુજ વીર વલયાં,
ઝલકતે નૂર દલપૂર, બિહું તબ મલ્યાં,
વીર રસ જલધિ ઊધાંણ વલિયાં. વાહણ૦ ૪

નીલ સિત પીત અતિશ્યામ પાટલ ધ્વજા,
વસન ભૂષણ તરૂણ કિરણ છાજે;
મામું બહુ રૂપ રણ-લચ્છિ હૃદય-સ્થલે,
કંચુઆ પંચ-વરણી વિરાજે. વાહણ૦ ૫
ભૂર રણતૂર પૂરે ગયણે ગડગડે,
આથડે કટકની સુભટ – કોડી;
નાવર્યું નાવ રણભાવ ભર મેળવી,
કેવલી ઘાઉ દિએ મૂછ મોડી. વાહણ૦ ૬
નિશિતશિર ધાર જલધાર વરસે ઘણું,
સંચરે ગગનિ બક-ધવલ નેજા;
ગાજ સાજે સમર-ઢોલ વાજે સબલ,
વીજ જિમ કુંત ચમકે સતેજા. વાહણ૦ ૭
ક્રૂર-રસશૂર ગજ કુંભ સિંદૂર સમ,
રૂધિરનાં પૂર અવિદૂર ચાલે;
સૂર ચૂરઈ સમર ભૂમિ સૂરણ પરિ,
સીસ કાયર ધરા હેઠિ ઘાલે. વાહણ૦ ૮
ભંડ બ્રહ્મંડ શત-ખંડ જે કરી સકે,
ઊછલે તેહવા નાલિ – ગોળા;
વરસતા અગન રણ-મગન રોસે ભર્યા,
માનું એ યમતણા નયન-ડોલા. વાહણ૦ ૯
ચોર ભૂંકે મહા ક્રોધ મૂકે વલી,
વાહણ ઊપરિ ભરી અગનિ હોકા;
કોક બાણે વઢે સુભટ રણ-રસિ ચઢે,
બિરૂદ ગાયે તિહાં બંદિ લોકા. વાહણ૦ ૧૦

ઉસરી ચોર જલિ સોર બહુ પાથરઇ,
સાથરઇ અગનિ તિહાં સબલ લાગે;
ખાલતો બાળતો ટાળતો દર્પ તુજ,
તેહ તૂં દેખાતો કિમ ન જાગે? વાહણ૦ ૧૧

શેષ પિણ સલસલે મેદિની ચલચલે,
ખલભલે શલ તે સમર–રંગે;
લડથડે ભીરૂ ઈકિ એક આગઈ પડે,[1]
સુભટ સન્નાહ માએ ન અંગે. વાહણ૦ ૧૨

ઘોર રણનોર ચિહુ ઓર ભટ ફેરવે,
દેવ પિણ દેખતાં જેહ ચમકે;
બાણ બહુ ધૂમથી તિમિર પસરે સબલ,
કૌતુકી અમરના ડમરૂ ડમકે. વાહણ૦ ૧૩

એહવે રણ શરણ તૂં કિસ્યું મુજ કરે?
ખલપરિ[2] દુષ્ટ દેખઈ તમાસા;
એક તિહાં ધર્મ છે શરણ માહરે વડું,
સુજસ હિએ તે કરે સફલ આશા. વાહણ૦ ૧૪

દુહા

સાયર કહે "તૂં ભોગવે, ઘણા પાપનો ભોગ;
એહ મુજ નિંદા કરી, સ્યો અધિકો ફલ ભોગ? ૧
વીંધ્યો ખીલે લોહને, તૂં નિજ કૃષ[3] મઝારિ;
બાંધ્યો છે દૃઢ દોરસ્યું, નિજ વશ નહિ લગાર. ૨

૧–સબલ. ૨–ખલપણઈ. ૩–કૂખ.

દુષ્ભર ભરિએ તુજ ઉદર, ધાલિ ધૂલિ પાષાણ;
વાય ભર્યો ભચકે ઘણું, તૂં જગિ ખરો અજાણ;" ૩

વાહણ કહે "સાયર! તુહ્મો, વડા જડાય જગ્ગિ;
દેખો છો ગિરિ પ્રજ્વલતો, નવિ નિજ પગવિચ અગ્ગિ. ૪

મેરૂ મંથાણે તૂં મથ્યો, રામશરેં વલિ દગ્ધ;
ઊછાલી પાતાલ ઘટ પવને કીધો અદ્ધ. ૫

પામે મૂર્છા તે દુખે, મુખે મુકે છે ફીણ;
સન્નિપાતિઓ ધુરપુરે, લોટે કચરે લીણ. ૬

ભોગવતો ઈમ પાપ ફલ, નવિ જાણે નિજ હાનિ;
દોષ ગ્રહે તૂં પર તણા, તે નવિ આવે માનિ." ૭

ઢાલ ૧૧

—(*)—

ઈણિ પુરિ કંબલ કોઈ ન લેસી—એદેશી

સાયર કહે "તૂં બહુ અપરાધિ, વાહણ! જીભ તુજ અધિકી વાધી;
ખોલે મર્મ અનેક અહ્મારાં, ઢાંકૂં છિદ્ર અહ્મો તુજ સારા. ૧

જો હવઈ ન રહિસ નિંદા કરતો, મર્મ ઉઘાડિસિ માહરા ફિરતો;
પોત તરંગ ધુમરમાં ઓળી, તો હું નાંખીશ તુજને ઢોળી. ૨

તુજવિણ મુજ નવિ હોસ્યે હાણી, તુજ સરિખા બહુ મેલિસિ આણી;
જો અખૂટ છે નૃપ ભંડાર. તો ચાકરનો નહીં કો પાર. ૩

ઉષ્ણ અગનિ–તાપે હુએ ગાઢું, જેહ સ્વભાવે જલ છે ટાઢું;
તિમ તુજ મર્મ વચને હું કોપ્યો, ક્ષમાવંત ધુરિ જે આરોપ્યો. ૪

મોટાસ્યું હઠવાદ નીવાર્યો, નીતિ ઋજુમાર્ગ તેં વિસાર્યો;
મુજ કોપિ તૂં રહિએ ન સકઈ, પડે એક લહરીનેં ધક્કઈ. ૫

કોડિ તરંગ શિખર પરિ વાધે, જઈઅ ફીરઈ તે અંબર આધે;
એક તરંગ સબલ નભ ભાજે, કાજ ઘણા તૂં સ્યૂં ઈમ લાજે? ૬

પવન ઝકોલે દિએ જલ ભમરી, માનું મદ–મદિરાની ધુમરી;
તેહમાં શૈલ–શિખર પણિ તૂટે, હરિ શય્યા ફણિ–બંધ વિછૂટે. ૭

નક્ર ચક્ર પાડીન અતુચ્છ; ઊછળતા અછોટઈ પુચ્છ;
જઈ લાગે અંબર જલ કણિયા, છમકે ગ્રહુગણ તાતા મણિયા. ૮

એહવે મુજ કોપે તુજ સર્વ, ગલસ્યે જે મનમાં છે ગર્વ;
જે બોલે અસમંજસ ભાષા, તે ફલસે સઘલી શત શાખા.” ૯

દુહા

વાહણ કહે ‘મત રાખજે, સાયર! પાછું જોર;
ચાલે તે કરિસ્યું વૃથા, ફૂલી કરે બકોર. ૧

વચન ગુમાને તુજ ભરિયાં, સાચ નકા તિહાં ભાખ;
કેતાં કાલાં કાઢિએ, જિમતાં દહિ ને માખ. ૨

ઢાલ ૧૨

—(*)—

રઈવતના ગિર પોપટ–એ દેશી

સાયર! સ્યૂં તું ઉછલે?, સ્યૂં લે ફૂંકે ફોક?
ગરવ–વચન હું નવી ખમું, દેસ્યું ઉત્તર સોક. સાયર! ૧

વાત–પ્રસંગે મેં કહ્યા, ઉત્તર તુજ સાર;
મર્મ ન ભેદ્યા તાહરા, કરિ હૃદય વિચાર. સાયર! ૨

નિજ હિત જાણી બોલિએ, નવિ શાસ્ત્રવિરુદ્ધ;
રૂસો પરિ વલિ વિષ ભખો, પણિ કહીયે શુદ્ધ. સાયર! ૩

છિદ્ર અહ્મારાં સંવરે, તૂં કિહાંરે? ગમાર!
છિદ્ર એક જો તનુ લઈ, તો કરે રે હુન્નર. સાયર૦ ૪

શોકની પરિ નીત અમ્હ તણા, તાકે તૂં છિદ્ર;
પણિ રખવાળો ધર્મ છે, તે ન કરે નિદ્ર. સાયર૦ ૫

બોલે શરણાગત પ્રતિ, જે નીર મઝાર;
કઠિન વચન મુખિ ઉચ્ચરે, તે તુજ આચાર. સાયર૦ ૬

પણિ મુજ રક્ષક ધર્મમાં, નહિ તુજ બલ લાગ;
જેહથી મુજ બૂડે નહીં, ભાવનમો ભાગ. સાયર૦ ૭

મનમાં સ્યૂં મૂંઝી રહ્યો, સ્યૂં માને શંક;
અહ્મ જાતાં તુજ એકલો, ઊગરસ્યૈ તો પંક. સાયર૦ ૮

તું ઘર–ભંગ સમર્થ છે, કરવા અસમરત્થ,
શ્રમ કરવો ગુણ–પાત્રનો, જાણે ગુરૂ હત્થ. સાયર૦ ૯

હંસ વિના સરવર વૃથા, અલિવિણ જિમ પદ્મ,
જિમ રસાળ કોકિલ વિના, દીપક વિણ સદ્મ. સાયર૦ ૧૦

મલાયાચલ ચંદન વિના, ઘન વિણ જિમ દ્રંગ;
સોહે નહિ તિમ અહ્મ વિના, તુજ વૈભવ રંગ. સાયર૦ ૧૧

કરહ પિઠિ જલ વરસવૂં; તૂઝને હિતવાણી;
મૂરખ જો લાજે નહિ, જાણિ નિજહાણી. સાયર૦ ૧૨

ગગન પાત ભયથી સૂએ, કરી ઉંચા પાય;
ટીટોડી જિમ તુજ તથા, કલ્પિત મદ થાય. સાયર૦ ૧૩
ઉન્હો સ્યું થાએ વૃથા ? મોટાઈ જેહ,
તે તો બેહું મિલી હોઈ, બિહું પકખ સનેહ. સાયર૦ ૧૪

દુહા

રાજા રાજિ પ્રજા સુખી, પ્રજા રાજ નૃપ રૂપ;
નિજ કરિ છત્ર ચમર ધરે, તો નવિ સોહે ભૂપ. ૧
મદ ઝરતે ગજ ગાજતે, સોહે વિંધ્ય નિવેસ;
વિંધ્યાચલ વિણ હાથિઆ, સુખ ન લહે પરદેશ. ૨
અગંજેય વન તે હુઇ, સિંહ કરે જિહાં વાસ;
વનને કુંજ છાયા વિના, ન લહે સિંહ વિલાસ. ૩
હંસ વિના સોહે નહિં, માનસસર જલપુર;
માનસ સરવર હંસલા, સુખ ન લહે મહમૂર; ૪
ઈમ સાયર! તુજ અહ્મ મિલી, મોટાઈ બિહુ પકખ;
જો તૂં ચૂકઈ મદ–વહ્યો, તો તુજ સમ મુજ લકખ. ૫
હંસ સિંહ કરિવર કરે, જિહાં જાઈ તિહાં લીલ;
સર્વ ઠામિ તિમ સુખ લહે, જે છે સાધુ સુસીલ.” ૬
સાયર કહે “તૂં મુજ વિના, ભરી ન શકે ડગ્ગ;
મુજ પ્રસાદિ વિલસે ઘણું, હું દિઉં છું તુજ મગ્ગ. ૭
મુજ સાહમૂં બોલે વલી, જો તૂં છાંડી લાજ;
તો સ્વામીદ્રોહા તણી, શીખ હોસ્યે તુજ આજ.” ૮
વાહણ કહે “સાયર! સુણો, સ્વામિ તે સંસાર;
ગિરૂઓ ગુણ જાણી કરે, જે સેવકની સાર. ૯

ભાર વહે જન ભાગ્યનો, બીજો સ્વામી મૂઢ;
જિમ ખરવર ચંદન તણો, એ તું જાણે ગૂઢ. ૧૦

ઢાળ ૧૩

—(*)—

ભોલિડારે હંસારે–એ દેશી

એહવે વયણેરે હવે કોપેઈ ચડયો, સાયર પામ્યોરે ક્ષોભ;
પવન ઝકોલેરે જલ ભર ઊછલી, લાગે અંબર મોભ. એહવે૦ ૧

ભમરી દેતારે પવન ફિરી ફિરીરે, વાલે અંગ તરંગ;
અંબર વેદીરે ભેદી આવતા, ભાજે તે ગિરિ–શુંગ. એહવે૦ ૨

ભૂત ભયંકર સાયર જબ હુઓ, વીજ હુઈ તવ હાસ;
ગુહિરો ગાજેરે ગગને ઘર કરે, ડમ ડમ ડમરૂ વિલાસ. એહવે૦ ૩

જલનઈ જોરઈરે અંબર ઊછલઈ, મચ્છ પુચ્છ કરી વંક;
વાહણ લોકનઈરે જો દેખો હુઈ, ધૂમકેતુ શત શંક. એહવે૦ ૪

રોષ અગનિનોરે ધૂમ જલધિ તણો, પસર્યો ઘોર અંધાર;
ભયભર ત્રાસેરે મશક પરિંતદા, વાહણના લોક હજાર. એહવે૦ ૫

ગગનિ ચઢાવીરે વેગિ તરંગને, તલે ઘાલિજે રે પોત;
ત્રટત્રટ તુટઈરે બંધન દોરનાં, જન લખ જોતા રે જોત એહવે૦ ૬

નાંગર ત્રોડીરે દૂરિ નાંખીએ, કૂલ તણા જિમ બીંટ;
ગગનિ ઉલાલીરે હરિઈ પાંજરી, મોડિમંડપ મીટિ. એહવે૦ ૭

છુટે આડારે બંધન થંભનાં, કૂટઈ બહુ ધ્વજદંડ,
સૂક વાહણ પણિ છોતા પરિ હુઈ, કુઆ–થંભ શતખંડ. એહવે૦ ૮

સબલ શિલા વચિ ભાગાં પાટીયાં, ઊછલતે જલ ગેાટ;
આશ્રિત દુઃખથી રે વાહણુ તણેા હુએા, માનુ હૃદયનેા ફ્રેાટ. એ૦ ૯
તે ઉત્પત્તિરે મલય પરિ હુવે, લેાક હુઆ ભયભ્રાંત;
કાયર રેાવે રે ધીર તે ધૃતિ ધરી, પરમેશ્વર સમરંત. એહુવે૦ ૧૦

દુહા

ધમ સાયર કેાપે હુએા, દેખી વાહણુ વિલક્ખ;
વિચિ આવી વાણી વદે, ઉદધિકુમાર તાલક્ખ. ૧
'વાહન ! ન કીજે સર્વથા, મેાટા સાથે ઝૂઝ,
જે કીધૂં તેા ફલ લહ્યું, મૂકને કાઈ અબૂઝ, ૨
તુજમાં કાંઈ ન ઉગર્યો, વહિ જાઈ સે જલવેલ;
હજી લગિ હિત ચાહિ તેા, કરે સાગરસ્યું મેલ. ૩

ઢાળ ૧૪

—(*)—

સમરિએા સાદ દિઈ એ દેવ, અથવા કિસકે ચેલે કિસકે પૂત અથવા
સમર્યાં સાજ કરે જખ્યરાજ. એ–દેશી

સંકટ વિકટ ટલઈ સબ દૂર, ફિરિ સજ થઈ વાજઈ તુજ તૂર;
સાયર જો મિલે
તેા પૂગે તુજ વંછિત આસ, લેાક કરે સવિ લીલ–વિલાસ.
સાયર જો મિલે. ૧
તુજ નમતાં ટલસ્યે તસ ક્રેાધ, ગિરૂયા તે જગિ સરલ સુબેાધ; સા૦
વહિઈ સાહિબ આણુ અભંગ, આસ કરી જઇ નવિ આસંગ સા૦ ૨

ગજ ગાજે અંગણુ મલપંત, હેષઈ તેજી હય હરખંત; સા૦
સાહિબ સુનજરિ ભર ભંડાર, તસ કુનજરિ જન થાઈ ખ્વાર. સા૦ ૩
જે પરમેસરે મોટા કીધ, જેહની ભાગ્યરતી સુપ્રસિદ્ધ; સા૦
તે સાહિબની કીજે સેવ, હોડિ તણી નવી કીજે ટેવ. સા૦ ૪
ધનમદ જે દોગુંદુક દેવ, રંક કરઈ તેહને તતખેવ; સા૦
કરઈ રંકને રાજા પ્રાય, સાહિબ ગતિ નવિ જાણી જાય. સા૦ ૫
જેહ ઊપજે ઉત્તમ વંશ, લોકપાલનારે લેઈ અંશ. સા૦
તે સાહિબ જગિ સેવા લાગ, નવી કીજે તેહસ્યું અણુરાગ સા૦ ૬
હિતકારી કહું છું અહ્મે વાત, જાણે છે તૂં સવિ અવદાત; સા૦
કહ્યું માનિ માની સિરદાર, કીજે અવસર લાગ વિચાર સા૦ ૭
સાયર સેવક છૂં અહ્મે એહ, ધરિએ તેહને નેહે નેહ; સા૦
હુકમ દિએ જો સાહિબ ધીર, તો અહ્મે સાંધુ તુજ શરીર. સા૦ ૮
મેલ કરો અમ્હ વયણે પોત!, જિમ તુજ હુઈ જગિ જસ ઉદ્યોત; સા૦
ત્રિરિઅ પાએ સઘલો સાજ, બંદિર જઈ પામો તુહ્મે રાજ," સા૦ ૯

દુહા

સાથર–સેવક દેવની, સામ હેતની વાણ;
વાહણ એહવી સાંભળી, વદે માન મનિ આણ. ૧
"પથ્ય તુમ્હે પોથ્યો ખરો, નિજ સાહિબનો દેવ!
ગુણ અજાણની પરિહરિ, પણિ એહની અહ્મે સેવ. ૨
મત જાણો એ સંકટે, માન ટળે અહ્મ આજ;
જે અહ્મે સાહિબ આદર્યો, તે વહેસ્યે અહ્મ લાજ. ૩

ઢાળ ૧૫

—(*)—

નાભિરાયાકે બારિ ચાંપો મોરિ રહિઉ રી—એ દેશી.

શ્રી નવખંડ જિણુંદ, તેહનો શરણુ કિઓરી;
બોધા–મંડણ પાસ, સાહિબ તેહ કિઓરી. ૧
જેણે નિજ તનુ–નવખંડ, મેલ્યાં આપ બલેરી;
તેહજ મુજ તનુ–ખંડ, ભેલસ્યે ભગતિ ભલેરી. ૨
ઊભા જસ દરબાર, સુર નર સેવ કરેરી;
જે સમર્યો તતખેવ, સંકટ સયલ હરેરી. ૩
અરિ કરિ કેસરી આગે, અહિ જલ બંધ રૂજારી;
ભાંજઈ અડભય એહ, સાહિબ સબલ ભુજારી; ૪
તેજે ઝાકઝમાલ, રવિ પરિ જેહુ તપેરી;
સિદ્ધ અમર મુનિ વૃંદ, જસ નિત નામ જપેરી. ૫
પતીતપાવન પ્રભુ જાસ, રંજે ભગતિ–રસેરી;
તસ દુઃખ હરવા કાજ, દેવ અનેક ધસેરી. ૬
તે પ્રભુ શરણ કરેઈ, અવર ન આસ કરૂંરી;
કુણ લિઈ પત્થર હાથ, પામી રયણ ખરૂંરી. ૭
જલ–ભય નહીં મુજ દેવ ! સમરે નીલ છબીરી;
સ્યું કરસ્યે અંધકાર, ઉગ્યે ગયણી રવી રી. ૮
કોઈ નહીં ભય મુજ, જો પ્રભુ ચિત્તિ વસ્યોરી;
જાઓ તુમ ઉદધિકુમાર ! સાયર–મેલ કિસ્યોરી ? ૯
જે સાહિબ સુપ્રસન્ન, કહિઈ ન રોસ ભજ્યોરી[૧]રી;
તે અલ્યે સેવ્યો દૂઠ, સાયર દૂરિ ત્યજ્યોરી, ૧૦

૧–ભર્યોરી

આસપૂરણ પ્રભુ પાસ, હરસ્યે વિધન–તતીરિ;
લહસ્યૂં જગ જસવાદ, આરતિ મહીંઅ રતીરી.' ૧૧

દુહા

ઇણિ આકીનઈ ધર્મને તઠા સુર અસમાન;
કુસુમવૃષ્ટિ ઊપરિ કરે, અંબરિ ધરી વિમાન. ૧
મુખિ ભાષે "ધન ધન્ય તૂં, તુજ સમ જગિ નહીં કોઈ;
કુણને એહવી ધર્મમતિ, સંકટ આવે હોઈ? ૨
હરખ નહીં વૈભવ લહે, સંકટિ દુઃખ ન લગાર;
રણ સંગ્રામે ધીર જે, તે વિરલા સંસાર." ૩
એમ પ્રશંસા સુર કરી, ટાલે સવિ ઉતપાત,
ફિરિ સાજ સભલેા બન્યેા, હુઆ ભલા અવદાત. ૪
સુરવર જસ સાંનિધિ કરે, તેહસ્યૂં કેહી રીસ ?
ઇમ સાયર પણિ ઉપશમી, ધરઈ વાહણ નિજ સીસ. ૫

ઢાળ ૧૬

—(*)—

ઢાળ ફાગણી

હરખિત વ્યવહારી હુઆહેા, કરતા કોડિ કલ્લોલ,
ટલી વાહણથી આપદાહેા, ચિત્ત હુઆ અતિ રંગરોલ. ૧

પ્રભુ પાસજી નામથી દુઃખ ટળ્યેા હેા, અહેા મેરે લલના;
સવિ મલ્યેા સુખ સંજોગ. પ્રભુ પાસજી૦ અહેા.
ક્રિયાં છાંટણાં અતિ ઘણાં હેા, કેસરકી ઝકઝોર;
માનું સંકટ રયણી ગને તેં, પ્રગટ ણુયેા સુખ ભોર. પ્રભુ૦ ૨

ભયેા હરખ વરષા અતિ સંકટ, ગએે ઘામરિતુ હેત;
તાતેં ફિરત અંબર બલાકા, ઉજ્વલ ફરહર્યા કેતુ. પ્રભુ૦ ૩
કુઆ–થંભ ફિરિ સજ કીએોહેા, માનું નાચકેા વંસ;
નાચે ફિરતી નર્ત્તકી હેા, શ્વેત અંસુર ધરી અંસ, પ્રભુ૦ ૪
સેાહે મંડિત ચિહું દિસે હેા, પટમંડપ ચેાસાલ;
માનું જય–લચ્છી તણેા હેા, હેાત વિવાહ વિશાલ. પ્રભુ૦ ૫
બેઠેા સેાહે પાંજરી હેા, કૂઆથંભ અગ્રભાગ
માનું કે પેાપટ બેલતેા હેા, અંબર તરૂઅર લાગિ. પ્રભુ૦ ૬
નવ નિધાન લચ્છી લહી હેા, નવગ્રહ હુઆ પ્રસન્ન;
નવ સદ્ધ તાણ્યા તે ભણી હેા, મેાહે તિહાં જન–મન. પ્રભુ૦ ૭
રાચે માચે નાચે બહુજન, સબ હી બનાવત સાજ;
વાજે વાજાં હરખનાં હેા, પામ્યું તે અભિનવ રાજ. પ્રભુ૦ ૮
મેઘાડંબર છત્ર વિરાજે, પટમંડપ અતિ ચંગ;
બીજે ચિહું પખ સેાહતા હેા, ચામર જલધિ તરંગ. પ્રભુ૦ ૯
એક વેલિ સાયર તણી હેા, દૂજી જનરંગ રેલી;
ત્રીજી પવનની પ્રેરણા હેા, વાહણ ચલે નિજગેલિ. પ્રભુ૦ ૧૦
પવનહીંથે દૂનેા ભયેા હેા, પવન સિખાયેા વેગ;
જિહાજેં જન મન ગુરૂ કિએે હેા, વેગ વિદ્યા અતિ તેગ. પ્રભુ૦ ૧૧
ત્રાસે કચ્છપ ચિહું દિસે હેા, આવત દેખિ જિહાજ;
માનું જિહાજના લેાકના હેા, નાસે દારિદ્ર ધરી લાજ. પ્રભુ૦ ૧૨
ઇણિ પરિ બહુ આડંબરે રે, ચાલ્યાં વાહણ સુવિલાસ;
નિજ ઇચ્છિત બંદિર લહી હેા, પામ્યાં તે સુજસ ઉલ્લાસ. પ્રભુ૦ ૧૩

ચોપાઈ

અંદિર જઈ માંડ્યા બાજાર, વ્યાપારી તિહાં મિલ્યા હુન્નર;
જિમ આવલિકા દેવ વિમાન, તિમ તિહાં હાટ બન્યા અસમાન. ૧

રયણ-શ્રેણી તિહાં સોહે ઘણી, કમલા હારતણી છવિ ભણી;
સોનઇયા નવિ જાએ ગણ્યા, રૂપારાલ તણી નહિ મણા. ૨

માંડ્યા મોતી તિહાં બહુ મૂલ, માલું ન્યાય-લતાના ફૂલ;
પાસે માંડી મરકત હારિ, તે સોહે અતિકુલ અનુહારિ. ૩

લાલ કાંતિ પસરે તિહાં સાર, ભૂમિ લહે લાલી બાજાર;
માનું આવિ કમલા રંગિ, તાસ ચરણ અલતાનઈ સંગિ. ૪

રયણ-પારખિ પરખી પાસિ, કરે રયણની મોટી રાશિ;
પરખે નાણાં નાણાવટી, કરે રેડ જિન સુરગિરિ તટી. ૫

વિવિધ દેશ અંબર અનુકૂલ, દોસિ વિસ્તારે પટકૂલ;
ચીન મસજ્જર ને જર બાફ, જીપે રવિ શશિ કર એ સાફ. ૬

સોવન-તંતુ-ખચિત પામરી, જે પાસે લિકખા ભામરી;
માંગે રોહણગિરિની કંતિ, તે જોતાં પહુંચે મન ખંતિ. ૭

જિમ વસંત ફૂલે કણિયાર, મણિ-માલા માંડઈ અણીબાર;
તેલ ફૂલેલ સુરહિયા ઘરઈ, તસ સુવાસ અંબરિ વિસ્તરે. ૮

કરતૂરી આકુલ તોલંત, સૌરભ નિશ્ચલ અલિ ગુંજંત;
નવિ જાણે તિહાં લીનો લોક, સોર જોર કરતે જન થોક. ૯

કેસર છવિ અનિં તનુ ધરી, માનું બીજ કસ્તુરી કરી;
ટાલઈ નીચપણા નિઃશંક, તો આદરિઈ જગિ નિકલંક. ૧૦

અંબર ચંદન અગર કપૂર, ગર્ભિત ધરણી પરિમલપૂર;
માનું તે ભારેં નવિ ફરે, અલિ ગુંજિત આકંદિત કરે. ૧૧
ઘણાં વસાણાનો વિસ્તાર, તે કહેતાં નવિ લાભે પાર;
સુરલોકે પણિ ન મિલે જેહ, તે લહિએ તિહાં વસ્તુ અછેહ. ૧૨
લોક થોક જિમ વેલિ ભરાઈ, એક એકનાં હૃદય દલાઈ;
શુચિ પક્ષેં પામે વિસ્તાર, દરિઆ સમ ગાજઈ બાજાર. ૧૩
તિહાં વ્યાપાર કર્યા અતિ ઘણા, મુલિં લાભ હુઆ સોગુણા;
ભર્યાં વસાણાં નિજ નિજ જિહાજ, કીધો ઘરિ આવ્યાનો સાજ. ૧૪

ઢાલ ૧૭

—(*)—

ગચ્છપતિ રાજિઓ હો લાલ—એ દેશી, જગસરી રાગ

ભરિયાં કિરિયાણાં ઘણાં હો, હીરચીર પટકુલ;
મેલ્યાં નિજ મંદિર ભણી, હવે વાહણ પવન અનુકૂલ. ૧
હરખિત જન હુઆ હો લાલ, પામ્યા જયતસિરિ સુખલીલ–આંકણી.
દોય પંખિ જિમ પંખિઆ હો, રથ જિમ દોય તુરંગ;
સૂકવાણ સઢનેં બલેં, તિમ વહાણ ચલે અતિરંગ. હરખિત૦ ૨
રણકે ધ્વજમણિ કિંકિણી હો, કનકપત્ર ઝંકાર;
વહાણ મિસેં આવે રમા, માનું ગરૂડ કરી સંચાર. હરખિત૦ ૩
ત્રાપે જલ ઓલંચીએ હો, માનું ઝરે મદપૂર;
વાહણ ચલે જિમ હાથિઓ, સિર કેસર વચિ સિંદૂર. હરખિત૦ ૪

ભર કસી સસર નાંખિએ હો, બાહિર તેહ ન જાઈ;
એહવે વેગે ચાલિયાં, મનિ વાહણુ હરખ ન માઈ. હરખિત૦ ૫

વાહણુ ભાણસ્યૂં તોલિએ હો, ધરા સ્વર્ગનો સાર;
તુલા દંડ થંભે કરી, જોઈ લેજો એહ વિચાર. હરખિત૦ ૬

કામિ કરે જિમ કામિની હો, હૃદય-સ્થલ પરિણાહ;
સાયર તિમ અવગાહતાં, હવઈ વાહણુ ચલ્યાં ઉચ્છાહ. હરખિત૦ ૭

ગુણ-જીત્યો સાયર હુઓ હો, સહજે સાંનિધિકાર;
દેખ્યાં બંદિર આપણાં, હવે હુઆ તે જય જયકાર. હરખિત૦ ૮

બંદિર દેખિ વાવટા હો, કર્યા લાલ અગ્રભાગ;
માનું બહુ દિનનો હુંતો, તેહ પ્રગટ કીઓ ચિતરાગ. હરખિત૦ ૯

બંદિર દેખિ હરખસ્યું હો, મેહલિ નાલિ આવાજ;
જે આગે સુરગજતણો, વલિ મેહતણો સ્યો ગાજ ? હરખિત૦ ૧૦

વાજ્યાં વાજાં હરખનાં હો, કરે લોક ગીતગાન;
પડછંદે ગુહિરો દિએ, માનું સાયર પણિ કરે તાન. હરખિત૦ ૧૧

સાહમા મિલવા આવિયા હો, સાજન લેઈ નાવ;
અંગોઅંગ મિલાવડે, એતો ટલિયાં વિરહ વિભાવ. હરખિત૦ ૧૨

આવ્યાં વાહણુ સોહામણાં હો, ઘોઘા વેલાકુલ;
ઘરઘર હુઆં વધામણાં, શ્રી સંઘ સદા અનુકૂલ. હરખિત૦ ૧૩

વ્યવહારી ભેટે મુદ્રા હો, પ્રથમ પાસ નવખંડ;
સુરભિ દ્રવ્ય પૂજા કરે, લેઈ કેશર ને શ્રીખંડ. હરખિત૦ ૧૪

મોતીના કર્યા સાથિયા હો, આંગી રયણ બનાવ;
દીવના આરોપી અતિ ભલી, વળિફ કલસ શુચિભાવ. હરખિત૦ ૧૫

ઇણિ પરિ જેહના દ્રવ્યનો હો, આવ્યો પ્રભુને ભોગ;
સાયરથી મોટું કર્યું, તે જિહાજ મિલિ સવિ લોગ. હરખિત૦ ૧૬
એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વ–ત્યાગ હિત કાજ;
તપગચ્છ ભૂષણ સોહતા, શ્રી વિજયપ્રભ સૂરિરાજ. હરખિત૦ ૧૭
શ્રી નયવિજય વિબુધ તણો હો, સીસ ભણે ઉલ્લાસ;
એ ઉપદેશે જે રહે, તે પામે **સુજસ** વિલાસ. હરખિત૦ ૧૮
વિધુ મુનિ સંવત જાણિએ હો, તેહજ વર્ષ પ્રમાણ;
ઘોઘા બંદિરે એ રચ્યો, ઉપદેશ ચઢયો સુપ્રમાણ. હરખિત૦ ૧૯

—ઇતિ યાનપત્ર વાહરૂપત્યો : પરસ્પરં પ્રશસ્ય સંવાદાલાપ :
સમાપ્ત : શ્રી ઘોઘા બંદિરે.

—ઇતિ સમુદ્રવાહણ વિવાદ રાસ સંપૂર્ણ. પંડિત શ્રી શ્રી દેવ-વિજય શિષ્યાદિ મુનિ લક્ષ્મીવિજય લષત ।। પઠનાર્થે સંપૂર્ણ. પત્ર ૭ ખેડાની પ્રત.

૧૧ ગણધર નમસ્કાર

૧ ઇંદ્રભૂતિ

પહિલો ગણધર ઇંદ્રભૂતિ વંસુભૂતિ મલ્હાર.
પૃથવી માતા ગુ × × × ત્રિભુવન આધાર
ધારણ ધ્યાન સમાધિ શુદ્ધિ મુનિકુલ શ્રૃંગાર,
ગારવાહત × × ×
× × × × ×
× × × જિન બૂઝવ્યો પ્રણમેં જસ ઉવઝાય. ૧

૨ અગ્નિભૂત

અગનિભૂતિ બીજો નમું હુઓ ગોબર ગામેં,
× × × વરિઓ ગુણ અભિરામેં;
કરમ સંદેહિં દીખીઓ, જિન શુભ પરિણામેં;
વિચરેં સંવર આદરી, બહુ નગર ને ગામેં;
ગ્રામ ગ્રામ વિચરતો એ, કરે ભવિક ઉપગાર;
વરસ ચિહુત્તર આઉખું, વાચક જસ જયકાર. ૨

૩ વાયુભૂતિ

માત તાતિ ગામ એક, ત્રિજો તસ ભાયા;
સિત્તરિ વરસનું આઉખું, વાયુભૂતિ સુહાયા;
દોય બંધવ દીક્ષીત સુણી, છાંડે મદ માયા;
જિન વંદે સંશય ટલ્યો, તેહ જીવ તે કાયા;

કાયા સોવન વાન ભલીએ, તેજે તરૂણ પ્રકાશ;
શ્રી નયવિજય બુધ સુસીસનેં દેયો **સુજસ** વિલાસ. ૩

૪ વ્યક્ત

ધણુમિત્તહ વારૂણિ તણો, શ્રી વ્યક્ત તે વંદો;
સંનિવેસ કોલ્લાક જે, જયો સુખકંદો;
ભૂત સંશય દૂરિ કરિઓ, વંદી જિનચંદો;
વરસ અસીનું આઉખું, ટાલે દુઃખ–દંદો;
દુઃખ દંદગ દોહગ હરેએ, એહવા ગુરૂનું ધ્યાન;
વાચક **જસ** કહે વલી વલી, કીજે તસ ગુણગાન. ૪

૫ સુધર્મા [સોહમ]

સંનિવેસ કોલ્લાક ગામ, જાયો લહી ધર્મ્મ;
ઇહ ભવિ પરભવિ તેહવો, હરે સંશય મર્મ્મ;
ધમ્મિલહ ભદ્દિલતણુય, શ્રી સ્વામિ સુધર્મ્મ;
વર્ષ એકશત આયુ પાલિ, પામ્યા શિવ શર્મ્મ;
શર્મ અનંતા અનુભવે એ, ચિદાનંદ કલ્લોલ;
વાચક **જસ** કહે મુઝ દીઓ, તે શમસુખ રંગરોલ. ૫

૬ મંડિત

સંનિવેશ મોરિય વિશેષ, વિજયા ધણુદેવ;
અંગજ મંડિત જેહની, પંડિત કરે સેવ;
બંધ મોક્ષ સંશય હરી, દેખ્યો જિનદેવ;
અસી વરસનું આઉખું, શમ સંવર ટેવ;
ટેવ ઘણી જિન–ભક્તિનીએ, પૂરી શિવપુર પત્ત;
શ્રી નયવિજય સુગુરૂ તણો, સેવક સમરેં નિત્ત. ૬

૭ મૌર્યપુત્ર

મૌર્યપુત્ર મૌરીય નિવેસ, મૌર્ય કુલ–હંસ;
વિજયા અંગજ સાતમો, ગણુધર અવતંસ;
મુરસંશય જિન બૂઝવ્યો, નહી મદનો અંસ;
વરસ પંચાણું આઉખૂં, દીપાવ્યો વંશ;
વંશ ઉદ્યોત સુહંકરૂ એ, જિનશાસન દૃઢ રંગ;
વાચક યશ મન તસ ગુણે, રમેં કમલ જિમ ભૃગ. ૭

૮ અકંપિત

દેવ જયંતા તનય, મિથિલાઈ જાયો.
નમું અકંપિત આઠમો, સુરનારી ગાયો;
નારક સંશય અપહર્યો, જિનવર સમજાયો;
વરસ અઠોતર આઉખું, પાલી શિવ પાયો;
પાયો શિવ ગણુધર ભલો એ, તેહનું લે તું નામ;
વાચક યશ કહે પામીઈ, વંછિત ઠામોઠામ. ૮

૯ અચલભ્રાતા

અચલભ્રાતા કોશિલાઈ, વસુનંદા જાત;
પુણ્ય પાપ સંશય હરે, પ્રભુ મુગતિ વિખ્યાત;
બહોત્તર વરસનું આઉખું, પાલી શિવ પાયોલિ અવદાત;
મુગતિં પોહતો ગાઇએં, નવમા તે પ્રભાત;
સુપ્રભાત તસ નામથી એ, ટાલે જનમ જંજાલ;
વાચક જસ કહે પામીએં, મંગલ રંગ વિશાલ. ૯

૧૦ મેતાર્ય

પુત્ર દત્ત વરૂણા તણો, મેતારજ સ્વામિ;
ગામ તે તુંગીય સન્નિવેસ, જિન સેવા પામી;
પરભવ સંશય નીગમી, થયા થિર પરિણામી;
આઉ વરસ બાસઠિ ધરી, હુઆ શિવ ગયગામી;

ગજગામી સ્વામી નમું એ, દસમા ગણધર તેહ;
વાચક **જસ** કહે તેહસ્યું, ધરીઇં ધરમ–સનેહ. ૧૦

૧૧ પ્રભાસ

રાજગૃહેં ગણધર પ્રભાસ, સંશય નિરવાણુ;
બલ અતિ ભદ્રાસુત ભલેા, દિકખેં જિનભાણુ;
વરસ ચ્યાલીસનું આઉખું, પાલી સુપ્રમાણુ;
શિવપુર પુહતા તેહની, વહીઇં શિવ આણુ;
આણુ સુગુરૂની શિરૂ વહીએ, એહ કહે ઉવએસ;
શ્રી નયવિજય સુગુરૂ તણેા, સેવક **જસ** સુવિસેસ. ૧૧

શ્રી જિન–ગીત

—(*)—

રાગ–વેલાઉલ

મેરે સાહિબ તુમ્હહિ હેા, જીવન આધારા;
પાર ન આવઇં સમરતાં, તુમ્હ ઉપગારા. મેરે૦ ૧
દુંરિ કરૈં દુઃખ વિશ્વકેા, વરષતી જલધારા;
તેસેં તુમ હમકુ ભએ, સમકીત–દાતારા. મેરે૦ ૨
તુમ્હ ગુણ સાયરમેં ભલેં, હમ ભાવ દુચારા;
અખય અખંડિત ગુણ ભએ, નહી ભેદ વિચારા. મેરે૦ ૩
હમ ગુણકું કંચન કરૈં, તુમ્હ ગુણ–રસ–તારા;[1]
સેા કયું તાંબા હેાઇગા, ભયા કંચન સારા. મેરે૦ ૪
તુમ્હ અનંત કેતા કહું, ગુણ અનંત અપારા;
જસ કહૈં સ્મરણ ભજન થેં, તુમ્હ તાહણુહારા. મેરે૦ ૫

૧–મારા

શ્રી વર્ધમાન જિન સ્તવન

સરસતિ સામિણિ પાએ લાગેા, પણમી સદ્ગુરૂ પાયા;
ગાસુ હીઅડઇં હરખ ધરીનઇં, શ્રી વર્ધમાન જિનરાયા;
મોરા સામી હેા ! તોરાં ચરણ ગ્રહીજે.
સોભાગી જિનનાં ચરણ ગ્રહીજે, વૈરાગી જિનના ચરણ ગ્રહીજે;
અરૂપી જિનનાં ચરણ ગ્રહીજે,
ચરણ ગ્રહીજે હેા; સરણે રહીજે, નરભવ-લાહેા લીજે,
મોરા સામી હેા-એ આંચલી.

ભારેકરમી તે પણ તાર્યા, પાતકથી ઉગાર્યા;
મુઝ સરખા શે નવિ સંભાર્યા ? શું ચિતથી ઉતાર્યા ? મોરા૦ ૨

પથર પન કેાઈ તીરથ પરભાવે, જલમાં દીસે તરતેા;
તિમ અમે તરસું તુમ પાએ વલગા, શું રાખેા છેા અલગા ?
મોરા સામી૦ ૩

મુઝ કરણી સામું મત જોજો, નામ સામું તુમે જોજો;
સાહબ ! સેવક દુઃખ હરજો, તુમને મંગલ હોજો, મોરા સામી૦ ૪

તરણ તારણ તુમે નામ ધરાવેા, હું છું બીજમતગારેા;
બીજા કુણ આગલ જઈ જાચું ? મોટેા નામ તુમારેા. મોરા૦ ૫

એહ વીનતીયે સાહબ તૂઠા, શ્રી વર્ધમાન જિનરાયા;
આપ ખજાના માંહેથી આપેા, સમકીત રત્ન સવાયા. મોરા૦ ૬

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક **જસ** ઇમ બેાલે;
શાસનનાયક શિવસુખદાયક, નહિ કેાય વીરજીને તેાલે. મોરા૦ ૭

શ્રી પંચ પરમેષ્ઠિ ગીતા

દુહા

પ્રણમિએ પ્રેમસ્યું વિશ્વત્રાતા, સમરિએ સારદા સુકવિમાતા;
પંચપરમેષ્ટિ–ગુણ–થુણણ–કીજે, પુણ્ય–ભંડાર સુપરિં ભરીજે. ૧

(૧) અરિહંત ગુણવર્ણન

ચાલિ

અરિહંત પુણ્યના આગર, ગુણ–સાગર વિખ્યાત,
સુરધરથી ચવિ ઉપજે, ચઉદ સુપન લહે માત;
જ્ઞાન ત્રણું જૂ અલંકરિયા, સૂરય–કિરણે જેમ,
જનમે તવજનપદ હુએ, સકલ સુભિકખ બહુ પ્રેમ. ૨

દુહા

દશ દિશા તવ હોએ પ્રગટ જ્યોતિ,
નરકમાં પણિ હોએ ખિણ ઉદ્યોતિ;
વાય વાએ સુરભિ શીત મંદ,
ભૂમિ પણિ માનુ પામે આનંદ. ૩

ચાલિ

દિશિ–કુમરિ કરે ઓચ્છવ, આસન કંપે ઇંદ,
રણુકઈ રે ઘંટ વિમાનની, આવે મિલિ સુરવૃંદ;

પંચરૂપ કરિ હરિ સુરગિરિ-શિખરે લેઈ જાઈ,
ન્હવરાવે પ્રભુ ભગતિં, ક્ષીર-સમુદ્ર-જલ લાઈ. ૪

દુહા

સ્નાત્ર કરતાં જગતગુરૂ શરીરે, સકલ દેવે વિમલ કલશ-નીરે;
આપણા કર્મમલ દૂરિ કીધા, તેણ તે વિબુધ ગ્રન્થે પ્રસિદ્ધા. ૫

ચાલિ

ન્હવરાવી પ્રભુ મેહલે રે, જનની પાસે દેવ,
અમૃત ઠવે રે અંગુઠડે, બાલ પિયે એહ ટેવ;
હંસ ક્રોંચ સારસ થઈ, કાને કરે તસ નાદ,
બાલક થઈ ભેલા રમે, પૂરે બાલ્ય-સવાદ ૬

દુહા

બાલતા અતિક્રમે તરૂણ ભાવે, ઉચિત થિતિ ભોગ સંપત્તિ પાવે;
દૃષ્ટિ કાંતાઈ જો શુદ્ધ જોવે, ભોગ પિણ નિર્જરા-હેતુ હોવે. ૭

ચાલિ

પરણી તરૂણી મનહરણી, ઘરણી તે સોભાગ
શોભા ગર્વ અભાવ, ઘર રહેતાં વૈરાગ;
ભોગ-સાધન જબ છંડે, મંડે વ્રતસ્યું પ્રીતિ,
તવ વ્યવહાર બિરાજે, વૈરાગી પ્રભુ-નીતિ. ૮

દુહા

દેવ લોકાંતિકા સમય આવે, લેઈ વ્રત સ્વામી તીરથ પ્રભાવે;
ઉગ્ર તપ જપ કરી કર્મ ગાલે, કેવલી હોઈ નિજ ગુણ સંભાલે. ૯

ચાલિ

ચઉત્રીસ અતિશય રાજતા, ગાજતા ગુણ પાંત્રીસ,
વાણી ગુણ–મણી–ખાણી, પ્રતિહાર્ય અડઇસિ;
મૂલાતિશય જે ચ્યાર, તે સાર ભુવન–ઉપગાર,
કારણ દુઃખ–ગણ–વારણ, ભવતારણ અવતાર. ૧૦

દુહા

દેહ અદ્‌ભુત રૂચિર રૂપ ગંધ, રોગમલ સ્વેદનો નહિ સંબંધ (૧)
શ્વાસ અતિ સુરભિ (૨) ગોખીર ધવલ,
રૂધિર ને માંસ અણુવિસ્સ ધમલ (૩) ૧૧

ચાલિ

કરેઇ ભવથિતિ પ્રભુતણી, લોકોત્તર ચમત્કાર,
ચર્મ–ચક્ષુ ગોચર નહિ, જે આહાર નીહાર; (૪)
અતિસય એહજ સહજના, ચ્યાર ધરે જિનરાય,
હવે કહિએ ઇગ્યાર જે, હોઈ ગએ ઘનઘાય. ૧૨

દુહા

ક્ષેત્ર એક યોજનમેં ઉચ્છાહિં, દેવનર તિરિય બહુ કોડિમાંહિં, (૧)
યોજન–ગામિણી વાણી ભાસે,
નર તિરિય સુર સુણે નિત ઉલ્લાસે. (૨) ૧૩

ચાલિ

યોજન શત એક માંહિ, જિહાં જિનતર વિરહંત
ઇતિ (૩) મારિ (૪) દુરભિક્ષ (૫), વિરોધ (૬)
વિરાધિ (૭) ન હુંત;

સ્વપર ચક્ર (૮) અતિવૃષ્ટિ (૯), અવૃષ્ટિ ભયાદિક (૧૦) જેહ;
તે સવિ દૂરિ પલાયે, જિમ દવ વરસત મેહ. ૧૪

દુહા

તરણિ-મંડલ પરે તેજ તાજે, પૂંઠિ ભામંડલ વિપુલ રાજે; (૧૧)
સુરકૃત અતિશય જેહ લહિએ, એક ઊણા હવે વીસ કહીએ. ૧૫

ચાલિ

ધર્મચક્ર (૧) શુચિચામર (૨), વપ્રત્રય વિસ્તાર (૩)
છત્રત્રય (૪) સિંહાસન (૫), દુંદુભિ-નાદ ઉદાર (૬);
રત્નત્રય ધ્વજ ઉંચો (૭), ચૈત્ર દ્રુમ સોહંત (૮)
કનક કમલ પગલાં ઠવે (૯), ચઉમુહ ધર્મ કહંત (૧૦) ૧૬

દુહા

વાયુ અનુકૂલ સુખમલ વાયે(૧૧), કંટકા ઊંધ મુખ સકલ થાએ(૧૨)
સ્વામી જ્ઞથી વ્રતયોગ સાધે કેશ નખ રોમ તથી ન વાધે (૧૩) ૧૭

ચાલિ

કોડિ ગમે સુર સેવે (૧૪), પંખિ પ્રદક્ષણ દંતિ (૧૫)
ઋતુ અનુકૂલ કુસુમભર (૧૬), ગંધોદક વરસંતિ, (૧૭)
વિષય સર્વ શબ્દાદિક, નવિ હોવે પ્રતિકૂલ (૧૮)
તરૂ પણ સવિ શિર નામે, જિનવરને અનુકૂલ (૧૯) ૧૮

દુહા

હવે કહું જેહ પણતીસ વાણી, ગુણ સકલ ગુણ તણી જેહ ખાણી;
પ્રથમ ગુણ જેહ સંસ્કારવંત (૧),
ઉદાત્ત ગુણ અપર (૨) સવિ સુણે સંત. ૧૯

ચાલિ

શબ્દ ગંભિરપણું જિહાં (૩), વલી ઉપચારોપેત (૪)
અનુનાદિત્વ (૫) સરલતા, (૬) ઉપનીત રાગ સમેત (૭)
શબ્દાતિશય એ સાત, અર્થાતિશય હવે જોય,
મહાર્થતા (૮) અવ્યાહત (૯), શિષ્ટપણું (૧૦) ગુણ હોય. ૨૦

દુહા

ગુણ અસંદિગ્ધ (૧૧) વિગત્તોત્તરત્વ (૧૨),
જનહૃદયગામિ (૧૩) ગુણ મધુરવત્ત્વ, (૧૪)
પૂર્વ અપરાર્ધ સાકાંક્ષ ભાવ,
નિત્ય પ્રસ્તાવ ઉચિત (૧૫) સ્વભાવ. ૨૧

ચાલિ

તત્ત્વનિષ્ટ (૧૬) અપ્રકીર્ણ પ્રસૃત (૧૭) નિજ શ્લાઘા,
અન્યનિંદ રહિત (૧૮) અભિજાત (૧૯) મધુર અને સ્નિગ્ધ (૨૦)
તે ધન્ય (૨૧) મર્મત વેધઈ (૨૨) ઉદાર (૨૩) ત્રિવર્ગ
પ્રતિબદ્ધ (૨૪)
કારકાદિ અવિપર્યય (૨૫) વિભ્રમ રહિત સુબદ્ધ (૨૬) ૨૨

દુહા

ચિત્રકર (૨૭) અદ્‌ભૂતા (૨૮) રતિ વિલંબ (૨૯)
જાતિ સુવિચિત્ર (૩૦) સુવિશેષ બિંબ (૩૧)
સત્વ પર (૩૨) વર્ણ પદ વાકય શુદ્ધ (૩૩)
નહિય વિચ્છંદ (૩૪) ખેદે ન રૂદ્ધ (૩૫) ૨૩

ચાલિ

ઈમ પાંત્રિસ ગુણે કરી, વાણી વદે અરિહંત,
સર્વ આયુ જો કોઈ સુણે, તો નહી ભૂખ ન ભ્રંત

રોગ શોગ ન જાગે, લાગે મધુર અત્યંત,
ઇહાં આવશ્યક ભાખ્યો કિવિ દાસી દૃષ્ટાંત. ૨૪

દુહા

દેવ-દુંદુભિ ૧ કુસુમ ૨-વૃષ્ટિ છત્ર ૩,
દિવ્ય ધ્વનિ ૪ ચામર ૫ આસન પવિત્ર ૬;
ભવ્ય ભામંડલ દ્રુમ અશોક, પ્રાતિહારય હરે આઠ શોક. ૨૫

ચાલિ

રાગાદિક જે અપાય તે, વિલય ગયા સવિદ્વેષ (૧)
ઉગ્યો જ્ઞાન દિવાકર (૨), જય જય હુઓ જગિ ઘોષ;
વાણી કુમતિ-કૃપાણી (૩), ત્રિભુવન જન ઉપચાર (૪)
પામે જન જે વ્યાપક, મૂલાતિશય એ ચ્યાર. ૨૬

દુહા

મહા માહણ મહા ગોપનાહ, મહા નિર્યામક મહા સત્થવાહ;
બિરૂદ મહા કથિત તાહું જે ધરંત, તેહના ગુણ ગણે કુણ અનંત? ૨૭

ચાલિ

પુણ્ય મહાતરૂ ફલદલ, કિસલય ગુણ તે અન્ય,
અન્ય તે ક્ષાયિક સંપતિ, ઉપકારે કરી ધન્ય;
ક્ષીર નીર સુવિવેક એ, અનુભવ હંસ કરેઇ,
અનુભવ વૃત્તિ રે રાચે, અરિહંત ધ્યાન ધરેઇ. ૨૮

દુહા

બુદ્ધ ૧ અરિહંત ૨ ભગવંત ૩ ભ્રાતા ૪
વિશ્વવિભુ ૫ શંભુ ૬ શંકર ૭ વિધાતા; ૮
પરમ ૯ પરમેષ્ટિ ૧૦ જગદીશ નેતા ૧૨,
જિન ૧૩ જગન્નાહ ૧૪ ધનમોહ-જેતા ૧૫- ૨૯

ચાલિ

૧૬ ૧૭ ૧૮ ૧૯
મૃત્યુંજય વિષ–હરણ, જગ–તારણ ઈશાન,
૨૦ ૨૧ ૨૨ ૨૩
મહાદેવ મહાવ્રતધર, મહાઈશ્વર મહાજ્ઞાન;
૨૪ ૨૫ ૨૬ ૨૭
વિશ્વબીજ ધ્રુવધારક, પાલક પુરૂષ પુરાણ;
૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
બ્રહ્મ મન્યપતિ શુભમતિ, ચતુરાનન જગભાણ ૩૦

દુહા

૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯
ભદ્ર ભવ–અંતકર શત–આનંદ, કમન કવિ સાત્વિક પ્રીતિકંદ;
૪૦ ૪૧ ૪૨ ૪૩ ૪૪ ૪૫
જગપિતામહ મહાનંદ–દાયી, સ્થવિર પદ્મમાશ્રય પ્રભુ આમાયી ૩૧

ચાલિ

૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧
વિષ્ણુ જિષ્ણુ હરિ અચ્યુત, પુરૂષોત્તમ શ્રીકંત,
૫૨ ૫૩ ૫૪
વિશ્વંભર ધરણીધર, નરક તણો કરે અંત;
૫૫ ૫૬ ૫૭ ૫૮
ઋષી કેશવ બલિસૂદન ગોવર્ધન–ધર ધીર,
૫૯ ૬૦ ૬૧ ૬૨
વિશ્વરૂપ વનમાલી, જલશય પુણ્ય–શરીર. ૩૨

દુહા

૬૩ ૬૪ ૬૫ ૬૬ ૬૭ ૬૮ ૬૯
આર્ય શાસ્તા સુગત વીતરાગ, અભયદાતા તથાગત અનાગ(ત);
નામ ઇત્યાદિ અવદાત જાસ, તેહ પ્રભુ પ્રણમતાં દિએ ઉલ્લાસ. ૩૩

ચાલિ

નમસ્કાર અરિહંતને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્યને, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુરગતિવાસ
ભવક્ષય કરતાં રે સમરતાં, લહિએ સુકૃતિ અભ્યા.સ ૩૪

(૨) સિદ્ધ ગુણ વર્ણન

—(*)—

દુહા

આત્મગુણ સકલ સંપદ સમૃદ્ધ, કર્મક્ષય કરિ હુઆ જેહ સિદ્ધ;
તેહનું શરણ કીજે ઉદાર, પામીયે જેમ સંસાર પાર. ૩૫

ચાલિ

સમકિત આતમ સ્વચ્છતા, કેવલ જ્ઞાન અનંત,
કેવલ દર્શન વીર્ય તે, શકિત અનાહત તંત;
સૂક્ષ્મ અરૂપ અનંતની, અવગાહન જલ્યાં કાઠ,
અગુરૂ-લઘુ અવ્યાબાધ એ, પ્રગટયા શુચિ ગુણ આઠ. ૩૬

દુહા

સર્વ શત્રુ ક્ષયે સર્વ રોગ,-વિગમથી હોત સર્વાર્થ-યોગ;
સર્વ ઇચ્છા લહે હોએ જેહ, તેહથી સુખ અનંતો અછેહ. ૩૭

ચાલિ

સર્વ કાલ સપિંડિત, સિદ્ધ તણા સુખરાશિ,
અનંત વર્ગને ભાગે, માએ ન સર્વ આકાશ;
વ્યાબાધા-ક્ષય-સંગત, સુખ લવ કલ્પે રાશિ,
તેહનો એહ ન સમુદય, એહનો એક પ્રકાશ. ૩૮

દુહા

સર્વ કાલા કલણુંત વગ્ગ, ભયણુ આકાશ અણુમાણુ સગ્ગ;
શુદ્ધ સુહણું તણું તથ્થ દેશી, રાશિ ત્રિણે ભણું તે વિશેસી ૩૯

ચાલિ

કાલ ભેદ નહિ ભેદક, શિવ–સુખ એક વિશાલ,
જિમ ધન કોડિની સત્તા અનુભવતાં ત્રિહું કાલ;
કોડિ વરસનારે આજના, સિદ્ધમાં નહીં દોઈ ભાંતિ;
જાણે પણ ન કહે જિન, જિમ પુરગુણ ભિલ્લજાતિ. ૪૦

દુહા

જાણું તો પણ નગર ગુણ અનેક, ભીલની પાલમાંહિ ભીલ એક;
નવિ કહે વિગર ઉપમાન જેમ, કેવલી સિદ્ધ સુખ ઈત્થ તેમ. ૪૧

ચાલિ

અશ્વ વાહને કાંઈ ચાલ્યો રે, નરપતિ સુરપતિ રૂપ,
એક વિવેક વિરાજે એ, બીજે એ સાજ અનૂપ;
અશ્વે અપહૃત સૈન્ય તે, છોડી દેહી જાય,
પાલિને પરિસરિ મેલ્હી તે, એડી ઈક તરૂછાય. ૪૨

દુહા

એક તે ભીલ અવિનીત તુરગેં, કષ્ટ ઉપનીત છુહ તરસ લગેં;
મ્લાન મુખ દેખીએ ભીલ એકે, તેહુ પિણુ ચમકીઓ તાસ ટેકે ૪૩

ચાલિ

એક એકને દેખે રે, ન વિશેષ નિજ રૂપ,
એક સુવર્ણ અલંકૃત, એક તે કાજલ–કૂપ;

ટગમગ જોઇરે પશુ પરિ, ભાષા નવિ સમજાય;
અનુમાને જલ આણિએા, ભીલ લેઈ નૃપનેં પાય. ૪૪

દુહા

મધુર ફૂલ આણી નૃપને ચખાવે, ચિત્તને પ્રેમ પરિ પરિ સિખાવે,
બંધુ પિતૃ માતૃથી અધિક જાણ્યેા, ભીલ તે ભૂપતિ ચિત્ત આણ્યેા. ૪૫

ચાલિ

એતલેં આવી રે સેના, પગિં પગિં જોતી મગ્ગ,
ગર્જિત ગજ હેષીત હય, રથ પાદાતિક વગ્ગ;
વાજાં રે વાગા જીતિના, છાંટણાં કેસર ઘોલ,
એાછવરંગ વધામણાં, નવ નવ હુઆ રંગરોલ. ૪૬

દુહા

બંદિજન છંદરચૂં બિરૂદ બોલે, 'કોઈ નહીં તાહુ રે દેવ! તોલે;'
થેઈ થેઈ કરત નાચે તે નટુઆ, ગીત સંગીત સધ્યાન પટુઆ. ૪૭

ચાલિ

આગે ધરિઆ રે મોદક, મોદકરણ સુપ્રબંધ,
દિવ્ય ઉદક વલિ આણ્યાં, શીતલ સરસ સુગંધ;
નૃપ કહે ,ભીલ આરોગે, તે મુજ આવે ભોગ,
વેચાતો હું લીધેા, ઇણ અવસરે સંયેાગ.' ૪૮

દુહા

વસ્ત્ર અલંકાર તેહને પહિરાવ્યાં, મૂલગાં તૂચ્છ અંબર છેાડાવ્યાં;
દિવ્યતાંબૂલ-ભૃત મુખ તે સેાહે, વિજય ગજરાજ સાથિ આરેાહે. ૪૯

ચાલિ

કોઈ આરોહ્યા રે વારણ, ઢમકયાં ઢોલ નિશાણ,
નાદે અંબર ગાજે, સાજે સગલ મંડાણ;

નગર પ્રવેશ મહોચ્છવ, અચરિજ પામે રે ભીલ,
'જાણે હું સરગમાં આવિઓ, રાખી તેહજ ડીલ.' ૫૦

દુહા

દેખી પ્રાકાર આકાર હરખ્યો, નગરનો લોક સુરલોક પરખ્યો;
આપણ શ્રેણી બેઠા મહેભ્ય, માનિઆ સુગણ ગણરાજ સભ્ય. ૫૧

ચાલિ

પહરી રે પીત પટોલી, ઓલી કેશ પુનીત,
ભંભર ભોલી ટોલી, મિલિ મિલિ ગાવત ગીત;
દામિની પરિ ચમકંતી રે, કામિની દેખે સનૂર;
ભાલ તિલક મિસિ વિભ્રમ, જીવિત મદન અંકુર. ૫૨

દુહા

દેખીયા રાયરાણા સતે જેહ, ઋદ્ધિનો પાર નહિ હુઓ તેહ;
ભૂપ નિજ સદન પુહતો ઉલ્લાસ, ભીલને દિદ્ધ સન્મુખ અવાસ. ૫૩

ચાલિ

ભોજન શયન આચ્છાદન, ગંધ વિલેપન અંગ,
ખબર લીએ નૃપ તેહની, નવ નવ કેલવે રંગ;
આધે બોલે તે સવિ કરે, મનિ ધરે તેહ જે કાજ,
કચમિસ અપયશ તે ગણે, જે નવિ દીધું રાજ. ૫૪

દુહા

દિવસ સુખ માનમાં તાસ વીતા, કેતલા રંગ રમતાં વિચિંતા;
એકદા આવીઓ જલદ કાલ, પંથિજન–હૃદયમાં દેત ફાલ. ૫૫

ચાલિ

કૃત મુનિશમ પરિહારા, હારાવલી દિસ ભાગ,
પ્રકટિત મોર કિંગારા, વિરચિત દ્વારા રાગ;
વિરહણિ મન અંગારા, ધારાધર, જલધાર,
વરષત નિરખિત ઉપનો, તસ મનમાંહિ વિકાર. ૫૬

દુહા

સાંભર્યા દિવસ ગિરિ ભૂમિ ફિરતાં, દેખતાં ઠામ નીઝરણુ ઝરતાં;
સાંભલી મોર કિંગાર કરતાં, સુખ લહ્યાં નીપસ્યું સીસ ધરતાં. ૫૭

ચાલિ

જન્મભૂમિ તે સાંભરી, રોયો કરી પોકાર,
ધાઈ આવ્યો નૃપ કહે તે, 'તુઝને કવણ પ્રકાર?'
તે કહે 'જે તુમ્હે સુખ દીઆ, મુઝ હોએ દુઃખ પરિણામ,
બંધુ-વિરહ જો ટાલો, ફિરિ આવું તુમ્હ ઠામ.' ૫૮

દુહા

મોલ લેઈ મોકલે તેહ રાજા, બંધુ મિલિયા સુખ દિવાજા;
એકદા નગર વૃત્તાન્ત પૂછે, 'કહોને તે કેહવું તિહાં કિસ્યું છે?' ૫૯

ચાલિ

ઈહાંથી તિહાં ઋદ્ધિ બિમણી, ત્રિગુણી ચોગુણી મિત્ત,
તે કહે ઇંદુને બિંદુને વર્ણ-સગાઈ મિત્ત;
ઉપમા વિણ ન કહી શકે, જિમ તે પુરનો ભાવ,
તિમ જિન પણ ન દેખાવે, ઇહાં શિવ સુખ અનુભાવ. ૬૦

દુહા

તોહિ પણ અતિ નિરાબાધ સેઠ, સુખ અધિક વ્યંતરાદિક તે હેઠી;
જાણ સવ્વઠ (સર્વાર્થ) શિવ સુખથી જાણું, વીગરાગે કહ્યું તે પ્રમાણું. ૬૧

ચાલિ

સંપૂરણ સુરનર સુખ, કાલ ત્રય સંબદ્ધ,
અનંત ગુણ શિવ સુખ અંશ, અનંત વરગ નવિ લદ્ધ;
સિદ્ધ સરસુ સુખ સારિઆ, વિસ્તરિ નિજ ગુણતા સાર,
શીતલ ભાવ અતુલ વર્યા, જ્ઞાન ભર્યા ભંડાર. ૬૨

દુહા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
સિદ્ધ પ્રભુ બુદ્ધ પારગ પુરોગ, અમલ અકલંક અવ્યય અરોગ;
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
અજર અજ અમર અક્ષય અમાઈ, અનઘ અક્રિય અસાધન અયાઈ. ૬૩

ચાલિ

૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩
અનવલંબ અનુપાધિ અનાદ્દિ અસંગ અભંગ,
૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯
અવશ અગોગર અકરણ, અચલ અગેહ અનંગ;
૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫
અશ્રિત અજિત અજેય અમેય અભાર અપાર,
૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦
અપરંપર અજરંજર અરહ અલેખ અચાર. ૬૪

દુહા

૪૧ ૪૨ ૪૩ ૪૪ ૪૫ ૪૬ ૪૭ ૪૮
અભય અવિશેષ અવિભાગ અમિત, અકલ અસમાન અવિકલ્પ અકૃત;
૪૯ ૫૦ ૫૧ ૫૨ ૫૩ ૫૪ ૫૫
અદ્દર અવિધેય અનવર અખંડ, અગુરૂલઘુ અચ્યુતાશય અદંડ. ૬૫

ચાલિ

૫૬ ૫૭ ૫૮ ૫૯
પરમપુરૂષ પરમેશ્વર, પરમપ્રભાવ પ્રમાણુ,
૬૦ ૬૧ ૬૨ ૬૩
પરમજ્યોતિ પરમાતમ, પરમશક્તિ પરમાણુ;
૬૪ ૬૫ ૬૬ ૬૭
પરમબંધુ પરમોજ્જવલ, પરમવીર્ય પરમેશ,
૬૮ ૬૯ ૭૦ ૭૧
પરમોદય પરમાગમ, પરમ અવ્યક્ત અદ્વેશ. ૬૧

દુહા

૭૨ ૭૩ ૭૪ ૭૫ ૭૬ ૭૭
જગમુગુટ જગતગુરૂ જગતતાત, જગતિલકુ જગતમણિ જગતભ્રાત;
૭૮ ૭૯ ૮૦ ૮૧ ૮૨ ૮૩
જગશરણ જગકરણ જગતનેતા, જગભરણ શુભવરણ જગતજેતા. ૬૭

ચાલિ

૮૪ ૮૫ ૮૬ ૮૭ ૮૮ ૮૯
શાંત સદાશિવ નિર્વૃત, મુક્ત મહોદય ધીર,
૯૦ ૯૧ ૯૨ ૯૩
કેવલ અમૃત-કલાનિધિ, કર્મરહિત ભવતીર;
૯૪ ૯૫ ૯૬
પ્રણવબીજ પ્રણવોત્તર, પ્રણવશક્તિ શૃંગાર,
૯૭ ૯૮ ૯૯ ૧૦૦
પ્રણવગર્ભ પ્રણવાંકિત, યક્ષપુરૂષઆધાર. ૬૮

દુહા

૧૦૧ ૧૦૨ ૧૦૩ ૧૦૪
દર્શનાતીત દર્શન-પ્રવર્તી, નિત્યદર્શન અદર્શન-નિવર્તી;

૧૦૫ ૧૦૬ ૧૦૭ ૧૦૮
બહુનમન નમ્ય જગનત અનામ, સિદ્ધના હુંતિ ઇત્યાદિ નામ. ૬૯

ચાલિ

નમસ્કાર તે સિદ્ધને વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તે કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવી હુએ, નવિ હુએ દુરગતિવાસ;
ભવક્ષય કરતાં રે સમરતાં, લહિયે સુકૃત ઉલ્લાસ. ૭૦

---

(૩) આચાર્ય ગુણ વર્ણન

—(*)—

દુહા

પદ તૃતીયે તે આચાર્ય નમીએ, પૂર્વ સંચિત સકલ પાપ ગમિએ;
શાસનાધાર શાસન ઉલ્લાસી, શ્રુતબલે તેહ સકલ પ્રકાશી. ૭૧

ચાલિ

કહિયે મુગતિ પધાર્યા રે, જિનવર દાખી પંથ,
ધરેરે આચાર્ય આર્યનીતિ પ્રવચન નિર્ગ્રંથ;
મૂરખ શિષ્યને શિખવી, પંડિત કરેરે પ્રધાન,
એ અચરિજ પાષાણે, પલ્લવ ઉદય સમાન. ૭૨

દુહા

ભાવ આચાર્ય ગુણ અતિ પ્રભૂત, ચક્ષુ આલંબન મેઢિભૂત;
તે કહ્યો સૂત્રે જિનરાય સરિખો, તેહની આણ મત કોઈ ધરખો. ૭૩

ચાલિ

સુબહુશ્રુત કૃતકર્મા, ધર્માધાર શરીર,
નિજ પર સમય ધારી, ગુણધારી વ્રતધીર;

કુત્તિયા વણ સમ એહવા, આચારય ગુણ વદ્ય,
તે આરાધ્યે આરાધ્યા, જિન વલિ અનિંદ્ય. ૭૪

દુહા

ચઉદ પડિરૂવ પમુહા ઉદાર, ખંતિ પમુહા વિશદ દસ પ્રકાર;
બાર ગુણ ભાવનાના અનેરા, પદ છત્રિસ ગુણ સૂરિ કેરા. ૭૫

ચાલિ

પ્રતિરૂપ તેજે સુરૂપી, તેજસ્વી બહુ તેજ,
યુગપ્રધાન તતકાલઈ, વર્તના સૂત્રસ્યૂં હેજ;
મધુર-વાકય[1] મધુભાષી, તુચ્છ નહીં ગંભીર,
ધૃતિમંત તે સંતોષી, ઉપદેશક શ્રુતધીર. ૭૬

દુહા

નવિ ઝરે મર્મ તે અપરિશ્રાવી, સૌમ્ય સંગ્રહ કરે યુક્તિ ભાવી;
અકલ અવિકત્થ ને અચલશાંત, ચૌદ ગુણ એ ધરે સૂરિ દાંત. ૭૭

ચાલિ

ધર્મ ભાવના વિશ્રુત, ઇમ છત્રીસ છત્રીસ,
ગુણ ધારે આચારય, તેહ નમું નિસદીસ;
આચારય આણા વિણ, ન ફલે વિદ્યામંત,
આચારય ઉપદેસે, સિદ્ધિ લહીજે તંત. ૭૮

દુહા

દ્રહ હુએ પૂર્ણ જો વિમલ નીરે, તો રહે મચ્છ તિહાં સુખ શરીરે,
એમ આચાર્ય ગણમાંહિ સાધ, ભાવ-આચાર અંગિ અગાધ.... ૭૯

---

૧ મધુર-ભાષ્ય

આણુ કુણની રે પાલીયે, વિણ આચારય ટેક, ?
કારણિ ત્રિક પણિ જિહાં હુએ, તિહાં આચારય એક;
શ્રુત–પડિવત્તીમાં પણિ, આચારય સમરત્થ,
જિન પણિ આચારય હુએ, તવ દાખે શ્રુત–અત્થ. ૮૦

દુહા

૧ ૨ ૩ ૪ ૫ ૬
સૂરિ ગણધર ગણી ગચ્છધારી, સુગુરૂ ગણિ–પિટક–ઉદ્યોતકારી;
૭ ૮ ૯ ૧૦ ૧૧
અત્થધર સત્થધર સદ્દનુયોગી, શુદ્ધ અનુયોગકર ×જ્ઞાન ભોગી. ૮૧

ચાલિ

૧૨ ૧૩ ૧૪
અનૂચાન પ્રવચનધર, આણા ઈસિર દેવ,
૧૫ ૧૬ ૧૭ ૧૮
ભટ્ટારક ભગવાન મહામુનિ મુનિ–કૃત–સેવ,
૧૯ ૨૦ ૨૧ ૨૨
ગચ્છ–ભારધર સદ્દગુરૂ, ગુરૂગણુ–યુક્ત અધીશ,
૨૩ ૨૪ ૨૫ ૨૬
ગુણી વિદ્યાધર શ્રતધર, શુભ આશ્રય જગીશ. ૮૨

દુહા

નામ ઇત્યાદિ જસ દિવ્ય છાજે, દેશના દેત ઘન ગુહિર ગાજે;
જેહથી પામીયે અચલ ધામ, તેહ આચાર્યને કરૂં પ્રણામ. ૮૩

× ધ્યાન.

ચાલિ

આચારય નમુક્કારે, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃત-પુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્ત્ત ધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુરગતિ-વાસ,
ભવ-ક્ષય કરતાં રે સમરતાં, લહિયે સુકૃત-ઉલ્લાસ. ૮૪

(૪) ઉપાધ્યાય ગુણવર્ણન

—(*)—

દુહા

પદ ચઉત્થે તે ઉવજ્ઝાય નમિએ, પૂર્વ સંચિત સકલ પાપ ગમિએ;
જેહ આચાર્ય પદ યોગ્ય ધીર, સુગુરૂગુણ ગાજતા અતિ ગંભીર. ૮૫

ચાલિ

અંગ ઈગ્યાર ઉદાર, અરથ શુચિ ગંગ-તરંગ,
વાર્ત્તિક વૃત્તિ અધ્યયન, અધ્યાપત બાર ઉપાંગ;
ગુણ પચવીસ અલંકૃત, સુકૃત પરમ રમણીક,
શ્રી ઉવજ્ઝાય નમીજે, સૂત્ર ભણાવે ઠીક. ૮૬

દુહા

સૂત્ર ભણીએ સાંભર જેહ પાસે, તે ઉપાધ્યાય જે અર્થ ભાષે;
તેહ આચાર્ય એ ભેદ લહીએ, દોઈમાં અધિક અંતર ન કહીએ. ૮૭

ચાલિ

સંગ્રહ કરત ઉપગ્રહ, નિજ વિષયે શિવ જાય,
ભવ ત્રીજે ઉત્કર્ષથી, આચારય ઉવજ્ઝાય;
એક વચન ઈહાં ભાખ્યો, ભગવઈ-વૃત્તિ લેઈ,
એકજ-ધર્મી નિશ્ચય, વ્યવહારે દોઈ ભેઈ. ૮૮

દુહા

સૂરિ ઉવજ્ઝાય મુનિ ભાવિ અપ્પા, ગુણથકી ભિન્ન નહીં જે મહપ્પા;
નિશ્ચયે ઇમ વઢે સિદ્ધસેન, થાપના તેહ વ્યવહાર દૈન. ૮૯

ચાલિ

વૃત્તિ સુત્ત ઉવઓગે, કરણ નઇં અત્થિં સદ્દ,
જ્ઝાયતિ ઝાણે પૂરે, આતમ–નાણની હદ્દ;
પણિ નિરૂત્તિં ઉવજ્ઝાય, પ્રાકૃત વાણિ પ્રસિદ્ધ,
આવશ્યક નિર્યુકતેં, ભાખ્યો અર્થ સમૃદ્ધ. ૯૦

દુહા

ભાવ અધ્યયન અજ્ઝયણ એણે,
ભાવ–ઉવજ્ઝાય તિમ તત્ત્વ વયણે;
જેમ શ્રુત–કેવલી સયલ નાણેં,
વ્યવહૂતેં નિશ્ચયેં અપ્પ–જ્ઝાણે. ૯૧

ચાલિ

સંપૂરણ શ્રુત જાણે, શ્રત–કેવલી વ્યવહાર,
ગુણદ્વારાએ આતમ,–દ્રવ્યનો જ્ઞાન પ્રકાર;
શ્રુતથી આતમા જાણે, કેવલ નિશ્ચય સાર,
શ્રુત–કેવલી પરકાશે, તિહાં નહીં ભેદ વયાર. ૯૨

દુહા

જોડીએ જબહી તે તે ઉપાધેં, તબહી ચિન્માત્ર કેવલ સમાધેં;
તેહ ઉવજ્ઝાય પદને વિચારે, તેહ ઇક દીપ છે જગમઝારે. ૯૩

ચાલિ

૧ ૨ ૩ ૪ ૫
ઉપાધ્યાય વરવાચક, પાઠક સાધક સિદ્ધ,

૬ ૭ ૮ ૯ ૧૦
કરગ ઝરગ અધ્યાપક કૃતકર્મા શ્રતવૃદ્ધ;
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
શિક્ષક દિક્ષક થવિર, ચિરંતન રત્ન વિશાલ,
૧૬ ૧૭ ૧૮ ૧૯
મોહજયા પારિચ્છક, જિત પરિશ્રમ વૃતમાલ. ૯૪

દુહા

૨૦ ૨૧ ૨૨ ૨૩
સામ્યધારી વિદિત–પદ–વિભાગ, કુત્તિયાવણ વિગત–દ્વેષ–રાગ;
૨૪ ૨૫ ૨૬ ૨૭
અપ્રમાદી સદા નિર્વિષાદી, અદ્વયાનંદ આતમ–પ્રવાદી. ૯૫

ચાલિ

નામ અનેક વિવેક, વિશારદ પારદ પુણ્ય,
પરમેશ્વર–આજ્ઞાયુત, ગુણ સુવિશુદ્ધ અગણ્ય;
નમિએ શાસન–ભાસન,–પતિ પાવન ઉવજ્ઝાય,
નામ જપતાં જેહનું, નવ વિધિ મંગલ થાય. ૯૬

દુહા

નિત્ય ઉવજ્ઝાયનું ધ્યાન ધરતાં, પામીએ સુખ નિજ ચિત્ત ગમતાં;
હૃદય દુર્ધ્યાન વ્યંતર ન બાધે, કોઇ વિરૂઓ ન વયરી વિરાધે. ૯૭

ચાલિ

નમસ્કાર ઉવજ્ઝાયને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃત્યપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્ત ધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુરગતિ–વાસ,
ભવક્ષય કરતાં સમરતાં, લહિએ સુકૃત–ઉલ્લાસ. ૯૮

(૫) સાધુ ગુણ વર્ણન.

દુહા

શિવ પદાલંભ સમરત્થ બાહુ, જેહ છે લોકમાં સવ્વ સાહૂ;
પ્રેમથી તેહનુ શરણ કીજે, ભેદ નવિ ચિત્ર રીતે ગણીજે. ૯૯

ચાલિ

કર્મ ભૂમિ પન્નર વર, ભરતૈરવત વિદેહુ,
ક્ષેત્રમાં પંકજ નેત્ર જે, સાધુ અમાય નિરેહુ;
એક પૂજે સવિ પૂજીઆ, નિંદિયા નિંદ્યે એક,
સમગુણ ઠાણાં રે નાણી, એ પદ સર્વ વિવેક. ૧૦૦

દુહા

લોક–સન્ના વમી ધર્મ ધારે, મુનિ અલૌકિક સદ્ધા દસ પ્રકારે,
લાભ અણલાભ માનાપમાન, લેણવે લોષ્ટુ કાંચન સમાન. ૧૦૧

ચાલિ

અંતી અન્નવ રહવ. મુત્તી પણ તસ મર્મ,
તે ઉવયાર વયાર વિવાગ વચન વલિ ધર્મ;
લૌકિક ત્રિણ્ય લોકોત્તર, બે છઈ તે તસ હોઈ,
છઠ્ઠુ ગુણ ઠાણું ભવ અટવી લંઘન જોઈ. ૧૦૨

દુહા

તપ નિયાણે રહિત તસ અખેદ, શુદ્ધ સંયમ ધરે સત્તર ભેદ;
પંચ આશ્રવ કરણ ચઉ કષાય, દંડ–ત્રિક–વર્જને શિવ ઉપાય ૧૦૩

ચાલિ

ગુરૂ સૂત્રાનુજ્ઞાએ, હિત મિત ભાષણ સત્ય,
પાયચ્છિત–જલે મલગાલન શોચવિ ચિત્ત;

પંખી ઉપમાએ ધર્મોપકરણ જેહ ધરંત,
તેહ અકિંચન ભાવ છે, તેણિ મુનિરાય મહંત. ૧૦૪

દુહા

બંભમણુ વિત્તિતાણુ ફરિસરૂવ સદ્દમણુ ત્યજ ઉપ વિચાર કૂવ;
બંભમણુ વિત્તિ બંભે જે ભાખી, તે ક્ષયોપશમ ગતિસૂત્ર દાખી. ૧૦૫

ચાલિ

બ્રહ્મચારીએ બ્રહ્મ, કહ્યો સધળો આચાર,
તિહાં મનવૃત્તિ પ્રતિજ્ઞા, ક્ષય ઉપશમ વિસ્તાર;
તે વિણુ બંભ અણુત્તર, સુરને નવિ હુએ તંત,
મન વિરોધ પણ શુદ્ધ તે, બંભ કહે ભગવંત ૧૦૬

દુહા

એમ દસ ધર્મ પાલે વિચિત્ર, મૂલ ઉત્તર ગુણે મુનિ પવિત્ર;
ભ્રમર પરિગોચરી કરીય ભૂંજે, શુદ્ધ સજ્ઝાય અહનિશિ પ્રયુંજે. ૧૦૭

ચાલિ

કલેષ-નાશિની દેશના, દેત ગણે ન પ્રયાસ,
અસંદીન જિમ દ્વીપ તથા, ભવિજન આશ્વાસ;
તરણુ તારણ કરૂણાપર, જંગમ તીરથ સાર,
ધન ધન સાધુ સુહંકર, ગુણમહિમા-ભંડાર, ૧૦૮

દુહા

સમઅનાબાધ સુખના ગવેષી, ધર્મમાં થિર હૃદય-હિત-ઉલ્લેખી;
એહવા મુનિનું ઉપમાન નાહિ, દૈત્ય નર સુર સહિત લોક માંહિ.૧૦૯

ચાલિ

ષટ વ્રત કાય છ રક્ષક, નિગ્રહે ઇંદ્રિય-લોભ,
ખંતિ ભાવ-વિસોહી, પડિલેહણ થિર શોભ;

અશુભ રોધ શુભ યોગ,–કરણ તપ–શુદ્ધિ જગીશ;
સીતાદિક મરણાંતિક સહે ગુણ સત્તાવીશ. ૧૧૦

દુહા

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
મુનિ મહાનંદ અર્થી સન્યાસી, ભિક્ષુ નિર્ગ્રંથ આતમ–ઉપાસી;
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
મુક્ત માહણ મહાત્મા મહેશી, દાન્ત અવધૂત નિતિ શુદ્ધ–લેશી. ૧૧૧

ચાલિ

૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
શાન્ત વહક વર અશરણ–શરણ મહાવ્રત–ધાર,
૨૦ ૨૧ ૨૨
પાખંડી–અર્થ–ખંડી, દંડવિરત અણગાર;
૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮
લૂહ અભય તીરાર્થી, પૂર્ણ મહોદય કામ,
૨૯ ૩૦ ૩૧ ૩૨
અબુદ્ધ–જાગરિકા જાગર, શુદ્ધ અધ્યાતમ–ધામ. ૧૧૨

દુહા

૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭
જ્યેષ્ઠ સુત જન તણો ઉર્ધ્વ રેતા, ઉન્મની ભાવ–વાવક પ્રચેતા;
૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨ ૪૩
અનુભવી તારક જ્ઞાનવંત, જ્ઞાન–યોગી મહાશય ભદંત. ૧૧૩

ચાલિ

૪૪ ૪૫ ૪૬ ૪૭
તત્ત્વજ્ઞાની વાચંયમ, ગુપ્તેંદ્રિય મંન ગુપ્ત,

૪૮ ૪૯ ૫૦ ૫૧ ૫૨ ૫૩
મોહજયી ઋષિ શિક્ષિત, દીક્ષિત કામ અલુપ્ત;

૫૪ ૫૫ ૫૬ ૫૭ ૫૮ ૫૯
ગોપ્તા ગોપતિ ગોપ, અગોપ્ય અકિંચન ધીર,

૬૦ ૬૧ ૬૨
સર્વ-સહ સમતા-મય, નિઃપ્રતિકર્મ શરીર. ૧૧૪

દુહા

૬૩ ૬૪ ૬૫ ૬૬ ૬૭ ૬૮ ૬૯
શ્રમણ કૃતિ-દ્રવ્ય પંડિત પુરોગ, અગર અવિષાનનુષ્ઠાન રોગ;

૭૦ ૭૧ ૭૨ ૭૩ ૭૪ ૭૫
અમૃત તધ્ધેતુ ક્રિયા-વિલાસી, વચન ધર્મ-ક્ષમા શુભ-અભ્યાસી. ૧૧૫

ચાલિ

૭૫ ૭૬ ૭૭ ૭૮
શુકલ શુકલ અભિજાત્ય; અનુત્તર ઉત્તર શર્મ,

૭૯ ૮૦ ૮૧ ૮૨ ૮૩ ૮૪
મગ્ન અતંત્ર અતંદ્રિય, મુદ્રિત કરણ અકર્મ;

૮૫ ૮૬ ૮૭ ૮૮
દીર્ણ માત-સંતીર્ણ, સમાન તે સંજ્ય પ્રધાન,

૮૯ ૯૦
પ્રતિસંજ્યાન-વિચક્ષણ, પ્રત્યાજ્યાન-વિધાન. ૧૧૬

દુહા

નામ ઇત્યાદિ મહિમા-સમુદ્ર, સાધુ અકલંકના છે અમુદ્ર;
સર્વ લોકે જિકે બ્રહ્મચારી, તેહને પ્રણમિએ ગુણ સંભારી. ૧૧૭

ચાલ

નમસ્કાર અણુગારને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્ત્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિ વાસ,
ભવખય કરતાં રે સમરતાં, લહિએ સુકૃત–અભ્યાસ. ૧૧૮

દુહા

પંચ નવકાર એ સુપ્રકાશ, એહથી હોએ સવિ પાપ નાશ;
સકલ મંગલ તણું એહ મૂલ, સુજસ વિદ્યા વિવેકાનુકૂલ. ૧૧૯

નવકાર મંત્રનો મહિમા

—(*)—

ચાલ

શ્રી નવકાર સમો જગિ, મંત્ર ન યંત્ર ન અન્ય
વિદ્યા નવિ ઔષધ નવિ, એહ જપે તે ધન્ય;
કષ્ટ ટલ્યાં બહુ એહને, જપે તૂરત સિદ્ધ,
એહના બીજની વિદ્યા, નમિ વિનમીને સિદ્ધ. ૧૨૦

દુહા

સિદ્ધ ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય, તિમજ નવકાર એ ભણે ભવ્ય;
સર્વ શ્રુતમાં વડો એ પ્રમાણ્યો, મહાનિસીથે ભલિ પરિ વખાણ્યો. ૧૨૧

ચાલ

ગિરિ માંહિ જિમ સુરગિરિ, તરૂમાંહિ જિમ સુરસાલ,
સાર સુગંધમાં ચંદન, નંદન વનમાં વિશાલ;
મૃગમાં મૃગપતિ ખગપતિ, ખગમાં તારા ચંદ્ર,
ગંગ નદીમાં અનંગ સરૂપમાં દેવમાં ઇંદ્ર. ૧૨૨

દુહા

જિમ સ્વયંભૂ રમણ ઉદધિમાંહિ,
શ્રી રમણ જિમ સકલ સુભટમાંહિ;
જિમ અધિક નાગ માંહિ નાગરાજ, શબ્દમાં જલદગંભીર ગાજ. ૧૨૩

ચાલિ

રણમાંહિ જિમ ઇકખુરસ, કુલમાં જિમ અરવિંદ
ઔષધ માંહિ સુધા વસુધા-ધવમાં રઘુનંદ;
સત્યવાદીમાં યુધિષ્ઠિર, ધીરમાં ધ્રુવ અવિકંપ,
મંગલમાંહિ જિમ ધર્મ, પરિચ્છદ સુખમાં સંપ. ૧૨૪

દુહા

ધર્મમાંહિ દયાધર્મ મોટો, બ્રહ્મવ્રત માંહિ વજ્જર-કછોટો;
દાનમાંહિ અભયદાન રૂડું, તપ માંહિ જે કહેવું ન કુડું. ૧૨૫

ચાલિ

રતનમાંહિ સારો હિરો, નીરોગી નરમાંહિ,
શીતલ માંહિ ઉસીરો, ધીરો વ્રત-ધરમાંહિ;
તિમ સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર,
કહ્યા ન જાયે રે એહના, જેહ છે બહુ ઉપકાર. ૧૨૬

દુહા

ભજે એ સાર નવકાર મંત્ર, જે અવર મંત્ર સેવે સ્વતંત્ર;
કર્મ પ્રતિકૂલ બહૂલ સેવે, તેહ સુરતરૂ ત્યજી આપટેવે. ૧૨૭

ચાલિ

એહને બીજે રે વાસિત, હોયે ઉપાસિત મંત,
બીજો પણિ ફલ દાયક, નાયક છે એ તંત;

અમૃત ઉદધિ કુસારા, સારા હરત વિકાર,
વિષના તે ગુણ અમૃતનો, પવનનો નહીં રે લગાર. ૧૨૮

દુહા

જેહ નિર્બીજ તે મંત્ર જૂઠા, ફલે નહીં સાંહમૂં હુઈ અપુઠા;
જેહ મહામંત્ર નવકાર સાધે, તેહ દોઅ લોક અલવે આરાધે. ૧૨૯

ચાલિ

રતન તણી જિમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ,
ચૌદ પૂરવનું સાર છે, મંત્ર એ તેહને તુલ્લ;
સકલ સમય અભ્યંતર, એ પદ પંચ પ્રમાણ,
મહસુઅ–ખંધ તે જાણો, ચૂલા સહિત સુજાણ. ૧૩૦

દુહા

પંચ પરમેષ્ઠિ ગુણ ગણ પ્રતીતા, જિન ચિદાનંદ મોજે ઉદીતા;
શ્રી યશોવિજય વાચક પ્રણીતા, તેહ એ સાર પરમેષ્ટિગીતા. ૧૩૧

ઇતિ શ્રી પંચ પરમેષ્ઠિ ગુણ વર્ણન ગીતા સમાપ્તા

શ્રી જંબૂસ્વામિ બ્રહ્મગીતા

(સંવત્ ૧૭૩૮ માં ખંભાતમાં રચેલી)

દુહા

સમરીયે સરસતી વિશ્વમાતા, હોએ કવિરાજ જસ બ્યાન બ્યાતા;
કરિયે રસ રંગભરિ બ્રહ્મગીતા, વરણુવું જંબૂ ગુણ જગવદીતા. ૧

રાગ ફાગ

બ્રહ્મચારી સિરસેહરો, બ્રહ્મ મનોહર જ્ઞાન,
બ્રહ્મવ્રતી માંહિ સુંદર, બ્રહ્મ ધુરંધર બ્યાન,
મોહ-અબ્રહ્મ-નિવારણ, તારણતરણ જિહાજ,
જંબૂ કુમર ગુણ થુણતાં, જનમ કૃતારથ આજ. ૨

દુહા

હોઈ જસ વદનિં શત સહસ જીહા,
આઉખુ વળી અસંખ્યાત દીહા;
તાસ પણિ જંબૂ મુનિ સુગુણ ગાતાં,
પાર નાવે સદા બ્યાન બ્યાતાં. ૩

ફાગ

શીલ સલીલ જે પાલે, વાલે ચંચલ ચિત્ત,
આપ-શક્તિ અજુઆલે, ત્રિહું કાલે સુપવિત્ત;
પાપ પખાલે ટાલે, મોહ મહામદપૂર.
બ્રહ્મરૂપ સંભાલે, તે નિજ સહજ સનૂર. ૪

દુહા

એહવા જંબૂ મુનિ પુરૂષસિંહ, જેહની કોય લોપે ન લીહ;
ભવ તર્યા શીલ સમ્યક્ત્વ–તુંબે, ઋી–નદી માંહિ તે કિમ વિલમ્બે ? ૫

ફાગ

સોયમ વયણે જાગી, વયરાગી સિરદાર,
સોભાગી વડભાગી, માગી અનુમતિ સાર;
માત પિતા પ્રતિબૂઝવે, આઠ કન્યા ઉપરોધ,
કરણી પરણી તરૂણી, જીપે મન્મથયોધ. ૬

દુહા

આઠ મદની મહા રાજધાની, આઠ એ મોહ માયા નિશાની;
જગવશીકરણની દિવ્ય વિદ્યા, કામિની જયપતાકા અનિંદ્યા. ૭

ફાગ

મુખ મટકે જગ મોહે, લટકે લોયણ ચંગ,
નવ યૌવન સોવન વન, ભૂષણ ભૂષિત અંગ;
શૃંગારે નવિ માતી, રાતી રંગ અનંગ,
અલબેલી ગુણવેલી, ચતુર સહેલી સંગ. ૮

દુહા

જેહને દેખી રવિ ચંદ થંભે, થંભ હરિ હર અચંભે વિલંભે;
કવણનું ધૈર્ય રહે તેહ આગે ? જંબૂની ટેક જગિ એક જાગે. ૯

ફાગ

આઠ તે ભૂમિ ભયંકર શંકર, કર જિત લેઈ કામ,
શ્રમ કરિ સીખીને સજ થયેા, ફિરિ જગિ જય-પરિણામ;
સર્વ મંગલાલિંગિત, દેખી જંબૂ કુમાર,
બૂઝે બૂઝે પંડિત, તિહાં જય ભંગ પ્રકાર. ૧૦

દુહા

ચાપ જે મયણુ કરિ બાણુ ન્હાખે,
જંબૂ વર ધૈર્ય સન્નાહ રાખે;
ચાપ દુઈ ખંડ હુએા ભમુહ ઠામે,
ધૈર્ય પૂજા કુસુમ જંબૂ પામે. ૧૧

ફાગ

એણી નયનાની વેણી લેઈ ધાયેા તરવારિ,
તે તિહાં થંભી દંભી, સઘલે પામી હારિ;
કાંનિ ઝાલ ઝબૂકે તે, તેાલી રહ્યો માનુ ચક્ર,
તેહ સુદર્શન ધારીસ્યું, પણિ ન હુવે વક્ર.

દુહા

નાકિ મેાતી તેં બંધૂક બાકિ,
ગેાલિકા તે રહ્યો માનું તાકિ;
છૂટિ કરિ જંબૂ ધૈર્ય નાહિ લેાપે,
રહે ઢલતી તે આભરણ રૂપે. ૧૩

ફાગ

દિવ્ય શસ્ત્ર હિવે ફેારવે, જોર માયા અંધકાર,
જેહ માંહિ બંભ પુરંદરનેા, પણિ નાહિ કેાઈ ચાર;

તત્ત્વ વિચાર ઉદ્યોતને, શસ્ત્રે તે જંબૂકુમાર,
મોહ શક્તિ કરિ સંવરી, પામ્યા જગિ જયકાર. ૧૪

દુહા

જાણીયે કામ ઉત્પત્તિ મૂલ, થાઈ સંકલ્પથી તે ત્રિશૂલ;
જ્ઞાન ધરી જો ન સંકલ્પ કીજે, ઊપજે કામ કહો કૂણ બીજે? ૧૫

ફાગ

હુઓ અનંગ તેસાર રે, જોતો ધરતો અંગ,
બાણ કર્ણ તાઈ તાણીને, નાંખત હોત અભંગ;
'થોથાં કૂટયે શ્યું હોઈ? જો તૂં ચિત્ત વિકાર,
કાંટે કાંટો કાઢસ્યું ચિત્ત ધરી બ્રહ્મ વિચાર.' ૧૬

દુહા

ભાવના ઈમ ક્ષમાદિક પ્રપંચી, શસ્ત્ર લીધાં સકલ તાસ ખંચી;
તેણિ ન બલે તે નાઠા કષાય, પડિ અવેલાયે કુણ હોઈ સહાય? ૧૭

ફાગ

"તૂં જાણે જિત કાશી, જગવાસી કીયા જેર,
પણિ જિન ભાણની આણમાં, વર્તંતો હું છું સેર;'
'અમ્હ સાહમિણી શીતાદિક, અબલાથી પણિ ભગ્ગ,
મુઝસ્યું ઝૂઝસ્યો કિણિપરે?' ઈમ કહિ નાઠો તે નગ્ગ. ૧૮

દુહા

સજ્જ થાતી હુંતિ મદન ફોજ, આઠ કન્યા કથા સુણત મોજ;
જંબૂની અડકથાયે તે ભાજે, જંબૂ જીતે ને કંદર્પ લાજે. ૧૯

ફાગ

આઠ તે કામિની ઓરડી, ગોરડી ચોરડી ચિત્ત,
મોરડી પરિ મદિં માચતી, નાચતી રાચતી ગીત;

દીઠિં ગલાબઈ છોરડી, બોરડી પાકી જેમ,
જંબૂ કુમાર તે લેખવે, કોરડી દોરડી તેમ. ૨૦

દુહા

વિશ્વ વશીકરણથી જેહ સબલા, તેહનો નામ કિસિં હોઈ અબલા?
નામ માલા તણી મામ રાખી, જંબૂ ધૈર્ય તણા સકલ સાખી. ૨૧

ફાગ

આઠ કન્યાને આપે, તે જનની જનક સમેત,
ચોરી કરવા આવ્યા, તે ચોર ને પ્રભવ સહેત;
એ સવિ દિક્ષા આદરી, વિચરે ઉગ્ર વિહાર,
જંબૂ તે ચઉદ પૂર્વધર, હુઆ સોહમ-પટ્ટધાર. ૨૨

દુહા

વર્ષ અતિક્રમે અનુત્તર વિમાની, સુર અધિક સુખ લહે બ્રહ્મજ્ઞાની;
તે હુઆ શુકલ શુકલાભિજાતિ, આત્મરતિં આત્મધૃતિ કર્મઘાતી. ૨૩

ફાગ

બ્રહ્મરૂપ નિરૂપાધિક, આત્મજ્ઞાન તે યોગ,
ઇન્દ્રજાલ સમ સઘલા, પુદ્ગલના સંયોગ;
ઉપાદાન પુદ્ગલથી, પુદ્ગલ ઉપચય હોઈ,
કર્તા નહિ તિહાં આતમા, નિશ્ચય સાખી સોઈ. ૨૪

દુહા

એહ અધ્યાત્મ તે મોક્ષ પંથ, એહમાં જે રહ્યા તે નિર્ગ્રંથ;
એહ અંતકરણે હોઈ શુદ્ધિ બીજે, વિહિત કિરિયા તે તસ હેતિં કીજે. ૨૫

ફાગ

નય દોઈ યુકિત જોતાં, કિરિયા જ્ઞાનની વ્યકિત,
સાધન ફલતાં દોઈમાં, દો સાધન શકિત;

આણા વિણા આચાર માંહિ, આણે અનાચાર,
જંબૂ પ્રતે ઇમ સોહમ, કહે અંગ આચાર. ૨૬

દુહા

જ્ઞાન ક્રિયા તણા ઇમ અભ્યાસી, હુઈ ચિદાનન્દ લીલા વિલાસી;
સ્થાન વર્ણાર્થ આલમ્બ અન્ય, યોગ પાંચે હુઆ જંબૂ ધન્ય. ૨૭

વેલિ

ઇચ્છા પ્રવૃત્તિને થિર વલી સિદ્ધિ એ ભેદ છે ચાર,
પ્રીતિ ભક્તિ ને વચન અસંગ તિહાં સુવિચાર;
સકલ યોગ એ સેવી પામી કેવલ-નાણ,
મુગતે પુહતા તેહનું, નામ જપે સુવિહાણ. ૨૮

દુહા

ખંભ નગરે થુણ્યા ચિત્તિ હર્ષે,
જંબૂ વસુ ભુવન મુનિ ચંદ વર્ષે;
શ્રી નયવિજય બુધ સુગુરૂ સીસ,
કહે અધિક પૂરયો મન જગીસ ૨૯

ઇતિ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત
શ્રી જંબૂ સ્વામિ બ્રહ્મગીતા સમાપ્તા.

સમ્યકત્વનાં ષટ્સ્થાન-સ્વરૂપની ચોપાઇ

દુહા

વીતરાગ પ્રણમી કરી, સમદ્દી સરસતિ માત;
કહિશું ભવિ-હિત-કારણે, સમક્તિના અવદાત. ૧
દર્શન મોહ વિનાશથી, જે નિરમલ ગુણઠાણ;
તે સમક્તિ તસુ જાણિયે. સંખેપે ષટ ઠાણ. ૨

ગાથા

अत्थि जीओ तह णिच्चो, कत्ता भुत्ता य पुण्णपावाणं ।
अत्थि धुवं निव्वाणं, तस्सोवाओ अ छ ठाणा ॥ ३

ચોપાઇ

સમક્તિ થાનકથી વિપરીત, મિથ્યાવાદી અતિ અવિનીત;
તેહના બોલ [૧] સવે જૂજૂઆ, જિહાં જોઇયે તિહાં ઉંડા કૂઆ ૪

નાસ્તિકવાદ

પહિલો નાસ્તિક ભાખે શૂન્ન, જીવ શરીરથકી નહીં ભિન્ન;
×મદ્ય અંગથી મદિરા જેમ, પંચ ભૂતથી ચેતન તેમ. ૫

---

૧ ભાવ.

× यथा मद्यांगेन मदशक्ति रुत्पद्यते तथा पृथिव्यपतेजोवाय्याकाशानां पंचभूतानां एकत्रमिलने चेतना नाम कश्चन पदार्थः समुत्पद्यते । तथा पंचभूत-विलये तस्यापि विलयः इति नास्तिकानां मतः ॥

માંખણ ઘૃત જિમ તિલથી તેલ, અગનિ અરણિથી તરૂથી વેલ;
જિમ પડિઓર થકી તરવાર, અલગો તો દાખ્યો ઈણિવાર. ૬

જિમ =જલથી પંપોટા થાય, ઊફણતાં તેહ માંહે સમાય;
થભાદિક જિમ ક્ષિતિ પરિણામ, તિમ ચેતન તનુગુણ વિશ્રામ ૭

×નહિ પરલોક ન પુણ્ય ન પાપ, =પામ્યું તે સુખ વિલસો આપ;
વૃક પદની પરે ભય દાખવે, કપટી તપ જપની મતિ ઠવે. ૮

એહવા પાપી ભાખે આલ, બાંધે કરમતણાં બહુ જાલ;
આતમ સત્તા તેહને હવે, જુગતિ કરી સદ્‌ગુરૂ દાખવે. ૯

જ્ઞાનાદિક ગુણ અનુભવસિદ્ધ, તેહનો આશ્રય જીવ પ્રસિદ્ધ;
પંચ ભૂત ગુણ તેહને કહો, ઇંદ્રિયગ્રાહ્ય ન કિમ સદ્‌હો ? ૧૦

તનુ છેદે તે નવિ છેદાય, તનુવૃધ્યે નવિ વધતા થાય;
ઉપાદાન જ્ઞાનાદિકતણો, તેહથી જીવ ×અલાધો ઘણો. ૧૧

= मुद्रा प्रतिर्बिबोदय न्यायेन जलबुद्‌बुदन्यायेन पंचभूत ज्ञानं समुत्पद्यते परं जीव पदार्थो नेति ।

× एतावानेव लोकोयं । पावानिंद्रियगोचरः ॥
भद्रे वृकपदं पश्य यद्‌वदन्त्यबहुश्रुताः ॥ १

को जानाति परलोकःऽस्ति वा नास्ति । व्याघ्रपदंभूमौ लिखितंऽलीक :

= पिबरवाद च चारुलोचने, यदतां..... मात्रमिदं कलेवरं १ इति लोकायतिका वदंति ॥

× જ્ઞાનાદિક ગુણથી જુદો છે ॥

પ્રજ્ઞાદિક થિતિ સરિખી નહીં, યુગલ જાતિ નરને પણ સહી;
તો કિમ તે કાયા પરિણામ? જુએ તેહમાં આતમરામ. ૧૨

રૂપી પણ નવિ દીસે વાત, લક્ષણથી લહિયે અવદાત;
તો કિમ દીશે જીવ અરૂપ? તેતો કેવલ જ્ઞાન-સરૂપ. ૧૩

બાલકને સ્તન-પાન-પ્રવૃત્તિ, પૂરવ ભવ વાસના નિમિત્તિ;
એ જાણો પરલોક પ્રમાણ, કુણ જાણે અણદીઠું ઠાણ? ૧૪

એક સુખિયા એક દુખિયા હોય, પુણ્ય પાપ વિલસિત તે જોય.
કરમ-ચેતનાનો એ ભાવ, ઉપલાદિક પરે એ ન સ્વભાવ. ૧૫

નિઃફલ નહીં મહાજન-યત્ન,[1] કોડી કાજ કુણ વેચે રત્ન?
કષ્ટ સહે તે ઘરમારથી, માનો મુનિજન પરમારથી. ૧૬

=આતમ સત્તા ઈમ સદ્દહો, નાસ્તિકવાદે મન મત દહો;
નિત્ય આતમા હવે વર્ણવું, ખંડી બૌદ્ધતણું મત નવું. ૧૭

—નાસ્તિક વાદી મત : ॥

બૌદ્ધમત

તેહ કહે 'ક્ષણુ-સંતતિરૂપ, જ્ઞાન આતમા અતિહી અનૂપ;
નિત્ય હોય તો વાધે નેહ, બંધન કર્મ તણો નહીં છેહ. ૧૮

સર્વભાવ ક્ષણુનાશી સર્ગ, આદિ અંત જો એક નિસર્ગ;
ક્ષણિક વાસના દિયે વૈરાગ, સુગતજ્ઞાન ભાખે વડભાગ. ૧૯

---

૧ એટલે ચરણકરણાદિ,

= જ્ઞાનગુણવાન્ આત્મા ઇત્યંગીકર્ત્તવ્યં । પંચભૂતસ્ય ગુણે××ગુણ : ઇતિ તેષામાશય ; નાસ્તિકાનાં ॥ યત સત્ તત્ ક્ષણિકં ઇતિ.

રાગાદિક વાસના અપાર, વાસિત ચિત્ત કહ્યો સંસાર,×
ચિત્ત ધારા રાગદ્વિક હીન, મોક્ષ કહે જ્ઞાની પરવીન.' ૨૦

એહ બૌદ્ધનું મત વિપરીત, બંધ મોક્ષ ન ઘટે ક્ષણચિત્ત;
માનો એનુગત જો વાસના, દ્રવ્ય નિત્ય તેહજ શુભ મના. ૨૧

સરિખા ક્ષણનો જે આરંભ, તેહ વાસના મહોટો દંભ;
બંધ મોક્ષ ક્ષણ સરિખા નહીં, શકિત એક નવિ જાયે કહી. ૨૨

ઉપાદાન અનુપદાનતા, *જો નવિ ભિન્ન કરે ક્ષણ છતા;
પૂર્વ અપર પર્યાયે ભેદ, તો નવિ દ્રવ્ય લહે ત્યજી ખેદ, ૨૩

જો ક્ષણ નાશ તણો તુજ ધંધ, તો હિંસાથી કુણને બંધ ?
વિસદૃશ ક્ષણનું જેહ નિમિત્ત, હિંસક તો તુજ મન અપવિત્ત. ૨૪

સમલચિત્ત ક્ષણ હિંસા યદા, કાયયોગ કારય નહિ તદા;
×અનુમંતા તે હંતા એક, તુજવિણ કુણ ભાખે સવિવેક ? ૨૫

ખલપિંડીને માણસ જાણિ, પંચે તેહને ગુણની હાણિ;
નરને ખલ જાણે નવિ દોખ, કહિયો બુધને તેહથી પોષ ૨૬

રાગદિક વાસના એવ સંસાર: રા ×× વીમુક્તિ: ઇતિ બૌદ્ધા વદન્તિ ॥ રાગાદિ = કુવાસના ત્યજતિ તદા સંસારોચ્છેદ :

××× વિલક્ષણો ભવતિ ચેત્ તસ્ય રાગોત્પત્તિ તસ્યાત્ રાગોત્પતૌ કર્મબંધ : તત : સંસારોત્પત્તિ :।

* ऽનુપાદાન ભિન્ને : ઉપાદાનલક્ષણભિન્ને:

× હિંસા ક્ષણની કાયા ભિન્ન ॥ તિહૂવારે હિંસાનોऽનુમંતા ને હંતા એક જ:

સંધ ભગતિ અજમાંસે કરેા, દોષ નહીં તિહાં ઇમ ઉચ્ચરેા;
એ મહેાટું છે તુમ અજ્ઞાન, જેહેા બીજું અંગ પ્રધાન. ૨૭
હણિયે જે પરયાય અશેષ, દુઃખ ઊપાઈવું ને સંકલેશ;
એ ત્રિવિધ હિંસા જિન કથી, પરશાસને ન ઘટે મૂલથી. ૨૮
નિશ્ચયથી સાધે ક્ષણભંગ, તેા ન રહે વ્યવહારે રંગ;
નવ સાંધે ને ત્રૂટે તેર, એસી બૌદ્ધ તણી નવ[૧] મેર[૨] ૨૯
નિત્યપણાથી નહિ ધ્રુવ રાગ, સમણાવે તેહનેા નવિ લાગ;
‡નિત્યપણે ફલહેતુ સંબંધ, નહિ તેા ચાલે અંધેાઅંધ. ૩૦
રયણ તણી પરે થાયે વિશુદ્ધ, નિત્ય આતમા કેવલ બુદ્ધ;
રાગ વિના નવિ †પ્રથમ પ્રવૃત્તિ, તેા કિમ ઉત્તર હેાય નિવૃત્તિ? ૩૧
છાંડીજે ભવબીજ અનંત, જ્ઞાન અનંત લહીજે તંત;
પણ નવિ ઓછેા × અધિકેા ભાવ, નિત્ય આતમા મુકત સ્વભાવ. ૩૨
ઘન વિગમેં જિમ સૂરજ ચંદ, દોષ ટલે * મુનિ હેાય અમંદ;
મુગતિ દશા થિર દર્શનેં ઘટે, તે મેલી કુણ ભવમાં અટે? ૩૩

—ઇતિ બૌદ્ધમતઃ-અનિત્યવાદી ગતઃ।

અકર્તા-અભોકતાવાદ

નિત્ય = આતમા માનેા એમ, યેાગ માર્ગમાં પામેા ખેમ;
કરતા ભેાકતાં ભાખું હવે, તે ન રૂચે જૂઠું લવે. ૩૪

૧-નય ૨-મેર એટલે મર્યાદા.

‡ આત્માનેં નિત્ય માનિયે તો ફલના કારણનો સબંધ ઘટે :

† પ્રથમં .. ત્તરં વિરાગઃ રાનેન વિના ધર્મે પ્રવૃત્તિ ર્ન સ્યાત્ ॥

× આત્મા ઓછો અધિકો ન થાઇ ॥

× મન્યતે ત્રિકાલાવસ્થા સ્થિતિ મુનિઃ ॥

* આત્મા નિત્યો ભવતિ ચેત્ મુક્તિ ર્ઘટતે ક્ષણભં ..

એક વેદાંતી બીજો સાંખ્ય, કહે કર્તા ભોકતાx નહિ મુખ્ય;
પ્રથમ કહે દૃગ્ માત્ર પ્રમાણ, તાસ ઉપાધિભેદ મંડાણ. ૩૫

માયાદિક મિશ્રિત ઉપચાર, જ્ઞાન અજ્ઞાન ગ્રંથી સંસાર;
દૃશ્યપણે મિથ્યા પરપંચ, સબલો જિમ સુહણાનો સંચ. ૩૬

જિમ= કટકાદિ–વિકારે હેમ, સત્ય બ્રહ્મ જગજાલે તેમ;
જે પરિણામી તેહ અસંત, અપરિણામ મત કહે વેદંત. ૩૭

જિમ તાતાદિક અછતા કહ્યા, શ્રુતિ સુષુપ્તે+ બુધે સદહ્યા;
તિમ જ્ઞાને અછતું બ્રહ્માંડ, અહિજ્ઞાને નાસે અહિદંડ. ૩૮

અધિષ્ઠાન જે ભવ ભ્રમતણું, તેહજ= બ્રહ્મ હું સાચું ગણું;
તેહને નહીં કરસનો લેપ, હોય તો ન ટકે કરતાં ખેપ. ૩૯

જે અનાદિ અજ્ઞાન સંયોગ, તેહનો કહિયે ન હોય વિયોગ;
ભાવ અનાદિ અનંતજ દિઠ, ચેતન પરે વિપરીત અનિઠ. ૪૦

× आत्मा कर्त्ता भोक्ता नास्ति इति ते वदंति। वेदांती.

= સુવર્ણનો કટક પણિ હેમજ કહું તે સુવર્ણનો વિકાર મણિ સત્ય તે સુવર્ણ.

+ सुप्तवस्थायां निद्रायांऽवस्थाद्वयं एकासुप्तस्य सुषुप्तानां मनः पुरीतत्या प्रवि स्वप्नावस्था द्वितीया स्वप्नावस्था सुषुप्तानां मनः पुरी ततिं प्रविशति इति श्रुतिः वेदे एकापुरी ततीनाम अनादि वर्त्तते तत्र मनः प्रविशति सर्वथैव सुप्त इत्यर्थः तथा परब्रह्म एव सत्यः जगत् स्वप्नोपमं.

= यस्य परावर्तः तद् वस्तुऽसत् यस्य परावर्त्तो न तत् सत् ब्रह्म इति वेदांतिनः ॥

*કાચ-ઘરે જેમ ભૂકે શ્વાન, પડે સિંહ જલબિંબ નિદાન;
જિમ કૈલિક જાલે ગુંથાય, અજ્ઞાને નિજબંધન થાય. ૪૧
ઇમ અજ્ઞાને બાંધી મહી, ચેતન કર્ત્તા તેહનો નહીં;
ગલ ચામીકરને દૃષ્ટાંત, ધરમ પ્રવૃત્તિ જિહાં લગે ભ્રાંત. ૪૨
ભ્રાંતિ મિટયે ચિન્માત્ર અગાધ, કર્ત્તા નહિ પણ સાખી સાધ;
વ્યવહારે કર્ત્તા તે હોઉ, પરમારથે નવિ બાંધ્યો કોઉ. ૪૩
અભિધાન યોજન કૈવલ્ય, ગુણ પામે શ્રુતિ કહે નિસલ્ય;
પરમારથ વ્યવહાર અભ્યાસ, ભાસનશકિત ટલે સવિ તાસ. ૪૪
જીવનમુકત લહ્યો નિજ ધામ, તેહને કરણીનું નહિ કામ;
જિહાં અવિદ્યા કરણી તિહાં, વીસામો છે વિદ્યા જિહાં. ૪૫
વિધિ નિષેધ જ્ઞાનીને નહી, પ્રારબ્ધે કિરિયા તસ કહી;
અવર કહિએ નહિ તાસ અદૃષ્ટ, જીવન કારણ અન્ય અદૃષ્ટ. ૪૬
કરે ન ભુંજે ઇમ આતમા, વેદાંતે બોલે મહાતમા;
સાંખ્ય કહે પ્રકૃતિ સવિ કરે, ચેતનરૂપ બુદ્ધિ માંહે ધરે. ૪૭
જિમ દરપણ મુખ લાલિમ તાસ, બિંબ ચલનનો હોઈ ઉલ્લાસ;
વિષય પુરૂષ ઉપરાગ નિવેશ, તિમ બુદ્ધિ વ્યાપારાવેશ. ૪૮
જાણું હું એ કરણી કરૂં, એ ત્રિહું અંશે માને ખરૂં;
પણ તે સરવ ભરમની જાતિ, જાણે શુદ્ધ વિવેકહ ખ્યાતિ. ૪૯
=પ્રકૃતિ ધર્મ હિત અહિત આચાર, *ચેતનના કહે તે ઉપચાર;
વિજય પરાજય જિમ ભટતણા, નરપતિને કહિએ અતિઘણા. ૫૦

* જ્ઞાનરુપ જાલેऽऽત્મા × × કોલિક.
= કર્ર પ્રકૃતિ ભોગવૈ જીવ તે ઉપચાર કહીએ ।
* ઉપચારથી જીવને કર્ત્તા નહી પરમાર્થથી પ્રકૃતિ કર્ત્રી॥

*પ્રકૃતિ કરે નવિ ચેતન કલીવ, પ્રતિબિંબ તે ભુંજે જીવ;
પંચવીશમું તત્ત્વ અગમ્ય, છે કૂટસ્થ સદા શિવ રમ્ય. ૫૧

×આપ વિલાસ પ્રકૃતિ દાખવી, વિરમે જિમ જગિ નટુઈ નવી;
પ્રકૃતિ વિકાર વિલય તે મુક્તિ, નિર્ગુણ ચેતન થાપિં યુક્તિ. ૫૨

પંથી લૂંટ્યા દેખી ગૂઢ, કહે 'પંથ લૂંટાણો' મૂઢ;
પ્રકૃતિ ક્રિયા દેખી જીવનેં, અવિવેકી તિમ માનેં મનેં. ૫૩

*મૂલ પ્રકૃતિ અવિકૃતિ વિખ્યાત, પ્રકૃતિ વિકૃતિ મહદાદિક સાત;
ગણ ષોડશક[૨] વિકારી કહ્યો, પ્રકૃતિ ન વિકૃતિ ન ચેતન લહ્યો. ૫૪

---

* जीव प्रकृति पणि नहि विकृति पणि नहीं ऽकिंचित्करः इति तेषां मतः

× प्रकृतिना विकारनो ऽपरामते मुक्ति .....

* मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृति..... ऽशकश्च विकारः न प्रकृति नं विकृति पुरुष जीव १ इति तेषां शास्त्रे उक्तत्वात् ॥ तथा । प्रकृतिः महान् ऽहंकार त्यंतःकरणचतुष्टयं पंचतन्मात्राणि शब्दस्पर्शरुपरसगंधाः पचबुद्धिरिन्द्रियाणि । त्वक् चक्षूषी नासिका श्रोत्र जिह्वा । पंचकर्मेंद्रिया । हस्त(पाद्पायूप) स्थ, वाचः । पंचतन्मात्राणि । चलन,.. हण, विसर्जना ऽथ पंचभूतानि । पृथिव्यप्तेजोवायु आकाशं । इत्याख्यानि चतु.....पंचविंशतितरः पुरुषो जीवः ते प्र . हतां सत्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः । सा नित्य तस्या विकृतिर्नास्ति ऽन्येषां तत्त्वानां विकारोऽस्ति । इति सांख्यमते २५ तत्त्वानि ज्ञेयानि ॥

१ नवि विकृति २ षोडश

એ બિહુને[1] સાધારણ દોષ, ન કરે તો કિમ બંધન મોક્ષ; ?
મન બંધાએ છૂટે જીવ, એતો યુગતું નહી અતીવ. ૫૫

પરમારથે નવિ બંધન મોક્ષ, ઉપચારે જો કરસો તોષ;
મોક્ષશાસ્ત્ર તો તુજ સવિ વૃથા, જેહ માંહિ નહી પરમારથકથા. ૫૬

પ્રકૃતિ અવિદ્યા નાસે કરી, પહિલી આતમદશા જો ફરી;
તો કૂટસ્થપણું તુજ ગયું, નહિતો કહો શું અધિકું થયું? ૫૭

માયા નાશન અધિકો ભાવ, શુદ્ધ રૂપતો પ્રથમ સભાવ;
રત્નાદિકમાં શુદ્ધિ અશુદ્ધિ, જો કહો તો ઈહાં શી કુબુદ્ધિ? ૫૮

રતન શોધ જિમ શતપુટ ખાર, તિમ આતમ શોધક વ્યવહાર;
ગુણધારાએ અખિલ પ્રમાણ, જિમ ભાખે હાસૂર સુજાણ. ૫૯

સતુષપણું જિમ તંદુલ તણું, શ્યામપણું ત્રાંબાનું ઘણું;
ક્રિયાવિના નવિ નાસે પુત્ર, જાણિ પુરૂષ તિમ મલ અપવિત્ર. ૬૦

+એતો શુદ્ધાશુદ્ધ સ્વભાવ, કહિએ તો સવિ ફાવે દાવ;
કાલ ભેદથી નહીં વિરોધ, સઘટ[2] વિઘટ જિમ ભૂતલ બોધ. ૬૧

કેવલ શુદ્ધ કહી શ્રુતિ જેહ, નિશ્ચયથી નહિ તિહાં સંદેહ;
તે નિમિત્ત કારણ નવિ સહે, ચેતન નિજગુણ કર્ત્તા કહે. ૬૨

ચેતન કર્મ નિમિત્તે જેહ, લાગે તેલે જિમ રજ દેહ;
કરમ તાસ કર્ત્તા સદ્દહે, નય વ્યવહાર પરંપર ગ્રહે. ૬૩

બીજ અંકુર ન્યાયે એ ધાર, છે અનાદિ પણ આવે પાર;
મુગતિ સાદિ ને જેમ અનંત, તિમ ભવ્યત્વ અનાદિ સ-અંત. ૬૪

+ इह भूतले घटोऽस्ति इह भूतले घटो नास्ति भूतले ..

૧ વેદાંત અને સાંખ્ય ૨ સઘલા

મુગતિ–પ્રાગભાવહુ તેડામિ, જાતિ યોગ્યતા જિય પરિણામી;
જૂઠી માયા કારણુ થાય, વંધ્યા માતા કિમ ન કહાય? ૬૫

જગ મિથ્યા તો એ શી વાચ?, આશામોદક મોદક સાચ;
જો અજ્ઞાન કહે બહુ રૂપ, સાચ ભાવનો રથો અંધ કૂપ? ૬૬

સાધક છે સવિ કલ્પ પ્રમાણુ, તેણે સામાન્ય વિશેષ મંડાણુ;
નિરવિકલ્પ તો નિજરૂચિ માત્ર, અંશે શ્રુતિ નિર્વાહે યાત્ર. ૬૭

બ્રહ્મ પરાપર વચને કહ્યો, એક બ્રહ્મ ઉપનિષદે રહ્યો;
માયોપમ પણુ જગ શ્રુતિં સુણ્યું. જેહની જિમ રૂચિ
તેણે તિમ ભણ્યું.[૧] ૬૮

સ્યાદ્વાદ વિણુ પણુ સવિ મૃષા, ખારેજલ નવિ ભાગે તૃષા;
માયા મિટે રહે જો અંગ, તો કિમ નહીં પરમારથ રંગ? ૬૯

*બાધિત અનુવૃત્તિ તે રહી, જ્ઞાનીને પ્રારબ્ધેં કહી;
કર્મ વિલાસ થયો તો સાચ, જ્ઞાનેં ન મિટ્યો જેહનો નાચ. ૭૦

વ્યવહારિક આભાસિક ગણે, યોગી તે છે ભ્રમ અંગણે[૨];
યોગી અયોગી શરીર અશેષ[૩], રથો વ્યવહાર આભાસ વિશેષ? ૭૧

અન્ય અદૃષ્ટેં યોગિ શરીર, રહે કહે તે નહિ શ્રુતિધર,
જો શિષ્યાદિક અદૃષ્ટેં રહે, અરિ અદૃષ્ટ[૪] તેહને કિમ સહે? ૭૨

સકતિ અનંત સહિત અજ્ઞાન, કર્મ કહ્યો તો વાધે વાન;
કર્મે હોય જનમની યુકિત, દર્શન જ્ઞાન ચરણથી મુકિત. ૭૩

---

* સ્વપ્રકૃતિ ઈશ્વર .....સત્કર્મવશ સર્વજગત્કર્માધીનં

૧–મુણ્યું ૨–યોગી તે વિભ્રમ અંગ ગણે ૩–વિશેષ ૪–અરિષ્ટ દૃષ્ટિ

પ્રતિબિંબે[1] જો ભાખે ભોગ, કિમ તસ રૂપી અરૂપી યોગ;?
આકાશાદિકનું પ્રતિબિંબ, જિમ નહીં તિમ ચેતન અવિલંબ. ૭૪
આદર્શાદિકમાં જે છાય, આવે તે પ્રતિબિંબ કહાય;
સ્થૂલ બંધનું સંગત[2] તેહ, નવિ પામે પ્રતિબિંબ અદેહ. ૭૫
બુદ્ધે ચેતનતા સંક્રમે, કિમ નવિ ગગનાદિક ગુણે રમે?
બુદ્ધિ જ્ઞાન ઉપલબ્ધિ અભિન્ન, એહનો ભેદ કરે[3] શું ખિન્ન? ૭૬
બુદ્ધિ નિત્ય તો પુરૂષજ તેહ, જ્ઞાન પ્રવૃત્તિ ઇચ્છા સમ જેહ;
જો અનિત્ય તો કિહાં વાસના? પ્રકૃતિ તો શી બુદ્ધિ સાધના? ૭૭
અહંકાર પણ તસ પરિણામ, તત્વ ચોવીસ તણું કિહાં ઠામ?
સકૃતિ વિગતિ પ્રકૃતેં સવિ કહો, બીજાં તત્ત્વ વિમાસી રહો. ૭૮
વિરમે રમે યથા નર્ત્તકી, અવસર દેખી અનુભવ થકી[4];
પ્રકૃતિ અચેતન કિમ તિમ રમે?, વિરમે જો કર્ત્તા નવિ ગમે. ૭૯
પ્રકૃતિ દિદૃક્ષાએં જિમ સર્ગ, શાંતિ-વાહિતાએં મુકિત નિસર્ગ;
કર્તાવિણ એ કાલ વિશેષ, તિહાં વલગે નય અન્ય અશેષ. ૮૦
પ્રકૃતિ કર્મ તે માટે ગણો, જ્ઞાન ક્રિયાથી તસ ક્ષય ભણો;
અશુદ્ધ ભાવ કર્ત્તા સંસાર, શુદ્ધ ભાવ કર્ત્તા ભવપાર ૮૧

— अकर्तृत्व-अभोक्तृवादिनौ गतौ* ॥

અનિર્વાણવાદ.

એક કહે 'નવિ છે ×નિરવાણ, ઇંદ્રિય વિણ સ્યાં સુખ મંડાણ?
દુઃખ અભાવ મૂર્ચ્છા અનુસરે, તિહાં પ્રવૃત્તિ પંડિત કુણ કરે? ૮૨
કાલ અનંતે મુકતે જતાં, હોય સંસાર વિલય આજતાં;
+વ્યાપકને કહો કેહો ઠામ?, જિહાં એક સુખ સંપતિ ધામ. ૮૩

---

* वेदांती सांख्य पतौ द्वौ युक्त्या निराकृतौ।
× केचन वदंति मुक्तिर्नास्ति तन्मतमपाकरोति.
+ व्यापक आकाशवत् १-प्रतिबोधई २-सगति ३-रहे ४-चखी

કિમ અનંત ઇક ઠામેં મિલે ?, પહિલાં નહિ તો કુણસ્યું ભલે ?
પહિલાં ભવ કે પહિલાં મુક્તિ ?, એ તો જોતાં ન મિલે મુક્તિ. ૮૪
જિહાં ન ગીત ન ભાવ વિલાસ, નહિ શૃંગાર કુતૂહલ હાસ;
તેહ મુગતિથી કહે કૃપાલ, વનમાં જન્મ્યો ભલો શૃગાલ[૧] ૮૫
ભવ–અભિનંદી એહવા બોલ, બોલે તે ગુણરહિત નિટોલ;
જેહને નહીં મુગતિ–કામના, બહુલ સંસારી તેહ દુરમના ૮૬
ઇંદ્રિય સુખ તે દુઃખનું મૂલ, વ્યાધિ પડિ ગણ[૨] અતિ પ્રતિકૂલ;
ઇંદ્રિય વૃત્તિ રહિત સુખ સાર, ઉપશમ અનુભવસિદ્ધ ઉદાર. ૮૭
તિહાં અભ્યાસ મનોરથ પ્રથા, પહિલાં આગે નવિ પરકથા;
ચંદ્ર ચંદ્રિકા શીતલધામ, જિમ સહજે તિમ એ સુખધામ.[૩] ૮૮
તરતમતા એહની દેખીએ, અતિ પ્રકર્ષ જે શિવ લેખીએ;
દોષાવરણ તણી પણ હાણ, ઇમ નિઃશેષ પરમપદ જાણ. ૮૯
દુઃખ હોવે માનસ શારીર, જિહાં લગે મન તનુ વૃત્તિ સમીર;
તેહ ટલે દુઃખ નાસે દુઃખ[૪], નહિ ઉપચાર–વિશેષે મુખ્ય. ૯૦
સર્વ શત્રુક્ષય સર્વજ રોગ,–અપગમ સર્વારથ–સંયોગ;
સર્વ કામના પૂરિત સુખ, અનંતગુણ તેહથી સુખ મુખ્ય. ૯૧
ઘટે ન રાશિ અનંતાનંત, અક્ષત ભવ ને સિદ્ધ અનંત;
પરિમિત જીવ નયે ભવરિકત, થાએ જન્મ લહે કે મુકત. ૯૨
થયા અને થાસ્યે જે સિદ્ધ, અંશનિગોદ અનંત પ્રસિદ્ધ;
તો જિન શાસન શી ભવ[૫] હાણી ?, બિંદુ ગએ જલધે શી કાણી ? ૯૩

---

૧ શિયાલ ૨–પીડા ગણ, પિંડિગણ મુ–ગુણઠામ ૪–સુખ ૫–ભય

× परिमित जीव होइ तो संसार खाली थाइ ते तोऽनंता छे तेह थकी निगोद जीवऽनंता छे ।

વ્યાપકને નવિ ભવ નવિ સિદ્ધિ, બાંધે છોડે ક્રિય વિવૃદ્ધિ;
પણ તનુમિત આતમ+અહ્મે કહું, તિહાં તે સઘલું ઘટતું લહું ૯૪
યોગ નિરોધ કરી ભગવંત, હિન ત્રિભાગ અવગાહ લહંત;
સિદ્ધ-શિલા ઊપરિ જઈ વસે, ધર્મ વિના ન અલોકે ધસે ૯૫
જિહાં એક તિહાં સિદ્ધ અનંત, પય-સાકર પરે ભલે એકંત;
રૂપીને ભલતાં સાંકડું, રૂપરહિતને[1] નવિ વાંકડું. ૯૬
કાલ અનાદિ સિદ્ધ અનાદિ, પૂર્વ અપર તિહાં હોઈ વિવાદ
ભવ નિર્વાણ તણો ક્રમ યોગ, શાશ્વત ભાવ અપર્યનુયોગ. ૯૭
મોક્ષ તત્ત્વ ઇમ જે સદ્દહે, ધર્મે મનિ થિર તેહનું રહે,
મુક્તિ-ઇચ્છા તે મોટો યોગ, અમૃત ક્રિયાનો રસ સંયોગ. ૯૮

—अनिर्वाणवादी गतः ॥

નિયતિવાદ-અનુપાયવાદ

*નાસ્તિક સરિખા ભાષે અન્ય, 'છે નિર્વાણ ઉપાયે શૂન્ય;
સરજ્યું હોસ્યે લહસ્યું તદા, કરો ઉપાય ફરો નર સદા. ૯૯
દર્શન જ્ઞાન ચરણ શિવ હેત, કહો તો સ્યો ×પહિલો સંકેત?
ગુણવિણ ગુણ જો પહિલા લહ્યા, તો ગુણમાં સ્યું જાઓ વહ્યા? ૧૦૦
મરૂદેવા વિણ ચારિત્ર સિદ્ધ, ભરહ નાણ દર્પણ-ઘરિ લિદ્ધ;
થોડે કષ્ટે સીધા કેઈ, બહુકષ્ટે બીજા શિવ લેઈ. ૧૦૧

---

૧ અરૂપીનઇં

+ શરીર પ્રમાણે જીવ છે.

* अथ नियतिवादिनां पूर्वपक्षं उक्त्वा स्वयमेव नियतिवादमपाकरोति नियतिवाद..नियतिबलाश्रयेण योऽर्थः सो अवश्यं भवति नृणाम्... ... ...महति कृतेऽपि हि प्रयत्नेनाभाव्यं भवति न भावेनोस्ति नाशः ।

× પહિલાં પછે હોઇ તિહાં વિવાદ છઇં। ઇમાં ઇમ નથી।

જેહને જેહવી અભિતવ્યતા, તિમ તેહને હોઈ નિ;સંગતા;
કષ્ટ સહે તે કર્મ નિમિત્ત, નિયતિ વિના નવિ સાધ્ય વિચિત્ર. ૧૦૨
જ્ઞાનીએ દીઠું તિમ જાણિ, દીઠા ભાવમાં[1] વૃદ્ધિ ન હાણી;
કાયા કષ્ટ કરે શ્યું ફોક ?, કિયા દેખાડી રંજે લોક.' ૧૦૩
*કામ ભોગ લંપટ ઈમ ભણે, કારણ મોક્ષ તણા અવગણે;
×કારજ છે ને કારણ નહીં, તેહને એ ક્ષતિ મોટી સહી. ૧૦૪
વાયસ-તાલી ન્યાય ન એહ, સરજે તો સધલે[2] સંદેહ;
જો સરજ્યું જંપે નિસ દીસ, અરી =વ્યભિચારિસ્યું સી કીસ ? ૧૦૫
'સરજ્યું દીઠું' સધલે કહે, તો +દંડાદિક કિમ સદ્દહે ?
÷કારણ ભેલી સરજિત દીઠ, કહિતાં વિઘટે નવિ નિજ ઈઠ. ૧૦૬
તૃપ્તિ હુસ્યે જો સરજી હુસ્યે, ભોજન કરવા સ્યું ધસમસે ?
પાપે ઉદ્યમ આગલિ કરે, ઘરમેં સ્યું સરજ્યું ઉચ્ચરે ? ૧૦૭
પહિલા ગુણ જે ગુણવિણ થયા, પાકી ભવથિતિની તે દયા,
થયા જેહ ગુણ તે કિમ જાય ? ગુણવિણ કિમ ગુણ કારજ થાય ? ૧૦૮

---

* ૬થ ઉત્તરઃ નિરાકરોતિ નિયતિવાદિમતં ॥

× તેષાં મતે કારણાભાવે કાર્યોત્પત્તિઃ કથં સ્યાત્ મુક્તિરુપં કાર્યં ઉદ્યમેન વિના કથં ભવતિ કા(રણ)...ગુણાદ્હિ કાર્યગુણાનારંભત ઇતિ ન્યાયાત્

= સરજ્યું અંગીકાર કરૈતો સત્રુ સાથે . સ્ત્રી સાથે ૬ન્ય પુરુષને ભોગ કરતો દેખી ક્રોધ ..

+ તપસ્યાને૬ગીકાર કિમ કરૈ.

÷ ઉદ્યમ સહિત નિયતિનેં અંગીકાર કરૈ તો સર્વ ઇષ્ટ કામની છે.

૧–ભવમાં. ૨–સકલૈ.

એક ઉપાય થકી ફલ પાક, બીજે સહેજે ડાલ વિપાક;
કરમ તણો ઈમ જાણી ભેદ, કારણમાં શું આણો ખેદ? ૧૦૯

અથવા ગુણ વિણ પૂરવ સેવ મૃદુતર માટે હોઈ તતખેવ;
તિમ નવિ ગુણ વિણ સિદ્ધિ ગરિષ્ટ, તેહમાં બહુલાં કહ્યાં અરિષ્ટ ૧૧૦

ભરહાદિકને છાંડી પંથ, રાજ પંથ ક્રિયા નિર્ગ્રંથ;
ઊવટે જાતાં કોઈ ઊગર્યો, તો પણ સેર ન તજીયે ભર્યો. ૧૧૧

+તીરથ-સિદ્ધાદિકનો ભેદ, નિયતિ હો નવિ ક્રિયા ઉચ્છેદ;
જાણી કષ્ટ સહ્યે તપ હોઈ, કરમ નિમિત્ત ન કહીએ સોય. ૧૧૨

બહુ ઈંધણ બહુ કાલે બલે, થોડે કાલે થોડું જલે;
અગ્નિ તણી જિમ શકિત અભંગ, તિમ જાણો શિવ કારણ રંગ. ૧૧૩

દંડાદિક વિણ ઘટ નવિ હોઈ, તસ વિશેષ મૃદ ભેદે જોઈ;
તિમ ફલ ભેદે ફલમાંહિ ભિદા, રત્નત્રય વિણ શિવ નહિ કદા. ૧૧૪

સિદ્ધિ ન હોય કોઇને મત થકી, તો પણ મત વિરચો તેહ થકી;
ફલ સંદેહે પણ કૃષિકાર, વપે બીજ લહે અવસર સાર. ૧૧૫

હેતુપણાનો સંશય નથી, જ્ઞાનાદિક ગુણમાં મૂલથી;
તે માટે શિવ તણો ઉપાય, સદ્દહયો જિમ શિવ સુખ થાય. ૧૧૬

—અનુપાયવાદી ગતઃ ॥

+ તીર્થસિદ્ધ અતીર્થસિદ્ધ ઇત્યાદિ.

* ઉપાય ન કરવો સરજ્યું હશ્યે ત્યારે મુક્તિ થાશ્યે તે અનુપાયવાદી કહીઇં.

ઢાલ ચાલ

—(*)—

હવે ભેદ ગુણના ભાખીજે—એ દેશીમાં+

મિથ્યામતિનાં એ ષટ થાનક, જેહ ત્યજે ગુણવંતાજી,
સૂધું સમકિત તેહજ પામે, ઈમ ભાંખે ભગવંતાજી;
નય પ્રમાણથી તેહને સૂઝે, સઘલો મારગ સાચોજી,
લહે અંશ જિમ મિથ્યાદૃષ્ટિ, તેહમાંહિ કોઈ મત રાચોજી. ૧૧૭

ગ્રાહી એકેક અંશ જિમ અંધ કહે કુંજર એ પૂરોજી,
તિમ મિથ્યાત્વી વસ્તુ ન જાણે, જાણે અંશ અધૂરોજી;
લોચન જેહનાં બેહુ વિકસ્વર, તે પૂરો ગજ દેખેજી,
સમકિતદૃષ્ટિ તિમજ સકલ નય, સમ્મત વસ્તુ વિશેષેજી ૧૧૮

અંશ–ગ્રાહી નય–કુંજર ઊઠયા, વસ્તુતત્ત્વ–તરૂ ભાંજેજી,
સ્યાદ્વાદ–અંકુશથી તેહને, આણે ધીર મૂલાજેજી;
તેહ નિરંકુશ હોએ મતવાલા, ચાલા કરે અનેકોજી,
અંકુશથી હરબારે છાજે. ગાજે ધરિય અવિવેકોજી. ૧૧૯

નૈયાયિક વૈશેષિક વિવર્યા, નૈગમનય અનુસારેંજી,
વેદાંતી સંગ્રહનય રંગેં, કપિલ શિષ્ય વ્યવહારેંજી;
ઋજુસૂત્રાદિક નયથી સૌગત, મીમાંસકને ભેલેંજી,
પૂર્ણ વસ્તુ તે જૈન પ્રમાણેં, ષટ્ દર્શન એક મેલેંજી. ૧૨૦

નિત્ય–પક્ષમાંહિ દૂષણ દાખે, નય અનિત્ય–પક્ષપાતીજી,
નિત્યવાદ માંહિ જે રાતો, તે અનિત્ય નય–ઘાતીજી;
માંહોમાંહિ લડે બેહુ કુંજર, ભાંજે નિજ કર દંતોજી,
સ્યાદ્વાદ સાધક તે દેખે, પડે ન તિહાં ભગવંતોજી. ૧૨૧

+ આ દેશી કર્ત્તાના દ્રવ્ય ગુણપર્યાય રાસની ૧૧ મી ઢાલની છે.

છૂટાં રત્ન ન માલા કહિએ, માલા તેહ પરોયાંજી,
તિમ એકેક દર્શન નવિ સાચાં, આપહિ આપ વિગોયાંજી;
સ્યાદ્વાદ સૂત્રે તે ગુંથ્યા સમકિત દર્શન કહિએજી.
સમુદ્ર અંશની સમુદ્ર તણી પરે પ્રગટ ભેદ ઇહાં લહિયેજી ૧૨૨
વચન માત્ર શ્રુત-જ્ઞાને હોવે, નિજ નિજ મત-આવેશોજી,
ચિંતા-જ્ઞાનેં નય-વિચારથી, તેહ ટલે સંકલેશોજી;
ચારા માંહિ અજાણી જિમ કોઇ, સિદ્ધ-મૂલિકા ચારેજી,
ભાવનજ્ઞાનેં તિમ મુનિજનને, મારગમાં અવતારેજી. ૧૨૩
ચરણ કરણ માંહે જે અતિરાતા, નવિ સ્વ સમય સંભાલેજી,
નિજ પર સમય વિવેક કરી નવિ, આતમતત્વ નિહાલેજી;
×સમ્મતિમાંહે કહ્યું તેણે ન લહ્યો, ચરણ કરણનો સારોજી,
તે માટે એ જ્ઞાન અભ્યાસો, એહજ ચિત્ત દૃઢ ધારોજી. ૧૨૪
જિન શાસન રત્નાકરમાંહિથી, લધુકપર્દિકા માનેજી,
ઉદ્ધરિઓ એહ ભાવ યથારથ, આપ શકિત-અનુમાનેજી;
પણ એહનેં ચિંતામણિ સરિખાં, રતન ન આવે તોલેજી,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ બોલેજી. ૧૨૫

ઇતિશ્રી સત્યકૂત્વ ચતુષ્પદી સમાપ્તા લોક-
ગિરા સમર્થિત નય પ્રસ્થાન ષટ્સ્થાનક
વ્યાખ્યા સંઘમુદે યશોવિજય શ્રી
વાચકાનાં કૃતિ :

× चरण करण...न यांति ॥ स्वशास्त्रं परशास्त्रं च ये न जानंति ते चरणकरणस्य सारं न विंदंति इति संम्मतौ ।

अथ काव्यद्वयम्+

= षट्तर्कसंपर्कचेलिमोक्ति, न्यंवेशियल्लौकिकवाचि काचित्।
वाग्देवताया विहितप्रसादात्, सूचीमुखेऽसौ मुसलप्रवेशः+ ॥१॥

नैगुण्यं वैगुण्यं मम परमताकांक्षिभिरिदं*
विदंतु स्वीयं ते रूचिविरचितं किंचिदपरम्।
रसालोद्यत् कर्णामृतपरभृतध्वानपटुता
नरत्यैकाकानां क्वचन पिचुमंदप्रणयिनां ॥ २॥

यद्विचारसहं तत्वं, शून्यतां ननु धावति।
तन्निर्वाहकरं शुद्धं, जैनं जयति शासनम् ॥ ३॥

+चिरं नंदतां ॥श्रेयः॥ भक्तिविजयभंडार पत्र १०

—इति श्री न्यायविशारद महोपाध्याय श्री ७ श्री यशो-विजयगणिभिः स्वोपज्ञेयं सम्यक्त्वचोपई संपूर्णतामगतम् ॥

+ श्री भक्तिविजय भंडारनी एक प्रतने अंते. पत्र १०

= षड्दर्शनानां तर्काः तेषां संपर्को एकत्र समावेशः तेषां पचेलिमा.....लौकिक वाचामवान्यवंशि उक्ता। इति संटकः

+ षड्दर्शनानां उक्तिः मया लौकिकवाचा यदभिहिता तत् सूचीमुखे मुसलप्रवेशो निष्पादितः ॥

* परमताकांक्षिभिर्या...मोक्ति वचनेन वैगुण्यं न गुण्यं न गणनीयं मनसि नानेदं ते परवादिनो स्वीये स्वकीयं रुचिविरचितं यत्किंचित् विदंतु जानंतु तत्र दृष्टांतेन कविः स्वोक्तिवचनं दृढयति रसालेन उद्यत् प्रगटीभूतकर्णामृतसदृश-कोकिल ध्वनिपटुता काकानां रत्यै प्रीतये न कथंभूतानां काकानां पिचुमंदप्रणयिनां निंबवृक्षफलाकांक्षिणाऽन्यवादिनः काकतुल्या इत्याशयः।

શ્રી દિગપટ ચોરાશી બોલ

શ્રી વર્ધમાન સ્તુતિ.

છપ્પય છંદ

સુગુણ જ્ઞાન શુભ ધ્યાન, દાનવિધિ ધર્મ પ્રકાશક;
સુઘટમાન પરમાન, આન જસ મુગતિ અભ્યાસક;
કુમત-વૃંદ-તમકંદ, ચંદ પરિ દંદ નિકાશક;
રૂચિ અમંદ મકરંદ, સંત આનંદ વિકાસક;
જસ વચન રૂચિર ગંભીર નય, દિગપટ કપટ કુઠાર સમ;
જિન વર્દ્ધમાન સો વંદિયે, વિમલ જ્યોતિ પૂરન પરમ. ૧

શ્વેતાંબર ગ્રંથની પ્રશંસા.

કવિત્ત ઈકતીસા

સાગરકે આગે કહા ગાગરી ધરૈગી ગર્વ ?,
ખર્વ કહા વેસરકે[1] આગે અર્વ-ઈંદકો;
નાગ વ્રચ્છ[2] આગે કહા આકકો અંકૂર છાજૈ ?
સૂર-તેજ આગે કહા રાજૈ ધામ ચંદકો ?,
કામધેનુ આગે કહા કૂકરી કરૈ ગુમાન[3] ?
ભૂપતિકે આગે કહા જોર હૈ પુલિંદકો ?,
ઐસે સરવંગ શુદ્ધ ગ્રંથ જો સિતંબરકે,
તાકે આગે કુંન દર્પ દુર્મતિકે વૃંદકો ? ૨

---

૧ જેસરકે ૨ વૃક્ષ ૩ કરૈગી માન.

દિકૂપટ તરફથી ૮૪ બોલનો પ્રથમ ઉદ્ભવ.

દોહરા

પહિલું દિગ્પટ સ્યું સુન, બોલ ચોરાસી ફેર;
સર્વવિસંવાદેં ભયેા, અબ તહાં[1] બહુત અંધેર. ૩
નિન્હવતં અધિકેા બુરેા, કહ્યો મિથ્યામતિ[2] સોઈ;
પરિહરના અધિકાર મહ, આવશ્યકમેં જોઈ. ૪

દિગંબરની ઉત્પત્તિ

ખટ શત નવ વરષેં ભયેા, તસ મત જડ મૃગ પાસ;
સહસમલ્લ દીક્ષા લઈ, આર્ય કૃષ્ણ ગુરૂ પાસિ. ૫
રાજમાન્ય તેણિં અન્યદા, વિહર્યો[3] કંબલ–રત્ન;
મૂર્છા સેતી સંગ્રહ્યો, કિયેા ન સંવર યત્ન. ૬
ગુરુને કીને પૂછનેં,[4] ટલે યેાં મૂર્છા દોષ,
આઈ દેખિ મનમેં ધર્યો, તિનિ તાતેં બહુ રોષ. ૭
થવિર–કલ્પ ખંડન કિયેા, બરન્યેા જબ જિન–કલ્પ;
નગનપંથ તિનિ આદર્યો, ત્યજિ સદ્ગુરુકે જલ્પ. ૮
તસ ભગિની દેખી નગન, બૈસેં[5] દીનો બેસ;[6]
ચરન નિષેધેં નારિકું, તબ સેાં સુર નિરદેસ. ૯

દિગંબરમતનું ટુંક સ્વરૂપ.

જૈન કહાવ નામતેં, તાતેં બઢયેા અંકુર;
તનુ મલ જું કુનિ સંતનૈ, કિયેા દૂરિતેં દૂરિ. ૧૦

૧–અબતો. ૨–મિથ્યાતિ. ૩–વહર્યો, વીહરયેા. ૪–પૂંછણા. ૫–વેસ્યાએ. ૬–વેષ.

ભસમકગ્રહ રજ ભસમમય, તાતૈં ખેસર રૂપ;
ઉઠે નામ અધ્યાતમી, ભરમ જાલ અંધ-કૂપ. ૧૧

કવિત ઇકતીસા

ભોગકે ભિખારી અધિકારી નહિં ગ્રંથનકે,
આપકી પથારીમેં ચલાવૈં નિદ્રા પારકી;
ખોજૈં ભાંતિ ન્યારી ન્યારી ક્રિયાકૂં દૂરિ ડારી,
કહે કોઉ સીખ સારી દેવૈં ગારી નારિકી;
ઝૂઠે મત નામ ધારી ભાંગકી ખુમારીમેં જો,
લવૈ યુક્તિ ભારી સો તો, ફૂટૈ ભીતિ ગારકી;
ઐસે હિં જુઆરી અબ મૂઢનકે પટ્ટધારી,
આરી આરી ભાનૈ બાત લાત જૈસેં ટારકી. ૧૨

દોહરા

પલ્લવ-ગ્રાહી લોકકેં, સમુઝીવ કુન જાન?
કોમલ કરતુ ન ઘટઘટા, જ્યોં મગસેલ પખાન. ૧૩+
દૃષ્ટિરાગ મદમત્તકું, જો દેવે ઉવએસ;[1]
સો કૂકર મુખમેં ઠવૈ, આપ કપૂર અસેસ. ૧૪
શુષ્ક-પયોધર નારિ જ્યોં, નિંદૈ કંચુકકાર;
ગૂઢ હેતુ બુધ ગમ્ય ત્યોં, નિંદૈં ગ્રંથ ગમાર. ૧૫
ઐસે જડસૂ સંતકું, ઘટૈ ન વાદ-વિચાર;
તો ભી પરકે બોધકેં, કહૈ બોલ દોઈ ચાર. ૧૬

+ એક પ્રતમાં આ દોહો નથી.
૧-ઉપદેસ.

દિક્પટ-વિરૂદ્ધના બોલ.

સાચેકો ઝૂઠે કહૈ, ઝૂઠેકો કહૈ સાચ;
અભિનિવેશ ઉન્મત્તકોં, ઐસો બહુ વિધિ નાચ.

અઢાર દોષની અન્યથા માન્યતા.

કવિત (સવૈયા) ઇકતીસા

૫ ૬ ૭
છૂટૈં અંતરાય પંચ રંચહી ન રાગ રોષ,[૨]
૧૩ ૧૪
હાસ છક્ક કામ કીનો અંચ હી નં દેખીએ;
૧૫ ૧૬ ૧૭
વંચના અજ્ઞાનકી મિથ્યાતકો પ્રપંચ નિદ્દ,
૧૮
આશ્રવકો સંચ સો તો, મૂલતૈં વિલેખીએ;
ઐસેં જો અઠાર દોષ ઘાતિ કર્મ ભાવ પોષ,
તાકો પરિશોષ યાકે જ્ઞાનમેં વિશેષીએ;
સોઈ શુદ્ધ નામ કોષ ઘોષતેં અનંત તોષ,
મોષ[૧] મગ્ગ દાતા ત્રાતા દેવ દેવ લેખીએ.

છપ્પય છંદ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
ક્ષુધા તૃષા ભય દોષ× રાગ* જર મરણ જનમ મદ;
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
મોહ ખેદ પરસેદ, નિંદ વિસમય ચિંતા ગદ;
૧૭ ૧૮
રતિ વિષાદ એ દોષ, કહે અઠ્ઠાદશ દિક્પટ,
સો અલીક તિનમાંહિં, નહિં ગુણ, દૂષણ ઉદ્ભટ;

૧ મોક્ષ. × સોગ. * રોગ.

જો ભાવ ઘાતી દોષ હોઈ, તો જિનકો નરગતિ પ્રમુખ,
દૂષન અનંત વિલગે રહૈં, શિવ પદ દૂષક સુન વિમુખ ! ૧૯

કેવલીભુક્તિ. કેવલીનું શરીર સપ્ત ધાતુ સહિત છે.

ચોપાઈ

સપ્તધાતુવર્જિત જિન કાયા, પરમૌદારિક કહૈ સો માયા;
ભિન્ના નહિ વૈક્રી પરિ તાકી, સંઘયણાદિક ખંધ વિપાકી. ૨૦

પરમૌદારિક જો જિનવરકેં, મધ્યૌદારિક હૈ ગણધરકેં;
કહૈ કહા નહિ કલ્પન કારી, કિઉં ઔર તિ સરખે ગણધારી ? ૨૧

સપ્તહુ ધાતુ ગલૈં જિનવરકે, કેતે ધાતુ ગલૈં ગણધરકે ?
સપ્ત ધાતુ જિન નાણેં જાવૈ, મન નાણેં મુનિ કહો કહાં પાવૈ ? ૨૨

કેવલીનો કવલાહાર

જિન તનુ થિતિ નોકર્માહારેં, કહૈં મૂઢ તે ગૂઢ વિચારેં;
ઔદારિક થિતિ કવલાહારેં, દૃષ્ટિ હાની હુઈ અન્ય પ્રકારેં. ૨૩

કેવલીને અઘાતી કર્મ છે અને ૧૧ પરિષહ છે. આત્યંતિક ભૂખનો અભાવ નથી.

દોહરા

કહૈ કેવલી કર્મકોં, દગ્ધ-રજ્જુ સમ મૂઢ;
આગમ તિ જાનૈં નહીં, જો આઉ નામ[૨] દૃઢ રૂઢ. ૨૪

તત્વ ય પરિષહ કહૈ, જિનકોં પ્રગટ અગ્યાર;
તાકો અરથ મરોરતૈં, કયોં પામેં ભવ પાર ? ૨૫

---

૧ પાઠાંતર-અઘાતી ૨ શક્તિ.

સૂત્રનમેં પરિષહ નહીં, વૃત્તી લીયેા 'ન'કાર;
જે સંસો[1] ઉપજત નહીં તેા તુજ ભ્રમકેા ભાર. ૨૬

જિનકેાં ઇંદ્રિય વિરહતૈં, તનુ–ગત નહિં સુખ દુઃખ;
કહૈ જુ જીવ–વિપાક તસુ, ઊદૌ ફલૈ કુણ રૂખ? ૨૭

ખાઇકિ સુખ જિનકેાં કહૈ, કેવલજ્ઞાન સરૂપ
વેદનીયકે ખય ગયે, કુન ગુન? કહેા પશુરૂપ! ૨૮

ઉદય ભાવ ખાયિક ગન્યેા, જિનકેાં પ્રવચનસાર;
અર્ક તુલ પરિ તેા ફિરે, ક્રિયા રહિત નિરધાર. ૨૯

બૈઠેં ઊઠેં આસને, દેવૈ પ્રેરિત દેવ;
ઐસે હૈ કયેાં કલ્પના?, છેાડિ ન મિથ્યા ટેવ. ૩૦

કેવલનાણે જે ખગતિ,[2] મનનાણે કછુ હેાઇ;
કરમ વિકલ જે મેાહ બિનુ, યશ કીરતિ કયેાં જોઈ? ૩૧

અતિશય ભૂખ અભાવકેા, કહૈં સેા ગુરુ કુલહીન;
ભાવ અઘાતી કયેાં મિટૈ? ઘાતિ કીયે જે બીન. ૩૨

કેવલી-આહાર-સિદ્ધિ

કવિત્ત (સવૈયા) ઇકતીસા

કેવલી આહાર કરૈં જગૈ અગ્નિ અંતરકી,
વેદની આહાર શક્તિ તાકી તાહૈ[3] હીનતા;
હેતુકે સમાજતેં ઘટૈ જુ કાજ સાજ શુદ્ધ,
લાજ તહાં આજ લુંક હાનિ કહા દીનતા?

---

૧ સંસય. ૨ ખગ ગતિ. ૩ નાહિ.

અન્યથા ન અષ્ટ વર્ષ, બાલ કેવલી વિશાલ;
પૂર્વ કોટિ આઉ પાલ તાકેં વૃદ્ધિ બીનતા
વૃદ્ધિ પોષ દ્વોઈ ભાઈ! વર્ગણા કહાસોં પાઈ?
જ્ઞાનતૈં જુ આઈ તામૈં મુક્તિકી પ્રવીનતા. ૩૩

કેવલી-ભુક્તિ-સિદ્ધિમાં વાણીની સાક્ષરતા.

દોહરા

દિક્પટ-જિન બોલૈં નહીં, સિરતૈં ઉઠૈ નાદ;
કિરિયા બિનુ ઘટ-ધ્વનિ પરૈ, તામૈ કૌન સવાદ? ૩૪

શલાકા-પુરૂષોને નિહાર છે.

કહૈ શલાકા-પુરૂષકેં, નાહીં કબહું નિહાર;
તપતિ[1] લબ્ધિ સબકેં નહીં, એહુ અદૃષ્ટ પ્રકાર. ૩૫

બલ પુદ્ગલ તિનકેં જલૈ, રસ પુદ્ગલ જલિ જાઈ,
દ્વોઉ જલૈ તૌ ઉદરમેં, ભસ્મક વ્યાધિ ઉપાઈ. ૩૬

તે નર રંક ગહનિ કહૈં, ઉર કપોત પરિણામ;
એ આગમકે વચનમેં, કયેાં ન કરો વિસરામ? ૩૭

કહૈં સાધુ અપ્રમત્તકેં, નહીં આહાર બિહાર;
બાંડી સિદ્ધ-શિલા ભઈ, જહાં ન સાધુપ્રચાર. ૩૮

માનુષોત્તર પર્વતથી બહાર મનુષ્યગતિ છે.

બાહિર માનુષ-સૈલકે, ગએ હોઈ વ્રત-ભંગ;
યેાં કહિતૈં ચારણ બિના, કયેાં જલમેં શિવ સંગ? ૩૯

---

૧ તપનિ.

ભરતને ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન.

સોરઠા

દોઈ ઘડીકે ફેર, કેવલ પામેં ભરતકો,
ઇડો મોહકો ઘેર, ભાવ પ્રધાન ગનેં નહીં. ૪૦

વ્યવહારનયની આવશ્યકતા.

હરિગીત છંદ [ગીતા છંદ]

ચ્યારહું નિખેપે એક દ્રવ્યેં, કહે શ્રી જિન આગમેં,
જિઉં નામ ઘટત સંઠાણુ થાપન, દ્રવ્ય મૂદ ગુન ભાવમેં.
યેાં જીવ દ્રવ્યહ કેવલાદિક, ગુનહ દ્રવ્યત ભાવતેં,
દોઇ[૧] નિયમ પુદ્ગલ દ્રવ્યકેા, તૌતંત[૨] નહી વ્યભિચારતેં. ૪૧

જોઉ[૩] સમયસારેં અંત્ય દ્વારેં, મુગતિ લિંગ ન વેદતેં,
નિશ્ચય પ્રમાન[૪] વ્યવહાર ઇનતૈ,[૫] વસ્તુ ગુન-ગુનિ ભેદતૈં.
અધિગમ બિના સમ્યક્ત્વ માનૈં, દ્રવ્ય બિનુ ચારિત નહીં,
ચારિત બિના કહે સમકિતૈં શિવ, હુઠેં મતિ જાઈ વહી. ૪૨

અન્યલિંગી વેષે–સિદ્ધિ.

સુર કોઈ શિર પરિ વસ્ત્ર ડારૈ, જાઈ કેવલ તૌ ઘટી,
જો દ્રવ્ય બિનુ કેવલ નહીં, તૌ કેવલાવરણું પટી.
જો ભાવ–લિંગ પ્રમાન કીજૈ, ભેદ પનરહું તૌ ઘટૈ,
સિદ્ધાંત ભાખૈ સિદ્ધકે નર, તાસુ નિંદક ભવ અટૈ. ૪૩

---

૧ હોઇ, હૂવૈ. ૨ તત્ત. ૩ જો. ૪ પ્રમાણે. ૫ વ્યવહાર એતેં, વ્યવહરઇ તે.

સ્ત્રીલિંગ-સિદ્ધિ.

સ્ત્રીલિંગ–સિદ્ધ કહૈ ન કુમતેં, તાસ ચરણ નિવારીએ,
જે સંઘ પ્રવચનસારિ ચોવિહ, પઢયો સો ન વિચારીએ.
ચૌ ભેઅ જોલિં અજ્જિકા કરિ,[૧] પંચ હોવૈં અજ્જકેં,
યોં સંઘ લોપૈ સમય કોપૈ, દુર્મતી ન વિધી[૨] સકે. ૪૪

કવિત (સવૈયા) ઈકતીસા

પુણ્યકે કચોલ રંગ રોલકે નિચોલ સોલ,
શીલતૈં અડોલ જકી જાતિમેં મહાસતી,
જામેં જનતાતનકી માત અવદાત ગાત,
નમૈ જાકોં ઈંદ્ર જાતિ નિત્તહી મહીપતી.
દાનકે સ્વભાવ સાચે, તપકે પ્રભાવ જાચૈ,
[૩]નહીં ભાવ કાચૈ નાચૈ માચૈ સાધુ સંગતી,
ધર્મ–અવલંબિની જે દોષકી વિલંબિની,[૪]
[૫]નિતંબિનીહુ ઐસી તાકોં કયોં ન પંચમી ગતિ. ૪૫

દોહરા

મલ્લી સો કુમરી કહી, મલ્લીકુમર કહાઇ,
પુરૂષ સ્વરૂપેં દેખિયેં, પુરૂષ સ્વરૂપ ન માઇ.[૬] ૪૬

તિત્થંયર સ્ત્રી વેદકો, કયોં એકનકો બંધ?
ગુન–થાનક આકર્ષથી, એહુ અમારી સંધ.[૭] ૪૭

૧ ન લૈં અજ્જિકારિ. ૨ વધી. ૩ જાચે રાચે નહી ભાવ કાચે સાધુ સંગતી. ૪ નિતંબિની . ૫ હૈ ઐસી તાકોં કયોં ન માને પંચમી મહાગતી. ૬ માથી ૭ સંધિ.

બાહુબલિ કેવલીના જિનપ્રદક્ષિણા–વિનય,
તીર્થંકરનું વાર્ષિક દાન, કપિલ કેવલીનું નૃત્ય

તિત્થ પ્રણામ પ્રદક્ષિણા, થાનક વરષિક દાન,
પરહિત કરની પુણ્ય ફલ, કપિલ નૃત્યકો તાન. ૪૮

મલ્લિ અને નેમિ એ બે જિન કુમાર (કુંવારા),
અને દ્રૌપદીનું પંચભર્તૃકત્વ

દોહુ કુમર જિનજી કહૈ, પંચ કુમર કુન હેત?
પ્રિયા પંચકી દ્રૌપદી, માનૈ નહિં કુલકેત. ૪૯

સાધુનું પ્રતિગૃહ ભમી ભિક્ષાગ્રહણ;
સ્વાશ્રય વસતિમાં લાવીને જમવાનું નહિ

એકૈ ઘરિ ઊલો જિમેં, અઠાવીસ ગુન મૂલ,
અંતરાય કલ્પિત કહૈ, તે સબહી નિરમૂલ. ૫૦

કસ્તુરી આદિથી પૂજા.

કસ્તુરી અપવિત્ત કહૈ, વાદ્ય વજાવૈ કાંહિ?
કહુ કુંકુમ કર્પૂરકી, ગતિ આવૈ મનમાંહિ. ૫૧

જિન પ્રતિમાની પરિક્ષાપનિકા આદિ અંગ પૂજા

પ્રતિમા નગન ન સોહિયેં, પટ ભૂષન પહિરાઈ,
સ્નાત્ર વિલેપન ધૂપ મુખ, ભગતિહિ હેતુ કરાઈ. ૫૨

શિષ્ય કરૈ જયોં જિન કરૈ, તૌ કયોં દિકખત શીશ?
કયોં બોલત કેવલ બિના?, ન વિરાધૈ જગદીશ? ૫૩

---

૧ પંચકુમરનૈ હેત?

સમવસરણમાં જિનની નગ્નતાનું અદર્શન.

નગનદશા જિનવર ધરૈં, નગન દિખાવૈ નાહિં,
અંબર હરિ ખંધે[1] ધરૈ, ઉચિત જાનિ મનમાહિં. ૫૪

ગૌતમ સ્વામીએ સ્કન્દ પરિવ્રાજકનો સત્કાર કર્યો.

અરિલ્લ [અડયલ્લ-અડલ-અડલ્લ છંદ]

ગૌતમ સ્વામિ ગએ, ખંદકકેં લેનકો,
માનૈં નહિ મુનિ જાઈ, જુ સનમુખ જૈનકો.
ધર્મકે કારન કયેાં, અપવાદ ન માનહીં ?
ઐસિહિ ભાંતિસું હોવત બીજાધાનહી. ૫૫

જિનપ્રતિમા-પ્રક્ષાલન.

દોહરા

કયેાંરે કહૈ જિન થાપના, પ્રતિમા કયેાં ન પખાન?
સદ્ભાવાસદ્ભાવતેં, તાકો દ્વિવિધ વખાન. ૫૬

ગુરૂસ્થાપના.

જિન-વિરહૈં જિન બિંબકી, જ્યેાં થાપના પ્રમાન,
ગુરૂ-વિરહે ગુરૂ-થાપના, તૈસે કરૈં સુજાન. ૫૭

શત્રુંજય એ તીર્થ છે.

તૈસી ભગતિ ન વિમલગિરિ, જૈસી ગઢ ગિરનાર,
તીરથ-ક્રમ જાનૈ નહીં, કો[2] તસ બોધનહાર? ૫૮

---

૧ હરષઈ. ૨ કુન.

શુદ્ધોપયોગમાં પણ સાધુ દીક્ષા અને ઉપદેશ દઈ શકે છે

શુભ ઉપયોગી સાધુકૈં, શિષ્ય–દિકખ ઉવએસ,
ધ્યાન શુદ્ધ ઉપયોગમેં, નહીં અપવાદ અસેસ. ૫૯

કાય–ખેદ જો ધર્મમેં, સો ગૃહિ–ધર્મ–પ્રકાર,
તાકૈં કરત યતી નહીં, ભાખૈં પ્રવચનસાર. ૬૦

તાપરિ હમ યેાં કહત હૈં, કહા અપવાદી સાધુ ?
પંચમ ગુણથાનક ભજૈં, કૈ[1] અધિકાર હિ બાધ. ૬૧

પ્રથમ પચ્છ[2] અવિરતિ નહીં, તો વ્રતકો નહિ ભંગ,
દુતિય પચ્છ[2] જો પાપ હૈ, તૌ ગૃહિ કો કયેાં રંગ? ૬૨

હિંસા દોષ સ્વરૂપ જો, તૌ લુંપક–મત રજ્જ,
આગે પીછે દેખિકે, કયેાં ભાષો નહીં[3] અજ્જ ? ૬૩

વસુદેવની બોંતેર હજાર સ્ત્રીઓ.

વધૂ ભઇ વસુદેવકી, બહુત્તરિ સહસ ઉદાર,
અધિક ભયેા કહા ચક્કિતૈં, યેાં સંસય મત ધાર. ૬૪

બાહૂબલિ જ્યેાં અધિક બલ, ભરતહિ તૈં નિરધાર,
સેાભાગી વસુદેવ ત્યેાં, સબહીમેં સિરદાર. ૬૫

શ્રી વીરનો જમાલી નામે જમાઈ.

રાજ જમાલી વીરકો, કહ્યો જમાઈ સુત્તિ,
સેા ઉત્થાપ્યેા કુમતતૈં, વીર કુમર કહિ ધુત્તિ. ૬૬

---

૧ કહૈં ૨ પક્ષ, પછે ૩ મહા

ચંડરૂદ્રાચાર્યના શિષ્યને કેવલજ્ઞાન થયું.

ચંડરૂદ્રકે શીશકેાં, માનૈ કેવલ નાહિં,
જાનૈ નહિ છાંડૈ નહીં, સેા વ્યવહાર ઉછાંહિ. ૬૭

વ્યવહારની સ્થાપના.

ચૌવિહાર પચખાણ બિનુ, માનેં નહિં ઉપવાસ,
જાનૈ નહિં તિવિહારભી, દુબ્બલકેા અભ્યાસ. ૬૮

પરમ ક્રિયા આગે કરૈ, પ્રથમ ક્રિયા કેા ત્યાગ,
ચપલ ચિત્તતેં મૂઢ નર, નહીં બેાધ કે લાગ. ૬૯

કવિત (સવૈયા) ઇકત્તીસા

ભાષા જ્યેાં મલેછકી ન ભાખૈ વિપ્ર વેદ દાખૈ,[૧]
તાકૈ બેાધકે નિમિત્ત ભાખૈ સેાઉ પારસી;
તૈસે વ્યવહારકેાં ન શુદ્ધરંગી અંગીકરૈ,
લેવૈ શુદ્ધ સાધવે કેાં છાયા વ્યવહારસી;
અસે કહે કેાઉ તાંકેા દુષ્ટતાકે હેતુ જાનિ,
દુષ્ટ પુણ્યતામેં દેખૈ, કલ્પનાકી આરસી;
જ્યાંહી પર છાંહીં તાકી લિંગ સાધને બિછાહી,
જ્ઞાનિકેાં ઉછાહી માનૈ કયેાં ન જાનૈ છારસી? ૭૦

જૈસે કેાઉ મંદસત્વ આપકેા મમત્વ ગહૈ,
કહ મૈં ભખ્યું જો ભખ્ય તત્ત્વ ચક્રવર્તિકેા;
ખાયેા સેા અધાયેા પૈં ન પાયેા ચૈન તીવ્રતાતેં
જ્યેાં ન જુરાયેા આયે[૨] દાયે[૩] વૃંદ અતિકેા;

૧ પાત્ર. ૧ જાતેં. ૨ આધેા. ૩ ધાયેા.

તૈસે શુદ્ધરંગી અંગી તાંહીકો પ્રસંગી હોત,
માર્ગકો વિભંગી હોવૈ શ્વાન જન્મ ગત્તિકો;
જરૈ તાકોં શુદ્ધભાવ યાકોં યોગકો સ્વભાવ,
બાહ્ય હેતુકો પ્રભાવ પૂગૈ માર્ગવર્ત્તિકો. ૭૧

દોહરા

નિશ્ચય નય પહલેં કહૈ, પીછેં લે વ્યવહાર,
ભાષા કમ જાનૈ નહીં, જૈન માર્ગકો સાર. ૭૨

નહિ નિશ્ચયમેં શિષ્ય ગુરૂ, ક્રિયાક્રિયા ફલ યોગ,
કર્ત્તા નહિ ભોક્તા નહીં, વિફલ સબૈ સંયોગ. ૭૩

તાતેં, સો મિથ્યામતી, જૈન ક્રિયા પરિહાર,
વ્યવહારી સો સમકિતી, કહૈ ભાષ્ય વ્યવહાર. ૭૪

જો નય પહિલેં પરિણમેં, સોઈ કહૈં હિત હોઈ,
નિશ્ચય કયોં ધુરિ પરિણમેં ?, સૂખમ[1] મતિ કરી જોઈ. ૭૫

દિગંબરોની રીત.

કવિત્ત (સવૈયા) ઇકતીસા

ઉંચી ઉંચી બાતકોં દિખાવૈ ના સિખાવૈ મગ્ગ,
અંતલોં તિખાવૈ[2] સો ચખાવૈ ન સુખાસિકા;
થોરેતે[3] આરંભે પૈં નિવાહલેં જો થંભૈ ન,
અચંભૈ દંભકે વિલંભૈ તાકી સિદ્ધિ આસિકા;
કુલસો અમૂલ શુદ્ધ નિશ્ચયીકો મૂલ પૈં,
સુગંધતાકો જાનૈ વ્યવહાર વૃત્તિ નાસિકા;

૧ સૂખ્યમ (સૂક્ષ્મ) ૨ ભિખાવૈ. ૩ થોરે જો.

ખોજન અગમ્મ સોહૈ કિરિયા અલગ્ગ જો હૈ,
પાગ જૈસે નગ્નકોં વિલજ્જતા પ્રકાશિકા. ૭૬

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને નય મુખ્ય છે.

અડિલ્લ (અડયલ્લ-અડલ્લ) છંદ

દ્રવ્યારથ નય સંગત આપ સ્વભાવમેં,
જો રાચ સો માચૈ સ્વસમય ભાવમેં;
પર્યાયારથ નયમેં જો રંગી રમૈ,
તે પરસમયી ભાખે[1] પ્રવચનસારમેં, ૭૭
પક્ષપાત યોં એકહું નયમેં જો કરૈ,
સ્યાદ્વાદ સરવંગી તે નવિ ચિત્ત ધરૈ;
એક પચ્છ વેદકો દ્વન્દ્વે બુદ્ધકો,
ખપ્પર દોઉમેં ભેદ ન શુદ્ધ અશુદ્ધકો. ૭૮
નિજ નિજ વચને સત્ય, અસત્ય નયંતરેં,
સબહી નય હૈ સરખે વર્જિત અંતરે;
એક ભાવ નિરધારૈ સો નહિ પંથમેં,
સિદ્ધસેન યોં ભાખૈ સંમતિ ગ્રંથમેં. ૭૯

પર્યાય તે ગુણ છે; તેથી ગુણાર્થિક નય જુદો નથી

દોહરા

કહૈ સ્વભાવ વિભાવતેં, ગુનકે[2] દો પરયાઉ,
લહૈ ન પરિણતિ દ્રવ્યકી, જીવ સિદ્ધકે ન્યાઉ. ૮૦
ગુન વિભિન્ન નહિં દ્રવ્યતેં, કુન તાકે પર્યાય ?
સહભાવી પર્યાયકો, ગુન અભિધાન કહાય. ૮૧

---

૧ ભાષા. ૨ ગુનકે.

જો ગુન ત્રીજો ભાવ હૈ, તૌ ત્રીજો નય હોઇ,
સો તૌ પ્રવચનમેં નહીં, સંમતિ સાથે[1] જોઇ. ૮૨

નય સાત છે, નવ નહિ.

નવહી નય નયચક્રમેં, દ્રવ્યારથ મુખ ઇઠ્ઠિ,
તત્વારથમેં સાત હૈં, દેવસેન કહાં દિઠ્ઠિ? ૮૩

તત્ત્વ સાત નવ જો કહે, ત્યોં નહિ નયકી બાત,
એહુ વિભક્ત વિભાગ હૈ, સો તૌ કારન જાત. ૮૪

જો હઠતેં[2] નવ નય કહો, ગહત દ્રવ્ય પરજાય,
'અર્પિયણુર્પિય'[3] ભેદતેં, એકાદશ હુઇ જાય. ૮૫

જો સંગ્રહ વ્યવહારમેં, 'અર્પિયણુર્પિય' ઇઠ્ઠિ,
આદિ અંત નય થોકમેં, પજ્જવ દ્રવ્ય નિવિઠ્ઠ. ૮૬

ઉપનય નયકો અંશ હૈ, કહૈ વિભિન્ન કુવંશ,,
ઉપપ્રમાણુ માનૈ નહીં, ક્યોં પ્રમાણુકો અંશ? ૮૭

સમય પર્યાયની કાલદ્રવ્યતા,

સવૈયા તેઇસા

કાલ અણુકેં[4] કહૈ યોં અસંખ્ય અસંખ્ય પ્રદેશ આગાશહિ લોકે,
મંદગતી અણુ સંક્રમ ગમ્ય સમૈ પર્યાય કે દ્રવ્ય વિલોકે;
વસ્તુ બિના થિર જન્મ વિનાશિ, સમૈ પરયાય સધૈ નહિં થોકે,
સો તૂં ન જાનત કાલ સિતંબર, યોંહિ પુકારત દિક્પટ ફોકે. ૮૮

---

૧ સાખે. ૨ હઠમેં. ૩ અર્પિતાનર્પિત. ૪ અણુ.

સૂખમ વર્તન રૂપ સમૈ સુતૌ,[૧] જીવ, અજીવ હિકે પરયાયા
તાહિકે દ્રવ્ય તો જીવ અજીવહિ, કાલકે દ્રવ્ય અનંત કહાયા;
સૂખમવર્તન હેતુ જુ[૨] ચાહુ તો,[૩] કયોં ગતિ હેતુ ન તૈસેં સુહાયા?
જો ગતિ હેતુ હૈ એક સાધારણ, એકહિ ખંધ સમૈ તુમ્હ પાયા. ૮૯

ઉપરનો ઉપસંહાર

સોરઠી (સોરઠી દોહરા)

ગતિ થિતિ હૈં જુ વિભાવ, તાકો હેતુ વિલોકિયૈ;
વર્તન સર્વ સ્વભાવ, બાહ્ય હેતુ તાકો નહીં ૯૦

જ્યૌં પજ્જવ ગુણ દ્રવ્ય, ત્રિવિધ અર્થ વ્યવહારતેં;
ત્યૌં કહિયે ષટ દ્રવ્ય, પજ્જવ કાલ પ્રમાણતેં. ૯૧

કાલ દ્રવ્ય કહું એક, તહાં અનપેક્ષિત દ્રવ્ય નય,
તત્ત્વારથ સુવિવેક, વૃત્તિકાર વિગતેં વદે. ૯૨

શ્રી વીરે મેરૂને ચળાવ્યો.

ચોપાઈ

જનમ કલ્યાણક સમય સુહાયા, મેરૂ અચલ જિન વીર ચલાયા,
'યાતો વાત ન મનમેં આવૈ', મુગ્ધનકેં યોં કહિ દિખલાવૈ. ૯૩

દેવબલેં ધરની યા કંપૈ, તાકેં શાશ્વત કૌન ન જંપૈ?
દેવબલેં ભાવે[૪] જો સાંસો, દેવદેવ-બલ કહા[૫] વિમાસો? ૯૪

શ્રી મુનિસુવ્રતપ્રભુનો ગણધર અશ્વ હતો!

મુનિસુવ્રતકેં ગણધર ધોરા, એસો કહે સો જાનૈ થોરા,
ચૂકૈ નહિં અસમંજસ બોલૈ, સો સંતનમેં તૃણકે તોલૈ. ૯૫

---

૧ સુનો, સુ તુ. ૨ જો. ૩ તો. ૪ નાવે. ૫ ઈહાં.

સદા સત્ય સેતંબર બાની, કહાં કહૈં મુનિસુવ્રત જ્ઞાની,
પ્રતિષ્ઠાનપુરમાંહી આએ, દેવ મિલી ગઢ તીન બનાએ. ૯૬

પૂરવ ભવકો મિત્ર પ્રમાણ્યો, અશ્વમેધસે વધકો[1] આણ્યો,
દેખ્યો અશ્વ તાસ ઉપકારી, રતિહિમેં પ્રભુ ચલે વિહારી. ૯૭

પ્રાત સમય પ્રભુજી ભૃગુકચ્છૈ, સમવરણ બૈઠે ગુણ અચ્છૈ,
પૂરવ ભવ કહિ અશ્વ પ્રબોધ્યો, તહાં ઓરકો ચિત્ત ન સોધ્યો. ૯૮

પ્રભુ પાસે અનશન લૈ વાજી, ભયો દેવ સહસ્રાર સમાજી,
સુવ્રતકી[2] પ્રતિમા તિન કીની, અશ્વમૂર્તિ સેવક કર દીની. ૯૯

નામ–અશ્વ–અવબોધ કહાયો, તેહુ તીર્થ જગમાહિં ગવાયો,
શત્રુંજયમાહાતમ માંહીં, ભાવ સુનો એ ભવ્ય ઉછાંહી. ૧૦૦

કુન ગણધર ઇહાં ઘોરો ભાખ્યો ?, ઝૂઠો આલ મુગધને દાખ્યો,
આંખિકો ઔષધ કાને વાહે, તાકેં કુન ગહિ બાંહ નિવાહે ? ૧૦૧

સવૈયા તેઇસા

જંગમ તિત્થ તુરંગમ સંગમ, રંગ મહાનિધિકારન જાની,
તાકે પ્રયોજન યોજન સાઠિ, નિશાહિમેં આયે જુ નિર્મલ જ્ઞાની,
અચ્છ મહી ભૃગુકચ્છ સુલચ્છન, પાવન કીની સુધાખરિ[3] વાની,
તાકે નમો મુનિસુવ્રતકે પદ, સંપદ કારન તારન પ્રાની. ૧૦૨

અડસઠ અક્ષરનો નવકારમંત્ર

દોહરો

મહામંત્ર નવપદ કહૈ, કહૈ પંચ પદ આન,
ગોમટસારાદિક ધુરે, નવ પદ લિખૈ પ્રમાન. ૧૦૩

---

૧ અશ્વમેધ સિંધવકૂં ૨ સુવરણકી ૩ ખીર

જ્યેાં ચૂલા બિનુ શ્રુત નહીં, ત્યેાં ન મુંડ[1] નવકાર
જે સંખેપહિ[2] આદરે, જયહુ એક ઓંકાર ૧૦૪

શ્રુત સબહીમેં પંચ પદ, નવ પદ શ્રુત મહામંત,
શુદ્ધ પરંપર બુધ લહૈ, એ જિનશાસન તંત. ૧૦૫

ચૂલા વર્ણ બતીશકી, કહેં સુ સબહિ અજાન,
અડસઠ અક્ષર કવચમેં, કહૈ જુ મંત્ર પ્રમાન. ૧૦૬

નવ અકખર પદતેં નહીં, તહાં છંદકેા ભંગ,
ઐસે બહુ પદ દેખિયૈ, આગમ માંહિ સુચંગ.[3] ૧૦૭

તીર્થંકરની દેશના અર્ધ-માગધીમાં

દેવદેવ ઓર દેવ સબ, અર્ધ-માગધી વાણિ,
ભાખે સત્યારથ વચન, પંચમ અંગે જાણિ. ૧૦૮

ઔર કહૈ જિન ભાખહી, સર્વ માગધી વાણિ,
તા મેં સાખી કૌન થે!?, કહા લાભ કહા હાણિ? ૧૦૯

સ્વર્ગ મધ્યે તીર્થંકરદેવની દાઢાની પૂજા

દંત રહિત જિન માનતૈં, યાકેા નહિ કછુ લાજ,
સૌ માનૈ નહિ દાઢ તસ, પૂજૈં જે સુરરાજ. ૧૧૦

નીચ કુલેાત્પન્નની પણ સિદ્ધિ

કહૈ જુ તંત્ર સમાધિતેં, જાતિ લિંગ નહિ હેત,
ચંડાલાદિક જાતિકૌં, કયેાં નહિં મુક્તિ સંકેત? ૧૧૧

---

૧ મુક ૨ સંખેપૈં ૩ સુઅંગ

ગુન–થાનક પ્રત્યય મિટૈ, નીચ ગોત્રકી લાજ,
દર્શન જ્ઞાન ચરિત્રકો, સબહી તુલ્ય સમાજ. ૧૧૨

કૌન જાતિ અધિકારિણી ?, નહિં તો કહો[૧] પ્રમાન,
બ્રહ્મ[૨] જાતિ બ્રાહ્મણ[૩] વદૈ, ક્ષત્રિય ક્ષત્રિય માન.[૪] ૧૧૩

ત્રાણ નહીં કુલ જાતિ કછુ, વિદ્યાચરણ વિહીન,
સૂગડાંગકો વચન યહ, કયોં ન કરો મન લીન ? ૧૧૪

વીર પ્રભુનો ગર્ભાપહાર

કરમ ભાવ પ્રભુકો રહ્યો, નીચ ગોત્ર અવશેષ,
તાતેં દ્વિજ ઘરિ અવતરે, તહાં કરૈ જડ દ્વેષ. ૧૧૫

વીર પ્રભુના બે પિતા હોવામાં દોષ નથી, ત્રિશલાનું અસતીત્વ નથી.

દોષ નહીં દોઉ તાતકો, ક્ષેત્ર ઔજકે ન્યાય;
શીલ ભંગ નહિ માતકો, ગર્ભ ન વીર્ય કહાય. ૧૧૬

અત્ર પાત્ર પરિનામ હૈ, પય તૃણ કો પરિનામ;
દ્રવ્ય ભિન્ન પૈ ભિન્ન ગુન, ગર્ભ ન વીરજ નામ. ૧૧૭

કરમ ભાવ પ્રભુકું કહૈં, જો આવૈ તુમ્હ લાજ;
સદા સિદ્ધ તો માનિલો, કહા જનમકો કાજ ? ૧૧૮

કલ્યાનક દો ઘરિ કિયે, કલ્યાનક ષટ્ હોત;
સો દૂષન હમકો નહીં, સો[૫] દિન ગણિત[૬] ઉદ્યોત. ૧૧૯

૧ કોન. ૨ બ્રહ્મા. ૩ બ્રાહ્મણ ૪ હાનિ થાન. ૫ તહ, કહાં. ૬ ગણ,

સુરકૃત કલ્યાણક નહીં, ઋષભરાજ-અભિષેક;
વીર-ગર્ભ-અપહારમેં, ત્યોં ન કલ્યાણક ટેક. ૧૨૦

નૈગમેષિકી શકિત હૈ, રોમ કૂપમેં ગર્ભ;
સંક્રમ કરત હિ અપહરૈ, સો નહિ માનત અર્ભ. ૧૨૧

બાહુબલિએ કેવલી થયે તીર્થંકરની પ્રદક્ષિણા કરી વિનય કર્યો

કહેં બાહુબલિ કેવલી, નમ્યો વૃષભકે પાય;
બૈઠો દેઈ પ્રદક્ષિણા, કહૌ ન ઝૂઠ બનાય. ૧૨૨

અપ્રમત્તતા હુ જહાં, તહાં ન વંદન[1] ભાવ,
ઉચિત પ્રવૃત્તિ ન છારહી, તૌ ભી જિન[2] સદ્ભાવ. ૧૨૩

શ્રી વીરે છીંક ખાધી.

છીંક ન માનૈ વીરકેં, કર્મ વૈદ્યકેા ભાવ;
ફરસન કેાં દરસન કહૈં, સેા તૌ કુટિલ સ્વભાવ. ૧૨૪

હરિવર્ષ ક્ષેત્રાદિમાં યુગલિકનું આનયન.

હરિ હરિની હરિવર્ષકે, યુગલ હરૈ સુર કેાઈ,
મથુરા નગરી રાજ્ય દિઈ, કરૈ દેહ લઘુ સેાઈ. ૧૨૫

દિવ્ય શકિત તબતેં ભયેા, હરિકેા વંશ વિશાલ;
ઐસેા અચરિજ ભાવિએ, હેાત અનંત હિ કાલ. ૧૨૬

કાલ અનંત અનંતતેં, યુગલ યુગલ અપહાર;
શૂન્ય હેાત[3] હરિ ખેત યેાં, ક્રમ કહૈ વિચાર. ૧૨૭

---

૧ બંધન. ૨ જન. ૩ કૌન.

તહાં કહૈ સિદ્ધાંત હમ, જૈસો યુગલ અપહાર;
તસો પૂરન તાહિકો, કાલ બહૂ નિરધાર. ૧૨૮

એક રૂપ અચરિજ નહીં, સદા કહૈ દશ સંખ્ય;
કાલ અનંત અનંતતેં, હોત અસંખ્ય અસંખ્ય. ૧૨૯

સૌધર્મ દેવલોકમાં ચમરોત્પાત

કહૈ ચમરકી ગતિ નહીં, શક્ર લગૈં નિરધાર;
તાકોં કોપ કૃતાંતકો, ભગવઈ અંગ વિચાર. ૧૩૦

શ્રી વીરનો અનાર્ય દેશમાં વિહાર; દેવ મનુષ્ય વચ્ચે ભોગ

દેશ અનારય મેં નહીં, વીર વિહારઅશુદ્ધ;
મનુષિણિ દેવ ન ભોગવૈ, કહૈ સો વચન વિરુદ્ધ. ૧૩૧

શ્રી વીરનું પ્રથમ વ્યાખ્યાન વિફલ થયું

સુદિ વૈશાખ દશમ દિને, વીર ઉપન્નો જ્ઞાન;
શ્રાવણ સુદિ પડવા દિને, આપુન કિયો બખાન. ૧૩૨

છાસઠ દિન મૌની રહ્યુ, ભાખૈ એમ અજાણુ;
એકહુ સભા અભાવિતાં, હમ હૈ વચન પ્રમાણુ. ૧૩૩

મૌન અભાવિત જાનિકે, માનહુ અધિક દુ માસ;
એક સભા તૈસી કહત, કયેાં લાગત તુમ્હ પાસ ? ૧૩૪

ઠવૈં દેવ જિન વિચરતે, સાત કમલ પગ હેઠિ;
કહૈં ભૂમિ પરિ ગગનમેં,[1] તે દેવનકી વેઠિ. ૧૩૫

---

૧ પરિગમનમેં.

પાઉં ધરૈ જહાં ધરણિ પરિ, તહાં કમલકો કાજ;
કમલ ગગન ઊપરિ ચલૈ, કહાં અન્યો સો સાજ? ૧૩૬

તીર્થંકરની માતાને ચૌદ સ્વપ્નનું દર્શન

સોલ સુપન જિન માતકૈં, સોલ કહૈં સુરલોક;
ઇંદ્ર મિલત શત માનહી, તે સબહી મત ફોક. ૧૩૭

બત્રીશ અતિશય જુદાં કરવાં યોગ્ય નથી.

બહલે અતિશય તીસ ચઉ, કહૈ જુ ગુરુ કુલ રીતિ;
તો અદ્રશ્ય આહાર વિધિ, દાખત પાવૈ ભીતિ. ૧૩૮
[પાઠાન્તર :
બહલે અતિશય તીસ ચઉ, વામેં ભૂખ અભાવ,
અતિશય કહે કરી વર્ણવે, સો નિજ પચ્છ સ્વભાવ ૧૩૮

ચર્મજલપાને દોષ નથી અને ઘૃતપકવ સુજતું છે.

ભુગતિ-રહિત જિનવર કહૌ, બલિ ઢૌકન કુન હેત?
ચર્મ-નીર ઘૃત પકવકું, કૌન દોષ કહુ લેત? ૧૩૯

મરૂદેવી નાભિ બંને જુગલીયાં, ને તેથી શ્રી ઋષભ જીનનો જન્મ.

મરુદેવી ઔર નાભિકો, યુગલ ધર્મ નહિ દોષ;
દશાયુ સનમુખ ધર્મકી, કરૈ ધર્મકો પોષ. ૧૪૦
સુરનર વિહિત[1] વિવાહકો, જબલોં નહિં વ્યવહાર;
પ્રભુકેં ભી તબલોં નહિં, યુગ્મ ધર્મ અધિકાર. ૧૪૧

કવિત્ત (સવૈયા) ઇકતીસા

સાધુ પાત્રધારી તેનાં ઉપકરણોની સ્થાપના.

સાધુકેં કુપાત્ર કોઉ કહૈ પાત્રધારી નાહિં,
છાત્રસો પઢયો હૈ કોપૈં ગાત્રકૂં ન માનહી,

૧ રહિત.

પાત્રધારી નાહિં લબ્ધિ પાત્ર ઔર પાત્રધારી,
એહ રીતિ નીતિ જ્ઞાતાસૂત્રતેં પ્રમાનહી,
ગ્લાનકેાં આહાર દાન પાત્ર બિનુ કૈસે હેાત?
ગૃહી પાત્ર ભુંજૈ તૌ ગૃહસ્થ ભાવ ઠાનહી,
પાહૂનેકી ભકિત યુકિત પાત્રહીતેં કરૈ સાધુ,
પિંડકી સંસકિત પાત્ર વિના કૈસે જનહી? ૧૪૨

સવૈયા તેઈસા

શૌચકૈ કારણ રાખૈ કમંડલુ, પાત્રકેા છેારિ કહા ગુન પાયેા?
વીછિસિ પિંછી ધરી તજિ ઓઘે કેાં, ઔરસુ મૂઢન વેષ બનાયેા;
તપ લબ્ધિ લગૈં જોહિ કમંડલુ, પાત્ર લબ્ધિ લગૈં પાત્ર સુહાયેા,
જૈનકેા ભૂષણ જૈનકેા વેષ હૈ, ઔર ધરે કહા હાથમેં આયેા? ૧૪૩

દોહરા

વાલ અગ્ર પુદ્ગલ ધરૈ, મુખિ ભાષત હૈ દોષ;
ધરેા કમંડલ પિચ્છિકા, કહા કરૌ કંઠ–સોષ? ૧૪૪

ઉપધિ સહિત નહુ શુદ્ધ હૈં, જ્યેાં તંદુલ તુષવંત;
એકુ એક[1] મન શુદ્ધતા, કહૈ ભાષ ભગવંત. ૧૪૫

કહૈ કેાઉ પચખાનકેા, ઉપકરણૌં વ્હૈ ભંગ;
દોહાહારાદિક વિષેં, તાસ ન ઉચિત પ્રસંગ. ૧૪૬

રૌદ્ર ધ્યાન મૂર્છા પ્રમુખ, સબ સરિખે તહઁ દોષ;
યતનાસેાં નિર્દોષતા, એ સુવચન શત કેાષ. ૧૪૭

---

૧ પખ

દ્રવ્યાદિક ચૌભંગસોં, ધરૈ ન મૂર્છા સાધુ;
એ ચૌવિહ પચખાનકો, એકહુ અર્થ અગાધુ. ૧૪૮
શુદ્ધ યૈાગ અપવાદતેં, કહૈ ઉપકરણ સુમંદ;
ઉપચરિતાડનુપચરિતમેં સાધનતા સમદંદ.[1] ૧૪૯
મૂર્છા બાહ્ય પ્રવૃત્તિમેં, જો તુહ્ય કહેા કુપકૂખ,
ભેાજન તજિ અનશન ભજો, ઐસે હેાત સુદકૂખ. ૧૫૦
ધ્યાન દીપકેા તૈલ જો, ભેાજન કરૌ પ્રમાણ;
તૌ નિવાત પદ ઉપકરણ, માનૌ કર્યો ન અજ્ઞાન? ૧૫૧

કવિત્ત (સવૈયા) ઈકિત્તીસા

પાપકે ઓઢૈયા મહા મેાહમેં પેાઢૈયા છૈયા,
દૈયા દૈયા કરૈં દેખિ સાધુકે વસનકેાં;
છિદ્રકે કઢૈયા નિંદા ચર્મકે મઢૈયા માયા માનકે,
દઢૈયા લાગૈ લેાકસે હસનકેા;
અંગકે પઢૈયા ગુણશ્રેણિકે ચઢૈયા, શુદ્ધ શીલકે,
દઢૈયા કહૈં ધર્મ ઉલ્લસનકેાં,
ઝૂઠકે લઢૈયા સત્ય થંભકે ગઢૈયા ભૈયા,
વસ્ત્ર પાત્ર હેતુ સાચે કાયા ભી કસનકેં. ૧૫૨

દેાહરા

શીત ત્રાણ કલ્પક ધરૈ, કંબલ વર્ષા ત્રાણ;
મુખવસ્ત્રે તેં રાખિયેં, જે સંપાતિમ પ્રાણ. ૧૫૩
બૈ સજ્જનમેં રાખિયે, ચેાલપટ્ટતેં લાજ;
ઉચિત ધર્મ આચારમેં, નીર્લજકેાં નહિં લાજ. ૧૫૪

---

૧ સમ મંદ

આઠ ભેદ જિન કલ્પકે, એક કહૈ સો મૂઢ,
નગન દિખાવૈ સો તજૈ, વસ્ત્ર નાહિં એ ગૂઢ. ૧૫૫

જિનાગમો વિદ્યમાન છે

અબ સિદ્ધાંત ઉચ્છિન્ન હૈ, ઈસો કુમતિકો નાચ,
પૈં સંવાદ વિના કહા, પાવૌ પ્રકરન સાચ? ૧૫૬
ઔર સિદ્ધાંત જુ તુહ્મ કહો, પાઠ દિખાવો તાસ,
જબ પ્રકરણ તુહ્મ ગુરૂ કિયે, તબ જો હુતે[1] પ્રકાશ. ૧૫૭

હેમરાજ પાંડેના ૮૪ બોલ સામે આ ઉત્તર છે

[2]હેમરાજ પાંડે કિયે બોલ ચુરાસી ફેર,
યા વિધિ હમ ભાષા વચન, તાકો મત કિય[3] જેર. ૧૫૮
હૈ દિક્‌પટકે વચનમેં, ઔર દોષ શત સાખ,
કેતે કાલે ડારિયે, ભુંજત દધિ ઔર માખ. ૧૫૯

સત્યાગ્રહી બનો

પંડિત સાચો સદ્દહૈ, મૂરખ મિથ્યા રંગ,
કહતે સો આચાર હૈ, જન ન તજૈ નિજ ઢંગ.[4] ૧૬૦
સત્ય વચન જો સદ્દહૈ, ગહૈ સાધુકો[5] સંગ,
વાચક જસ કહે સો લહૈ, મંગલ રંગ અભંગ. ૧૬૧

ઈતિ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત
ઈતિ શ્રી
દિક્‌પટ ચોરાશી બોલ પ્રત્યુક્તિઃ સમાપ્ત

૧ હોત ૨ હેમચંદ્ર ૩ મતકું ૪ વંગ ૫ સજ્જનકો

આધારભૂત પ્રતોની નોંધ

આ પુસ્તકમાં પ્રકટ થયેલી કૃતિઓ સંશોધિત કરવા અર્થે જે પ્રતોનો આધાર લીધો છે, તેની નોંધ અત્રે આપવામાં આવે છે :—

સ્તવન પદ વિભાગ

૧ **ચોવીશી** પહેલી—મુંબઈથી ઝોડીજીના ઉપાશ્રયની પ્રત. પત્ર ૭ નં. ૭૪૪ કે જેને અંતે લખેલ છે કે 'સા દેવચંદ ચતુરા પઠનાર્થં' શ્રી રાજનગરે સં. ૧૮૫૫ ચૈ. વ. ૧૧ શનૌ.'

૨ **ચોવીશી** બીજી—છાપેલ પુસ્તકમાંથી

૩ **ચોવીશી** ત્રીજી—મુંબઈના પાયધુની પરના શ્રી મહાવીર મંદિરમાંના 'જિનદત્તસૂરિ ભંડાર'માં પોથી ૬ નં. ૨૧ ની ૧૨ પત્રની પ્રત કે જેમાં છેલ્લું ૧૩મું પત્ર નથી. તેની આદિમાં 'પંડિત શ્રી લાભવિજય ગણિ ગુરૂભ્યો નમઃ॥' એમ લખ્યું છે. શ્રી લાભવિજયજી તે કર્ત્તાના પ્રગુરૂ હોવાથી આ પ્રત તેમના શિષ્ય એટલે કર્ત્તાના ગુરૂ શ્રી નયવિજયજીએ લખેલી હોય ને તે કર્ત્તાના સમયમાં જ લખાયલી હોય. આ પ્રત પરથી શુદ્ધિ વૃદ્ધિ જે છે તે શુદ્ધિ વૃદ્ધિ પત્રકમાં બતાવી છે.

૪ **વીશી** (૧) અમદાવાદ વિદ્યાશાળા ભંડાર, ડબ્બો નં. ૪૫ પ્રત નં. ૧૦.

(૨) મુંબઈ ઝોડીજી ઉપાશ્રય ભંડાર, પ્રત નં. ૧૦૩૧ પત્ર ૯ કે જેની અંતે એમ છે કે 'સં. ૧૮૫૭ના શાકે ૧૭૪૦ પ્રવર્ત્તમાને મૃગસીર શુદિ ૬ તિથૌ ગુરૂવાસરે લ૦ મુનિ મુક્તિવિજય શ્રી ખેરાલુ મધ્યે લખ્યો છે. શ્રી ઋષભદેવ પ્રસાદાત્'

(૩) મુંબઈ શ્રી મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરીમાં સ્તવન સંગ્રહ નામની સં. ૮૨ની પ્રત 'લ૦ સં. ૧૮૭૧ માણેકવિજયેન'

૫ **નવનિધાન સ્તવનો**—

(૧) અમદાવાદ વિદ્યા૦ ડબ્બો નં. ૪૪ પ્રત નં. ૧૩

(૨) પાટણ ફોફલીયાવાડા ભંડારની પ્રત.

૬ **વિશિષ્ટ જિન સ્તવનો**

૭ **સામાન્ય જિન સ્તવનો** (પદો)

૮ **આધ્યાત્મિક પદો**

(૧) મુંબઈ ઝવેરીજી ઉપાશ્રયની પ્રત નામે જશવિલાસ પત્ર ૫ નં. ૯૯૬

(૨–૩) અમદાવાદ ડેહલાનો ઉપાશ્રય બે પ્રત બી. ડા. ૪૫ નં. ૧૪૩ અને પત્ર ૬ નં. ૧ ૬

(૪) લીંમડી શેઠ આ. ક. જૈન પુસ્તક ભંડાર જશવિલાસ અને વિનય વિલાસની પ્રત ૬ નં. ૨૦૨૮

(૫–૬) અમદાવાદ વિદ્યા૦ દા૦ નં. ૩૯ નં. ૮૧ પત્ર ૩૧ કે જેને અંતે એમ છે કે:—'સંવત ૧૯૨૪ના વર્ષે ચૈત્ર વદ ૧૦ વાર શુક્રે લિ૦' તથા દા. નં. ૪૪ નં. ૫ પત્ર ૧૩ની પ્રત કે જેને અંતે એમ છે કે 'સંવત ૧૭૭૫ વર્ષે ભાદ્રપદ સુદી ૫ રવૌ દિને લિખીતં મોઢ જ્ઞાતિય પંડયા દ્વારકાદાસેન'.

(૭–૧૦) અમદાવાદ પગથીઆનો ઉપાશ્રય ભઠીની બારીની ચાર પ્રતો.

(૧૧) અમદાવાદ શ્રી વીરવિજય ઉપાશ્રય ભંડાર, દા. ૧૭ નં. ૩ પત્ર ૫ ની પ્રત.

૯ **સિદ્ધસહસ્ત્ર નામ વર્ણન છંદ**

(૧) મારી પાસેની એક પ્રતમાંથી

(૨) શ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભાગ ૨, એ નામના છાપેલ પુસ્તકમાંથી

(૩) અમદાવાદ ડહેલાના ઉપાશ્રયના ભંડારની એક પ્રત,

૧૦ **મૌન એકાદશીનું ૧૫૦ કલ્યાણક સ્તવન**

(૧-૨) અમદાવાદ વિદ્યા૦ ડબા નં. ૩૯ પ્રત નં. ૭૬ (પાનું ૧૯) અને ડબા નં. ૪૫ પ્રત નં. ૧૦ એ બે પ્રત, કે જેમાંની એકને અંતે એમ છે કે 'સંવત ૧૮૧૭ વર્ષે કાર્તિક વદિ ૧૨ ગુરૌ પં. ભાગ્યચંદ્રજી તત્ શિષ્ય મુનિ રાજસાગરેણ લિખિતં.'

૧૧ **નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિ જિન સ્તવન**

અમદાવાદ વિદ્યા૦ ડબો નં. ૩૯ પ્રત નં. ૭૬ (પાનું ૮૫)

૧૨ **નિશ્ચય વ્યવહાર ગર્ભિત સીમંધર સ્વામી સ્તવન**

(૧) અમદાવાદ વિદ્યા૦ ડબો ૪૪ પ્રત નં. ૧૦

(૨) મુંબઈ ઝવેરીજી ઉપાશ્રય પ્રત નં. ૧૦૨૬ પત્ર ૨ કે જેની અંતે એમ છે કે 'સંવત ૧૮૨૩ ના વર્ષે પોસ વદિ ૪ રવા ખંભાયતિ બિંદરે મુનિ પ્રેમસાગરજી લપિકૃતં'

૧૩ **સીમંધર સ્વામી સ્તવન** (૧૨૫ ગાથાનું)

(૧-૪) અમદાવાદ વિદ્યા૦ ડબો ૩૯ નં. ૭૬ (પાનું ૧૪૨) ડબો ૪૪ પ્રત નં. ૧૨, ડબો ૩૯ પ્રત નં. ૭૯, ડબો ૪૫ પ્રત નંબર ૧૦

(૫) બેડાની ટબાવાળી ૨૧ પત્રની પ્રત કે જેની અંતે એમ છે કે-'ટબાનઉ ગ્રંથાગ્રથ શ્લોક ૪૨૦ સુત્ર ૧૫૫ સર્વ થઈ નઈ ગ્રંથાગ્રંથ ૫૭૫ શ્રી ઉપાધ્યાય જસવિજયકૃતં પરમ સંવેગ શુદ્ધ માર્ગ દીપિકામિયં ઇતિશ્રી સંવત ૧૭૮૦ વર્ષે ભાદ્રપદે કૃષ્ણપક્ષે તિથિ એકાદશી શનીવારે યામની યામમેક ગજે શ્રીમંધર સ્વામિ વિનતિ સ્તવનં સંપૂર્ણ લષિતં । શ્રાવિકા રૂપાં પદનાર્થે । શુભં ભવતુ ॥'

(૬-૯) મુંબઈ ગોડીજી ઉપાશ્રય ભંડાર, નંબર ૭૪૫ પત્ર ૭, ૭૫૫ પત્ર ૬, નં. ૧૦૬૮ પત્ર ૫, નં. ૧૨૨૧ પત્ર ૯ એમ ચાર પ્રતો.

૧૪ **હુંડીનું વીરપ્રભુ સ્તવન** (૧૫૦ ગાથાનું)

(૧) અમદાવાદ વિદ્યા. ડબો ૩૯ પ્રત નં. ૭૬ પાનું ૧૪૭

(૨) ખંભાતથી મળેલ ગુટકો તેમાં પત્ર ૮ 'લિ૦ મુનિ દુલિચંદ ખરતર૨ ગચ્છઇ'

(૩) મુંબઈ ગોડીજી ઉપાશ્રય ભંડારની પત્ર વિજયકૃત ટબાવાળી પ્રત નં. ૭૦૫ પત્ર ૬૮ કે જે સં. ૧૬૧૫ ભાદ્રવા વદ ૧૨ સોમની મુંબઈમાં લખાયેલી છે.

૧૫ **સીમંધર સ્વામી સ્તવન** (૩૫૦ ગાથાનું)—

(૧) ખેડાની જ્ઞાનવિમલસુરિના ટબાવાળી પત્ર ૬૫ ની પ્રત કે જેની અંતે એમ છે કેઃ—સંવત ૧૭૮૬ વર્ષે વૈશાખ સુદિ ૧૩ રવૌ દિને લિખિતમ્! શુભં ભૂયાલ્લેખકપાઠકાનાં.

(૨) તેજ ટબાવાળી પ્રત મુંબઈ ગોડીજી ઉપાશ્રય પત્ર ૭૦ નં. ૬૧૯ કે જેને અંતે જણાવે છે કે 'સં. ૧૭૬૨ લિખિત"

(૩) મુંબઈ ગોડીજી ઉપાશ્રય પત્ર ૯ નં. ૧૨૨૧

સ્વાધ્યાયાદિ વિભાગ

૧૬ **આનંદઘનજીની સ્તુતિ રૂપ અષ્ટપદી.** છાપેલમાંથી

૧૭ **શ્રી ગણધર ભાસ.** એક પ્રત પત્ર ૧ ની મુનિ જશવિજય પાસેથી.

૧૮ **સાધુવંદના** પાટણના ફોફલીઆવાડાના ભંડારની પ્રત પત્ર ૮ દા૦ ૮૨ નં. ૧૭૬ 'સંવત ૧૭૬૬ વર્ષે ભાદ્રવા વદ ૭ બુધવાસરે'

૧૯ **સમ્યકત્વના ૬૭ બોલ સ્વા૦**

(૧) વિદ્યાશાળા ભં. અમદાવાદ દા૦ નં. ૪૫ નં. ૧

(૨) ખંભાતનો ગુટકો

(૩) પ્રાચીન સઝાયમાળા

(૪) લીમડી આ૦ ક. ભંડારની પ્રત ૧ પરથી

૨૦ આઠ યોગદૃષ્ટિ સ્વાધ્યાય

(૧) તત્કાલિન પ્રત. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી પાસેની દા. ૩ નં. ૪૨ પત્ર ૫ કે જેમાં આદિમાં 'ા ૬૦ ।। સકલ પંડિત પ્રધાન પંડિત શ્રી પ્રીતિવિજય ગણિ ગુરૂભ્યો નમઃ ।। એં નમઃ ।।' એમ છે ને અંતે સંવત ૧૭૩૬ વર્ષે વૈશાખ વદિ ૫ ને શનિવાસરે। મહોપાધ્યાય શ્રી શ્રી શ્રી ૨૧ શ્રી શ્રી શ્રી દેવવિજય ગણિ શિષ્ય પંડિત શ્રી ૧૬ શ્રી માનવિજય ગણિ તત્ શિષ્ય પં. શ્રી પ્રીતિવિજય ગણિ તત્ શિષ્ય મુનિ કેશરવિજયેન લિપીકૃતં ।। સા થાનસિંઘ સિંઘજી વાચનાર્થ''

(૨) વિદ્યાશાળા ભં. અમદાવાદ દા. નં. ૪૫ નં. ૫

(૩) મારી એક જુની પ્રતપરથી સુધારેલી છાપેલ પ્રત

(૪) જ્ઞાનવિમલસૂરિના ટબાવાળી પ્રત ।। 'સકલ ભટ્ટારક પુરંદર ભટ્ટારક શ્રી શ્રી ૧૦૮ શ્રી વિજયક્ષમાસૂરિશ્વર ચરણુરજ સમાન । તત્ શિષ્ય પં. જીવવિજય ગણિ શિષ્ય વિનીતવિજય ગણિ તત્ લઘુભ્રાતા પં. હર્ષવિજય ગણિ વાચનાર્થં ! સંવત્ ૧૮૧૪ના શાકે ૧૬૭૯ પ્ર૦ જેષ્ટ સુદિ ૬ ભોમવાસરે શ્રી નવખંડાપાર્શ્વ પ્રાસાદાત્ શ્રી ધનો (ધ) બંદર ચાતુર્માસાં તૃતીયં સંલગ્નકૃતં મુંબઈ શ્રી મહાવીરસ્વામી મંદિરાંતર્ગત જિનદત્તસૂરિ ભંડારપોથી ૮ નં. ૬ પત્ર ૨૩ કે જેનાં પ્રથમનાં ત્રણ પત્ર નથી.

(૫) શ્રી જ્ઞાનવિમલકૃત ટબ્બાવાળી પ્રત 'લ. દવે કરસનજી વેલજી સંવત ૧૯૨૪ વર્ષે કાર્તિક માસે શ્રી ભાવનગર મધ્યે શ્રી ઋષભદેવ પ્રાસાદાત્' પત્ર ૩૭ મુંબઈ મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી નં. આ. ૧૨.

૨૧ અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય—

(૧–૨) અમદાવાદ વિદ્યાશાળા ભંડાર દા. ૪૫ નં. ૧ લ. સં. ૧૭૯૧ મધુ માસે સિત ૫ થી તથા દા. ૪૫ નં. ૫

(૩) પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયના જૈન જ્ઞાનમંદિર વડોદરાની ૬ પત્રની (૪) મુંબઈ ઝોડીજી ઉપાશ્રય ૭ પત્રની નં. ૧૦૫૪ (૫–૬) ઝીંઝુવાડા ઉમેદખાંતિ જૈન જ્ઞાનમંદિરની ૮ પત્રની લ. સં. ૧૮૭૦ નં. ૪૦૫,૧ તથા પાંચ પત્રની લ. સં. ૧૮૩૭ નં. ૪૦૫/૨

૨૨ શ્રી પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સ્વાધ્યાય—

(૧) ઝીંઝુવાડા ઉમેદખાંતિ જૈન જ્ઞાનમંદિરની પત્ર ૭ ની પ્રત કે જે તત્કાલીન લાગે છે કારણ કે આદિમાં 'ઐં નમઃ શ્રી પરમગુરવે નમઃ' એમ લખ્યું છે અને ઐંકાર એ કર્તાનો ખાસ આદિ શબ્દ છે.

(૨) અમદાવાદ વિદ્યાશાળા ભં. દા. નં. ૪૫ નં. ૧ લખી 'સંવત ૧૭૬૧ વર્ષે વૈશાખ સુદિ ૧૪'

૨૩ અગિયાર અંગની સ્વા૦—

(૧) અમદાવાદ વિદ્યાશાળા દા. નં. ૪૫ પ્રત નં. ૫

(૨) મારી પાસેની પ્રત પત્ર ૪ લ. સં. ૧૮૨૫

(૩) પાટણથી આવેલ પત્ર ૬ ની પ્રત.

૨૪ **પિસ્તાલીસ આગમ નામ સ્વા૦—**

(૧) લીંબડીના ભંડારની પ્રત

(૨) મારી પાસેની એક પ્રત

૨૫ **સુગુરૂની સજ્ઝાય.**

(૧) જૂની સજ્ઝાયમાલા અમદાવાદમાં સં. ૧૯૩૪ માં છપાયેલી (૨) સજ્ઝાય પદ સ્તવન સંગ્રહ

૨૬ **પાંચ કુગુરૂની સજ્ઝાય.**

(૧) પાટલ ફોફલીયાવાડાની પ્રતમાંથી મેં ઉતારેલી નકલ.

(૨) સજ્ઝાયપદ સ્તવન સંગ્રહ

૨૭ **ચડયા પડયાની-હિતશિક્ષા સ્વા૦—**

(૧) અમદાવાદ ડહેલાના ઉપાશ્રયની બે પત્રની બી. દા. નં. ૪૫ નં. ૧૧૧

(૨) ખંભાતના ગુટકા પરથી

(૩) ઝીંઝુવાડા ઉ. ખાં. જૈન જ્ઞાનમંદિર પત્ર ૩ નં. ૪૦૮

(૪) પાટણની એક પ્રત

૨૮ **અમૃતવેલિની નાની સજ્ઝાય** (અપ્રકટ)

(૧) મારી પાસેની એક પ્રતમાંથી

(૨) પાટણના ૧ ગુટકા ઉપરથી

૨૯ **અમૃતવેલિની મોટી સજ્ઝાય—**

(૧) ઝીંઝુવાડા ઉ. ખાં. જૈન જ્ઞાનમંદિર પત્ર ૨ ની નં. ૩૯૫

૩૦ **જિન પ્રતિમા સ્થાપન સ્વાધ્યાયો—**

(૧) પાટણની પ્રત

(૨) મુનિ જશવિજય પાસેની પ્રત

(૩) મેં હસ્તલિખિત પ્રત પરથી ઉતારેલી નકલ.

૩૧ **સ્થાપના કલ્પ સ્વાધ્યાયો**—મારી ઉતારેલી પ્રત છાપેલમાંથી

૩૨ **તપાગચ્છાચાર્યની સજ્ઝાય**
૩૩ **સમકીત સુખડલીની સજ્ઝાય**
૩૪ **ગુણસ્થાનક સજ્ઝાય**
૩૫ **તુંબડાની સજ્ઝાય**

આચાર્ય વિજયમેઘસૂરીશ્વરજી તરફથી મળેલ હસ્તલિખિત પ્રતિઓ પરથી

૩૬ **ચાર આહારની સજ્ઝાય**—
(૧–૨) અમદાવાદ વિદ્યાશાળાનાં ભં. દા નં. ૪૫, પ્રત નં. ૧, તથા દા. નં. ૪૫, પ્રત નં. ૫.

૩૭ **સંયમશ્રેણિ વિચાર સજ્ઝાય**—
(૧) કવિના સમયની મારી પાસેની પ્રત.
(૨) અમદાવાદ વિદ્યાશાળા ભં. દા. નં. ૩૯, પ્રત નં. ૭૬.
(૩) લીંબડી આ. ક. ભંડારની પ્રત.

૩૮ **યતિધર્મ બત્રીશી**–મુંબઈ ગોડીજી ઉપાશ્રયની પ્રત નં. ૧૨૨૮.

૩૯ **સમતા શતક**
૪૦ **સમાધિ શતક**
(૧) પાટણની એક પ્રત.
(૨) મુંબઈ ગોડીજી ઉપાશ્રય પ્રત નં. ૯૭૭.
(૩) મુનિ જયવિજયની પ્રત પત્ર ૯ ની પોથી નં. ૮૧, નં. ૧૩ 'સંવત ૧૯૦૧ ના વર્ષે અસાઢ માસે કૃષ્ણપક્ષે તિથૌ સેં. ગુરૂવાર લખિતંગ ભોજક વસંત પાનાચંદ પઠનાર્થ ઠાકોર છગન અમુલષ.

૪૧ **સમુદ્રવહાણ સંવાદ**—
(૧) ખેડાની પત્ર ૭ ની સુંદર પ્રત મારી પાસે છે તે પરથી તેની અંતે 'પંડિત શ્રી શ્રી દેવવિજય શિષ્યાદિ મુનિ લક્ષ્મીવિજયલષતં પઠનાર્થ'.
(૨) શ્રી બુદ્ધિસાગરકૃત ભજન પદ સંગ્રહ.

૪૨ **અગ્યાર ગણધર નમસ્કાર**—મુનિ જશવિજય પાસેની એક ફાટેલ પ્રત પત્ર ૧ ની.

૪૩ શ્રી જિન-ગીત
૪૪ શ્રી વર્ધમાન જિન સ્તવન } આચાર્ય વિજય મેઘસૂરીશ્વરજી તરફથી મળેલા પાના પરથી

૪૫ શ્રી પંચપરમેષ્ઠિગીતા—

(૧) મુનિ જશવિજયના ભાવનગર વડવાના ભંડારની નં. ૫૦૧ ની પ્રત 'સંવત્ ૧૮૯૮ ના જ્યેષ્ઠ વિદિ ૧૨ ભૌમેઃ લિષિતા શ્રી સ્તંભતિર્થેશ શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી પ્રસાદાત્' પત્ર ૧૪.

(૨-૪) મુંબઈ ગોડીજીપાર્શ્વનાથ ઉપાશ્રયમાં આધુનિક લખાયેલી ત્રણ પ્રતો દરેક ૯ પત્રની નં. ૧૦૭૧, ૧૦૭૨ અને ૧૦૭૩.

૪૬ શ્રી જંબુસ્વામિ બ્રહ્મગીતા

(૧) મુનિ જશવિજયજી પાસેની પત્ર ૩ ની પોથી નં. ૫૨ પ્રત નં. ૫૪

(૨) મુંબઈ ગોડીજી ઉપાશ્રયની આધુનિક લખાયેલી પત્ર ૩ ની નં. ૧૦૭૫

(૩) આચાર્ય શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજીની પ્રત પરથી

૪૭ સમ્યક્ત્વ ષટ્-સ્થાન સ્વરૂપની ચોપઈ

(૧) પ્રવર્તક શ્રી કાંતિવિજયજીની કવિના સ્વહસ્તાક્ષરની પ્રત પત્ર ૪ થી ૭ (પ્રથમના ત્રણ પત્ર નથી)

(૨) મુનિ જશવિજયની પત્ર ૧ દા૦ નં. ૧૨૬૧ કે જેમાં ક્યાંક ક્યાંક સંસ્કૃતમાં ટિપ્પણો લખ્યાં છે તે આ પુસ્તકમાં મૂકેલાં છે.

(૩) છાપેલ જૈન કથારત્નકોશ ભાગ

૪૮ શ્રી ઋષભદેવ ચોરાશી બોલ—મુનિ જશવિજયજીની પ્રત

—મો. દ. દેસાઈ.

આ પુસ્તકમાં આપવામાં આવેલ પૂર્વે અમુદ્રિત કૃત્તિઓની નોંધ—

૧	પૃ૪	૮૪	શ્રી નેમિનાથ	જિન-સ્તવન. (તુજ દરિશન દીઠું અમૃત મીઠું લાગેરે યાદવજી)
૨	,,	૯૩	શ્રી પાર્શ્વનાથ	,, (નયરી વારાણુસી જાણીયે હો, અશ્વસેન કુલચંદ)
૩	,,	૯૮	શ્રી ગોડી	,, (ગોડી પ્રભુ ગાજીરે, ઠકુરાઈ છાજીરે)
૪	,,	૯૯	શ્રી ચિંતામણી	,, (શ્રી ચિંતામણિ પાર્શ્વજીરે, વાત સુણો એક મોરી રે)
૫	,,	૧૦૫	રાજનગર મંડનશ્રી મહાવીર	,, (શ્રી વર્ધમાન જિનરાજીયારે, રાજનગર શણગાર રે)
૬	,,	૧૦૮	,,	,, (સમરીએ સરસ્વતી વરસતી વચન સુધા ધણી રે)
૭	,,	૧૧૦	,,	,, (સુણ સુગુણ સનેહીરે, સાહિબા ત્રિશલાનંદન અરદાસ રે)
૮	,,	૧૧૨	શ્રી સીમંધર જિન	સ્તવન. (શ્રી સીમંધર સ્વામસ્યું જી, શ્રી શ્રેયાંસકુમાર)
૯	,,	૧૧૩	તારંગામંડન અજિતનાથ	,, (આનંદ અધિક ઉચ્છાહ ધરી દિલમાં ધર્યો હો લાલ ધરી દિલમાં ધર્યો)
૧૦	,,	૧૧૮	કુમતિલતા ઉન્મીલન	સ્તવન. (ભરતાદિકે ઉદ્ધારજ કીધો શત્રુંજય મોઝાર)
૧૧	,,	૧૧૯	સામાન્ય જિન	સ્તવન. (પ્રભુ મેરે અયસી આય બની)
૧૨	,,	૧૨૫	શ્રી અભિનંદન જિન	સ્તવન. (અભવકરણ જિનરાજ વિરાજે)
૧૩	,,	૧૨૬	શ્રી સુપાર્શ્વનાથ જિન	સ્તવન. (આજો દેવ સુપાસજીરે સાહિબ! તું સુલતાન)

૧૪	પૃષ્ઠ ૧૨૭	મલકાપુર મંડન સ્તવન.	(સુનિએ હો પ્રભુ સુનિએ દેવ સુપાસ)
૧૫	,, ૧૨૮	ઉન્નતપુર મંડન શ્રી શાંતિનાથ જિન સ્તવન.	(સરસતિ વરસતિ વયણ અમિય નમી)
૧૬	,, ૧૩૦	શ્રીકલ્હારા પાર્શ્વનાથ જિન સ્તવન	(પાસજી હો પ્રભુ પાસ કલ્હારા દેવ)
૧૭	,, ૧૩૧	આંતરોલીમંડન શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિ	(વાસુપૂજ્ય જિનરાજ વિરાજે)
૧૮	,, ૧૪૧	શ્રી નેમ રાજુલ ગીત (૬)	(રાજુલ બોલઈ સુનુહુ સયાનીરે)
૧૯	,, ૧૪૫	શ્રી ઋષભદેવ જિન સ્તવન.	(ઋષભ જિનરાજ મુજ આજદિન અતિ ભલો)
૨૦	,, ૧૫૨	આધ્યાત્મિક પદ	(પવનકો કરે તોલ ગગન કો કરે મોલ)
૨૧	,, ૧૫૫	,,	(શિવસુખ ચાહો તો ભજો ધરમ જૈનકો સાર)
૨૨	,, ૧૭૮	હરિઆલી	(કહિયો પંડિત ! કોણ એ નારી, વીસ વરસની અવધિ વિચારી)
૨૩	,, ૨૯૯	શ્રી ઇંદ્રભૂતિભાસ	(પહેલો ગણધર વીરનો)
૨૪	,, ૩૦૦	શ્રી અગ્નિભૂતિભાસ	(ગોબર ગામ સમુદ્ધ)
૨૫	,, ૩૦૦	શ્રી વાયુભૂતિભાસ	(ત્રીજો ગણધર મુઝ મન વસ્યો)
૨૬	,, ૩૦૧	શ્રી વ્યક્ત ,,	(ચોથો ગણધર વ્યક્ત તે વંદિઇ)

૨૭	પૃષ્ઠ	૩૦૨	શ્રી સુધર્માસ્વામીસ્તુતિભાસ	(આવો આવો ધરમના મિત્તાજી)
૨૮	,,	૩૦૪	સાધુવંદના ઢાલ ૮	(પ્રણમું શ્રી ઋષભાદિ જિનેસર)
૨૯	,,	૪૧૩	૪૫ આગમના નામની સજ્ઝાય	(અંગ ઈગ્યાર ને બાર ઉપાંગ)
૩૦	,,	૪૨૮	ચડયા પડયાની સજ્ઝાય.	(ચડયા પડયાનો અંતર સમઝી)
૩૧	,,	૪૩૪	અમૃતવેલિ નાની સજ્ઝાય	(ચેતનજ્ઞાન અજુઆલજે, ટાલજે મોહ સંતાપરે)
૩૨	,,	૪૩૯	શ્રી જિનપ્રતિમા સ્થાપના સજ્ઝાય	(જિમ જિન પ્રતિમા વંદન દીસે)
૩૩	,,	૪૪૦	,,	(સત્તર ભેદ પૂજા સાંભલી ક્યું કુમતિ! જગધંધે)
૩૪	,,	૪૪૧	,,	(પંચ મહાવ્રતતણીરે ચારિ, ત્રિવિધ ત્રિવિધ જે ભાખી)
૩૫	,,	૪૪૫	સમકીત સુખલડી સજ્ઝાય	(ચાખો નર સમકિત સુખલડી)
૩૬	,,	૪૪૬	ગુણસ્થાનક ,,	(હોયે મિથ્યાત્વ અભવ્યને, કાળ અનાદિ અનંતોરે)
૩૭	,,	૪૪૭	તુંબડાની સજ્ઝાય	(સાધુજીને તુંબડું વહોરાવીયુંજી)
૩૮	,,	૫૧૬	૧૧ ગણધર નમસ્કાર	(પહિલો ગણધર ઇંદ્રભૂતિ વસુભૂતિ મલ્હાર)
૩૯	,,	૫૧૯	શ્રી જિન-ગીત	(મેરે સાહિબ તુમહિ હો, જીવન આધારા)
૪૦	,,	૫૨૦	શ્રી વર્ધમાન જિન સ્તવન	(સરસતિ સામિણી પાએ લાગો)

શુદ્ધિદર્શન

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૪	૨૧	સુજ	મુજ
૫	૫	°નજરે	°નજર
૭	૧૧	મિસી	મસી
૧૦	૮	શીજ રે	શીશ રે
૧૦	૯	જગરીશ રે	જગદીશ રે
૨૧	૬	પ્રતિ	પ્રીત
૨૧	૧૦	બાંહ્ય	બાંહ
૨૨	૧૨	અભિતંદન	અભિનંદન
૨૩	૪	સુમતિતાથ	સુમતિનાથ
૩૩	૬	ઉમગ	ઉમંગ
૩૭	૧૬	કચ્યનવાન	કંચનવાન
૪૩	૪	આસિય	અસિય
૫૭	૧૫	જમનનો	જનમનો
૫૮	૫	ધાતકીખંડ	ધાતકીખંડ
૬૦	૧૭	સુજ	મુજ
૬૦	૨૦	ધાતકીખંડ	ધાતકીખંડ
૬૪	૧	મદ્માવતીનો	પદ્માવતીનો
૭૪	૧ થી ૫	સંભવ જિન સ્તવન સ્તવનની શુદ્ધિદર્શનમાં છેલ્લે આપ્યા મુજબ સમજવી	
૭૮	૧૬	દંડ રે	દંદ રે
૮૬	૧૧	૭૮ા	૭૮ા
૧૦૮	૨૨	મજ	મુજ
૧૧૭	૫	નઋત	નૈઋત
૧૨૧	૯	શ્રત	શ્રુત

પાના નં.	લીટી ન.	અશુદ્ધ	શુદ્ધ
૧૨૧	૧૦	વિયય	વિષય
૧૫૬	૨૧	આશતના	આશાતના
૧૬૧	૬	અહવા	એહવા
૧૬૧	૨૧	પચ્છિ	પચ્છિમ
૧૬૬	૧૪	દાબડા	દાબડા નં. ૪૫ પ્રત
૧૬૭	૧૯	પેખેવેરે	પેખવેરે
૧૬૮	૨	નિશ્ચય	નિશ્ચય
૧૬૯	૪	થાયો	થાયે
૧૬૯	૫	ખાઓ	ખાએ
૨૦૩	૮	છોડો	છાંડો
૨૦૪	૨	સમાચારી	સામાચારી
૨૦૭	૭	ધટે	ઘટે
૨૦૭	૧૫	વચમે	વચને
૨૦૮	૯	વિયયાને	વિનયાને
૨૦૯	૩	પરિણિત	પરિણુત
૨૧૫	૭	આઅમ.	આતમ.
૨૨૧	૧૩	નિર્ધન્ય	નિર્ધન
૨૨૩	૨	લજ્જાદિકથી	લજ્જાદિકથી
૨૨૯	૧૮	તન્નતે	પન્નતે
૨૩૦	૩	સંદેહે	સંદેહ
૨૩૫	૬	દશવકાલિકે	દશવૈકાલિકે
૨૩૫	૧૬	અવણ	અવર્ણ
૨૪૩	૧૯	શ્રતપરિગ્રહ	શ્રુતપરિગ્રહ
૨૪૪	૫	ગ્રથ	ગ્રન્થ
૨૪૪	૧૫	નિથીથે	નિશીથે
૨૪૫	૯	ગણુનાધિક	ગણુનાદિક

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૨૪૫	૧૧	માનો	માને
૨૪૫	૪	અદ્રક	ભદ્રક
૨૪૬	૧૫	બહુશ્રત	બહુશ્રુત
૨૫૧	૧૭	જિનશાશન	જિનશાસન
૨૬૧	૬	અબહુશ્રત	અબહુશ્રુત
૨૬૨	૯	એનો	એહનો
૨૬૮	૪	આતમભા બહિંસનથી	આતમભાવ હિંસનથી
૨૬૮	૧૯	યુચ	મુત
૨૭૦	૬	આધાકર્માદિક	આધાકર્માદિક
૨૭૧	૨	મલ્લને	મલ્લિને
૨૭૩	૯	શુભક્રિયથકી	શુભક્રિયાથકી
૨૭૫	૯	ઉપદેય	ઉપાદેય
૨૭૮	૫	વહે	લહે
૨૭૮	૧૮	ગીતરથનો	ગીતારથનો
૨૭૯	૮	તીવ્રરંભ	તીવ્રારંભ
૨૮૦	૮	ભવવિરતિ	ભાવવિરતિ
૨૮૦	૨૦	સોલએએ	સોલમોએ
૨૮૧	૧	ગથાનું	ગાથાનું
૨૮૧	૭	આચર્યું	આચર્યું
૨૮૨	૩	આલોચણું	આલોયણું
૨૮૩	૧૪	ગુણ ી	ગુણથી
૨૮૫	૫	વહીજે	લહીજે
૨૮૬	૩	દૂષ	દૂષ
૨૮૮	૨૦	નિગ્રંથ	નિગ્રન્થ
૨૯૦	૬	માંગ	માગ
૨૯૫	૧૦	આનંદનધન	આનંદઘન

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૩૦૩	૧૪	તરિ	તારિ
૩૦૪	૧૫	વઈરાગી,	વઈરાગી લાગી,
૩૦૫	૧૪	ભદ્રા	ભદા
૩૦૬	૧૭	વિણિ	વિષ્ણિ
૩૧૨	૨	અણુંદરકિખય	આણુંદરકિખય
૩૧૫	૯	દુવ્વાલયા	દુવ્વલયા
૩૧૭	૧૦	સમકિનદાયક	સમકિતદાયક
૩૧૯	૧	સ્વાધ્યાય	સ્વાધ્યાય
૩૨૩	૩	સામો	સાતમો
૩૨૪	૬	પાચમું	પાંચમું
૩૨૫	૧૦	ભવ	ત્રીજે ભવ
૩૨૬	૧૬	ઢળ	ઢાળ
૩૩૦	૧૦	જૂજૂઆ	જૂજૂઆં
૩૩૭	૧૩	ભેલીડા	ભોલીડા
૩૪૨	૧૬	ગણુ રે	ગણું રે
૩૪૨	૧૬	કર્યો	કર્યાં
૩૪૩	૧૧	ભયાદિકજી	ભયાદિકેજી
૩૪૫	૨૧	કિંયાક	કિંપાક
૩૪૮	૧	૪૪૮	૩૪૮
૩૪૯	૪	ધાતના	ઘાતના
૩૫૧	૧૯	માનાં	માનો
૩૫૩	૩	પીવક	પીવત
૩૫૪	૭	કહ્યુ×	કહ્યું
૩૫૬	૧૧	તાભ	તાજે
૩૬૦	૧૫	-સિદ્ધોષ-	-સિદ્ધોષ-
૩૬૦	૧૫	વિલમ્બઃ	વિલમ્બઃ

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૩૬૧	૭	સ્તુત	સ્તુત
૩૬૩	૩	ચતર	ચૈતર
૩૬૭	૯	ઉલ્લસે	ઉલ્લસે
૩૬૮	૧૪	રાતનો	રાતિનો
૩૬૯	૯	સત્તલ	સત્તમ
૩૭૦	૫	અતિચારથી	અતિચારની
૩૭૦	૧૧	પડિલેહ થી	પડિલેહણથી
૩૭૬	૩	ઉસ્સારાનો	ઉસ્સાસનો
૩૮૧	૯	ઉપયોગ	ઉપયોગ રે
૩૮૨	૧૮	ઉપાર	ઉપરિ
૩૯૧	૫	જિમાટી રે	જિમાડી રે;
૩૯૩	૧૨	આખરે	આખે રે
૩૯૩	૨૧	રીસેરે.	દીસેરે. ૫ હરી.
૩૯૫	૫	નહિ-	નહિજી-
૩૯૬	૮	તુમ	તુઝ
૩૯૬	૧૧	આછેહ	અછેહ
૩૯૮	૭	લેધિ	વેધિ
૩૯૮	૧૧	અચિચાર	અતિચાર
૪૦૦	૯	સાંભ ો	સાંભલો
૪૦૨	૩	હર્ષસું જી	હર્ષ શું જી
૪૦૩	૧૧	એગુણુત્તરા,૨ રે૩	એગુણુત્તરા,૨ અણેગુત્તરા રે૩
૪૦૫	૪	સુહાય રે;	સુહાયા રે;
૪૦૫	૧૧	કલ્યાણુ	કલ્યાણે
૪૦૬	૨૨	સામયિક	સામાયિક
૪૧૩	૧૭	ઉલ્સા	ઉલ્લસા
૪૧૫	૧૧	શ્રત	શ્રુત

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૪૧૬	૩	રંચન	કંચન
૪૧૬	૩	પથખિયે	પરખિયે
૪૧૭	૧૧	થાપે	થાપે કુમત
૪૧૮	૪	નિ તો	નિરતો
૪૧૮	૧૧	કલ્પત	કલ્પિત
૪૨૩	૮	પરપર	પરંપર
૪૨૫	૨૦	લિ	બિ
૪૨૬	૧૨	સ્કાટ–	સ્ફોટ
૪૨૬	૧૫	નિવિષ્ટાઃ	નિવિષ્ઠાઃ
૪૨૭	૧૨	વિસ્ફુર યોગં	વિસ્ફુરદુપયોગં
૪૨૮	૧૪	ભેલવીયા	ભોલવીયા
૪૨૯	૧૫	કેલનું	કેહનું
૪૩૦	૨૧	ગાથત્ઓ	ગાથાઓ
૪૪૨	૧૨	બધિ	બધી
૪૪૪	૪	બાવર્ત્ત઼ઇ	આવર્ત્ત઼ઇ
૪૪૪	૪	ચિહું	બિહું
૪૪૫	૧૭	દુઃખી–	દુઃખ
૪૫૮	૪	અંધ;	અંધ;
૪૬૦	૮	શ્રતભી	શ્રુતભી
૪૬૯	૭	નિગ્રંથ.	નિગ્રંથ.
૪૭૨	૧૯	ભાર	સાર
૪૭૫	૪	ભાવિ	ભવિ
૪૭૯	૧૧	મંહો	માંહો
૪૮૦	૧૩	માલતઃ	માલતા
૪૯૦	૪	કકિન	કઠિન

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૪૯૦	૨૨	ઘેધ રેા	બેાધરેા
૪૯૨	૧૨	લિ ભલવંતેા	લિ એ ભલવંતેા
૪૯૨	૧૮	જલ જલ	જલ
૪૯૨	૨૨	ખ પે	ખંપે
૪૯૪	૧૮	જગવતી	જગાવતી
૫૦૨	૬	ધુરધુરે,	ધુરધુરે,
૫૦૨	૧૭	ધુમરમાં	ધુમરમાં
૫૦૩	૧૯	લે ફૂછે	ફૂલે છે
૫૧૦	૨૨	ગને	ગયે
૫૧૦	૨૨	ણુયેા	ભયેા
૫૧૧	૫	અંસુર	અંસુક
૫૧૨	૧૩	વિસ્તા	વિસ્તારે
૫૨૭	૯	આમાયી	અમાયી
૫૨૭	૧૫	શાસ્હા	શાસ્તા
૫૨૯	૧૬	દે;હી	દેાડી
૫૩૦	૧૩	કાંઈ	કેાઇ
૫૩૧	૨૧	માનમાં	માનતાં
૫૩૩	૧૨	અગેાગર	અગેાચર
૫૩૭	૨	આણુ	આણુા
૫૩૯	૧૬	શ્રત	શ્રુત
૫૪૦	૨	શ્રતવૃદ્ધ	શ્રુતવૃદ્ધ
૫૪૩	૧૩	વાવક	ભાવક
૫૪૬	૧૫	નરમ હિ	નરમાંહિ
૫૫૫	૧૪	ન્યાયેન	ન્યાયેન
૫૫૬	૨૦	યદ્દતાં	યદ્દતો

પાના નં.	લીટી નં.	અશુદ્ધ	શુદ્ધ
૫૫૭	૫	એનુગત	અનુગત
૫૫૭	૮	અનુપદ્ધાનતા	અનુપાદ્ધાનતા
૫૫૭	૧૫	દ્વોખ	દ્વોષ
૫૫૭	૧૬	રાગદ્વિક	રાગાદિક
૫૫૮	૭	ત્રટે	ત્રુટે
૫૫૮	૮	સમણુવે	સમભાવે
૫૫૮	૧૯	રૂચે	રૂચે જે
૫૫૮	૨૨	રાનેન	રાગેન
૫૫૯	૧૧	ટકે	ટળે
૫૫૯	૧૧	કરસનો	કરમનો
૫૫૯	૧૭	વસ્વાયાં	વસ્થાયાં
૫૫૯	૨૦	અનાદ્	અનાદિ
૫૬૦	૫	ભ્રાંત	ભ્રાંત
૫૬૧	૨૧	નિત્ય	નિત્યા
૫૬૩	૫	સ્થેા	સ્થૈા
૫૬૬	૨૬	ઇમાં	ઇહાં
૫૬૯	૧૦	દંખેજી	દેખેજી
૫૭૩	૬	નિન્હવતં	નિન્હવતૈં
૫૭૪	૧૪	રમુગ્રીવ	રમુગ્રીવે
૫૭૪	૧૬	દેવં	દેવૈ
૫૯૨	૩	ટે	ટે
૫૯૬	૯	કર્યો	કર્યો
૫૯૮	૨૨	૧૮૫૭	૧૮૭૫
૫૯૯	૧૧	૧૬	૧૦૬
૬૦૪	૯	પાટલ	પાટણ

શ્રી સંભવનાથ ભગવાનનું સ્તવન

(રાગ ગોડી) [૫૬–૪૪]

સંભવ જિન જબ નયન મિલ્યો હો.
પ્રકટે પૂરવ પૂણ્ય કે અંકુર;
તબ થેં દિન મોહે સફલ વલ્યો હો.
અબ થેં વિષય પંક કલ્યન મેં;
બોહર બોહર નહીં જાઉં કહ્યો હો. ૧. સં૦
અંગનમે અમિયેં મેહ વૂઠે,
જન્મ તાપકો વ્યાપ ગલ્યો હો;

[આ સ્તવન દરેક સ્થાને સાડાચાર કડીમાં છપાયું છે એમાં પહેલી કડી અડધી છે. જ્યારે ડહેલાના ઉપાશ્રયની એક હ. લિ. પ્રતમાં પૂરું પાંચ કડીનું આ સ્તવન મળે છે. જે શાંતિ સૌરભમાં છપાયું, તેમાંથી જે ખૂટતી અડધી કડી મળી આવી તે બ્લેક ટાઈપમાં ઉમેરીને અહીં આપી છે. આ મુજબ પેજ ૭૪, ૭૫ ઉપર આપેલ સ્તવનમાં અડધી કડી ઉમેરી આગળની કડીઓમાં જ્યાં ૧, ૨, ૩, ૪ નંબર આપ્યા છે તેને સુધારીને અનુક્રમે ૨, ૩, ૪, ૫ સમજવા.]